યાકિની મહત્તરાસુનુ
સુગૃહીતનામધેય-સૂરિપુરંદર
પૂજ્ય આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિ પ્રણીત
અને
પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનેશ્વરસૂરિ વિરચિત
( શ્રી અભયદેવસૂરિ સંશોધિત)
ટીકા સહિત

# શ્રી અષ્ટક પ્રકરણ

(ગુજરાતી ભાવાનુવાદ)

ભાવાનુવાદકાર
પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

॥ ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

॥ ऐं नमः ॥

**સુગૃહીત નામધેય આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિકૃત**

**અને**

**પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી જિનેશ્વરસૂરિ વિરચિત**

**(શ્રી અભયદેવસૂરિ સંશોધિત)**

**ટીકા સહિત**

# શ્રી અષ્ટક પ્રકરણ

**ગુજરાતી ભાવાનુવાદ**

*** ભાવાનુવાદકાર ***

સિદ્ધાંતમહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**

પરમગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**

સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સમારાધક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્

**વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**

પંચસૂત્ર, ધર્મબિંદુ, યોગબિંદુ, શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગ સ્તોત્ર, શીલોપદેશમાલા, યોગદષ્ટિ સમુચ્ચય, પંચવસ્તુક, પંચાશક, શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ, ગુરુતત્ત્વ વિનિશ્ચય, ઉપદેશમાલા (પુષ્પમાલા) નવપદ પ્રકરણ આદિ અનેક ગ્રંથરત્નોના ભાવાનુવાદકાર

**આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ.સા.**

*** સંપાદક ***

**મુનિશ્રી ધર્મશેખરવિજયજી મ.સા.**

*** સહયોગ ***

**મુનિશ્રી દિવ્યશેખરવિજયજી મ.સા.**

**વિક્રમ સંવત્ ૨૦૬૧ • વીર સંવત્ ૨૫૩૧ • નકલ : ૧૦૦૦**

**મૂલ્ય : રૂા. ૧૫૦/-**

## પ્રકાશક

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ
C/o. હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ,
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે,
આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

## સંપૂર્ણ આર્થિક સહકાર દાતા

શ્રી તપાગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટે
આ ગ્રંથરત્નના સંપૂર્ણ પ્રકાશનમાં પોતાના
જ્ઞાનનિધિને સમર્પણ કરીને અમૂલ્ય શ્રુતસેવા કરી છે.


## સૂચના

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

# અષ્ટકર્મ નિવારક અષ્ટક પ્રકરણ

यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि ।
यथाशक्ति विधानेन नियमात्स फलप्रदः ।।

૧૪૪૪ ગ્રંથના રચયિતા સુગૃહીત નામધેય યાકિની મહત્તરાસુનુ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્ર મહારાજાએ રચેલા અષ્ટક પ્રકરણ ગ્રંથનો આ શ્લોક વીતરાગની ઓળખ આપવા સાથે એની કરેલી ઉપાસના કેવી રીતે ફળવતી બને તે જણાવે છે.

સદા આજ્ઞાનો અભ્યાસ કરવો એજ વીતરાગની આરાધનાનો સાચો ઉપાય છે. સ્વસ્વની શક્તિ મુજબનો કરેલો આજ્ઞાનો અભ્યાસ નિયમા ફળ આપે જ છે એ વાત જણાવીને જગતના જીવોને સાચો માર્ગ બતાવી આજ્ઞાનો આદર કરવા પ્રોત્સાહિત કર્યા છે.

ચતુર્વિધ શ્રી સંઘમાં જ્યારે આજ્ઞા પ્રત્યે ઉપેક્ષા ભાવ દેખાય ત્યારે આવા વચનો અતિ અતિ અતિ ઉપકારક બની આપણું યોગક્ષેમ કરી શકે છે.

આવા અનેક ગ્રંથોના ભાવાનુવાદ કરીને પ્રમાદમાં પડેલા આપણા જેવા સંસારી આત્માઓને ઉગારવા માટે કૃતનિશ્ચયી બનેલા જિનાજ્ઞા મર્મવિદ્ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનો** ઉપકાર ચતુર્વિધ શ્રી સંઘ કદી નહીં વિસરે. કર્મ જનિત નાદુરસ્ત સ્વાસ્થ્ય વચ્ચે પણ સદૈવ પ્રસન્ન ચિત્તે તંદુરસ્ત સાહિત્યનું સર્જન કરવાનો મુદ્રાલેખ ધરાવનારા પૂજ્યશ્રીના સાહિત્યને ચતુર્વિધ શ્રી સંઘના કરકમલોમાં સમર્પણ કરવાનું શ્રેય શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટને સાંપડ્યું તે આનંદનો અવસર છે.

પ્રસ્તુત શ્રી અષ્ટક પ્રકરણ ગ્રંથનાં સંપૂર્ણ પ્રકાશનમાં નિજ જ્ઞાનનિધિને સમર્પણ કરીને **શ્રી તપાગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટે** (ચંદાવરકર લેન, બોરીવલી) અમૂલ્ય શ્રુતસેવા કરી છે.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેમના સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.



# વિષયાનુક્રમણિકા


| અષ્ટક નંબર | વિષય | |
|---|---|---|
| અષ્ટક ૧ | મહાદેવ અષ્ટક | ૧ થી ૩૫ |
| અષ્ટક ૨ | સ્નાન અષ્ટક | ૩૫ થી ૫૨ |
| અષ્ટક ૩ | પૂજા અષ્ટક | ૫૨ થી ૬૪ |
| અષ્ટક ૪ | અગ્નિકારિકા અષ્ટક | ૬૪ થી ૭૫ |
| અષ્ટક ૫ | ભિક્ષા અષ્ટક | ૭૫ થી ૯૧ |
| અષ્ટક ૬ | સર્વસંપત્કરી ભિક્ષા અષ્ટક | ૯૨ થી ૧૦૨ |
| અષ્ટક ૭ | પ્રચ્છન્નભોજન અષ્ટક | ૧૦૨ થી ૧૧૨ |
| અષ્ટક ૮ | પ્રત્યાખ્યાન અષ્ટક | ૧૧૨ થી ૧૨૩ |
| અષ્ટક ૯ | જ્ઞાન અષ્ટક | ૧૨૩ થી ૧૩૪ |
| અષ્ટક ૧૦ | વૈરાગ્ય અષ્ટક | ૧૩૫ થી ૧૪૮ |
| અષ્ટક ૧૧ | તપ અષ્ટક | ૧૪૯ થી ૧૫૯ |
| અષ્ટક ૧૨ | વાદ અષ્ટક | ૧૫૯ થી ૧૬૭ |
| અષ્ટક ૧૩ | ધર્મવાદ અષ્ટક | ૧૬૭ થી ૧૭૫ |
| અષ્ટક ૧૪ | એકાન્ત નિત્યપક્ષ ખંડન અષ્ટક | ૧૭૫ થી ૧૮૬ |
| અષ્ટક ૧૫ | એકાન્ત અનિત્યપક્ષ ખંડન અષ્ટક | ૧૮૬ થી ૧૯૩ |
| અષ્ટક ૧૬ | નિત્યાનિત્યપક્ષમંડન અષ્ટક | ૧૯૪ થી ૨૦૫ |
| અષ્ટક ૧૭ | માંસભક્ષણ દૂષણ અષ્ટક | ૨૦૫ થી ૨૧૨ |
| અષ્ટક ૧૮ | અન્યશાસ્ત્રોક્ત માંસભક્ષણ દૂષણ અષ્ટક | ૨૧૨ થી ૨૨૦ |
| અષ્ટક ૧૯ | મધપાન દૂષણ અષ્ટક | ૨૨૦ થી ૨૨૪ |
| અષ્ટક ૨૦ | મૈથુનદૂષણ અષ્ટક | ૨૨૫ થી ૨૩૪ |
| અષ્ટક ૨૧ | સૂક્ષ્મબુદ્ધિ અષ્ટક | ૨૩૪ થી ૨૪૩ |
| અષ્ટક ૨૨ | ભાવશુદ્ધિવિચાર અષ્ટક | ૨૪૪ થી ૨૫૦ |
| અષ્ટક ૨૩ | શાસનમાલિન્ય નિષેધ અષ્ટક | ૨૫૦ થી ૨૬૩ |
| અષ્ટક ૨૪ | પુણ્યાનુબંધિપુણ્યાદિચતુર્ભંગી અષ્ટક | ૨૬૩ થી ૨૭૧ |
| અષ્ટક ૨૫ | પુણ્યાનુબંધિપુણ્ય અષ્ટક | ૨૭૧ થી ૨૮૩ |
| અષ્ટક ૨૬ | તીર્થંકરમહાદાનસિદ્ધિ અષ્ટક | ૨૮૩ થી ૨૯૧ |
| અષ્ટક ૨૭ | તીર્થંકરદાનસફલતાસિદ્ધિ અષ્ટક | ૨૯૧ થી ૩૦૦ |
| અષ્ટક ૨૮ | રાજ્યાદિદાનદૂષણનિવારણ અષ્ટક | ૩૦૦ થી ૩૦૭ |
| અષ્ટક ૨૯ | સામાયિક સ્વરૂપ નિરૂપણ અષ્ટક | ૩૦૭ થી ૩૧૬ |
| અષ્ટક ૩૦ | કેવળજ્ઞાન અષ્ટક | ૩૧૬ થી ૩૨૫ |
| અષ્ટક ૩૧ | તીર્થંકરદેશના અષ્ટક | ૩૨૫ થી ૩૩૨ |
| અષ્ટક ૩૨ | મોક્ષ અષ્ટક | ૩૩૨ થી ૩૩૯ |
| | વૃત્તિકારની પ્રશસ્તિ | ૩૩૯ થી ૩૪૦ |
| | ભાવાનુવાદકારની પ્રશસ્તિ | ૩૪૧ |
| | મૂળશ્લોકની અકારાદિ અનુક્રમણિકા | ૩૪૨ થી ૩૪૪ |
| | અવાન્તર શ્લોકોની અકારાદિ અનુક્રમણિકા | ૩૪૫ થી ૩૪૭ |
| | અરિહંત આરાધક ટ્રસ્ટના પ્રકાશિત પુસ્તકોનું લીસ્ટ | ૩૪૮ |

धरणेन्द्र-पद्मावतीसंपूजिताय ॐ ह्रीँ श्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः

श्री दान-प्रेम-रामचन्द्र-हीरसूरीश्वरेभ्यो नमः

ऐं नमः

સુગૃહીત નામધેયશ્રી હરિભદ્રસૂરિકૃત

# અષ્ટક પ્રકરણનો

### શ્રી જિનેશ્વરસૂરિ વિરચિત શ્રી અભયદેવસૂરિ સંશોધિત ટીકા સહિત

## ગુજરાતી ભાવાનુવાદ

## ટીકાકારનું મંગલાચરણ

**आविष्कृताशेषपदार्थसार्था, दोषानुषक्तं तिमिरं विधूय ।**
**गावः प्रथन्तेऽस्खलितप्रचारा, यस्येह, तं वीररविं प्रणम्य ॥१॥**

**गुणेषु रागाद्धरिभद्रसूरे-स्तदुक्तमावर्तयितुं महार्थम् ।**
**विबुद्धिरप्यष्टकवृत्तिमुच्चै-र्विधातुमिच्छामि गतत्रपोऽहम् ॥२॥**

**सूर्यप्रकाश्यं क्व नु मण्डलं दिवः, खद्योतकः क्वास्य विभासनोद्यमी ।**
**क्व धीशगम्यं हरिभद्रसद्वचः, क्वाधीरहं तस्य विभास(व)नोद्यतः ॥३॥**

**तथापि यावद् गुरुपादभक्ते-र्विनिश्चितं तावदहं ब्रवीमि ।**
**यदस्ति मत्तोऽपि जनोऽतिमन्दो, भवेदतस्तस्य महोपकारः ॥४॥**

[1]દોષયુક્ત (અજ્ઞાનરૂપ) અંધકારને દૂર કરીને સઘળા પદાર્થ સમૂહને જેણે પ્રગટ કર્યો છે એવી અને સ્ખલના પામ્યા વિના જેનો પ્રચાર થાય છે એવી જેમની વાણી વિશ્વમાં વિસ્તારને પામે છે એવા શ્રી વીરવિભુરૂપ સૂર્યને પ્રણામ કરીને શ્રી હરિભદ્રસૂરિના ગુણોમાં અનુરાગના કારણે તેમણે કહેલા ઘણા અર્થોનું (=પદાર્થોનું) પરાવર્તન (=વારંવાર અભ્યાસ) કરવા માટે હું બુદ્ધિ રહિત હોવા છતાં શરમથી (=લજ્જાથી) રહિત બનીને અષ્ટકપ્રકરણની શ્રેષ્ઠ ટીકા કરવાને ઇચ્છું છું. (૧-૨)

૧. આ શ્લોક દ્વયર્થક છે. એક અર્થ વીરવિભુને લાગુ પડે છે અને એક અર્થ સૂર્યને લાગુ પડે છે. વીરવિભુના પક્ષમાં गावः એટલે વચનો, અને સૂર્ય પક્ષમાં गावः એટલે કિરણો. જેમ સૂર્ય કિરણો દ્વારા સઘળા પદાર્થ સમૂહને પ્રગટ કરે છે તેમ વીરવિભુ પણ વાણી દ્વારા સઘળા પદાર્થ સમૂહને પ્રગટ કરે છે. જેમ સૂર્ય અંધકારને દૂર કરે છે તેમ વીરવિભુ અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરે છે. જેમ સૂર્યના કિરણોનો સ્ખલના પામ્યા વિના પ્રચાર થાય છે, તેમ વીરની વાણીનો પણ સ્ખલના પામ્યા વિના પ્રચાર થાય છે. જેમ સૂર્યના કિરણો વિશ્વમાં વિસ્તારને પામે છે તેમ વીરવાણી પણ વિશ્વમાં વિસ્તારને પામે છે. दोषानुषक्तं પદનો વીર વિભુના પક્ષમાં (दोष + अनुषक्त) દોષોથી યુક્ત એવો અર્થ છે, અને સૂર્યના પક્ષમાં (दोषा + अनुषक्त) રાત્રિના સંબંધવાળો અંધકાર એવો અર્થ છે. અથવા બંને પક્ષમાં દોષોથી યુક્ત એવો અર્થ પણ થાય. કારણ કે અજ્ઞાન રાગ વગેરે દોષોથી યુક્ત છે, અને અંધકાર પડી જવું, અથડાવું વગેરે દોષોથી યુક્ત છે.

સૂર્યથી પ્રકાશિત કરી શકાય એવું આકાશમંડલ ક્યાં ? અને આકાશ મંડળને પ્રકાશિત કરવાના ઉદ્યમવાળો આગિયો ક્યાં ? બુદ્ધિશાળીઓથી સમજી શકાય એવું શ્રી હરિભદ્રસૂરિનું સુવચન ક્યાં ? અને શ્રી હરિભદ્રસૂરિના વચનને પ્રકાશિત કરવા માટે તત્પર બનેલો હું ક્યાં ? (૩)

તો પણ મેં ગુરુચરણોની ભક્તિથી જેટલા પ્રમાણમાં નિશ્ચય કર્યો છે તેટલા પ્રમાણમાં હું કહું છું કે જે લોકો મારાથી પણ અતિશય મંદબુદ્ધિવાળા છે તેમને આ ટીકાથી ઘણો ઉપકાર થાય. (૪)

## ।।१।। प्रथमं महादेवाष्टकम् ।।

**इह हि सुगृहीतनामधेयो हरिभद्राचार्यो मिथ्यादृशो विप्रवदमानानसत्कर्तव्यतया स्वयं नष्टानसदुपदेशदानेन च परानपि नाशयतो विलोक्य, तदुभयमप्युपकर्तुं द्वात्रिंशदधिकारशासनरूपं शास्त्रं चिकीर्षुस्तस्य च श्रेयोभूततया विघ्नसम्भवे तद्विनिवर्तनाय असाधारणगुणगणमणिनिकरमकराकरायमाणपुरुषविशेषविषयनमस्कारकरणरूपं भावमङ्गलमुपकल्पयँस्तथा 'सकलपरलोकप्रयोजनेषु प्रवचनादेव प्रायः प्रवृत्तिः परिदृश्यते, तच्च पुरुषविशेषप्रणीतमेव प्रमाणं, पुरुषविशेषविषये च विप्रतिपद्यन्ते कुप्रवचनानुगामिनो जना' इति तद्विप्रतिपत्तिव्यपोहनाय तत्स्वरूपमुपदर्शयन्महादेवाष्टकं तावदादावाह । महादेवस्य च तात्त्विकं महत्त्वमखिलजनासुलभस्वभावेभ्योऽतिशयेभ्यस्ते चापायापगमज्ञानवचनसुखप्रभृतयस्तत्र चापायापगमातिशयपूर्वकत्वाच्छेषाणां तमेव तावत्तस्य श्लोकद्वयेनाह—**

**यस्य संक्लेशजननो, रागो नास्त्येव सर्वथा ।**
**न च द्वेषोऽपि सत्त्वेषु, शमेन्धनदवानलः ।।१।।**

**न च मोहोऽपि सज्ज्ञान-च्छादनोऽशुद्धवृत्तकृत् ।**
**त्रिलोकख्यातमहिमा, महादेवः स उच्यते ।।२।।**

**वृत्तिः—'यस्य' देवताविशेषस्य, 'रागो नास्त्येव महादेवः स उच्यत' इति सम्बन्धः । तत्र यस्य कस्याप्यनिर्धारिताभिधानस्य पारगतसुगतहरिहरहिरण्यगर्भादेर्देवस्येति सामान्यनिर्देशः । एतेन च माध्यस्थ्यमात्मनो दर्शितम् । आह च ''पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।।१।।'' माध्यस्थ्यदर्शनेन चात्मीयवचसि श्रोतॄणामुपादेयताबुद्धिरुपाहिता, यस्मादनाग्रहादेव वक्तुः सकाशात्तत्त्वाधिगमो भवति । यदाह-''आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा । पक्षपातरहितस्य तु युक्ति-र्यत्र तत्र मतिरेति निवेशम् ।।१।।'' रागस्याव्यभिचरितस्वरूपप्रतिपादनायाह- 'सम्' इति सामस्त्येन, क्लेशनं विबाधनम्, ''क्लिश विबाधन'' इति वचनात्, संक्लेशः आत्मनः स्वाभाविकस्वास्थ्यबाधनम्, तं जनयति उत्पादयतीति 'संक्लेशजननः' ।**

**अथ व्यभिचार एव विशेषणमर्थवद्भवति, न चासंक्लेशजननोऽपि रागोऽस्ति येनासौ व्यवच्छिद्यते, न चाधिकृतमहादेवस्य प्रकारान्तरेणापि रागो विवक्ष्यत इति विशेषणमनर्थकम् । नैवम् । अविदितस्वभावस्य भावस्य स्वभावाविर्भावनाय विशेषणस्याभिमतत्वाद् यथा ''परमाणुरप्रदेश'' इति ।**

कोऽसावित्याह-जीवस्वरूपोपरञ्जनाद् 'रागो' ऽभिष्वङ्गलक्षणः । 'नास्त्येव' न विद्यत एव, इदं चावधारणं रागांशस्याप्यभावप्रतिपादनार्थम् । स चोपशान्तमोहावस्थायामुदयापेक्षया कदाचिद्रागभेदापेक्षया वा स्यात्-अतः सत्ताद्यपेक्षयापि(प्ये)तदव्यवच्छेदार्थमाह । 'सर्वथा' सर्वैः प्रकारैर्बन्धोदयसत्तालक्षणैर्विषयरागस्नेहरागदृष्टिरागरूपैर्द्रव्यक्षेत्रकालभावाभिष्वङ्गस्वभावैर्वेति ।

तथा, 'न च' नैव 'द्वेषोऽपि' अप्रीतिलक्षणो, न केवलं रागो नास्त्येव द्वेषोपि नास्त्येव सर्वथेत्यपि शब्दार्थः । केष्वित्याह-'सत्त्वेषु' प्राणिषु, सत्त्वग्रहणं च प्रायः संव्यवहारार्हप्राणिनां प्राणिविषयस्यैव क्रोधमानात्मकद्वेषस्य दर्शनादप्राणिषु पुनरसौ महामोहविजृम्भितमेव । उक्तं च-''किं एत्तो कट्ठयरं, मूढो जं थाणुगंमि अप्फिडिओ । थाणुस्स तस्स रुसइ, न अप्पणो दुप्पउत्तस्स' ॥१॥'' अत एव रागस्य विषयविशेषानभिधानेनोपादानं कृतम् । तस्य संव्यवहारार्हप्राणिनामपि । जीवाजीवविषयतयोपलम्भात् । जीवाजीवविषयत्वादेव महाविषयतया प्राधान्याद् रागस्यादावुपादानम् ।

नन्वप्रीतिमात्रलक्षणस्य द्वेषस्यानिष्टस्पर्शादिविषयेष्वप्राणिष्वपि दर्शनाद्देवताविशेषस्य च सर्वविषयस्य द्वेषाभावस्य विवक्षितत्वान्न युक्तं सत्त्वग्रहणमिति । नैवम्, अनेन हि प्रतिपन्थ्यप्रतिपन्थिरूपप्राणिविषयद्वेषाभावप्रतिपादनेन निखिलजनविदितसपत्ननिपातनादिफलद्वेषवतीनां पराभिमतदेवतानां महत्त्वाभावस्य वक्तुमिष्टत्वात् यस्य च प्रतिपन्थ्यप्रतिपन्थिष्वपि प्राणिष्वपि द्वेषो नास्ति तस्याप्राणिषु सुतरामसौ न संभवतीति ।

किंस्वरूपो द्वेष इत्याह-'शम' उपशमः क्षान्त्यादिभावः, स एव 'इन्धनं' दाह्यं दार्वादि, तस्य दहने 'दवानल' इव दवानलो वन्याग्निः 'शमेन्धनदवानलः' । इदमपि स्वरूपविशेषणं न तु व्यवच्छेदकं, सर्वस्यापि द्वेषस्यैवंरूपत्वादिति ।

तथा 'न च' नैव मोहोऽपि मूढताऽपि, न केवलं रागो द्वेषश्च नास्ति सर्वथा, मोहोऽपि नास्त्येव सर्वथा यस्य, स महादेव इति प्रकृतम् । मोहमेव (मोहं च) स्वरूपतो विशेषयन्नाह-'सत्' शोभनं यथावत्पदार्थपरिच्छेदितया तच्च त'ज्ज्ञानं' च बोधः सज्ज्ञानम्, सतां वा सद्भूतानामर्थानां ज्ञानं सज्ज्ञानम्, तच्छादयितुमावरीतुं शीलं धर्मो वा यस्य स 'सज्ज्ञानच्छादनः' । सज्ज्ञानच्छादकत्वादेव 'अशुद्धं' कल्मषमलकलङ्काङ्कितम् 'वृत्तं' वर्तनं चेष्टितं, करोति शरीरिणां विदधाति यः सोऽ'शुद्धवृत्तकृत्' ।

किंभूतोऽसो महादेव इत्याह-त्रयो लोकाः समाहृताः त्रिलोकं त्रिभुवनं तत्र ख्यातः प्रसिद्धो महिमा महत्त्वं यस्य स 'त्रिलोकख्यातमहिमा' । त्रिलोकख्यातमहिमता च भवत्येव निखिलनरनिकरनाकिनिकायनायकलोककदर्थनसमर्थरागादिरिपुनिकरनिराकरणसमर्थस्य सकलपुरुषचक्रचूडामणेः पुरुषविशेषस्य । यदाह- ''रागद्वेषमहामोहैः, कदर्थितजगज्जनैः । नाभिभूतं मनो यस्य, महिम्ना तस्य कः समः ॥१॥'' दिवु क्रीडाविजिगीषाव्यवहारद्युतिस्तुति (मोहमद) कान्तिस्वप्नगतिषु'' इति वचनाद् दिव्यते स्तूयते इति देवः स्तवनीयः, स च प्रेक्षावतामसाधारणगुणगणमाणिक्यमकरनिकेतनायमानत्वेन महानेव स्तवनीय इति महांश्चासौ

१. किमेतस्मात्कष्टतरं मूढो यत्स्थाणावास्फालितः । स्थाणवे तस्मै रुष्यति नात्मने दुष्प्रयुक्ताय ॥१॥

देवश्चेति 'महादेवः', 'स' इति असावेव, 'उच्यते'ऽभिधीयते महादेवस्वरूपवेदिभिर्न पुना रागादिरिपुपराकृतपराक्रम इति ।

अथ सर्वप्राणिनां रागादिमत्त्वोपलब्धेर्न सर्वथा तदभावः कस्यापि सम्भवतीति । नैवम् । सर्वप्राणिनामनुपलब्धेः प्रति नियतप्राण्युपलब्धेश्च व्यभिचारित्वात्, किञ्च स्वात्मन्यपि क्वचिद्विषयविशेषे रागाद्यभावदर्शनात्कस्यापि सार्वदिकः-(देहिकः) सार्वत्रिकः सर्वथा च रागाद्यभावो भवन् न विरुध्यते । आह च-''दृष्टो रागाद्यसद्भावः, क्वचिदर्थे यथात्मनः । तथा सर्वत्र कस्यापि, तद्भावे नास्ति बाधकम् ॥१॥'' तथा रागादयो भावाः सम्भाव्यमानसर्वथाक्षयाः, देशतः क्षयोपलब्धेः । ये पौद्गलिकभावा अल्पबहुबहुतरादिक्षयेण देशतः क्षयवन्तस्ते सर्वतः क्षयवन्तोऽपि दृष्टाः, यथा रविकरावारिका घनपङ्क्तयः । देशतः क्षयवन्तश्च रागादयोऽतः सम्भाव्यमानसर्वथाक्षया इति ॥ आह च-''देशतो नाशिनो भावा, दृष्टा निखिलनश्वराः । मेघपङ्क्त्यादयो यद्व-देवं रागादयो मताः ॥१॥''

अथ सम्भवत्यात्यन्तिकरागाद्यभावे तस्य चित्तवृत्तिरूपत्वेन दुर्विज्ञेयत्वात्कथं तद्वान् पुरुषविशेषोऽवगन्तव्य इति । अत्रोच्यते, तस्य रू (स्वरू)पाच्चरिताच्च । तथाहि-यस्य रूपमकामिनीकमनायुधमनक्षमालं, चरितं च शृङ्गारादिरसापरिकरितमेकान्तशान्तरसानुरञ्जितमजेयान्तरारिजयवन्नासमञ्जसं च स एवासाविति प्रतिपत्तव्यम् । यदाह-''रागोऽङ्गनासङ्गमनानुमेयो, द्वेषो द्विषद्दारणहेति (तु) गम्यः । मोहः कुवृत्तागमदोषसाध्यो, नो यस्य देवः स स चैवमर्हन् ॥१॥'' तथा ''शृङ्गारादिरसाङ्गारै-र्न दूनं देहिनां हितम् । एकान्तशान्ततोपेत (ताह्येव)-मार्हतं (मर्हतां) वृत्तमद्भुतम् ॥१॥'' देवतान्तराणां तु रागाद्यभावानुचितरूपचरितत्वं सुप्रसिद्धमेव । तथाहि-''ब्रह्मा लूनशिरा हरिर्दृशि सरुग् व्यालुप्तशिश्नो हरः सूर्योऽप्युल्लिखितोऽनलोऽप्यखिलभुक् सोमः कलङ्काङ्कितः । स्वर्नाथोऽपि विसंस्थुलः खलु वपुःसंस्थैरुपस्थैः कृतः, सन्मार्गस्खलनाद्भवन्ति विपदः प्रायः प्रभूणामपि ॥१॥'' तथा ''यद् ब्रह्मा चतुराननः समभवद्देवो हरिर्वामनः, शक्रो गुह्यसहस्रसङ्कुलतनुर्यच्च क्षयी चन्द्रमाः । यज्जिह्वादलनामवापुरहयो राहुः शिरोमात्रतां तृष्णे देवि विडम्बनेयमखिला लोकस्य युष्मत्कृता ॥१॥''

तथा ब्रह्मा लूनशिरा इत्येतत्कथम् ? अत्रोच्यते-किलैकदा त्रयस्त्रिंशद्देवकोट्यो मिलिताः । तत्र च ते परस्परं मातापितृवर्णनं कुर्वन्ति स्म । तत्र च तैरुक्तं अहो महेश्वरस्य न ज्ञायेते मातापितराविति न तावस्य बभूवतुः । इदं च देववचनमुपश्रुत्य ब्रह्मणः पञ्चममुखेन गर्दभमुखाकारेण समत्सरमभिहितम् । यदुत मय्यपि सर्वपदार्थज्ञातरि जीवति सति क एवं ब्रुवते यथा महेश्वरस्य पितरौ न ज्ञायेते यतोऽहं जानामि । ततस्तस्य तौ वक्तुमारेभे । ततो महेश्वरेणाप्रकाश्यप्रकाशनारम्भनात् कुपितेन कनिष्ठिकानखशुक्तिकरवालव्यापारणेन निखिलसुरसमूहसमक्षं झटिति निकृत्तं तद् ब्रह्मणो गर्दभशिर इति ॥ एवं ब्रह्मा लूनशिराः ॥

अन्ये त्वाहुः, किल ब्रह्मवासुदेवयोरात्ममहत्त्वविषयो विवादः समजनि । विवदन्तौ च तौ महादेवमुपस्थितौ । महादेवेन चाभिहितौ अलं भवतोर्विवादेन, य एव मदीयलिङ्गस्यान्तं लभते, स एव युवयोर्महांस्तदन्यस्त्वितर इति । ततो वासुदेवो लिङ्गस्यान्तोपलम्भार्थमधस्ताद्गतवान् । स च प्रभूतं यावन्महावेगेन

गत्वापि अप्राप्ततदन्तः पातालवज्राग्निना च गन्तुमशक्तस्तत्संतापादेव च कृष्णीभूतशरीरः प्रतिनिवृत्त्य महादेवान्तिकमाजगाम निवेदितवांश्च यथा नास्ति भवल्लिङ्गस्यान्त इति । ब्रह्मा तू(प्पु) परिष्टात्तथैव गतोऽप्राप्ततदन्तश्च निर्विण्णो लिङ्गमस्तकान्निपतन्तीं मालामासादितवान्, तां चासौ पप्रच्छ, कुतो भवतीति । तयोक्तम्, महेश्वरलिङ्गमस्तकात् । कियांश्च ते कालस्ततः समागच्छन्त्याः । तयोक्तं षण्मासाः । ततो ब्रह्मणोक्तम्, अहं लिङ्गान्तोपलम्भाय प्रस्थितः किं तु भवत्या यो मार्गः षड्भिर्मासैरतिक्रान्तस्तस्यातिबहुत्वान्निर्विण्णोऽहं निवर्तिष्ये, ततो महादेवपृष्टया त्वया साक्ष्यं दातव्यम् । तयापि प्रतिपन्नम् । ततस्तां गृहीत्वा शम्भुसमीपमाजगाम, समागत्य चोक्तवान्, लब्धो मया लिङ्गान्तः, एषा च सम्प्रत्ययार्थं ततो माला मयाऽऽनीता । ततः पृष्टाऽसौ । तयाप्युक्तम्, एव(सर्व) मेतत् । ततोऽनन्तमपि मल्लिङ्गं सान्तं व्यवस्थापयत एतावित्यसद्भूतभाषणकुपितेन शम्भुना कनिष्ठिकानखकुठारेण ब्रह्मणो गर्दभशिरो लूनं, माला त्वस्पृश्यतया शपितेति ॥

हरिर्दृशि सरुगित्येतदेवं श्रूयते-किल दुर्वासा महर्षिरुर्वशीं कामितवान् । तया चासावुक्तः, यद्यपूर्वेण यानेन त्वं स्वर्गे समागच्छसि ततोऽहं भवन्तमिच्छामि । तेन च प्रतिपन्नमेतत् । गतवांश्चासौ वासुदेवसमीपम् । कृता च तेन तस्य प्रतिपत्तिः । पृष्टश्च तेनागमनकारणम् । उक्तं च तेन स्वर्गेऽहं गन्तुमिच्छामि, ततो भवता सभार्येण गोरूपधारिणा रथारूढोऽहं स्वर्गे नेतव्यो, न च गच्छता पश्चाद्भागो निरूपणीयः । प्रतिपन्नं च तद्भक्तिभयाभ्यां वासुदेवेन । नेतुं च प्रवृत्तः । ततः स्त्रीत्वात्तथाविधगमनशक्तिविकलां लक्ष्मीं प्राजनकदण्डेन मुनिः पुनः पुनः प्रणुनोद । तच्च स्नेहादसहमानेन वासुदेवेन तदभिमुखं निभालितम् । तेन च प्रतिपन्नवैतथ्यकारित्वात्कुपितेन वासुदेवो लोचने प्राजनकदण्डेन प्रणोदितः । इत्येवं हरिर्लोचने सरोगः संवृत्त इति ॥ अन्ये त्वाहुः- किलैकदा वासुदेवः सरित्तटे तपस्यति स्म । तत्र च तापसी काचित् स्नाति स्म । तेन च तस्या निरावरणाया अङ्गेषु सकामा दृष्टिर्निवेशिता । तयापि लक्षितोऽसौ । ततः शापेन सरोगलोचनः कृत इति ।

व्यालुप्तशिश्नो हर इत्येतत्पुनरेवम्-किल दारुवनाभिधाने तपोवने तापसाः परिवसन्ति स्म । तदुटजेषु च भिक्षार्थी महेश्वरो गृहीतसमस्तस्वकीयालङ्कारो घण्टाटङ्कारतुम्बरुझङ्काररवमुखरितदिक्चक्रवालः समागच्छति (स्म) । तापसीश्च स्वदर्शनजनितकामविकाराः परिभुङ्क्ते स्म । ततोऽन्यदा ऋषिभिर्विज्ञातव्यतिकरैः कोपातिरेकाच्छापेन तल्लिङ्गस्य छेदः कृतः । तत्र निखिलजनानां तच्छेदोऽभवत्प्रजानुत्पत्तिश्च । ततो देवैरकाल एव संहारो मा भूदिति तापसाः प्रसादिताः । ते च लिङ्गं तथैव चक्रुरुक्तवन्तश्चेदम्-पूर्वकाले सदा स्तब्धमासीद्, इतस्तु भोगार्थित्व एव स्तब्धीभविष्यतीति । ततो जना अपि लिङ्गवन्तो जाताः प्रजोत्पत्तिश्चेति ।

सूर्योऽप्युल्लिखित इत्येतदेवम्- किल सूर्यस्य रत्नादेवी नाम भार्याऽऽसीत् । तस्याश्च यमाभिधानः पुत्रोऽभूत् । सा च आदित्यतापमसहमाना स्वकीयस्थाने स्वप्रतिच्छायां व्यवस्थाप्य समुद्रतटे गत्वा वडवारूपेण तिष्ठति स्म । प्रतिच्छाया च शनैश्चरभद्राभिधाने अपत्ये जनितवती । अन्यदा यमेन बहिस्तादागतेन भोजनं याचिता प्रतिच्छाया, सा तु तन्न दत्तवती । ततः कोपात्तेन पार्ष्णिप्रहारेण प्रहता । तया च तत्पादः शापेन क्षयीकृतः । तेन च पितुस्तन्निवेदितम् । सोऽप्यचिन्तयत्, कथं स्वमातैवं करोति । ततो नूनं नेयमस्य

मातेत्यालोचयता दृष्टा तन्माता वडवारूपा । ततः सूर्यस्तत्र गत्वा तामनिच्छन्तीमपि बलादेव बुभुजे । तत्र चाश्विनदेवौ जातौ । तया च रोषारुणनयनावलोकनेनासौ कुष्ठीकृतः । ततश्च सूर्यो नीरुजार्थं धन्वन्तरिमुपतस्थौ । स चोवाच, न शरीरोल्लेखनं विना तव प्रगुणतास्ति । ततः सूर्येण तनू(दु)ल्लेखनार्थं देववर्धकिरभ्यर्थितः । स तूवाच, सहिष्णुना भवितव्यम्, नो चेत्त्यक्ष्यामि त्वाम् । तेनोक्तम्, एवमस्तु । ततो मस्तकादारभ्य जानुनी यावदुल्लेखने कृते गाढं पीडितेन सूर्येण सीत्कारः कृतः । तत उल्लेखनादसौ विरराभेति । एवमनिच्छद्योषिद्भोगलक्षणात् सत्पुरुषमार्गस्खलनादसौ विपदं प्राप्तवानिति ।। अन्ये पुनरित्थमाहुः-वडवारूपां स्वभार्यामुपभुज्य सूर्यस्तत्पितुरुपालम्भं दत्तवान् । यथेयं त्वद्दुहिता मां विहायाऽन्यत्र तिष्ठति । स तूवाच, त्वच्छरीरतापमसहमाना किं करोत्वियं वराकी । ततो यद्यनया ते प्रयोजनं ततः शरीरमुल्लेखय । ततः सूर्यो देववर्धकिमुपतस्थौ शेषं तथैव ।

अनलोऽप्यखिलभुगेवमुच्यते-किल कश्चिद् ऋषिः स्वकीयोटजावस्थितं वैश्वानरं भक्तिभरेणाहुतिभिः पूजयति स्म । स चान्यदा मदीयभार्या भवता रक्षणीयेत्यभिधाय प्रयोजनेन बहिर्गतः । ततः केनचिद् ऋषिणागत्य वैश्वानरसमक्षमेव सोपभुक्ता । क्षणान्तरे समागतोऽसौ । तेन चेङ्गिताकारनिपुणतया परपुरुषसेवितेति लक्षितासौ । पृष्टश्च तेन वैश्वानरः सा च, यथेह कः समागत आसीत् । ततस्तौ न किंचिदूचतुः । ज्ञानोपयोगेन च ज्ञातोऽसावुपपतिस्तेन । ततो रक्षणीयस्यारक्षणात्पृच्छतश्चानिवेदनात् कुपितोऽसौ वैश्वानरं प्रति, सर्वभक्षको भवेत्ये (वत्वे)वं शापं (च) दत्तवान् । ततश्चाशुच्यादेरप्यसौ भक्षणस्वभावो जातो, यच्च किल वैश्वानरो भुङ्क्ते सत्सर्वं देवानामुपतिष्ठति, मुखं ह्यसौ देवानाम् । ततश्च देवैरशुच्यादिरसास्वादनादुद्विग्नैर्ज्ञानेनोपलब्धशापव्यतिकरैरागत्य स मुनिः प्रसादयितुमारेभे । न चासौ प्रससाद, तथापि देवानुवृत्त्या वैश्वानरस्य सप्त जिह्वाः कृताः, ततोऽसौ सप्तार्चिरुच्यते । तत्र द्वाभ्यामाहुतीरेवासौ भुङ्क्ते, ताश्च देवानाममृतत्वेनोपतिष्ठन्ति । पञ्चभिस्तु सर्वभक्षक एव स्थापित इति ।

सोमः कलङ्काङ्कित इत्येतत्पुनरेवम्-किल चन्द्रो बृहस्पतिसमीपेऽध्येतुं गतो देवाचार्यत्वात्तस्य । तेन च तद्गृहेऽधीययानेन तद्भार्योपभुक्ता । ज्ञातं च बृहस्पतिना । शपितश्चासौ तेन, यथा रे गुरुतल्पग ! कलङ्किनाकालं भवितव्यमिति ।

स्वर्नाथो भगसहस्रसङ्कुलतनुः पुनरेवं संवृत्तः-किल गौतममुनेरहल्या नाम भार्या बभूव । तद्रूपाक्षिप्तचेताः सुरपतिस्तदुटजे प्रविश्य तां रेमे । बहिश्च समागतो मुनिः । सोऽपि तद्भयान्मार्जाररूपं कृत्वा तद्गृहान्निर्गत्य स्वर्गं गतवान् । मुनिस्तु नायं प्राकृतो बिडालः ततः कोऽयमिति पर्यालोचयन्निन्द्रं ज्ञातवान् । ततः कोपादसाविन्द्रदेहे भगसहस्रं शापेन विहितवान् स्वछात्रांश्च तदुपभोगाय प्रेषितवान् । मुनिस्तु नाययौ । देवैस्त्वसावृषिः प्रसादितस्तेन च भगा लोचनीकृता इति ।

ब्रह्मा चतुर्मुख एवं जातः-किल ब्रह्मा महोद्याने तपस्यति । तत्क्षोभणार्थं च रूपस्य तिलं तिलमादाय कृता तिलोत्तमा । अतस्तां प्रेषयामास, अन्याश्च । ताश्च तस्य समाधिध्वंसनाय पूर्वाभिमुखस्थितस्याग्रे गीतनृत्याद्युपचारं चक्रुः । तत्राक्षिप्तलोचनमानसं वीक्ष्य दक्षिणतो गत्वा तथैव ताश्चक्रुः । स च ध्वस्तसमाधिरपि लज्जामानाभ्यां तदभिमुखो भवितुमशक्नुवंस्ताः प्रति द्वितीयं मुखं कृतवान् । एवमपरस्यां दिशि

गतासु तृतीयमुत्तरतो गतासु चतुर्थम् । उपरि च गतासु पञ्चमं गर्दभमुखम् । एवं पञ्चमुखः संजातः । शम्भुना च गर्दभशिरसि च्छिन्ने चतुर्मुख इति ॥

हरिस्तु वामन एवम्- किल बलेर्दानवस्य बन्धनार्थं विष्णुर्वामनो भूत्वा मठिकानिमित्तं पदत्रयमात्रां भुवं तमेव याचितवान् । बलिना च प्रतिपन्ने तद्दाने पदत्रयेण त्रिलोकमाक्रम्य स्थानवर्जितं तं पाताले निहितवानिति ।

क्षयी चन्द्रमाः कथम् ? अत्रोच्यते । किल दक्षस्य सप्तविंशतिर्दुहितरस्ताश्च चन्द्रेण परिणीताः । तासु च मध्ये रोहिण्यामासक्तोऽसौ । शेषाभिस्त्वपमानिताभिः पितुर्निवेदितम् । तेन शापात्क्षयीकृतोऽसौ । पुनर्देवैः प्रसादितेन चानुग्रहादेकत्र पक्षे वृद्धिमान् इति ।

नागाः पुनरेवं द्विजिह्वाः-किल देवैः क्षीरसमुद्रमथनादमृतमुत्पादितम् । तस्य च कुण्डानि भृतानि दर्भैश्चाच्छादितानि । सर्पास्तद्रक्षणे नियुक्ताः । तत एकान्तमाकलय्य तैस्तत्पातुमारब्धं दर्भैश्च तज्जिह्वा द्विधा कृताः । अन्ये त्वाहुः, अमृतपानप्रवृत्तानां तेषामिन्द्रेण वज्रक्षेपात् जिह्वाभेदो विहित इति । राहोः शिरोमात्रता पुनरेवम्- देवैः किलामृतस्य कुण्डानि भृतानि विष्णुश्च तद्रक्षायां नियुक्तः । ततश्च कार्यान्तरव्याक्षिप्तस्य तद्राहुणा पातुमारब्धम् । विष्णुना च तं तथा वीक्ष्य चक्रक्षेपेण तच्छिरश्छेदः कृतः । पीतामृतत्वात्तच्छिरोऽजरामरं संवृत्तमिति । व्याख्यातं ब्रह्मा लूनशिरा इत्यादि वृत्तद्वयमिति । तथा ''स एष भुवनत्रयप्रथितसंयमः शङ्करो, बिभर्ति वपुषाऽधुना विरहकातर कामिनीम् । अनेन किल निर्जिता वयमिति प्रियायाः करं, करेण परिताडयञ् जयति जातहासः स्मरः ॥१॥'' तथा ''दिग्वासा यदि तत्किमस्य धनुषा सास्त्रस्य किं भस्मना, भस्माथास्य किमङ्गना यदि च सा कामं परिद्वेष्टि किम् । इत्यन्योन्यविरुद्धचेष्टितमिदं पश्यन्निजस्वामिनो, भृङ्गी सान्द्रसिरावनद्धपरुषं धत्तेऽस्थिशेषं वपुः ॥१॥'' इति ॥१-२॥

## પહેલું મહાદેવ અષ્ટક

(મહાદેવ કોને કહેવાય, તેમાં કયા કયા દોષો ન હોય, કયા કયા ગુણો હોય, મહાદેવનું વર્તન કેવું હોય, મહાદેવની આરાધના કરવા શું કરવું જોઇએ, તેની આરાધનાનું ફળ શું છે વગેરે વિષયોને જાણવા આ અષ્ટક અત્યંત ઉપયોગી છે.)

## દોષોના અભાવથી મહાદેવનું સ્વરૂપ

આ જગતમાં વિવાદ કરતા મિથ્યાદૃષ્ટિ જીવો અસત્ કાર્યો કરીને સ્વયં નાશ પામેલા છે અને અસદ્ ઉપદેશ આપીને બીજાઓનો પણ નાશ કરી રહ્યા છે. આ જોઇને તે બંને ઉપર ઉપકાર કરવા માટે પ્રાતઃ સ્મરણીય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા બત્રીશ અધિકારો દ્વારા ઉપદેશ પ્રદાનરૂપ શાસ્ત્રને કરવાની ઇચ્છાવાળા થયા. તે શાસ્ત્ર કલ્યાણ સ્વરૂપ હોવાના કારણે વિઘ્નનો સંભવ છે. આથી તે વિઘ્નને દૂર કરવા માટે અસાધારણ ગુણગણરૂપ રત્નસમૂહ માટે સમુદ્રસમાન પુરુષવિશેષને નમસ્કાર કરવા રૂપ ભાવમંગલને કરતા તથા પરલોકનાં સઘળાં કાર્યોમાં પ્રાયઃ શાસ્ત્રથી જ પ્રવૃત્તિ થતી જોવામાં આવે છે. અને તે શાસ્ત્ર પુરુષવિશેષથી જ રચાયેલું હોય તો પ્રમાણ બને છે. કુશાસ્ત્રોને અનુસરનારા લોકો પુરુષવિશેષ માટે વિવાદ કરી રહ્યા છે. આથી તે વિવાદને દૂર

કરવા માટે પુરુષવિશેષના સ્વરૂપને બતાવતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજા પહેલાં 'મહાદેવ' અષ્ટકને કહે છે. મહાદેવનું તાત્ત્વિક મહત્ત્વ સર્વજનોને સુલભ ન હોય તેવા સ્વરૂપવાળા અતિશયોથી છે. તે અતિશયો અપાયાપગમ, જ્ઞાન, વચન અને સુખ વગેરે છે. બીજા અતિશયો અપાયાપગમ અતિશયપૂર્વક હોય છે, અર્થાત્ પહેલાં અપયાપગમ અતિશય આવે છે. પછી બીજા અતિશયો આવે છે. આથી બે શ્લોકોથી મહાદેવના અપાયાપગમ અતિશયને જ કહે છે—

**શ્લોકાર્થ—** જેને સંક્લેશ ઉત્પન્ન કરનાર રાગ સર્વથા નથી જ, ઉપશમરૂપી કાષ્ઠને બાળવામાં દાવાનલ સમાન દ્વેષ પણ જીવો ઉપર સર્વથા નથી જ, સમ્યગ્જ્ઞાનને આવરનાર (=ઢાંકી દેનાર) અને અશુદ્ધ વર્તનને કરનાર (=જીવોને અશુદ્ધ વર્તન કરાવનાર) મોહ પણ જેને સર્વથા નથી જ, અને જેનો મહિમા ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે, તે મહાદેવ કહેવાય છે. (૧-૨)

**ટીકાર્થ—** "જે દેવવિશેષને રાગ નથી જ તે મહાદેવ કહેવાય છે" એ પ્રમાણે સંબંધ છે. તેમાં જિન, બુદ્ધ, વિષ્ણુ, શિવ, બ્રહ્મા વગેરે કોઇના પણ નામનો નિર્ણય (=ઉલ્લેખ) કર્યા વિના જે કોઇ દેવવિશેષને રાગ નથી તે મહાદેવ કહેવાય છે, એમ સામાન્યથી નિર્દેશ કર્યો છે. આમ સામાન્યથી નિર્દેશ કરીને ગ્રંથકારે પોતાનું મધ્યસ્થપણું બતાવ્યું છે. કહ્યું છે કે-**"મને વીર પ્રભુ પ્રત્યે પક્ષપાત નથી, અને કપિલ (=સાંખ્ય શાસ્ત્રના પ્રવર્તક મુનિ) વગેરે પ્રત્યે દ્વેષ નથી. જે દેવનું વચન યુક્તિયુક્ત હોય તે દેવનો સ્વીકાર કરવો જોઇએ."** (લો.ત.નિ. ૧-૩૮)

માધ્યસ્થ્યને બતાવવા દ્વારા પોતાના વચનમાં શ્રોતાઓમાં ઉપાદેયતાની બુદ્ધિનું સ્થાપન કર્યું છે. કારણ કે આગ્રહરહિત જ વક્તાથી તત્ત્વોનો બોધ થાય છે.

**"આગ્રહી પુરુષ જ્યાં એની મતિ રહેલી હોય ત્યાં યુક્તિને લઇ જવાની ઇચ્છા રાખે છે. પક્ષપાત રહિત પુરુષની મતિ જ્યાં યુક્તિ હોય ત્યાં પ્રવેશ કરે છે."**

રાગના દોષરહિત સ્વરૂપને (=લક્ષણને) જણાવવા માટે ગ્રંથકાર કહે છે-રાગ સંક્લેશને ઉત્પન્ન કરે છે. આત્માના સ્વાભાવિક સ્વાસ્થ્યમાં સંપૂર્ણપણે બાધા કરે તે સંક્લેશ.

**પૂર્વપક્ષ—** વ્યભિચારમાં જ વિશેષણ સાર્થક બને છે. રાગ અસંક્લેશને ઉત્પન્ન કરનાર પણ નથી. જેથી "સંક્લેશને ઉત્પન્ન કરનાર" એવા રાગના વિશેષણથી "અસંક્લેશને ઉત્પન્ન કરનાર" રાગનો વ્યવચ્છેદ થાય. વળી પ્રસ્તુત મહાદેવના રાગની બીજી રીતે પણ વિવક્ષા કરવામાં આવતી નથી. આ પ્રમાણે રાગનું "સંક્લેશને ઉત્પન્ન કરનાર" એવું વિશેષણ નિરર્થક છે.

**ઉત્તરપક્ષ—** વિશેષણ નિરર્થક નથી. કારણ કે જે પદાર્થના સ્વરૂપનું જ્ઞાન નથી તે પદાર્થના સ્વરૂપને પ્રગટ કરવા માટે (=જણાવવા માટે) વિશેષણ ઇષ્ટ છે. જેમ કે-પરમાણુ પ્રદેશ રહિત હોય છે. પરમાણુ હંમેશાં પ્રદેશથી રહિત હોય છે. આમ છતાં કોઇને પરમાણુના સ્વરૂપનું જ્ઞાન ન હોય તો તેને પરમાણુના સ્વરૂપને જણાવવા માટે "પરમાણુ પ્રદેશથી રહિત હોય છે" એમ જણાવવામાં આવે છે.

**રાગ—** વસ્તુ પ્રત્યેના આકર્ષણના રંગથી જીવના સ્વરૂપને રંગી નાખે તે રાગ. રાગ અભિષ્વંગરૂપ છે, અર્થાત્ રાગ કહો કે અભિષ્વંગ કહો એ બંનેનો એક જ અર્થ છે.

**પ્રશ્ન**— 'રાગ નથી' એમ કહેવાના બદલે "રાગ નથી જ" એમ અવધારણ પૂર્વક કેમ કહ્યું ?

**ઉત્તર**— (લોકમાં કોઇ વસ્તુ અત્યંત અલ્પ હોય તો પણ નથી એમ કહેવાય છે. એથી વધારે રાગ ન હોય, પણ રાગનો માત્ર અંશ હોય તો પણ રાગ નથી એમ કહેવાય. આથી) રાગનો અંશ પણ નથી એમ જણાવવા માટે "રાગ નથી જ" એમ અવધારણ પૂર્વક કહ્યું.

**પ્રશ્ન**— રાગ સર્વથા નથી જ એમ "સર્વથા" શબ્દનો ઉલ્લેખ શા માટે કર્યો છે ?

**ઉત્તર**— ઉપશાંતમોહ અવસ્થામાં (ઉપશમ શ્રેણિમાં અગિયારમાં ગુણસ્થાને) ઉદયની અપેક્ષાએ રાગનો અંશ પણ ન હોય, અથવા ક્યારેક રાગના (કામરાગ વગેરે) ભેદોની અપેક્ષાએ (દૃષ્ટિરાગ વગેરે) અમુક પ્રકારના રાગનો અંશ પણ ન હોય, પણ કામરાગ વગેરે હોય. આથી સત્તા વગેરેની અપેક્ષાએ પણ રાગના અંશનો પણ નિષેધ કરવા માટે 'સર્વથા' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. બંધ, ઉદય અને સત્તાની અપેક્ષાએ રાગનો અંશ પણ નથી. અર્થાત્ રાગના અંશનો પણ બંધ થતો નથી. રાગના અંશનો પણ ઉદય નથી. રાગના અંશની પણ આત્મામાં સત્તા નથી. અથવા વિષયરાગ (=કામરાગ), સ્નેહરાગ અને દૃષ્ટિરાગ એ ત્રણ પ્રકારના રાગમાંથી કોઇપણ પ્રકારના રાગનો અંશ પણ નથી. અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ ચારમાંથી કોઇના પ્રત્યે રાગનો અંશ પણ નથી. અર્થાત્ કોઇ પણ પ્રકારના દ્રવ્ય પ્રત્યે રાગનો અંશ પણ નથી. એ પ્રમાણે કોઇપણ પ્રકારના ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રત્યે રાગનો અંશ પણ નથી. આમ બધી રીતે રાગનો નિષેધ કરવા સર્વથા શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

**દ્વેષ પણ નથી**— દ્વેષ એટલે અપ્રીતિ. કેવલ રાગ નથી જ એમ નહિ, કિંતુ દ્વેષ પણ નથી એમ 'પણ' શબ્દનો અર્થ છે. કોના ઉપર દ્વેષ નથી ? એના જવાબમાં અહીં કહ્યું કે જીવો ઉપર દ્વેષ નથી.

**પ્રશ્ન**— શું જીવોને જડ પદાર્થો ઉપર દ્વેષ નથી થતો ? જેથી અહીં જીવો ઉપર દ્વેષ નથી એમ કહ્યું.

**ઉત્તર**— સમ્યગ્ વ્યવહાર કરવાને યોગ્ય જીવોને જીવો ઉપર જ ક્રોધ-માન રૂપ દ્વેષ થાય છે એવું જોવામાં આવે છે. આથી જડપદાર્થો ઉપર દ્વેષ થાય એ તો મહામોહની ચેષ્ટા છે. કહ્યું છે કે-**"સ્થાણુની (વૃક્ષના શાખા વગરના ઠુંઠાની) સાથે અથડાયેલો મૂઢ પુરુષ તે સ્થાણુ ઉપર ગુસ્સો કરે છે, પણ પોતાના દુષ્ટ ઉપયોગ ઉપર ગુસ્સો કરતો નથી. એનાથી વિશેષ દુ:ખદાયક બીજું શું હોઇ શકે ?"**

આથી જ રાગના વિષયવિશેષનો નિર્દેશ કર્યા વિના જ રાગનો ઉલ્લેખ કર્યો છે.[૧] કારણ કે સમ્યગ્ વ્યવહાર કરવાને યોગ્ય જીવોને પણ જીવ અને જડ એ બંને ઉપર રાગ થાય છે એવું જોવામાં આવે છે. જીવ અને અજીવ એ બંને રાગનો વિષય હોવાથી રાગનો વિષય દ્વેષ કરતાં અધિક છે. આથી રાગની પ્રધાનતા હોવાના કારણે રાગનો દ્વેષની પહેલાં ઉલ્લેખ કર્યો છે.

**પૂર્વપક્ષ**— માત્ર અપ્રીતિરૂપ દ્વેષ અનિષ્ટ સ્પર્શ વગેરે વિષયોમાં અજીવો (=જડ પદાર્થો) ઉપર થતો જોવામાં આવે છે. તથા દેવવિશેષ (=મહાદેવ)માં સર્વ પ્રકારના દ્વેષનો અભાવ વિવક્ષિત છે. અર્થાત્ મહાદેવમાં કોઇ પણ પ્રકારનો દ્વેષ ન હોય. આથી જીવો ઉપર દ્વેષ ન હોય એવો ઉલ્લેખ યોગ્ય નથી.

**ઉત્તરપક્ષ**— તમારું કહેવું બરોબર નથી. "જીવો ઉપર દ્વેષ નથી" એમ જણાવવા દ્વારા અમે પ્રતિકૂળ

૧. અર્થાત્ જેમ **सत्त्वेषु** એમ કહીને દ્વેષના વિષયનો નિર્દેશ કર્યો છે તેમ રાગના વિષયનો નિર્દેશ કર્યો નથી.

અને અનુકૂળ એ બંને પ્રકારના જીવો ઉપર મહાદેવને દ્વેષ નથી એમ જણાવ્યું છે. શત્રુઓ થાય, શત્રુઓ દ્વારા મૃત્યુ થાય વગેરે દ્વેષનું ફળ છે એમ સઘળા લોકોમાં પ્રસિદ્ધ છે. પ્રતિકૂળ-અનુકૂળ જીવો ઉપર મહાદેવને દ્વેષ નથી એમ જણાવીને અમે એમ કહેવા માગીએ છીએ કે બીજાઓને ઇષ્ટ દેવો આવા દ્વેષવાળા છે. તેથી તે દેવોનું (કોઇ) મહત્ત્વ નથી. જેને પ્રતિકૂળ-અનુકૂળ જીવો ઉપર પણ દ્વેષ નથી તેને અજીવ ઉપર સુતરાં દ્વેષ ન સંભવે.

**દ્વેષ કેવો છે તે જણાવે છે—** દ્વેષ ઉપશમ રૂપ કાષ્ઠને બાળવામાં દાવાનલ સમાન છે. દ્વેષનું આ વિશેષણ પણ સ્વરૂપને બતાવનાર છે, નહિ કે વ્યવચ્છેદક.[1] કારણ કે સઘળો ય (=સર્વ પ્રકારનો) દ્વેષ આવા સ્વરૂપવાળો હોય છે.

જેને કેવલ રાગ-દ્વેષ સર્વથા નથી એમ નહિ, કિંતુ મોહ પણ સર્વથા નથી જ, તે મહાદેવ છે.

**મોહનું જ વિશેષથી સ્વરૂપ બતાવતા ગ્રંથકાર કહે છે—** મોહ સદ્(=સમ્યક્) જ્ઞાનને આવરે છે=ઢાંકે છે, અર્થાત્ મોહ સદ્જ્ઞાન થવા દેતું નથી. જે જ્ઞાનથી વસ્તુ જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે નિશ્ચિત થાય તે સદ્ (=સમ્યગ્) જ્ઞાન. અથવા સત્ય પદાર્થનું જ્ઞાન તે સદ્જ્ઞાન. મોહનો સદ્જ્ઞાનને આવરવાનો (સદ્જ્ઞાન ન થવા દેવાનો) સ્વભાવ છે, અથવા ધર્મ છે. મોહ સદ્જ્ઞાનને ઢાંકતો હોવાથી જ પાપ રૂપ મલના કલંકથી યુક્ત વર્તન કરે છે, અર્થાત્ મોહ જીવોને પાપરૂપ મલના કલંકથી યુક્ત વર્તન કરાવે છે, એટલે કે અશુદ્ધ વર્તન કરાવે છે.

**આ મહાદેવ કેવા છે તે કહે છે—** જેમનો મહિમા ત્રણે ભુવનમાં પ્રસિદ્ધ થયો છે તેવા મહાદેવ છે. સકલ મનુષ્યસમુદાયના નાયકની અને દેવસમુદાયના નાયકની કદર્થના કરવામાં સમર્થ એવા રાગાદિ શત્રુસમૂહનો તિરસ્કાર કરવામાં સમર્થ અને સર્વ પુરુષસમૂહના શિરોમણિ એવા મહાદેવનો ત્રણે લોકમાં મહિમા (=મહત્ત્વ) પ્રસિદ્ધ થાય જ. કહ્યું છે કે-**"જેમણે જગતના લોકોની કદર્થના કરી છે એવા રાગ-દ્વેષ-મહામોહથી જેનું મન પરાભવ પામ્યું નથી, મહિમા વડે તેના જેવો બીજો કોણ છે ? અર્થાત્ તેના જેવો મહિમા બીજા કોઇનો નથી."**

**મહાદેવ—** દિવ્ ધાતુથી દેવ શબ્દ બન્યો છે. દિવ્ ધાતુનો સ્તુતિ કરવી એવો અર્થ છે. આથી જે સ્તવાય તે દેવ, અર્થાત્ જે સ્તુતિ કરવા યોગ્ય હોય તે દેવ. વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષોને જે દેવ અસાધારણ ગુણગણ રૂપ રત્ન માટે સમુદ્ર સમાન હોવાના કારણે મહાન હોય તે જ સ્તુતિ કરવા યોગ્ય છે. મહાન એવા દેવ તે મહાદેવ. મહાદેવના સ્વરૂપને જાણનારા પુરુષો આ જ દેવને મહાદેવ કહે છે, પણ રાગાદિ શત્રુઓએ જેના પરાક્રમને રોકી દીધો છે તેને દેવ કહેતા નથી.

**પૂર્વપક્ષ—** સર્વ જીવોમાં રાગાદિ જોવામાં આવે છે. આથી રાગાદિનો સર્વથા અભાવ થાય એ કોઇપણ જીવ માટે સંભવિત નથી.

**ઉત્તરપક્ષ—** (૧) રાગાદિનો સર્વથા અભાવ કોઇપણ જીવ માટે અસંભવિત છે એવું નથી. કારણ કે

૧. વિશેષણ સ્વરૂપદર્શક અને વ્યવચ્છેદક એમ બે પ્રકારના હોય છે. જે વિશેષણ વસ્તુનું માત્ર સ્વરૂપ બતાવે તે સ્વરૂપદર્શક વિશેષણ છે. જે વિશેષણ વસ્તુને બીજી વસ્તુથી જુદી પાડે તે વ્યવચ્છેદક વિશેષણ છે. જેમ કે અગ્નિ ઉષ્ણ છે. અહીં અગ્નિનું ઉષ્ણ એવું વિશેષણ સ્વરૂપદર્શક છે. કેમ કે અગ્નિ હંમેશાં ઉષ્ણ જ હોય છે, ક્યારે ય ઠંડો હોતો નથી. "ઠંડું પાણી લાવ" એ વાક્યમાં ઠંડું વિશેષણ વ્યવચ્છેદક છે. કેમ કે પાણી ઠંડું અને ગરમ એમ બે પ્રકારનું હોય છે. આથી ઠંડું વિશેષણ ગરમ પાણીથી ઠંડા પાણીને જુદું કરે છે.

સર્વ પ્રાણીઓમાં રાગાદિ જોવામાં આવતા ન હોવાથી અને પ્રતિનિયત (=કેટલાક) જીવોમાં રાગાદિ જોવામાં આવતા હોવાથી તમોએ આપેલા હેતુમાં વ્યભિચાર (=દોષ) છે.

(૨) વળી પોતાના આત્મામાં પણ કોઇ વિષયવિશેષમાં (=કોઇક પદાર્થમાં) રાગાદિનો અભાવ જોવામાં આવતો હોવાથી કોઇકને દરેક સ્થળે અને દરેક કાળે સર્વથા રાગાદિનો અભાવ થાય એ વિરુદ્ધ નથી. કહ્યું છે કે-**"જેવી રીતે પોતાના આત્મામાં કોઇક પદાર્થમાં રાગાદિનો અભાવ જોવાયો છે તેવી રીતે કોઇકને બધા સ્થળે અને સર્વકાળમાં રાગાદિનો અભાવ થાય તેમાં બાધક કોઇ પ્રમાણ નથી."**

(૩) તથા રાગાદિ ભાવોનો સર્વથા ક્ષય સંભવે છે. કેમકે તેમનો દેશથી (=આંશિક) ક્ષય જોવામાં આવે છે. જે પૌદ્ગલિક ભાવો અલ્પ-અધિક-અધિકતર ઇત્યાદિ રીતે દેશથી (=આંશિક) ક્ષયવાળા થાય છે તે પૌદ્ગલિક ભાવો સંપૂર્ણપણે ક્ષય પામેલા જોવામાં આવ્યા છે. જેમ કે, સૂર્યકિરણોને ઢાંકનારી વાદળની શ્રેણિઓ દેશથી ક્ષય પામે છે તો સંપૂર્ણપણે પણ ક્ષય પામતી જોવામાં આવે છે. આથી રાગાદિ દોષોનો સર્વથા ક્ષય સંભવે છે. કહ્યું છે કે-**"જેવી રીતે દેશથી નાશ પામનારા મેઘશ્રેણિ વગેરે ભાવો સંપૂર્ણપણે નાશ પામેલા જોવામાં આવ્યા છે, તેવી રીતે રાગાદિ દોષો સંપૂર્ણપણે નાશ પામનારા મનાયેલા છે."**

**પ્રશ્ન**— રાગાદિનો સર્વથા અભાવ સંભવે તો પણ રાગાદિનો સર્વથા અભાવ ચિત્તવૃત્તિરૂપ હોવાના કારણે રાગાદિના સર્વથા અભાવવાળા પુરુષવિશેષને (=મહાદેવને) કેવી રીતે જાણી શકાય ?

**ઉત્તર**— તેના સ્વરૂપથી અને ચરિત્રથી (=વર્તનથી) જાણી શકાય છે. જેનું સ્વરૂપ સ્ત્રીથી, શસ્ત્રથી અને રુદ્રાક્ષ (વગેરે)ની માળાથી રહિત છે, તથા જેનું ચરિત્ર શૃંગાર વગેરે રસથી રહિત છે, એકાંતે શાંતરસથી પ્રસન્નતાવાળું છે, ન જીતી શકાય તેવા આંતર શત્રુઓના જયવાળું છે, અને અનુચિત ચરિત્ર નથી, તે જ રાગાદિના સર્વથા અભાવવાળો છે એમ જાણવું. કહ્યું છે કે-**સ્ત્રીના સમાગમથી અનુમાન કરી શકાય તેવો રાગ જેને નથી, શત્રુને કાપી નાખનાર શસ્ત્રથી જાણી શકાય તેવો દ્વેષ જેને નથી, અનુચિત આચરણથી ઉત્પન્ન થનારા દોષોથી સિદ્ધ કરી શકાય તેવો મોહ જેનામાં નથી, તે દેવ છે, અને તે દેવ આ પ્રમાણે (-હમણાં કહ્યું તે પ્રમાણે) અરિહંત છે."** તથા **"અરિહંતોના શૃંગાર વગેરે રસરૂપ અંગારાઓથી જીવોનું હિત બળી ગયું નથી. કારણ કે અરિહંતોમાં શૃંગારાદિ રસો હોતા નથી. અરિહંતોનું એકાંત શાંતરસથી યુક્ત આચરણ અદ્ભુત છે."**

બીજા દેવોનું તો રાગાદિની સત્તાના કારણે અનુચિત સ્વરૂપ અને અનુચિત વર્તન અત્યંત પ્રસિદ્ધ જ છે. તે આ પ્રમાણે- **"૧. બ્રહ્માનું મસ્તક છેદાયું. ૨. વિષ્ણુની ચક્ષુમાં રોગ થયો. ૩. મહાદેવનું શિશ્ન (=પુરુષ-ચિહ્ન) છેદાયું. ૪. સૂર્યનું પણ શરીર છોલાયું. ૫. અગ્નિદેવ બધું ખાનારો છે. ૬. ચંદ્ર કલંકથી યુક્ત છે. ૭. ઇંદ્ર પણ શરીરમાં રહેલી યોનિઓથી વિષમ=વિષમ શરીરવાળો કરાયો. સન્માર્ગથી ખસવાથી પ્રાયઃ સમર્થોને પણ આપત્તિઓ થાય છે." "તથા ૮. બ્રહ્મા ચાર મુખવાળો થયો. ૯. વિષ્ણુદેવ ઠીંગણો થયો. ઇંદ્રનું શરીર હજાર યોનિઓથી વ્યાપ્ત થયું. ૧૦. ચંદ્ર ક્ષયવાળો થયો. ૧૧. સર્પો જીભના ભેદને પામ્યા. રાહુ માત્ર મસ્તકવાળો થયો. હે તૃષ્ણા દેવી ! લોકની આ સઘળી વિડંબના તમારાથી કરાઇ છે."**

(૧) **પ્રશ્ન**— બ્રહ્માનું મસ્તક કેવી રીતે છેદાયું ?

**ઉત્તર**— એકવાર તેત્રીસ ક્રોડ દેવો ભેગા થયા. તેમાં તે દેવોએ પરસ્પર માતા-પિતાનું વર્ણન કર્યું. તેમાં તેમણે કહ્યું કે અહો ! મહાદેવના માતા-પિતા જાણવામાં આવતા નથી. આથી તેના માતા-પિતા નથી. દેવોનું આ વચન સાંભળીને બ્રહ્માના ગધેડાના મુખ જેવા આકારવાળા પાંચમા મુખથી બ્રહ્માવડે રોષસહિત કહેવાયું કે સર્વ પદાર્થોને જાણનારા મારા જીવતા છતાં મહાદેવના માતા-પિતા જાણવામાં આવતા નથી એમ કોણ કહે છે ? કારણ કે હું જાણું છું. પછી બ્રહ્માએ મહાદેવના માતા-પિતા કોણ હતા તે અંગે કહેવાનું શરૂ કર્યું. તેથી જે જાહેર ન કરી શકાય તે જાહેર કરવાનો પ્રારંભ કરવાથી ગુસ્સે થયેલા મહાદેવે ટચલી આંગળીના નખરૂપી છીપ અને છીપ રૂપ તલવારનો ઉપયોગ કરીને બધા દેવસમૂહની સમક્ષ જલ્દી બ્રહ્માનું ગધેડાના મુખ જેવું તે મસ્તક છેદી નાખ્યું. આ પ્રમાણે બ્રહ્મનું મસ્તક છેદાઇ ગયું.

બીજાઓ તો કહે છે કે- બ્રહ્મા અને વિષ્ણુનો પોતપોતાના મહત્ત્વ સંબંધી વિવાદ થયો. વિવાદ કરતા તે બંને મહાદેવ પાસે ગયા. મહાદેવે તેમને કહ્યું : તમારા વિવાદથી સર્યું, અર્થાત્ તમે વિવાદ ન કરો. તમારા બેમાંથી જે મારા લિંગના અંતને પામશે તે જ તમારા બેમાં મહાન છે, અન્ય નાનો છે. તેથી વિષ્ણુ લિંગના અંતને પામવા માટે નીચે ગયો. તે ઘણા વેગથી ઘણું ગયો. તો પણ તે લિંગના અંતને ન પામ્યો. પાતાળમાં વજ્ર જેવો અગ્નિ હોવાથી પાતાળમાં જવા માટે અસમર્થ એવા તેનું શરીર અગ્નિના તાપથી કાળું થઇ ગયું. આથી તે પાછો ફરીને મહાદેવની પાસે આવ્યો. તેણે મહાદેવને કહ્યું : આપના લિંગનો અંત નથી. બ્રહ્મા તો તે પ્રમાણે જ ઉપર ગયો. તેના અંતને ન પામવાથી કંટાળી ગયેલા તેણે લિંગ અને મસ્તકથી પડતી માળાને પ્રાપ્ત કરી. માળાને તેણે પૂછ્યું : તું ક્યાંથી આવે છે ? માળાએ કહ્યું : મહાદેવના લિંગ અને મસ્તકથી આવું છું. ત્યાં આવતાં તને કેટલો સમય થયો ? માળાએ કહ્યું : છ મહિના થયા. પછી બ્રહ્માએ કહ્યું : હું લિંગના અંતને પામવા માટે ગયો, પણ તારા વડે જે માર્ગ છ મહિનાથી ઓળંગાયો (=જવાયો) તે ઘણો હોવાથી હું કંટાળી ગયો છું. હવે હું અહીંથી પાછો ફરીશ. મહાદેવ તને (મારા અંગે) પૂછે તો તારે સાક્ષી આપવી. માળાએ પણ તે સ્વીકાર્યું. તેથી માળાને લઇને તે મહાદેવની પાસે આવ્યો. આવીને તેણે કહ્યું : હું લિંગના અંતને પામ્યો છું. તમને વિશ્વાસ થાય એટલા માટે ત્યાંથી આ માળા લઇ આવ્યો છું. પછી મહાદેવે માળાને પૂછ્યું. માળાએ પણ કહ્યું કે આ કહે છે તે બરોબર છે. પછી અંતરહિત પણ મારા લિંગને આ બે અંતવાળું નિશ્ચિત કરે છે. એથી અસત્ય બોલે છે. એમ વિચારીને ગુસ્સે થયેલા મહાદેવે ટચલી આંગળીના નખરૂપ કુહાડાથી બ્રહ્માના ગધેડાના મુખ જેવા મસ્તકને છેદી નાંખ્યું. માળાને તો અસ્પૃશ્ય થવાથી શાપ આપ્યો.

(૨) વિષ્ણુ આંખમાં રોગવાળા થયા તે અંગે વિગત આ પ્રમાણે સંભળાય છે : દુર્વાસા મહર્ષિએ ઉવર્શીની (કામરાગથી) ઇચ્છા કરી. ઉર્વશીએ તેને કહ્યું : જો તમે અપૂર્વ વાહનથી સ્વર્ગમાં આવો તો હું તમને ઇચ્છું છું. દુર્વાસા ઋષિએ તે સ્વીકાર્યું. પછી તે વિષ્ણુની પાસે ગયા. વિષ્ણુએ તેનો સત્કાર કર્યો અને આવવાનું કારણ પૂછ્યું. ઋષિએ કહ્યું : હું સ્વર્ગમાં જવાને ઇચ્છું છું. તેથી આપે પત્ની સહિત બળદનું રૂપ ધારણ કરીને મને રથમાં બેસાડીને સ્વર્ગમાં લઇ જવો. સ્વર્ગમાં જતાં પાછળ જોવું નહિ. વિષ્ણુએ તેના પ્રત્યેની ભક્તિથી અને તેના ભયથી સ્વીકાર્યું. ઋષિને સ્વર્ગમાં લઇ જવા માટે ચાલ્યો. પછી તેની પત્ની લક્ષ્મી સ્ત્રી હોવાના કારણે જવા માટે તેવી શક્તિથી રહિત હતી. આથી ઋષિએ બળદને હાંકવાના દંડથી લક્ષ્મીને વારંવાર હાંકી=જલદી ચાલવાની પ્રેરણા કરી. સ્નેહથી તેને સહન ન કરતા વિષ્ણુએ ઋષિની સામે જોયું. સ્વીકાર્યા પ્રમાણે ન કરવાથી ગુસ્સે થયેલા

ઋષિએ વિષ્ણુને બળદને હાંકવાના દંડથી આંખમાં માર્યો. આ પ્રમાણે વિષ્ણુ આંખમાં રોગવાળો થયો.

બીજાઓ તો કહે છે કે, એકવાર વિષ્ણુ નદીના કિનારે તપશ્ચર્યા કરતા હતા. ત્યાં કોઇ તાપસીએ સ્નાન કર્યું. વિષ્ણુએ વસ્ત્રોથી રહિત તેના અંગોમાં કામરાગથી દૃષ્ટિ નાખી. તાપસીએ પણ તેને ઓળખ્યો. તેથી શાપ આપીને તેને રોગયુક્ત આંખોવાળો કર્યો.

(૩) મહાદેવનું શિશ્ન છેદાયું તેની વિગત આ પ્રમાણે છે—દારુવન નામના તપોવનમાં તાપસો વસતા હતા. એકવાર પોતાના સઘળાં અલંકારોને પહેરીને ઘંટાનો અવાજ અને તંબૂરાના શબ્દોથી દિશામંડળને કોલાહલમય કરતા મહાદેવ તાપસોની ઝુંપડીઓમાં ભિક્ષા માટે આવ્યા. ત્યાં પોતાના દર્શનથી કામવિકારવાળી થયેલી તાપસીઓને મહાદેવે ભોગવી. પછી એકવાર ઋષિઓએ આ વૃત્તાંત જાણ્યો. તેથી અતિશય ગુસ્સે થયેલા તે ઋષિઓએ શાપ આપીને તેના લિંગનો છેદ કર્યો. ત્યાં સઘળા લોકોના લિંગનો છેદ થયો. તેથી પ્રજાની ઉત્પત્તિ બંધ થઇ. તેથી અકાળે જ પ્રજાનો સંહાર ન થાઓ એમ વિચારીને દેવોએ તાપસોને પ્રસન્ન કર્યા. તાપસોએ લિંગને પૂર્વે હતું તેવું જ કરી દીધું.[૧] પછી લોકો પણ લિંગવાળા થયા અને પ્રજોત્પત્તિ થઇ.

(૪) સૂર્ય પણ છોલાયો એ વિષે વિગત આ પ્રમાણે છે—સૂર્યની રત્નાદેવી નામની પત્ની હતી. તેનાથી સૂર્યને યમ નામનો પુત્ર થયો. સૂર્યના તાપને સહન નહિ કરી શક્તી રત્નાદેવી પોતાના સ્થાને પ્રતિચ્છાયાને (પોતાના જેવી સ્ત્રીને) મૂકીને સમુદ્રના કિનારે જઇને ઘોડીરૂપે રહી. પ્રતિચ્છાયાએ શનૈશ્વર અને ભદ્ર નામના બે પુત્રોને જન્મ આપ્યો. એકવાર બહારથી આવેલા યમે પ્રતિચ્છાયાની પાસે ભોજન માગ્યું. પ્રતિચ્છાયાએ ભોજન ન આપ્યું. તેથી યમે ગુસ્સે થઇને પગની એડીથી તેને મારી. પ્રતિચ્છાયાએ શાપથી તેના પગનો નાશ કર્યો. યમે તે વિગત પિતાને કહી. તેણે પણ વિચાર્યું કે પોતાની માતા આ પ્રમાણે કેવી રીતે કરે ? તેથી ચોક્કસ આ એની માતા નથી. આમ વિચારતા સૂર્યે તેની માતાને ઘોડીરૂપે જોઇ. તેથી સૂર્યે ત્યાં જઇને નહિ ઇચ્છતી પણ તેને બલાત્કારથી જ ભોગવી. ત્યાં બે અશ્વિન દેવો ઉત્પન્ન થયા. રત્ના દેવીએ રોષથી લાલ થયેલી આંખોથી જોવાથી સૂર્યને કોઢરોગવાળો કર્યો. તેથી સૂર્ય નિરોગી થવા માટે ધન્વંતરી વૈદ્યની પાસે ગયો. વૈદ્યે કહ્યું : શરીરને છોલ્યા વિના તને આરોગ્ય નહિ થાય. તેથી સૂર્યે શરીરને છોલવા માટે દેવોના સુથારને પ્રાર્થના કરી. તેણે કહ્યું : તારે સહનશીલ થવું. નહિ તો તને છોડી દઇશ. તેણે કહ્યું : એમ થાઓ. તેથી દેવોના સુથારે સૂર્યને મસ્તકથી આરંભી બે જાનુ સુધી છોલ્યો. અતિશય પીડિત થયેલા સૂર્યે સીત્કાર કર્યો. તેથી દેવોના સુથારે છોલવાનું છોડી દીધું. આ પ્રમાણે નહિ ઇચ્છતી સ્ત્રીનો ભોગ સત્પુરુષોના માર્ગથી સ્ખલનારૂપ છે. આના કારણે સૂર્ય વિપત્તિને પામ્યો.

બીજાઓ આ પ્રમાણે કહે છે- સૂર્યે ઘોડીરૂપે રહેલી પોતાની પત્નીને ભોગવીને પત્નીના પિતાને ઠપકો આપ્યો. તે આ પ્રમાણે- આ તમારી પુત્રી મને છોડીને બીજા સ્થળે રહે છે. પત્નીના પિતાએ કહ્યું : તમારા શરીરના તાપને સહન ન કરી શકતી આ બિચારી શું કરે ? તેથી જો તમારે એનું પ્રયોજન હોય તો શરીરને છોલાવો. તેથી સૂર્ય દેવોના સુથાર પાસે ગયો. બાકીની વિગત પૂર્વોક્ત પ્રમાણે જ છે.

(૫) અગ્નિદેવ પણ બધું ખાનારો થયો એ વિષે આ પ્રમાણે કહેવાય છે— કોઇક ઋષિ પોતાની ઝુંપડીમાં રહેલા અગ્નિની ભક્તિસમૂહથી આહુતિઓ વડે પૂજા કરતો હતો. તે એકવાર મારી પત્નીનું તમારે

૧. અહીં उक्तवन्तश्चेदम् ત્યારથી પ્રારંભી स्तब्धी-भविष्यतीति ત્યાં સુધીનો અર્થ લખવો એ અનુચિત જણાવાથી લખ્યો નથી.

રક્ષણ કરવું એમ અગ્નિદેવને કહીને કોઇ કાર્ય માટે બહાર ગયો. પછી કોઇક ઋષિએ ત્યાં આવીને અગ્નિની સમક્ષ જ ઋષિની પત્નીને ભોગવી. ક્ષણવારમાં તે ઋષિ આવ્યો. તે ઇંગિત (=માનસિક ચેષ્ટા) અને આકાર (=શારીરિક ચેષ્ટા)ને જાણવામાં કુશળ હતો. આથી તેણે મારી પત્ની પરપુરુષથી સેવાયેલી છે એમ જાણી લીધું. પછી તેણે અગ્નિને અને પત્નીને પૂછ્યું કે અહીં કોણ આવ્યો હતો ? તે બંનેએ કંઇ પણ કહ્યું નહિ. જ્ઞાનના ઉપયોગથી તેણે જાણી લીધું કે આ ઉપપતિ (=વ્યભિચારી) છે. રક્ષણ કરવા યોગ્યનું રક્ષણ ન કરવાથી અને પૂછ્યાનો જવાબ ન આપવાથી તે અગ્નિ ઉપર ગુસ્સે થયો, અને "તું બધું ભક્ષણ કરનારો થા" એવો શાપ આપ્યો. તેથી અગ્નિ અશુચિ પદાર્થ વગેરેનું પણ ભક્ષણ કરવાના સ્વભાવવાળો થયો. અગ્નિ જે કોઇ પદાર્થનું ભક્ષણ કરે તે બધું દેવોને પ્રાપ્ત થાય છે. કારણ કે અગ્નિ દેવોનું મુખ છે. અશુચિ વગેરે રસના આસ્વાદથી દેવો કંટાળી ગયા. તેથી દેવોએ જ્ઞાનથી શાપનો વૃત્તાંત જાણી લીધો. પછી દેવોએ આવીને ઋષિને પ્રસન્ન કરવાનું શરૂ કર્યું. તે ઋષિ પ્રસન્ન ન થયો તો પણ તેણે દેવોના અનુસરણથી (વિનંતિથી) અગ્નિની સાત જીભ કરી. આથી અગ્નિ સપ્તજિહ્વ (=સાત જીભવાળો) કહેવાય છે. તેમાં બે જીભથી તે આહુતિઓનું જ ભક્ષણ કરે છે. તે આહુતિઓ દેવોને અમૃતરૂપે પ્રાપ્ત થાય છે. પાંચ જીભથી તો સર્વનું ભક્ષણ કરનારો સ્થાપિત કર્યો.

(૬) ચંદ્ર કલંકથી યુક્ત બન્યો તેનો વૃત્તાંત આ પ્રમાણે છે— ચંદ્ર બૃહસ્પતિની પાસે ભણવા માટે ગયો. કારણ કે બૃહસ્પતિ દેવોનો આચાર્ય છે. તેના ઘરે ભણતા ચંદ્રે બૃહસ્પતિની પત્નીને ભોગવી. બૃહસ્પતિએ તે જાણ્યું. તેથી બૃહસ્પતિએ તેને શાપ આપ્યો કે હે ગુરુપત્નીને ભોગવનાર ! તારે સદા કલંકવાળા થવું.

(૭) ઇંદ્ર હજાર યોનિઓથી વ્યાપ્ત શરીરવાળો આ પ્રમાણે થયો— ગૌતમ મુનિની અહલ્યા નામની પત્ની હતી. તેના રૂપથી આકર્ષાયેલ ચિત્તવાળા ઇંદ્રે તેની ઝુંપડીમાં પ્રવેશીને તેની સાથે કામક્રીડા કરી. ઝુંપડીની બહાર ગૌતમ મુનિ આવ્યો. ઇંદ્ર પણ તેના ભયથી બિલાડીનું રૂપ કરીને તેના ઘરમાંથી નીકળીને સ્વર્ગમાં ગયો. આ સ્વાભાવિક બિલાડો નથી, તેથી આ કોણ છે એમ વિચારતા તેણે ઇંદ્રને જાણ્યો. તેથી ગુસ્સે થઇને શાપ આપીને ઇંદ્રના શરીરમાં હજાર યોનિઓ કરી. તેના ઉપભોગ માટે પોતાના છાત્રોને મોકલ્યા. મુનિ ન આવ્યા, અર્થાત્ પોતે તેના ઉપભોગ માટે ન ગયા. દેવોએ ગૌતમ મુનિને પ્રસન્ન કર્યા. આથી મુનિએ યોનિઓના સ્થાને આંખો કરી નાખી. (આથી જ ઇંદ્ર સહસ્રાક્ષ=હજાર આંખવાળો કહેવાય છે.)

(૮) બ્રહ્મા ચારમુખવાળો આ રીતે થયો—બ્રહ્મા મોટા ઉદ્યાનમાં તપશ્ચર્યા કરી રહ્યો છે. તેને ક્ષોભ પમાડવા માટે તલ તલ જેટલું રૂપ લઇને તિલોત્તમા નામની અપ્સરા કરી. આથી તેને અને બીજી પણ અપ્સરાઓને બ્રહ્માની પાસે મોકલી. તેમણે બ્રહ્માની સમાધિનો ભંગ કરવા માટે પૂર્વાભિમુખ બેઠેલા બ્રહ્માની આગળ ગીત-નૃત્ય વગેરે ભક્તિ કરી. ત્યાં બ્રહ્માની આંખો અને મન (અમારા પ્રત્યે) આકર્ષાયેલા છે એમ જોઇને અપ્સરાઓએ દક્ષિણ તરફ જઇને તે જ પ્રમાણે કર્યું. તે સમાધિથી ભ્રષ્ટ થઇ ગયો હોવા છતાં લજ્જા અને માનના કારણે અપ્સરાઓની સન્મુખ થવા અસમર્થ થયો. આથી તેણે અપ્સરાઓની તરફ બીજું મુખ કર્યું. એ પ્રમાણે અપ્સરાઓ પશ્ચિમ તરફ ગઇ એટલે બ્રહ્માએ ત્રીજું મુખ કર્યું. અપ્સરાઓ ઉત્તર તરફ ગઇ એટલે બ્રહ્માએ ચોથું મુખ કર્યું. અપ્સરાઓ ઉપર ગઇ એટલે બ્રહ્માએ ગધેડાના જેવું પાંચમું મુખ કર્યું. આ પ્રમાણે બ્રહ્મા પાંચમુખવાળો થયો. મહાદેવે ગધેડા જેવું મુખ છેદી નાંખ્યું એટલે બ્રહ્મા ચારમુખવાળો થયો.

(૯) વિષ્ણુ ઠીંગણો આ પ્રમાણે થયો—બલિ નામના દાનવને બાંધવા માટે વિષ્ણુએ ઠીંગણા થઇને

રહેવા માટે માત્ર ત્રણ પગલા જેટલી ભૂમિ તેની જ પાસે માગી. બલિએ તે સ્વીકાર્યું. બલિએ ત્રણ પગલા જેટલી જમીન આપી એટલે ત્રણ પગલાથી વિષ્ણુએ ત્રણે લોકને પોતાના અધિકારમાં લઇ લીધા. આથી સ્થાન રહિત બનેલા બલિને પાતાળમાં નાખ્યો.

(૧૦) **પ્રશ્ન—** ચંદ્ર ક્ષયવાળો (=ક્રમશઃ ક્ષીણ બનતો) કેવી રીતે થયો ?

**ઉત્તર—** દક્ષ (મુનિ)ની સત્તાવીશ પુત્રીઓ હતી. તેમને ચંદ્ર પરણ્યો. તે સ્ત્રીઓમાં ચંદ્ર રોહિણીમાં આસક્ત થયો. અપમાનિત થયેલી બીજી સ્ત્રીઓએ પિતાને જણાવ્યું. પિતાએ શાપ આપીને ચંદ્રને ક્ષયવાળો (=ક્રમશઃ ક્ષીણ બનતો) કર્યો. પછી દેવોથી પ્રસન્ન કરાયેલા દક્ષે કૃપા કરીને એકપક્ષમાં વૃદ્ધિમાન કર્યો.

(૧૧) સર્પો બે જીભવાળા થયા તે આ પ્રમાણે—દેવોએ ક્ષીરસમુદ્રનું મંથન કરીને અમૃત ઉત્પન્ન કર્યું. તે અમૃતના કુંડો ભર્યા અને ઘાસથી ઢાંકી દીધા. તેનું રક્ષણ કરવાનો અધિકાર સાપોને સોંપ્યો. તેથી એકાંત જાણીને સર્પોએ અમૃત પીવાનું શરું કર્યું. તેથી ઘાસ વડે તેમની જીભ બે વિભાગમાં કરાઇ. આ વિષે બીજાઓ તો કહે છે કે, અમૃતપાનમાં પ્રવૃત્ત થયેલા તેમની જીભનો ઇંદ્રે વજ્ર ફેંકીને ભેદ કર્યો. (તેથી બે જીભ થઇ.)

(૧૨) રાહુનું માત્ર મસ્તક રહ્યું તે સંબંધી વૃત્તાંત આ પ્રમાણે છે— દેવોએ અમૃતના કુંડો ભર્યા. વિષ્ણુને તેની રક્ષા કરવાનો અધિકાર સોંપ્યો. પછી વિષ્ણુ અન્યકાર્યમાં વ્યાક્ષિપ્ત (વ્યસ્ત) હતા ત્યારે રાહુએ અમૃત પીવાનું શરૂ કર્યું. વિષ્ણુએ રાહુને અમૃત પીતો જોઇને ચક્ર ફેંકીને તેના મસ્તકને છેદી નાખ્યો. અમૃત પીધું હોવાથી તેનું મસ્તક અજર અમર બન્યું.

બ્રહ્માનું મસ્તક છેદાયું વગેરે બે શ્લોકોનું વ્યાખ્યાન કર્યું.

તથા—**"જેનો ત્રણ ભુવનમાં સંયમ[1] પ્રસિદ્ધ થયો છે તે આ શંકર કામદેવ વડે અમે જિતાયેલા છીએ એ કારણથી પ્રિયાના હાથને પોતાના હાથથી પરિતાડન કરતો (=દબાવતો) અને પ્રિયાના વિરહથી કાયર બનેલો હમણાં શરીરથી પ્રિયાને ધારણ કરે છે. આનાથી જેને હાસ્ય ઉત્પન્ન થયું છે તેવો કામદેવ જય પામે છે."**

તથા— **"જો દિશા એ જ વસ્ત્રો છે તો એને ધનુષનું શું પ્રયોજન છે ? તથા શસ્ત્રથી સહિતને ભસ્મનું શું પ્રયોજન છે ? હવે જો ભસ્મ છે તો સ્ત્રી શા માટે છે ? જો સ્ત્રી છે તો કામ ઉપર દ્વેષ કેમ કરે છે ? આ પ્રમાણે પોતાના સ્વામીની આ પરસ્પર વિરુદ્ધ ચેષ્ટાને જોતો ભૃંગી (=મહાદેવનો સેવક) કોમળ સિરાઓમાં જામી ગયેલા મેલવાળા (અથવા ઘટ્ટનશોથી કઠોર બનેલા) અને જેમાં માત્ર હાડકાં બાકી રહ્યાં છે એવા શરીરને ધારણ કરે છે." (૧-૨)**

**एवमपायापगमातिशयद्वारेण महादेवत्वमुक्तम् । अथ गुणातिशयप्रतिपादनतस्तदेवाह—**

**यो वीतरागः सर्वज्ञो, यः शाश्वतसुखेश्वरः ।**
**क्लिष्टकर्मकलातीतः, सर्वथा निष्कलस्तथा ॥३॥**

**यः पूज्यः सर्वदेवानां, यो ध्येयः सर्वयोगिनाम् ।**
**यः स्रष्टा सर्वनीतीनां, महादेवः स उच्यते ॥४॥**

૧. જેનો ત્રણ ભુવનમાં સંયમ પ્રસિદ્ધ થયો છે એ કથન કટાક્ષમાં કર્યું છે.

वृत्तिः—'यो वीतरागः स महादेव उच्यते' इति क्रिया सर्वत्र योज्या । तत्र 'य' इति अनिर्दिष्टनामा 'वि' इति विशेषेण इतो नष्टो रागः प्रेम यस्य स 'वीतरागः', द्वेषक्षय एव सति रागक्षयो भवतीति वीतद्वेष इत्यपि द्रष्टव्यम् । तथा सर्वं समस्तं द्रव्यप्रदेशपर्यायरूपं वस्तु जानाति विशेषग्रहणतः समस्तावरणक्षयाविर्भूतकेवलसंवेदनेनावबुध्यत इति 'सर्वज्ञः' । सर्वज्ञत्वाव्यभिचारितत्वात् सर्वदर्शित्वस्येति सर्वदर्शीत्यपि दृश्यम् ।

ननु रागद्वेषमोहाभावः प्राक् प्रतिपादित एव, तत्प्रतिपादने च वीतरागत्वसर्वज्ञत्वे अवगते एव तत्स्वरूपत्वादेतयोरिति किमिह वीतरागत्वसर्वज्ञत्वोपादानेन ? इति । अत्रोच्यते- यत एव रागादयो न सन्त्यत एव वीतरागः सर्वज्ञश्चायं (श्च) इत्येवं हेतुफलभावेन ''मलक्षयात्पीतवर्णप्रकर्षवत्कनकम्'' इत्यादिन्यायेन गुणातिशयविवक्षणाददोषः, एवंविधन्यायस्य वाक्येषु सद्भिस्तत्र तत्राश्रितस्य दर्शनाच्च इति । अथवा कैश्चिद्वैराग्य ज्ञानादयः प्राकृता इष्यन्ते, ते च कैवल्यावस्थायां प्रकृतेर्वियुक्तत्वाद्विनिवर्तन्ते इति तन्मतव्यपोहार्थत्वाददोषः । तथाहि- ज्ञानवैराग्यादयश्चैतन्यस्वभावाश्चैतन्यं चात्मनो रूपं ''चैतन्यं पुरुषस्य स्वरूपमिति वचनात्'' इति कथं तन्निवृत्तिः ।

अन्ये पुनराचार्याः यस्य संक्लेशजनन इत्यादिश्लोकद्वयमर्हच्छद्मस्थावस्थामाश्रित्य व्याख्यान्ति । यतः संक्लेशजननानि रागादिविशेषणानि तस्यामेवावस्थायां व्यवच्छेदफलानि भवन्ति । तथाहि-यस्य संक्लेशजनन एव रागो नास्ति शमेन्धनदवानल एव च द्वेषः सज्ज्ञानच्छादनाशुद्धवृत्तकारक एव च मोहो नास्ति न पुनः सत्तागततत्कर्मदलिकरूपोऽपि, स महादेव इति । यो वीतराग इत्यादि तु भवस्थकेवलिनमाश्रित्येति । ननु महत्त्वं छद्मस्थावस्थायामनुचितं ततो महत्तरावस्थान्तरस्य सद्भावात् । नैवम् । एवं हि सिद्धत्वलक्षणस्य महत्तमावस्थान्तरस्य सद्भावात् केवलिनोऽप्यमहत्त्वप्रसङ्ग इति । अन्यथा वा कथञ्चिदपौनरुक्त्यं भावनीयम् । इह च वीतरागग्रहणेन सरागादीनां महादेवत्वप्रतिषेध उक्तः । तत्र च भावना प्रागुपदर्शिता ।

सर्वज्ञ इत्यनेन च कपिलस्य महादेवत्वमपाकृतम्, तस्य च तन्मतेनैव सर्वज्ञत्वासम्भवात् । तथाहि ''बुद्ध्यध्यवसितमर्थं पुरुषश्चेतयते'' इति तन्मतम् । बुद्धेश्च प्रकृतिविकारतया कैवल्यावस्थायां प्रकृतिनिवृत्तौ निवृत्तत्वात् पदार्थमात्रचेतनापि तस्य न स्यात् किं पुनः सर्वज्ञत्वम् । न चैष पक्षो ज्यायान्, चेतनात्मकपुरुषाभ्युपगमे हि चेतनाव्याघातकारिप्रकृतिवियोगे पुरुषस्य सर्वज्ञत्वेनैवाभ्युपगन्तुं युक्तत्वादिति ॥

तथा अनेनैव बुद्धस्यापि महादेवत्वं किञ्चिज्ज्ञत्वान्निवारितम् । यदाहुस्तच्छिष्यकाः-''सर्वं पश्यतु वा मा वा, इष्टमर्थं तु पश्यतु । कीटसङ्ख्यापरिज्ञानं, तस्य नः क्वोपयुज्यते ॥१॥'' इति । किञ्च किञ्चिज्ज्ञत्वमपि तस्य न घटते, एकस्याप्यर्थस्य सकलस्वपरपर्यायविशेषितस्यासर्वज्ञत्वेन ज्ञातुमशक्यत्वात् । यत आह-''एको भावः सर्वथा येन दृष्टः, सर्वे भावाः सर्वथा तेन दृष्टाः । सर्वे भावाः सर्वथा येन दृष्टा, एको भावः सर्वथा तेन दृष्टः ॥१॥''

अथ सर्वज्ञो न संभवत्येव सत्तासाधकप्रमाणाग्राह्यत्वात्तस्य शशविषाणवत् । यदाह-सर्वज्ञोऽसा-

विति ह्येतत्, तत्कालैरपि बोद्धृभिः । तज्ज्ञानज्ञेयविज्ञान-शून्यैर्ज्ञातुं न शक्यते ॥१॥'' इति । नैवम्, सत्तासाधकप्रमाणाग्राह्यत्वस्यासिद्धत्वात् । तथाहि-ये अपचयधर्माणस्ते अत्यन्तक्षयिणोऽपि संभवन्ति, यथा सामग्रीविशेषाद्वस्त्र(द्धेम)रत्नमलादयः । अपचयधर्मकाश्च ज्ञानावरणादयः, अतः सर्वथाक्षयिणोऽपि संभवन्ति इति । तेषां चात्यन्तापचये सर्वज्ञत्वादयो भवन्त्येव । न च ज्ञानावरणादीनामपचयधर्मत्वमसिद्धम् । स्वसन्तानेऽपि ज्ञानादेरुपचयविशेषानुभूत्या तदावरणापचयविशेषस्य सिद्धेरिति । उक्तं च ''दोषावरणयोर्हानि-र्निःशेषास्त्यतिशायनात् । क्वचिद्यथा स्वहेतुभ्यो, बहिरन्तर्मलक्षयः ॥१॥'' तथा य एते बन्धमोक्षपरलोकादयोऽतीन्द्रिया भावास्ते कस्यापि प्रत्यक्षा अनुमानगोचरत्वात्, यथा अग्न्यादया इति । उक्तं च-''सूक्ष्मान्तरितदूरार्थाः, प्रत्यक्षाः कस्यचिद्यथा । अनुमेयत्वतोऽग्न्यादि-रिति सर्वज्ञसंस्थितिः ॥१॥'' इति । एवं च तज्ज्ञानज्ञेयविज्ञानशून्यैरप्यनुमानेनावगम्यतेऽसौ, अचतुर्वेदिना चतुर्वेदीवेति ॥

तथा 'यः शाश्वतसुखेश्वरः' क्रिया पूर्ववत् । पुनर्यच्छब्दोपादानमवस्थाविशेषोपदर्शकम् । अयमभिप्रायः वीतरागत्वं सर्वज्ञत्वं च रागादिक्षयादाविर्भूतं भवस्थकैवल्याद्यवस्थायां महत्त्वकारणम्, शाश्वतसुखेश्वरत्वादि तु विशेषणत्रयं भवातीतावस्थायां महत्त्वकारणमिति । तत्र शश्वन्नित्यं भवतीति शाश्वतम् । तच्च तत्सुखं च निर्वाणजनितानन्दरूपम्, अपरस्य शाश्वतत्वानुपपत्तेरिति शाश्वतसुखम् । तस्य ईश्वरः स्वामी स्वयं तत्प्राप्तत्वात् 'शाश्वतसुखेश्वरः' ।

ननु सर्वस्यापि वस्तुनः क्षणिकत्वात् कथं सुखस्य शाश्वतत्वम् । अत्रोच्यते-न हि सर्वथा वस्तुनः क्षणिकत्वमुत्पादविनाशध्रौव्यरूपत्वात् । इह च बहु वक्तव्यं तत्तु पञ्चदशाष्टकादवसेयमिति । न च तथाभूतसुखस्यासंभव एव सुखावरणस्यापचयदर्शनेनात्यन्तिकस्यापि तदपचयस्य सम्भाव्यमानत्वादिति च पूर्वमुक्तप्रायमिति । अनेन च विशेषणेन प्रतिक्षणक्षयाघ्रातवस्तुवादिपरिकल्पितदेवस्य महत्त्वव्युदासः । तन्मतेन एवंविधसुखाद्यभावात् तदभावे च महत्त्वस्य कल्पनामात्रत्वादिति ।

तथा क्लिष्टाः क्लेशस्वरूपभवहेतुत्वेन क्लेशिका याः कर्मकला ज्ञानावरणाद्यष्टप्रकारकर्मांशास्तेभ्यो ऽतीतोऽपेतो यः स 'क्लिष्टकर्मकलातीतः' । अनेन च ये मन्यन्ते ''ज्ञानिनो धर्मतीर्थस्य, कर्तारः परमं पदम् । गत्वागच्छन्ति भूयोऽपि, भवं तीर्थनिकारतः ॥१॥'' इति तत्सम्मतदेवस्य महत्त्वव्युदासः । क्लिष्टकर्मकलाभावे हि भवावतारासम्भवात् । आह च-''अज्ञानपांशुपिहितं, पुरातनं कर्मबीजमविनाशि । तृष्णाजलाभिषिक्तं, मुञ्चति जन्माङ्कु(न्त)रं जन्तोः ॥१॥'' अशुभस्वरूपभवावतारिणश्च स्वकीयतीर्थनिकारासहिष्णोः प्राकृतस्येव कीदृशं महत्त्वमिति ॥

तथा 'सर्वथा' सर्वैः प्रकारै 'र्निष्कलः' सर्वशरीरावयवविरहितस्तदभावे हि सुखसम्भवः । यदाह- ''शरीरमनसोरभावे दुःखाभावः'' । सशरीरत्वेन च दुःखसंभवे कीदृशं महत्त्वम् । अनेन च ये शरीरतोऽस्य महत्त्वं प्रतिपन्नाः ''विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहुरुत विश्वतस्पात्'' इत्येतस्य वाक्यस्य श्रूयमाणार्थाभ्युपगमात्तन्मतं व्युदस्तमेवंविधस्यासम्भवात्तदसम्भवश्च विश्वस्य सर्वतश्चक्षुषैव व्याप्तत्वात्तदन्येषामवयवानामनाधारत्वेनाभावप्रसङ्गात्तैरेव वाक्यान्तरेणान्यथाविधस्य महत्त्वाभिधानेन स्वमतविरोधाच्च । आह च-''अपाणिपादो ह्यमनो (जवनो) ग्रहीता, पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः । स वेत्ति विश्वं

न च तस्य वेत्ता, तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥१॥''

अन्ये तु व्याख्यान्ति-क्लिष्टकर्मकलातीतो घातितघातिकर्मा भवस्थकेवली, सर्वथा निष्कलः क्षीण-भवोपग्राहिकर्मा सिद्धकेवलीति । 'तथा' इति विशेषणसमुच्चये ॥

तथा 'यः पूज्यो'ऽभ्यर्चनीयः 'सर्वदेवानां' निःशेषभवनपत्यादीनां, वीतरागत्वादिगुणयुक्तो हि पूज्यत एव देवादिभिः, तत्पूज्यत्वेनैव च तत्प्रतिमानामपि पूजनीयत्वम् । अथवा सर्वेऽखिला हरिहरादयो देवाः स्तुत्या येषां तद्दर्शनप्रतिपन्नानां समूहापेक्षया ते सर्वदेवा बौद्धादयस्तेषां यः पूज्यः । यतस्ते निजं निजं शास्तारं पूजयन्तोऽप्युक्तलक्षणं महादेवमेव पूजयन्ति । तथाहि-तदुपदेशात् स्वर्गापवर्गसंसर्गो भविष्य-तीति मन्यमानास्तमर्चयन्ति । उपदेशश्चोपेयाविसंवादी, तत्परिज्ञाने वीतरागद्वेषत्वे च सत्येव भवति नान्यथा, ततश्च सर्वज्ञत्वादिगुणमध्यारोप्य स्वशास्तरि तं पूजयन्ति इति । अतः परमार्थतः स एव पूजितो भवतीति, ततः सुष्ठूक्तं 'यः पूज्यः सर्वदेवानामिति' ।

तथा 'यो ध्येयः' ध्यातव्यः, 'सर्वयोगिनां' निःशेषाध्यात्मचिन्तकानां, योगिनोऽपि हि वीतरागत्वा-दिगुणगौरवोपगतमेव ध्यायन्ति, तथाविधश्चोक्तप्रकारेणार्हन्नेवेति ॥

तथा 'यः स्रष्टा' उत्पादकः प्रकाशनद्वारेण 'सर्वनीतिनां' सामस्तनैगमादिनयानां सामादिनीतीनां वा । न च ऋषभेणैव सामादयो लोकव्यवहारार्थं नीतयः सृष्टा इति स एव महादेवो न त्वजितादय इति वाच्यं, सर्वस्य वाग्विषयस्य पूर्वगतश्रुतेः तैरप्युपदर्शितत्वात्तेऽपि नीतिस्रष्टार एवेति । 'महादेवः स उच्यते' इति व्याख्यातमेव । अथैतत्पूर्वमुक्तमपि पुनः कस्मादभिहितम् ? अत्रोच्यते-सर्वभावानां द्विविधं स्वरूपं व्यावहारिकं पारमार्थिकं चेति । तत्र पारमार्थिकमहादेवत्वख्यापनार्थमिदमुक्तमिति ॥३-४॥

## ગુણોથી મહાદેવનું સ્વરૂપ

આ પ્રમાણે અપાયાપગમ અતિશય દ્વારા (=દોષોના અભાવ દ્વારા) મહાદેવનું સ્વરૂપ કહ્યું. હવે ગુણોની ઉત્કૃષ્ટતાનું પ્રતિપાદન કરવા દ્વારા મહાદેવના સ્વરૂપને જ કહે છે—

**શ્લોકાર્થ—** જે વીતરાગ છે, સર્વજ્ઞ છે, જે શાશ્વત સુખના સ્વામી છે, ક્લિષ્ટ કર્મોની કળાઓથી (=ભેદોથી) રહિત છે, સર્વ પ્રકારે નિષ્કલ છે (=શરીરના સઘળા અવયવોથી રહિત છે), જે સર્વ દેવોને પૂજ્ય છે, જે સઘળા યોગીઓને (=અધ્યાત્મચિંતકોને) ધ્યાન કરવા યોગ્ય છે, જે સર્વ નીતિઓના સ્રષ્ટા છે, તે મહાદેવ કહેવાય છે. (૩-૪)

**ટીકાર્થ— વીતરાગ—** જેનો રાગ (=પ્રેમ) વિશેષથી નષ્ટ થઇ ગયો છે તે વીતરાગ. દ્વેષનો ક્ષય થયે છતે જ રાગનો ક્ષય થાય છે માટે અહીં વીતદ્વેષ એ પ્રમાણે પણ સમજવું.

**સર્વજ્ઞ—** દ્રવ્ય-પ્રદેશ-પર્યાયરૂપ સર્વ વસ્તુને સર્વ આવરણના ક્ષયથી પ્રગટ થયેલા કેવલજ્ઞાનથી વિશેષ બોધપૂર્વક જે જાણે તે સર્વજ્ઞ.

સર્વદર્શિપણું સર્વજ્ઞપણાની સાથે જ રહેતું હોવાથી સર્વદર્શી એ પ્રમાણે પણ સમજવું.

**પ્રશ્ન—** રાગ-દ્વેષ-મોહનો અભાવ પૂર્વે કહ્યો જ છે, અને તેના કથનથી વીતરાગપણું અને સર્વજ્ઞપણું જણાઇ જ જાય છે. કારણ કે વીતરાગપણું અને સર્વજ્ઞપણું રાગ-દ્વેષ-મોહના અભાવરૂપ જ છે. આથી અહીં

વીતરાગપણાનો અને સર્વજ્ઞપણાનો ઉલ્લેખ કરવાથી શું ? અર્થાત્ ઉલ્લેખ કરવાની જરૂર નથી.

**ઉત્તર—** રાગાદિ દોષો નથી જ તેથી આ (=મહાદેવ) વીતરાગ અને સર્વજ્ઞ છે એ પ્રમાણે હેતુ-ફલ ભાવથી ગુણોના ઉત્કર્ષની વિવક્ષા હોવાથી કોઇ દોષ નથી. (રાગાદિ દોષોનો અભાવ એ હેતુ છે અને વીતરાગપણું ફલ છે. સર્વજ્ઞપણાની અપેક્ષાએ વીતરાગપણું હેતુ છે અને સર્વજ્ઞપણું ફલ છે. આમ હેતુ-ફલનો ભાવ છે.) આ વિષે "મળના ક્ષયથી સુવર્ણ પીતવર્ણના પ્રકર્ષવાળું થાય છે." ઇત્યાદિ ન્યાય છે. (અહીં મલક્ષય હેતુ છે અને સુવર્ણમાં પીતવર્ણનો પ્રકર્ષ ફલ છે.) સજ્જનોને વાક્યોમાં ત્યાં ત્યાં આશ્રય પામેલા (=રહેલા) આવા પ્રકારના ન્યાયનું દર્શન થતું હોવાથી પણ આમાં કોઇ દોષ નથી.

## કૈવલ્ય અવસ્થામાં જ્ઞાનાદિ નિવૃત્ત થતા નથી.

અથવા કોઇક વૈરાગ્ય અને જ્ઞાન વગેરે ગુણો પ્રકૃતિના છે એમ માને છે. તે ગુણો કૈવલ્ય અવસ્થામાં પ્રકૃતિનો વિયોગ થવાથી નિવૃત્ત થાય છે=જતા રહે છે. આવા કોઇકના મતનું ખંડન કરવા માટે હોવાથી કોઇ દોષ નથી. તે આ પ્રમાણે-જ્ઞાન-વૈરાગ્ય વગેરે ગુણો ચૈતન્યના સ્વભાવો છે, અને "ચૈતન્ય પુરુષનું સ્વરૂપ છે" એવા વચનથી ચૈતન્ય આત્માનું સ્વરૂપ છે. આથી જ્ઞાન વગેરે ગુણ આત્મામાંથી કેવી રીતે નિવૃત્ત થાય ? અર્થાત્ ન થાય. અન્ય આચાર્યો "**यस्य संक्लेशजननो.**" ઇત્યાદિ બે શ્લોકોની અરિહંતની છદ્મસ્થ અવસ્થાને આશ્રયીને વ્યાખ્યા કરે છે. કારણ કે રાગ વગેરેના "**संक्लेशजननो**" વગેરે વિશેષણો છદ્મસ્થ અવસ્થામાં જ વ્યવચ્છેદ ફલવાળા છે. તે આ પ્રમાણે- જેને સંક્લેશજનક જ રાગ નથી, જેને ઉપશમ રૂપ કાષ્ઠ માટે દાવાનલ સમાન જ દ્વેષ નથી, જેને સદ્જ્ઞાનને આવરનાર (=રોકનાર) અને અશુદ્ધ વર્તન કરાવનાર જ મોહ નથી, નહિ કે સત્તામાં રહેલા રાગાદિના કર્મદલિકો પણ નથી, અર્થાત્ રાગાદિના કર્મદલિકો સત્તામાં રહેલા છે, તે મહાદેવ છે. "**यो वीतरागः**" ઇત્યાદિ બે શ્લોકો ભવસ્થ કેવલીને આશ્રયીને છે.

**પૂર્વપક્ષ—** છદ્મસ્થ અવસ્થામાં અરિહંતનું મહત્ત્વ બતાવવું એ ઉચિત નથી. કારણ કે અરિહંતની એનાથી પણ અધિક મહત્ત્વવાળી અવસ્થા છે.

**ઉત્તરપક્ષ—** તમારું કથન બરોબર નથી. એ પ્રમાણે તો સિદ્ધાવસ્થારૂપ અન્ય મહત્તમ અવસ્થા હોવાથી કેવલીનું પણ મહત્ત્વ ન રહેવાનો પ્રસંગ આવે.

અથવા બીજી કોઇક રીતે અપુનરુક્તિ વિચારવી.

અહીં વીતરાગ શબ્દનો ઉલ્લેખ કરીને રાગાદિથી યુક્ત પુરુષમાં મહાદેવપણાનો નિષેધ કર્યો છે. તેમાં (=રાગાદિથી યુક્ત પુરુષ મહાદેવ નથી એ વિષયમાં) ભાવના[1]પૂર્વે જણાવી છે.

## કપિલમાં મહાદેવપણાનો નિષેધ

સર્વજ્ઞ શબ્દનો ઉલ્લેખ કરીને કપિલ (=સાંખ્ય શાસ્ત્રના પ્રણેતા)માં મહાદેવપણાનો નિષેધ કર્યો. કારણ કે તેના મતથી જ તેનામાં સર્વજ્ઞપણાનો અસંભવ છે. તે આ પ્રમાણે-"બુદ્ધિએ જાણેલા પદાર્થને પુરુષ જાણે છે" એવો તેનો મત છે. બુદ્ધિ પ્રકૃતિનો વિકાર છે. આથી કૈવલ્ય અવસ્થામાં પ્રકૃતિની નિવૃત્તિ થતાં બુદ્ધિ નિવૃત્ત થાય

૧. **ब्रह्मा लूनशिरा** (=બ્રહ્માનું મસ્તક છેદાયું) ઇત્યાદિ બે શ્લોકોથી.

છે. આથી પુરુષમાં પદાર્થ માત્રની ચેતના (=જ્ઞાન) પણ ન હોય, તો પછી સર્વજ્ઞપણું ક્યાંથી હોય ? આ પક્ષ શ્રેષ્ઠ નથી. કારણ કે ચેતન સ્વરૂપ પુરુષનો સ્વીકાર કર્યે છતે ચેતનામાં બાધા કરનારી પ્રકૃતિના વિયોગમાં પુરુષને સર્વજ્ઞ તરીકે જ સ્વીકારવાનું યુક્ત છે.

## બુદ્ધમાં સર્વજ્ઞપણાનો નિષેધ

તથા સર્વજ્ઞ શબ્દના ઉલ્લેખથી જ બુદ્ધના પણ મહાદેવપણાનો નિષેધ કર્યો છે. કારણ કે બુદ્ધ કંઇક જાણનારો છે. (બધું જાણનારો નથી.) તેના શિષ્યો કહે છે કે-**"ઇશ્વર સઘળાય પદાર્થોને જાણે કે ન જાણે, પણ ઇષ્ટતત્ત્વને (=મોક્ષને અને મોક્ષના ઉપાયને) જાણે એટલું બસ છે. ઇશ્વરનું કીડાઓની સંખ્યા સંબંધી જ્ઞાન અમને ક્યાં ઉપયોગી છે ? અર્થાત્ ક્યાંય ઉપયોગી નથી."** (સ્યાદ્વાદમંજરી શ્લોક ૧ની ટીકામાં)

**વળી—** તેનું કંઇક જાણવાપણું પણ ઘટતું નથી. કારણ કે સકલ સ્વ-પર પર્યાયોથી વિશેષ કરેલા એક પણ પદાર્થને સર્વજ્ઞપણા વિના જાણવાનું અશક્ય છે. જેથી કહ્યું છે કે-**"જેનાથી એક પદાર્થ બધી રીતે જણાયો છે તે જ સર્વને બધી રીતે જાણે છે. જેણે બધા પદાર્થોને બધી રીતે જાણ્યા છે તે જ એકને બધી રીતે જાણે છે.'**[1]

**પૂર્વપક્ષ—** સર્વજ્ઞનો સંભવ જ નથી. કારણ કે સર્વજ્ઞની વિદ્યમાનતાના સાધક પ્રમાણોથી તે જાણી શકાય તેવો નથી. કોની જેમ ? સસલાના શિંગડાની જેમ. કહ્યું છે કે **"સર્વજ્ઞના જ્ઞાનથી જાણવા યોગ્ય પદાર્થના જ્ઞાનથી રહિત એવા તત્કાલીન (=સર્વજ્ઞના કાળમાં થયેલા) પણ બોધ કરનારા પુરુષો "આ સર્વજ્ઞ છે" એમ જાણવા સમર્થ નથી."**

**ઉત્તર પક્ષ—** તમે કહ્યું તે બરોબર નથી. કારણ કે સર્વજ્ઞની વિદ્યમાનતાના સાધક પ્રમાણોથી તે જાણી શકાય તેવો નથી એવો જે હેતુ આપ્યો તે હેતુ અસિદ્ધ છે. તે આ પ્રમાણે- જે પદાર્થો હાનિના સ્વભાવવાળા (અલ્પ ક્ષય પામવાના સ્વભાવવાળા) છે તે પદાર્થો સંપૂર્ણ ક્ષયવાળા પણ સંભવે છે. જેમ કે-સામગ્રીવિશેષથી વસ્ત્ર અને રત્નના મળ વગેરેનો અલ્પ ક્ષય થાય છે તો સંપૂર્ણ ક્ષય પણ થાય છે. જ્ઞાનાવરણ વગેરે હાનિના સ્વભાવવાળા છે, એથી તેમનો સર્વથા ક્ષય પણ સંભવે છે. તેમનો સર્વથા ક્ષય થયે છતે સર્વજ્ઞપણું વગેરે થાય જ છે. જ્ઞાનાવરણ વગેરેનો હાનિસ્વભાવ અસિદ્ધ નથી, અર્થાત્ સિદ્ધ છે. કારણ કે પોતાના પ્રવાહમાં પણ જ્ઞાનાદિના ઉપચયવિશેષની (=વૃદ્ધિવિશેષની) અનુભૂતિ થવાથી જ્ઞાનાદિના આવરણના હાનિવિશેષની સિદ્ધિ થાય છે. કહ્યું છે કે- **"દોષ[2] અને આવરણની અતિશયપણે હાનિ થવાથી સંપૂર્ણ હાનિ થાય છે. જેમકે, ક્યાંક પોતાના હેતુઓથી બાહ્ય અને આંતરિક મલનો સર્વથા ક્ષય થાય છે."** તથા "જે આ બંધ-મોક્ષ-પરલોક વગેરે અતીન્દ્રિય (=ઇંદ્રિયોથી ન જાણી શકાય તેવા) પદાર્થો છે તે અનુમાનનો વિષય હોવાથી (=અનુમાનથી જાણી શકાતા હોવાથી) કોઇકને પ્રત્યક્ષ છે. જેમ કે અગ્નિ વગેરે. (અગ્નિ વગેરે અનુમાનથી જાણી શકાય છે માટે કોઇકને પ્રત્યક્ષ છે. તેમ પરલોક વગેરે અનુમાનથી જાણી શકાતા હોવાથી કોઇકને પ્રત્યક્ષ છે.) કહ્યું છે કે-**"સૂક્ષ્મ, આંતરે રહેલા અને દૂર રહેલા પદાર્થો કોઇકને પ્રત્યક્ષ છે. જેમકે-અનુમાનથી જાણી શકાતા હોવાથી અગ્નિ વગેરે પદાર્થો કોઇકને પ્રત્યક્ષ છે. આ પ્રમાણે સર્વજ્ઞની સત્તા=વિદ્યમાનતા છે."**

૧. **जो एगं जाणइ से सव्वं जाणइ जे सव्वं जाणइ से एगं जाणइ** જે એકને જાણે છે તે સર્વને જાણે છે, જે સર્વને જાણે છે તે એકને જાણે છે. (આચારાંગ પ્ર.શ્રુ.અ. ૩. ઉ.૪)

૨. અહીં દોષ શબ્દથી મોહનીય કર્મના ઉદયથી થનારા રાગાદિ દોષો સમજવા. આવરણ શબ્દથી જ્ઞાનાવરણ વગેરે સમજવું.

આ પ્રમાણે સર્વજ્ઞના જ્ઞાનથી જાણી શકાય તેવા પદાર્થોના જ્ઞાનથી રહિત પુરુષોથી પણ અનુમાન વડે સર્વજ્ઞ જાણી શકાય છે, અચતુર્વેદીથી ચતુર્વેદી જાણી શકાય છે તેમ, અર્થાત્ જે ચાર વેદોનો જાણકાર નથી તે ચાર વેદોના જાણકારને જાણી શકે છે તેમ.

**જે શાશ્વત સુખના સ્વામી છે—** અહીં 'જે' શબ્દનો ઉલ્લેખ અવસ્થાવિશેષને બતાવનાર છે. અહીં અભિપ્રાય આ છે- રાગાદિના ક્ષયથી પ્રગટ થયેલા વીતરાગતા અને સર્વજ્ઞતા ભવસ્થ કૈવલ્ય અવસ્થામાં મહત્ત્વનું કારણ છે. શાશ્વત સુખના સ્વામી વગેરે ત્રણ વિશેષણો ભવાતીત અવસ્થામાં મહત્ત્વનું કારણ છે.

જે નિત્ય રહે તે શાશ્વત. શાશ્વત જે સુખ તે શાશ્વતસુખ. આ શાશ્વતસુખ નિર્વાણથી ઉત્પન્ન થયેલ આનંદરૂપ છે. બીજાઓને (=નિર્વાણ નહિ પામેલાઓને, અર્થાત્ સિદ્ધ સિવાય બીજાઓને) શાશ્વત સુખ ઘટી શકતું નથી. મહાદેવ સ્વયં શાશ્વતસુખને પામેલા હોવાથી શાશ્વતસુખના સ્વામી છે.

**પ્રશ્ન—** સઘળી ય વસ્તુઓ ક્ષણિક હોવાથી સુખ શાશ્વત કેવી રીતે હોય ?

**ઉત્તર—** વસ્તુ સર્વથા (=એકાંતે) ક્ષણિક નથી. કારણ કે દરેક વસ્તુ ઉત્પાદ-વિનાશ-ધ્રૌવ્ય સ્વરૂપ છે. અહીં ઘણું કહેવા યોગ્ય છે. તે પંદરમાં અષ્ટકમાંથી જાણી લેવું.

તેવા પ્રકારના સુખનો (=શાશ્વત સંપૂર્ણ સુખનો) અસંભવ જ છે એમ ન કહેવું. કારણ કે સુખાવરણની થોડી હાનિ થતી જોવામાં આવતી હોવાથી તેની સંપૂર્ણ પણ હાનિ સંભવે છે. આ પ્રમાણે પૂર્વે ઘણું કહ્યું છે.

## બુદ્ધના મહત્ત્વનો નિષેધ

શાશ્વતસુખના સ્વામી એ વિશેષણથી વસ્તુ દરેક ક્ષણે ક્ષયથી યુક્ત છે, અર્થાત્ દરેક વસ્તુ પ્રતિક્ષણ વિનાશ પામે છે, એમ કહેનાર પરિકલ્પિત દેવના મહત્ત્વનું ખંડન કર્યું. કારણ કે તેના મતે આવા પ્રકારનું સુખ વગેરે નથી. આવા પ્રકારના સુખ વગેરેના અભાવમાં દેવનું મહત્ત્વ કલ્પના માત્ર છે.

## અવતાર લેનાર દેવના મહત્ત્વનો નિષેધ

**ક્લિષ્ટ કર્મ કળાઓથી** (=કર્મ ભેદોથી) **રહિત છે—** ક્લિષ્ટ એટલે ક્લેશ (=પીડા) આપનાર. જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારની કર્મ કલાઓ=કર્મભેદો દુ:ખ આપનાર છે. કારણ કે તે કર્મભેદો દુ:ખ સ્વરૂપ ભવનું કારણ છે. મહાદેવ આવી ક્લિષ્ટ કર્મકળાઓથી રહિત છે.

**"ધર્મતીર્થના કર્તા જ્ઞાનીઓ મોક્ષમાં જઇને જો પોતાના તીર્થનો તિરસ્કાર (=પરાભવ) થતો હોય તો (તેને અટકાવવા) ફરી પણ સંસારમાં આવે છે."** (સ્યાદ્વાદ મંજરી શ્લોક-૧) આમ કેટલાકો માને છે. આવું માનનારાઓના દેવના મહત્ત્વનું "ક્લિષ્ટ કર્મકળાઓથી રહિત છે" એવા વિશેષણથી ખંડન કર્યું. કારણ કે ક્લિષ્ટ કર્મકળાઓના અભાવમાં સંસારમાં અવતારનો અસંભવ છે. કહ્યું છે કે-**"અજ્ઞાન રૂપ ધૂળથી ઢાંકેલું, પ્રાચીન, અવિનાશી અને તૃષ્ણારૂપ જલથી સિંચાયેલું કર્મરૂપ બીજ જન્મરૂપ અંકુરને મૂકે છે=ઉત્પન્ન કરે છે."**

અશુભ સ્વરૂપ ભવમાં અવતાર લેનારાઓ અને પોતાના તીર્થના તિરસ્કાર સહન ન કરનારાઓનું પ્રાકૃત (=સાધારણ) પુરુષની જેમ મહત્ત્વ કેવું હોય ?

## શરીરના કારણે મહાદેવના મહત્ત્વનો નિષેધ

**સર્વ પ્રકારે નિષ્કલ છે—** શરીરના સર્વ અંગોથી રહિત છે. તેના અભાવમાં જ સુખનો સંભવ છે. કહ્યું

છે કે-**"શરીર-મનના અભાવમાં દુ:ખનો અભાવ છે."** શરીરથી સહિત હોવાથી દુ:ખના સંભવમાં દેવનું મહત્ત્વ કેવું હોય ? **"સઘળા સ્થળે ઇશ્વરની ચક્ષુ છે. સઘળા સ્થળે ઇશ્વરનું મુખ છે, સઘળા સ્થળે ઇશ્વરના બાહુ છે, સઘળા સ્થળે ઇશ્વરના ચરણો છે."** (શુકલ યજુર્વેદ માધ્યન્દિન સંહિતા-અધ્યાય-૧૭ મંત્ર ૧૯) આવા પ્રકારના આ વાક્યનો જે પ્રમાણે અર્થ સંભળાઇ રહ્યો છે તે પ્રમાણે અર્થનો સ્વીકાર કરવાથી જેઓએ શરીરને આશ્રયીને મહાદેવના મહત્ત્વને સ્વીકાર્યું છે તેમના મતનું "શરીરના સર્વ અંગોથી રહિત છે." એવા ઉલ્લેખથી ખંડન કર્યું. કારણ કે આવા પ્રકારના મહાદેવનો અસંભવ છે. કારણ કે વિશ્વ બધી તરફ મહાદેવની ચક્ષુથી જ વ્યાપ્ત હોવાથી તથા ચક્ષુ સિવાય અન્ય અંગો આધારથી રહિત થવાથી તેમના અભાવનો પ્રસંગ આવે. તથા તે જ અંગોથી અન્ય વાક્યથી બીજા પ્રકારના દેવનું મહત્ત્વ કહેવાથી સ્વમતની સાથે વિરોધ આવે. કહ્યું છે કે-**"જે હાથ-પગથી રહિત છે, મન વિના જાણે છે, ચક્ષુ વિના જુએ છે, કાન વિના સાંભળે છે, તે વિશ્વને જાણે છે, તેને કોઇ જાણતું નથી. તેને મુખ્ય અને મહાન પુરુષ કહે છે."**

બીજાઓ તો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે— "ક્લિષ્ટ કર્મકળાઓથી રહિત" એ વિશેષણથી જેમણે ઘાતીકર્મોનો ઘાત કર્યો છે તેવા ભવસ્થ કેવલી જાણવા. "સર્વ પ્રકારે નિષ્કલ" એ વિશેષણથી જેમના ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થઇ ગયો છે તેવા સિદ્ધ કેવલી જાણવા.

**સર્વ દેવોને પૂજ્ય છે—** જે ભવનપતિ વગેરે સઘળા દેવોને પૂજ્ય છે. વીતરાગતા વગેરે ગુણોથી યુક્ત દેવ દેવો વગેરેથી પૂજાય જ છે. દેવપૂજ્ય હોવાથી જ તેની પ્રતિમાઓ પણ પૂજ્ય છે. અથવા **सर्वदेवानां** પદનો બીજી રીતે અર્થ આ પ્રમાણે છે— તે-તે દર્શનનો સ્વીકાર કરનારા જેમને વિષ્ણુ અને મહાદેવ વગેરે સઘળા દેવો સ્તુતિ કરવા યોગ્ય છે તે સર્વદેવો, અર્થાત્ પોતે સ્વીકારેલા તે તે દેવોને પૂજનારા જીવો જ અહીં **सर्वदेवानाम्** પદથી વિવક્ષિત છે. તેવા જીવો સમૂહની અપેક્ષાએ બૌદ્ધો (=બુદ્ધને પૂજનારા)વગેરે છે. તેમને જે પૂજ્ય છે તે મહાદેવ છે. કારણ કે બૌદ્ધો વગેરે પોતપોતાના ઉપદેશકોને પૂજતા હોવા છતાં જેનું લક્ષણ (હમણાં જ) કહ્યું છે તે મહાદેવને જ પૂજે છે. તે આ પ્રમાણે— બુદ્ધ વગેરેના ઉપદેશથી સ્વર્ગ-મોક્ષનો સંબંધ (=સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ) થશે એમ માનતા તેઓ તેને (=પોતપોતાના ઉપદેશકને) પૂજે છે. ઉપદેશ ઉપેયનો (=સાધ્યનો) અવિસંવાદી (=વિરોધથી રહિત) હોવો જોઇએ. ઉપેયનું જ્ઞાન હોય અને વીતરાગપણું-વીતદ્વેષપણું હોય તો જ ઉપદેશ ઉપેયનો અવિસંવાદી બને. અન્યથા ન બને. તેથી પોતપોતાના ઉપદેશકોને પૂજનારાઓ પોતાના ઉપદેશકમાં સર્વજ્ઞપણું વગેરે ગુણનો અધ્યારોપ કરીને (=ગુણ છે એમ માનીને) તેને પૂજે છે. આથી પરમાર્થથી (જેનું લક્ષણ હમણાં કહ્યું છે) તે મહાદેવ જ પૂજિત થાય છે. આથી "જે સર્વદેવોને પૂજ્ય છે" એમ જે કહ્યું છે તે બરોબર કહ્યું છે.

**જે સઘળા યોગીઓને ધ્યાન કરવા યોગ્ય છે—** સઘળા અધ્યાત્મચિંતકોને ધ્યાન કરવા યોગ્ય છે. યોગીઓ પણ વીતરાગતા વગેરે ગુણોના ગૌરવથી યુક્તનું જ ધ્યાન કરે છે. તેવા દેવ તો ઉક્ત રીતે અરિહંત જ છે.

**જે સર્વનીતિઓના સ્રષ્ટા છે—** સ્રષ્ટા એટલે બતાવવા દ્વારા ઉત્પાદક. સર્વનીતિઓ એટલે નૈગમ વગેરે સઘળા નયો, અથવા સામ-દામ-દંડ ભેદરૂપ સર્વ નીતિઓ. બતાવવા દ્વારા જે સર્વનીતિઓના ઉત્પાદક છે તે મહાદેવ છે.

**પૂર્વપક્ષ—** ઋષભદેવ જ લોકવ્યવહાર માટે સામ વગેરે નીતિના સ્રષ્ટા છે. આથી તે જ મહાદેવ છે, અજિતનાથ વગેરે મહાદેવ નથી.

**ઉત્તરપક્ષ**— આમ ન કહેવું. કારણ કે વાણીનો વિષય એવું પૂર્વગત સઘળું શ્રુત અજિતનાથ આદિએ પણ બતાવ્યું હોવાથી તેઓ પણ નીતિસ્રષ્ટા છે.

**પ્રશ્ન**— મહાદેવનું સ્વરૂપ પૂર્વે (=પહેલા-બીજા શ્લોકમાં) કહ્યું હોવા છતાં ફરી (ત્રીજા-ચોથા શ્લોકમાં) કેમ કહ્યું ?

**ઉત્તર**— સર્વ પદાર્થોનું સ્વરૂપ વ્યાવહારિક અને પારમાર્થિક એમ બે પ્રકારનું છે. તેમાં પારમાર્થિક મહાદેવપણાને જણાવવા માટે આ (ફરી) કહ્યું છે.

(અહીં **वीतराग** પદથી રાગાદિ યુક્ત દેવો, **सर्वज्ञ** પદથી સાંખ્ય દર્શન પ્રણેતા કપિલ તથા બૌદ્ધદર્શન પ્રવર્તક બુદ્ધ, **शाश्वतसुखेश्वर** પદથી ક્ષણિકવાદી બુદ્ધ, **क्लिष्टकर्मातीत** પદથી ફરીથી અવતાર લેનારા દેવો, **निष्कल** પદથી જેઓ સમસ્ત જગતને મહાદેવના ચક્ષુ અને મુખ વગેરે શરીરના અવયવોથી પૂર્ણ (વ્યાપ્ત) માને છે તેમના દેવ, મહાદેવ નથી એમ સૂચિત કરવામાં આવ્યું છે.) (૩-૪)

**अधिकृतमहादेवं लक्षणान्तरेण लक्षयितुमाह—**

**एवंसद्वृत्तयुक्तेन, येन शास्त्रमुदाहृतम् ।**
**शिववर्त्म परं ज्योति-स्त्रिकोटीदोषवर्जितम् ॥५॥**

**वृत्तिः— 'एवम्' इति अनन्तरोक्तप्रकारं यत्सद्वृत्तमनिन्दितवर्तनं रागद्वेषक्षयकारणादिकं भवावस्थोचितं न पुनः शाश्वतसुखेश्वरत्वादि सिद्धावस्थोचितं, सिद्धावस्थायां शास्त्रोदाहरणाभावात्, तेन युक्तः संगतो योऽसौ 'एवं सद्वृत्तयुक्तः' तेन देवताविशेषेण, 'येन' अनिर्दिष्टनाम्ना, शिष्यन्ते पदार्था अनेनेति 'शास्त्र'मागमः, 'उदाहृतं' प्रणीतम् । किम्भूतमित्याह-शिवस्य मोक्षस्य वर्त्मेव वर्त्म पन्थाः 'शिववर्त्म' । तथा 'परम्' अनन्यसाधारणं, 'ज्योतिरिव' ज्योतिः प्रदीपो महामोहतमःपटलप्रतिहतिप्रत्यलत्वात् । तथा तिसृषु कोटीषु आदिमध्यान्तलक्षणशास्त्रविभागेषु ये दोषाः पूर्वापरविरोधादयः । अथवा तिसृषु कोटीषु शास्त्रहेम्नः कषच्छेदतापरूपपरीक्षालक्षणासु ये दोषास्तदशुद्धयः, तैर्वर्जितं विरहितं यत्तत्तथा । स महादेव उच्यते इति प्रक्रमः ।**

**इह च 'एवंसद्वृत्तयुक्तेन' इत्यनेन कामुकाचितासमञ्जसानुष्ठानवतां शास्तॄणां महादेवत्वस्य निषेध उक्तः, रागादिजन्यासमञ्जसचेष्टावतामपि महत्त्वकल्पने सर्वस्यापि तत्प्रसङ्गात् । आह च-''कामानुषक्तस्य रिपुप्रहारिणः, प्रपञ्चिनोऽनुग्रहशापकारिणः । सामान्यपुंवर्गसमानधर्मिणो, महत्त्वक्लृप्तौ सकलस्य तद्भवेत् ॥१॥''**

**'शास्त्रमुदाहृतम्' अनेन त्वनुदाहृतमपि ये शास्त्रमभ्युपगच्छन्ति तन्मतमपास्तम् । वदन्ति च तद्वादिनः तथा, ''तस्मिन् ध्यानसमापन्ने, चिन्तारत्नवदास्थिते । निःसरन्ति यथाकामं, कुड्यादिभ्योऽपि देशनाः ॥१॥'' तन्निरासश्चैवम् ''कुड्यादिनिःसृतानां तु, न स्यादाप्तोपदिष्टता । विश्वासश्च न तासु स्यात्, केनेमाः कीर्तिता इति ॥१॥'' किञ्च- यद्यपि तस्य भगवतोऽचिन्त्यपुण्यसम्भारतया अतिशयाः सन्ति, तथापि वक्तृत्वविरोधो नास्तीति किं वक्तृत्वव्याघातकारिणा कुडयादिनिर्गतदेशनाकल्पनेनेति ।**

उदाहृतं शास्त्रं शिववर्त्म इत्यनेन पुरुषानुदाहृतस्याप्रामाण्यमाविष्करोति तस्यासम्भवादेव । तदसम्भवश्चैवम्-या या वचनरचना सा सा पौरुषेयी दृष्टा, यथा कुमारसम्भवादिः, वचनरचना च वेद इति, तस्मात्पौरुषेयोऽसाविति, विरुद्धं च विवक्षाताल्वादिव्यापारपुरुषधर्मजन्यवचनस्वरूपस्य वेदस्यापौरुषेयत्वम् । यदाह-''ताल्वादिजन्मा ननु वर्णवर्गो, वर्णात्मको वेद इति स्फुटं च । पुंसश्च ताल्वादिरतः कथं स्यादपौरुषेयोऽयमिति प्रतीतिः ॥१॥'' 'शास्त्रं शिववर्त्मे' त्यनेन तु ये शास्त्रस्याप्रामाण्यमाश्रितास्तन्मतमपास्तम् । ते हि मन्यन्ते, प्रत्यक्षगोचरेऽप्यर्थे वचनस्य व्यभिचारदर्शनान्न तत्प्रमाणम् । न चैतद्युक्तम् । सुनिश्चिताप्तप्रणीतस्यैव वचनस्य प्रमाणत्वाभ्युपगमात् । न चेतरवचनस्य व्यभिचारमुपलभ्य सर्ववचनानामप्रामाण्यं व्यवस्थापयितुं युक्तम्, इतरथा मरीचिकानिचयचुम्बिजलावभासिप्रत्यक्षमसत्यमवलोकितमिति सकलाध्यक्षाणामप्रामाण्यप्रसङ्गः, तदप्रामाण्ये चानुमानमपि न प्रमाणं स्यात्, प्रत्यक्षपूर्वकत्वादनुमानस्य, तथा च द्वे एव प्रमाणे प्रत्यक्षमनुमानं चेति वचनं व्याहतिमापद्येतेति । उक्तं चागमप्रामाण्यवादिभिः- 'स्वर्गाद्यतीन्द्रियगतौ वच एव मानं, येनान्यमानविषया न भवन्ति ते हि । किञ्चागमाभिहितमेव समर्थयन्ति, नापूर्वमर्थमनुशासति साधनज्ञाः ॥१॥''

त्रिकोटीदोषवर्जितम्' अनेन तु यत्परीक्षाक्षमं न भवति न तच्छिववर्त्मेत्युक्तं भवति । अपरीक्षाक्षममपि धर्मशास्त्रं कैश्चिदभ्युपगतम् । यदाहुः-''पुराणं मानवो धर्मः, साङ्गो वेदश्चिकित्सितम् । आज्ञासिद्धानि चत्वारि, न हन्तव्यानि हेतुभिः ॥१॥'' इति । इहार्थेऽन्ये वदन्ति-''अस्ति वक्तव्यता काचित्, तेनेदं न विचार्यते । निर्दोषं काञ्चनं चेत्स्यात्, परीक्षाया बिभेति किम् ॥१॥'' आप्तशास्तृकैः पुनराप्तवचनमेवमनूद्यते । ''निकषच्छेदतापेभ्यः, सुवर्णमिव पण्डितैः । परीक्ष्य भिक्षवो ग्राह्यं, मद्वचो न तु गौरवात् ॥१॥'' शास्त्रगतकषादिपरीक्षात्रयस्य च स्वरूपमिदम्- विधिप्रतिषेधौ कषः । आह च-पाणिवहाईयाणं, पावट्ठाणाण जो उ पडिसेहो । झाणज्झयणाईणं, जो य विही एस धम्मकसो[२] ॥१॥'' विधिप्रतिषेधयोरबाधकस्य + सम्यक्तत्पालनोपायभूतस्यानुष्ठानस्योक्तिः छेदः । यदाह-''बज्झाणुट्ठाणेणं, जेण न बाहिज्जए तयं नियमा । संभवइ य परिसुद्धं, सो पुण धम्मम्मि छेओत्ति[३] ॥२॥'' बन्धमोक्षादिसद्भावनिबन्धनात्मादिभाववादः तापः । उक्तं च-''जीवाइभाववाओ, बन्धाइपसाहगो इहं तावो । एएहिं परिसुद्धो, धम्मो धम्मत्तणमुवेइ[४] ॥३॥''

कषादिशुद्धयस्त्वेवम्- मनोवाक्कायकरणकारणानुमतिभिरर्थानर्थाश्रयेणाजन्म सूक्ष्मबादराणां प्राणातिपातादीनां प्रतिषेधो रागादिनिग्रहाप्रतिघहेतुभूतयोश्च ध्यानतपसोर्विधिर्यत्र शास्त्रे तत्कषशुद्धम् । आह च- ''सुहुमो असेसविसओ, सावज्जे जत्थ अत्थि पडिसेहो । रागाइविअ(उ)डणसहं, झाणाइ य एस कससुद्धो[५] ॥५॥'' यत्र पुनरेवंविधौ प्रतिषेधविधी न भवतो न तत्कषशुद्धम् । यथा- ''प्राणी प्राणिज्ञानं, घातकचित्तं च तद्‌गता चेष्टा । प्राणैश्च विप्रयोगः, पञ्चभिरापद्यते हिंसा ॥१॥'' तथा ''अनस्थ्नां(स्थि)जन्तूनां

२. प्राणिवधादिकानां पापस्थानानां यस्तु प्रतिषेधः । ध्यानाध्ययनादीनां यश्च विधिरेष धर्मकषः ॥ + विधिप्रतिषेधयोरबाधयोरबाधकस्य इति ॥ पाठान्तरे ॥

३. बाह्यानुष्ठानेन येन न बाध्यते तन्नियमात् । सम्भवति च परिशुद्धं स पुनर्धर्मे छेद इति ।

४. जीवादिभाववादो बन्धादिप्रसाधक इह तापः । एतैः परिशुद्धो धर्मो धर्मत्वमुपैति ॥

५. सूक्ष्मोऽशेषविषयः सावद्ये यत्रास्ति प्रतिषेधः । रागादिविकुट्टनसहं ध्यानादि च एष कषशुद्धः ॥

शकटभरवधे एका हिंसा ।'' यत्रैव विसंवादस्तदेव चासत्यमित्यादि । अयं हि पापप्रतिषेधो नात्यन्तिकः ।

तथा ''अष्टवर्गान्तकं बीजं, कवर्गस्य च पूर्वकम् । वह्निनोपरिसंयुक्तं, गगनेन विभूषितम् ॥१॥'' अर्हमित्यर्थः । ''एतदेव परं तत्त्वं योऽभिजानाति तत्त्वतः । संसारबन्धनं छित्त्वा, स गच्छेत्परमां गतिम् ॥१॥'' इत्यादिस्वरूपश्च ध्यानविधिः न रागादिविकुट्टनसहः, यतः सुचिरमप्येतद्ध्यानध्यायिनस्तदुत्तरकालं रागादयः स्वरूपस्था एव । रागादीनां पुनरैहिकामुष्मिकापायजनकत्वचिन्तयितुस्तदुत्तरकालमपि ते प्रतनवो भवन्तः सर्वथा न भवन्त्यपीति रागाद्यपायध्यानं श्रेष्ठो विधिः । अत एव ध्यानान्तरत्यागेन ध्यानविधिरेवं सद्भिरभिधीयते-''रागद्दोसकसाया-सवाइकिरियासु वट्टमाणाणं । इहपरलोगावाए, झाएज्जाऽवज्जपरिवज्जी[६] ॥१॥''

तथा छेदशुद्धं शास्त्रं यत्र समितिगुप्त्यादिकमुक्तविधिप्रतिषेधोपायभूतमनुष्ठानमुपदर्श्यते । आह च-''एएण न बाहिज्जइ संभवइ य तं दुगंपि नियमेण ॥ एयवयणेण सुद्धो, जो सो छेएण सुद्धोत्ति[७] ॥५॥'' तदशुद्धं प्राणिसंरक्षणशुभध्यानकरणविशुद्धपिण्डग्रहणेषूपायभूतवस्त्रपात्राद्युपकरणप्रतिषेधप्रवणं बोटिकशास्त्रमिव इति । अथवा देवताराधनाय साधूनां सङ्गीतककरणाद्युपदेशप्रवणम् । आह च-''जह देवाणं संगीययाइकज्जम्मि उज्जमो जइणो । कन्दप्पाईकरणं, असब्भवयणाभिहाणं च[८] ॥६॥''

तापशुद्धं पुनः ''आत्मास्ति, स परिणामी, बद्धः स तु कर्मणा विचित्रेण । मुक्तश्च तद्वियोगात् हिंसा-हिंसादि तद्धेतुः ॥१॥'' इत्यादिभाववादप्रधानम् । एवंविधे ह्यात्मादिवस्तुनि सति विधिप्रतिषेधादिकं सर्वमुक्तस्वरूपममुपपद्यते न पुनरन्यथाविध इति । तदन्यथाविधवस्तुप्रणयनप्रवणं तु शास्त्रं तापाशुद्धमिति । तदेवं येनैवंविधं ''शास्त्रमुदाहृतं महादेवः स उच्यत' इति । एतमर्थं मुख्यवृत्त्या वदतानेन श्लोकेन गौणवृत्त्या नानाविधोऽर्थ उक्त इति ॥१॥

## શુદ્ધ વર્તન અને શાસ્ત્રરચનાથી મહાદેવનું લક્ષણ

**પ્રસ્તુત મહાદેવને અન્ય લક્ષણથી લક્ષમાં લેવા માટે (=જોવા માટે) કહે છે—**

**શ્લોકાર્થ—** આવા પ્રકારના સદ્‌વર્તનથી યુક્ત જે દેવે મોક્ષમાર્ગરૂપ, અન્યની સાથે તુલના ન કરી શકાય તેવું, જ્યોતિ સ્વરૂપ અને ત્રિકોટિ દોષથી રહિત શાસ્ત્ર રચ્યું છે તે મહાદેવ છે. (૫)

**ટીકાર્થ— આવા પ્રકારના—** એટલે હમણાં જ કહેલા પ્રકારવાળા. સદ્‌વર્તન એટલે અનિંદિત વર્તન. અહીં રાગ-દ્વેષના ક્ષયના કારણે થનારું અને સાંસારિક અવસ્થાને ઉચિત એવું સદ્‌વર્તન જાણવું. સિદ્ધાવસ્થાને ઉચિત એવું શાશ્વત સુખનું ઐશ્વર્ય વગેરે સદ્‌વર્તન ન સમજવું. કારણ કે સિદ્ધાવસ્થામાં શાસ્ત્ર રચનાનો અભાવ છે.

**જ્યોતિ સ્વરૂપ—** જ્યોતિ એટલે પ્રદીપ. મહામોહ રૂપ અંધકારસમૂહનો નાશ કરવામાં સમર્થ હોવાથી શાસ્ત્ર પ્રદીપ સમાન છે.

**ત્રિકોટિ દોષથી રહિત—** અહીં ત્રિકોટિ એટલે શાસ્ત્રના આદિ-મધ્ય-અંતરૂપ ત્રણ વિભાગો. આ ત્રણ

---

६. रागद्वेषकषायास्रवादिक्रियासु वर्तमानानाम् । इहपरलोकापायान् ध्यायेत् अवद्यपरिवर्जी ॥

७. एतेन न बाध्यते सम्भवति च तद्द्वयमपि नियमेन । एतद्वचनेन शुद्धो यः स छेदेन शुद्ध इति ॥

८. यथा देवानां संगीतकादिकार्य उद्यमो यतेः । कन्दर्पादिकरणमसभ्यवचनाभिधानं च ॥

વિભાગોમાં પૂર્વાપરનો વિરોધ વગેરે જે દોષો તે દોષોથી રહિત.

અથવા ત્રિકોટિ એટલે કષ-છેદ-તાપથી પરીક્ષા. શાસ્ત્રરૂપ સુવર્ણની કષ-છેદ-તાપથી કરવામાં આવતી પરીક્ષારૂપ ત્રિકોટિમાં જે દોષો તે દોષોથી રહિત.

**શાસ્ત્ર—** જેનાથી (=જેના દ્વારા) પદાર્થો કહેવાય તે શાસ્ત્ર. શાસ્ત્ર એટલે આગમ.

**''આવા પ્રકારના સદ્વર્તનથી યુક્ત''** એમ કહીને કામાસક્ત પુરુષને ઉચિત અયોગ્ય વર્તનવાળા ઉપદેશકોના મહાદેવપણાનો નિષેધ કર્યો. કારણ કે રાગાદિથી થનારી અયોગ્ય ચેષ્ટાવાળાઓનું પણ મહત્ત્વ કલ્પવામાં સઘળાયના મહત્ત્વનો પ્રસંગ આવે. કહ્યું છે કે-**''વિષયોમાં આસક્ત, શત્રુ ઉપર પ્રહાર કરનાર, પ્રપંચ કરનાર, અનુગ્રહ-શાપ કરનાર અને સામાન્ય પુરુષવર્ગ સમાન સ્વભાવવાળાનું મહત્ત્વ કલ્પવામાં સર્વનું મહત્ત્વ થાય.''**

**''શાસ્ત્ર રચ્યું''** એમ કહીને જેઓ નહિ રચેલા પણ શાસ્ત્રને સ્વીકારે છે તેમના મતનું નિરાકરણ કર્યું છે. નહિ રચેલા શાસ્ત્રને કહેનારાઓ આ પ્રમાણે કહે છે-**તે દેવે ધ્યાન પ્રાપ્ત કર્યે છતે અને ચિંતામણિ રત્નની જેમ સ્થિતિ પામ્યે છતે ભીંત આદિમાંથી પણ ઇચ્છા પ્રમાણે દેશનાઓ નીકળે છે (=સંભળાય છે).** તેનું નિરાકરણ આ પ્રમાણે છે— **''ભીંત આદિમાંથી નીકળેલી દેશનાઓ આપ્ત પુરુષના ઉપદેશથી રહિત છે. આથી તે દેશનાઓમાં આ દેશનાઓ કોણે કહેલી છે એવો વિશ્વાસ ન થાય.''**

વળી— જો કે તે ભગવાનને અચિંત્ય પુણ્યનો સમૂહ હોય છે, આથી તે ભગવાનને અતિશયો છે, તો પણ વચનમાં વિરોધ નથી. આથી વચનમાં વ્યાઘાત કરનારી ભીંત આદિમાંથી દેશનાઓ નીકળે છે એવી કલ્પનાથી શું ? અર્થાત્ આવી કલ્પના બરોબર નથી.

**''મોક્ષમાર્ગરૂપ શાસ્ત્ર રચ્યું''** એમ કહીને પુરુષે નહિ રચેલા શાસ્ત્રની અપ્રામાણિકતાને પ્રગટ કરી છે. કારણ કે પુરુષે નહિ રચેલા શાસ્ત્રનો સંભવ જ નથી. તેનો અસંભવ આ પ્રમાણે છે-જે જે વચનરચના છે તે તે વચનરચના પુરુષની કરેલી જોવામાં આવી છે. જેમ કે કુમારસંભવ કાવ્ય વગેરે. વેદ વચનરચનારૂપ છે. આથી વેદ પુરુષથી રચાયો છે. કહેવાની ઇચ્છાથી તાળવા આદિની પ્રવૃત્તિ થાય છે. વચન પુરુષના તાળવા આદિની પ્રવૃત્તિથી થાય છે. પુરુષના તાળવા આદિની પ્રવૃત્તિથી થનારા વચન સ્વરૂપ વેદનું અપૌરુષેયપણું (=વેદ પુરુષથી રચાયેલ નથી એમ માનવું) વિરુદ્ધ છે. કહ્યું છે કે-**''વર્ણ (=અક્ષરસમૂહ) તાળવા વગેરે સ્થાનોમાંથી ઉત્પન્ન થાય છે, અને વેદ વર્ણસ્વરૂપ છે એ સ્પષ્ટ છે. તથા તાળવા વગેરે તો પુરુષને હોય છે. તેથી આ વેદ અપૌરુષેય (=પુરુષથી રચાયો નથી) એવી પ્રતીતિ શી રીતે થાય ? અર્થાત્ ન થાય.''** (સ્યાદ્વાદ મંજરી-શ્લોક-૧૧)

**''મોક્ષમાર્ગરૂપ શાસ્ત્ર''** એમ કહીને જેઓએ શાસ્ત્રની અપ્રામાણિકતાનો આશ્રય કર્યો છે, અર્થાત્ જેઓ શાસ્ત્રને પ્રમાણરૂપ માનતા નથી, તેમના મતનું ખંડન કર્યું છે. તેઓ આ પ્રમાણે માને છે-પ્રત્યક્ષના વિષયવાળા (=પ્રત્યક્ષ દેખાતા) પણ પદાર્થમાં વચનનો વ્યભિચાર (=વચનનું અસત્યપણું) જોવામાં આવતું હોવાથી વચન (=શાસ્ત્ર) પ્રમાણરૂપ નથી. તેમનું આ કથન યુક્ત નથી. કારણ કે અમોએ સારી રીતે (=પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી) નિશ્ચિત થયેલા આપ્તપુરુષે રચેલા જ વચનની પ્રામાણિકતાનો સ્વીકાર કર્યો છે. સારી રીતે નિશ્ચિત થયેલા આપ્તપુરુષથી અન્યપુરુષના વચનનો વ્યભિચાર જોઇને સર્વ વચનોની અપ્રામાણિકતા નિશ્ચિત કરવી યોગ્ય

નથી. અન્યથા મૃગતૃષ્ણાના (મૃગજળના) સમૂહનું ચુંબન કરનાર પાણીને (=મૃગતૃષ્ણાના કારણે દેખાતા પાણીને) જણાવનાર પ્રત્યક્ષ પ્રમાણ અસત્ય જોયું, એથી સઘળા પ્રત્યક્ષોની અપ્રમાણિકતાનો પ્રસંગ આવે. સઘળા પ્રત્યક્ષો અપ્રમાણ બને તો અનુમાન પણ પ્રમાણરૂપ ન થાય. કારણ કે અનુમાન પ્રત્યક્ષપૂર્વક હોય છે. (જેમકે જ્યાં જ્યાં ધૂમાડો દેખાય છે ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય છે એમ અનેકવાર પ્રત્યક્ષ જોયું હોય છે. એથી ધૂમાડો જોઇને અગ્નિનું અનુમાન કરવામાં આવે છે.) એમ થાય તો પ્રત્યક્ષ અને અનુમાન એમ બે જ પ્રમાણ છે, એવા વચનનો વ્યાઘાત થાય (=એવું વચન ખોટું ઠરે). આગમને પ્રામાણિક કહેનારાઓએ કહ્યું છે કે-**"ઇંદ્રિયોથી ન જાણી શકાય તેવા સ્વર્ગ વગેરેને જાણવામાં વચન (=શાસ્ત્ર) જ પ્રમાણ છે. કારણ કે તે પદાર્થો અન્ય પ્રમાણના વિષય બનતા નથી, અર્થાત્ આગમ સિવાય અન્ય પ્રત્યક્ષાદિ પ્રમાણથી જાણી શકાતા નથી. વળી ઉપાયને જાણનારા પુરુષો આગમમાં જે કહ્યું હોય તેનું જ સમર્થન કરે છે. અપૂર્વનો (આગમમાં જે ન હોય તેનો) ઉપદેશ આપતા નથી."**

**"ત્રિકોટિ દોષથી રહિત"** એમ કહીને જે શાસ્ત્ર પરીક્ષામાં સમર્થ થતું નથી તે શાસ્ત્ર મોક્ષમાર્ગરૂપ નથી એમ કહ્યું છે. પરીક્ષામાં સમર્થ ન હોય તેવા પણ ધર્મશાસ્ત્રને કેટલાકોએ સ્વીકાર્યું છે. કહ્યું છે કે-**"પુરાણ, મનુએ કહેલો ધર્મ, અંગોથી સહિત વેદ અને ચિકિત્સા શાસ્ત્ર આ ચાર આજ્ઞાથી જ સિદ્ધ થયેલા છે. હેતુઓથી એમનો વિનાશ ન કરવો, અર્થાત્ યુક્તિઓથી તેમને અપ્રમાણ ન ઠરાવવા."**

આ વિષયમાં બીજાઓ આ પ્રમાણે કહે છે— **"આ વિષે કંઇક કહેવા જેવું છે. તેના વડે આ વિચારાતું નથી કે, જો સુવર્ણ નિર્દોષ છે, તો શું પરીક્ષાથી ગભરાય ? અર્થાત્ ન ગભરાય"** વિશ્વાસ કરવા યોગ્ય ઉપદેશકો આપ્ત વચનનો જ અનુવાદ કરે છે=આપ્ત વચનને કહે છે. તે આ પ્રમાણે-**જેવી રીતે પંડિતો કષ-છેદ-તાપથી પરીક્ષા કરીને સુવર્ણને લે છે તે રીતે હે ભિક્ષુઓ ! મારું વચન પરીક્ષા કરીને લેવું=માનવું, નહિ કે ગૌરવથી=ગુરુનું[1]વચન છે તેથી.**

## કષ વગેરેનું સ્વરૂપ

શાસ્ત્રમાં જણાવેલ કષ વગેરે પરીક્ષાનું સ્વરૂપ આ છે- વિધિ અને પ્રતિષેધ કષ છે. કહ્યું છે કે-**"શાસ્ત્રમાં સર્વ લોકોને સંમત એવી હિંસા આદિનો નિષેધ કરવામાં આવ્યો હોય, તથા ધ્યાન અને શાસ્ત્રાધ્યયન વગેરેનું વિધાન કરવામાં આવ્યું હોય એ ધર્મકષ છે. (=ધર્મશુદ્ધિની પરીક્ષા માટે કષ છે.) જે શાસ્ત્રમાં ઉક્ત રીતે વિધિ-નિષેધનું વર્ણન હોય તે શાસ્ત્ર કષથી (=કસોટીથી) શુદ્ધ છે."** (પંચ વસ્તુક ગાથા ૧૦૨૧)

વિધિ-નિષેધમાં બાધક ન બને અને સારી રીતે તેનું (=વિધિ-નિષેધનું) પાલન કરવાના ઉપાયરૂપ હોય તેવાં અનુષ્ઠાનોનો ઉપદેશ એ છેદ છે. કહ્યું છે કે-**"વિધિ-નિષેધને બાધ ન જ આવે અને નિરતિચારપણે વિધિ-નિષેધનું પાલન થઇ શકે તેવાં બાહ્ય અનુષ્ઠાનોનો ઉપદેશ એ ધર્મમાં છેદ છે=ધર્મશુદ્ધિની પરીક્ષા માટે છેદ છે. જે શાસ્ત્રમાં આવાં અનુષ્ઠાનોનું વર્ણન હોય તે શાસ્ત્ર છેદથી શુદ્ધ છે."** (પંચવસ્તુક ગાથા-૧૦૨૨)

બંધ-મોક્ષ વગેરેની સત્તાનું કારણ (=બંધ-મોક્ષ વગેરે ઘટી શકે તેવા) જીવાદિ પદાર્થોનું કથન એ તાપ છે. કહ્યું છે કે-**"બંધ-મોક્ષ વગેરે ઘટી શકે તેવા જીવાદિ પદાર્થોનો ઉપદેશ એ તાપ છે. પદાર્થોનું આવું**

૧. **तस्येदं** એ અર્થમાં તદ્ધિત પ્રત્યયથી **गौरव** શબ્દ બન્યો છે.

**વર્ણન જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર તાપથી શુદ્ધ છે. 'આ કષ આદિ ત્રણથી સુપરિશુદ્ધ શ્રુત-અનુષ્ઠાન (જ્ઞાન-ક્રિયા) રૂપ ધર્મ સુધર્મ બને છે.''** (પંચવસ્તુક ૧૦૨૩)

કષ આદિની શુદ્ધિ આ પ્રમાણે છે— હિંસા આદિ ન કરવાથી (આરોગ્ય વગેરે) ફળની અને હિંસા કરવાથી (રોગ વગેરે) અનર્થની પ્રાપ્તિ થાય છે એવું આલંબન લઇને મન-વચન-કાયાથી ન કરવું-ન કરાવવું-ન અનુમોદવું એમ નવ પ્રકારે સૂક્ષ્મ બાદર જીવોનો પ્રાણાતિપાત આદિનો જીવન પર્યંત નિષેધ અને રાગાદિનો નિગ્રહ કરવામાં સમર્થ એવા ધ્યાન-તપનું વિધાન જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર કષ શુદ્ધ છે. કહ્યું છે કે-**''જે શ્રુતધર્મમાં સર્વ પાપકાર્યોનો સૂક્ષ્મપણે નિષેધ કરવામાં આવ્યો હોય, તથા રાગાદિનો નાશ કરવામાં સમર્થ એવા ધ્યાન વગેરેનું વિધાન કરવામાં આવ્યું હોય, એ શ્રુતધર્મ કષ પરીક્ષાથી શુદ્ધ છે.'' જેમાં આવા વિધિ-નિષેધ ન હોય તે શાસ્ત્ર કષશુદ્ધ નથી. જેમ કે ''પ્રાણી, પ્રાણીજ્ઞાન, ઘાતક- ચિત્ત (=હિંસાના પરિણામ), હિંસા કરનારમાં હિંસા કરવાની ચેષ્ટા અને પ્રાણનો વિયોગ એ પાંચથી હિંસા થાય છે'' તથા 'હાડકાં વિનાના (એકેંદ્રિય વગેરે) જીવો એક ગાડું ભરાય તેટલા મરે તો પણ એક ઘાત થાય.''** તથા **''જ્યાં વિસંવાદ થાય તે જ અસત્ય છે''** ઇત્યાદિ. આ પાપપ્રતિષેધ સંપૂર્ણ નથી.

**''અર્હં એ જ પરમાર્થથી પરમ તત્ત્વ છે એમ જે જાણે છે તે સંસારના બંધનને છેદીને મોક્ષ ગતિમાં જાય છે.''** ઇત્યાદિ સ્વરૂપ ધ્યાનવિધિ રાગાદિનો નાશ કરવામાં સમર્થ નથી. કારણ કે લાંબા કાળ સુધી પણ આનું ધ્યાન કરનારાઓના રાગાદિ દોષો ધ્યાન પછીના કાળે તેવા જ રહે છે. જે સાધક રાગાદિ દોષો આ લોકમાં અને પરલોકમાં અપાય (=અનર્થો) ઉત્પન્ન કરે છે એમ ચિંતવે છે તેના તે દોષો પછીના (=ચિંતન પછીના) કાળે પણ પાતળા થતા જાય છે અને પછી સર્વથા થતા પણ નથી. આથી રાગાદિના અપાયનું ધ્યાન કરવું એ શ્રેષ્ઠ વિધિ છે. આથી જ સત્પુરુષો અન્ય ધ્યાનનો ત્યાગ કરીને ધ્યાનવિધિ આ પ્રમાણે કહે છે-પાપનો ત્યાગી સાધક રાગ-દ્વેષ-કષાય-આશ્રવ વગેરેની ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરતા જીવોના આ લોક અને પરલોક સંબંધી થતા અનર્થોને ચિંતવે.

જેમાં ઉક્ત વિધિ-નિષેધના ઉપાયરૂપ હોય તેવાં સમિતિ-ગુપ્તિ આદિ અનુષ્ઠાનો બતાવવામાં આવે છે,

૧. દરેક દર્શનમાં શાસ્ત્રો ભિન્ન-ભિન્ન છે. તેમાંથી કયાં શાસ્ત્રો સાચાં છે અને કયાં શાસ્ત્રો ખોટાં છે એ જાણવું જોઇએ. જેમ સોનું બહારથી પીળું-સોના જેવું દેખાતું હોવા છતાં શુદ્ધ જ હોય એવો નિયમ નહિ, અશુદ્ધ પણ હોય. આથી જ બુદ્ધિમાન પુરુષો સોનાની કષ, છેદ અને તાપથી પરીક્ષા કરીને સોનું લે છે. કષ એટલે સોનાને કસોટી ઉપર ઘસવું. છેદ એટલે છીણી આદિથી કાપવું. તાપ એટલે અગ્નિમાં તપાવવું. પહેલાં સોનાને કસોટી ઉપર ઘસવાથી શુદ્ધ દેખાય તો પણ બુદ્ધિમાન પુરુષ વિશેષ ખાતરી કરવા સોનાને છીણીથી છેદે છે. છીણીથી છેદવાથી શુદ્ધ દેખાય તો પણ હજી વિશેષ ખાતરી કરવા બુદ્ધિમાન પુરુષ તેને અગ્નિમાં તાપે-ગાળે છે. આ રીતે કષ-છેદ-તાપ એ ત્રણે પરીક્ષાથી સોનું શુદ્ધ જણાય તો સોનું શુદ્ધ છે એવો નિર્ણય થાય. એ જ પ્રમાણે શાસ્ત્ર પણ કષ-છેદ-તાપ એ ત્રણે પરીક્ષાથી શુદ્ધ જણાય તો શુદ્ધ છે એવો નિર્ણય થાય. જે શાસ્ત્ર કષની પરીક્ષાથી શુદ્ધ સાબિત થવા છતાં છેદ પરીક્ષાથી શુદ્ધ ન જણાય તે શાસ્ત્ર અશુદ્ધ છે. એ જ રીતે જે શાસ્ત્ર કષ અને છેદ બંનેથી શુદ્ધ જણાય છતાં તાપ પરીક્ષાથી અશુદ્ધ જણાય તે શાસ્ત્ર પણ અશુદ્ધ છે. આથી શાસ્ત્રની કષાદિ ત્રણેથી પરીક્ષા કરવી જોઇએ.

૨. **अष्टवर्गान्तकं बीजं** એટલે **ह । कवर्गस्य च पूर्वकं** એટલે **अ । वह्नि** એટલે **र् । गगन** એટલે અનુસ્વાર-મીંડું. આમ **अष्टवर्गान्तकं** એ શ્લોકનો **अर्हं** એવો અર્થ થાય.

તે શાસ્ત્ર છેદશુદ્ધ છે. કહ્યું છે કે-**"બાહ્ય અનુષ્ઠાનોથી વિધિ-નિષેધને બાધ ન આવે, અર્થાત્ વિધિ-નિષેધ પાળી શકાય અને વૃદ્ધિ પામે એવાં અનુષ્ઠાનો કહેવા દ્વારા જે આગમ શુદ્ધ છે, તે આગમ છેદથી શુદ્ધ છે, અર્થાત્ વિધિ-નિષેધોનું પાલન અને વૃદ્ધિ થાય તેવાં અનુષ્ઠાનો જે આગમમાં કહ્યાં હોય તે આગમ છેદ પરીક્ષાથી શુદ્ધ છે."** (પંચ વસ્તુક ગાથા ૧૦૭૩) જીવોનું સંરક્ષણ કરવામાં, શુભ ધ્યાન કરવામાં, અને વિશુદ્ધ પિંડનું ગ્રહણ કરવામાં ઉપાય રૂપ વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણોનો પ્રતિષેધ કરવામાં તત્પર શાસ્ત્ર બોટિક શાસ્ત્રની જેમ અશુદ્ધ છે. અથવા દેવતાની આરાધના માટે સાધુઓને સંગીત કરવા આદિનો ઉપદેશ આપવામાં તત્પર શાસ્ત્ર અશુદ્ધ છે. કહ્યું છે કે-**"જેમ કે" સાધુઓએ દેવોને પ્રસન્ન કરવા સંગીત આદિ માટે ઉદ્યમ કરવો"** (કહ્યું છે કે-રાવણને પ્રિય એવા વાજિંત્ર સાથે સંગીત ગાવાથી દેવ પ્રસન્ન બને છે. માટે દેવને પ્રસન્ન કરવા તેમાં (=સંગીતમાં) વિશેષ પ્રયત્ન કરવો.) **તથા આંખના ભમર ચઢાવવા આદિપૂર્વક કંદર્પ વગેરે કરવું. (હસવું, કામવર્ધક ચેષ્ટા કરવી, કામકથા કરવી વગેરે કંદર્પ છે.) તથા અસભ્ય વચનો કહેવાં. જેમ કે-હું બ્રાહ્મણઘાતક છું. આ પ્રમાણે બોલવાથી તેના (શાતા) વેદનીય કર્મનો ક્ષય થાય.** (પંચ વસ્તુક ગાથા ૧૦૭૮)

"આત્મા છે. આત્મા[1] પરિણામી છે. આત્મા વિવિધકર્મોથી બંધાયેલો છે. કર્મના વિયોગથી આત્મા મુક્ત થાય છે. હિંસાદિ કર્મબંધનું કારણ છે. અહિંસાદિ કર્મના વિયોગનું કારણ છે." ઇત્યાદિ પદાર્થવાદની મુખ્યતાવાળું શાસ્ત્ર તાપથી શુદ્ધ છે.

આવા પ્રકારના આત્મા વગેરે પદાર્થો હોય તો જ ઉક્ત સ્વરૂપવાળું વિધિ. નિષેધ વગેરે બધું ઘટી શકે છે, આત્મા વગેરે પદાર્થો આનાથી અન્ય પ્રકારના હોય તો વિધિ-નિષેધ વગેરે ઘટી શકે નહિ. ઉક્ત સ્વરૂપથી અન્ય પ્રકારના આત્મા વગેરે પદાર્થોને બતાવવામાં તત્પર શાસ્ત્ર તાપથી અશુદ્ધ છે. આ પ્રમાણે જેણે આવા પ્રકારનું (કષ-છેદ-તાપથી શુદ્ધ) શાસ્ત્ર રચ્યું છે તે મહાદેવ કહેવાય છે.

આ શ્લોક વડે મુખ્ય વૃત્તિથી આ અર્થને (=કષ-છેદ-તાપથી શુદ્ધ શાસ્ત્રને રચનારમહાદેવ કહેવાય છે એ અર્થને) કહેતા ગ્રંથકારે ગૌણવૃત્તિથી વિવિધ અર્થ જણાવ્યો છે. (૫)

**ननु यो वीतरागः स कथमाराध्यते । न तावत्स्तुत्यादिभिः सरागत्वप्रसङ्गात्, नापि निन्दादिभिः स्तवादीनां वैयर्थ्यप्रसङ्गात्, उपेक्षयाप्याराधने स एव दोष इत्याशङ्क्याह—**

**यस्य चाराधनोपायः, सदाज्ञाभ्यास एव हि ।**
**यथाशक्ति विधानेन, नियमात्स फलप्रदः ॥६॥**

**वृत्तिः— न केवलं येन शास्त्रमुदाहृतं स महादेव उच्यते, 'यस्य च' देवविशेषस्य, 'आराधनोपाय आज्ञाभ्यास एव स महादेव उच्यते' इति चशब्दार्थः क्रियासम्बन्धश्चेति । आराधनं प्रसादनं, आराधनमिवाराधनं तत्फलप्रसाधकत्वात्, न पुनराराधनमेव सरागत्वप्रसङ्गात् । प्रसादाभावेऽपि च प्रसादफलसिद्धिर्व-**

૧. "એક અવસ્થામાંથી બીજી અવસ્થા પામવી એ પરિણામ છે. પરિણામ સર્વથા સ્થિતિરૂપ કે સર્વથા વિનાશરૂપ નથી. (કથંચિત્ સ્થિતિરૂપ અને કથંચિત્ વિનાશરૂપ છે.) એવો વિદ્વાનોનો મત છે." (સ્યાદ્વાદ મંજરી-ગાથા ૨૭) આવા પરિણામવાળો આત્મા પરિણામી કહેવાય.

स्तुस्वभावत्वात् । आह च-''वत्थुसभावो एसो, अचिंन्तचिंतामणी महाभागे । थोऊणं तित्थयरे, पाविज्जइ वंछिओ अत्थो[९] ॥१॥'' तथा । उवगाराभावम्मि वि, पुज्जाणं पूयगस्स उवयारो । मन्ताइसरणजलणाइसेवणे जह तहेहं पि[१०] ॥२॥'' तत्र 'उपायो' हेतु:, 'आराधनोपाय:', 'सदा' सर्वस्मिन्नपि दु:षमादिकालेऽपि । अनेन किल विशिष्टकाल एवाज्ञाया: कर्तुं शक्यत्वात्तदैव तदभ्यास आराधनोपाय:, दु:षमायां त्वनागमिकप्रवृत्तिरभ्युपायस्तत्राज्ञाया अभ्यसितुमशक्यत्वादिति यस्य मति: स्यात्तन्मतं प्रत्यस्तम् । यत आह- ''समइ (ति) पवित्ती सव्वा, आणावज्झत्ति भवफला चेव । तित्थयरुद्देसेणवि, न तत्तओ सा तदुद्देसा[११] ॥१॥''

आज्ञायन्ते अधिगम्यन्ते मर्यादया अभिविधिना वा अर्था यया सा 'आज्ञा' आगम:, तस्या 'अभ्यासो' ग्रहणभावनापारतन्त्र्यलक्षण 'आज्ञाभ्यास:' स 'एव', न पुनस्तद्भक्तितोऽपि तदाज्ञापेता प्रवृत्ति: । पूजादिकं तु तदाज्ञाभ्यास एव तस्य द्रव्यस्तवभावस्तवरूपत्वात् । 'हि' शब्दो वाक्यालङ्कारार्थ: ।

ननु यथोक्तस्याज्ञाभ्यास्यातिदुष्करत्वात्कालसंहननादिदोषवतामनाराधनप्रसङ्ग इत्याशङ्कायामाह-'यथाशक्ति' शक्ते: शरीरसामर्थ्यस्यानतिक्रमो यथाशक्ति, तेन शक्तेरनुल्लङ्घनेनागोपायनेन चेत्यर्थ:, एवं हि वीर्याचार: कृतो भवति । आह च-''अणिगूहियबलविरिओ, परक्कमइ जो जहुत्तमाउत्तो । जुंजइ य जहाथामं, नायव्वो वीरियायारो[१२] ॥१॥''

आज्ञाभ्यासस्यैव विशेषणार्थमाह-'विधानेन' विधिना, द्रव्यक्षेत्रकालभावानुवर्तनलक्षणेनायव्ययतुलनारूपेणागमिकन्यायेनेति भाव: । आह च-''तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो य पवयणे नत्थि । आयं वयं तुलेज्जा, लाहाकंखिव्व वाणियओ[१३] ॥१॥''

ननु आज्ञाभ्यासेनाराधितो यद्यसौ फलप्रदोऽनाराधितस्तर्हि न तथा स्यादित्येवं विषमवृत्तिरसौ स्यादित्यत आह-'नियमात्' अवश्यम्भावेन, 'स' इति स एव आज्ञाभ्यासो यस्य सम्बन्धी, 'फलप्रदो'ऽभिप्रेतार्थसाधको, 'महादेव: स उच्यते' इति प्रकृतम् । अतस्तस्य फलाप्रदायित्वात् तदाज्ञाभ्यासस्यैव च फलसाधकत्वात् कुतो विषमवृत्तित्वदोष इति ॥६॥

## મહાદેવની આરાધનાનો ઉપાય બતાવવા દ્વારા મહાદેવનું લક્ષણ।

જે વીતરાગ છે તેની આરાધના કેવી રીતે કરાય છે ? સ્તુતિ આદિથી તેની આરાધના કરાતી નથી. કારણ કે તેમાં સરાગપણાનો (=દેવને રાગી બનવાનો) પ્રસંગ આવે. નિંદા આદિથી પણ તેની આરાધના ન કરી શકાય. કારણ કે તેમાં સ્તુતિ વગેરે વ્યર્થ બનવાનો પ્રસંગ આવે. ઉપેક્ષાથી પણ આરાધના કરવામાં તે જ (=સ્તુતિ વગેરે વ્યર્થ બને તે જ) દોષ થાય. આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

९. वस्तुस्वभाव एषोऽचिन्त्यचिन्तामणीन्महाभागान् । स्तुत्वा तीर्थकरान् प्राप्यते वाञ्छितोऽर्थ: ॥

१०. उपकाराभावेऽपि पूज्यानां पूजकस्योपकार: । मन्त्रादिस्मरणज्वलनादिसेवने यथा तथेहापि ॥

११. स्वमतिप्रवृत्ति: सर्वा आज्ञाबाह्येति भवफलैव । तीर्थकरोद्देशेनापि न तत्त्वत: सा तदुद्देशा ॥

१२. अनिगूहितबलवीर्य: पराक्रमते यो यथोक्तमायुक्त: । युङ्क्ते च यथास्थामं ज्ञातव्यो वीर्याचार: ॥

१३. तस्मात् सर्वानुज्ञा सर्वनिषेधश्च प्रवचने नास्ति । आयं व्ययं तोलयेत् लाभाकांक्षीव वाणिजक: ॥

**શ્લોકાર્થ—** સદા આજ્ઞાનો અભ્યાસ જ જેની આરાધનાનો ઉપાય છે, અને જેનો આજ્ઞાભ્યાસ જ યથાશક્તિ વિધિથી કરવાથી અવશ્ય ફલ આપે છે, તે મહાદેવ કહેવાય છે. (૬)

**ટીકાર્થ—** સદા એટલે દુઃષમા (=પાંચમો આરો) વગેરે સઘળા ય કાળમાં પણ. સદા એમ કહીને "વિશિષ્ટ કાળે જ આજ્ઞાપાલન શક્ય હોવાથી ત્યારે જ આજ્ઞાનો અભ્યાસ આરાધનાનો ઉપાય છે, દુઃષમા કાળમાં તો આગમ નિરપેક્ષ પ્રવૃત્તિ પણ આરાધનાનો ઉપાય છે, કારણ કે તે કાળે આજ્ઞાનો અભ્યાસ અશક્ય છે", આવી જેની મતિ છે તેના મતનું ખંડન કર્યું. કહ્યું છે કે-"**સાધુધર્મ સંબંધી કે શ્રાવક ધર્મ સંબંધી જે કોઇ પ્રવૃત્તિ સ્વમતિ પ્રમાણે થાય તે આજ્ઞા રહિત હોવાથી સંસારનું કારણ બને છે. કારણ કે સંસારનો પાર પામવાનાં સાધનોમાં આજ્ઞા જ પ્રમાણ છે. અર્થાત્ સંસારનો પાર પામવાનાં સાધનો પણ આજ્ઞામુજબ પ્રવૃત્તિ કરવામાં આવે તો જ સંસારનો પાર પમાડનારાં બને છે.**

**પ્રશ્ન— જિનના ઉદ્દેશથી રહિત પ્રવૃત્તિ સ્વમતિ મુજબ કરે તો સંસારનું કારણ બને એ બરોબર છે. પણ જિનને ઉદ્દેશીને=જિને[1] આ કરવાનું કહ્યું છે તેમ જિનનું આલંબન લઇને જે પ્રવૃત્તિ કરવામાં આવે તે સંસારનું કારણ શી રીતે બને ? કારણ કે તેમાં જિન ઉપર પક્ષપાત છે. જિન ઉપર પક્ષપાત મહાફલવાળું છે.**

**ઉત્તર— જિનને ઉદ્દેશીને થતી પ્રવૃત્તિ પણ જો સ્વમતિ મુજબ હોય તો પરમાર્થથી તે પ્રવૃત્તિ જિનના ઉદ્દેશાવાળી નથી. જ્યાં સ્વમતિ હોય ત્યાં જિનનો ઉદ્દેશ-જિનનું આલંબન હોય જ નહીં. જે આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરે છે તે જ જિનને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરે છે અને તેને જ જિન પ્રત્યે પક્ષપાત છે. જે સ્વમતિ મુજબ પ્રવૃત્તિ કરે છે તે પરમાર્થથી જિનને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરતો નથી અને તેથી તેને જિન પ્રત્યે પક્ષપાત પણ નથી.[2] (પંચાશક ૮-૧૩)**

**આજ્ઞાનો અભ્યાસ—**[3] મર્યાદાથી કે અભિવિધિથી જેના વડે અર્થો જણાય તે આજ્ઞા. આજ્ઞા એટલે આગમ. આજ્ઞાનો અભ્યાસ એટલે આજ્ઞાને સમજવી, આજ્ઞાને સમજીને આત્માને આજ્ઞાથી વાસિત કરવો, અર્થાત્ આજ્ઞાની શ્રદ્ધા કરવી, તથા આજ્ઞા પ્રમાણે જ ધર્મ કરવો તે આજ્ઞાનો અભ્યાસ. આજ્ઞાનો અભ્યાસ જ દેવની આરાધનાનો ઉપાય છે. દેવની ભક્તિ માટે પણ તેની આજ્ઞાને ઉલ્લંઘીને પ્રવૃત્તિ કરવી એ દેવની આરાધનાનો

---

૧. અથવા જિનને આશ્રયીને થતી જિનભવનનિર્માણ, જિનબિંબ-પ્રતિષ્ઠા, જિનબિંબ પૂજા વગેરે પ્રવૃત્તિ જિનને ઉદ્દેશીને છે, અર્થાત્ જિનભક્તિ સંબંધી પ્રવૃત્તિ જિનના ઉદ્દેશાવાળી છે.

૨. "જિને આ કરવાનું કહ્યું છે" એવી બુદ્ધિથી થતી પ્રવૃત્તિ જિનને ઉદ્દેશીને (=જિનના ઉદ્દેશાવાળી) છે. પણ "જિને એ કેવી રીતે કરવાનું કહ્યું છે" એ મહત્ત્વનું છે. જિને "જે કરવાનું કહ્યું છે" અને "જે પ્રમાણે કરવાનું કહ્યું છે" એ બેમાં "જે પ્રમાણે કરવાનું કહ્યું છે" તે મહત્ત્વનું છે. જિને જે કરવાનું કહ્યું છે તે કરે, પણ જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે ન કરે તો લાભ ન થાય, બલ્કે નુકશાન થાય એ પણ સંભવિત છે. એટલે જિને જે કરવાનું કહ્યું છે તે જિને જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે ન કરતાં સ્વમતિ મુજબ કરવામાં આવે તો તેમાં વાસ્તવિક જિનનો ઉદ્દેશ નથી, અર્થાત્ દેખાવથી=બાહ્યથી જિનનો ઉદ્દેશ છે, પણ પરમાર્થથી જિનનો ઉદ્દેશ નથી. જ્યાં પરમાર્થથી જિનનો ઉદ્દેશ ન હોય ત્યાં જિન પ્રત્યે પક્ષપાત પણ ન હોય.

૩. મર્યાદા એટલે સીમા કે હદ. અભિવિધિ એટલે અવધિસહિતમાં કાર્યાન્વય, અથવા અભિવિધિ એટલે વ્યાપ્તિ. જેમ કે **आपाटलिपुत्रं वृष्टो मेघः**=પાટલિપુત્ર સુધી વર્ષાદ વરસ્યો. અહીં **आ**નો મર્યાદા અર્થ કરવામાં આવે તો પાટલી પુત્રની હદ સુધી વર્ષાદ વરસ્યો (પણ પાટલિપુત્રમાં વર્ષાદ ન વરસ્યો) એવો અર્થ થાય. પણ જો **आ** નો અભિવિધિ અર્થ કરવામાં આવે તો પાટલીપુત્ર શહેરમાં પણ વર્ષાદ વરસ્યો એવો અર્થ થાય.

ઉપાય નથી. પૂજા વગેરે તો જિનાજ્ઞાના અભ્યાસરૂપ જ છે. કારણ કે જિનાજ્ઞાનો અભ્યાસ દ્રવ્યસ્તવરૂપ અને ભાવસ્તવરૂપ છે.

આરાધના કરવી એટલે પ્રસન્ન કરવા. પ્રસન્નતાનું ફળ (મોક્ષ વગેરે) સાધી આપનાર હોવાથી અહીં આરાધનાનો પ્રસન્ન કરવા એવો અર્થ છે. આથી કેવળ પ્રસન્ન કરવા માટે જ આરાધના ન કરવી. કેમ કે કેવળ પ્રસન્ન કરવા માટે જ દેવની આરાધના કરવાથી દેવમાં સરાગપણાનો (=દેવને રાગી બનવાનો) પ્રસંગ આવે. દેવ પ્રસન્ન ન થાય તો પણ પ્રસન્નતાના ફળની (=મોક્ષ વગેરેની) સિદ્ધિ થાય છે. કારણ કે વસ્તુનો (=ભગવાનનો) તેવો સ્વભાવ છે. કહ્યું છે કે-**"વસ્તુનો (=તીર્થંકરનો) આ સ્વભાવ છે કે અચિંત્ય ચિંતામણિ સમાન અને મહાપ્રભાવવાળા તીર્થંકરોની સ્તુતિ કરીને જીવ વાંછિત અર્થને પ્રાપ્ત કરે છે."** તથા **"જેમ મંત્ર-વિદ્યા વગેરેની સાધનામાં સાધનાથી મંત્ર-વિદ્યા વગેરેને લાભ ન થવા છતાં સાધકને લાભ થાય છે. અગ્નિ આદિના સેવનથી અગ્નિ આદિને લાભ ન થવા છતાં સેવન કરનારને (શીતવિનાશ આદિ) લાભ થાય છે, તેમ જિનપૂજાથી જિનને કોઇ લાભ ન થવા છતાં પૂજકને અવશ્ય પુણ્યબંધ આદિ લાભ થાય છે."** (પૂજાવિધિ પંચાશક ગાથા ૪૪)

**ઉપાય**— ઉપાય એટલે હેતુ. આરાધનાનો હેતુ એટલે આરાધનાનો ઉપાય.

**યથાશક્તિ**— યથોક્ત આજ્ઞાભ્યાસ અતિ દુષ્કર હોવાથી કાળ-સંઘયણ વગેરે દોષોથી યુક્ત જીવો આરાધના ન કરી શકે તેવો પ્રસંગ આવે, આવી શંકાનું સમાધાન કરવા ગ્રંથકાર કહે છે કે, યથાશક્તિ દેવની આરાધના કરવી. યથાશક્તિ એટલે શરીર (વગેરે)ની શક્તિનું ઉલ્લંઘન ન કરવું અને શક્તિને છુપાવવી પણ નહિ. આ પ્રમાણે વીર્યાચારનું પાલન થાય. કહ્યું છે કે-**"જે જીવ બલ અને વીર્યને છુપાવ્યા વિના ઉપયોગપૂર્વક આગમ પ્રમાણે ધર્મક્રિયામાં પ્રવૃત્તિ કરે છે, અને બલ પ્રમાણે, એટલે કે શક્તિનું ઉલ્લંઘન કર્યા વિના, આત્માને ધર્મક્રિયામાં જોડે છે, તે વીર્યાચાર જાણવો."** (પંચાશક ૧૫ ગાથા ૨૭)

**વિધિથી**— આજ્ઞાભ્યાસનું જ વિશેષણ બતાવવા માટે કહે છે-આજ્ઞાભ્યાસ વિધિથી કરવો જોઇએ. વિધિથી એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવને અનુસરવારૂપ અને આય-વ્યયની તુલના કરવા રૂપ આગમમાં જણાવેલા નીતિથી. (જેમકે શક્તિ હોય તો ઊંચા દ્રવ્યથી પૂજા કરવી. પોતે જે ક્ષેત્રમાં હોય તે ક્ષેત્રમાં જે રીતે પૂજા થઇ શકે તે રીતે પૂજા કરવી. શક્ય હોય તો ત્રિકાળ પૂજા કરવી. ઉત્કૃષ્ટભાવથી પૂજા કરવી. ધનનો આય (=આવક) કેટલો છે અને વ્યય (=ખર્ચ) કેટલો છે તે વિચારીને શક્તિ પ્રમાણે ધનથી પૂજા કરવી.) આ વિષે કહ્યું છે કે-**"તેથી સર્વજ્ઞના આગમમાં બધા જ કર્તવ્યો અંગે આ કરવું જ એવી સર્વથા અનુજ્ઞા નથી. તેમજ બધા જ અકર્તવ્ય અંગે આ ન જ કરવું એમ સર્વથા નિષેધ નથી. (કારણ કે તેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર વગેરેની અપેક્ષાએ વિહિતના ત્યાગનો અને નિષિદ્ધને કરવાનો અવસર આવે આથી.) લાભાકાંક્ષી વણિકની જેમ લાભ હાનિની તુલના કરવી." (જેનાથી વધારે લાભ થાય તેમ કરવું. પણ માયા કરીને ખોટાં આલંબનો ન લેવાં)** (ઉપદેશ-માળા-૩૯૨)

**અવશ્ય**— આજ્ઞાભ્યાસથી આરાધેલા મહાદેવ જો ફલ આપે છે તો નહિ આરાધેલા મહાદેવ ફલ ન આપે એમ મહાદેવ વિષમવૃત્તિવાળા થાય. આના જવાબમાં ગ્રંથકાર કહે છે કે-**नियमात्=** અવશ્ય ફલ આપે છે. જેનો આજ્ઞાભ્યાસ અવશ્ય ફલ (=ઇષ્ટ અર્થ) આપે છે તે મહાદેવ કહેવાય છે. આથી મહાદેવ ફલ આપતા નથી, કિંતુ

મહાદેવની આજ્ઞાનો અભ્યાસ જ ફલસાધક છે. આથી મહાદેવ વિષમવૃત્તિવાળા છે એવો દોષ ક્યાંથી હોય ? અર્થાત્ મહાદેવમાં આવો દોષ નથી. (૬)

**एतदेव दृष्टान्तेन समर्थयन्नाह—**

**सुवैद्यवचनाद् यद्वद्, व्याधेर्भवति संक्षयः ।**

**तद्वदेव हि तद्वाक्याद्, ध्रुवः संसारसंक्षयः ॥७॥**

**वृत्तिः—'सुवैद्यवचनात्' भिषग्वरोपदेशात् 'यद्वत्' येन प्रकारेण, 'व्याधेः' कुष्ठादिरोगस्य, 'भवति' जायते, 'संक्षयः' सामस्त्येन अपुनर्भावितया विनाशः, 'तद्वदेव' तेनैव प्रकारेण, तथैव इत्यर्थः, 'तस्य' देवविशेषस्य, 'वाक्यम्' उपदेशः, 'तद्वाक्यम्' तस्मात्, ध्रुवो'ऽवश्यम्भावी, संसरणं संसारः, तस्य संक्षयोऽत्यन्तविनाशः 'संसारसंक्षयो' भवति, इह संसारशब्देन भवाद्भवान्तरसंचरणमुच्यते, तेन च परलोकसत्ताऽऽवेदिता । तत्र चेदं प्रमाणम्- "कार्यं कार्यान्तराज्जातं, कार्यत्वादन्यकार्यवत् । जन्मेदमपि कार्यत्वं, न व्यतिक्रम्य वर्तते ॥१॥" जन्म च ज्ञानसन्तानविशेषरूपमतस्तद्रूपमेव तदुपादानकारणभूतं जन्मान्तरमनुमीयते, न पित्रादिरूपं, तस्योपादानकारणत्वे हि तद्धर्मानुगमप्रसङ्ग इति ॥७॥**

## આજ્ઞાનો અભ્યાસ નિયમા ફળ આપે છે એનું દૃષ્ટાંતથી સમર્થન

**આ જ વિષયનું દૃષ્ટાંતથી સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જેમ કુશળ વૈદ્યના વચનથી વ્યાધિનો સંક્ષય થાય છે તે જ રીતે મહાદેવના ઉપદેશથી અવશ્ય સંસારનો સંક્ષય થાય છે. (૭)

**ટીકાર્થ— વ્યાધિનો સંક્ષય** = કોઢ વગેરે રોગનો ફરી ન થાય તે રીતે સંપૂર્ણપણે વિનાશ.

**સંસારનો સંક્ષય—** સંસારનો અત્યંત (=ફરી ન થાય તે રીતે) વિનાશ. અહીં સંસાર શબ્દનો એકભવમાંથી બીજા ભવમાં જવું એવો અર્થ છે. આનાથી પરલોકની સત્તા જણાવી. તેમાં આ પ્રમાણ છે-"**કોઇપણ કાર્ય અન્ય કારણથી ઉત્પન્ન થાય છે. કેમ કે કાર્ય છે. જેવી રીતે અન્ય (જન્મ સિવાય) કાર્ય અન્ય કારણથી ઉત્પન્ન થાય છે તે રીતે. આ જન્મ પણ કાર્ય હોવાથી કારણ વિના થતો નથી.**" જન્મ જ્ઞાનના સંતાન(=પ્રવાહ)વિશેષ રૂપ છે. તેથી તત્સ્વરૂપ (=જ્ઞાન સ્વરૂપ) જ તેના (=જન્મના) ઉપાદાન કારણ રૂપ અન્ય જન્મનું અનુમાન કરવામાં આવે છે. જન્મનું ઉપાદાન કારણ જ્ઞાનસ્વરૂપ છે, પણ પિતા વગેરે નથી. જો પિતા વગેરે જન્મનું ઉપાદાન કારણ હોય તો બાળકમાં પિતાના ધર્મોનું અનુસરણ થવાનો પ્રસંગ આવે. (ઉપાદાન કારણ પોતે જ કાર્યરૂપે પરિણત થાય છે. આથી ઉપાદાન કારણરૂપ અન્ય જન્મ જ્ઞાનસ્વરૂપ જ હોવું જોઇએ. માટે જ અહીં જન્મના ઉપાદાન કારણનું **तत्स्वरूप** (=જ્ઞાન સ્વરૂપ) એવું વિશેષણ મૂક્યું છે. આમ કહીને એ જણાવ્યું કે આત્મા પાંચ ભૂત સ્વરૂપ નથી, કિંતુ જ્ઞાન સ્વરૂપ છે. જીવનો જન્મ થાય છે એટલે શું થાય છે ? આત્મા જ અન્ય સ્વરૂપે પરિણમે છે. દેવાદિ સ્વરૂપે રહેલો આત્મા જ મનુષ્યાદિરૂપે પરિણમે છે. આમ આત્મામાં આત્માના જ્ઞાનાદિ ધર્મોનું અનુસરણ થાય છે. આમ આત્મા પાંચભૂત સ્વરૂપ નથી.) (૭)

प्रकरणार्थमुपसंहरन् विवेचितगुणमहादेवनमस्करणाय आह—

एवम्भूताय शान्ताय, कृतकृत्याय धीमते ।
महादेवाय सततं, सम्यग्भक्त्या नमोनमः ॥८॥

वृत्तिः—'एवम्भूताय' अनन्तरोक्तरूपां गुणसम्पदं प्राप्ताय, न परपरिकल्पिताय, 'शान्ताय' रागद्वेषोपशमवते, अनुवादरूपं चेदं विशेषणमिति न पुनरुक्तता शङ्कनीया, तथा 'कृतानि' विहितानि, न तु विधेयानि समाप्तप्रयोजनत्वात्, 'कृत्यानि' कार्याणि येन स 'कृतकृत्यः' तस्मै, तथा धीः केवलज्ञानलक्षणा बुद्धिर्यस्यास्ति स धीमान्, तस्मै 'धीमते', एतदप्यनुवादपरमेव । अन्यैस्तु 'धीमते' सत्त्ववत इति व्याख्यातम् । 'महादेवाय' अनन्तरनिर्णीतस्वरूपाय, 'सततम्' अनवरतम्, 'सम्यगिति' प्रशंसार्थो निपातः, 'सम्यक्' चासौ 'भक्ति'श्च प्रीतिविशेषः सम्यग्भक्तिस्तया 'सम्यग्भक्त्या,' 'नमोनम' इति नमस्कारोऽस्तु । द्विर्वचनेन तु भक्तिकृतं सम्भ्रममुपदर्शितवानिति ॥८॥

॥ प्रथमाष्टकविवरणं समाप्तम् ॥१॥

## મહાદેવને નમસ્કાર

પ્રકરણના અર્થનો ઉપસંહાર કરતા ગ્રંથકાર જેના ગુણોનું (આ અષ્ટકમાં) વિવેચન કર્યું છે તે મહાદેવને નમસ્કાર કરવા માટે કહે છે—

**શ્લોકાર્થ—** આવા પ્રકારના, શાંત, કૃતકૃત્ય, ધીમાન એવા મહાદેવને સદા સમ્યગ્ ભક્તિથી નમસ્કાર હો. (૮)

**ટીકાર્થ— આવા પ્રકારના=**હમણાં જ જેનું સ્વરૂપ કહ્યું છે તેવી ગુણસંપત્તિને પામેલા, નહિ કે પરિકલ્પિત.

**શાન્ત—** રાગ-દ્વેષના ઉપશમવાળા.

**પૂર્વપક્ષ—** જે રાગ-દ્વેષથી રહિત છે તે મહાદેવ કહેવાય છે એમ પૂર્વે કહ્યું. જે રાગ-દ્વેષથી રહિત હોય તે શાંત જ હોય. આથી 'શાન્ત' એમ કહેવાથી પુનરુક્તિ દોષ થયો.

**ઉત્તર—** શાન્ત એવું વિશેષણ અનુવાદરૂપ (=જ્ઞાતવસ્તુના કથનરૂપ) હોવાથી પુનરુક્તિ દોષની શંકા ન કરવી.

**કૃતકૃત્ય—** જેણે (કરવા યોગ્ય સઘળાં) કાર્યો કરી લીધા છે તે. અહીં જેને કાર્યો કરવા યોગ્ય છે તે કૃતકૃત્ય એવો અર્થ ન કરવો. કેમકે દેવનાં સર્વ પ્રયોજનો (=કાર્યો) સમાપ્ત થઇ ગયાં છે.

**ધીમાન—** જેમને કેવલજ્ઞાનરૂપ બુદ્ધિ છે તે ધીમાન. આ વિશેષણ પણ અનુવાદ કરવામાં જ તત્પર છે, અર્થાત્ આ વિશેષણ અનુવાદ કરનારું છે. બીજાઓએ ધીમાન એટલે સત્ત્વવાન એવું વ્યાખ્યાન કર્યું છે.

**મહાદેવને—** હમણાં જ જેના સ્વરૂપનો નિર્ણય કર્યો છે તે મહાદેવને.

**સમ્યગ્**— પ્રશંસા (=શ્રેષ્ઠ) અર્થમાં નિપાત છે.

**ભક્તિ**— પ્રીતિવિશેષ.

મૂળ ગાથામાં ''**નમોનમઃ**'' એમ **નમઃ** નો બે વાર ઉલ્લેખ કરીને ભક્તિથી કરાયેલા સંભ્રમનું દર્શન કરાવ્યું છે.[1] (૮)

## પહેલા મહાદેવ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥२॥ अथ द्वितीयं स्नानाष्टकम् ॥

**उक्तक्रमेण निर्णीतमहत्त्वस्य देवस्य पूजादिकं विधेयम् । तच्च स्नानपूर्वकमिति स्नान-निरूपणायाह—**

**द्रव्यतो भावतश्चैव, द्विधा स्नानमुदाहृतम् ।**
**बाह्यमाध्यात्मिकं चेति, तदन्यैः परिकीर्त्यते ॥१॥**

**वृत्तिः— द्रवति गच्छति तांस्तान् पर्यायानिति द्रव्यं पुद्गलादि, तस्मात् द्रव्यात् 'द्रव्यतो' जललक्षणं कारणभूतम् १ देहदेशलक्षणं वा शोधनीयं २ मललक्षणं वाऽपनेयं द्रव्यमाश्रित्येत्यर्थः ३ । अथवा द्रव्यतोऽपरमार्थतो द्रव्यशब्दस्याप्राधान्यार्थत्वात् ४, अथवा द्रव्यतो भावस्नानकारणत्वेन कारणार्थत्वात् द्रव्यशब्दस्य ५ ॥ तथा भवनं भावः परिणामस्तस्माद् 'भावतः' शुभध्यानलक्षणं कारणभूतम् १ उपयोग-भावात्मकजीवलक्षणं वा शोधनीयम् २ अथवौदयिकभावकारणभूतकर्ममललक्षणमपनेतव्यं भावमाश्रित्ये-त्यर्थः ३ । भावतः परमार्थतो वेति ४ । 'चशब्दः' समुच्चये । 'एवकारो'ऽवधारणे । एवं च अनयोः प्रयोगः- 'द्रव्यतो भावत एव च' । ततश्च द्रव्यभावभेदेनैव, 'द्विधा' द्विप्रकारम्, नामादिभेदेन तु चतुर्धापि, केवलमिह चतुष्प्रकारत्वं स्नानस्य नाश्रितं, नामस्थापनयोः प्ररूपणामात्रोपयोगित्वात्, न हि स्नानस्य नाम-स्थापने जिननामस्थापने इव प्रमोदहेतुत्वेन पूजागोचरत्वेन च सोपयोगे इति । अथवा एवकारो द्विधा इत्यनेन सम्बध्यते । तथा च 'द्रव्यतो भावतश्चेति' एवं 'द्विधैव स्नानमुदाहृतं', न तु सप्तधा, यथाहुरेके- ''सप्त स्नानानि प्रोक्तानि, स्वयमेव स्वयम्भुवा । द्रव्यभावविशुद्ध्यर्थ-मृषीणां ब्रह्मचारिणाम् ॥१॥ आग्नेयं वारुणं बाह्यं, वायव्यं दिव्यमेव च । पार्थिवं मानसं चैव, स्नानं सप्तविधं स्मृतम् ॥२॥ आग्नेयं भस्मना स्नान-मवगाह्यं तु वारुणम् । आपो हिष्ठामयं बाह्यं (मंत्रस्नानमित्यर्थः) वायव्यं तु गवां रजः ॥३॥ सूर्यदृष्टं-तु यद्वृष्टं, तद्दिव्यं ऋषयो विदुः । पार्थिवं तु मृदा स्नानं, मनःशुद्धिस्तु मानसम् ॥३॥'' इति सप्तविधस्ना-**

---

१. वक्ता हर्षभयादिभिराक्षिप्तमनाः स्तुवंस्तथा निंदन् । यत् पदमसकृद् ब्रूयात् तत्पुनरुक्तं न दोषाय ॥१॥
''હર્ષ, ભય વગેરેથી વ્યાક્ષિપ્ત મનવાળો વક્તા સ્તુતિ કરતાં કે નિંદા કરતાં એક જ પદ અનેકવાર કહે તો તેમાં પુનરુક્તિ દોષ નથી.''

नकथनं ह्यनर्थकम् । यतो यद् बाह्यमलक्षालनप्रत्यलं तत्सर्वं द्रव्यस्नानमेव, यच्चान्तरमलोन्मूलनायालं तद्भावस्नानम्, यत्पुनरन्यथाविधं तदस्नानमेव । न च गोरजसा मन्त्रेण वा मलापनयनमुपलभ्यते इति, अतः सुष्ठूच्यते द्विधैव, अथवा द्रव्यतो द्विधैव भावतश्च द्विधैव इत्येवं द्विधाशब्दप्रयोगो, द्वैविध्यं च प्रधानाप्रधान-भेदात्, तच्च दर्शयिष्यत इति । 'द्रव्यतो भावतश्चैवमिति' पाठान्तरे तु 'एवंकार' उपदर्शनार्थः । तेन 'एव' मनेन प्रकारेण, 'द्विधा स्नानं' शुचीकरणम्, 'उदाहृतं' तत्त्ववेदिभिरभिहितम् । अत्रार्थे परेषामप्यविप्रतिप-त्तिमुपदर्शयन्नाह- बहिर्भवं 'बाह्यं' शारीरं, अध्यात्मे मनसि भवं 'आध्यात्मिकं' मानसमित्यर्थः । 'चशब्दः' समुच्चयार्थः । 'इति' रूपप्रदर्शने । एवं प्रयोगः-बाह्यमिति १ आध्यात्मिकमिति च २ । 'तद्' इति' क्रमेण द्रव्यस्नानं भावस्नानं च । 'अन्यै'रिति जैनव्यतिरिक्ततीर्थिकविशेषैः, 'परिकीर्त्यते' संशब्द्यते इति ॥१॥

## બીજું સ્નાન અષ્ટક

(સ્નાનના પ્રકારો બતાવીને કયું સ્નાન કોને હિતકર છે અને કોને અહિતકર છે વગેરે બાબતોનું સુંદર શૈલીથી અહીં વર્ણન કરવામાં આવ્યું છે.)

### સ્નાનના પ્રકારો

**ઉક્ત ક્રમથી જેના મહત્ત્વનો નિર્ણય કરાયો છે તે દેવની પૂજા વગેરે કરવું જોઇએ. પૂજા સ્નાનપૂર્વક કરવી જોઇએ. આથી સ્નાનનું નિરૂપણ કરવા માટે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** તત્ત્વવેત્તાઓએ દ્રવ્યથી અને ભાવથી જ એમ બે પ્રકારનું સ્નાન કહ્યું છે. અન્ય દર્શનકારો દ્રવ્યથી સ્નાનને બાહ્ય (=શરીરનું) સ્નાન અને ભાવથી સ્નાનને આધ્યાત્મિક (=મનનું) સ્નાન કહે છે. (૧)

**ટીકાર્થ—દ્રવ્યથી—** તે તે પર્યાયોને પામે તે પુદ્ગલ વગેરે દ્રવ્ય છે. ('દ્રવ્યથી સ્નાન' શબ્દના પાંચ અર્થ છે. તે આ પ્રમાણે-)

૧) શરીરશુદ્ધિનું કારણ એવા જલથી થતું સ્નાન તે દ્રવ્યથી સ્નાન છે.

૨) અથવા શુદ્ધિ કરવા યોગ્ય દેહના દેશને (=ચામડીને) આશ્રયીને થતું સ્નાન, અર્થાત્ દેહના દેશને શુદ્ધ કરવા માટે થતું સ્નાન દ્રવ્યથી સ્નાન છે.

૩) અથવા દૂર કરવા યોગ્ય મલને આશ્રયીને=મલને દૂર કરવા માટે થતું સ્નાન દ્રવ્યથી સ્નાન છે.

(૪) અથવા દ્રવ્યથી સ્નાન એટલે અપરમાર્થથી સ્નાન. કારણ કે દ્રવ્ય શબ્દનો અપ્રાધાન્ય અર્થ છે.

(૫) અથવા જળરૂપ દ્રવ્યથી થતું સ્નાન ભાવસ્નાનનું કારણ હોવાથી દ્રવ્યથી સ્નાન કહેવાય છે. કારણ કે દ્રવ્ય શબ્દનો કારણ અર્થ છે.

(જળથી થતું દ્રવ્ય સ્નાન જો ભાવસ્નાનનું કારણ ન બને તો અપ્રધાન દ્રવ્ય સ્નાન છે, અને ભાવસ્નાનનું કારણ બને તો પ્રધાન દ્રવ્ય સ્નાન છે. આ વ્યાખ્યા પ્રમાણે ગ્રંથકારે ત્રીજા શ્લોકમાં અપ્રધાન દ્રવ્ય સ્નાન અને ચોથા શ્લોકમાં પ્રધાન દ્રવ્ય સ્નાન જણાવ્યું છે.)

**ભાવથી—** ભાવ એટલે પરિણામ.

૧) ભાવનું કારણ એવા શુભધ્યાનને આશ્રયીને થતું સ્નાન ભાવસ્નાન છે, અર્થાત્ શુભધ્યાન એ ભાવસ્નાન છે.

૨) અથવા શુદ્ધિ કરવા યોગ્ય ઉપયોગની સત્તારૂપ જીવને આશ્રયીને થતું સ્નાન ભાવથી સ્નાન છે, અર્થાત્ જેનાથી જીવની શુદ્ધિ થાય તે ભાવસ્નાન છે.

૩) અથવા દૂર કરવા યોગ્ય અને ઔદયિક ભાવનું કારણ એવાં જે કર્મો એ કર્મરૂપ મલની સત્તાને આશ્રયીને અથવા કર્મમલરૂપ પદાર્થને આશ્રયીને (=કર્મરૂપ મલને દૂર કરવા માટે) થતું સ્નાન ભાવથી સ્નાન છે.

૪) અથવા ભાવથી એટલે પરમાર્થથી.

નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ ચાર પ્રકારે પણ સ્નાન છે. પણ અહીં એ ચાર પ્રકારના સ્નાનનો ઉલ્લેખ કર્યો નથી. કારણ કે નામ અને સ્થાપના એ બે સ્નાન માત્ર પ્રરૂપણા કરવામાં જ ઉપયોગી છે. જેવી રીતે જિનના નામ અને સ્થાપના પ્રમોદનું કારણ હોવાથી અને પૂજાનો વિષય હોવાથી (=જિનના નામ-સ્થાપનાની પૂજા હોવાથી) ઉપયોગી છે તેવી રીતે સ્નાનના નામ અને સ્થાપના ઉપયોગી નથી.

અથવા મૂળ ગાથામાં રહેલ **एवकार** (=જ કાર) નો સંબંધ **द्विधा** (=બે પ્રકારે) એ પદની સાથે છે. તેથી અર્થ આ પ્રમાણે થાય— સ્નાન બે પ્રકારનું જ કહ્યું છે, સાત પ્રકારનું નહિ. જેમ કે કોઇક કહે છે કે-**"બ્રહ્માએ જાતે જ બ્રહ્મચારી એવા ઋષિઓની દ્રવ્ય-ભાવ વિશુદ્ધિ માટે સાત પ્રકારનાં સ્નાન કહ્યાં છે."** (૧)

**"આગ્નેય, વારુણ, બ્રાહ્મ, વાયવ્ય, દિવ્ય, પાર્થિવ અને માનસ એમ સાત પ્રકારના સ્નાન કહ્યાં છે."** (૨)

૧) **"ભસ્મથી (=શરીરે ભસ્મ લગાડીને) થતું સ્નાન આગ્નેય છે.**

૨) **પાણીનું અવગાહન કરીને (=નદી આદિના પાણીથી) થતું સ્નાન વારુણ સ્નાન છે.**

૩) **મંત્રથી (=મંત્રોચ્ચારથી) થતું સ્નાન બ્રાહ્મ સ્નાન છે.**

૪) **ગાયોની (ઉડતી) રજથી થતું સ્નાન વાયવ્ય સ્નાન છે.**

૫) **સૂર્યથી જોવાયેલી વૃષ્ટિથી થતું સ્નાન દિવ્ય છે.**

૬) **માટીથી (=શરીરે માટી ઘસીને) થતું સ્નાન પાર્થિવ સ્નાન છે.**

૭) **મનની શુદ્ધિ માનસ સ્નાન છે. એમ ઋષિઓ જાણે છે."** (૩)

આ રીતે સાત પ્રકારના સ્નાનનું કથન નિરર્થક છે. કારણ કે જે સ્નાન બાહ્ય મળને ધોવામાં સમર્થ છે તે સઘળું દ્રવ્ય સ્નાન જ છે. જે સ્નાન આંતરિક મલને દૂર કરવા માટે સમર્થ છે તે ભાવસ્નાન છે. પણ જે સ્નાન બીજી રીતે (=શરીરને પણ શુદ્ધ ન કરે તેવું) છે તે સ્નાન જ નથી. ગાયોની રજથી અને મંત્રથી મલ દૂર થાય તેવું જોવામાં આવતું નથી. આથી બરોબર કહેવાય છે કે સ્નાન બે પ્રકારે જ છે.

અથવા દ્રવ્યથી બે પ્રકારે જ અને ભાવથી બે પ્રકારે જ સ્નાન છે એમ **द्विधा** શબ્દનો પ્રયોગ છે. પ્રધાન અને અપ્રધાન એવા બે ભેદથી સ્નાન બે પ્રકારે છે, અને તે હવે પછી બતાવવામાં આવશે.

અથવા મૂળ ગાથામાં **द्रव्यतो भावतश्चैवं** એમ પાઠાંતર છે. પાઠાંતરમાં **एवंकार** ઉપદર્શન અર્થમાં છે. તેથી અર્થ આ પ્રમાણે થાય— દ્રવ્યથી અને ભાવથી એ રીતે બે પ્રકારે સ્નાન તત્ત્વવેત્તાઓએ કહ્યું છે.

સ્નાન એટલે અપવિત્રને પવિત્ર કરવું.

આ વિષયમાં બીજાઓનો પણ વિવાદ નથી એમ બતાવતા ગ્રંથકાર કહે છે-"જૈન સિવાયના તીર્થિકવિશેષો દ્રવ્ય સ્નાનને બાહ્ય=શારીરિક સ્નાન અને ભાવસ્નાનને આધ્યાત્મિક=માનસ સ્નાન કહે છે. (૧)

**तत्र द्रव्यस्नानप्रतिपादनायाह—**

**जलेन देहदेशस्य, क्षणं यच्छुद्धिकारणम् ।**
**प्रायोऽन्यानुपरोधेन, द्रव्यस्नानं तदुच्यते ॥२॥**

**वृत्तिः—'जलेनाऽ'म्भसा न भस्मादिभिस्तैर्हि द्रव्यस्नानं न भवति मलाद्यपनयनासमर्थत्वात्तेषाम्, ''गन्धलेपापहं शौचम्'' इति स्नानलक्षणाच्च । 'देहदेशस्येति' शरीरत्वग्लक्षणावयवस्य, इह च देहग्रहणेन ''सचेलस्नानेन देवार्चनं कार्यमिति'' मतमपाकृतं, जलार्द्रवस्त्राणां स्नानतया अप्रतीतेः । देशस्येत्यनेन तु ये मन्यन्ते ''एका लिङ्गे गुदे तिस्र-स्तथैकत्र करे दश । उभयोः सप्त विज्ञेया, मृदः शुद्धौ मनीषिभिः ॥१॥ एतच्छौचं गृहस्थानां, द्विगुणं ब्रह्मचारिणाम् । त्रिगुणं वानप्रस्थानां, यतीनां च चतुर्गुणम् ॥२॥'' इति, ते उपहसिता भवन्ति । न हि तैरेवं शौचं प्रति प्रयत्नवद्भिरपि लिङ्गगुदाद्यन्तर्भागस्य शौचं कर्तुं शक्यं, किन्तु त्वङ्मात्रस्यैव, न च कर्णनासादीनामेवं शौचं तैर्विधीयते, न चैतान्यशुचीनि न भवन्तीति । 'क्षणं' मुहूर्तं यावन्न तु प्रभूतकालम् । 'यद्' इति स्नानम् । 'शुद्धिकारणं' मलविलयहेतुः, 'प्रायो' बाहुल्येन, प्रायोग्रहणात्तथाविधरोगग्रस्तस्य क्षणमपि शुद्धिकारणं न भवतीति दर्शितम् । कुतः पुनः क्षणमेव शुद्धिकारणमित्यत आह- 'अन्यस्य' प्रक्षालितमलापेक्षयापरस्य मलस्याऽ'नुपरोधो'ऽनिरोधोऽप्रतिषेधोऽन्यानुपरोधस्तेन 'अन्यानुपरोधेन' हेतुना, न हि स्नानं मलाश्रयस्वभावत्वाच्छरीरस्य मलान्तरमुपरोद्धुं शक्नोतीति । 'तद्' इत्येवंविधं स्नानं, किमित्यत आह- 'द्रव्या'ण्युक्तलक्षणानि नीरादीन्याश्रित्य 'स्नानं' द्रव्यभूतं वा स्नानम्- 'उच्यते' अभिधीयते स्नानलक्षणविद्भिः । अन्ये तु 'प्रायोऽन्यानुपरोधेन' इत्येतदित्थं व्याचक्षते- प्रायो बाहुल्येनान्येषां जलस्वरूपातिरिक्तानामनुपरोधोऽव्यापादनं प्रायोऽन्यानुपरोधस्तेनेति ॥२॥**

## અપ્રધાન દ્રવ્ય સ્નાન

**તેમાં (=દ્રવ્ય-ભાવ એમ બે પ્રકારના સ્નાનમાં) દ્રવ્ય સ્નાનનું પ્રતિપાદન કરવા માટે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે સ્નાન જળથી દેહના દેશની (=ચામડીની) પ્રાય: ક્ષણવાર શુદ્ધિનું કારણ છે તે દ્રવ્ય સ્નાન કહેવાય છે. આ સ્નાન અન્ય મળને આવતું રોકી શકતું ન હોવાથી ક્ષણવાર જ શરીરશુદ્ધિનું કારણ છે. (૨)

**ટીકાર્થ— જળથી—** જળથી દ્રવ્ય સ્નાન થાય છે. ભસ્મ વગેરેથી દ્રવ્ય સ્નાન થતું નથી. કારણ કે ભસ્મ વગેરે મળ વગેરેને દૂર કરવા માટે અસમર્થ છે. તથા **"ગંધ અને લેપને દૂર કરે તે શૌચ (=સ્નાન)"** એવું સ્નાનનું લક્ષણ છે. (ભસ્મ વગેરે ગંધ અને લેપને દૂર ન કરી શકે.)

**દેહના દેશની—** શરીરના ચામડીરૂપ અવયવની. અહીં દેહ શબ્દનો ઉલ્લેખ કરીને "વસ્ત્ર સહિત સ્નાનથી દેવપૂજા કરવી જોઇએ" એવા મતનું નિરાકરણ કર્યું. કારણ કે જળથી ભીના થયેલા વસ્ત્રોની સ્નાન તરીકે પ્રસિદ્ધિ નથી. 'દેશની' એવા ઉલ્લેખથી જેઓ એમ માને છે કે "**(મલવિસર્જન કર્યા પછી) શુદ્ધિ કરવામાં બુદ્ધિશાળીઓએ લિંગમાં (પાણીથી) એક, ગુદામાં ત્રણ, એક ડાબા હાથમાં દશ અને બંને હાથમાં માટીથી સાત શુદ્ધિ જાણવી.**" (૧) "**આ શુદ્ધિ ગૃહસ્થો માટે છે. બ્રહ્મચારીઓની (ગૃહસ્થની અપેક્ષાએ) બમણી, વાનપ્રસ્થોની ત્રણ ગુણી અને સંન્યાસીઓની ચાર ગુણી શુદ્ધિ જાણવી.**" (૨) તેઓ અપહાસ (=મજાક) કરાયેલા થાય છે.

તેઓ આ પ્રમાણે શૌચ સંબંધી પ્રયત્ન કરતા હોવા છતાં લિંગ અને ગુદા વગેરેના અંદરના ભાગને શુદ્ધ કરવાનું શક્ય નથી. પણ માત્ર ચામડીને જ શુદ્ધ કરવાનું શક્ય બને છે. તથા તેઓ કાન અને નાક વગેરેની આ પ્રમાણે શુદ્ધિ કરતા નથી. અને કાન વગેરે અશુદ્ધ નથી એવું નથી.

**પ્રાયઃ—** પ્રાયઃ એટલે ઘણું કરીને. પ્રાયઃ શબ્દનો ઉલ્લેખ કરીને તેવા પ્રકારના રોગથી ઘેરાયેલા શરીરના દેશની પણ શુદ્ધિનું ક્ષણવાર પણ કારણ બનતું નથી એમ જણાવ્યું.

**ક્ષણવાર—** મુહૂર્ત (૪૮ મિનિટ) સુધી શુદ્ધ બને છે, નહિ કે ઘણા કાળ સુધી.

ક્ષણવાર જ શુદ્ધિનું કારણ કેમ છે ? એના જવાબમાં અહીં જણાવ્યું કે-ધોયેલા મળની અપેક્ષાએ અન્ય મળને આવતું રોકી શકાતું નથી. શરીરનો મલના આશ્રયનો સ્વભાવ હોવાથી સ્નાન અન્ય (=નવા આવતા) મળને રોકવા સમર્થ નથી.

**દ્રવ્યસ્નાન—** જેનું સ્વરૂપ પૂર્વે (પહેલા શ્લોકમાં) જણાવ્યું છે તે જળ વગેરેના આશ્રયથી થતું સ્નાન દ્રવ્ય સ્નાન છે, અથવા દ્રવ્યથી થયેલું સ્નાન દ્રવ્યસ્નાન છે, એમ સ્નાનનું લક્ષણ જાણનારાઓ કહે છે.

**प्रायोऽन्यानुपरोधेन** એ પદોનું વ્યાખ્યાન બીજાઓ આ પ્રમાણે કરે છે-પ્રાયઃ એટલે ઘણા ભાગે. અન્ય એટલે જળ સિવાય અન્ય. અનુપરોધ એટલે અહિંસા. સ્નાનમાં ઘણા ભાગે પાણી સિવાય અન્ય જીવોની હિંસા થતી ન હોવાથી જળથી દેહના દેશની ક્ષણવાર શુદ્ધિનું કારણ બનતું સ્નાન દ્રવ્ય સ્નાન કહેવાય છે. (૨)

**अथैतस्यैव कर्तृवशात्प्रधानाप्रधानतां दर्शयन्नाह—**

**कृत्वेदं यो विधानेन, देवतातिथिपूजनम् ।**
**करोति मलिनारम्भी, तस्यैतदपि शोभनम् ।।३।।**

**वृत्तिः— 'कृत्वा' विधाय 'इदम्' अनन्तरोदितं द्रव्यस्नानम्, 'य' इति तदधिकारवान् धार्मिकः, 'विधानेन' धार्मिकजनोचितस्नानविधिना "भूमीपेहणजलछाण-णाइ जयणा उ होइ ण्हाणाओ[१४] ।।" इत्येवंरूपेण, ततः किमित्याह- 'देवता'ऽनन्तरविवेचितस्वरूपमहादेवलक्षणा, अतति सततमप्रतिबद्धविहारितया गच्छतीति 'अतिथिः' अविद्यमाना वा तिथिरुपलक्षणत्वादुत्सवादयश्च यस्येति अतिथिः सन्मार्गनिरतो यतिः । उक्तं च "तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना । अतिथिं तं विजानीया-च्छेषमभ्यागतं**

१४. भूमिप्रेक्षणजलच्छाणनादियतना तु भवति स्नानादौ । एसो विसुद्धभावो अणुहवसिद्धो च्चिय बुहाणं ।।१।। इति गाथापूर्तिः ।।

**विदुः ॥१॥'' इति । तयोः पूजनमुचितसत्कारकरणं 'देवतातिथिपूजनं' तत् 'करोति' विधत्ते । द्वितीयव्याख्यानपक्षे तु 'विधानेन देवतातिथिपूजनं करोति'इत्येवं सम्बन्धः, । कोऽसावित्याह-मलिनः=अवद्यमलयुक्त आरम्भो व्यापारो मलिनारम्भः, सोऽस्यास्तीति 'मलिनारम्भी' सावद्ययोगादनिवृत्तो गृहस्थ इत्यर्थः । कुतीर्थिकशिक्षणाभिप्रायप्रवणं चेदं विशेषणं । तच्छिक्षणं चैवम्- हे कुतीर्थिका यदि यूयं मलिनारम्भिणस्तदा युष्माकमिदं द्रव्यस्नानं कर्तुमुचितं नान्यथा, तथाहि अस्य विशुद्धभावहेतुत्वेन प्रशस्यता, स च विशुद्धो भावो निर्मलारम्भाणां सदैवास्तीति किमेतेनेति । 'तस्य' इति देवतातिथिपूजनकर्तुर्मलिनारम्भिणः, 'एतदपि' इति न केवलं वक्ष्यमाणस्वरूपं भावस्नानं शुभपरिणामरूपत्वाच्छोभनम् 'एतदपि' द्रव्यस्नानमपि, 'शोभनं' साधु, सत्यपि सावद्यत्वे प्रायो मददर्पादिहेतुत्वे च शुभभावाहेतुत्वात्, तस्येतिविशेषणात्तदन्यस्य त्वशोभनमेव तदिति सिद्धं भावशुद्ध्यनिमित्तत्वादिति ॥३॥**

## પ્રધાન દ્રવ્ય સ્નાન

**હવે સ્નાનની જ સ્નાન કરનારની અપેક્ષાએ પ્રધાનતા અને અપ્રધાનતાને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** મલિનારંભી જે ગૃહસ્થ વિધિપૂર્વક દ્રવ્યસ્નાન કરીને દેવતા-અતિથિનું પૂજન કરે છે, તેનું આ દ્રવ્યસ્નાન પણ પ્રશસ્ત છે. (૩)

**ટીકાર્થ— મલિનારંભી—** મલિન એટલે પાપરૂપ મળથી યુક્ત. આરંભ એટલે વ્યાપાર. જે પાપરૂપ મળથી યુક્ત વ્યાપારવાળો હોય તે મલિનારંભી છે, અર્થાત્ પાપયોગોથી નિવૃત્ત ન થયેલો ગૃહસ્થ. મલિનારંભી વિશેષણ કુતીર્થિકોને બોધ આપવાના અભિપ્રાયમાં તત્પર છે, અર્થાત્ કુતીર્થિકોને બોધ આપવા માટે છે. તે આ પ્રમાણે- હે કુતીર્થિકો ! જો તમે મલિનારંભી છો તો તમારે આ દ્રવ્ય સ્નાન કરવું યોગ્ય છે, અન્યથા નહિ. તે આ પ્રમાણે- ભાવવિશુદ્ધિનું કારણ હોવાના કારણે દ્રવ્ય સ્નાન પ્રશસ્ત છે. તે વિશુદ્ધભાવ નિર્મલારંભવાળાઓને (=નિર્મલ પ્રવૃત્તિ કરનારાઓને) સદાય છે, એથી તેમને દ્રવ્ય સ્નાનથી શું ? અર્થાત્ તેમને દ્રવ્યસ્નાનની જરૂર નથી.

**જે—** પૂજાનો અધિકારી ધાર્મિક જીવ.

**વિધિપૂર્વક—** ધાર્મિક લોકને ઉચિત સ્નાનની વિધિપૂર્વક. તે વિધિ આ પ્રમાણે છે-**"જ્યાં સ્નાન કરવાનું છે ત્યાં જીવરક્ષા માટે ભૂમિનું અવલોકન કરવું, પોરા વગેરેની રક્ષા માટે પાણી ગાળવું, પાણીમાં માખી વગેરે જીવ ન પડી જાય તેની કાળજી રાખવી વગેરે સ્નાન, વિલેપન અને જિનપૂજા આદિમાં યતના છે. યતનાપૂર્વક સ્નાન આદિથી શુભ અધ્યવસાય થાય છે. યતનાપૂર્વક સ્નાન આદિથી થતો શુભ અધ્યવસાય બુદ્ધિશાળીઓને અનુભવ સિદ્ધ છે.**[૧] (પૂજા વિધિ પંચાશક-ગાથા— ૧૧)

**દેવતા-અતિથિનું પૂજન—** દેવતા એટલે હમણાં જ (=પહેલા અષ્ટકમાં) જેના સ્વરૂપનું વિવેચન કર્યું છે તે મહાદેવ. જે અપ્રતિબદ્ધ વિહારવાળા હોવાથી સતત જાય છે (=ક્યાં ય રોકાતા નથી=આસક્તિ કરતા નથી માટે સતત જાય છે) તે અતિથિ. અથવા જેને તિથિ નથી અને તિથિના ઉપલક્ષણથી ઉત્સવ વગેરે નથી તે અતિથિ. સન્માર્ગમાં (=જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં) તત્પર સાધુ અતિથિ છે. કહ્યું છે કે- **"(લૌકિક) તિથિઓ,**

૧. શ્રાદ્ધદિનકૃત્ય ગાથા ૨૩-૨૪માં પણ સ્નાનવિધિ જણાવ્યો છે.

**પર્વો, અને ઉત્સવો જે મહાત્માએ છોડી દીધા છે તે અતિથિ જાણવો. બાકીના અભ્યાગત જાણવા''.**

**પૂજન** એટલે ઉચિત સત્કાર કરવો.

બીજા વ્યાખ્યાનના પક્ષમાં વિધિપૂર્વક દેવતા-અતિથિનું પૂજન કરે છે એ પ્રમાણે સંબંધ છે. (પહેલા વ્યાખ્યાન પક્ષમાં વિધિપૂર્વક દ્રવ્ય સ્નાન કરે છે એ પ્રમાણે સંબંધ છે, જ્યારે બીજા વ્યાખ્યાન પક્ષમાં વિધિપૂર્વક દેવતા-અતિથિની પૂજા કરે છે એ પ્રમાણે સંબંધ છે. અર્થાત્ પહેલા પક્ષમાં વિધિપૂર્વકનો સંબંધ દ્રવ્ય સ્નાન સાથે છે, અને બીજા પક્ષમાં વિધિપૂર્વકનો સંબંધ દેવતા-અતિથિની પૂજા સાથે છે.)

**તેનું—** દેવતા-અતિથિનું પૂજન કરનાર મલિન આરંભવાળાનું.

**દ્રવ્ય સ્નાન પણ—** જેનું સ્વરૂપ હવે કહેવાશે તે ભાવસ્નાન શુભ પરિણામ રૂપ હોવાથી પ્રશસ્ત છે જ, પણ આ દ્રવ્યસ્નાન પણ સાવદ્ય હોવા છતાં પ્રશસ્ત છે એમ 'પણ' શબ્દનો સંબંધ છે.

અહીં 'તેનું' એવું વિશેષણ હોવાથી તેનાથી અન્યનું (=વિધિપૂર્વક સ્નાન કરીને દેવતા-અતિથિનું પૂજન ન કરનારનું) દ્રવ્ય સ્નાન પ્રાયઃ કરીને મૈથુનેચ્છા અને અભિમાન વગેરેનું કારણ હોવાના કારણે શુભભાવનું કારણ ન હોવાથી અપ્રશસ્ત જ છે એમ સિદ્ધ થયું. કારણ કે ભાવશુદ્ધિનું નિમિત્ત નથી. (૩)

**शोभनमिदमित्युक्तं, तत्समर्थनार्थमाह—**

**भावशुद्धिनिमित्तत्त्वात्, तथानुभवसिद्धितः ।**
**कथञ्चिद्दोषभावेऽपि, तदन्यगुणभावतः ॥४॥**

**वृत्तिः— भावोऽध्यवसायस्तच्छुद्धिर्निर्मलता, तस्या निमित्तं कारणं, तस्य भावो 'भावशुद्धिनिमित्तत्वं' तस्मादेतदपि शोभनमिति प्रकृतम् । न चास्य भावशुद्धिहेतुत्वमप्रसिद्धमित्याह- 'तथा' तेनैव प्रकारेण भावशुद्धिनिमित्ततयैव, यो 'ऽनुभवः' संवेदनं तस्य या 'सिद्धिः' प्रतीतिः सा तथाऽनुभवसिद्धिस्तस्याः 'तथाऽनुभवसिद्धितः' । अथ द्रव्यस्नानं भावशुद्धिनिमित्तमपि सदप्कायिकादिजीवहिंसादोषदूषितत्वादशोभनमेवे त्याशङ्क्याह- 'कथञ्चित्' केनापि प्रकारेणाप्कायिकादिविराधनालक्षणेन, 'दोषभावेऽपि' हिंसालक्षणावद्यसद्भावेऽपि न केवलं दोषाभावे इति अपिशब्दार्थः । तस्माद्धिंसादोषाद् योऽन्यो गुणः सम्यग्दर्शनशुद्धिलक्षणः स तदन्यगुणस्तस्य भावो लाभस्तदन्यगुणभावस्तस्मात् 'तदन्यगुणभावतः' । आह च- ''पूयाए कायवहो, पडिकुट्ठो सो उ, किंतु जिणपूया । सम्मत्तसुद्धिहेउत्ति, भावणीया उ निरवज्जा[१५] ॥१॥'' यत् स्नानं पूजार्थं तत्पूजाङ्गत्त्वात्तद्व्यपदेशमर्हतीति । इह च हेतुप्रयोग एवम्- द्रव्यस्नानमपि शोभनं भावशुद्धिनिमित्तत्वात्, यद्यद् भावशुद्धिनिमित्तं तत्तच्छोभनं, यथा चैत्यवन्दनम्, भावशुद्धिनिमित्तं च द्रव्यस्नानं, तस्माच्छोभनमिति । अथायमसिद्धो हेतुरित्यत्रोच्यते-यद्यथानुभूयते तत्तथा प्रतिपत्तव्यं, यथा विचित्रं सुखादिसंवेदनम्, अनुभूयते च भावशुद्धिनिमित्ततया द्रव्यस्नानम्, तस्माद्भावशुद्धिनिमित्तं तदिति । अथ कथञ्चित्सदोषत्वात्कथं शोभनत्वमस्येत्यत्रोच्यते । यद् यद् विशिष्टतरगुणान्तरोत्पत्तिहेतुस्तत्तद्दोषसद्भावेऽपि शोभनं,**

१५. पूजायां कायवधः, प्रतिकुष्टः स तु, किंतु जिनपूजा ॥ सम्यक्त्वशुद्धिहेतुरिति भावनीया तु निरवद्या ॥१॥

**यथा श्रमपङ्कादिदोषोपेतमपि तृड्विच्छेदादिविशिष्टतरगुणहेतुः कूपखननं, विशिष्टसम्यग्दर्शनशुद्ध्यादिगुण-हेतुश्च द्रव्यस्नानमिति ॥४॥**

## પ્રધાન દ્રવ્યસ્નાનની પ્રશસ્તતાનો હેતુ.

**આ સ્નાન (=દેવતા-અતિથિના પૂજન માટે વિધિપૂર્વક કરાતું સ્નાન) પ્રશસ્ત છે એમ કહ્યું. આથી તેના સમર્થન માટે કહે છે—**

**શ્લોકાર્થ—** દ્રવ્ય સ્નાન પણ ભાવશુદ્ધિનું નિમિત્ત હોવાથી શુભ છે. કારણ કે દ્રવ્યસ્નાન "ભાવશુદ્ધિનું નિમિત્ત છે" તેવા અનુભવની પ્રતીતિ થાય છે. કથંચિત્ દોષ હોવા છતાં દોષથી અન્ય ગુણનો લાભ થતો હોવાથી દ્રવ્ય સ્નાન સુંદર છે.(૪)

**ટીકાર્થ—પૂર્વપક્ષ—** દ્રવ્ય સ્નાન ભાવશુદ્ધિનું નિમિત્ત હોવા છતાં અપ્કાય વગેરે જીવોની હિંસાના દોષથી દૂષિત હોવાથી સુંદર નથી જ.

**ઉત્તરપક્ષ—** કોઇક રીતે અપ્કાય આદિ જીવોની વિરાધના થતી હોવાથી હિંસારૂપ પાપના સદ્ભાવમાં પણ હિંસાદોષથી અન્ય સમ્યગ્દર્શનશુદ્ધિરૂપ ગુણનો લાભ થવાથી દ્રવ્યસ્નાન પણ સુંદર છે. કહ્યું છે કે-**"પૂજામાં અપ્કાય આદિનો વધ થાય છે અને તે વધ નિષિદ્ધ છે. તો પણ જિનપૂજા સમ્યક્ત્વની શુદ્ધિનો હેતુ હોવાથી નિર્દોષ વિચારવી જોઇએ, અર્થાત્ જિનપૂજા નિર્દોષ છે એમ વિચારવું જોઇએ."** (પંચાશક ૪-૧૧)

"પાપના સદ્ભાવમાં પણ" એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-દોષના (=પાપના) અભાવમાં તો દ્રવ્ય સ્નાન સુંદર છે જ, કિંતુ પાપના સદ્ભાવમાં પણ દ્રવ્ય સ્નાન સુંદર છે.

જે સ્નાન પૂજા માટે કરાયેલું હોય તે સ્નાન પૂજાનું અંગ હોવાથી પૂજાના વ્યવહારને યોગ્ય થાય છે, અર્થાત્ સ્નાનને પૂજા કહેવાય. (જેમ કે **आयुर्घृतं** ઘીને આયુષ્ય કહેવાય છે.)

અહીં હેતુપ્રયોગ આ પ્રમાણે છે— દ્રવ્ય સ્નાન પણ સુંદર છે. કેમ કે ભાવશુદ્ધિનું નિમિત્ત છે. જે જે ભાવશુદ્ધિનું કારણ હોય તે તે સુંદર હોય. જેમ કે ચૈત્યવંદન. દ્રવ્ય સ્નાન ભાવશુદ્ધિનું કારણ છે માટે સુંદર છે.

**પૂર્વપક્ષ—** તમોએ આપેલો હેતુ અસિદ્ધ છે.

**ઉત્તરપક્ષ—** જે જે રીતે અનુભવાય તે તે રીતે સ્વીકારવું જોઇએ. જેમ કે વિવિધ સુખાદિનું સંવેદન. દ્રવ્ય સ્નાન ભાવશુદ્ધિના નિમિત્તરૂપે અનુભવાય છે. માટે દ્રવ્ય સ્નાન ભાવશુદ્ધિનું નિમિત્ત છે.

**શંકા—** દ્રવ્ય સ્નાન કોઇક રીતે દોષ સહિત હોવાથી સુંદર કેવી રીતે હોય ?

**સમાધાન—** જે જે અધિક વિશિષ્ટ અન્ય ગુણની ઉત્પત્તિનું કારણ હોય તે તે દોષના સદ્ભાવમાં પણ સુંદર છે. જેમ કે-કૂપ ખનન (=કૂવાને ખોદવો એ) શ્રમ અને કાદવ વગેરે દોષથી યુક્ત હોવા છતાં તૃષ્ણાવિચ્છેદ વગેરે અધિક વિશિષ્ટ ગુણોનું કારણ છે. (કૂવો ખોદવામાં શરીર કાદવથી ખરડાય છે, કપડાં મેલાં થાય છે, શ્રમ-ક્ષુધા-તૃષા વગેરેનું દુ:ખ વેઠવું પડે છે. પણ કૂવો ખોદાયા પછી તેમાંથી પાણી નીકળતાં તૃષા આદિ દૂર થવાથી સ્વ-પરને લાભ થાય છે. જેમ કૂવો ખોદવામાં પ્રારંભમાં નુકશાન હોવા છતાં પરિણામે લાભ થવાથી કૂવો ખોદવાની પ્રવૃત્તિ લાભકારી બને છે, તેમ જિનપૂજા માટે સ્નાનાદિ કરવામાં પ્રારંભમાં હિંસારૂપ સામાન્ય દોષ

લાગવા છતાં પછી પૂજાથી થયેલા શુભભાવો દ્વારા વિશિષ્ટ અશુભ કર્મોની નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થતો હોવાથી પરિણામે લાભ થવાથી સ્નાનાદિની પ્રવૃત્તિ લાભકારી છે.) દ્રવ્ય સ્નાન વિશિષ્ટ સમ્યગ્દર્શનશુદ્ધિ આદિ ગુણોનું કારણ છે. (૪)

**यदि भावशुद्धिनिमित्तत्वात् शोभनं द्रव्यस्नानं तर्हि करोति मलिनारम्भीति कस्मादभिहितममलिनारम्भिणोऽपि तथैव तस्य शोभनत्वादित्याशङ्क्याह—**

**अधिकारिवशात् शास्त्रे, धर्मसाधनसंस्थितिः ।**
**व्याधिप्रतिक्रियातुल्या, विज्ञेया गुणदोषयोः ॥५॥**

वृत्तिः— अधिकारोऽस्यास्तीति अधिकारी योग्याऽनुष्ठातातस्य वशोऽपेक्षा अधिकारिवशस्तस्मान्न यथाकथञ्चिदित्यर्थः । 'शास्त्रे' सुनिश्चिताप्तागमे, 'धर्मसाधनयोः' प्रस्तुतयोर्द्रव्यस्नानभावस्नानलक्षणयोः, 'संस्थितिः' सम्यग्व्यवस्था, 'धर्मसाधनसंस्थितिः, किंरूपेयमित्याह-'व्याधिप्रतिक्रियातुल्या' रोगचिकित्साव्यवस्थासमाना, 'विज्ञेया' सद्गुरूपदेशादर्थिभिरवसेया । कयोर्विषय इत्याह-'गुणदोषयोः' गुणदोषावाश्रित्येत्यर्थः । इयमत्र भावना- यथातुरवशाद् व्याधिचिकित्सा गुणकरी दोषकरी च तथा मलिनारम्भीतरलक्षणानुष्ठातृवशाद् द्रव्येतरस्नानरूपे धर्मसाधने गुणदोषकरे, द्रव्यस्नानं मलिनारम्भिण एव गुणकरं नेतरस्येति हृदयम्, यतो मलिनारम्भी देवतोद्देशेन स्नानादावधिकारी न त्वितरः । केचित्पुनर्वदन्ति मलिनारम्भ्यपि नेहाधिकारी यस्माद्वक्ष्यति अयमेव ग्रन्थकारः- ◆"धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी । प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ॥१॥" इति । अनेन धर्मार्थं सावद्यप्रवृत्तिर्निषिद्धा, तथा "✻शुद्धागमैर्यथालाभम्" इति वक्ष्यत्यनेन च पुष्पत्रोटनाभावो देवसम्बन्ध्यारामाभावश्च दर्शित इति । न चायं सम्यगुल्लापः । यतः स्नानं विधेयतया देवार्चनार्थमुपदिष्टमेव । यदाह- "तत्थ सुइणा दुहा वि हु, दव्वेण्हाएण सुद्धवत्थेण" इति[१६] । अथ प्रासङ्गिकस्नानापेक्षोऽयमुपदेशो न तु देवतोद्देशिकः । एतदपि न सङ्गतम् । एवं हि यदा कदाचित् स्नातो भवेत् तदा देवतार्चनं कुर्यादित्युपदिष्टं स्यान्न नित्यकृत्यतया, नित्यकृत्यं चैतत् । आह च- "वंदंति चेइयाइं, तिक्कालं पूइऊण विहिणा उ[१७]" इति । यच्चोक्तं धर्मार्थमित्यादिना धर्मार्था सावद्यप्रवृत्तिर्निषिद्धा तत् सत्यम्, केवलं स निषेधः सर्वविरतापेक्षया तदधिकारेऽस्य श्लोकस्याधीतत्वात्, गृहस्थापेक्षया तु सावद्यप्रवृत्तिविशेषोऽनुज्ञात एव । यदाह- "दव्वत्थए कूवदिट्ठंतोत्ति[१८] ॥" तथा वाणिज्यादिसावद्यप्रवृत्तिरपि काचित्कस्यचिन्न दुष्टा विषयविशेषपक्षपातरूपत्वेन पापक्षयगुणबीजलाभहेतुत्वात्, यथा संकाशस्य । "संकाशश्रावको हि प्रमादाद्भक्षितचैत्यद्रव्यो निबद्धलाभान्तरायादिक्लिष्टकर्मा चिरपर्यटितदुरन्तसंसारकान्तारोऽनन्तकालाल्लब्धमनुष्यभावो दुर्गतनरशिरःशेखर-

१६. तत्र शुचिना द्विधापि हु द्रव्ये स्नातेन शुद्धवस्त्रेण इति । भावे उ अवत्थोचियविसुद्धवित्तिप्पहाणेण । इति गाथापूर्तिः ।
१७. वन्दन्ते चैत्यानि त्रिकालं पूजयित्वा विधिना तु । ◆ अष्टक ४ श्लोक ६ ✻ अष्टक ३ श्लोक २
१८. द्रव्यस्तवे कूपदृष्टान्त इति ।

रूप: पारगतसमीपोपलब्धस्वकीयपूर्वभववृत्तान्तः पारगतोपदेशतो दुर्गतत्वनिबन्धनकर्मक्षपणाय यदहमुपार्जयिष्यामि द्रव्यं तद् ग्रासाच्छादनवर्जं जिनायतनादिषु नियोक्ष्ये इत्यभिग्रहं गृहीतवान्, कालेन च निर्वाणमवाप्तवानिति ।'' अथ युक्तं संकाशस्यैतत्तथैव तत्कर्मक्षयोपपत्तेर्न पुनरन्यस्य । नैवम्, सर्वथैवाशुभस्वरूपव्यापारस्य विशिष्टनिर्जराकारणत्वायोगादिति । यत्तु ''शुद्धागमैर्यथालाभम्'' इत्यादि तन्न स्वयं पुष्पत्रोटननिषेधपरम्, किन्तु पूजाकालोपस्थिते मालिके दर्शनप्रभावनाहेतोर्वणिक्कला न प्रयोक्तव्येत्यस्यार्थस्य ख्यापनपरम् । इतरथा श्रूयते- ''सुव्वइ दुग्गइनारी, जगगुरुणो सिन्दुवारकुसुमेहिं । पूयापणिहाणेणं, उववन्ना तियसलोगम्मि[१९] ॥१॥'' इति वचनं व्याहन्येत । न हि तया यथालाभं न्यायोपात्तवित्तेन वा तानि गृहीतानि, इति । तथा चैत्यसम्बन्धितया ग्रामादीनां प्रतिपादनान्नारामाद्यभावः प्रोक्तः । यदाह-''चोएइ चेइयाणं, रुप्पसुवण्णाइ गामगावाइं । ल(म)ग्गंतस्स हु मुणिणो, तिगरणसुद्धी कहं णु भवे ?[२०]॥१॥ भण्णइ एत्थ विभासा, जो एयाइं सयं विमग्गेजा । न हु तस्स हुज्ज सुद्धी, अह कोइ हरेज्ज एयाइं[२१]॥२॥ सव्वत्थामेण तहिं, संघेणं होइ लग्गियव्वं तु । सचरित्तचारित्तीणं, एयं सव्वेसिं कज्जं तु[२२] ॥३॥'' तदेवं मलिनारम्भिणो धर्मार्थं स्नानादिकमविरुद्धमिति स्थितम् । ननु यतिरत्र कस्मान्नाधिकारी ? यतः कर्मलक्षणो व्याधिरेको द्वयोरपि यतिगृहस्थयोरतस्तच्चिकित्सापि पूजादिलक्षणा समैव भवति, ततो यद्येकस्याधिकारः कथं नापरस्य । अथ ''स्नानमुद्वर्तनाभ्यङ्गं, नखकेशादिसंस्क्रियाम् । गन्धमाल्यं च धूपं च, त्यजन्ति ब्रह्मचारिणः ॥१॥'' इति वचनात् यतेः स्नाने तत्पूर्वकत्वाद्देवार्चनस्य तस्मिंश्च नाधिकारः । नैवम्, भूषार्थस्यैव तस्य निषेधात् । अथ सावद्यनिवृत्तोऽसाविति तत्र नाधिकारी । ननु यदि यतिः सावद्यान्निवृत्तस्ततः को दोषो यत्स्नानं कृत्वा देवतार्चनं न करोति, यदि हि स्नानपूर्वकदेवतार्चने सावद्ययोगः स्यात्तदासौ गृहस्थस्यापि तुल्य इति तेनापि न कर्तव्यं स्यात् । अथ गृहस्थः कुटुम्बाद्यर्थेऽपि सावद्ये प्रवृत्तस्तेन तत्रापि प्रवर्तताम्, यतिस्तु तत्राप्रवृत्तत्वात्कथं स्नानादौ प्रवर्तते इति । ननु यद्यपि कुटुम्बाद्यर्थं गृही सावद्ये प्रवर्तते तथापि तेन धर्मार्थं तत्र न प्रवर्तितव्यं स्यात्, यतो ''नैकं पापमाचरितमित्यन्यदप्याचरितव्यं स्यात्'' । अथ कूपोदाहरणात् पूजादिजनितमारम्भदोषं विशोध्य गृही गुणान्तरमासादयतीति युक्तं गृहिणः स्नानपूजादि । ननु यथा गृहिणां कूपोदाहरणात् स्नानादि युक्तमेवं यतेरपि तद्युक्तमेव, एवं च कथं स्नानादौ यतिर्नाधिकारी । इति पूर्वपक्षः । अत्रोच्यते, यतयो हि सर्वथा सावद्यव्यापारान्निवृत्ताः, ततश्च कूपोदाहरणेनापि तत्र प्रवर्तमानानां तेषामवद्यमेव चित्ते स्फुरति न धर्मः तत्र सदैव शुभध्यानादिभिः प्रवृत्तत्वात्, गृहस्थास्तु सावद्ये स्वभावतः सततमेव प्रवृत्ता न पुनर्जिनार्चनादिद्वारेण स्वपरोपकारात्मके धर्मे, तेन तेषां तत्र प्रवर्तमानानां स एव चित्ते लगति न पुनरवद्यमिति कर्तृ-परिणामवशादधिकारीतरौ मन्तव्याविति स्नानादौ गृहस्थ एवाधिकारी न यतिरिति । आगमोऽप्येवं व्यवस्थितः । यदाह-''छज्जीवकायसंजमो, दव्वत्थए सो विरुज्झए

१९. श्रूयते दुर्गतिनारी, जगद्गुरोः सिन्दुवारकुसुमैः । पूजाप्रणिधानेन, उपपन्ना त्रिदशलोके ॥१॥

२०. चोदयति चैत्येभ्यो, रूप्यसुवर्णादि ग्रामगवादि । लग(मार्गय)तो मुनेः, त्रिकरणशुद्धिः कथं नु भवेत् ? ॥१॥

२१. भण्यतेऽत्र विभाषा, य एतानि स्वयं विमार्गयेत् । नैव तस्य भवेच्छुद्धिरथ कश्चिद्धरेदेतानि ॥२॥

२२. सर्वस्थाम्ना तत्र, सङ्घेन भवति लगितव्यं तु । सचारित्राचारित्रिणां एतत् सर्वेषां कार्यं तु ॥३॥

कसिणो । तो कसिणसंजमविऊ, पुप्फाईयं न इच्छन्ति[२३]॥१॥ अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो ॥ संसारपयणुकरणे, दव्वत्थए कूवदिट्ठंतो[२४] ॥२॥ तथा द्रव्यस्तवरूपत्वात् पूजायाः, तस्य च भावस्तवहेतुत्वात्प्रधानत्वाच्च यतीनां न द्रव्यस्तवेऽधिकारः । अत एव सामायिकस्थः श्रावकोऽप्यनधिकारी, तस्यापि सावद्यनिवृत्ततया भावस्तवारूढत्वेन श्रमणकल्पत्वात् । अत एव गृहिणोऽपि प्रकृत्या पृथिव्याद्युपमर्दनभीरोर्यतनावतः सावद्ये संक्षेपरुचेर्यतिक्रियानुरागिणो न धर्मार्थं सावद्यारम्भप्रवृत्तिर्युक्ता । यदाह- "असदारम्भपवत्तो, जं च गिही तेण तेसि विन्नेया । तन्निव्वित्तिफलच्चिय, एसा परिभावणीयमिणं[२५] ॥१॥" न चायमनन्तरोदितोऽसदारम्भप्रवृत्तस्तत्कथं तस्य तन्निवृत्तिफलत्वेन स्नानादौ सावद्यारम्भे प्रवृत्तिर्युक्ता । अतः स्थितमिदं न सर्व एव सर्वस्याधिकारी, किन्तु य एवैकत्राधिकारी स एवान्यत्रानधिकारीति ॥५॥

## પ્રધાન દ્રવ્ય સ્નાનના અધિકારી

**જો દ્રવ્યસ્નાન ભાવશુદ્ધિનું નિમિત્ત હોવાથી સુંદર છે તો મલિનારંભી દ્રવ્યસ્નાન કરે એમ શા માટે કહ્યું ? કારણ કે અમલિન આરંભવાળાને પણ દ્રવ્યસ્નાન તે જ પ્રમાણે સુંદર છે. આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** શાસ્ત્રમાં ધર્મક્રિયા કરનારા જીવોની યોગ્યતાની અપેક્ષાએ ધર્મના દ્રવ્યપૂજા અને ભાવપૂજા રૂપ અનુષ્ઠાનોની સમ્યગ્ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા ગુણ અને દોષને આશ્રયીને રોગની ચિકિત્સાની વ્યવસ્થા સમાન જાણવી. (૫)

**ટીકાર્થ—શાસ્ત્રમાં=**સુનિશ્ચિત આપ્તના આગમમાં

શાસ્ત્રમાં ધર્મક્રિયા કરનારા જીવોની યોગ્યતાની અપેક્ષાએ સમ્યગ્વ્યવસ્થા કરવામાં આવી છે, ગમે તે રીતે નહિ.

**ગુણ-દોષને આશ્રયીને—** અહીં ભાવના આ છે- જેમ વ્યાધિની ચિકિત્સા રોગીની અપેક્ષાએ ગુણકારી અને દોષકારી બને છે તેમ મલિનારંભી અને નિર્મલારંભી ધર્મકર્તાની અપેક્ષાએ દ્રવ્ય સ્નાન અને ભાવ સ્નાન રૂપ ધર્મસાધન ગુણકારી અને દોષકારી બને છે. દ્રવ્યસ્નાન મલિનારંભીને જ ગુણકારી બને છે, નિર્મલારંભીને નહિ એવો અહીં ભાવ છે. કારણ કે મલિનારંભી દેવતાની પૂજા માટે સ્નાન વગેરેમાં અધિકારી છે, નિર્મલારંભી અધિકારી નથી.

કેટલાકો કહે છે કે મલિનારંભી પણ અહીં સ્નાન આદિમાં અધિકારી નથી. કારણ કે આ જ ગ્રંથકાર હવે પછી આ પ્રમાણે કહેશે-**"જે ધર્મ માટે ધન મેળવવાની પ્રવૃત્તિ કરે છે એના કરતાં તે ધન મેળવવાની પ્રવૃત્તિ ન કરે એ જ શ્રેષ્ઠ છે. પ્રથમ શરીરને કાદવથી ખરડવું, પછી પાણીથી ધોવું, એના કરતાં તો શરીરને કાદવથી ન ખરડવું એ જ શ્રેષ્ઠ છે."** (અગ્નિકારિકા અષ્ટક ગાથા-૬) આનાથી ધર્મ માટે સાવદ્ય (=પાપવાળી) પ્રવૃત્તિનો નિષેધ કર્યો છે. તથા આગળ કહેશે કે **"ન્યાયના દ્રવ્યથી મેળવેલા અને દેશકાળ પ્રમાણે ઉત્તમ, મધ્યમ કે જઘન્ય જેવાં મળે તેવાં પુષ્પોથી પૂજા કરવી જોઇએ."** આનાથી પુષ્પોને તોડવાનો અને દેવસંબંધી (=દેવ પૂજા માટે) બગીચાનો અભાવ જણાવ્યો છે.

---

२३. षड्जीवकायसंयमो द्रव्यस्तवे स विरुध्यते कृत्स्नः । तस्मात् कृत्स्नसंयमविदः पुष्पादिकं नेच्छन्ति ॥१॥

२४. अकृत्स्नप्रवर्तकानां विरताविरतानामेष खलु युक्तः । संसारप्रतनुकरणे द्रव्यस्तवे कूपदृष्टान्तः ॥१॥

२५. असदारम्भप्रवृत्ता यच्च गृहिणस्तेन तेषां विज्ञेया । तन्निवृत्तिफलैवैषा परिभावनीयमिदम् ॥२॥

આ પ્રલાપ બરાબર નથી. કારણ કે દેવપૂજા માટે સ્નાનનો વિધેયપણે (=કરવા યોગ્ય તરીકે) ઉપદેશ આપ્યો જ છે. કહ્યું છે કે-"**દ્રવ્યથી અને ભાવથી પવિત્ર બનીને જિનપૂજા કરવી જોઇએ. સ્નાન કરીને શુદ્ધ વસ્ત્રો પહેરવાં એ દ્રવ્યથી શુદ્ધિ છે. અવસ્થાને ઉચિત વિશુદ્ધવૃત્તિથી (=ન્યાયથી) મેળવેલા ધનથી પૂજા કરવી એ ભાવથી શુદ્ધિ છે.**" (પૂજા વિધિ પંચાશક ગાથા-૯)

**પૂર્વપક્ષ**— આ ઉપદેશ (=સ્નાનથી શુદ્ધ બનીને જિનપૂજા કરવાનો ઉપદેશ) પ્રાસંગિક સ્નાનની અપેક્ષાએ છે, પણ દેવની પૂજા માટે નથી. (અહીં ભાવ એ છે કે જો સ્નાન કરે તો જિનપૂજા કરે, પણ દેવપૂજા માટે સ્નાન ન કરે.)

**ઉત્તરપક્ષ**— આ પણ કથન યુક્ત નથી. જો આ ઉપદેશ પ્રાસંગિક હોય તો જ્યારે પણ સ્નાન કર્યું હોય ત્યારે દેવપૂજા કરે એવો ઉપદેશ કર્યો હોય, પણ નિત્ય કર્તવ્ય તરીકે ઉપદેશ કર્યો ન હોય. જિનપૂજા કરવી એ નિત્ય કર્તવ્ય છે. કહ્યું છે કે-"**વિધિપૂર્વક ત્રિકાળ જિનપૂજા કરીને ચૈત્યોને વંદન (=ચૈત્યવંદન) કરે.**"

વળી **ધર્માર્થં** ઇત્યાદિ શ્લોકથી ધર્મ માટે સાવદ્ય (=પાપવાળી) પ્રવૃત્તિ કરવાનો નિષેધ કર્યો છે એમ જે કહ્યું તે સત્ય છે. પણ તે નિષેધ કેવલ સર્વવિરતિવાળા સાધુઓની અપેક્ષાએ છે. કારણ કે તે શ્લોક સર્વવિરતિના અધિકારમાં કહ્યો છે. ગૃહસ્થની અપેક્ષાએ તો (ધર્મ માટે) સાવદ્ય પ્રવૃત્તિવિશેષની અનુજ્ઞા આપી જ છે. કહ્યું છે કે-"**દ્રવ્યસ્તવમાં[1] કૂવાનું દૃષ્ટાંત છે.**" (પંચવસ્તુક ગાથા-૧૨૨૪)

તથા કોઇક વેપાર વગેરે સાવદ્ય પ્રવૃત્તિ પણ કોઇકને દુષ્ટ નથી. કારણ કે એ પ્રવૃત્તિ વિષયવિશેષ પ્રત્યે પક્ષપાતરૂપ હોવાથી પાપક્ષયનો અને ગુણબીજના લાભનો હેતુ છે. જેમ કે સંકાશશ્રાવક. સંકાશ શ્રાવકે પ્રમાદથી ચૈત્યદ્રવ્યનું ભક્ષણ કર્યું. આના કારણે લાભાંતરાય વગેરે ક્લિષ્ટ કર્મો બાંધ્યાં. એથી દુરંત સંસારરૂપ જંગલમાં લાંબા કાળ સુધી ભમ્યો. અનંતકાળ પછી તે મનુષ્ય ભવને પામ્યો. તે ભવમાં તે દરિદ્ર મનુષ્યોમાં અગ્રેસર બન્યો. સર્વજ્ઞની પાસે તેણે પોતાના પૂર્વભવનો વૃત્તાંત જાણ્યો. દરિદ્રતાનું કારણ એવાં કર્મોને ખપાવવા માટે તેણે સર્વજ્ઞના ઉપદેશથી હું જે ધન મેળવીશ તે ધનને ભોજન-વસ્ત્ર સિવાય જિનમંદિર આદિમાં વાપરીશ એવો અભિગ્રહ ગ્રહણ કર્યો. સમય જતાં તે મોક્ષને પામ્યો.

**પૂર્વપક્ષ**— સંકાશ માટે આ યોગ્ય છે. કારણ કે તેનાં કર્મોનો ક્ષય તે રીતે થઇ શકે તેમ હતો. પણ અન્યને ધર્મ માટે સાવદ્યપ્રવૃત્તિ યોગ્ય નથી.

**ઉત્તરપક્ષ**— એમ ન કહેવું. કારણ કે જે પ્રવૃત્તિ સર્વથા જ અશુભ હોય તે વિશિષ્ટ નિર્જરાનું કારણ ન બને. (અહીં આશય એ છે કે-જો સંકાશ શ્રાવકની ધન મેળવવાની પ્રવૃત્તિ સર્વથા જ અશુભ હોત તો વિશિષ્ટ નિર્જરાનું કારણ ન બનત. માટે તેની ધન મેળવવાની પ્રવૃત્તિ સર્વથા અશુભ ન હતી. એ રીતે ધર્મ માટે થતી પાપ પ્રવૃત્તિ સર્વથા અશુભ નથી.)

વળી "**शुद्धागमैर्यथालाभम्**" ઇત્યાદિ જે કહેવામાં આવશે તે સ્વયં પુષ્પોને તોડવાનો નિષેધ કરવા માટે નથી. કિંતુ પૂજાનો કાળ થયે છતે પુષ્પો લાવનાર માળી આગળ જિનદર્શનની પ્રભાવના થાય એ માટે વણિકકળા ન કરવી, અર્થાત્ માળીને છેતરવો નહિ એવું કહેવા માટે છે. અન્યથા "**સિંદુવારના (=નગોડના કે જાસુદના)**

૧. અહીં પૂર્ણગાથા આ પ્રમાણે છે–

**अकसिणपवत्तयाणं विरयाविरयाण एस खलु जुत्तो । संसारपयणुकरणो दव्वथए कूवदिट्ठंतो ॥** (પંચવસ્તુક ગાથા-૧૨૨૪)

**પુષ્પોથી હું જિનપૂજા કરું એવા સંકલ્પ માત્રથી (=ભાવના માત્રથી) દરિદ્ર વૃદ્ધા મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થઇ.** (પૂજા પંચાશક ગાથા-૪૯) આવું જે વચન સંભળાય છે તેનો વિરોધ થાય. કારણ કે વૃદ્ધાએ જેવાં મળ્યાં તેવાં પુષ્પો લીધાં ન હતાં તથા ન્યાયથી મેળવેલા ધનથી લીધાં ન હતાં.

**વળી—** ચૈત્યના નિર્વાહ માટે ગામ વગેરે રાખવાનું પ્રતિપાદન કર્યું હોવાથી બગીચા વગેરેનો અભાવ (=બગીચો વગેરે ન કરવું તેમ) કહ્યો નથી. કહ્યું છે કે **"અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે જિનમંદિરના ખેતર, સુવર્ણ વગેરે, ગામ અને પહાડ વગેરેની સાર સંભાળ રાખનારા સાધુને મન-વચન-કાયાની શુદ્ધિ કેમ હોય ?" (૧) "શિષ્યે કહેલા પ્રશ્નનો ઉત્તર કહેવાય છે-જિનમંદિરના ખેતર વગેરેની સાર સંભાળ રાખનારા સાધુને મન-વચન-કાયાની શુદ્ધિ હોય પણ ખરી, અને ન પણ હોય. જો સાધુ સ્વયં જિનમંદિર માટે નવા ખેતર વગેરેની શોધ કરે કે માગણી કરે તો સાધુને મન-વચન-કાયાની શુદ્ધિ ન હોય. પણ જો જિનમંદિરના ખેતર વગેરેને કોઇ પડાવી લે=પોતાનું કરી લે તો (૨) સર્વ શક્તિથી સંઘે તેની શોધ=રક્ષા કરવી જોઇએ. જિનમંદિરના ખેતર વગેરેને કોઇ પડાવી લે ત્યારે તેની રક્ષા કરવી એ સચારિત્રી અને અચારિત્રી એ બધાનું કર્તવ્ય છે."** (શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ ગાથા ૨૭ની ટીકા)

આ પ્રમાણે મલિનારંભીને ધર્મ માટે સ્નાન વગેરે વિરુદ્ધ નથી એ નિશ્ચિત થયું.

**પ્રશ્ન—** સાધુ દ્રવ્યપૂજાનો અધિકારી કેમ નથી ? કારણ કે ગૃહસ્થ-સાધુ એ બંનેને કર્મરૂપ વ્યાધિ એક છે. તેથી કર્મરૂપ વ્યાધિનો પ્રતિકાર પણ પૂજાદિરૂપ સમાન જ થાય. તેથી જો એકને અધિકાર છે તો બીજાને અધિકાર કેમ નથી ?

કદાચ અહીં તમે કહો કે-**"બ્રહ્મચારીઓ સ્નાન, ઉદ્વર્તન (=સુગંધી પદાર્થોનું વિલેપન), અભ્યંગ (=શરીરે તેલ વગેરેનું મર્દન), નખ-કેશ આદિને સંસ્કારિત કરવા, ગંધમાલ્ય (=સુગંધી પુષ્પમાળા), અને ધૂપનો ત્યાગ કરે છે."** એ વચનથી સાધુને સ્નાનમાં અધિકાર નથી, તથા દેવપૂજા સ્નાનપૂર્વક હોવાથી દેવપૂજામાં પણ અધિકાર નથી. તમારું આ કથન પણ બરોબર નથી. કારણ કે સાધુને શરીરવિભૂષા કરવા માટે જ સ્નાનનો નિષેધ છે. (પણ પૂજા માટે સ્નાનનો નિષેધ નથી.)

કદાચ તમે કહો કે પાપથી નિવૃત્ત થયો હોવાથી સાધુ પૂજાનો અધિકારી નથી. તો અમારો પ્રશ્ન છે કે સાધુ પાપથી નિવૃત્ત થયો તેથી કયો દોષ છે કે જેથી સ્નાન કરીને દેવપૂજા ન કરે ?

હવે જો તમે એમ કહો કે જો સ્નાનપૂર્વક દેવપૂજા કરવામાં આવે તો પાપનો યોગ થાય, તો પાપનો યોગ ગૃહસ્થોને પણ સમાન છે. એથી તેણે પણ પૂજા ન કરવી જોઇએ.

હવે જો તમે એમ કહો કે ગૃહસ્થ કુટુંબ વગેરે માટે પાપમાં પ્રવૃત્ત થાય છે તેથી સ્નાનાદિમાં પ્રવૃત્ત થાઓ, સાધુ તો કુટુંબ આદિ માટે પાપમાં પ્રવૃત્ત ન થયો હોવાથી સ્નાનાદિમાં કેવી રીતે પ્રવર્તે ? આ અંગે અમે કહીએ છીએ કે જો કે ગૃહસ્થ કુટુંબ વગેરે માટે પાપમાં પ્રવર્તે છે, તો પણ તેણે ધર્મ માટે (સ્નાનાદિ રૂપ) પાપમાં ન પ્રવર્તવું જોઇએ. કારણ કે એક પાપ આચર્યું તેથી બીજું પણ પાપ આચરવું જોઇએ એવું નથી.

હવે જો તમે એમ કહો કે કૂવાના દૃષ્ટાંતથી પૂજાદિના નિમિત્તે થયેલા આરંભ દોષની શુદ્ધિ કરીને અન્ય ગુણોને મેળવે છે, તેથી ગૃહસ્થને સ્નાન-પૂજાદિ યુક્ત છે. આ વિષે અમે કહીએ છીએ કે જેવી રીતે કૂવાના

ઉદાહરણથી ગૃહસ્થોને સ્નાનાદિ યુક્ત છે એ પ્રમાણે સાધુને પણ તે યુક્ત જ છે. આ પ્રમાણે સાધુ સ્નાનાદિમાં અધિકારી કેવી રીતે નથી ?

ઉત્તર— સાધુઓ સાવદ્ય વ્યાપારથી સર્વથા નિવૃત્ત થયેલા છે. તેથી કૂવાના ઉદાહરણથી પણ સ્નાનાદિમાં પ્રવર્તતા તેમના ચિત્તમાં પાપ જ સ્ફૂરે છે, ધર્મ નહિ. કારણ કે સાધુઓ ધર્મમાં ધર્મધ્યાન આદિથી સદા જ પ્રવર્તેલા છે. ગૃહસ્થો તો સ્વભાવથી સતત જ પાપમાં પ્રવર્તેલા છે, સ્વપરના ઉપકાર સ્વરૂપ (=સ્વપરનો ઉપકાર કરનાર) ધર્મમાં જિનપૂજા આદિ દ્વારા સ્વભાવથી સતત જ પ્રવર્તેલા નથી. તેથી જિનપૂજા આદિ દ્વારા ધર્મમાં પ્રવર્તતા તેમના ચિત્તમાં ધર્મ જ લાગેલો હોય છે=ધર્મ જ સ્ફુરતો હોય છે, નહિ કે પાપ. આ પ્રમાણે ધર્મ કરનારના પરિણામની અપેક્ષાએ અધિકારી જાણવા. આ પ્રમાણે સ્નાનાદિમાં ગૃહસ્થ જ અધિકારી છે, સાધુ નહિ. આગમ પણ આ પ્રમાણે નક્કી કરાયેલો છે, અર્થાત્ આગમમાં પણ આ પ્રમાણે વ્યવસ્થા કરાયેલી છે. કહ્યું છે કે-"**છ જીવનિકાયના સંઘટ્ટનાદિના ત્યાગરૂપ સંયમમાં છજીવનિકાયના જીવોનું હિત છે. દ્રવ્યસ્તવમાં પુષ્પાદિને ચુંટવા આદિથી સંયમનું પૂર્ણ પાલન થતું નથી. આથી સંપૂર્ણ સંયમને પ્રધાન સમજનારા સાધુઓને પુષ્પ વગેરે દ્રવ્યસ્તવ ઇષ્ટ નથી.**" (આવશ્યક સૂત્ર ભાષ્યગાથા ૧૯૫) "**અપૂર્ણ સંયમવાળા દેશવિરતિ શ્રાવકોને સંસાર ઘટાડનાર દ્રવ્ય પૂજન કરવા યોગ્ય જ છે.**

**પ્રશ્ન— દ્રવ્ય સ્તવ કંઇક સાવદ્ય (=પાપયુક્ત) હોવાથી શ્રાવકોને પણ કરવા યોગ્ય કેમ ગણાય ?**

**ઉત્તર— દોષિત પણ પ્રવૃત્તિ જો પરિણામે અધિક લાભનું કારણ બને તો તે કરણીય બને છે. આ વિષયના બોધ માટે દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાંત છે.**" (આવશ્યક સામાયિક અધ્યયન ભાષ્ય ગાથા-૧૯૬)

તથા પૂજા દ્રવ્યસ્તવરૂપ છે. દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ છે. તથા ભાવ સ્તવ પ્રધાન છે. આથી સાધુઓને દ્રવ્યસ્તવમાં અધિકાર નથી. આથી જ સામાયિકમાં રહેલો શ્રાવક પણ દ્રવ્યસ્તવનો અધિકારી નથી. કારણ કે સામાયિકમાં રહેલ શ્રાવક પણ ભાવસ્તવમાં આરૂઢ થયેલો હોવાથી સાધુ જેવો છે. આથી જ સ્વભાવથી જ પૃથ્વી આદિના ઉપમર્દનમાં (=પીડામાં કે વિનાશમાં) ભીરુ, યતનાવાળા, સાવદ્યમાં સંક્ષેપની રુચિવાળા અને સાધુક્રિયાના અનુરાગી એવા ગૃહસ્થને પણ ધર્મ માટે સાવદ્યના આરંભવાળી પ્રવૃત્તિ યુક્ત નથી. કહ્યું છે કે-"**ગૃહસ્થો માટે જિનપૂજા નિર્દોષ છે. એનું કારણ એ છે કે ગૃહસ્થો ખેતી વગેરે અસદ્ આરંભમાં પ્રવૃત્તિ કરે છે, જ્યારે જિનપૂજાથી એ અસદ્ આરંભની નિવૃત્તિ થાય છે. જિનપૂજાથી અસદ્ આરંભની નિવૃત્તિ કાલાંતરે અને વર્તમાન કાળે એમ બે રીતે થાય છે.**

**(૧) જિનપૂજાથી થતી અતિશય ભાવવિશુદ્ધિથી સમય જતાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થવાથી ચારિત્રની પ્રાપ્તિ થતાં સર્વથા અસદ્ આરંભની નિવૃત્તિ થાય છે.**

**(૨) તથા જિનપૂજા થાય છે ત્યારે પણ જેટલો સમય જિનપૂજા થાય છે તેટલો સમય સંસારના અન્ય અસદ્ આરંભો થતા નથી. અને શુભભાવ થાય તે નફામાં. આથી જિનપૂજા દોષિત છે એમ કહેનારે જિનપૂજાથી અસદ્ આરંભની નિવૃત્તિ થાય છે એ વાત બરોબર વિચારવી, જેથી તેનો બોધ થાય અને તે જ પ્રમાણે સ્વીકાર કરી શકાય**" (પૂજા પંચાશક-૪૩)

હમણાં જ કહેલો સાધુ (અને સ્વભાવથી પૃથ્વી આદિના ઉપમર્દનમાં ભીરુ વગેરે ગુણોથી યુક્ત શ્રાવક) અસદ્ આરંભમાં પ્રવૃત્ત નથી. દ્રવ્યસ્તવનું અસદ્ આરંભની નિવૃત્તિરૂપ ફળ હોવાથી સાધુને સ્નાનાદિ સાવદ્ય

આરંભમાં પ્રવૃત્તિ કેવી રીતે યુક્ત હોય ? અર્થાત્ ન હોય. આથી આ નક્કી થયું કે બધા જ સર્વ અનુષ્ઠાનના અધિકારી નથી, કિંતુ જે એક અનુષ્ઠાનમાં અધિકારી છે તે જ બીજા અનુષ્ઠાનમાં અધિકારી નથી. (૫)

**अथ भावस्नानप्रतिपादनायाह—**

**ध्यानाम्भसा तु जीवस्य, सदा यच्छुद्धिकारणं ।**
**मलं कर्म समाश्रित्य, भावस्नानं तदुच्यते ॥६॥**

**वृत्तिः—'ध्यानं' शुभचित्तैकाग्रतालक्षणं धर्मादि, तदेव 'अम्भो' जलं 'ध्यानाम्भः' तेन, 'तु' शब्द पुनरर्थः, स च द्रव्यस्नानभावस्नानयोर्विपर्ययलक्षणविशेषाभिधानार्थः, 'जीवस्य' आत्मनः 'सदा' सर्वकालम्, 'यद्' इति स्नानम्, 'शुद्धिकारणं' निर्मलत्वहेतुः, 'तद्भावस्नानमुच्यते' इति सम्बन्धः । प्रक्षालनीयप्रदर्शनायाह- 'मलं' मालिन्यनिबन्धनम्, 'कर्म' ज्ञानावरणादिलक्षणम्, 'समाश्रित्य' अङ्गीकृत्य, 'भावान्' ध्यानादीनाश्रित्य 'भावतो'वा परमार्थतः स्नानं 'भावस्नानं' 'तद्' इत्येवम्भूतम्, 'उच्यते' तत्स्वरूपविद्भिरभिधीयत इति ॥६॥**

## ભાવસ્નાન

**હવે ભાવસ્નાનનું પ્રતિપાદન કરવા માટે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે સ્નાન ધ્યાનરૂપ પાણીથી સદા માટે આત્મશુદ્ધિનું કારણ બને છે તે કર્મમલને આશ્રયીને (=કર્મરૂપ ભાવમલને દૂર કરનાર હોવાથી) ભાવસ્નાન કહેવાય છે. (૬)

**ટીકાર્થ—ધ્યાન—** ધ્યાન એટલે શુભ ચિત્તની (કોઇ એક વિષયમાં) એકાગ્રતારૂપ ધર્મધ્યાન વગેરે.

**કર્મમલ—** જ્ઞાનાવરણીય આદિ કર્મ મલિનતાનું કારણ હોવાથી મલ કહેવાય છે.

**ભાવસ્નાન—** ધ્યાન વગેરે ભાવોને આશ્રયીને થતું સ્નાન ભાવસ્નાન છે. અથવા ભાવથી=પરમાર્થથી સ્નાન તે ભાવસ્નાન.

**કહેવાય છે—** ભાવસ્નાનના સ્વરૂપને જાણનારાઓ વડે ભાવસ્નાન કહેવાય છે.

મૂળ ગાથામાં રહેલ 'તુ' શબ્દનો 'વિશેષ' અર્થ છે. તેનો પ્રયોગ દ્રવ્ય સ્નાન અને ભાવસ્નાન એ બે ઊલટા છે, (=એક સાવદ્ય છે અને એક નિરવદ્ય છે એમ ઊલટા છે,) એવી વિશેષતા કહેવા માટે છે. (૬)

**अस्यैव कारकभेदेनोत्तमानुत्तमस्वरूपतामाह—**

**ऋषीणामुत्तमं ह्येत-न्निर्दिष्टं परमर्षिभिः ।**
**हिंसादोषनिवृत्तानां व्रतशीलविवर्धनम् ॥७॥**

**वृत्तिः— पश्यन्ति यथावद्वस्त्विति 'ऋषयो' मुनयस्तेषाम्, 'हि' शब्दोऽवधारणार्थस्तेन ऋषीणामेव, 'उत्तमं' प्रधानम्, 'एतत्' भावस्नानम्, 'निर्दिष्टं' प्रतिपादितम्, 'परमर्षिभिः' मुनिपुङ्गवैः, सर्वज्ञैरित्यर्थः ।**

ऋषीणामुत्तममिति विशेषणसामर्थ्यादन्येषां त्वनुत्तममेव तदिति सिद्धम्, तेषां विशिष्टधर्मध्यानाभावादिति । अथवा 'ऋषीणामुत्तममेतदेव' इत्येवमवधारणं द्रष्टव्यम्, ततश्चोत्तमत्वात्तदेव तेषां विधेयं न तु देवार्चनार्थं द्रव्यस्नानमपि । किम्भूतानामृषीणामित्याह- 'हिंसा' प्रमत्तयोगात्प्राणव्यपरोपणं, स एव 'दोषो' दूषणं, हिंसादोषस्ततो 'निवृत्ता' उपरता ये ते तथा, तेषां 'हिंसादोषनिवृत्तानाम्' । ननु ऋषय एवंविधा एव भवन्तीति विशेषणमिदमनर्थकम् । नैवं हेतुतयास्योपन्यासात् । ततश्च ऋषीणामुत्तममिदं हिंसादोषनिवृत्तत्वादिति वाक्यार्थः स्यात् । किम्भूतमिदमित्याह- 'व्रतानि' महाव्रतानि, 'शीलञ्च' समाधिः, अथवा व्रतानि मूलगुणाः शील-मुत्तरगुणास्तेषां विशेषेण 'वर्धनं' वृद्धिकारणं 'व्रतशीलविवर्धनम्', भावस्नानं हि धर्मशुक्लध्यानरूपं तच्चैतद्विवर्धनं भवत्येवेति ॥७॥

## ભાવસ્નાનના અધિકારી

**સ્નાનના જ સ્નાન કરનારના ભેદથી પ્રધાન અને અપ્રધાન સ્વરૂપને કહે છે—**

**શ્લોકાર્થ—** વ્રત-શીલની વિશેષથી વૃદ્ધિનું કારણ એવું ભાવસ્નાન હિંસા દોષથી નિવૃત્ત ઋષિઓને જ પ્રધાન હોય છે એમ સર્વજ્ઞોએ કહ્યું છે. (૭)

**ટીકાર્થ— વ્રત-શીલ—** વ્રત=મહાવ્રતો. શીલ=સમાધિ. અથવા વ્રત=મૂલગુણો. શીલ=ઉત્તરગુણો. ભાવસ્નાન ધર્મ-શુક્લધ્યાનરૂપ છે. ધર્મ-શુક્લધ્યાન વ્રત-શીલની વિશેષથી વૃદ્ધિનું કારણ થાય જ છે.

**હિંસાદોષથી નિવૃત્ત—** પ્રમાદના યોગથી જીવોના પ્રાણનો નાશ એ હિંસા છે. ઋષિઓ આવી હિંસારૂપ દોષથી નિવૃત્ત થયેલા હોય છે.

**પૂર્વપક્ષ—** ઋષિઓ હિંસારૂપ દોષથી નિવૃત્ત થયેલા જ હોય છે. આથી ઋષિઓનું "હિંસાદોષથી નિવૃત્ત" એવું વિશેષણ નિરર્થક છે.

**ઉત્તરપક્ષ—** ઋષિઓને પ્રધાન ભાવસ્નાન કેમ હોય છે એનું કારણ જણાવવા માટે "હિંસાદોષથી નિવૃત્ત" એવું વિશેષણ છે. તેથી વાક્યાર્થ આ પ્રમાણે થાય- મુનિઓને ભાવસ્નાન પ્રધાન હોય છે. કારણ કે મુનિઓ હિંસાદોષથી નિવૃત્ત થયેલા છે. ઋષિઓને 'પ્રધાન' ભાવસ્નાન હોય છે, એવા વિશેષણના સામર્થ્યથી બીજાઓને અપ્રધાન ભાવસ્નાન હોય છે એમ સિદ્ધ થયું. કેમકે બીજાઓને વિશિષ્ટ ધર્મધ્યાનનો અભાવ હોય છે.

અથવા અવધારણ (=જકાર) અર્થવાળા **हि** શબ્દનો અન્વય આ પ્રમાણે કરવો- મુનિઓને પ્રધાન સ્નાન આ (ભાવસ્નાન) જ હોય છે. તેથી ભાવસ્નાન પ્રધાન હોવાથી મુનિઓએ ભાવસ્નાન જ કરવું જોઇએ, નહિ કે દેવપૂજા માટે દ્રવ્યસ્નાન પણ.

**ઋષિઓ—** યથાવદ્ વસ્તુને જુએ તે ઋષિ. ઋષિઓ=મુનિઓ. (૭)

**उपसंहरन्नाह—**

**स्नात्वानेन यथायोगं, निःशेषमलवर्जितः ।**
**भूयो न लिप्यते तेन, स्नातकः परमार्थतः ॥८॥**

वृत्तिः—'स्नात्वा' शौचं विधाय, 'अनेन' भावहेतुद्रव्यस्नानेन भावस्नानेन च, 'यथायोगं' यथासंबन्धं द्रव्यस्नानेन मलिनारम्भी भावस्नानेन चेतरः, 'निःशेषमलवर्जितः' पारम्पर्येण साक्षाच्च सकलकर्ममलमुक्तो भवतीति शेषः, शेषकरणं विना एककर्तृकत्वाभावात् क्त्वाप्रत्ययो न स्यादिति शेषः कृत इति । एवम्भूतश्च सन् 'भूयः' पुनरपि, 'न लिप्यते' नोपदिह्यते, 'तेन' कर्ममलेन, एवं च 'स्नातकः' स्नातः 'परमार्थतो' वस्तुवृत्त्या भवति । स्नानान्तरस्नातस्तु परमार्थतः स्नातो न भवति विवक्षितमलविगमाभावात् पुनर्मलोपलेपनाच्चेति । ततो हे कुतीर्थिका ! यदि यूयमक्षेपेण पारमार्थिक(परमार्थतः) स्नातका भवितुमिच्छथ तदा भावस्नानेनैव स्नात, मा द्रव्यस्नानेन, मलिनारम्भिणामेव तस्योक्तत्वादिति हृदयम् । अथवा एवं व्याख्या- 'स्नात्वा अनेन' इत्यनन्तरोक्तभावस्नानेन 'यथायोगं' यथायुक्ति, 'निःशेषमलवर्जितः' सन्, 'भूयो न लिप्यते तेन' कोऽसावित्याह- 'स्नातकः परमार्थतः' पारमार्थिकस्नातक इत्यर्थः । इह च क्त्वाप्रत्ययो रूढिवशादिति ॥८॥

॥ द्वितीयाष्टकविवरणं समाप्तम् ॥२॥

## યોગ્યતા પ્રમાણે બંને સ્નાનો ગુણકારી છે.

**ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** યથાયોગ ભાવહેતુદ્રવ્યસ્નાનથી અને ભાવસ્નાનથી સ્નાન કરીને (=શુદ્ધિ કરીને) સાક્ષાત્ કે પરંપરાએ સકલ કર્મરૂપ મલથી મુક્ત થાય છે. આવા પ્રકારનો થયેલો તે ફરી કર્મમલથી લેપાતો નથી. આ રીતે પરમાર્થથી સ્નાતક થાય છે. (૮)

**ટીકાર્થ—યથાયોગ—** યથાયોગ એટલે યથાસંબંધ. મલિનારંભી દ્રવ્ય સ્નાનથી અને નિર્મલારંભી ભાવસ્નાનથી સ્નાન કરે તે યથાયોગ છે.

**પરમાર્થથી—** વાસ્તવિક રીતે.

**સ્નાતક—** સ્નાન કરેલો.

ભાવહેતુદ્રવ્યસ્નાન અને ભાવસ્નાન સિવાય અન્ય સ્નાનથી સ્નાન કરેલો જીવ પરમાર્થથી સ્નાતક થતો નથી. કારણ કે વિવક્ષિત મલ (=કર્મમલ)નો નાશ થતો નથી અને ફરી મલથી લેપાય છે. તેથી હે કુતીર્થિકો ! જો તમે જલદી પરમાર્થથી સ્નાતક થવા ઇચ્છો છો તો ભાવસ્નાનથી જ સ્નાન કરો, દ્રવ્ય સ્નાનથી સ્નાન ન કરો. કારણ કે મલિનારંભીઓને જ દ્રવ્યસ્નાન કરવાનું કહ્યું છે. આવો અહીં ભાવ છે.

અહીં **भवति** એવું ક્રિયાપદ શેષ છે. જો શેષ ન કરવામાં આવે તો બે ક્રિયાનો એક કર્તા ન થવાથી **स्नात्वा** એ રીતે **क्त्वा** પ્રત્યય ન થઇ શકે. આથી અહીં **भवति** એ પ્રમાણે શેષ કરેલ છે. (જ્યાં **क्त्वा** પ્રત્યયનો પ્રયોગ થાય ત્યાં બે ક્રિયાનો એક કર્તા હોવો જોઇએ. જેમ કે **सो भुक्त्वा गृहं गतः**= તે જમીને ઘરે ગયો. અહીં જમવાની અને ઘરે જવાની એ બે ક્રિયાનો કર્તા એક છે. તેવી રીતે પ્રસ્તુતમાં સ્નાન કરવાની અને સકલકર્મરૂપ મલથી મુક્ત થવાની એ બે ક્રિયાનો કર્તા એક હોવો જોઇએ. આથી **भवति** એ પ્રમાણે શેષ કરેલ છે.)

અથવા આ શ્લોકની વ્યાખ્યા આ પ્રમાણે છે— હમણાં કહેલ ભાવસ્નાનથી સ્નાન કરીને યથાયોગ

(=સંયોગ પ્રમાણે) સઘળા મલથી રહિત થયો છતો પારમાર્થિક સ્નાતક બનેલો તે કર્મમલથી ફરી લેપાતો નથી.

**પૂર્વપક્ષ**— મૂળશ્લોકમાં **स्नात्वा** એમ **क्त्वा** પ્રત્યયની જરૂર નથી. કારણ કે **स्नात्वा** એવા પ્રયોગ વિના પણ જે કહેવાનું છે તે કહેવાઇ જાય છે.

**ઉત્તરપક્ષ**— તમારું કહેવું સાચું છે. આમ છતાં લોકમાં "આ સ્નાનથી સ્નાન કરીને" એમ બોલવાનો વ્યવહાર છે, એમ બોલવાની રૂઢિ છે. માટે **क्त्वा** પ્રત્યયનો પ્રયોગ કર્યો છે. (૮)

## બીજા સ્નાન અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ।।३।। अथ तृतीयं पूजाष्टकम् ।।

**स्नानान्तरं देवता पूजनीयेति पूजास्वरूपाभिधानायाह । तथा ये मन्यन्ते श्वेतभिक्षवो देवतामभ्युपगम्यापि न तां पूजयन्तीति तेषामनर्थकस्तदभ्युपगम इति तन्मतनिरासाय च पूजाष्टकमाह—**

**अष्टपुष्पी समाख्याता, स्वर्गमोक्षप्रसाधनी ।**
**अशुद्धेतरभेदेन, द्विधा तत्त्वार्थदर्शिभिः ।।१।।**

वृत्तिः—'अष्टौ पुष्पाणि' पूजात्वेन समाहृतानि 'अष्टपुष्पी', अथवा 'अष्टौ पुष्पाणि' कुसुमानि यस्यां पूजायां सा 'अष्टपुष्पी' च । नदादिदर्शनाच्च ईप्रत्ययः । इयं च जघन्यपदमाश्रित्योच्यते, न पुनरष्टावेव पुष्पाण्यरोपणीयानि । यद्वक्ष्यति "स्तोकैर्वा बहुभिर्वापि" (अ० ३ श्लोक २) इति । अष्टपुष्प्या च देवपूजने कारणं वक्ष्यति । द्विधेत्यस्येह सम्बन्धात् द्वाभ्यां प्रकाराभ्यां 'द्विधा' द्विप्रकारा । 'समाख्याता' सम्यगभिहिता । 'तत्त्वार्थदर्शिभिः' इतीह सम्बध्यते । तत्त्वभूता अर्था जीवादयस्तान्, तत्त्वेन वा परमार्थवृत्त्या अर्थान्पश्यन्तीत्येवंशीलास्तत्त्वार्थदर्शिनस्तैः । कथं द्विधेत्याह- 'अशुद्धेतरभेदेन' अशुद्धा च सावद्यतया इतरा च निरवद्यतया अशुद्धेतरे ताभ्यां कृत्वा तयोर्वा भेदो विलक्षणता 'अशुद्धेतरभेद' स्तेन । इह चेतराशब्दस्य पुंवद्भावो, "वृत्तिमात्रे सर्वादीनां पुंवद्भाव" इति वचनात् । फलतस्तां निरूपयन्नाह- 'स्वर्गमोक्षप्रसाधनी' आद्या देवलोकसाधनी, द्वितीया तु निर्वाणसाधनीत्यर्थः । पाठान्तरे तु स्वर्गमोक्षप्रसाधनाद्धेतोर्द्विधा, एतदेव कथम् ? अशुद्धेतरभेदेन इत्येवं पदयोजना कार्येति ।।१।।

## ત્રીજું પૂજા અષ્ટક

(અશુદ્ધ અને શુદ્ધપૂજાનું સ્વરૂપ તથા ફળ, ભાવથી ઉત્પન્ન થતાં આઠ પુષ્પો, એ પુષ્પોથી પૂજા કેવી રીતે થાય વગેરે વિષયનું આ અષ્ટકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.)

## પૂજાના પ્રકાર અને ફળ

**સ્નાન કર્યા પછી દેવ પૂજવા જોઇએ. આથી પૂજાનું સ્વરૂપ કહેવા માટે ગ્રંથકાર કહે છે- તથા જે લોકો એમ માને છે કે શ્વેત (=સફેદ વસ્ત્રધારી) ભિક્ષુઓ દેવને સ્વીકારીને પણ દેવની પૂજા કરતા નથી, માટે તેમનો દેવસ્વીકાર નિરર્થક છે, તેમના આવા મતનું નિરાકરણ કરવા માટે પૂજાષ્ટકને કહે છે—**

**શ્લોકાર્થ—** તત્ત્વાર્થદર્શીઓએ અષ્ટપુષ્પી નામની પૂજા અશુદ્ધ અને શુદ્ધ એમ બે પ્રકારની કહી છે. અશુદ્ધપૂજા સ્વર્ગને સાધી આપનારી છે. શુદ્ધપૂજા મોક્ષને સાધી આપનારી છે. (૧)

**ટીકાર્થ—તત્ત્વાર્થદર્શીઓ—** તત્ત્વભૂત જીવાદિ પદાર્થોને જોવાના સ્વભાવવાળા તત્ત્વદર્શીઓ છે. અથવા તત્ત્વથી=પરમાર્થથી પદાર્થોને જોવાના સ્વભાવવાળા તત્ત્વદર્શીઓ છે.

**અષ્ટપુષ્પી—** પૂજા માટે આઠ પુષ્પોનો સંગ્રહ કર્યો હોય તે અષ્ટપુષ્પી. અથવા જે પૂજામાં આઠ પુષ્પો હોય તે અષ્ટપુષ્પી. નદ વગેરે શબ્દગણમાં આવતા શબ્દથી સ્ત્રીલિંગમાં **ई** પ્રત્યય આવે એવો નિયમ છે. પુષ્પ શબ્દ નદ વગેરે શબ્દગણમાં જોવામાં આવતો હોવાથી પુષ્પ શબ્દને સ્ત્રીલિંગમાં **ई** પ્રત્યય આવ્યો છે. આથી **अष्टपुष्पी** એવો પ્રયોગ છે. આઠ પુષ્પોનું વિધાન જઘન્ય પદને આશ્રયીને છે, અર્થાત્ ઓછામાં ઓછા આઠ પુષ્પો[1] જોઇએ. પણ આઠ જ પુષ્પો ચઢાવવા એવો અર્થ નથી. કારણ કે હવે પછી "થોડાં અથવા ઘણાં પુષ્પોથી પૂજા કરવી જોઇએ" એમ કહેશે. તથા આઠ પુષ્પોથી દેવની પૂજા કરવાનું કારણ કહેશે.

**અશુદ્ધ પૂજા—** સાવદ્ય (=પાપયુક્ત) હોવાથી અશુદ્ધ છે.

**શુદ્ધ પૂજા—** નિરવદ્ય (=પાપરહિત) હોવાથી શુદ્ધ છે.

અહીં **अशुद्धेतरभेदेन** એ સ્થળે **इतरा** શબ્દનો "સઘળી ય વૃત્તિમાં સર્વ વગેરે શબ્દોમાં પુંવદ્ભાવ થાય" એ નિયમથી પુંલિંગમાં પ્રયોગ થયો છે. (વૃત્તિના ત્રણ પ્રકાર છે. તે આ પ્રમાણે- સમાસવૃત્તિ, તદ્ધિતવૃત્તિ, નામધાતુવૃત્તિ. સિ.હે. શ. ૧/૧/૨૫).

અહીં **स्वर्गमोक्षप्रसाधनी** એવા પાઠના સ્થાને **स्वर्गमोक्षप्रसाधनात्** એવો પાઠાંતર છે. આ પાઠાંતર પ્રમાણે પદયોજના આ પ્રમાણે છે-અષ્ટપુષ્પથી પૂજા સ્વર્ગ અને મોક્ષને સાધી આપનારી હોવાથી તત્ત્વાર્થદર્શીઓએ અશુદ્ધ અને શુદ્ધ એમ બે પ્રકારની કહી છે. (૧)

**अशुद्धां श्लोकद्वयेन तावदाह—**

**शुद्धागमैर्यथालाभं, प्रत्यग्रैः शुचिभाजनैः ।**
**स्तोकैर्वा बहुभिर्वापि, पुष्पैर्जात्यादिसम्भवैः ॥२॥**
**अष्टापायविनिर्मुक्त-तदुत्थगुणभूतये ।**
**दीयते देवदेवाय, या साऽशुद्धेत्युदाहृता ॥३॥**

**वृत्तिः—'शुद्धो' निर्दोष 'आगमः' प्राप्त्युपायो येषां तानि 'शुद्धागमानि', न्यायोपात्तवित्तेनाचौर्येण वा गृहीतानीत्यर्थः, तैः 'पुष्पैः' 'दीयते देवदेवाय या साऽशुद्धेत्युदाहृता' इति सम्बन्धः । कथं दीयते इत्याह- लाभस्यानतिक्रमेण 'यथालाभं' प्रवचनप्रभावनार्थमुदारभावेन मालिकाद्यथालाभगृहीतैर्देशकालापेक्षया चोत्तममध्यमजघन्येषु यानि लब्धानि तैः पुष्पैरिति भावना । 'प्रत्यग्रैः' अपरिम्लानैः, 'शुचिभाजनैः' पवित्रपटलकाद्याधारैः, इतरथा स्नानादिशौचमपि न मनोनिर्वृत्तिमापादयेदिति । 'स्तोकै'रल्पैः प्रत्यपायाप-**

૧. આઠ કર્મોને દૂર કરવાના હોવાથી ઓછામાં ઓછા આઠ પુષ્પોથી પૂજા કરવી જોઇએ.

गमं पुष्पदानादष्टभिरित्यर्थः । 'बहुभि'र्भूरिभिस्तदुद्देशेन बहूनां दानात् वाशब्दौ स्तोकबहुपुष्पपुञ्जयोर्बहुमानप्रधानस्य फलम्प्रत्यविशेषप्रतिपादनार्थौ । अपिशब्दश्च समुच्चयार्थ इति । 'पुष्पैः' कुसुमैः, 'जात्यादिसम्भवै' र्मालतीप्रभृतिप्रसवैरादिशब्दाद्विचकिलादिपरिग्रहः । इह कश्चिदाह- जात्यादिग्रहणं सुवर्णादिसुमनसां निषेधार्थं, जात्यादिकुसुमानि हि सकृदारोपितानि निर्माल्यमिति कृत्वा न पुनः पुनरारोप्यन्ते, सौवर्णादीनि तु पुनः पुनरारोपणीयानि भवन्ति, निर्माल्यारोपणदोषश्चैवं प्रसज्यत इति । एतच्चायुक्तम् । "कंचणमोत्तियरयणा-इदामएहिं च विविहेहिं[२६] ॥ " इत्यनेन तेषामनुज्ञातत्वात्, पुनरारोपणनिषेधे तु कः किमाह, किन्तु यदा नोत्तर्यन्ते तदा निर्माल्यारोपणदोषोऽपि न स्याज्जात्यादिकुसुमानि हि कालातिक्रमेण विगन्धीनि भवन्त्यवश्यमुत्तारणीयानि स्युः, सौवर्णादिनि तु न तथेति नावश्यमुत्तारणीयानि तथाविगन्धत्वाभावादेव तेषां पुनरारोपणेऽपि न तथाविधो दोष इति मन्यते । यदपि कैश्चिदुच्यते अलङ्कारारोपणमयुक्तं वीतरागाकारस्याभावप्राप्तेस्तदपि न युक्तम् । पुष्पारोपणेऽपि तथाप्रसङ्गात्, यथा हि आभरणानि वीतरागस्य नोपपद्यन्ते एवं पुष्पाण्यपि, उभयेषामपि सरागैराचरितत्वादिति । अष्टपुष्पीविधाने कारणमाह- अपायोऽनर्थस्तद्धेतुत्वादपाया ज्ञानावरणादयः, 'अष्टावपायाः' समाहृता 'अष्टापायं' तस्माद्विशेषेण प्रकारान्तरेणैव दग्धरज्जुकल्पकरणतः भवोपग्राहिभ्यश्चतुर्भ्य इत्यर्थः, नितरां निःसत्ताकतया चतुर्भ्य एव घातिकर्मभ्यो मुक्तोऽपेतो धात्वर्थमात्रवृत्ती वा विशब्दनिर्शब्दाविति विनिर्मुक्त इव विनिर्मुक्तोऽ'ष्टापायविनिर्मुक्त'स्तथा, तस्मादष्टापायविनिर्मोक्षणा'दुत्था' उत्थानं यस्याः सा तदुत्था गुणा अनन्तज्ञानदर्शनादयस्तेषां भूतिः प्रादुर्भावः त एव वा भूतिर्लक्ष्मीर्गुणभूतिस्तदुत्था गुणभूतिर्यस्य स तथा, 'अष्टापायविनिर्मुक्तस्तदुत्थगुणभूति'श्च यः स तथा तस्मै, यद्यपीह गुणीभूतं विनिर्मोचनं क्तप्रत्ययार्थस्यैव प्रधानत्वात्तथापि तच्छब्देन तदेव परामृश्यते वक्त्रा तथैव विवक्षितत्वात्, दृष्टश्चायं न्यायो यथा "सम्यग्ज्ञानपूर्विका सर्वपुरुषार्थसिद्धिरिति तद् व्युत्पाद्यते" इत्यादाविति । 'दीयते' वितीर्यते, 'देवदेवाय' स्तुत्यस्तुत्याय, 'या'ऽष्टपुष्पी, साऽ'शुद्धा' सावद्या, 'उदाहृता' सर्वज्ञैरभिहितेति । ननु अष्टापायविनिर्मुक्तोत्था एतद्विनिर्मोक्षणोत्था गुणभूतिर्यस्येत्यनेनैवाष्टपुष्पीनिबन्धनस्यावसीयमानत्वात् किं नु तत्शब्दोपादानेनेति ? नैवम्, अष्टापायविनिर्मुक्ताय दीयते इत्यनेनाष्टपुष्पीनिबन्धनमाह, तदुत्थगुणभूतये इत्यनेन चतुष्पुष्पिकाया अनन्तज्ञानदर्शनसुखवीर्यचतुष्टयरूपत्वादष्टकर्मविनिर्मुक्तिप्रभवगुणानाम् । अष्टापायविनिर्मुक्तायेत्यनेनैवावसितमिदमिति चेन्न, सिद्धानां हि कैश्चित्प्रकृतिवियोगात् ज्ञानाभावः शरीरमनसोरभावाद्वीर्याभावो विषयाभावाच्च सुखाभावो भाष्यते, तन्मतव्युदासार्थत्वादित्थमुपन्यासः, तदावारकक्षये हि तेषां न्यायप्राप्तत्वात् । यद्येवं ज्ञानावरणपञ्चकक्षये केवलिनो ज्ञानपञ्चकप्रसङ्गो न चेष्यते "नट्ठम्मि उ(य) छाउमत्थिए नाणे[२७] " इति वचनात् इति । नैवम्, केवलज्ञानेनैव शेषज्ञानज्ञेयस्य प्रकाशितत्वेन तेषामनर्थकत्वान्नष्टत्वमुपदिश्यत इति । एतेन तु पूर्वार्धेन ये मन्यन्ते जिनबिम्बप्रतिष्ठायामवस्थात्रयं कल्प्यते तेन बालावस्थाश्रयं स्नानं निष्क्रमणावस्थोचितं रथारोपणपुष्पपूजादिकं कैवल्यावस्थाश्रयं च वन्दनं प्रवर्तत इति । तन्मतमपाकरोति । नह्यष्टापायविनिर्मुक्तिद्वारेण

२६. काञ्चनमौक्तिकरत्नादिदामकैश्च विविधैः ॥
२७. नष्टे तु छाद्मस्थिके ज्ञाने ॥

पूजा क्रियमाणा गृहस्थावस्थां विषयीकरोति किन्तु कैवल्यावस्थामेव । ननु चिन्तनीयमिदं यदष्टापायविनिर्मुक्तिमालम्ब्य कैवल्यावस्थायां पूजा कार्येति, यतो न चारित्रिण: स्नानादयो घटन्ते, तद्वत्साधूनामपि तत्प्रसक्ते:, न च तच्चरितमनालम्बनीयमन्यथा परिणताप्कायादिपरिहार आचरणनिषेधार्थ: कथं स्यात्, श्रूयते हि ''एकदा स्वभावत: परिणतं तडागोदरस्थाप्कायं तिलराशिं स्थण्डिलदेशं च दृष्ट्वापि भगवान्महावीरस्तत्प्रयोजनवतोऽपि साधूंस्तत्सेवनार्थं न प्रवर्तितवान् मा एतदेवास्मच्चरितमालम्ब्य सूरयोऽन्यांस्तेषु प्रवर्तयन्तु साधवश्च मा तथैव प्रवर्तन्तामिति'' । सत्यं, किन्तु बिम्बकल्पोऽन्य इति मन्यते, यथैव भावार्हति वर्तितव्यं न तथैव स्थापनार्हत्यपीति भाव: । अत एव भगवत्समीपे गौतमादय: साधवस्तिष्ठन्तिस्म तस्माद् तद्बिम्बसमीपावस्थाने तु तेषां निषेध उक्त: । यदाह-''जइवि न आहाकम्मं, भत्तिकयं तहवि वज्जयंतेहिं । भत्ती खलु होइ कया, इहरा आसायणा परमा[२८]॥१॥ तथा ॥ दुब्भिगन्धमलस्सावि, तणुरप्पेसण्हाणिया । उभओ वाउवहो चेव, तेण ठन्ति न चेइए[२९] ॥२॥'' तेनैवार्यिका दण्डकं स्थापनाचार्यं स्थापयन्ति, अन्यथा यथा भावाचार्यसमीपे नावश्यकं कुर्वन्ति तथा स्थापनाचार्यसमीपेऽपि न कुर्यु:, न च ता: प्रवर्तिनीं स्थापयन्तीति वाच्यम्, प्रतिक्रमणकाल एव चैत्यवन्दनावसरे महावीरादेरवश्यं कल्पनीयत्वेन तद्दोषस्य समानत्वात्, नह्याचार्य एव पुरुषो न भगवान्, न च वीतरागत्वेऽपि भगवत्समीपे आर्यचन्दनाद्यार्यिका रात्रौ तस्थु: । ननु प्रतिक्रमणादिकाले अर्हत्स्थापनां कृत्वा चैत्यवन्दने क्रियमाणे आशातनादोषप्रसङ्ग इति । नैवं, जिनायतनेऽपि चैत्यवन्दनस्यानुज्ञातत्वात् । यदाह ॥ ''निस्सकडमनिस्सकडे, वावि चेइए सव्वहिं थुई तिन्नि । वेलं च चेइयाणि य, नाउं इक्किक्कया वावि[३०] ॥१॥'' इत्यलं प्रसङ्गेनेति ॥३॥

## અશુદ્ધપૂજાનું સ્વરૂપ

**બે શ્લોકોથી અશુદ્ધપૂજાને કહે છે—**

***શ્લોકાર્થ—*** શુદ્ધાગમ, યથાલાભ, પ્રત્યગ્ર, શુચિભાજન, અલ્પ કે ઘણાં અને જાત્યાદિ સંભવ એવા પુષ્પોથી આઠ અપાયો (=કર્મો)થી વિનિર્મુક્ત અને આઠ કર્મોની મુક્તિથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાદિ આઠ ગુણો રૂપી વિભૂતિવાળા દેવાધિદેવને જે અષ્ટપુષ્પી આપવામાં આવે (=અષ્ટપુષ્પી પૂજા કરવામાં આવે) તેને સર્વજ્ઞોએ અશુદ્ધ કહી છે. (૨-૩)

***ટીકાર્થ—શુદ્ધાગમ—*** આગમ એટલે પ્રાપ્તિનો ઉપાય. જેમની પ્રાપ્તિનો ઉપાય શુદ્ધ=નિર્દોષ છે તે શુદ્ધાગમ, અર્થાત્ ન્યાયથી મેળવેલા ધનથી લીધેલાં કે ચોરી કર્યા વિના લીધેલાં પુષ્પો.

**યથાલાભ—** પ્રવચનની પ્રભાવના માટે ઉદાર ભાવથી માળી પાસેથી દેશ-કાળની અપેક્ષાએ ઉત્તમ-મધ્યમ-જઘન્ય પ્રકારનાં જે પુષ્પો મળ્યાં તે પુષ્પો.

**પ્રત્યગ્ર—** કરમાયેલાં કે ચીમળાયેલાં ન હોય તેવાં, અર્થાત્ તાજાં.

---

२८. यद्यपि न आधाकर्म, भक्तिकृतं तथापि वर्जयद्भि: । भक्ति: खलु भवति कृता, इतरथा आशातना परमा ॥१॥

२९. दुरभिगन्धमलस्राविणी तनुरप्येषा स्नापिता । द्विधा वायुपथो (वहो) वापि तेन तिष्ठन्ति न चैत्ये ॥२॥

३०. निश्राकृतेऽनिश्राकृते वापि चैत्ये सर्वत्र स्तुतयस्तिस्र: । वेलां च चैत्यानि च ज्ञात्वैकैका वापि ॥१॥

**શુચિભાજન**— પવિત્ર ટોપલી (=છાબ) વગેરેમાં રાખેલાં હોય તેવાં. જો પુષ્પો તાજાં અને પવિત્ર છાબ વગેરેમાં રાખેલાં ન હોય તો સ્નાનાદિ શુદ્ધિ પણ માનસિક શાંતિ ન આપે.

**અલ્પ**— ભગવાનના પ્રત્યપાયો (=અનર્થો) દૂર થયા છે એ નિમિત્તે પુષ્પો આપવાના હોવાથી અથવા પોતાના આઠકર્મરૂપ પ્રત્યપાયો દૂર કરવા પુષ્પો આપવાના હોવાથી અલ્પ એટલે આઠ પુષ્પો.

**ઘણાં**— ભગવાનની પૂજા નિમિત્તે ઘણાં પુષ્પો આપવાથી ઘણાં પુષ્પો. શ્લોકમાં બે **વા** શબ્દોનો પ્રયોગ પ્રભુ પ્રત્યે બહુમાન ભાવની પ્રધાનતાવાળા જીવને અલ્પપુષ્પપુંજ કે બહુપુષ્પપુંજ એ બેમાં ફલ પ્રત્યે કોઇ ભેદ નથી એવું જણાવવા માટે છે.

**જાત્યાદિ સંભવ**—[1]માલતી ફૂલના વૃક્ષમાંથી ઉત્પન્ન થયેલાં. આદિ શબ્દથી મોગરા વગેરે ફૂલોનાં વૃક્ષો-માંથી ઉત્પન્ન થયેલાં પુષ્પો.

**પૂર્વપક્ષ**— અહીં માલતી આદિનો ઉલ્લેખ સુવર્ણ વગેરેનાં પુષ્પોનો નિષેધ કરવા માટે છે. એકવાર ચઢાવેલાં માલતી આદિનાં પુષ્પો નિર્માલ્ય થઇ જતાં હોવાથી ફરી ફરી ચડાવવામાં આવતા નથી. સુવર્ણ વગેરેનાં પુષ્પો તો ફરી ફરી ચડાવવાના હોય છે. એ પ્રમાણે (=ફરી ફરી ચડાવવાથી) નિર્માલ્ય આરોપણનો દોષ લાગે.

**ઉત્તરપક્ષ**— આ કથન યુક્ત નથી. કારણ કે વિવિધ પ્રકારની સુવર્ણ-મોતી-રત્ન આદિની માળાઓથી પૂજા કરવી એવા પાઠથી સુવર્ણાદિનાં પુષ્પોની અનુજ્ઞા આપી છે. સુવર્ણાદિનાં પુષ્પોને ફરી ચડાવવાના નિષેધમાં તો કોણ શું કહે છે ? અર્થાત્ ફરી ચડાવવાનો નિષેધ કોઇ કરતા નથી. પણ જ્યારે ઉતારવામાં ન આવે ત્યારે નિર્માલ્ય આરોપણનો દોષ પણ ન થાય. માલતી આદિનાં પુષ્પો તો કાળ જવાથી ગંધરહિત થાય છે તેથી અવશ્ય ઉતારવા જોઇએ. સુવર્ણ આદિનાં પુષ્પો તેવાં નથી. તેથી અવશ્ય ઉતારવા જોઇએ એવો નિયમ નથી. તેવા પ્રકારની ગંધ ન હોવાથી જ સુવર્ણાદિનાં પુષ્પોને ફરી ચડાવવામાં પણ તેવો દોષ નથી એમ મનાય છે.

**પૂર્વપક્ષ**— વીતરાગને અલંકારો ચડાવવા યુક્ત નથી. કારણ કે તેનાથી વીતરાગના આકારના અભાવની પ્રાપ્તિ થાય છે.

**ઉત્તરપક્ષ**— પુષ્પોને ચડાવવામાં પણ વીતરાગના આકારનો અભાવ થાય છે. વીતરાગને જેવી રીતે આભૂષણો ન ઘટે તેવી રીતે પુષ્પો પણ ન ઘટે. કારણ કે બંનેનો રાગી જીવો ઉપયોગ કરે છે.

## આઠ પુષ્પોથી પૂજા કરવાનું કારણ કહે છે

**આઠ અપાયોથી વિનિર્મુક્ત**— અપાય એટલે અનર્થ. જ્ઞાનાવરણીય વગેરે કર્મો અપાયના હેતુ હોવાથી અપાય કહેવાય છે. વિનિર્મુક્ત શબ્દમાં વિ, નિર્ અને મુક્ત એમ ત્રણ શબ્દો છે. વિ એટલે વિશેષથી, વિશેષથી એટલે પ્રકારાંતરથી, પ્રકારાંતરથી એટલે દગ્ધરજ્જુ જેવા કરવાથી. નિર્ એટલે નિતરાં, નિતરાં એટલે સત્તાથી રહિત કરવા. સળંગ અર્થ આ પ્રમાણે છે-દગ્ધ રજ્જુ જેવાં કરેલાં ભવોપગ્રાહી ચાર કર્મોથી અને સત્તારહિત કરેલાં ચાર ઘાતી કર્મોથી મુક્ત તે વિનિર્મુક્ત. જે દગ્ધરજ્જુ (=બાળેલા દોરડા) જેવા કરવાથી ભવોપગ્રાહી ચાર કર્મોથી મુક્ત છે, અને અતિશય સત્તારહિત કરવાથી ચાર ઘાતી કર્મોથી મુક્ત (=રહિત) છે, તે અષ્ટ કર્મ

૧. जाती=માલતી..

વિનિર્મુક્ત.

અથવા **वि** અને **निर्** એ બે ઉપસર્ગોથી વિશેષ અર્થ નથી. ધાતુનો જે અર્થ છે તે જ અર્થ છે, અર્થાત્ મુક્તનો જે અર્થ છે તે જ વિનિર્મુક્તનો છે.

તથા ભગવાન આઠ કર્મોની મુક્તિથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાદિ આઠ ગુણો રૂપી વિભૂતિવાળા છે.

જો કે **अष्टापायविनिर्मुक्त** એ શબ્દમાં વિનિર્મોચન (=મુક્ત થવું) ગૌણ છે. કારણ કે **क्त** પ્રત્યયના અર્થની જ (=મુક્ત થયેલા એવા અર્થની જ) પ્રધાનતા છે. તો પણ **तदुत्थगुणभूति** એ શબ્દમાં રહેલા **तद्** શબ્દથી વિનિર્મોચન અર્થનો જ પરામર્શ (=સંબંધ) કરાય છે, અર્થાત્ **तद्** શબ્દથી વિનિર્મોચન (મુક્ત થવું) એવો અર્થ કરવામાં આવ્યો છે. કારણ કે વક્તાએ તે જ પ્રમાણે વિવક્ષા કરી છે. અને આ વિષે આ ન્યાય જોવામાં આવ્યો છે, જેમકે 'સમ્યગ્જ્ઞાનપૂર્વક જ સર્વ પુરુષાર્થની સિદ્ધિ થાય છે આથી સમ્યગ્જ્ઞાનની જ વ્યુત્પત્તિ કરાય છે.'' (અહીં **तद्** શબ્દથી સમ્યગ્જ્ઞાનપૂર્વક લેવું જોઇએ, તેના બદલે સમ્યગ્જ્ઞાન લેવામાં આવ્યું છે.) ઇત્યાદિ સ્થળે આ ન્યાય જોવામાં આવ્યો છે.

**દેવાધિદેવ**— સ્તુતિ કરવા યોગ્યને પણ સ્તુતિ કરવા લાયક.

**પૂર્વપક્ષ— अष्टकर्मविनिर्मुक्तोत्थगुणभूतये** (આઠ અપાયોના વિનિર્મોચનથી ઉત્પન્ન થયેલી છે ગુણવિભૂતિ જેની) એવા પ્રયોગથી જ અષ્ટપુષ્પીથી પૂજાનું કારણ જણાઇ જતું હોવાથી **अष्टापायविनिर्मुक्त-तदुत्थगुणविभूतये** એમ **तद्** શબ્દનો ઉલ્લેખ કરવાની જરૂર નથી.

**ઉત્તરપક્ષ**— એમ કહેવું યુક્ત નથી. ''આઠ અપાયોથી વિનિર્મુક્તને અપાય છે'' એવા કથનથી આઠ પુષ્પોથી પૂજા કરવાનું કારણ જણાવ્યું છે. ''આઠ કર્મોની મુક્તિથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાદિ આઠ ગુણોરૂપી વિભૂતિવાળા'' એ કથનથી ચાર પુષ્પોથી પૂજા કરવાનું કારણ જણાવ્યું છે. કારણ કે આઠ કર્મોની મુક્તિથી ઉત્પન્ન થયેલા (મુખ્ય) ગુણો અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતસુખ-અનંતવીર્ય એ ચાર છે.

**પૂર્વપક્ષ**— આઠ કર્મોરૂપ અપાયોથી વિનિર્મુક્તિ એટલું જ કહેવાથી આ (=આઠ પુષ્પોથી પૂજા કરવાનું કારણ) જણાઇ જાય છે. (આથી ''આઠ કર્મોની મુક્તિથી ઉત્પન્ન થયેલા જ્ઞાનાદિ આઠ ગુણોરૂપી વિભૂતિવાળા'' એમ કહેવાની જરૂર નથી.)

**ઉત્તરપક્ષ**— કેટલાકો પ્રકૃતિનો વિયોગ થવાથી સિદ્ધોને જ્ઞાનનો અભાવ હોય, શરીર-મનના અભાવથી વીર્યનો અભાવ હોય, વિષયોના અભાવથી સુખનો અભાવ હોય એમ કહે છે. તેમના મતનું નિરાકરણ કરવા માટે આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. કેમકે જ્ઞાન આદિને રોકનાર કર્મનો ક્ષય થયે છતે જ્ઞાન આદિ ગુણો ન્યાયથી પ્રાપ્ત થાય છે.

**પૂર્વપક્ષ**— જો એમ (=જ્ઞાનાદિને રોકનારા કર્મનો ક્ષય થયે છતે જ્ઞાન આદિ ગુણો ન્યાયથી પ્રાપ્ત થાય) છે તો પાંચ જ્ઞાનાવરણનો ક્ષય થયે છતે કેવળીને પાંચ જ્ઞાનનો પ્રસંગ આવે અને તે ઇષ્ટ નથી. કેમકે ''છાદ્મસ્થિક[1] જ્ઞાન નષ્ટ થયે છતે કેવલજ્ઞાન પ્રગટે છે'' એવું વચન છે.

---

૧. **उप्पण्णंमि अणंते, नट्ठंमि य छाउमत्थिए नाणे । राईए संपत्तो, महसेणवणंमि उज्जाणे ।।** (આવશ્યક સૂત્ર નિર્યુક્તિ ગાથા ૫૩૯)

**ઉત્તરપક્ષ—** એ પ્રમાણે ન કહેવું. શેષ (ચાર) જ્ઞાનથી જાણવા યોગ્ય પદાર્થ કેવળજ્ઞાનથી જ પ્રકાશિત થાય છે. તેથી શેષ (ચાર) જ્ઞાન નિરર્થક હોવાથી નાશ પામ્યા એમ ઉપદેશ કરાય છે. કોઇક માને છે કે જિનબિંબની પ્રતિષ્ઠામાં જિનની ત્રણ અવસ્થાની કલ્પના કરાય છે. તેથી બાલ અવસ્થાને આશ્રયીને સ્નાન કરાય છે. દીક્ષાની અવસ્થાને ઉચિત પ્રભુને રથમાં બિરાજમાન કરાય છે, અને પુષ્પપૂજા કરાય છે. કૈવલ્ય અવસ્થાને આશ્રયીને વંદન કરાય છે. આવું જેઓ માને છે તેમના મતનું ગાથાના આ પૂર્વાર્ધથી નિરાકરણ કરે છે. તે આ પ્રમાણે-આઠ અપાયોની વિનિર્મુક્તિ દ્વારા (=આઠ અપાયોની મુક્તિને લક્ષમાં રાખીને) કરાતી પૂજા ગૃહસ્થ અવસ્થાનો વિષય કરતી નથી, અર્થાત્ ગૃહસ્થાવસ્થાને જણાવતી નથી, કિંતુ કૈવલ્યાવસ્થાનો જ વિષય કરે છે = કૈવલ્યાવસ્થાને જ જણાવે છે.

**પૂર્વપક્ષ—** આઠ અપાયોથી વિનિર્મુક્તિનું આલંબન લઇને કૈવલ્યાવસ્થામાં પૂજા કરવી જોઇએ એ વિચારણીય છે. કારણ કે ચારિત્રીને સ્નાન વગેરે ન ઘટે. જો કૈવલ્યાવસ્થામાં જિનને સ્નાન વગેરે ઘટી શકે તો તેની જેમ સાધુઓને પણ સ્નાનાદિનો પ્રસંગ આવે. અને જિનનું આચરણ આલંબન લેવા યોગ્ય નથી એવું નથી. અન્યથા (=જિનનું આચરણ આલંબન લેવા યોગ્ય ન હોય તો) ભગવાન મહાવીરથી આચરણનો નિષેધ કરવા માટે (પોતાના આચરણનું આલંબન લઇને સાધુઓ ખોટી પ્રવૃત્તિ ન કરે એ માટે) પરિણત (=અચિત્ત) થયેલા પાણી આદિનો નિષેધ કેવી રીતે કરાય ? સંભળાય છે કે એકવાર તળાવમાં રહેલા પાણીને સ્વાભાવિક રીતે જ અચિત્ત થયેલું, તલના સમૂહને અચિત્ત થયેલો, સ્થંડિલના (=મળવિસર્જન કરવાના) પ્રદેશને અચિત્ત થયેલો જોઇને પણ ભગવાન મહાવીરે તેના પ્રયોજનવાળા પણ સાધુઓને (=સાધુઓને ખૂબ તરસ લાગી હતી તેથી અચિત્ત પાણીની જરૂર હતી, કેટલાક સાધુઓને ખૂબ ભૂખ લાગી હતી તેથી તલની જરૂર હતી, કેટલાક સાધુઓને મળવિસર્જન કરવાની જરૂરિયાત હતી, આમ તેના પ્રયોજનવાળા પણ સાધુઓને) તેના સેવન માટે (જલપાન કરવા આદિ માટે) પ્રવૃત્તિ ન કરાવી. તેનું કારણ એ છે કે અમારા આ જ આચરણનું આલંબન લઇને આચાર્યો અન્ય સાધુઓને તેમાં ન પ્રવર્તાવે, અને સાધુઓ તે જ પ્રમાણે પ્રવૃત્તિ ન કરે.

**ઉત્તરપક્ષ—** તમારું કથન સાચું છે. પણ જિનપ્રતિમાનો કલ્પ ભિન્ન મનાય છે. અહીં ભાવ એ છે કે જેવી રીતે ભાવ અરિહંત પ્રત્યે વર્તન થાય તેવી જ રીતે સ્થાપના અરિહંત પ્રત્યે પણ વર્તન ન થાય. આથી જ ગૌતમ વગેરે સાધુઓ ભગવાનની પાસે રહેતા હતા. તેથી તેમની પ્રતિમાની પાસે રહેવા માટે તો તેમને નિષેધ કહ્યો છે. કહ્યું છે કે-**"જો કે જિનમંદિર વગેરે ભક્તિથી કરાયું છે. આધાકર્મ (=સાધુઓ માટે કરાયેલું) નથી, તો પણ તેમાં રહેવાનો ત્યાગ કરનારાઓએ નિશ્ચે જિનેશ્વરોની ભક્તિ કરી છે. અન્યથા (=સાધુઓ જિનમંદિરમાં રહે તો) જિનેશ્વરોની ઘણી આશાતના થાય. સ્નાન કરાયેલી પણ કાયા દુર્ગંધ અને પરસેવાને ઝરાવે છે, તથા અધોવાયુનો અને ઉચ્છ્વાસ-નિઃશ્વાસનો સંચાર એમ શરીરમાં બે પ્રકારનો વાયુમાર્ગ છે. તે કારણથી સાધુઓ જિનમંદિરમાં રહેતા નથી."** (શ્રાદ્ધદિનકૃત્ય ગાથા ૧૪૭-૧૪૯) તેથી જ સાધ્વીઓ દંડકને સ્થાપનાચાર્ય તરીકે સ્થાપે છે. અન્યથા (=ભાવજિન અને સ્થાપનાજિનમાં ભેદ ન હોય તો) સાધ્વીઓ જેવી રીતે ભાવાચાર્યની પાસે પ્રતિક્રમણ કરતી નથી. તેવી રીતે સ્થાપનાચાર્યની પાસે પણ ન કરે. સાધ્વીઓ પ્રવર્તિનીને સ્થાપે છે તેમ ન કહેવું. કારણ કે પ્રતિક્રમણના કાળે જ ચૈત્યવંદનના (દેવવંદનના) અવસરે શ્રી મહાવીર આદિની અવશ્ય કલ્પના કરવી જોઇએ. આથી તે દોષ (=રાતે ભગવાન પાસે રહેવાનો દોષ) સમાન છે. અર્થાત્ રાતે

સ્થાપનાચાર્ય સમક્ષ પ્રતિક્રમણ કરવાથી સાધ્વીઓને રાતે ભગવાનની પાસે રહેવાનો દોષ લાગે. પણ આવો દોષ લાગતો નથી. કારણ કે ભાવજિન અને સ્થાપનાજિનમાં ભેદ છે. આચાર્ય જ પુરુષ છે, ભગવાન પુરુષ નથી એવું નથી. વીતરાગ હોવા છતાં આર્ય ચંદના વગેરે સાધ્વીઓ ભગવાન પાસે રાતે રહી નથી.

**પૂર્વપક્ષ—** પ્રતિક્રમણાદિના કાળે અરિહંતની સ્થાપના કરીને ચૈત્યવંદન કરવામાં આશાતના રૂપ દોષનો પ્રસંગ આવે.

**ઉત્તરપક્ષ—** આ બરોબર નથી. કારણ કે જિનમંદિરમાં પણ ચૈત્યવંદન કરવાની અનુજ્ઞા આપેલી છે. કહ્યું છે કે-"**કોઇ એક ગચ્છનું મંદિર હોય કે સર્વ ગચ્છ માટે સાધારણ મંદિર હોય, એ બધાં મંદિરોમાં ત્રણ સ્તુતિથી ચૈત્યવંદન કરવું. સમય અને ચૈત્યોને જાણીને, અર્થાત્ ચૈત્યો ઘણા હોય અને બધે ત્રણ સ્તુતિ કરવાથી સમય પહોંચે તેમ ન હોય તો, બધે એક એક સ્તુતિથી ચૈત્યવંદન કરે.**" (બૃહત્કલ્પ-૧૮૦૪)

પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. (૨-૩)

**अशुद्धाष्टपुष्पी स्वरूपत उक्ता, सैव स्वर्गप्रसाधनीति यदुक्तं तदधुना प्रदर्शयन्नाह—**

**सङ्कीर्णैषा स्वरूपेण, द्रव्याद्भावप्रसक्तितः ।**
**पुण्यबन्धनिमित्तत्वाद्, विज्ञेया स्वर्गसाधनी ॥४॥**

**वृत्तिः—'सङ्कीर्णा' अवद्येन व्यामिश्रा, 'एषा' अनन्तरोक्ताष्टपुष्पी, 'स्वरूपेण' स्वभावेन, कथमित्याह- 'द्रव्यात्' पुष्पादेः सकाशात्, 'भावप्रसक्तितो' भगवति चित्तप्रसादोत्पत्तेः । इदमुक्तं भवति- पुष्पादिद्रव्योपयोगादवद्यं शुभभावश्च स्यातामिति सङ्कीर्णत्वम् । इदं च न कर्मक्षपणनिमित्तम्, अपि तु पुण्यबन्धनिमित्तमेवेत्यत आह- 'पुण्यस्य' शुभकर्मणो 'बन्धो' बन्धनं तस्य निमित्तं कारणं पुण्यबन्धनिमित्तम्, तद्भावस्तत्त्वं तस्मात् 'पुण्यबन्धनिमित्तत्वात्' हेतोः, 'विज्ञेया' अवसेया, 'स्वर्गसाधनी' देवलोकप्राप्तिहेतुः । उपलक्षणत्वात् सुमानुषत्वसाधनी पारम्पर्येण भावपूजानिबन्धनतां प्रतिपद्य मोक्षसाधनी चेति द्रष्टव्यमिति ॥४॥**

## અશુદ્ધપૂજા સ્વર્ગને આપનારી છે તેનું કારણ

**અશુદ્ધ અષ્ટપુષ્પી પૂજા સ્વરૂપથી કહી. તે જ પૂજા સ્વર્ગને સાધનારી છે એમ જે કહ્યું છે તેને હમણાં બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** આ પૂજા સ્વરૂપથી પુષ્પાદિ દ્રવ્યના કારણે પાપથી અને શુભભાવની પ્રાપ્તિથી મિશ્રિત છે. તથા આ પૂજા પુણ્યબંધનું નિમિત્ત હોવાથી સ્વર્ગને સાધનારી જાણવી. (૪)

**ટીકાર્થ— આ પૂજા—** હમણાં કહેલી અષ્ટપુષ્પી પૂજા.

**શુભભાવની પ્રાપ્તિથી—** પ્રભુ પૂજા કરવાના કારણે ચિત્તપ્રસન્નતાની ઉત્પત્તિ થવાથી શુભભાવની પ્રાપ્તિ થાય છે.

**મિશ્રિત છે—** પુષ્પાદિ દ્રવ્યોના ઉપયોગથી પાપ અને (પૂજાના કારણે) શુભભાવ એ બંને થાય છે. માટે

આ પૂજા પાપ અને શુભભાવ એ બંનેથી મિશ્રિત છે.

**પુણ્યબંધનું નિમિત્ત—** આ મિશ્રપણું કર્મક્ષયનું કારણ નથી, કિંતુ પુણ્યબંધનું કારણ છે.

**સ્વર્ગને સાધનારી—** આ પૂજા દેવલોકની પ્રાપ્તિનું કારણ છે. સ્વર્ગને સાધનારી છે એ ઉપલક્ષણ હોવાથી આ પૂજા સુમનુષ્યભવને સાધનારી અને ભાવપૂજાનું કારણ હોવાથી પરંપરાએ મોક્ષને સાધનારી પણ જાણવી. (૪)

**अथ शुद्धामष्टपुष्पीमभिधातुमाह—**

**या पुनर्भावजैः पुष्पैः, शास्त्रोक्तिगुणसङ्गतैः ।**
**परिपूर्णत्वतोऽम्लानै-रत एव सुगन्धिभिः ॥५॥**

**वृत्तिः—'या' अष्टपुष्पी 'पुनः' शब्द उक्तवक्ष्यमाणार्थयोर्विशेषद्योतनार्थः, 'भावजैः' आत्मपरिणतिसम्भवैः, पुष्पैरिव 'पुष्पै' र्वक्ष्यमाणलक्षणैरात्मधर्मविशेषैः, किम्भूतैः 'शास्त्रोक्तिगुणसङ्गतैः' शास्त्रमागमस्तस्योक्तिर्भणितिराज्ञा इत्यर्थः, सैव गुणो धर्मविशेषः, तेन सङ्गतानि युक्तानि यानि तानि तथा तैः, कषादिशुद्धागमपारतन्त्र्यानुगतैरित्यर्थः । अथवा, शास्त्रोक्तिरेव गुणो दवरकस्तत्सङ्गतैः, एतेनैषां मालारूपतोक्ता, तथा च द्रव्यपुष्पाण्यपि यदा मालां कृत्वाऽऽरोप्यन्ते तदाष्टावपायापगमान् स्मृत्वाऽऽरोपणीयानीति दर्शितम् । पाठान्तरे तु 'शास्त्रोक्तगुणसङ्गतैः' इति तत्र शास्त्रोक्तसमित्यादिगुणोपेतैरित्यर्थः । पुनः किम्भूतैस्तैरित्याह- ''परिपूर्णत्वतोऽम्लानैः' परिपूर्णतया सकलजीवमृषावादादिविषयत्वेन निरतिचारतया वा अम्लानैः म्लानिमनुपगतैः, 'अत एव' परिपूर्णत्वादेव, 'सुगन्धिभिः' सद्गन्धोपेतैः, परिपूर्णताधर्म एवैषामम्लानिसुगन्धितालक्षणौ पुष्पधर्मौ द्रष्टव्यावित्यर्थः 'विधीयते सा शुद्धे'त्येवंरूपः श्लोकावसाने वाक्यशेषो द्रष्टव्य इति ॥५॥**

## શુદ્ધપૂજાનું સ્વરૂપ

**હવે શુદ્ધ અષ્ટપુષ્પી પૂજાને કહેવા માટે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** ભાવથી ઉત્પન્ન થનારાં, શાસ્ત્રોક્તિ ગુણથી સંગત, પરિપૂર્ણપણે અમ્લાન અને પરિપૂર્ણ હોવાના કારણે જ સુગંધી (આઠ) પુષ્પોથી જે પૂજા કરાય તે શુદ્ધપૂજા છે. (૫)

**ટીકાર્થ— ભાવથી ઉત્પન્ન થનારાં—** આત્મપરિણામથી (આત્મપરિણામ રૂપ શુભ ભાવથી) ઉત્પન્ન થનારાં.

**શાસ્ત્રોક્તિ ગુણથી સંગત—** ઉક્તિ એટલે આજ્ઞા, શાસ્ત્રાજ્ઞા રૂપ ગુણથી યુક્ત, અર્થાત્ કષાદિથી શુદ્ધ આગમની પરતંત્રતાને અનુસરનારા. અથવા અહીં **ગુણ** એટલે દોરો. શાસ્ત્રાજ્ઞારૂપ દોરાથી યુક્ત. આનાથી પુષ્પો માલા સ્વરૂપે રહેલાં છે એમ કહ્યું. દ્રવ્યપુષ્પો પણ જ્યારે માલા કરીને પ્રભુજીને ચડાવવામાં આવે ત્યારે આઠ અપાયોના વિનાશને યાદ કરીને ચડાવવા જોઇએ એમ જણાવ્યું. અહીં ''શાસ્ત્રોક્ત ગુણ સંગત'' એવો પાઠાંતર છે. તેનો અર્થ આ પ્રમાણે છે-શાસ્ત્રમાં કહેલા સમિતિ વગેરે ગુણોથી યુક્ત.

**પરિપૂર્ણપણે અમ્લાન—** પરિપૂર્ણપણે મ્લાનિને નહિ પામેલાં. એ પુષ્પોનો વિષય સર્વ જીવો અને સર્વ મૃષાવાદ (સર્વ જીવોની હિંસાનો ત્યાગ, સર્વ વસ્તુ સંબંધી મૃષાવાદ ન બોલવું) વગેરે હોવાથી એ પુષ્પો પરિપૂર્ણ છે. આ રીતે પરિપૂર્ણ હોવાના કારણે કે નિરતિચાર હોવાથી પુષ્પો જરા પણ મ્લાનિને પામેલાં નથી.

**સુગંધી—** એ પુષ્પો (પૂર્વે કહ્યું તેમ) પરિપૂર્ણ હોવાના કારણે જ સુગંધી છે. પુષ્પોનો પરિપૂર્ણતા ધર્મ જ અમ્લાનિ-સુગંધરૂપ પુષ્પધર્મો જાણવા, અર્થાત્ પુષ્પો પરિપૂર્ણ હોવાથી જ અમ્લાન અને સુગંધી છે.

**પુષ્પોથી—** જેમનું સ્વરૂપ હવે છઠ્ઠી ગાથામાં કહેવાશે તે આત્મધર્મના ભેદોરૂપ પુષ્પોથી.

**જે પૂજા—** અષ્ટ પુષ્પી પૂજા.

શ્લોકમાં પુન: શબ્દ કહેલ અર્થ અને હવે કહેવાશે તે અર્થ એ બંને અર્થનો ભેદ જણાવવા માટે છે. (૫)

**नामतस्तान्येवाह—**

## अहिंसा सत्यमस्तेयं, ब्रह्मचर्यमसङ्गता ।
## गुरुभक्तिस्तपो ज्ञानं, सत्पुष्पाणि प्रचक्षते ॥६॥

**वृत्तिः—** प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा, तदभावो 'ऽहिंसा' सैकं पुष्पम् १ । तथा सद्भ्यो हितं 'सत्य'मनुतापाभावो द्वितीयम् २ । तथा स्तेनस्य चौरस्य कर्म भावो वा स्तेयं चौर्यं तदभावो 'ऽस्तेय' मिति तृतीयम् ३ । तथा 'ब्रह्म' कुशलं कर्म तदेव चर्यते सेव्यत इति 'चर्यं' 'ब्रह्मचर्य्यम्,' मनोवाक्कायैः कामसेवनवर्जनमित्यर्थः, तच्चतुर्थम् ४ । तथा नास्ति सङ्गोऽभिष्वङ्गो यस्यासावसङ्गस्तद्भावो'ऽसङ्गता' धर्मोपकरणातिरिक्तपरिग्रहपरिवर्जनं, धर्मोपकरणस्यापरिग्रहत्वात् ॥ यदाह-''जंपि वत्थं व पायं वा, कम्बलं पायपुंछणं । तंपि संजमलज्जट्ठा, धारन्ति परिहरन्ति य[31] ॥१॥ न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा । मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा[32] ॥२॥'' इतरथा शरीराहाराद्यपि परिग्रहः स्यादिति पञ्चमम् ५ । तथा गृणाति शास्त्रार्थमिति गुरुः । आह च- ''धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मपरायणः । सत्त्वेभ्यो धर्म्मशास्त्रार्थ-देशको गुरुरुच्यते ॥१॥'' तस्य भक्तिः सेवा बहुमानश्च 'गुरुभक्तिरिति' षष्ठम् ६ । तथा तापयतीति 'तपो'ऽनशनादि । आह च-रसरुधिरमांसमेदो-ऽस्थिमज्जशुक्राण्यनेन तप्यन्ते । कर्माणि वाऽशुभानी-त्यतस्तपो नाम नैरुक्तम् ॥१॥'' इति सप्तमम् ७ । तथा ज्ञायन्तेऽर्था अनेनेति 'ज्ञानं' सम्यक्-प्रवृत्तिनिवृत्तिहेतुभूतो बोध इत्यष्टमम् ८ । इह समुच्चयाभिधायी चशब्दो द्रष्टव्यः । 'सत्पुष्पाणि' अत्यन्त-मेकान्तेन च विवक्षितार्थसाधकतया द्रव्यपुष्पापेक्षया सन्ति शोभनानि पुष्पाणीव पुष्पाणि भावपुष्पाणीत्यर्थः । 'प्रचक्षते' शुद्धाष्टपुष्पीस्वरूपज्ञाः प्रतिपादयन्तीति ॥६॥

## ભાવથી ઉત્પન્ન થતાં આઠ પુષ્પો

નામથી આઠ પુષ્પોને જ કહે છે—

---

३१. यदपि वस्त्रं वा पात्रं वा कम्बलं पादपु(प्रो)ञ्छनं । तदपि संयमलज्जार्थं धारयन्ति परिहरन्ति (परिभुञ्जते इत्यर्थः) च ॥१॥

३२. नासौ परिग्रह उक्तो ज्ञातपुत्रेण त्रात्रा । मूर्छा परिग्रह उक्त इत्युक्तं महर्षिणा ॥२॥

**શ્લોકાર્થ**— અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગતા, ગુરુભક્તિ, તપ અને જ્ઞાન એ આઠને સત્પુષ્પો કહે છે. (૬)

**ટીકાર્થ— અહિંસા**— પ્રમાદના યોગથી પ્રાણોનો નાશ કરવો એ હિંસા છે. હિંસાનો અભાવ તે અહિંસા. તે એક પુષ્પ છે.

**સત્ય**— સત્પુરુષોને જે હિતકર હોય તે સત્ય, અર્થાત્ અનુતાપનો (સંતાપનો) અભાવ તે સત્ય. આ બીજું પુષ્પ છે.

**અસ્તેય**— સ્તેનનો (=ચોરનો) ભાવ કે કર્મ તે સ્તેય. સ્તેય એટલે ચોરી. તેનો અભાવ તે અસ્તેય. આ ત્રીજું પુષ્પ છે.

**બ્રહ્મચર્ય**— બ્રહ્મ એટલે કુશલ (=શુભ) કાર્ય. બ્રહ્મ જ ચરાય (=સેવાય) તે બ્રહ્મચર્ય. અર્થાત્ મન-વચન-કાયાથી કામ સેવનનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય. આ ચોથું પુષ્પ છે.

**અસંગતા**— જેને સંગ=આસક્તિ નથી તે અસંગ. અસંગનો ભાવ તે અસંગતા. ધર્મનાં ઉપકરણો સિવાય પરિગ્રહનો (=સ્વીકારનો) ત્યાગ તે અસંગતા. કારણ કે ધર્મનાં ઉપકરણો પરિગ્રહ નથી. કહ્યું છે કે- **"જે પણ વસ્ત્ર કે પાત્ર અથવા કામળી કે રજોહરણને રાખે છે અથવા પહેરે છે (=ઉપયોગ કરે છે) તે સંયમ અને લજ્જા માટે છે."** (દ.વૈ. ૬-૨૦) **"સ્વપરનું રક્ષણ કરનારા શ્રી વર્ધમાન સ્વામીએ વસ્ત્ર-પાત્ર વગેરેને આસક્તિ વિના ધારણ કરવા તેને પરિગ્રહ કહ્યો નથી, કિંતુ મૂર્છાને પરિગ્રહ કહ્યો છે, એ પ્રમાણે (તીર્થંકર પાસેથી જાણીને) ગણધર ભગવંતે કહ્યું છે.** (દ.વૈ. ૬-૨૧)

**ગુરુભક્તિ**— જે શાસ્ત્રના અર્થને કહે તે ગુરુ. કહ્યું છે કે-**"જે ધર્મનો જાણકાર હોય, ધર્મને આચરતો હોય, સદા ધર્મમાં તત્પર હોય અને જીવોને ધર્મશાસ્ત્રના અર્થનો ઉપદેશક હોય તે ગુરુ કહેવાય છે."** તેની ભક્તિ (=સેવા) અને બહુમાન કરવું તે ગુરુભક્તિ. આ છઠ્ઠું પુષ્પ છે.

**તપ**— જે તપાવે તે તપ. અનશન વગેરે તપ છે. કહ્યું છે કે-**"રસ, લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને શુક્ર એનાથી તપાવાય છે અથવા એનાથી અશુભ કર્મો તપાવાય છે માટે તપ કહેવાય છે. આ રીતે તપ શબ્દ વ્યુત્પત્તિ પ્રમાણે અર્થનો વાચક છે."** આ સાતમું પુષ્પ છે.

**જ્ઞાન**— જેનાથી અર્થો જણાય તે જ્ઞાન. સમ્યક્પ્રવૃત્તિનું અને સમ્યગ્ નિવૃત્તિનું કારણ બને એવો બોધ તે જ્ઞાન. આ આઠમું પુષ્પ છે.

**સત્પુષ્પો**— દ્રવ્યપુષ્પોની અપેક્ષાએ સારાં પુષ્પો તે સત્પુષ્પો. આ આઠ પુષ્પો વિનાશથી રહિત એવા વિવક્ષિત અર્થને (=મોક્ષને) અવશ્ય સાધી આપનાર હોવાથી દ્રવ્યપુષ્પોની અપેક્ષાએ સારાં છે. અર્થાત્ આ ભાવપુષ્પો છે એમ શુદ્ધ અષ્ટપુષ્પીના સ્વરૂપને જાણનારાઓ કહે છે. (૬)

**उक्तमेवार्थं वाक्यान्तरेणाह—**

**एभिर्देवाधिदेवाय, बहुमानपुरस्सरा ।**
**दीयते पालनाद्या तु, सा वै शुद्धेत्युदाहृता ॥७॥**

वृत्तिः—'एभि' रनन्तरोदितैर्भावपुष्पैः, 'देवानां' पुरन्दरादीनामधिको देवः पूज्यत्वात् 'देवाधिदेवः' प्रागुक्तो महादेवस्तस्मै, 'बहुमानः' प्रीतियोगः 'पुरस्सरः' प्रधानो यत्र सा 'बहुमानपुरस्सरा', 'दीयते' वितीर्यते, कथमित्याह-'पालनात्' अहिंसादिपुष्पाणां परिरक्षणद्वारेण, तत्पालने हि देवाधिदेवाज्ञा कृता भवति, आज्ञाकरणमेव च सर्वथा कृतकृत्यस्य तस्य पूजाकरणं, न ह्याज्ञां विराधयता शेषपूजोद्यतेनाप्यसावाराधितो भवति, आज्ञेश्वरमहाराजवदिति, 'या तु' यैवाष्टपुष्पी, 'सा वै' सैव, 'शुद्धा' निरवद्या, 'इतिः' एवम्प्रकारार्थः, 'उदाहृता' तत्त्ववेदिभिरभिहितेति ॥७॥

(દ્રવ્યપુષ્પો ભગવાનના અંગે ચડાવી શકાય છે. પણ ભાવપુષ્પો ન ચડાવી શકાય. આથી ભાવપુષ્પોથી પૂજા કેવી રીતે કરવી તેનું પ્રતિપાદન કરે છે.)

કહેલા જ અર્થને વાક્યાંતરથી કહે છે—

**શ્લોકાર્થ**— આ પુષ્પોથી અહિંસાદિ પુષ્પોના પાલન દ્વારા બહુમાનની પ્રધાનતાપૂર્વક દેવાધિદેવની જે અષ્ટપુષ્પી પૂજા કરવામાં આવે છે તેને જ શુદ્ધપૂજા કહી છે. (૭)

**ટીકાર્થ— આ પુષ્પોથી**— હમણાં કહેલા (અહિંસાદિ) ભાવપુષ્પોથી.

**અહિંસાદિ પુષ્પોના પાલન દ્વારા**— અહિંસાદિના પાલનમાં જ દેવાધિદેવની આજ્ઞા પાળેલી થાય છે. સર્વથા કૃતકૃત્ય બનેલા દેવાધિદેવની આજ્ઞાનું પાલન કરવું એ જ એમની પૂજા છે. આજ્ઞાપાલન સિવાય અન્ય પૂજામાં ઉદ્યત પણ પુરુષ જો આજ્ઞાની વિરાધના કરતો હોય તો તેણે દેવાધિદેવની આરાધના કરી નથી. કોની જેમ ? આજ્ઞેશ્વર મહારાજાની જેમ. જેમ ચક્રવર્તીની ભક્તિ કરનાર જો તેની આજ્ઞાનું પાલન ન કરે તો ચક્રવર્તી તેના ઉપર પ્રસન્ન ન થાય તેમ દેવાધિદેવની ભક્તિ કરવા છતાં જો તેમની આજ્ઞાનું યથાશક્તિ પાલન ન કરવામાં આવે તો દેવાધિદેવની પારમાર્થિક આરાધના થતી નથી.

**દેવાધિદેવની**— ઇંદ્ર વગેરેને પણ પૂજ્ય હોવાથી જે દેવોથી પણ અધિક=મહાન છે તે દેવાધિદેવ. પૂર્વે કહેલા મહાદેવ દેવાધિદેવ છે.

**કહી છે**— તત્ત્વવેદીઓએ તેને જ (=ભાવપૂજાને જ) આ પ્રમાણે શુદ્ધ (=નિરવદ્ય) પૂજા કહી છે. (૭)

**अथ शुद्धाया एव मोक्षसाधनीत्वं दर्शयन् विशेषेण सत्सम्मतत्वं प्रतिपादयन्नाह—**

**प्रशस्तो ह्यनया भाव-स्ततः कर्मक्षयो ध्रुवः ।**
**कर्मक्षयाच्च निर्वाण-मत एषा सतां मता ॥८॥**

वृत्तिः— 'प्रशस्तः' प्रशस्यः शुद्धो, 'हिशब्दो' यस्मादर्थे । ततश्च यस्मात्प्रशस्तः, 'अनया' अनन्तरोदितत्वेन प्रत्यक्षासन्नया शुद्धाष्टपुष्प्या, 'भावः' आत्मपरिणामो, भवतीति गम्यते, न पुनर्द्रव्याष्टपुष्प्या जीवोपमर्दव्यामिश्रत्वात्तस्याः, 'ततः' प्रशस्तभावात् 'कर्मक्षयो' ज्ञानावरणादिकर्मविलयो भवति, 'ध्रुवो'ऽवश्यम्भावि, 'कर्मक्षयात्' चोक्तस्वरूपात्, 'चशब्दः' पुनरर्थः, 'निर्वाणं' मोक्षो भवतीति मोक्षसाधनी इयम् । 'अतः' प्रशस्तभावजन्यकर्मक्षयसाध्यनिर्वाणसाधनत्वाद्, 'एषा' शुद्धाष्टपुष्पी, 'सतां' विदुषां यती-

नामित्यर्थः, 'मता' विधेयत्वेनेष्टा, न पुनर्द्रव्याष्टपुष्पी । ततो हे कुतीर्थिका ! यदि यूयं यतयस्तदा भावपूजामेव कुरुत इत्युक्तं भवति, अथवा यतोऽनया निर्वाणमतः सतां विदुषामेषा सम्मतेति ॥८॥

॥ तृतीयाष्टकविवरणं समाप्तम् ॥३॥

## વિદ્વાન સાધુઓને આ પૂજા વિશેષથી સંમત છે

**હવે શુદ્ધ જ પૂજા મોક્ષને સાધી આપે છે એમ જણાવતા ગ્રંથકાર શુદ્ધપૂજા વિદ્વાન સાધુઓને વિશેષથી સંમત છે એમ પ્રતિપાદન કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— આ શુદ્ધ અષ્ટપુષ્પી પૂજાથી પ્રશસ્ત આત્મપરિણામ ઉત્પન્ન થાય છે. પ્રશસ્ત આત્મપરિણામથી જ્ઞાનાવરણીય આદિ કર્મમલનો અવશ્ય નાશ થાય છે. સઘળાં કર્મોના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે. (આથી આ પૂજા મોક્ષ સાધનારી છે.) આથી સાધુઓને આ અષ્ટપુષ્પી ભાવપૂજા ઇષ્ટ છે. (૮)

**ટીકાર્થ**— શુદ્ધ અષ્ટપુષ્પી પૂજાથી પ્રશસ્ત આત્મપરિણામ ઉત્પન્ન થાય છે. દ્રવ્ય અષ્ટપુષ્પી પૂજા જીવની પીડા-હિંસાથી મિશ્રિત છે. આથી તેનાથી પ્રશસ્ત આત્મપરિણામ ઉત્પન્ન ન થાય. પ્રશસ્ત ભાવથી જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષય થાય છે. કર્મક્ષયથી મોક્ષ સાધી શકાય છે. આથી આ પૂજા મોક્ષ સાધનારી છે. શુદ્ધ અષ્ટપુષ્પી પૂજા શુભભાવથી થનારા કર્મક્ષય દ્વારા મોક્ષનું સાધન હોવાથી વિદ્વાન સાધુઓને શુદ્ધ અષ્ટપુષ્પી પૂજા કરવા તરીકે ઇષ્ટ છે, પણ દ્રવ્ય અષ્ટપુષ્પી પૂજા ઇષ્ટ નથી. તેથી હે કુતીર્થિકો ! જો તમે યતિઓ છો તો ભાવપૂજા જ કરો. એમ કહેવાનો ભાવ છે.

અથવા બીજી રીતે અન્વય આ પ્રમાણે છે-જે કારણથી શુદ્ધ અષ્ટપુષ્પી પૂજાથી નિર્વાણ થાય છે તેથી આ પૂજા વિદ્વાનોને સંમત છે. (૮)

### ત્રીજા પૂજા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥४॥ अथ चतुर्थमग्निकारिकाष्टकम् ॥

पूजानन्तरमग्निकारिकां लोकाः कुर्वन्तीत्यतस्तन्निरूपणायाह—

**कर्मेन्धनं समाश्रित्य, दृढा सद्भावनाहुतिः ।**
**धर्मध्यानाग्निना कार्या, दीक्षितेनाग्निकारिका ॥१॥**

वृत्तिः— 'कर्म' ज्ञानावरणादिकं मूलप्रकृत्यपेक्षयाष्टप्रकारं तदेव दाह्यत्वादपनेयत्वादिन्धनमिवेन्धनं 'कर्मेन्धनं', तत् 'समाश्रित्या'ङ्गीकृत्य, अग्निकारिका कार्येति योगः । किंविधा ? 'दृढा' कर्मेन्धनदाहं प्रति प्रत्यला, तथा 'सद्भावना' शुभरूपा या जीवस्य वासना, सैव 'आहुति'र्घृतादिप्रक्षेपलक्षणा यस्यां सा तथा, केन करणभूतेनेत्याह- 'धर्मध्यानाग्निना' धर्मध्यानमुपलक्षणत्वाच्छुक्लध्यानं चाग्निरिवाग्निर्धर्मध्यानं चासावग्निश्च धर्मध्यानाग्निस्तेन । 'कार्या' विधेया । केनेत्याह- 'दीक्षितेन' प्रव्रजितेन, कासौ 'अग्निकारिका'

**अग्निकर्मेति । इत्थं चैतदङ्गीकर्तव्यं यतो दीक्षितस्य द्रव्याग्निकारिका अनुचिता तस्या भूतोपमर्दरूपत्वात्तस्य च तन्निवृत्तत्वेन तत्रानधिकारित्वात्, ''अधिकारिवशाच्च धर्मसाधनसंस्थितिः'' (अ. २ श्लो. ६) इति प्रागुक्तम् । गृहस्थस्तु सर्वथा भूतोपमर्दानिवृत्तत्वेनाधिकारित्वात्तां करोत्यपि । अत एव धूपदहनदीपप्रबोधादिना प्रकारेण द्रव्याग्निकारिकामपि कुर्वन्त्यार्हतगृहस्था इति । अनेन श्लोकेनेदमुक्तं भवति- यदि हे कुतीर्थिका ! यूयं दीक्षितास्तदा कर्मलक्षणाः समिधः कृत्वा धर्मध्यानलक्षणमग्निं प्रज्वाल्य सद्भावनाहुतिप्रक्षेपतोऽग्निकारिका कार्या, न त्वन्यथा, तस्या दीक्षितानामनुचितत्वात् । यदि तु हन्त गृहस्थास्तत्तुल्या वा ततः कुरुध्वं द्रव्याग्निकारिकामिति ॥१॥**

## ચોથું અગ્નિકારિકા અષ્ટક

(અગ્નિકારિકા એટલે શું ? દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારની અગ્નિકારિકામાંથી કઇ અગ્નિકારિકા કોણે કરવી અને કઇ અગ્નિકારિકા કોણે ન કરવી ? શા માટે ન કરવી ? કઇ અગ્નિકારિકાથી શું ફળ મળે ઇત્યાદિના બોધ માટે આ અષ્ટક ઘણું જ ઉપયોગી છે.)

**લોકો પૂજા પછી અગ્નિકારિકા કરે છે. આથી તેનું નિરૂપણ કરવા માટે ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** સંસાર ત્યાગી સાધુએ કર્મરૂપ કાષ્ઠને બાળવા માટે ધર્મધ્યાનરૂપ અગ્નિવડે શુભ ભાવનારૂપ આહુતિવાળી અને દૃઢ એવી અગ્નિકારિકા કરવી જોઇએ. (૧)

**ટીકાર્થ-કર્મરૂપકાષ્ઠ—** મૂલપ્રકૃતિની અપેક્ષાએ કર્મ જ્ઞાનાવરણ વગેરે આઠ પ્રકારનું છે. તે કર્મ જ બાળવા યોગ્ય (=દૂર કરવા યોગ્ય) હોવાથી કર્મને કાષ્ઠની ઉપમા આપી છે.

**ધર્મધ્યાનરૂપ અગ્નિ—** ધર્મધ્યાનના ઉપલક્ષણથી શુક્લધ્યાન પણ સમજવું.

**શુભભાવનારૂપ આહુતિવાળી—** દેવને ઉદ્દેશીને મંત્રપૂર્વક અગ્નિમાં ઘી વગેરે નાખવું તે આહુતિ. અહીં જીવની શુભભાવનાને આહુતિની ઉપમા આપી છે.

**દૃઢ—** દૃઢ એટલે કર્મરૂપ કાષ્ઠને બાળવામાં સમર્થ.

## અગ્નિકારિકાનું સ્વરૂપ

**અગ્નિકારિકા—** અગ્નિકારિકા એટલે અગ્નિકાર્ય. (પ્રભુભક્તિ કરવા માટે અગ્નિથી કરવામાં આવતી ક્રિયાવિશેષને અગ્નિકારિકા કહેવામાં આવે છે. વેદી બનાવી તેમાં લાકડાં નાંખી, અગ્નિ સળગાવીને તેમાં ઘી આદિની આહુતિ (=હોમ) કરવી ઇત્યાદિ ક્રિયાવિશેષને વેદદર્શનના અનુયાયીઓ અગ્નિકારિકા કે અગ્નિકાર્ય કહે છે. આ ક્રિયા સાવદ્ય છે. આથી આ ક્રિયા દ્રવ્યઅગ્નિકારિકા છે. આ ગાથામાં કહેલી અગ્નિકારિકા પાપરહિત હોવાથી ભાવઅગ્નિકારિકા છે. આથી જ ટીકાકાર કહે છે કે) આને (=અગ્નિકાર્યને) આ પ્રમાણે સ્વીકારવું જોઇએ. કારણ કે દ્રવ્ય અગ્નિકારિકા જીવોની પીડા-હિંસા સ્વરૂપ હોવાથી દીક્ષિત થયેલાને દ્રવ્ય અગ્નિકારિકા અનુચિત છે. દીક્ષિત જીવની પીડા-હિંસાથી સર્વથા નિવૃત્ત થયેલ છે. આથી દીક્ષિતનો દ્રવ્ય અગ્નિકારિકામાં અધિકાર નથી. ''શાસ્ત્રમાં ગુણ અને દોષને લક્ષમાં રાખીને અધિકારીની અપેક્ષાએ ધર્મસાધન-

તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.'' એ પ્રમાણે પહેલાં (અ.૨. શ્લો. ૬માં) કહ્યું છે. ગૃહસ્થ તો જીવોની પીડા- હિંસાથી સર્વથા નિવૃત્ત થયો નથી. આથી તે દ્રવ્ય અગ્નિકારિકાનો અધિકારી હોવાથી દ્રવ્ય અગ્નિકારિકાને કરે પણ છે. આથી જ જૈન ગૃહસ્થો પ્રભુસમક્ષ ધૂપને બાળવો, દીપક પ્રગટાવવો વગેરે રીતે દ્રવ્ય અગ્નિકારિકાને પણ કરે છે. (ચૈત્યવંદન આદિથી ભાવ અગ્નિકારિકાને તો કરે જ છે. પણ દ્રવ્ય અગ્નિકારિકાને પણ કરે છે. એમ પણ શબ્દનો અર્થ છે.)

આ શ્લોકથી આ કહેવાનું થાય છે— હે કુતીર્થિકો ! તમે જો દીક્ષિત થયા છો તો કર્મરૂપ [1]સમિધને બાળવા માટે ધર્મધ્યાનરૂપ અગ્નિને સળગાવીને સદ્ભાવનારૂપ આહુતિનો પ્રક્ષેપ કરીને અગ્નિકારિકા કરવી જોઇએ; પણ બીજી રીતે નહિ. કારણ કે તે (=દ્રવ્ય અગ્નિકારિકા) દીક્ષિત થયેલાઓને ઉચિત નથી. જો તમે ગૃહસ્થ છો અથવા તો ગૃહસ્થતુલ્ય છો તો (દ્રવ્ય) અગ્નિકારિકાને કરો. (૧)

**अथ ध्यानाग्निकारिकैव कार्या दीक्षितेनेति परसिद्धान्तेनैव प्रसाधयन्नाह—**

**दीक्षा मोक्षार्थमाख्याता, ज्ञानध्यानफलं स च ।**
**शास्त्र उक्तो यत: सूत्रं, शिवधर्मोत्तरे ह्यद: ॥२॥**

**वृत्तिः— 'दीक्षा' प्रव्रज्या, 'मोक्षार्थं' सकलकर्मनिर्मुक्तिनिमित्तं 'आख्याता' तत्स्वरूपज्ञैर्निगदिता, यत एवं ततस्तां प्रतिपन्नेन मोक्षसाधकमेवानुष्ठानमाश्रयणीयम्, न पुनर्द्रव्याग्निकारिकेति हृदयम् । द्रव्याग्निकारिकैव साधनं मोक्षस्येत्याशङ्कानिराकरणायाह- 'ज्ञानध्यानफलं स च' इति, स पुनर्मोक्षो विज्ञप्तिशुभैकाग्रत्वयो: साध्यं वर्तते, न पुनर्द्रव्याग्निकारिकाया इति भावना । कथमिदमवसितं प्रत्यक्षाद्यगोचरत्वात्तस्येति चेदत आह- 'शास्त्र उक्त:' आगमे ज्ञानध्यानफलतयाभिहित इत्यर्थ:, यद्यपि हि प्रत्यक्षानुमानयोरसावतीन्द्रियत्वेनागोचरस्तथाप्यागमाभिहितत्वात् ज्ञानध्यानफलतयाऽसौ प्रतिपत्तव्य:, आगमश्च प्रमाणतया सर्वमोक्षवादिभिरभ्युपगत एव, यद्यपि च बौद्धै: स तथा नेष्यते, तथापि संशयविशेषनिबन्धनतया प्रवृत्तिनिवृत्तिहेतुत्वात्तै: कथञ्चिदभ्युपगत एवेति । अथ कथमवसितमिदं यदुत शास्त्रेऽसौ तत्फलतयाभिहित इत्याशङ्क्याह- 'यतो'यस्मात्कारणात्, 'सूत्र'मर्थसूचकं वाक्यं, 'शिवधर्मोत्तरे' शिवधर्माभिधाने पराभिमते शैवागमविशेषे, 'हि'रिति वाक्यालङ्कारे, 'अद:' एतद्वक्ष्यमाणलक्षणमिति, अतो भवदभ्युपगतशास्त्रे मोक्षस्य ज्ञानादिफलतयोक्तत्वान्न मोक्षार्थिना दीक्षितेनाधिकृताया अन्याग्निकारिका कार्येति गर्भार्थ इति ॥२॥**

## શૈવદર્શનમાં પણ સાધુઓ માટે ભાવ અગ્નિકારિકાનું વિધાન.

**હવે દીક્ષિત થયેલાએ ધ્યાનરૂપ અગ્નિકારિકા જ કરવી જોઇએ એમ પરસિદ્ધાન્તથી સિદ્ધ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** દીક્ષા મોક્ષ માટે કહી છે, અને મોક્ષ જ્ઞાન-ધ્યાનનું ફલ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. કારણ કે શૈવદર્શનના શિવધર્મ નામના આગમવિશેષમાં આ (=નીચેની ગાથામાં કહેવાશે તે) કહેવામાં આવ્યું છે. (૨)

૧. હોમ કરવા માટે ઉપયોગમાં આવતા અમુક પ્રકારના કાષ્ઠને સમિધ કહેવામાં આવે છે.

**ટીકાર્થ— દીક્ષા મોક્ષ માટે કહી છે—** દીક્ષાનું સ્વરૂપ જાણનારા પુરુષોએ દીક્ષા મોક્ષ માટે=સકલ કર્મોથી મુક્ત બનવા માટે કહી છે. આ પ્રમાણે હોવાથી જેણે દીક્ષાનો સ્વીકાર કર્યો છે તેણે મોક્ષસાધક જ અનુષ્ઠાનનો આશ્રય લેવો જોઇએ, પણ દ્રવ્ય અગ્નિકારિકા ન કરવી જોઇએ એવો ભાવ છે.

**મોક્ષ જ્ઞાન-ધ્યાનનું ફલ છે—** દ્રવ્ય અગ્નિકારિકા જ મોક્ષનું સાધન છે એવી આશંકાને દૂર કરવા માટે કહે છે કે, તે મોક્ષ જ્ઞાન અને શુભ એકાગ્રતાથી સાધી શકાય છે, દ્રવ્યાગ્નિકારિકાથી નહિ, અર્થાત્ મોક્ષ જ્ઞાન અને ધ્યાનથી મળે છે.

**શાસ્ત્રમાં કહ્યું છે—** જ્ઞાન-ધ્યાનનું ફલ એવો મોક્ષ પ્રત્યક્ષ આદિ પ્રમાણથી જાણી શકાતો ન હોવાથી તમે કેવી રીતે આ જાણ્યું એવો કોઇ પ્રશ્ન કરે તો કહે છે કે "મોક્ષ જ્ઞાન-ધ્યાનનું ફળ છે" એમ શાસ્ત્રમાં કહ્યું છે. જો કે જ્ઞાન-ધ્યાનનું ફલ એવો મોક્ષ ઇંદ્રિયોથી જાણી શકાતો ન હોવાથી પ્રત્યક્ષ અને અનુમાનનો વિષય નથી, તો પણ આગમમાં કહેલો હોવાથી મોક્ષને જ્ઞાન-ધ્યાનના ફલ તરીકે સ્વીકારવો જોઇએ. સર્વ મોક્ષવાદીઓએ આગમનો પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો જ છે. જો કે બૌદ્ધો શાસ્ત્રમાં મોક્ષને જેવો કહ્યો છે તેવા મોક્ષને ઇચ્છતા નથી. તો પણ સંશયવિશેષનું કારણ હોવાથી પ્રવૃત્તિ-નિવૃત્તિનો હેતુ હોવાના કારણે તેમણે કોઇક રીતે મોક્ષને સ્વીકાર્યો જ છે.

**(અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—** જુદા જુદા આગમમાં મોક્ષનું સ્વરૂપ જુદા જુદા પ્રકારનું જણાવ્યું છે. આથી મોક્ષ કેવા સ્વરૂપવાળો છે એવા પ્રકારના સંશયનું કારણ છે. લોક ક્યારેક જેમાં સંશય હોય તેમાં પણ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરે છે. જેમકે-આ દવાથી રોગ દૂર થશે કે નહિ એવા સંશયમાં પણ કદાચ આ દવાથી રોગ દૂર થશે એમ માનીને લોક દવા લેવાની પ્રવૃત્તિ કરે છે. અમુક આહાર આ રોગમાં પથ્ય છે કે અપથ્ય છે એવા સંશયમાં પણ કદાચ આ આહારથી રોગ વધી જાય એમ માનીને લોક એ આહારનો ત્યાગ કરે છે. તે પ્રમાણે બૌદ્ધો મોક્ષનું સ્વરૂપ નિશ્ચિત ન થવા છતાં જેનાથી મોક્ષ મળે તેમાં પ્રવૃત્તિ કરે છે. અને જેનાથી મોક્ષ ન મળે તેનાથી નિવૃત્તિ કરે છે=અટકે છે. આથી બૌદ્ધોએ કોઇક રીતે મોક્ષનો સ્વીકાર કર્યો જ છે.)

શાસ્ત્રમાં મોક્ષને જ્ઞાન-ધ્યાનના ફળરૂપે કહ્યો છે એ કેવી રીતે જાણ્યું આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે-કારણ કે શૈવદર્શનના શિવધર્મ નામના આગમમાં આ (હવે કહેવાશે તે) સૂત્ર છે. સૂત્ર એટલે અર્થનું સૂચન કરનાર વાક્ય.

આથી તમારા સ્વીકારેલા શાસ્ત્રમાં મોક્ષને જ્ઞાનાદિના ફલ તરીકે (=જ્ઞાન-ધ્યાનથી મોક્ષ મળે છે એમ) કહેલ હોવાથી મોક્ષાર્થી એવા દીક્ષિતે પ્રસ્તુત ભાવ અગ્નિકારિકાથી અન્ય દ્રવ્યઅગ્નિકારિકા ન કરવી જોઇએ. એવો તાત્પર્યાર્થ છે. (૨)

**तदेव सूत्रं दर्शयन्नाह—**

**पूजया विपुलं राज्य-मग्निकार्येण सम्पदः ।**
**तपः पापविशुद्ध्यर्थं, ज्ञानं ध्यानं च मुक्तिदम् ॥३॥**

**वृत्तिः—'पूजया' देवतायाः पुष्पाद्यर्चनलक्षणया, न तु तदन्यया, तदन्यस्यास्तपोज्ञानरूपत्वेन पापवि-**

शुद्धिमोक्षयोरेव सम्पादकत्वात्, 'विपुलं' विस्तीर्णं, 'राज्यं' राजभावो भवति, तत्कारकस्येति गम्यते, तथा 'अग्निकार्येण' अग्नावग्निना वा कार्यं कृत्यमग्निकार्यं, तेन द्रव्याग्निकारिकयेत्यर्थः, न तु भावाग्निकारिकया, तस्या ध्यानरूपत्वेन मुक्तिसाधकत्वात्, 'सम्पदः' समृद्धयः, भवन्तीति गम्यम्, तथा 'तपो'ऽनशनादि, 'पापविशुद्ध्यर्थं' अशुभकर्मक्षयाय भवति, तथा 'ज्ञान'मवबोधविशेषो, 'ध्यानं च' शुभचित्तैकाग्रतालक्षणम्, 'च' शब्दः समुच्चये, 'मुक्तिदं' मोक्षप्रदं भवतीति शिवधर्मोत्तरग्रन्थसूत्रार्थ इति ॥३॥

## શિવધર્મના શાસ્ત્રમાં વિધાન.

**તે જ સૂત્રને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પૂજાથી વિશાળ રાજ્ય મળે છે. અગ્નિકાર્યથી સમૃદ્ધિ મળે છે. તપ પાપવિશુદ્ધિ માટે છે. જ્ઞાન-ધ્યાન મોક્ષ આપે છે. (૩)

**ટીકાર્થ— પૂજાથી વિશાળ રાજ્ય મળે છે—** દેવની પુષ્પાદિથી કરેલી પૂજાથી પૂજા કરનારને વિશાળ રાજ્ય મળે છે, તેનાથી અન્ય (=ભાવ) પૂજાથી નહિ. કારણ કે તેનાથી=પુષ્પાદિ પૂજાથી અન્યપૂજા તપ-જ્ઞાન સ્વરૂપ હોવાથી પાપવિશુદ્ધિ અને મોક્ષને જ આપે છે.

**અગ્નિકાર્યથી સમૃદ્ધિ મળે છે—** અગ્નિમાં થતું જે કાર્ય તે અગ્નિકાર્ય. અથવા અગ્નિવડે થતું કાર્ય તે અગ્નિકાર્ય, અર્થાત્ અગ્નિકારિકા. દ્રવ્યઅગ્નિકારિકાથી સમૃદ્ધિ મળે છે, નહિ કે ભાવાગ્નિકારિકાથી. કારણ કે ભાવાગ્નિકારિકા ધ્યાનરૂપ હોવાથી મુક્તિ સાધી આપે છે.

**તપ પાપવિશુદ્ધિ માટે છે—** અનશન વગેરે તપ પાપવિશુદ્ધિ માટે=અશુભકર્મના ક્ષય માટે થાય છે.

**જ્ઞાન-ધ્યાન મોક્ષ આપે છે—** જ્ઞાન એટલે બોધવિશેષ. ધ્યાન એટલે શુભચિત્તની એકાગ્રતા. જ્ઞાન અને ધ્યાન મોક્ષ આપનાર થાય છે.

આ પ્રમાણે શિવધર્મના ઉત્તરગ્રંથનો સૂત્રાર્થ છે. (૩)

**एवं तावत्पराभ्युपगमेनैव द्रव्याग्निकारिकाकरणं दीक्षितस्य दूषितम् । अथ तस्यैव पूजां पुनरग्निकारिकां च प्रकारान्तरेण दूषयन्नाह—**

**पापं च राज्यसम्पत्सु, सम्भवत्यनघं ततः ।**
**न तद्धेत्वोरुपादान-मिति सम्यग्विचिन्त्यताम् ॥४॥**

वृत्तिः— न केवलं मुमुक्षोरग्निकारिकाकरणमपार्थकं, 'पापं चाऽ'शुभकर्म च 'राज्यसम्पत्सु' नरपतित्वसमृद्धिषु पूजाग्निकारिकाकरणानन्तरफलभूतासु सतीषु, 'सम्भवति' संजायते यत एवं 'तत' स्तस्माद्, 'अनघं' निरवद्यं, 'न' नैव भवति, 'तद्धेत्वोः' राज्यसम्पत्कारणयोः पूजाग्निकारिकारूपयोः, 'उपादान'माश्रयणम्, 'इति' एतदनन्तरोक्तं पूजाग्निकारिकयोरुपादानस्य सपापत्वं, 'सम्यक्' स्वसिद्धान्ताविरोधेन, 'विचिन्त्यतां' पर्यालोच्यतामिति । सुपर्यालोचितकारिणो हि भवन्ति मुमुक्षव इति ॥४॥

## દ્રવ્યાગ્નિકાર્ય સાધુઓથી ન કરી શકાય તેની બીજી રીતે સિદ્ધિ.

**આ પ્રમાણે અન્ય દર્શનીના સ્વીકારથી જ દીક્ષિત અગ્નિકારિકા કરે એમાં દૂષણ આપ્યું. હવે દીક્ષિતની જ પૂજાને અને અગ્નિકારિકાને અન્યરીતે દૂષિત કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** રાજ્ય અને સંપત્તિમાં પાપ થાય છે. તેથી રાજ્ય-સંપત્તિનું કારણ એવી પૂજાનો અને અગ્નિકારિકાનો આશ્રય પાપ રહિત નથી જ. આ પ્રમાણે બરોબર વિચારવું (૪)

**ટીકાર્થ—** મુમુક્ષુને અગ્નિકારિકા કરવી એ કેવળ નિરર્થક છે, એટલું જ નહિ, પણ પૂજા અને અગ્નિકારિકા કર્યા પછી એના ફળરૂપે મળેલી રાજ્ય અને સમૃદ્ધિમાં પાપ થાય છે. તેથી રાજ્ય અને સંપત્તિનું કારણ એવી પૂજાનો અને અગ્નિકારિકાનો આશ્રય પાપરહિત નથી.

**આ પ્રમાણે બરોબર વિચારવું—** પૂજાનો અને અગ્નિકારિકાનો આશ્રય કરવો=સ્વીકાર કરવો એ પાપ સહિત છે એમ હમણાં જે કહ્યું તેને સ્વસિદ્ધાન્તની સાથે વિરોધ ન આવે તે રીતે વિચારવું. મુમુક્ષુઓ સારી રીતે વિચારેલું કરનારા હોય છે. (૪)

**राज्यसम्पत्सु पापं भवतीत्युक्तम्, तदेवाश्रित्याक्षेपः क्रियते, ननु राज्यसम्पद्भावे भवतु नाम पापं दानादिना तु तस्य शुद्धिर्भविष्यतीत्याशङ्क्याह—**

**विशुद्धिश्चास्य तपसा, न तु दानादिनैव यत् ।**
**तदियं नान्यथा युक्ता, तथा चोक्तं महात्मना ।।५।।**

**वृत्तिः— विशोधनं 'विशुद्धिः' सा 'च' पुनः, 'अस्य' राज्यादिजन्यपापस्य 'तपसा' अवधारणस्येह सम्बन्धात् 'तपसैव' अनशनादिनैव ''तपः पापविशुद्ध्यर्थम्'' इति वचनात्, 'न तु दानादिना' न पुनर्दानहोमादिना, ''दानेन भोगानाप्नोति'' इति वचनात्, तत्कथं दीक्षितस्य पूजाग्निकारिके युक्ते इति, इह च द्रव्याग्निकारिकाया एव मुख्यं दूषणं पूजायास्तु प्रासङ्गिकमित्यग्निकारिकाया एव । निगमनमाह- 'तदियं नान्यथा युक्तेति' यस्मान्मुमुक्षोर्व्यर्थेयं पापसाधनसम्पद्धेतुभूता च, 'तत्' तस्मादियमग्निकारिका, 'न' नैव, 'अन्यथा' धर्मध्यानाग्निकारिकायाः प्रकारान्तरापन्ना द्रव्याग्निकारिकेत्यर्थः, 'युक्ता' सङ्गतेति, विशोधनार्हपापसम्पादकसम्पन्निमित्तत्वेन द्रव्याग्निकारिकाया अकरणीयत्वं व्यासस्यापि न्यायतः सम्मतमिति दर्शयन्नाह- 'तथा चोक्तं महात्मना' इति 'तथा च' यथास्मदुक्तार्थसंवादो भवति तथैव, 'उक्त'मभिहितं 'महात्मना' परमस्वभावेन व्यासेनेति शेषः । इह च यन्मिथ्यादृष्टेरपि व्यासस्य महात्मकत्वाभिधानमाचार्येण कृतं तत् परसम्मतानुकरणमात्रमात्मनो माध्यस्थ्याविष्करणार्थमिति न दुष्टम्, सम्मतश्च परस्य महात्मतया व्यासः, अत एव च तद्वचनं स्वपक्षे परप्रीतिजननायोपन्यस्तमिति ।।५।।**

## સાધુને પૂજા-અગ્નિકારિકા કરવામાં શો વાંધો છે તેનો ખુલાસો

**રાજ્ય અને સંપત્તિમાં પાપ થાય છે એમ કહ્યું. આ જ કથનનો આશ્રય લઇને આક્ષેપ કરવામાં આવે**

**છે. તે આ પ્રમાણે–રાજ્ય-સંપત્તિમાં ભલે પાપ થાઓ, પણ દાન વગેરેથી તેની શુદ્ધિ થઇ જશે એવી આશંકા કરીને કહે છે—**

**શ્લોકાર્થ**— રાજ્ય-સંપત્તિથી થયેલા પાપની વિશુદ્ધિ અનશન વગેરે તપથી જ થાય છે, નહિ કે દાનાદિથી. તેથી મુમુક્ષુને દ્રવ્યાગ્નિકારિકા યુક્ત નથી. તે પ્રમાણે જ મહાત્માએ કહ્યું છે. (૫)

**ટીકાર્થ**— રાજ્યાદિથી થયેલા પાપની શુદ્ધિ અનશનાદિ તપથી જ થાય છે. કારણકે તપ પાપની વિશુદ્ધિ માટે છે એવું વચન છે. એ પાપની શુદ્ધિ દાન અને હોમ વગેરેથી ન થાય. કારણ કે દાનથી ભોગોને પામે છે એવું વચન છે. તેથી દીક્ષિતને પૂજા અને અગ્નિકારિકા કરવી એ કેવી રીતે યોગ્ય ગણાય ? અહીં મુખ્ય દૂષણ દ્રવ્યાગ્નિકારિકાનું જ છે. પૂજાનું દૂષણ તો પ્રાસંગિક છે. આથી અગ્નિકારિકાનો જ ઉપસંહાર કરતા ગ્રન્થકાર કહે છે-

તેથી આ અન્યથા યુક્ત નથી. અહીં અન્યથા એટલે ધર્મધ્યાન (=ભાવ) અગ્નિકારિકાથી પ્રકારાન્તરને (=અન્ય પ્રકારને) પામેલી, અર્થાત્ દ્રવ્યાગ્નિકારિકા. જે કારણથી દ્રવ્યાગ્નિકારિકા મુમુક્ષુને વ્યર્થ છે, અને પાપનું સાધન એવી સંપત્તિનું કારણ છે, તે કારણથી આ દ્રવ્યાગ્નિકારિકા મુમુક્ષુને યુક્ત નથી.

વિશુદ્ધિ કરવાને યોગ્ય જે પાપ, તે પાપને કરાવનારી સંપત્તિનું કારણ હોવાથી દ્રવ્યાગ્નિકારિકા કરવા યોગ્ય નથી એમ વ્યાસમુનિને પણ ન્યાયથી સંમત છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે-

તે પ્રમાણે જ મહાત્માએ (મહાભારતના વનપર્વમાં બીજા અધ્યાયમાં) કહ્યું છે.

**તે પ્રમાણે જ**— તે પ્રમાણે જ એટલે અમારા કહેલા અર્થની સાથે સંવાદ=સમાનતા થાય તે પ્રમાણે જ.

**મહાત્મા**— મહાત્મા એટલે ઉત્તમસ્વભાવવાળા વ્યાસમુનિ.

અહીં આચાર્યે મિથ્યાદષ્ટિ પણ વ્યાસનો ''મહાત્મા'' તરીકે ઉલ્લેખ કર્યો તે બીજાઓને સંમતનું માત્ર અનુકરણ કરવા માટે છે. અને એમ કરીને પોતાની મધ્યસ્થતા પ્રગટ કરવા માટે છે. આથી દુષ્ટ નથી. વ્યાસ બીજાઓને મહાત્મા તરીકે સંમત છે. આથી જ સ્વપક્ષમાં (=જૈનપક્ષમાં) બીજાઓને (=જૈનેતરોને) પ્રીતિ ઉત્પન્ન કરવા માટે તેના વચનનો ઉલ્લેખ કર્યો છે. (૫)

**तदेवाह महाभारते वनपर्वणि द्वितीयाध्याये—**

**धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी ।**

**प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ॥६॥**

**वृत्तिः**— 'धर्मार्थं' धर्मनिमित्तं, 'यस्य' कस्यचित्पुंसः, 'वित्तेहा' द्रव्योपार्जनचेष्टा कृषिवाणिज्यादिका, 'तस्य' पुरुषस्य, 'अनीहा' अचेष्टा वित्तानुपार्जनमेव, 'गरीयसी' श्रेयसीतरा, सङ्गततरा इत्यर्थः, अयमभिप्रायः- वित्तार्थं चेष्टायामवश्यं पापं भवति तच्चोपार्जितवित्तवितरणेनावश्यं शोधनीयं भवति, एवं च वित्तार्थमचेष्टैव वरतरा वित्तवितरणविशोध्यपापाभावात् परिग्रहारम्भवर्जनात्मकत्वेनाचेष्टाया एव च धर्मत्वादिति । अत्रार्थे दृष्टान्तमाह-'प्रक्षालनात्' धावनात्सकाशात्, 'हि' यस्मात्, 'पङ्कस्या'ऽशुचिरूपकर्द-

मस्य, 'दूरात्' विप्रकर्षात्, 'अस्पर्शनं' असंश्लेषणमेव, 'वरं' प्रधानमिति । इदमुक्तं भवति- यदि पङ्के करचरणादिरवयवः क्षिप्त्वापि प्रक्षालनीयस्तदा वरमक्षिप्त एव, एवं यद्यग्निकारिकां विधाय सम्पद उपार्जनीयास्तज्जन्यपातकं च पुनर्दानेन शोधनीयं तदा सैवाग्निकारिका वरमकृतेति । प्रयोगश्चेह, न विधेया मुमुक्षूणां द्रव्याग्निकारिका, तत्सम्पाद्यस्य कर्मपङ्कस्य पुनः शोधनीयत्वात्, पादादेः पङ्कक्षेपवदिति । एवं तर्हि गृहस्थेनापि पूजादि न कार्यं स्यात्, नैवम्, यतो जैनगृहस्था न राज्यादिनिमित्तं पूजां कुर्वन्ति, न च राज्याद्यावर्जितमवद्यं दानेन शोधयिष्याम इति मन्यन्ते, मोक्षार्थमेव तेषां पूजादौ प्रवृत्तेः, मोक्षार्थितया च विहितस्यागमानुसारिणो वीतरागपूजादेर्मोक्ष एव मुख्यं फलं, राज्यादि तु प्रासङ्गिकम्, ततो गृहिणः पूजादिकं नाविधेयम् । दीक्षितेतरयोश्च अनुष्ठानस्यानन्तर्यपारम्पर्यकृत एव फले विशेष इति ।।६।।

## વ્યાસનું કથન

**વ્યાસે જે કહ્યું છે તેને જ ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે ધર્મ માટે ધન મેળવવાનો પ્રયત્ન કરે છે એના કરતાં તે ધન ન મેળવે તે જ અધિક શ્રેષ્ઠ છે. કાદવને ધોવા કરતાં કાદવનો દૂરથી સ્પર્શ ન કરવો એ જ શ્રેષ્ઠ છે. (૬)

**ટીકાર્થ—** જે પુરુષ ધર્મ માટે ધન મેળવવાનો ખેતી વેપાર વગેરે પ્રયત્ન કરે છે, એના કરતાં તે ધન ન મેળવે એ જ શ્રેષ્ઠ છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—** ધન મેળવવા માટે પ્રયત્ન કરવામાં અવશ્ય પાપ થાય, અને તે પાપની મેળવેલા ધનના દાનથી અવશ્યશુદ્ધિ કરવી જોઇએ. આ રીતે ધન મેળવવા માટે પ્રયત્ન ન કરવો એ જ અધિક શ્રેષ્ઠ છે. કારણ કે ધન મેળવવા માટે પ્રયત્ન ન કરવાથી ધનના દાનથી શુદ્ધિ કરવા યોગ્ય પાપ જ થતું નથી. ધન મેળવવાનો પ્રયત્ન ન કરવો એ જ પરિગ્રહત્યાગ અને આરંભત્યાગ સ્વરૂપ હોવાથી ધર્મ છે.

**આ વિષે દૃષ્ટાંતને કહે છે—** કાદવને ધોવા કરતાં કાદવનો દૂરથી સ્પર્શ ન કરવો એ જ શ્રેષ્ઠ છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—** જો શરીરના હાથ પગ વગેરે અંગો કાદવમાં નાખીને ધોવા જરૂરી છે તો તે અંગો કાદવમાં ન નાખવા એ જ શ્રેષ્ઠ છે.

એ પ્રમાણે જો અગ્નિકારિકા કરીને ધન મેળવવાનું હોય, અને પછી ધનને મેળવવાથી થયેલા પાપને ધનના દાનથી શુદ્ધ કરવાનું હોય તો, તે અગ્નિકારિકા જ ન કરવી એ શ્રેષ્ઠ છે.

**અહીં પ્રયોગ આ પ્રમાણે છે—** જેવી રીતે પગ વગેરેને કાદવમાં નાંખીને ફરી ધોવાની જરૂર પડે છે, તેથી પગ વગેરેને કાદવમાં ન નાખવા જોઇએ. તેમ પહેલાં અગ્નિકારિકા કરીને સંપત્તિ મેળવવી, પછી સંપત્તિને મેળવવાથી થયેલ કર્મરૂપ કાદવની દાનથી શુદ્ધિ કરવી, એના કરતાં તો મુમુક્ષુએ અગ્નિકારિકા જ ન કરવી એ શ્રેષ્ઠ છે.

**પૂર્વપક્ષ—** જો એમ છે તો ગૃહસ્થે પણ પૂજા વગેરે ન કરવું જોઇએ.

**ઉત્તરપક્ષ—** એમ ન કહેવું. કારણ કે જૈનગૃહસ્થો રાજ્ય વગેરે મેળવવા માટે પૂજા કરતા નથી. તથા

રાજ્ય વગેરેથી લાગેલા પાપને દાનથી શુદ્ધ કરીશું એમ માનતા નથી. કારણકે તેઓ મોક્ષ માટે જ પૂજા વગેરેમાં પ્રવૃત્તિ કરે છે. મોક્ષ માટે ફરમાવાયેલા અને આગમને અનુસરનારા વીતરાગપૂજાદિ અનુષ્ઠાનનું મુખ્ય ફલ મોક્ષ જ છે. રાજ્ય વગેરે તો પ્રાસંગિક ફલ છે. તેથી ગૃહસ્થે પૂજા વગેરે કરવું જોઇએ. દીક્ષિત અને ગૃહસ્થ એ બેના અનુષ્ઠાનના ફલમાં આનન્તર્ય અને પારંપર્યથી કરાયેલો જ ભેદ છે. અર્થાત્ દીક્ષિતને અનંતર મોક્ષ મળે છે. અને ગૃહસ્થને પરંપરાએ મોક્ષ મળે છે. (આમ બંનેના અનુષ્ઠાનનું ફળ મોક્ષ જ છે. (૬)

**दीक्षितस्यापि सम्पदर्थित्वे सति युक्ता द्रव्याग्निकारिकेत्याशङ्कानिराकरणायाह—**

**मोक्षाध्वसेवया चैताः, प्रायः शुभतरा भुवि ।**
**जायन्ते ह्यनपायिन्य, इयं सच्छास्त्रसंस्थितिः ॥७॥**

वृत्तिः—'मोक्षो' निर्वाणं तस्याध्वा मार्गः सम्यग्दर्शनज्ञानचरणलक्षणस्तस्य सेवाऽनुष्ठानं 'मोक्षाध्वसेवा' तया, 'च' शब्दः पुनःशब्दार्थः, ततश्चाग्निकारिकायाः कार्यभूताः सम्पदः पापहेतुतया अशुभा, मोक्षाध्वसेवया पुनः शुभतरा भवन्तीत्यर्थो लभ्यते, अवधारणार्थो वा चशब्दस्तेन मोक्षाध्वसेवयैव नाऽग्निकारिकाकरणतः 'एता' अनन्तरोदिता अग्निकारिकाफलभूताः सम्पदः, 'प्रायो'बाहुल्येन प्रायोग्रहणं च कस्यापि मोक्षाध्वसेवाभव(एव) निर्वाणभावान्न जायन्त एवेति ज्ञापनार्थम्, 'शुभतरा' अग्निकारिकाकरणेभ्यः सकाशात् प्रशस्ततरा, 'भुवि' पृथिव्याम्, 'जायन्ते' भवन्ति, 'हि' शब्दो यस्मादर्थः, 'अनपायिन्यो'ऽपायवर्जिताः यस्मान्मोक्षाध्वसेवया प्रशस्ततरा अनपायिन्यश्च 'सम्पदो' जायन्ते, तस्मादियमग्निक्रिया नान्यथा युक्तेति प्रक्रमः । मोक्षाध्वसेवया शुभतरा एता भवन्तीति कथमिदमवसितमित्याशङ्कायामाह । 'इयं' अनन्तरोदिता, 'सच्छास्त्रसंस्थितिः' अविसंवादकागमव्यवस्था । यदाह-मोक्षमार्गप्रवृत्तस्य, महाभ्युदयलब्धयः । सञ्जायन्तेऽनुषङ्गेण, पलालं सत्कृषाविव ॥१॥'' मुमुक्षूणां च शास्त्रं प्रमाणमेव । यदाह-''न मानमागमादन्यत्, मुमुक्षूणां हि विद्यते । मोक्षमार्गे ततस्तत्र, यतितव्यं मनीषिभिः ॥१॥'' इति ॥७॥

ભૌતિક સુખ માટે કરાતા ધર્મથી મળતી સંપત્તિથી
મોક્ષ માટે કરાતા ધર્મથી મળતી સંપત્તિ અધિક શુભ હોય છે.

**દીક્ષિતને પણ સંપત્તિની ઇચ્છા થાય તો તેને દ્રવ્યાગ્નિકારિકા યુક્ત છે, એવી આશંકાનું નિરાકરણ કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ**— પૃથ્વીમાં (=સંસારમાં) દ્રવ્યાગ્નિકારિકાથી મળતી સંપત્તિની અપેક્ષાએ મોક્ષમાર્ગના અનુષ્ઠાનથી વધારે શુભ સંપત્તિઓ પ્રાયઃ પ્રાપ્ત થાય છે. તથા આ સંપત્તિ[1] અનર્થથી રહિત હોય છે. આ વ્યવસ્થા અવિસંવાદી આગમોની છે. અર્થાત્ હમણાં કહેલી વ્યવસ્થા અવિસંવાદી આગમોએ કરેલી છે. (૭)

---

૧ આ સંપત્તિ બે રીતે અનર્થથી રહિત હોય છે. (૧) સંપત્તિની પ્રાપ્તિ અને ભોગ અનર્થથી રહિત હોય છે. અર્થાત્ સંપત્તિને મેળવવામાં અનીતિ, અધિકશ્રમ, બહુચિંતા વગેરે અનર્થો થતા નથી. સંપત્તિને ભોગવવામાં રોગ અને દુર્ગતિ વગેરે અનર્થો થતા નથી. (૨) સંપત્તિનો ભોગ મોક્ષમાર્ગમાં બાધક બનતો નથી.

**ટીકાર્થ—મોક્ષમાર્ગ—** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર (એ ત્રણે મળીને) મોક્ષમાર્ગ છે. દ્રવ્યાગ્નિકારિકાની કાર્યરૂપ સંપત્તિઓ (=દ્રવ્યાગ્નિકારિકાથી મળતી સંપત્તિઓ) પાપનું કારણ હોવાથી અશુભ છે. મોક્ષમાર્ગના સેવનથી મળતી સંપત્તિઓ અધિક શુભ હોય છે. આવો અર્થ મૂળગાથામાં રહેલા પુનઃ શબ્દના અર્થવાળા **च** શબ્દથી પ્રાપ્ત થાય છે.

અથવા **च** શબ્દનો અવધારણ અર્થ છે. તેથી પદયોજના આ પ્રમાણે થાય- દ્રવ્યાગ્નિકારિકાની ફલરૂપ હમણાં કહેલી (રાજ્ય વગેરે) સંપત્તિઓ મોક્ષમાર્ગના અનુષ્ઠાનથી જ દ્રવ્યાગ્નિકારિકા કરવાની અપેક્ષાએ અધિક શુભ પ્રાપ્ત થાય છે, દ્રવ્યાગ્નિકારિકા કરવાથી નહિ, અર્થાત્ દ્રવ્યાગ્નિકારિકા કરવાથી અધિક શુભ સંપત્તિઓ પ્રાપ્ત થતી નથી.

**પ્રશ્ન—** પ્રાય: પ્રાપ્ત થાય છે એમ 'પ્રાય:' કેમ કહ્યું ?

**ઉત્તર—** જે ભવમાં મોક્ષમાર્ગનું સેવન કરે તે જ ભવમાં મોક્ષ થવાથી કોઇકને શુભસંપત્તિની પ્રાપ્તિ ન જ થાય એ જણાવવા માટે પ્રાય: એમ કહ્યું છે.

મોક્ષમાર્ગના અનુષ્ઠાનથી અધિક શુભ અને અનર્થથી રહિત સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. માટે આ અગ્નિક્રિયા અન્યથા (=બીજી રીતે, અર્થાત્ મોક્ષનું લક્ષ છોડીને ભૌતિક સુખ માટે) કરવી યુક્ત નથી એવું નિશ્ચિત થાય છે.[1]

મોક્ષમાર્ગના સેવનથી અધિક શુભ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે એ કેવી રીતે જાણ્યું ? એવી આશંકા થયે છતે ગ્રંથકાર કહે છે-

હમણાં કહેલી વ્યવસ્થા અવિસંવાદી આગમોએ કરેલી છે. કહ્યું છે કે-"**જેવી રીતે સારી ખેતીમાં આનુષંગિક ફળરૂપે પરાળની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલા સાધકને મહાન અભ્યુદયવાળી લબ્ધિઓ ઉત્પન્ન થાય છે.**" મુમુક્ષુઓને શાસ્ત્ર પ્રમાણ જ હોય. કહ્યું છે કે-"**મુમુક્ષુઓને મોક્ષમાર્ગમાં આગમથી અન્ય કોઇ પ્રમાણ નથી. માટે બુદ્ધિશાળીઓએ આગમમાં યત્ન કરવો જોઇએ, અર્થાત્ આગમ પ્રમાણે માનવું જોઇએ અને કરવું જોઇએ.**"

**अथ परसमयसमाश्रयणेनैव द्रव्याग्निकारिकाकरणं निराकुर्वन्नाह—**

**इष्टापूर्तं न मोक्षाङ्गं, सकामस्योपवर्णितम् ।**
**अकामस्य पुनर्योक्ता, सैव न्याय्याग्निकारिका ॥८॥**

---

૧. અહીં સર્વસામાન્ય એવો નિયમ છે કે, સંસાર સુખની ઇચ્છાથી કરેલા ધર્મથી જે સંપત્તિ મળે તેના કરતાં સંસારસુખની ઇચ્છા વિના=મોક્ષની ઇચ્છાથી કરેલા ધર્મથી અધિક શુભ સંપત્તિ મળે. બંને પ્રકારના ધર્મથી સંપત્તિ અવશ્ય મળે. આથી સંસાર સુખની ઇચ્છાથી કરેલા ધર્મથી પણ સંપત્તિ તો મળે, પણ સંસારસુખની ઇચ્છા વિના=મોક્ષ માટે કરેલા ધર્મથી મળે તેવી ઉત્તમ ન મળે. આથી અહીં દ્રવ્યાગ્નિકારિકાથી મળતી સંપત્તિથી મોક્ષમાર્ગની સાધનાથી વધારે શુભ સંપત્તિ મળે ઇત્યાદિ કહ્યું છે. અન્ય દર્શનમાં સાંસારિક સુખની કામનાવાળા માટે દ્રવ્યાગ્નિકારિકાનું વિધાન છે. ધર્મ સંસારસુખની ઇચ્છાથી ન કરતાં મોક્ષની ઇચ્છાથી કરવો એવો આ ગાથાનો તાત્પર્યાર્થ છે.

वृत्तिः— इज्यते दीयते स्मेतीष्टम्, पूर्यते स्मेति पूर्तम्, इष्टं च पूर्तं चेति ❀'इष्टापूर्तम्' इति समाहारद्वन्द्वः, छान्दसत्वाच्च 'इष्टापूर्तम्,' तत्स्वरूपं चेदम्- "Xअन्तर्वेद्यां तु यद्दत्तं, ब्राह्मणानां समक्षतः । ऋत्विग्भिर्मन्त्रसंस्कारै-रिष्टं तदभिधीयते ॥१॥ वापीकूपतडागानि, देवतायतनानि च । अन्नप्रदानमारामाः, पूर्तं तदभिधीयते ॥२॥" तदेवमुक्तस्वरूप'मिष्टापूर्तं,' 'न' नैव, 'मोक्षाङ्गं' मुक्तिकारणम्, इहायमभिप्रायः- अग्निकारिका न मोक्षाङ्गमिष्टकर्मरूपत्वात्तस्या यतोऽन्तर्वेद्यामाहुतिप्राधान्येन कर्माणीष्यन्त इति, कुतस्तन्न मोक्षाङ्गमित्याह- 'सकामस्याऽ'भ्युदयाभिलाषिणः, यस्मात्तदित्येष वाक्यशेषो दृश्यः, 'उपवर्णित'मुपदिष्टं भवदीयसिद्धान्त एव, यतः श्रूयते "स्वर्गकामो यजेत" इत्यादि श्रुतिवचनम् । तथा "इष्टापूर्तं मन्यमाना वरिष्ठं, नान्यच्छ्रेयो येऽभिनन्दन्ति मूढाः । नाकस्य पृष्ठे ते सुकृतेन भूत्वा, इमं लोकं हीनतरं वा विशन्ति ॥१॥" अथाकामस्य का वार्तेत्याशङ्क्याह- 'अकामस्य' स्वर्गपुत्राद्यनाशंसावतो मुमुक्षोः, 'पुनः'शब्दः पूर्ववाक्यार्थापेक्षयोत्तरवाक्यार्थस्य विशेषाभिधायकः, 'या उक्ता' कर्मेन्धनमित्यादिना प्रतिपादिता, 'सैव' नान्या पराभ्युपगता, 'न्याय्या' न्यायादनपेता, न्यायश्च दर्शित एव, 'अग्निकारिकाऽ'ग्निक्रियेति ॥८॥

॥ चतुर्थाष्टकविवरणं समाप्तम् ॥४॥

## વાદીના આગમથી જ દ્રવ્યાગ્નિકારિકાનો નિષેધ

**હવે અન્યના શાસ્ત્રનો આશ્રય લઇને જ દ્રવ્યાગ્નિકારિકા કરવાનું નિરાકરણ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** ઇષ્ટાપૂર્ત મોક્ષનું કારણ નથી. કામનાવાળા જીવોને ઇષ્ટાપૂર્તનો ઉપદેશ આપ્યો છે. કામનાથી રહિતને જે પૂર્વે કહેલી છે તે જ અગ્નિકારિકા ન્યાયયુક્ત છે. (૮)

**ટીકાર્થ—** "इज्" ધાતુથી ઇષ્ટ શબ્દ બન્યો છે. "इज्" ધાતુનો આપવું એવો અર્થ છે. જે અપાયું તે ઇષ્ટ. "पृ" ધાતુથી પૂર્ત શબ્દ બન્યો છે. "पृ" ધાતુનો 'પૂર્ણ કરવું' એવો અર્થ છે. જે પૂર્ણ કરાયું તે પૂર્ત. આમ અહીં ઇષ્ટ અને પૂર્ત એમ બે શબ્દ છે. પણ દ્વન્દ્વસમાસમાં[1] વેદમાં થયેલા પ્રયોગથી ઇષ્ટાપૂર્ત એવો શબ્દ બન્યો છે.

ઇષ્ટાપૂર્તનું સ્વરૂપ આ પ્રમાણે છે-**"બ્રાહ્મણોની સમક્ષ યાજ્ઞિકોવડે મંત્રસંસ્કારોથી સંસ્કારિત કરાયેલું જે[2] અંતર્વેદીમાં અપાયું હોય તે ઇષ્ટ કહેવાય છે. "વાવડી, કૂવો અને તળાવ બનાવવા, દેવમંદિરો બંધાવવા, અન્નનું દાન કરવું, આ બધું પૂર્ત છે. એમ તત્ત્વવેદીઓ જાણે છે."** (યો. દ. સ. ૧૧૭)

---

❀ समाहारे पूर्वपददीर्घे च इष्टापूर्तम् ॥

X पृथिव्या मध्यस्थितत्वादन्तर्वेदीव । हरिद्वारावधिप्रयागपर्यन्ते शशस्थलीति ब्रह्मावर्त इति च ख्याते देशे ॥

१ अग्न्याधेयं पाकयज्ञानग्निष्टोमादिकान्मखान् । यः करोति वृतो यस्य स तस्यर्त्विगिहोच्यते ॥१॥ एकाग्निकर्महवनं त्रेतायां यच्च हूयते । अन्तर्वेद्यां च यद्दानमिष्टं तदभिधीयते ॥१॥ अग्निहोत्रं तपः सत्यं वेदानां चार्थपालनम् । आतिथ्यं वैश्वदेवं च प्राहुरिष्टं सदा बुधाः

૧. छन्दस्=વેદ. छन्दसि भवः छान्दसः प्रयोगः । छान्दसत्वात् એટલે છંદમાં=વેદમાં થયેલા પ્રયોગથી.

૨. પ્રયાગથી હરદ્વાર સુધીના ગંગા-યમુનાની વચ્ચે આવેલા પ્રદેશને અંતર્વેદી કહેવામાં આવે છે.

આ પ્રમાણે જેનું સ્વરૂપ હમણાં કહ્યું તે ઇષ્ટાપૂર્ત મુક્તિનું કારણ નથી જ. અહીં અભિપ્રાય આ પ્રમાણે છે-અગ્નિકારિકા મોક્ષનું કારણ નથી. કારણ કે તે ઇષ્ટક્રિયારૂપ છે. કારણકે અંતર્વેદીમાં આહુતિની પ્રધાનતાથી કાર્યો ઇચ્છાય છે, અર્થાત્ અંતર્વેદીમાં આહુતિને પ્રધાન રાખીને અનુષ્ઠાનો કરવામાં આવે છે.

**ઇષ્ટાપૂર્ત મોક્ષનું કારણ કેમ નથી તે વિષે કહે છે—** તમારા સિદ્ધાંતમાં જ કામનાવાળા (=સંપત્તિ આદિની અભિલાષાવાળા) જીવોને ઇષ્ટાપૂર્તનો ઉપદેશ આપ્યો છે. કારણ કે સંભળાય છે કે **"ઇષ્ટાપૂર્તને જ શ્રેષ્ઠ માનનારા જે જીવો અન્ય કલ્યાણને ઇચ્છતા નથી, તે જીવો ઇષ્ટાપૂર્તરૂપ સુકૃતથી સ્વર્ગને પ્રાપ્ત કરે છે, પરંતુ પછી ફરીથી મનુષ્ય લોકમાં કે તેનાથી પણ અધિક હીન લોકમાં જન્મ લે છે."**

હવે જે કામનાથી રહિત છે તેની શું વાત છે ? એવી આશંકા કરીને કહે છે-સ્વર્ગ અને પુત્રાદિની આશંસાથી રહિત મુમુક્ષુને (આ અષ્ટકના પહેલા શ્લોકમાં) **कर्मेन्धनम्** ઇત્યાદિથી કહેલી અગ્નિકારિકા, કે જેને બીજાઓએ સ્વીકારી છે, તે જ અગ્નિકારિકા યોગ્યતાથી યુક્ત છે. યોગ્યતા આ અષ્ટકમાં વિસ્તારથી બતાવેલી જ છે.

ગાથામાં પુન:શબ્દ પૂર્વવાક્યના અર્થની અપેક્ષાએ ઉત્તર (=પછીના) વાક્યના અર્થની વિશેષતાને કહેનારો છે. (શ્લોકનો પૂર્વાર્ધ પૂર્વવાક્ય છે, અને શ્લોકનો ઉત્તરાર્ધ ઉત્તર વાક્ય છે.) (૮)

## ચોથા અગ્નિકારિકા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું

## ।।५।। अथ पञ्चमं भिक्षाष्टकम् ।।

**एवं च तात्त्विकं महादेवं भावस्नानपूर्वकभावपूजया पूजयतो धर्मध्यानाग्निकारिकाकरणपरायणस्य मुमुक्षोरनारम्भितया निष्परिग्रहतया च धर्माधारशरीरस्थितिर्भिक्षयैवोपपन्नेति तत्स्वरूपनिरूपणायाह—**

**सर्वसम्पत्करी चैका, पौरुषघ्नी तथापरा ।**
**वृत्तिभिक्षा च तत्त्वज्ञै-रिति भिक्षा त्रिधोदिता ।।१।।**

**वृत्तिः—'सर्वा' निरवशेषा ऐहिक्यामुष्मिकीर्मोक्षावसानाः, 'सम्पदः' श्रियः कर्तुं शीलं यस्याः सा 'सर्वसम्पत्करी,' 'चकार' उक्तसमुच्चये, 'एका' प्रथमा अद्वितीया वा प्रधानेत्यर्थः, 'पौरुषं' पुरुषकारं, 'हन्ति' निष्फलीकरणेन ध्वंसयतीति 'पौरुषघ्नी,' 'तथे' त्युक्तसमुच्चय एव, अथवा 'तथा' तेन वक्ष्यमाणप्रकारेण, 'अपरा' द्वितीया, अथवा न परा 'अपरा' जघन्येत्यर्थः, वृत्तिर्वर्त्तनं जीविकेत्यर्थः, तदर्था भिक्षा 'वृत्तिभिक्षा' सा च अन्येति गम्यते, 'च'कारो भिक्षासामान्यसमुच्चयार्थः, 'तत्त्वज्ञैः' परमार्थवेदिभिः, 'इति' एवमनन्तरोक्तेन प्रकारेण, 'भिक्षा' याञ्चा, 'त्रिधा' त्रिभिः प्रकारैः, 'उदिता' अभिहितेति ।।१।।**

## પાંચમું ભિક્ષા અષ્ટક

(સર્વ સંપત્કરી આદિ ત્રણ પ્રકારની ભિક્ષાનું સ્વરૂપ, તેના ગુણ-દોષો, ભિક્ષાદાતારને દાનનું ફળ કેવું મળે, દાનનું વિશિષ્ટફળ કેવી રીતે મળે વગેરે મહત્ત્વની બાબતોનો સૂક્ષ્મદષ્ટિએ આમાં વિચાર કરવામાં આવ્યો છે.)

**આ પ્રમાણે તાત્ત્વિક મહાદેવને ભાવસ્નાનપૂર્વક ભાવપૂજાથી પૂજતા, ધર્મધ્યાનાગ્નિકારિકા કરવામાં તત્પર મુમુક્ષુ આરંભરહિત અને નિષ્પરિગ્રહી છે. આથી તેના ધર્મનો આધાર એવા શરીરની સ્થિતિ (=ટકવું) ભિક્ષાથી જ થઇ શકે. આથી ભિક્ષાના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે ગ્રંથકાર કહે છે—**

## ભિક્ષાના ત્રણ પ્રકાર

**શ્લોકાર્થ—** પરમાર્થના જાણકારોએ એક સર્વસંપત્કરી, બીજી પૌરુષઘ્ની અને ત્રીજી વૃત્તિભિક્ષા એમ ત્રણ પ્રકારની ભિક્ષા કહી છે. (૧)

**ટીકાર્થ— (૧) એક સર્વસમ્પત્કરી—** આ લોકસંબંધી અને પરલોકસંબંધી સંપત્તિઓ કરે, અંતે મોક્ષ આપે એમ સર્વસંપત્તિઓને કરે તે સર્વસંપત્કરી ભિક્ષા. અહીં એક એટલે તેના જેવી બીજી કોઇ ભિક્ષા ન હોય તેવી. અથવા એક એટલે પ્રધાન.

**(૨) પૌરુષઘ્ની—**પૌરુષને=પુરુષાર્થને નિષ્ફલ કરવા વડે હણે તે પૌરુષઘ્ની. આ જઘન્યભિક્ષા છે.

**(૩) વૃત્તિભિક્ષા—** વૃત્તિ એટલે આજીવિકા. આજીવિકા માટે (=જીવન નિર્વાહ માટે) લેવાતી ભિક્ષા વૃત્તિભિક્ષા છે. (૧)

**तत्राद्यां तावदाह—**

**यतिर्ध्यानादियुक्तो यो, गुर्वाज्ञायां व्यवस्थितः ।**
**सदानारम्भिणस्तस्य, सर्वसम्पत्करी मता ॥२॥**

**वृत्तिः— 'यतिः' साधुः, तस्य सर्वसम्पत्करी 'मता' इति क्रिया, भिक्षेति प्रकृतमनेन च व्यवच्छेदफलत्वाद्वचनस्य गृहस्थस्य व्यवच्छेदः कृतः, यतिश्च द्रव्ययतिरपि स्यादतस्तद्व्यवच्छेदायाह- 'ध्यानादियुक्तः' तत्र ध्यानं भवशतसमुपचितकर्मवनगहनज्वलनकल्पमखिलतपःप्रकारप्रवरमान्तरतपः क्रियारूपं धर्मध्यानं शुक्लध्यानं च, आदिशब्दात् निखिलपारलौकिकाद्यनुष्ठानप्रकाशनप्रदीपकल्पज्ञानपरिग्रहः, अतस्तेन ध्यानादिना युक्तो युतो यः स तथा, अनेन च तपः-क्रियाज्ञानयुक्तत्वविशेषणेन केवलक्रियाकारिणः क्रियाशून्यज्ञानवतश्च व्यवच्छेद उक्तः, केवलयोस्तयोरनर्थकत्वात् । यदाह-''हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया । पासंतो पंगुलो दड्ढो धावमाणो उ अंधओ''[३३] ॥१॥ इति उभय(युक्त)स्यैवार्थप्रसाधकत्वात् । यदाह- ''संजोगसिद्धीइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ । अंधो य पंगू य वणे समिच्चा, ते संपउत्ता नगरं पविट्ठा''[३४]॥२॥'' इति । 'य' इति सामान्योऽनिर्दिष्टनामा ध्यानादियुक्त इतिविशेषणसामर्थ्यात्तथाविधविशिष्टज्ञानविकलानां माषतुषादिचारित्रिणां मा भूत्सर्वसम्पत्करभिक्षाप्रतिषेध इत्यत आह- 'गुर्वाज्ञायां व्यवस्थितः' गुरोर्गुरुगुणोपेताचार्यस्याज्ञा वचनं, तस्यां विशेषेणावस्थितः, एष हि गुरुज्ञानत एव ज्ञानवान् ज्ञानफलसिद्धेः, यदाह-''यो निरनुबन्धदोषात्, श्राद्धोऽनाभोगवान् वृजिनभीरुः । गुरुभक्तो ग्रहरहितः**

३३. हतं ज्ञानं क्रियाहीनं, हताऽज्ञानतः क्रिया । पश्यन् पङ्गुर्दग्धः धावमानस्तु अन्धकः ॥१॥

३४. संयोगसिद्धौ फलं वदन्ति, न खल्वेकचक्रेण रथः प्रयाति । अन्धश्च पङ्गुश्च वने समेत्य तौ सम्प्रयुक्तौ नगरं प्रविष्टौ ॥२॥

सोऽपि ज्ञातैव तत्फलतः ॥१॥'' अथवा यो गुरुकुले वसतां प्रचुरसाधुत्वेन मनागनेषणीयभक्तभोजनसम्भवादिदोषोद्भावनतस्तन्निरपेक्षो भवति तस्यानेन व्यवच्छेद उक्तः, सद्गुरूपदेशानपेक्षो हि शास्त्रे निन्द्यते। यदाह-''जे उ तह विवज्जत्था, सम्मं गुरुलाघवं अयाणन्ता । सग्गाहा किरियरया, पवयणखिंसावहा खुद्दा[35]॥१॥'' इत्यादि, 'व्यवस्थित' इह विशब्देन यः कदाचित् गुर्वाज्ञाव्यवस्थितः कदाचिदन्यथा तस्यापि व्यवच्छेदः । ननु ये जिनकल्पिकप्रतिमाकल्पिकादयो गच्छनिर्गतास्तेषां गुर्वाज्ञाविकलानां कथं विवक्षितभिक्षाभाक्त्वमिति, उच्यते, तत्कल्पस्यैव गुर्वाज्ञारूपत्वादिति । तस्येतीह दृश्यम्, ततस्तस्य यतेः किंविधस्येत्याह- 'सदानारम्भिणः' सदा सर्वकालं अनारम्भिणः पृथिव्याद्युपमर्दपरिहारिणः, अनेन पृथिव्यादिषु असंयतस्य व्यवच्छेदः, ध्यानादियोगस्यापि तदीयस्य निष्फलत्वात् । आह च- ''सम्मद्दिट्ठिस्स वि अविरयस्स न तवो महागुणो होइ । होइ हु हत्थिण्हाणं, तुंदच्छियं व तं तस्स[36] ॥१॥'' ★ तुन्दाकर्षणे हि यावद् भ्रमिकाष्ठं दवरकेण मुच्यते तावदेव बध्यत इति । सदाग्रहणेन तु यो विहितसामायिकपौषधतया कदाचिदनारम्भी देशतो यतिस्तस्य व्यवच्छेद उक्तो भिक्षाकत्वेन तस्यागमेऽनभिधानात् । ननु य एकादशीं प्रतिमां प्रतिपन्नः श्रमणोपासकस्तस्य प्रतिमाकालावधिकत्वादनारम्भकत्वस्य न तदा तावदाद्या भिक्षा सम्भवति, नापि तदितरभिक्षैतस्य वक्ष्यमाणतत्स्वामिलक्षणायोगादिति कास्य भिक्षेति ?, अत्रोच्यते, तस्य श्रमणभूतत्वाभिधानात् तद्भिक्षाया अपि श्रमणभिक्षाकल्पत्वात्तस्यामवस्थायां तस्या आप्तोपदिष्टत्वाच्च सर्वसम्पत्करीकल्पत्वमवसेयम्, न ह्यसर्वसम्पत्करमतत्कारणं वा विधेयतया वस्त्वाप्ता उपदिशन्ति आप्तत्वहानिप्रसङ्गादिति । इह ध्यानादियुक्त इत्यत्रादिशब्देन सदानारम्भित्वस्यावबोधेऽपि भेदेन तदुपादानं हेतुत्वार्थम्, ततश्च सदानारम्भिकत्वाद्धेतोः 'सर्वसम्पत्करी' उक्तनिर्वचना, मता तत्त्वविदामिति । सदानारम्भस्य हि वृत्तिर्भिक्षयैवान्यथा त्वारम्भित्वप्रसङ्गात्, सा चानारम्भित्वादेव सर्वसम्पत्करी, अत एव सातिप्रशस्या । यदाह- ''अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिया । मोक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा[37] ॥१॥'' ॥२॥

पुनरपि किम्भूतस्य तस्येत्याह—

**वृद्धाद्यर्थमसङ्गस्य, भ्रमरोपमयाऽटतः ।**
**गृहिदेहोपकाराय, विहितेति शुभाशयात् ॥३॥**

वृत्तिः—'अटतो' यतेः सर्वसम्पत्करी भिक्षा भवतीति प्रकृतम्, किमर्थमटत इत्याह- 'वृद्धाद्यर्थं' वृद्धा वयःपर्यायश्रुतस्थविराः, आदिशब्दाद् बालग्लानशिष्य(शैक्ष)कप्राघुर्णकादिपरिग्रहः, तदर्थं तन्निमित्तमिति, अनेन स्वोदरविवरभरणप्रवणान्तःकरणस्य क्षपणकादेर्व्यवच्छेद उक्तः, वृद्धादिवैयावृत्त्यं हि सक-

३५. ये तु तथा विपर्यस्ताः सम्यग्गुरुलाघवं अजानन्तः । स्वग्राहात् क्रियारताः प्रवचनखिंसावहाः क्षुद्राः ॥१॥ (तुच्छाःकृपणाःक्रूरा वा)

३६. सम्यग्दृष्टेरप्यविरतस्य न तपो महागुणं भवति । भवति हु हस्तिस्नानं तुन्दाच्छिदमिव तत्तस्य ॥१॥

★ तुन्दा मन्थानदण्डिका

३७. अहो जिनैरसावद्या, वृत्तिः साधूनां देशिता (दर्शिता) । मोक्षसाधनहेतोः साधुदेहस्य धारणाय ॥१॥

लकल्याणवल्लरीकन्दकल्पं वर्तते, यदाह-''वेयावच्चं निच्चं, करेह संजमगुणे धरंताणं । सव्वं किर पडिवाई, वेयावच्चं अपडिवाई[38] ॥१॥'' अतस्तन्निरपेक्षस्य कथं सर्वसम्पत्करभिक्षाभागित्वमिति, तथा 'असङ्गस्य' शब्दादिविषयेष्वनभिष्वङ्गस्य । आह च- ''सद्दाइएसु साहू, मुच्छं न करेज्ज गोयरगओ य । एसणजुत्तो होज्जा, गोणीवच्छो गवत्तिव्व[39] ॥१॥'' अथवा वृद्धग्लानाद्यर्थमटतोऽपि तदुद्देशलब्धपेशलदालिशालिकूरादिभोजनेष्वलुब्धस्य, तदितरस्स तु तथाविधवैयावृत्यकरणादेर्व्यवच्छेदः, तथा 'भ्रमरोपमया' मधुकरनिदर्शनेन, यथा हि मधुकरः कतिपयमकरन्दकणस्वीकरणतः कुसुमक्लमाकरणेनात्मानमनुप्रीणात्येवमेव मुनिमधुकराः स्तोकस्तोकान्नमकरन्दग्रहणतो गृहपतिप्रसूनपीडानापादनेन संयमात्मानमनुपालयन्तीत्येवंरूपेणेति, अनेन च य एकत्र सद्मनि भुङ्क्ते तस्य निरासः, एकत्र भोजने हि कथञ्चिदुद्गमदोषपरिहरणप्रयत्नपरस्यापि पुरःकर्मपश्चात्कर्मासंयतचेष्टाकृतदोषप्रसङ्ग इति, 'अटतः'पर्यटतो भिक्षाकुलेष्वनेन च अनटतो निषेधः, अनटनेन हि भिक्षाग्रहणेऽभ्याहृतदोषसद्भावः, अथ ये गृहस्थाः साधुवन्दनार्थमागच्छन्ति तदानयनेऽसौ न भविष्यति वन्दनार्थागमनस्य गृहस्थप्रयोजनत्वात्साध्वर्थभक्तानयनस्य च प्रासङ्गिकत्वादिति, नैवम्, अभ्याहृतदोषाभावेऽपि मालापहृतनिक्षिप्तपिहिताद्यनेकविधदोषप्रसङ्गात्, अथ गृहस्थवचनप्रामाण्यात्तदवगमे तत्परिहारो भविष्यति, सत्यम्, किन्तु गृहस्थहस्तस्थापितादिदोषो दुष्परिहार्यः स्यादिति, किंविधेन आशयविशेषेणाटत इत्याह- 'गृहिदेहोपकाराय' गृहिणां स्वशरीरस्य चोपग्रहार्थम् । तत्र गृहिणामारम्भपरिग्रहगृहीतात्मनां दुर्गतिगमननिबन्धनकर्मबन्धवतां धर्मसाधककायोपकारकाहारग्रहणद्वारेणात्यन्तिकसुखफलनिर्वाणतरुबीजकल्पपुण्यसम्पादनत उपकारः, तथा स्वदेहस्याहारविरहितस्य शुद्धधर्मसौधशिखरमध्यासितुमशक्तस्याहारलक्षणावलम्बनदानत उपकारः । अनेन तु यो गृहिणामप्रीत्युत्पादनेन धर्मकायस्य चाहारलौल्याद्धर्मानुपग्राहकाहारग्रहणेनापकारी तस्य निषेधः, तथा दैन्याच्छ्रीमत्पुत्रादितया लज्जमानो वा योऽटति तन्निषेधायाह- 'विहिता' यत्यवस्थोचिता इयं तीर्थकरैरप्याचरितत्वादुपदिष्टत्वाच्च, 'इति' एवंप्रकारात्, 'शुभाशयात्'प्रशस्ताध्यवसायात्, अथवा गृहिदेहोपकाराय विहिता जिनैरुपदिष्टा भिक्षा 'इति' एवंरूपाच्छुभाशयादटत इति प्रकृतमेवेति ॥३॥

## સર્વસંપત્કરીભિક્ષા લેનારાં સાધુનાં લક્ષણો

**તેમાં પહેલી સર્વસંપત્કરી ભિક્ષાને કહે છે—**

**શ્લોકાર્થ—** જે સાધુ ધ્યાનાદિથી યુક્ત, ગુર્વાજ્ઞામાં વ્યવસ્થિત, સદા આરંભથી રહિત, વૃદ્ધાદિ માટે ભિક્ષા લેનાર, અને અનાસક્ત હોય, તથા ગૃહસ્થોના અને પોતાના દેહના ઉપકાર માટે જિનોએ ભિક્ષાનો ઉપદેશ કર્યો છે એવા શુભાશયથી ભ્રમરની ઉપમાથી (ભિક્ષા માટે) ભમતો હોય તેની ભિક્ષા સર્વસંપત્કરી છે. (૨-૩)

**ટીકાર્થ—ધ્યાનાદિથી યુક્ત—** સેંકડોભવોથી એકઠા કરેલા કર્મવનને બાળવા માટે અતિશય પ્રજ્વલિત બનેલા અગ્નિસમાન, તપના સઘળા પ્રકારોમાં શ્રેષ્ઠ, અને અભ્યંતર તપશ્ચર્યારૂપ ધર્મધ્યાનથી યુક્ત. આદિ

३८. वैयावृत्त्यं नित्यं कुरुत संयमगुणान्धरताम् । सर्वं किल प्रतिपाति वैयावृत्त्यमप्रतिपाति ॥१॥

३९. शब्दादिकेषु साधुः मूर्च्छां न कुर्यात् गोचरगतश्च । एषणायुक्तो भवेद् गोवत्सो गौरितीव ॥१॥

શબ્દથી પરલોક સંબંધી સર્વ અનુષ્ઠાનોને પ્રકાશિત કરવા માટે દીપક સમાન જ્ઞાન સમજવું. તપશ્ચર્યા અને જ્ઞાનથી યુક્ત એવા આ વિશેષણથી કેવળ ક્રિયા કરનાર અને ક્રિયાશૂન્યજ્ઞાનવાળા સાધકનો વ્યવચ્છેદ (=નિષેધ) કર્યો. કારણ કે એકલા તે બે (=ક્રિયા અને જ્ઞાન) નિરર્થક છે. કહ્યું છે કે **"ક્રિયાથી રહિત જ્ઞાન નિષ્ફલ છે, અજ્ઞાનતાથી કરાતી ક્રિયા નિષ્ફલ છે. પાંગળો માણસ આગને જોતો હોવા છતાં (ચાલી ન શકવાથી) બળી ગયો. આંધળો માણસ દોડતો હોવા છતાં (આગને જોઇ ન શકવાથી) બળી ગયો."** (વિશેષાવશ્યક ૧૧૫૯) આ પ્રમાણે જ્ઞાન-ક્રિયા ઉભય મોક્ષરૂપ ફળને સિદ્ધ કરે છે. કહ્યું છે કે-**તીર્થંકરો જ્ઞાન-ક્રિયા એ બંનેનો સંયોગ થયે છતે મોક્ષરૂપ ફલને કહે છે=મોક્ષરૂપફળની પ્રાપ્તિ થાય એમ કહે છે. રથ એક ચક્રથી ચાલતો નથી. અર્થાત્ રથ બે પૈડાથી ચાલે છે. આ વિષે આંધળા અને પાંગળા માણસનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે- કોઇ નગરના બધા માણસો રાજાના ભયથી જંગલમાં ગયા. ત્યાં પણ ચોરોની ધાડના ભયથી બધા માણસો પલાયન થઇ ગયા. અનાથ એવો આંધળો અને પાંગળો એ બે ત્યાં જ રહ્યા. ત્યાં દાવાનલ સળગ્યો. તે બંને ભેગા થયા. આંધળા માણસે પાંગળાને પોતાના ખભા ઉપર બેસાડ્યો. પાંગળો પણ આંધળાને ચાલવાનો માર્ગ બતાવે છે. આમ આંધળાની ચાલવાની ક્રિયાથી અને પાંગળાના આંખથી માર્ગને જોવાના જ્ઞાનથી તે બંને ક્ષેમપૂર્વક નગરમાં પહોંચી ગયા. એ પ્રમાણે સર્વત્ર સંયોગથી ફલની સિદ્ધિ થાય છે."** (વિશેષાવશ્યક ૧૧૬૫)

**ગુર્વાજ્ઞામાં વ્યવસ્થિત**— ધ્યાનાદિથી યુક્ત એવા વિશેષણના સામર્થ્યથી તેવા પ્રકારના વિશિષ્ટજ્ઞાનથી રહિત માષતુષ મુનિ વગેરે ચારિત્રસંપન્ન મુનિઓને સર્વસંપત્કરી ભિક્ષાનો નિષેધ ન થાય એટલા માટે અહીં કહે છે કે—ગુરુની આજ્ઞામાં રહેલ=ગુરુના ગુણોથી યુક્ત આચાર્યની આજ્ઞામાં વિશેષથી રહેલ. આ (=આવા) મુનિ ગુરુના જ્ઞાનથી જ જ્ઞાનવાન છે. કારણ કે જ્ઞાનનું ફળ મળી ગયું છે. કહ્યું છે કે— **"જે નિરનુબંધ દોષના કારણે અજ્ઞાની હોવા છતાં શ્રદ્ધાળુ છે, પાપભીરુ છે, ગુરુભક્ત છે, કદાગ્રહથી રહિત છે, તે પણ જ્ઞાનનું ફળ મળવાનાં કારણે જ્ઞાની છે."**

અથવા ગુરુકુલમાં રહેનારા સાધુઓ ઘણા હોવાથી કંઇક અનેષણીય (=દોષિત) આહારના ભોજનનો સંભવ વગેરે દોષો પ્રકટ કરીને (=સમુદાયમાં રહેવાથી આવા આવા દોષો લાગે છે એમ દોષો પ્રગટ કરીને) જે સાધુ ગુરુકુલથી નિરપેક્ષ થાય છે = ગુરુકુલને છોડી દે છે, તે સાધુનો આનાથી નિષેધ કર્યો. સદ્ગુરુના ઉપદેશની ઉપેક્ષા કરનાર સાધુ શાસ્ત્રમાં નિંદાય છે. કહ્યું છે કે-જેઓ ઉત્તમ અને કૃતજ્ઞ ન હોવાના કારણે અકલ્યાણનું ભાજન હોવાથી ગુરુની અવજ્ઞા કરે છે, તેઓ (વાસ્તવિક) સાધુ નથી. કારણ કે તેવા સાધુઓ ગુરુ-લાઘવને બરોબર જાણતા નથી. અર્થાત્ ગુરુકુલવાસ અને એકાકી વિહાર એ બેમાં વધારે લાભ શામાં છે તે બરોબર જાણતા નથી. તેવાઓ એમ માને છે કે અનેક સાધુઓ હોવાથી અશુદ્ધ આહાર, પરસ્પર સ્નેહ, રોષ વગેરે દોષોનો સંભવ હોવાથી ગુરુકુલમાં રહેવામાં બહુ દોષો છે. એકાકી વિહારમાં આ દોષો નહિ હોવાથી ઓછા દોષો છે. તેમની આ માન્યતા બરોબર નથી. કારણ કે આ માન્યતા આગમથી બાધિત છે=આગમોથી વિપરીત છે. આ માન્યતા આગમથી બાધિત કેમ છે તે પહેલાં જણાવી દીધું છે. તેવા સાધુઓ નિર્દોષ ભિક્ષા, શરીરવિભૂષાનો ત્યાગ, જીર્ણ ઉપધિ, આતાપના, માસક્ષમણ વગેરે અનુષ્ઠાનો આગમ પ્રમાણે નહિ, કિંતુ સ્વમતિકલ્પના પ્રમાણે કરે છે. આવા સાધુઓ આગમથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરનારા હોવાથી અને એકાકી હોવાથી જૈનશાસનની મર્યાદાઓનું પાલન કરવામાં અસમર્થ છે. આથી જૈનશાસનની અપભ્રાજનાનું કારણ બને છે. આવા સાધુઓ

પોતાની મહત્તા માનનારા અને ગુરુની અવજ્ઞા કરનારા હોવાથી ક્ષુદ્ર=તુચ્છ છે, અથવા ભોળા લોકોને પોતાના પ્રત્યે આકર્ષવામાં તત્પર હોવાથી ક્ષુદ્ર=કૃપણ છે. અથવા બીજા સાધુઓના માન સન્માન ન થાય તેવી ભાવનાવાળા હોવાથી ક્ષુદ્ર=ક્રૂર છે. (પંચાશક ૧૧-૩૭)

અહીં વ્યવસ્થિત શબ્દમાં રહેલ 'વિ' શબ્દથી જે સાધુ ક્યારેક ગુરુની આજ્ઞામાં રહે અને ક્યારેક ન રહે તેનો પણ નિષેધ કર્યો છે.

**પ્રશ્ન**— જે જિનકલ્પિક કે પ્રતિમાકલ્પિક વગેરે સાધુઓ ગચ્છમાંથી નીકળી ગયા છે, અને તેથી ગુર્વાજ્ઞાથી રહિત છે, તેમને વિવક્ષિત (=સર્વસંપત્કરી) ભિક્ષા કેવી રીતે હોય ?

**ઉત્તર**— તેમનો કલ્પ જ ગુરુની આજ્ઞારૂપ છે.

**સદા આરંભથી રહિત**— સર્વકાળ પૃથ્વી વગેરેની પીડા-હિંસાનો ત્યાગ કરનારા. આનાથી પૃથ્વીકાય વગેરેમાં સંયમ ન રાખનારા સાધુનો નિષેધ કહ્યો. કારણ કે તે સાધુના ધ્યાનાદિ યોગ પણ નિષ્ફલ છે. કહ્યું છે કે-"**અવિરત સમ્યગ્દૃષ્ટિનો પણ તપ બહુ લાભ કરનારો થતો નથી. તેનો તપ હસ્તિસ્નાન કે મંથાનદંડિકાના આકર્ષણ જેવો છે.** (હાથી સ્નાન કરીને સૂંઢથી ધૂળ ઉડાડે એટલે તેનું શરીર ફરી મેલું થઇ જાય. (મંથાનદંડિકા=દહીં વલોવવાનું વલોણું) મંથાનદંડિકાને ખેંચવામાં ભ્રમિકાષ્ઠ દોરાથી જેટલું મૂકાય છે તેટલું જ બંધાય છે. આ પ્રમાણે જેમ હાથીને સ્નાનથી બહુ લાભ થતો નથી તથા મંથાનદંડિકાને ખેંચવાથી ભ્રમિકાષ્ઠ બંધનથી મુક્ત બનતું નથી. તેમ અવિરત સમ્યગ્દૃષ્ટિને તપથી બહુલાભ થતો નથી. કારણ કે તપથી થોડાં કર્મો છોડે છે તો અવિરતિથી ઘણાં કર્મો બાંધે છે.)

સદા શબ્દના ઉલ્લેખથી તો સામાયિક-પૌષધવ્રત કરવાના કારણે જે ક્યારેક આરંભથી રહિત છે, અને દેશથી સાધુ છે, તેનો નિષેધ કર્યો. કારણકે આગમમાં તેને ભિક્ષુક તરીકે કહ્યો નથી.

**પ્રશ્ન**— જે શ્રાવકે અગિયારમી પ્રતિમાનો સ્વીકાર કર્યો છે તે પ્રતિમાના કાળ સુધી આરંભથી રહિત હોય છે. આથી તે વખતે તેને પહેલી ભિક્ષા સંભવતી નથી. અને બીજી બે ભિક્ષા પણ સંભવતી નથી. કારણકે બીજી બે ભિક્ષાના સ્વામીનાં જે લક્ષણો હવે કહેવાશે તે લક્ષણો તેને ઘટતા નથી. આથી એને કઇ ભિક્ષા હોય ?

**ઉત્તર**— તેને સાધુરૂપ કહ્યો હોવાથી તે અવસ્થામાં તેની ભિક્ષા પણ સાધુભિક્ષા જેવી હોય. તેથી અને આપ્તપુરુષોએ તે ભિક્ષાનો (=અગિયારમી પ્રતિમામાં રહેલા શ્રાવકે ભિક્ષાથી ભોજન કરવું એવો) ઉપદેશ આપ્યો હોવાથી તેની ભિક્ષાને સર્વસંપત્કરી જેવી જાણવી. આપ્તપુરુષો જે સર્વસંપત્કર ન હોય અથવા સર્વસંપત્કરનું કારણ ન હોય તે વસ્તુનો ઉપદેશ ન આપે. કારણ કે તેમ કરે તો તેમના આપ્તપણાની હાનિનો પ્રસંગ આવે.

**પૂર્વપક્ષ**— અહીં ધ્યાનાદિથી યુક્ત એ સ્થળે "આદિ" શબ્દના ઉલ્લેખથી "સદારંભથી રહિત" એવો બોધ થઇ જતો હોવા છતાં અલગથી તેનો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તરપક્ષ**— અલગથી તેનો ઉલ્લેખ કર્યો તે હેતુને જણાવવા માટે કર્યો છે. તેથી પદયોજના આ પ્રમાણે થાય-સદા આરંભથી રહિત છે, તેથી તેની ભિક્ષાને પરમાર્થના જાણકારોએ સર્વસંપત્કરી માની છે. સર્વસંપત્કરી શબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ પૂર્વે કહી દીધો છે. જે સદા આરંભથી રહિત હોય તેનો જીવનનિર્વાહ ભિક્ષાથી જ થાય.

જો ભિક્ષાથી જીવનનિર્વાહ ન કરે તો આરંભનો પ્રસંગ આવે. આરંભથી રહિત હોવાથી જ તેની ભિક્ષા સર્વસંપત્કરી છે અને એથી જ તે ભિક્ષા અતિશય શ્રેષ્ઠ છે. કહ્યું છે કે-**"અહો[1] મોક્ષની સાધનામાં હેતુ એવા શરીરની રક્ષા માટે શ્રી જિનેશ્વર દેવોએ પાપરહિત આજીવિકા (=જીવનનિર્વાહ) કહી છે."** (દશવૈ.અ.૫.ઉ.૧ ગાથા-૯૨)

**વૃદ્ધાદિ માટે ભિક્ષા લેનાર—** વૃદ્ધો એટલે સ્થાવિરો. સ્થવિરો વયથી, દીક્ષાપર્યાયથી અને શ્રુતથી એમ ત્રણ પ્રકારે છે. "આદિ" શબ્દથી બાલ, ગ્લાન, નૂતનદીક્ષિત, અતિથિ વગેરે સમજવા. વૃદ્ધાદિ માટે ભિક્ષા લેનાર એમ કહીને જેમનું અંતઃકરણ પોતાનું પેટ ભરવામાં તત્પર છે તેવા તપસ્વી આદિનો નિષેધ કહ્યો છે, અર્થાત્ તેની ભિક્ષા સર્વસંપત્કરી બનતી નથી. વૃદ્ધ આદિની વેયાવચ્ચ સર્વકલ્યાણરૂપ કલ્પલતાના કંદ સમાન છે. કહ્યું છે કે-**ઉત્તમગુણોને ધારણ કરતા સાધુઓની વેયાવચ્ચ સતત કરો. બીજું બધું (=બીજા બધા ગુણો) પ્રતિપાતી છે, વેયાવચ્ચ[2] અપ્રતિપાતી છે.** (ઓઘનિર્યુક્તિ-૫૩૨)

આથી વેયાવચ્ચ કરવામાં નિરપેક્ષ સાધુને સર્વસંપત્કરી ભિક્ષા કેવી રીતે હોય ? અર્થાત્ ન હોય.

**અનાસક્ત—** અનાસક્ત એટલે શબ્દ વગેરે વિષયોમાં આસક્તિ ન કરનાર. કહ્યું છે કે-**"ગોચરીને માટે નીકળેલ સાધુ શબ્દ વગેરે વિષયોમાં મૂર્છા ન કરે, કિંતુ ગોભક્ત (=ગાયના ચારા) વિષે વાછરડાની જેમ એષણામાં યુક્ત થવું."** વાછરડાનું સંક્ષેપમાં દૃષ્ટાંત આ પ્રમાણે છે—નવયૌવના સ્ત્રી સોળે શણગાર સજીને ભૂખ્યા થયેલા વાછરડાને ચારો (=વાછરડાનો ખોરાક) આપવા આવે ત્યારે વાછરડો સ્ત્રીના શણગાર આદિ તરફ જોતો નથી, કિંતુ પોતાના ચારા તરફ જ નજર કરે છે. તે રીતે ભિક્ષા માટે ફરતો સાધુ સ્ત્રીઓની સન્મુખ જુએ નહિ, કિંતુ સ્ત્રીવડે વહોરાવવા માટે લવાતા આહારાદિમાં ઉપયોગવાળો થાય.

અથવા અનાસક્ત એટલે વૃદ્ધ અને ગ્લાનાદિ માટે ફરવા છતાં વૃદ્ધ-ગ્લાન આદિના નિમિત્તથી મળેલ મનોહર દાળ-ભાત-અન્ન વગેરે ભોજનમાં અલુબ્ધ. લુબ્ધને તો તેવા પ્રકારની વેયાવચ્ચ કરવા વિગેરેનો નિષેધ કર્યો છે.

**ગૃહસ્થોના અને પોતાના દેહના ઉપકાર માટે—** સાધુ કયા આશયથી ભિક્ષા માટે ફરે તે આ કથનથી જણાવ્યું છે. તેમાં આરંભ-પરિગ્રહથી જકડાયેલા અને દુર્ગતિગમનનું કારણ એવા કર્મબંધવાળા ગૃહસ્થોને ધર્મસાધક કાયાને ઉપકારી બને તેવા આહારનું ગ્રહણ કરવા દ્વારા અવિનાશીસુખ જેનું ફળ છે તેવા મોક્ષરૂપ વૃક્ષના બીજ સમાન પુણ્યને મેળવી આપવાથી ગૃહસ્થો ઉપર ઉપકાર કરે છે. તથા આહાર વિના શુદ્ધધર્મરૂપ મહેલના શિખર ચડવા માટે અશક્ત એવા પોતાના દેહને આહારરૂપ આલંબન આપીને પોતાના શરીર ઉપર ઉપકાર કરે છે.

"ગૃહસ્થોના અને પોતાના દેહના ઉપકાર માટે" એમ જણાવીને જે ગૃહસ્થોને અપ્રીતિ ઉત્પન્ન કરવા દ્વારા ગૃહસ્થોનો અપકારી બને છે, તથા આહારની લોલુપતાના કારણે ધર્મમાં ઉપકારી ન બને તેવા આહારને ગ્રહણ કરવા દ્વારા ધર્મરૂપ કાયાનો અપકારી બને છે, તેને સર્વસંપત્કરી ભિક્ષાનો નિષેધ કર્યો છે, અર્થાત્ તેને સર્વસંપત્કરી ભિક્ષા ન હોય એમ જણાવ્યું છે.

**જિનોએ ભિક્ષાનો ઉપદેશ કર્યો છે એવા શુભાશયથી—** એમ કહીને જે દીનતાથી ભિક્ષા માટે ફરે,

૧. અહીં અહો શબ્દનો આનંદ અર્થ છે.

૨. વેયાવચ્ચ અપ્રતિપાતી છે એનો અર્થ એ છે કે વેયાવચ્ચથી બંધાયેલા પુણ્યકર્મનો નાશ થતો નથી.

અથવા ''હું શ્રીમંતપુત્ર છું'' ઇત્યાદિ કારણથી લજ્જા પામતો ભિક્ષા માટે ફરે તેને સર્વસંપત્કરી ભિક્ષાનો નિષેધ કર્યો છે. સાધુની અવસ્થાને ઉચિત આ ભિક્ષા તીર્થંકરોએ પણ આચરી છે અને ઉપદેશેલી છે એવા શુભાધ્યવસાયથી જે ભિક્ષા માટે ફરે તેને સર્વસંપત્કરી ભિક્ષા હોય.

અથવા બીજી રીતે અન્વય આ પ્રમાણે છે— ગૃહસ્થોના અને સ્વદેહના ઉપકાર માટે જિનેશ્વરોએ ભિક્ષા ઉપદેશેલી છે એવા આશયથી ભિક્ષા માટે ફરનારને સર્વ સંપત્કરી ભિક્ષા હોય.

**ભ્રમરની ઉપમાથી—** ભ્રમરની ઉપમાથી એટલે ભ્રમરના દૃષ્ટાંતથી. જેવી રીતે ભમરો પુષ્પરસના કેટલાક સૂક્ષ્મ અંશોને લેવા દ્વારા પુષ્પને કિલામણા કર્યા વિના પોતાને પુષ્ટ કરે છે, તેવી જ રીતે મુનિરૂપ ભમરા અલ્પ અલ્પ અન્નરૂપ પુષ્પરસ ગ્રહણ કરવા દ્વારા ગૃહસ્થરૂપ પુષ્પને પીડા ઉપજાવ્યા વિના સંયમરૂપ આત્માનું પાલન કરે છે. આવા પ્રકારના ભ્રમરના દૃષ્ટાંતથી મુનિ ભિક્ષા માટે ફરે છે.

આવા કથનથી જે એક ઘરમાં ભોજન કરે છે તેને સર્વસંપત્કરી ભિક્ષા ન હોય તેમ જણાવ્યું છે. એક ઘરમાં ભોજન કરવામાં આધાકર્મ વગેરે ઉદ્ગમ દોષો લાગે. ઉદ્ગમ દોષો ન લાગે તે માટે કોઇક રીતે પ્રયત્નશીલ હોય તેને પણ[1]પૂર્વકર્મ, પશ્ચાત્કર્મ અને અસંયમીની (વિવિધ) ક્રિયાથી કરાયેલા દોષોનો પ્રસંગ થાય.

**ભમતો હોય—** ભિક્ષાકુળોમાં ભમતા હોય આ કથનથી નહિ ભમનારને સર્વસંપત્કરી ભિક્ષા ન હોય એમ જણાવ્યું. ભમ્યા વિના ભિક્ષા લેવામાં [2]અભ્યાહૃત દોષ લાગે.

**પૂર્વપક્ષ—** જે ગૃહસ્થો સાધુને વંદન કરવા માટે આવતા હોય તે ગૃહસ્થો આહારાદિ લઇ આવે તો તેમાં અભ્યાહૃત દોષ ન લાગે. કારણ કે આમાં ગૃહસ્થનો મુખ્યહેતુ સાધુને વંદન કરવા માટે આવવાનો હોય છે. સાધુના માટે ભોજન લાવવું એ તો પ્રાસંગિક છે.

**ઉત્તરપક્ષ—** આ પ્રમાણે નથી. કારણ કે આમાં અભ્યાહૃત દોષ ન હોવા છતાં માલાપહૃત, નિક્ષિપ્ત, પિહિત વગેરે અનેક પ્રકારના દોષનો પ્રસંગ થાય.

**પૂર્વપક્ષ—** ગૃહસ્થના વચનની પ્રામાણિકતાથી માલાપહૃત વગેરે દોષોને જાણીને તેનો ત્યાગ થઇ શકે, અર્થાત્ દોષો લાગ્યા હોય તો ન લેવાથી દોષોનો ત્યાગ થઇ શકે છે.

**ઉત્તરપક્ષ—** તમારું કહેવું સત્ય છે. આમ છતાં આહારને ગૃહસ્થના હાથમાં મૂકી રાખવો (=સ્થાપના) વગેરે દોષોનો ત્યાગ દુષ્કર છે. (૨-૩)

**उक्तविपर्ययेण पौरुषघ्नी भवतीति तत्स्वरूपप्रतिपादनायाह—**

**प्रव्रज्यां प्रतिपन्नो य-स्तद्विरोधेन वर्तते ।**
**असदारम्भिणस्तस्य, पौरुषघ्नीति कीर्तिता ॥४॥**

---

૧. પૂર્વકર્મ અને પશ્ચાત્કર્મ એ બે દોષોનો ગોચરીના ૪૨ દોષોમાં મ્રક્ષિત નામના દોષમાં સમાવેશ થાય છે. સાધુને વહોરાવવા માટે હાથ-ભાજન વગેરેને સચિત્તપાણીથી સાફ કરે, લાઇટ કરે વગેરે પૂર્વકર્મ છે. સાધુને વહોરાવ્યા પછી સાધુને વહોરાવવાના નિમિત્તે ખરડાયેલા હાથ અને ભાજન વગેરેને સચિત્ત પાણીથી સાફ કરે વગેરે પશ્ચાત્કર્મ છે.

૨. ઘર વગેરે સ્થળેથી સાધુના સ્થાને લાવીને આહારાદિ આપે તે અભ્યાહૃત દોષ છે.

**वृत्ति:— 'प्रव्रज्यां' सर्वविरतिलक्षणां, 'प्रतिपन्नो'ऽभ्युपगतः सन्, 'यः'प्राणी, 'तद्विरोधेन' प्रव्रज्याविरोधेन मूलगुणोत्तरगुणविराधनारूपेण पूर्वोक्तध्यानज्ञानगुर्वाज्ञानपेक्षत्वलक्षणेन वा हेतुना, 'वर्तते' चेष्टते, 'तस्य' इति प्रव्रज्याविरोधवर्तिनः, किंविधस्य 'असदारम्भिणः' असदशोभनं भूतोपमर्दादिकं वस्त्वारभत इत्येवंशीलो यः स तथा तस्य, 'पौरुषघ्नी' उक्तनिर्वचना, भिक्षेति प्रकृतम्, 'इति' अनेनानन्तरोक्तेन वक्ष्यमाणेन वा कारणेन, 'कीर्तिता' संशब्दिता । ननु प्रव्रज्याविरोधाभिधानादेवासदारम्भित्वस्यावगतत्वात्किमेतद्ग्रहणेनेति, सत्यं, किन्तु विवक्षितभिक्षाहेतुत्वेनाभिधानमस्येति न दोषः, तथा च यतोऽसौ असदारम्भी इतिहेतोस्तस्य पौरुषघ्नीति कीर्तितेति वाक्यार्थः स्यात्, अथवा तस्य प्रव्रज्याविरोधवर्तिनः प्रव्रजितस्यासदारम्भिणश्चाशोभनारम्भस्य गृहिण इत्यर्थः, असर्वदारम्भकस्य वाऽष्टम्यादिष्वारम्भवर्जकस्येत्यर्थः, इह च व्याख्याने समुच्चयार्थचशब्दाभावेऽपि समुच्चयः प्रतीयते । ''अहरहर्नयमानो (ऽपि), गामश्वं पुरुषं पशुम् । वैवस्वतो न तृप्येत, सुराया इव दुर्मदी ॥१॥'' इत्यादाविवेति ॥४॥**

## પોરુષઘ્ની ભિક્ષાનું સ્વરૂપ

**હમણાં જે કહ્યું તેનાથી વિપરીત વર્તનથી પોરુષઘ્ની ભિક્ષા થાય છે. આથી તેનું સ્વરૂપ જણાવવા માટે ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે પ્રવ્રજ્યાને સ્વીકારીને તેનાથી વિરુદ્ધવર્તન કરે છે, અસદ્ આરંભી છે, તેથી તેની ભિક્ષા પૌરુષઘ્ની કહી છે. (૪)

**ટીકાર્થ—પ્રવ્રજ્યાને—** સર્વવિરતિરૂપ પ્રવ્રજ્યાને.

**તેનાથી વિરુદ્ધવર્તન કરે છે—** તેનાથી એટલે પ્રવ્રજ્યાથી. મૂલગુણ ઉત્તર ગુણોની વિરાધનારૂપ વિરુદ્ધવર્તન કરે છે, અથવા પૂર્વોક્ત ધ્યાન, જ્ઞાન અને ગુર્વાજ્ઞાની અપેક્ષા ન રાખવાથી વિરુદ્ધવર્તન કરે છે.

**અસદ્ આરંભી છે—** જેમાં જીવની પીડા-હિંસા થાય તેવા આરંભને કરવાના સ્વભાવવાળો છે.

**તેથી—** હમણાં જ કહેલા કારણથી, અથવા હવે પછી(ની ગાથામાં) કહેવાશે તે કારણથી.

**પૂર્વપક્ષ—** પ્રવ્રજ્યાથી વિરુદ્ધવર્તન કરે છે એમ કહેવાથી જ ''અસદ્ આરંભી છે'' એમ સમજાઇ જતું હોવાથી ''અસદ્ આરંભી છે'' એવો ઉલ્લેખ કરવાની જરૂર નથી.

**ઉત્તરપક્ષ—** તમારું કહેવું સાચું છે. કિંતુ વિવક્ષિત ભિક્ષાના હેતુ તરીકે એનો ઉલ્લેખ કર્યો હોવાથી દોષ નથી. અર્થાત્ અસદ્ આરંભ પૌરુષઘ્ની ભિક્ષાનું કારણ છે એમ જણાવવા માટે ''અસદ્ આરંભી છે'' એમ જણાવ્યું હોવાથી દોષ નથી. તેથી વાક્યાર્થ આ પ્રમાણે થાય- આ અસદ્ આરંભી છે માટે તેની ભિક્ષા પૌરુષઘ્ની કહી છે.

અથવા આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે- દીક્ષાથી વિરુદ્ધવર્તન કરનાર દીક્ષિતની અને અસદ્ આરંભીની ભિક્ષા પૌરુષઘ્ની કહી છે. અહીં અસદ્ આરંભી એટલે અસુંદર આરંભવાળો ગૃહસ્થ, અથવા (**असदाऽऽम्भिणः=**) સર્વકાળે આરંભ ન કરનાર ગૃહસ્થ, અર્થાત્ આઠમ આદિ તિથિઓમાં આરંભનો ત્યાગ કરનાર ગૃહસ્થ.

આ ગાથાના બીજા અર્થમાં દીક્ષાથી વિરુદ્ધવર્તન કરનાર દીક્ષિત અને અસદ્ આરંભી ગૃહસ્થ એ બેની ભિક્ષા પૌરુષઘ્ની[1] છે એમ કહ્યું. આ વ્યાખ્યાનમાં મૂળગાથામાં સમુચ્ચય અર્થવાળો **च** શબ્દ ન હોવા છતાં સમુચ્ચય

૧. **उक्तनिर्वचना** એટલે જેનો વ્યુત્પત્તિથી થતો (**पौरुषं हन्ति इति पौरुषघ्नी**) અર્થ કહી દીધો છે તે.

જણાઇ આવે છે. જેમકે-

**अहरहर्नयमानो, गामश्वं पुरुषं पशुम् ।**
**वैवस्वतो न तृप्येत, सुराया इव दुर्मदी ॥१॥**

આ ગાથામાં સમુચ્ચય અર્થવાળો **च** શબ્દ ન હોવા છતાં સમુચ્ચય જણાઇ આવે છે. આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે- "જેવી રીતે મદિરાનો વ્યસની મદિરાથી (=ગમે તેટલી મદિરા પીવા છતાં) તૃપ્ત થતો નથી, તેવી રીતે ગાય, અશ્વ, પુરુષ અને પશુને રોજ રોજ લઇ જતો યમદેવ તૃપ્ત થતો નથી. (૪)

**यदुक्तं 'वक्ष्यमाणेन वा कारणेन' तदाह- अथवा प्रव्रज्याविरोधवर्तिनं सामान्यं वा प्राणिनं प्रति पौरुषघ्न्या अन्वर्थघटनामाह—**

**धर्मलाघवकृन्मूढो, भिक्षयोदरपूरणम् ।**
**करोति दैन्यात्पीनाङ्गः, पौरुषं हन्ति केवलम् ॥५॥**

**वृत्तिः— 'धर्मस्य' श्रुतचारित्रलक्षणस्य, 'लाघव'मपभ्राजनं कर्तुं शीलमस्य धर्मलाघवं वा करोति "अनुचितकारिणः खल्वार्हता" इत्यवर्णमुत्पादयति यः, स 'धर्मलाघवकृत्', तथा 'मूढो' मुग्धो यः सदानारम्भिविहितायामपि भिक्षायामसदारम्भ्यपि तदुचितमात्मानमाकलयन्मोहमाश्रयति, यो वा पूर्वोदितानि वृद्धाद्यर्थादीन्यटनविशेषणानि कुशास्त्रवासनावासितत्वेन नाश्रयति किमित्याह- 'भिक्षया' भिक्षणेन 'उदरपूरणं' जठरपिठरविवरभरणं, 'करोति' विदधाति 'दैन्यात्' दीनवृत्त्या, अवस्थाया ह्यनौचित्येन भिक्षणेन मनसोद्धतस्यापि परमार्थतो दीनत्वमेव, विदुषामश्लाघ्यत्वादिति । 'पीनाङ्गो' रोगाद्यपीडितत्वेनोपचितदेहः । अनेन चेदमाह- रोगादिपीडितदेहो भिक्षयोदरं पूरयन्नपि नोपहन्ति पौरुषं, पौरुषस्य रोगादिभिरेव हतत्वादिति । इह च यतोऽसौ तस्मादिति वाक्यशेषो दृश्यः । 'पौरुषं' पुरुषभावं पुरुषकर्म वा पुरुषकारमित्यर्थः, 'हन्ति' विनाशयति, 'केवलं' यदि परं न पुनः पुरुषार्थं कञ्चन पुष्णाति । तथाहि- न तावत्तस्य धर्मार्थमोक्षार्थावसदारम्भित्वात्, नाप्यर्थार्थकामार्थौ भिक्षाभोजित्वात्, भिक्षाकस्य ह्यर्थकामौ सतामप्रशंसनीयाविति, एवं च भिक्षया यः पौरुषं हन्ति, तस्य पौरुषं भिक्षैव हन्ति इति तत्प्राधान्यात्पौरुषघ्नी भिक्षेति व्यपदिश्यत इति ॥५॥**

**"હવે પછી(ની ગાથામાં) કહેવાશે તે કારણથી" એમ જે કહ્યું હતું તેને ગ્રંથકાર કહે છે- અથવા બીજી અવતરણિકા આ પ્રમાણે છે—**

**પ્રવ્રજ્યાથી વિરુદ્ધવર્તન કરનાર પુરુષને આશ્રયીને કે સામાન્ય જીવને આશ્રયીને પૌરુષઘ્ની ભિક્ષાના અન્વર્થની (=શબ્દની વ્યુત્પત્તિથી થતા અર્થની) ઘટનાને કહે છે—**

**શ્લોકાર્થ—** ધર્મની લઘુતા કરનાર જે ભિક્ષાથી પેટપૂર્તિ કરે છે તે કેવળ પુરુષાર્થને હણે છે. તથા જે મૂઢ ભિક્ષાથી[૨] પેટ પૂર્તિ કરે છે તે કેવળ પુરુષાર્થને હણે છે. જે પુષ્ટશરીરી દીનતાથી ભિક્ષા દ્વારા પેટપૂર્તિ કરે છે તે

૨. जठरपिटरविवरणभरणं પદનો શબ્દાર્થ આ પ્રમાણે છે-પેટરૂપ તપેલીના બખોલને ભરવું.

કેવળ પુરુષાર્થને હણે છે.(૫)

(અહીં ''ધર્મની લઘુતા કરનાર'' એમ કહીને જૈન કહેવાતા સાધુની ભિક્ષા પૌરુષઘ્ની છે એમ કહ્યું. ''મૂઢ'' એમ કહીને જૈનેતર સાધુની ભિક્ષા પૌરુષઘ્ની છે એમ કહ્યું. ''પુષ્ટશરીરી'' એમ કહીને લષ્ટપુષ્ટ શરીરવાળા ગૃહસ્થની ભિક્ષા પૌરુષઘ્ની છે એમ કહ્યું.)

**ટીકાર્થ— ધર્મની લઘુતા કરનાર–** એટલે શ્રુતચારિત્રરૂપ ધર્મની અપભ્રાજના કરવાના સ્વભાવવાળો. દીક્ષાથી વિરુદ્ધવર્તન કરવાના કારણે ''જૈનો અનુચિત કરનારા છે'' એ પ્રમાણે જૈનધર્મની નિંદાને જે ઉત્પન્ન કરે છે તે ધર્મની લઘુતા કરનાર છે.

**મૂઢ—** ભિક્ષા સદા આરંભથી રહિત સાધુઓ માટે વિહિત કરાયેલી હોવા છતાં અસદ્ આરંભી પણ જે જીવ પોતાને ભિક્ષા યોગ્ય જાણે છે=માને છે તે મોહનો આશ્રય કરે છે. તેથી તે જીવ મૂઢ છે.

અથવા કુશાસ્ત્રની વાસનાથી વાસિત(=ભાવિત) હોવાના કારણે જે જીવ પૂર્વે કહેલા ''વૃદ્ધાદિ માટે ભિક્ષા લેનાર'' વગેરે ભિક્ષાભ્રમણના વિશેષણોનો આશ્રય લેતો નથી તે મૂઢ છે.

**પુષ્ટશરીરી=** રોગાદિથી પીડિત ન હોવાથી પુષ્ટશરીરવાળો. આનાથી ગ્રંથકાર એમ કહે છે કે રોગાદિથી પીડિત શરીરવાળો જીવ ભિક્ષાથી પેટપૂર્તિ કરતો હોવા છતાં પુરુષાર્થને હણતો નથી. કારણ કે રોગાદિ કારણોથી જ તેનો પુરુષાર્થ હણાઇ ગયો છે.

**દીનતાથી=** દીનવૃત્તિથી. પોતાની જે અવસ્થા છે તે અવસ્થાથી અનુચિતપણે ભિક્ષા ગ્રહણ કરવાથી મનથી ઉદ્ધતનું પણ પરમાર્થથી દીનપણું જ છે. કારણ કે તે વિદ્વાનોને અપ્રશંસનીય છે.

**કેવળ પુરુષાર્થને હણે છે=** કેવળ પુરુષાર્થનો વિનાશ કરે છે, કોઇપણ પુરુષાર્થને પુષ્ટ કરતો નથી. તે આ પ્રમાણે— તેને ધર્મપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થ હોતા નથી. કારણ કે તે અસદ્ આરંભી છે. તેને અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ પણ હોતા નથી. કારણ કે ભિક્ષાથી ભોજન કરે છે. ભિક્ષુકના અર્થ-કામ સત્પુરુષોને પ્રશંસનીય બનતા નથી.

આ પ્રમાણે જે જીવ ભિક્ષાથી પુરુષાર્થને હણે છે તેના પુરુષાર્થને ભિક્ષા જ હણે છે. આ પ્રમાણે ''ભિક્ષા જ પુરુષાર્થને હણે છે'' એની પ્રધાનતા હોવાથી પૌરુષઘ્ની ભિક્ષા એ પ્રમાણે વ્યવહાર કરાય છે.

અહીં ''જે કારણથી આ તે કારણથી'' એ પ્રમાણે વાક્યશેષ જાણવો. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે— જે કારણથી આ ધર્મની લઘુતા કરનાર છે તે કારણથી તેની ભિક્ષા પૌરુષઘ્ની છે. જે કારણથી આ મૂઢ છે તે કારણથી તેની ભિક્ષા પૌરુષઘ્ની છે. જે કારણથી આ પુષ્ટશરીરી છે તે કારણથી તેની ભિક્ષા પૌરુષઘ્ની છે. (૫)

**अथ तृतीयभिक्षामाह—**

**निःस्वान्धपङ्गवो ये तु, न शक्ता वै क्रियान्तरे ।**

**भिक्षामटन्ति वृत्त्यर्थं, वृत्तिभिक्षेयमुच्यते ॥६॥**

**वृत्तिः— 'निःस्वान्धपङ्गवो' निर्धनोपहतनयनचलनबलहीनाः, 'ये' केचन, 'तुशब्दः' पुनः शब्दार्थः । तस्य चैवं प्रयोगः- यः प्रव्रज्याविरुद्धवृत्तिस्तस्य पौरुषघ्नी भिक्षा, ये पुनर्निःस्वादयः किंविधा ? वैशब्द-**

स्यैवकारार्थस्य 'नञा' सम्बन्धान्नैव 'शक्ताः'समर्थाः, 'क्रियान्तरे' भिक्षाव्यतिरिक्ते कृषिवाणिज्यादिके कर्मविशेषे, ये तु क्रियान्तरसमर्थास्तेषां पौरुषघ्न्येवेतिगर्भार्थः । भिक्ष्यत इति 'भिक्षा' भिक्षणं वा 'भिक्षा', ताम् 'अटन्ति' भ्रमन्ति, किमर्थमित्याह- वृत्तिर्वर्तनं जीविका, तस्यै इदं 'वृत्त्यर्थं', तेषामिति गम्यते, 'वृत्तिभिक्षा' उक्तनिर्वचना, 'इयम्' एषा, 'उच्यते' अभिधीयते इति ॥६॥

## ત્રીજી (વૃત્તિ) ભિક્ષાને કહે છે

**શ્લોકાર્થ—** જેઓ નિર્ધન, અંધ કે પાંગળા છે અને અન્યક્રિયા કરવા સમર્થ નથી જ, તેથી જ ભિક્ષા માટે ભમે છે. તેમની આ ભિક્ષા વૃત્તિભિક્ષા કહેવાય છે.(૬)

**ટીકાર્થ—** "તુ" શબ્દનો "અને" એવો અર્થ છે. તેનો પ્રયોગ આ પ્રમાણે છે— જેની આજીવિકા પ્રવ્રજ્યાથી વિરુદ્ધ છે તેની પૌરુષઘ્ની ભિક્ષા છે અને જેઓ નિર્ધન વગેરે છે તથા અન્ય ક્રિયા કરવામાં સમર્થ નથી જ, તેમની ભિક્ષા વૃત્તિ ભિક્ષા છે.

**અન્ય ક્રિયામાં=** ભિક્ષા સિવાય ખેતી, વેપાર વગેરે કાર્યવિશેષમાં. જેઓ અન્યક્રિયામાં સમર્થ છે તેમની ભિક્ષા પૌરુષઘ્ની જ છે એવો તાત્પર્યાર્થ છે.

**ભિક્ષા—**[1]જે મંગાય તે ભિક્ષા. અથવા માંગવું તે ભિક્ષા. (૬).

**किमियमेषामुचिता अनुचिता वेत्याशङ्कायामाह—**

**नातिदुष्टापि चामीषा-मेषा स्यान्न ह्यमी तथा ।**
**अनुकम्पानिमित्तत्वाद्, धर्मलाघवकारिणः ॥७॥**

**वृत्तिः—** 'न' नैव, 'अतिदुष्टा' अत्यन्तदोषवती पौरुषघ्नीव तद्भाजाम्, 'अपि च' इत्यस्यानुक्तसमुच्चयार्थत्वान्नातिप्रशस्या च सर्वसम्पत्करीव तद्भागिनाम्, 'अमीषां' निःस्वान्धादीनाम्, 'एषा'ऽनन्तरोक्ता वृत्तिभिक्षा, 'स्यात्' भवेत्, कुत एतदेवमित्याह- 'न' नैव, 'हि' शब्दो यस्मादर्थः, 'अमी' एते निःस्वादयः, 'तथा' तेन प्रकारेण येन पौरुषघ्नीभागिनः, 'धर्मलाघवकारिणः' जिनवचनावर्णहेतवः, कुत इत्याह- 'अनुकम्पानिमित्तत्वात्' स्वविषये जनकरुणायाः कारणत्वात्तेषां तथाविधबालवदिति । प्रयोगश्चात्र, धर्मलाघवहेतवो न भवन्ति न तेषां भिक्षादोषोऽस्ति यथा साधूनाम्, धर्मलाघवाहेतवश्च तथा निःस्वादयोऽतस्तेषां न दुष्टा भिक्षेति, न चाभ्यां हेतुदृष्टान्ताभ्यां निःस्वादीनां सर्वसम्पत्करी प्राप्नोतीति वाच्यम्, अयतित्वेन तेभ्यस्तस्या निवर्तितत्वात्, सर्वसम्पत्करी हि यतित्वेन व्याप्ता, अतो यतित्वं निवर्तमानं तां निवर्तयतीति ॥७॥

**એમની આ ભિક્ષા શું ઉચિત છે કે અનુચિત છે એવી આશંકા થયે છતે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** વૃત્તિભિક્ષા સર્વસંપત્કરી ભિક્ષાની જેમ અતિશય શ્રેષ્ઠ નથી, અને પૌરુષઘ્ની ભિક્ષાની જેમ અતિશય દુષ્ટ નથી. કારણકે નિર્ધન આદિ જીવો અનુકંપાનું કારણ હોવાથી તે રીતે ધર્મની લઘુતા કરનારા નથી. (૭)

**ટીકાર્થ— અનુકંપાનું કારણ—** નિર્ધન આદિ જીવો તેવા પ્રકારના બાળકની જેમ પોતાના વિષયમાં

૧. **उक्तनिर्वचना** એટલે જેનો વ્યુત્પત્તિથી થતો (=**वृत्त्यर्थं भिक्षा वृत्तिभिक्षा**) અર્થ કહેવાઇ ગયો છે તે.

લોકોની કરુણાનું કારણ છે.

**તે રીતે ધર્મની લઘુતા કરનારા નથી—** પૌરુષઘ્ની ભિક્ષાને ભજનારા જીવો જે રીતે જૈન શાસનની નિંદાનું કારણ બને છે તેવી રીતે વૃત્તિભિક્ષાવાળા જીવો જૈનશાસનની નિંદાનું કારણ બનતા નથી.

અહીં પ્રયોગ આ પ્રમાણે છે— નિર્ધન વગેરે જીવો ધર્મલઘુતાનું કારણ બનતા નથી. તેથી તેમને સાધુની જેમ ભિક્ષાનો દોષ લાગતો નથી=ભિક્ષા દોષરૂપ બનતી નથી. નિર્ધન વગેરે જીવો ધર્મલઘુતાનું કારણ નથી તેથી તેમની ભિક્ષા દુષ્ટ નથી. (અહીં ધર્મલઘુતાનું કારણ બનતા નથી એ હેતુ છે. અને સાધુની જેમ એ દૃષ્ટાંત છે.)

**પૂર્વપક્ષ—** આ હેતુ અને દૃષ્ટાંતથી તો નિર્ધન વગેરેને સર્વસંપત્કરી ભિક્ષા પ્રાપ્ત થાય છે.

**ઉત્તરપક્ષ—** આમ ન કહેવું. કારણ કે નિર્ધન વગેરે જીવો સાધુ ન હોવાથી સર્વસંપત્કરી ભિક્ષા તેમનાથી પાછી ફરે છે. સર્વસંપત્કરી ભિક્ષા સાધુપણાથી વ્યાપ્ત છે, અર્થાત્ જ્યાં સાધુપણું હોય ત્યાં જ સર્વસંપત્કરી ભિક્ષા હોય. આથી નિર્ધન આદિ જીવોથી પાછું ફરતું સાધુપણું સર્વસંપત્કરી ભિક્ષાને રોકે છે. (૭)

**इह भिक्षाकाणां भिक्षाफलं यथार्थैस्तन्नामभिरेवोक्तमथ दातृणां फलनिरूपणायाह—**

**दातृणामपि चैताभ्यः, फलं क्षेत्रानुसारतः ।**
**विज्ञेयमाशयाद्वापि, स विशुद्धः फलप्रदः ॥८॥**

**वृत्तिः— न केवलं भिक्षाग्राहकाणां फलं सर्वसम्पत्कराद्युक्तलक्षणं भवति, 'दातृणामपि च' भिक्षादायकानामपि च गृहिणाम्, 'एताभ्यः' अनन्तरोदिताभ्यो भिक्षाभ्यः, पाठान्तरे तु 'एतेभ्यो' यत्यादिभिक्षाकेभ्यः सकाशात्, 'फलं' प्रयोजनं कुशलकर्मबन्धादि भवति, कथमित्याह- 'क्षेत्रानुसारतः' क्षेत्राणि धान्यावापभूमयस्तानीव ये यत्यादयो भिक्षाका धान्यवपनसाधर्म्यात्ते क्षेत्राणि तेषामनुसार आनुरूप्यं क्षेत्रानुसारस्ततः क्षेत्रानुसारतः तमाश्रित्य, गुणवद्गुणविहीनपात्रापेक्षयेत्यर्थः, 'विज्ञेयं' ज्ञातव्यम् । तथाहि-गुणवते पात्राय दीयमानं महाफलम् । यदाह-"(समणोवासगस्स णं भंते !) तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खायपावकम्मं तहाविहेणं फासुएणं एसणिज्जेणं असण ४ पडिलाभेमाणस्स भंते किं कज्जइ ? गोयमा ! एगंतसो निज्जरा कज्जइ, नत्थि से अप्पे वि पावे कम्मेत्ति[४०]।" तथा अल्पगुणाय दीयमानमसत्फलमेव ॥ यदाह-"तहारूवं समणं वा माहणं वा अपडिहयअपच्चक्खायपावकम्मं तहाविहेणं फासुएण वा अफासुएण वा एसणिज्जेण वा अणेसणिज्जेण वा असण ४ पडिलाभेमाणस्स भंते किं कज्जइ ? गोयमा ! एगंतसो पावे कम्मे कज्जइ, नत्थि से अप्पा वि निज्जरा[४१] ।" अन्यादिदानं त्वनुकम्पारूपप्रशस्यभावपूर्वकत्वात्तेषामपगुणत्वेऽपि किञ्चिच्छुभफलनिबन्धनमागमोक्तत्वात्तस्य । यदाह-दट्ठूण पाणिनिवहं, भीमे भवसायरम्मि दुक्खत्तं । अविसेसओणुकंपं, दुहावि सामत्थओ कुणइ[४२] ॥१॥" 'क्षेत्रानुसारत' इति**

४०. तथारूपं श्रमणं वा माहनं वा (ब्राह्मणं वा) प्रतिहतप्रत्याख्यातपापकर्माणं तथाविधेन प्रासुकेन एषणीयेन अशनं ४ प्रतिलाभयता भदन्त ! किं क्रियते । गौतम, एकान्तेन निर्जरा क्रियते, नास्ति तस्य अल्पमपि पापं कर्मेति ॥

४१. तथारूपं श्रमणं वा ब्राह्मणं वा अप्रतिहताप्रत्याख्यातपापकर्माणं तथाविधेन प्रासुकेन वा अप्रासुकेन वा एषणीयेन वा अनेषणीयेन वा अशन ४ प्रतिलाभयता भदन्त ! किं क्रियते ? गौतम ! एकान्तेन पापं कर्म क्रियते, नास्ति तस्याल्पापि निर्जरा ॥

४२. दृष्ट्वा प्राणिनिवहं भीमे भवसागरे दुःखार्त्तम् । अविशेषतोऽनुकम्पां द्विधापि सामर्थ्यतः करोति ॥

वा दानफलव्यवस्था व्यवहारनयमाश्रित्योक्ता । अथ निश्चयनयमतेनाह- 'आशयात्' अध्यवसायाच्छुभतरेतरादि भेदात्, फलमिति प्रक्रमः, अध्यवसायो हि शुभाशुभफलेषु परमं कारणं वर्तते । आह-''एक्कम्मि वि पाणिवहम्मि, देसियं सुमहंतरं समए । एमेव निज्जरफला, परिणामवसा बहुविहा य[४३] ॥१॥'' ''निज्जरफलत्ति' तपःप्रभृतय इति । एवं च गर्वमत्सरादिपरिणामतो गुणवतेऽपि पात्राय ददतो न शुभफलम्, अनुकम्पाप्रवचननिन्दारक्षणादिपरिणामात् पुनरगुणवद्दानमपि शुभफलमिति । 'वाशब्दो' विकल्पार्थः, 'अपिशब्दो' भिक्षायाः फलविशेषं प्रति कारणान्तरसमुच्चयार्थः, तच्च कारणान्तरं दातव्यविशेषो दानावसरो वा, दातव्यविशेषमाश्रित्योक्तम्, ''(समणोवासगस्स णं भंते) तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खायपावकम्मं अफासुएणं अणेसणिज्जेणं असण४ पडिलाभेमाणस्स (भंते!)-किं कज्जइ ? गोयमा ! अप्पे पावकम्मे बहुययरा से निज्जरा[४४] ॥'' तथा दानावसरमप्याश्रित्योक्तम्- ''संथरणम्मि असुद्धं, दुण्हवि गेण्हंतदिंतयाणहियं । आउरदिट्ठंतेणं, तं चेव हियं असंथरणे[४५] ॥१॥'' एवमनेकविधेषु भिक्षाफलविशेषकारणेषु किमवश्यं फलविशेषसाधकमित्याशङ्कायामाह- 'स विशुद्धः फलप्रदः' सोऽनन्तरोदिताशयः, 'विशुद्धो' निदानादिसकलकलङ्कविकलः, 'फलप्रदः' भिक्षासु विशिष्टस्वर्गापवर्गादिफलसाधको, यतः परिणामोऽन्तरङ्गमिह कारणम् । यदाह-''परमरहस्समिसीणं, समत्तगणिपिडगझरियसाराणं । परिणामियं पमाणं, निच्छयमवलंबमाणाणं[४६] ॥१॥'' ननूत्प्रव्रजिताः सिद्धपुत्रसारूपिलक्षणा भिक्षाका जिनागमे श्रूयन्ते । यतो व्यवहारचूर्ण्यामुक्तम्- ''जो अणुसासिओ न पडिनियत्तो सो सारूवियत्तणेण वा सिद्धपुत्तत्तणेण वा अच्छिउं किंचि कालं, ★सारूविओ नाम सिरमुण्डो अरजोहरणो अलाउएहिं भिक्खं हिण्डइ अभज्जो य, Xसिद्धपुत्तो नाम सबालओ भिक्खं हिण्डइ वा न वा, वराडएहिं वेंटलियं करेइ लद्धिं (ट्ठिं)वा वाव(ध) रेइत्ति[४७]॥'' तत एतेषां भिक्षाकाणां कतमा भिक्षा ? तत्र न तावत्सर्वसम्पत्करी तेषामयतित्वात्, नापि पौरुषघ्नी त्यक्तप्रव्रज्यत्वेन प्रव्रज्याविरोधवर्तित्वाभावात्, नापि वृत्तिभिक्षा क्रियान्तरकरणसमर्थत्वात्, भिक्षान्तरस्य चानभिधानादिति । अत्रोच्यते । वृत्तिभिक्षेति सम्भावयामो निःस्वत्वात्तेषां क्रिया-

४३. एकस्मिन्नपि प्राणिवधे देशितं सुमहदन्तरं समये । एवमेव निर्जरफलानि परिणामवशाद् बहुविधानि च ॥१॥

४४. तथारूपं श्रमणं वा ब्राह्मणं वा प्रतिहतप्रत्याख्यातपापकर्माणं अप्रासुकेन अनेषणीयेन अशन ४ प्रतिलाभयता किं क्रियते ? गौतम ! अल्पं पापकर्म बहुतरा तस्य निर्जरा ॥

४५. संस्तरणेऽशुद्धं द्वयोरपि गृह्णद्ददतोरहितम् । आतुरदृष्टान्तेन तदेव हितमसंस्तरणे ॥१॥

४६. परमरहस्यं ऋषीणां समस्तगणिपिटकस्मृतसाराणाम् । पारिणामिकं प्रमाणं निश्चयमवलम्बमानानाम् ॥१॥

४७ योऽनुशिष्टो न प्रतिनिवृत्तः स सारूपिकत्वेन वा सिद्धपुत्रत्वेन वा स्थित्वा कञ्चित्कालम्, सारूपिको नाम मुण्डशिरा अरजोहरणः अलाबुकैः भिक्षां हिण्डते अभार्यश्च (भवति), सिद्धपुत्रो नाम सबालः भिक्षां हिण्डते वा न वा, वराटकैः वेण्टलिकां करोति लब्धिं (यष्टिं) वा व्यापा(धा)रयति इति ॥★ समानं रूपं सरूपं तेन चरतीति सारूपिकः ॥ रजोहरणवर्जसाधुवेषधारी गृहस्थः । मुण्डितशिराः शुक्लवासःपरिधायी कच्छामबध्नानोऽभार्यो भिक्षां हिण्डमानः सारूपिक उच्यते ॥ मुंडसिराया सुक्किल्लवत्थधरो नवियच्छं । हिंडइ नवा अभज्जो सारूवी एरिसो होइ ॥१॥ इत्यादिस्वरूपमन्यत्र ॥ X मुंडः सशिखाकः सभार्यको गृहस्थविशेषः सिद्धपुत्रः ॥ सभार्यकोऽभार्यको वा णियमा सुक्कंबरधरो खुरमुंडो ससिहो असिहो वा णियमा अडंडगो अपत्तगो य सिद्धपुत्तो भवति ॥२॥ इत्याद्यन्यत्र ॥

**न्तरकरणासामर्थ्याच्च, उत्प्रव्रजितो हि प्रायः क्रियान्तरकरणासमर्थो भवति, पौरुषघ्नी वासौ,यतो न प्रव्रज्याप्रतिपन्नस्यैव सा,क्रियान्तरकरणसमर्थस्य अन्यस्याप्यशोभनारम्भस्य तस्या इष्टत्वात्पौरुषहननलक्षणान्वर्थयोगाच्च, अथवा तेषामत्यन्तावद्यभीरूणां संवेगातिशयवतां पुनः प्रव्रज्यां प्रति प्रतिबद्धमानसानां सर्वसम्पत्करीभिक्षाया बीजकल्पासौ स्यात् । तत्त्वं पुनरिह केवलिनो विदन्तीति ॥८॥**

**॥ पञ्चमाष्टकविवरणं समाप्तम् ॥५॥**

**અહીં ભિક્ષુકોનું ભિક્ષાફલ ભિક્ષાના યથાર્થ (=અર્થ પ્રમાણે) નામોથી જ કહ્યું. હવે ભિક્ષાને આપનારાઓના ફલનું નિરૂપણ કરવા માટે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** દાતાઓને પણ આ ભિક્ષાઓથી ક્ષેત્ર પ્રમાણે કે આશયપ્રમાણે ફલ જાણવું. વિશુદ્ધ આશય ફળ આપે છે. (૮)

**ટીકાર્થ—** દાતાઓને પણ એ સ્થળે "પણ" શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ ભિક્ષાના ગ્રાહકોને જ સર્વસંપત્તિનું કરવું વગેરે ફળ થાય છે=મળે છે એવું નથી, કિંતુ ભિક્ષાને આપનારા ગૃહસ્થોને પણ આ ભિક્ષાઓથી ક્ષેત્ર પ્રમાણે કે આશય પ્રમાણે શુભકર્મબંધ વગેરે ફળ મળે છે.

**ક્ષેત્ર પ્રમાણે—** ક્ષેત્રો એટલે ધાન્યને વાવવાની ભૂમિઓ. ધાન્યને વાવવાના સમાનપણાથી સાધુ વગેરે જે ભિક્ષુકો છે તે પણ ધાન્યને વાવવાની ભૂમિઓની જેમ ક્ષેત્રો છે.

**ક્ષેત્ર પ્રમાણે ફળ જાણવું** એટલે ગુણવાન-ગુણરહિત પાત્રની અપેક્ષાએ ફળ જાણવું. તે આ પ્રમાણે-ગુણવાન પાત્રને અપાતું દાન મહા ફળવાળું થાય છે. કહ્યું છે કે-**"હે ભગવંત ! શ્રાવક તેવા પ્રકારના શ્રમણને અથવા માહણને (=અહિંસકને)[1] પ્રાસુક (=અચિત્ત) અને એષણીય (=ગોચરીના દોષોથી રહિત) અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વહોરાવે તો તેને શું ફળ મળે ? હે ગૌતમ ! તેને એકાંતે નિર્જરા થાય અને પાપકર્મ ન બંધાય."** (ભગવતી સૂ. શ. ૮ ઉ.૬ સૂ. ૩૩૩)

તથા ગુણરહિતને અપાતું દાન અશુભફળવાળું જ થાય. કહ્યું છે કે **"હે ભગવંત જેણે પાપકર્મોને પ્રતિહત-પ્રત્યાખ્યાત કર્યા નથી તેવા શ્રમણને કે માહણને પ્રાસુક કે અપ્રાસુક અને એષણીય કે અનેષણીય એવા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વહોરાવે તો તેને શું ફળ મળે ? હે ગૌતમ ? તેને એકાંતે પાપકર્મ બંધાય છે જરા પણ નિર્જરા થતી નથી."** (ભગવતી સૂ. શ. ૮ ઉ. ૬ સૂ ૩૩૨)

અંધ વગેરે નિર્ગુણ હોવા છતાં તેમને અપાતું દાન અનુકંપારૂપ શ્રેષ્ઠ ભાવપૂર્વક હોવાથી કંઇક શુભફળનું કારણ છે. કારણ કે અંધ વગેરેને દાન આપવાનું આગમમાં કહ્યું છે. આ વિષે કહ્યું છે કે-**"સમ્યગ્દષ્ટિ જીવ ભયંકર ભવસાગરમાં પ્રાણિસમૂહને દુઃખથી પીડાયેલો જોઇને (આ મારો છે અને આ**

૧. **पडिहय-पच्चक्खाय-पावकम्मं** પદનો અર્થ આ પ્રમાણે છે—પ્રતિહત=સ્થિતિનો હ્રાસ થવાથી ગ્રંથિભેદ દ્વારા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મનો વિનાશ જેણે કર્યો છે તેવા, પ્રત્યાખ્યાત=(મિથ્યાત્વ વિગેરે કર્મબંધના) હેતુઓનો અભાવ થયે છતે પુનઃ વૃદ્ધિ ન થવારૂપે નિરાકૃત કર્યા છે જ્ઞાનાવરણીય આદિ પાપકર્મોને જેણે એવા, અર્થાત્ જેણે કર્મોને અલ્પસ્થિતિવાળા કર્યા છે અને ફરી દીર્ઘ સ્થિતિવાળા ન થાય તેવા કર્યા છે, તેવા સાધુને.

**મારો નથી ઇત્યાદિ) ભેદભાવ વિના પોતાની શક્તિ પ્રમાણે દ્રવ્ય અને ભાવ એમ બંને પ્રકારની કરુણાને કરે.''** (પોતાની શક્તિ પ્રમાણે અન્યના દુ:ખને દૂર કરવાનો પ્રયત્ન કરવો એ દ્રવ્ય અનુકંપા છે. અન્યના દુ:ખને દૂર કરવાની શક્તિ ન હોય ત્યારે દુ:ખી જીવ પ્રત્યે હૃદયમાં દયાભાવ રાખવો એ ભાવ અનુકંપા છે.)

અહીં ક્ષેત્ર (=પાત્ર) પ્રમાણે દાનફળની વ્યવસ્થા વ્યવહારનયને આશ્રયીને કહી છે.

**આશય પ્રમાણે—** શુભ, અધિક શુભ, અશુભ, અધિક અશુભ વગેરે પ્રકારના અધ્યવસાયથી દાનનું ફળ મળે. આ નિશ્ચયનયના મતથી કહ્યું છે.

શુભ-અશુભફળોમાં અધ્યવસાય જ મુખ્ય કારણ છે. કહ્યું છે કે-**''શાસ્ત્રમાં તુલ્ય પણ જીવવધમાં ઘણું મોટું અંતર જણાવ્યું છે. એ પ્રમાણે તપ વગેરેમાં નિર્જરાનાં ફળો પણ પરિણામ પ્રમાણે ઘણા પ્રકારનાં છે.''** (ઓ. નિ. ૫૨)

(**ભાવાર્થ—** જીવવધ કરવા માટે પ્રવૃત્ત થયેલા બે પુરુષોને કર્મબંધ સમાન થતો નથી. તે બેમાં જે અતિશય સંક્લિષ્ટ પરિણામવાળો છે તે સાતમી નરકમાં ઉત્પન્ન થાય, અને તેનાથી અલ્પ સંક્લિષ્ટ પરિણામવાળો પુરુષ બીજી વગેરે નરકમાં ઉત્પન્ન થાય. આ પ્રમાણે આ ગાથાના પૂર્વાર્ધમાં બંધને આશ્રયીને અસમાનતા કહી છે. ગાથાના ઉત્તરાર્ધમાં કર્મનિર્જરાને આશ્રયીને અસમાનતા જણાવી છે. અનેક પુરુષો નિર્જરા થાય તેવા તપ વગેરે યોગમાં વર્તમાન હોય. પણ બધાને સમાન નિર્જરા ન થાય. એકને જેટલી નિર્જરા થાય તેનાથી બીજાને અધિક નિર્જરા થાય. તેનાથી ત્રીજાને અધિક નિર્જરા થાય એવું બને. જેને જેવા પરિણામ હોય તેને તેવી નિર્જરા થાય.)

આ પ્રમાણે ગર્વ-મત્સર આદિના પરિણામથી ગુણવાન પણ પાત્રને આપનારને શુભ ફળ ન મળે. અનુકંપા-પ્રવચનનિંદા રક્ષણ વગેરેના પરિણામથી ગુણરહિતને અપાતું દાન પણ શુભ ફળવાળું થાય છે.

મૂળગાથામાં **''अपि''** શબ્દનો પ્રયોગ ભિક્ષાના ફળના ભેદ પ્રત્યે અન્ય કારણનો (=ગાથામાં કહેલ ક્ષેત્ર અને આશયરૂપ કારણથી અન્ય કારણનો) સમુચ્ચય કરવા માટે છે, અર્થાત્ ભિક્ષાના ફળમાં જે ભેદ પડે છે તેમાં ક્ષેત્ર અને આશય સિવાય અન્ય પણ કારણ છે તે જણાવવા માટે છે. તે અન્ય કારણ આપવા યોગ્ય (પુરુષ) વિશેષ અને દાનનો અવસર છે. તેમાં આપવા યોગ્ય (પુરુષ)ને આશ્રયીને કહ્યું છે કે-**''હે ભગવંત ! જેણે પાપકર્મોને પ્રતિહત-પ્રત્યાખ્યાત કર્યા છે તેવા પ્રકારના શ્રમણને કે માહણને અપ્રાસુક (=સચિત્ત) અને અનેષણીય (=દોષિત) અશન, પાન-ખાદિમ-સ્વાદિમ વહોરાવનાર શ્રાવકને શું ફળ મળે ? હે ગૌતમ ! તેને ઘણી નિર્જરા થાય અને અલ્પ પાપકર્મ બંધાય.''** (ભગવતી સૂ. શ. ૮ ઉ. ૬ સૂ ૩૩૨) (આ વર્ણન તેવા પ્રકારની ગાઢ બિમારીવાળા સાધુને આશ્રયીને જાણવું)

તથા દાનના અવસરને પણ આશ્રયીને કહ્યું છે કે-**''જેમ કોઇ વૈદ્ય જ્વરના રોગીને ઘેબર આપે તો આપનાર લેનાર બંનેને નુકશાન થાય છે, અને ભસ્મકરોગવાળાને ઘેબર આપે તો આપનાર-લેનાર બંનેને લાભ થાય છે. તેમ જો શુદ્ધ આહારથી સાધુનો નિર્વાહ થઇ શકતો હોય તો અશુદ્ધ આહાર લેનાર-દેનાર બંનેને અહિતકર બને છે. તે (=અશુદ્ધ) જ આહાર શુદ્ધ આહારથી નિર્વાહ ન થઇ શકતો હોય ત્યારે લેનાર-દેનાર બંનેને હિતકર છે.** (પિંડ વિ.ગા. ૨૧, યતિદિન ગા. ૨૩૫)

**વિશુદ્ધ આશય ફળ આપે છે—** આ પ્રમાણે ભિક્ષાના ફળનો ભેદ થવાના અનેક પ્રકારના કારણોમાં અવશ્ય ફળવિશેષને સાધી આપે એવું કારણ ક્યું છે ? એવી આશંકા થયે છતે ગ્રંથકાર કહે છે કે હમણાં જ કહેલો વિશુદ્ધ (=નિદાન આદિ સકલ કલંકથી રહિત) આશય ભિક્ષાઓમાં વિશિષ્ટ સ્વર્ગ અને મોક્ષ વગેરે ફળનો સાધક છે. કારણ કે અહીં (=ફળમાં) પરિણામ અંતરંગ કારણ છે. કહ્યું છે કે-"**સંપૂર્ણ આગમોનો સાર જાણનારા અને નિશ્ચયનયનું આલંબન લેનાર સુવિહિતોને ચિત્તનો શુદ્ધ અને અશુદ્ધ પરિણામ પ્રમાણ છે.**" (ઓઘ નિ. ૭૬૧) (નિશ્ચયનયની દૃષ્ટિએ ચિત્તનો શુદ્ધ અને અશુદ્ધ પરિણામ ફળનું કારણ છે, બાહ્યક્રિયા નહિ.)

## સારૂપી અને સિદ્ધપુત્રને કઇ ભિક્ષા હોય ?

**પ્રશ્ન—** જેમણે દીક્ષા છોડી દીધી છે તેવા સિદ્ધપુત્ર અને સારૂપી ભિક્ષાથી જીવનનિર્વાહ કરે છે એમ આગમમાં સંભળાય છે. કારણ કે વ્યવહાર ચૂર્ણિમાં કહ્યું છે કે-"**હિતશિક્ષા અપાયેલો પણ જે સંસારમાં જતો રોકી શકાયો ન હોય તે સારૂપીપણા તરીકે કે સિદ્ધપુત્રપણા તરીકે સંસારમાં થોડો કાળ રહીને (પછી ફરી દીક્ષા લે.)**"

**સારૂપી—** જે મસ્તકે મુંડન કરાવે, રજોહરણ ન રાખે, તુંબડાના પાત્રથી ભિક્ષા માટે ફરે, અને પત્નીથી રહિત હોય તે સારૂપી છે.

**સિદ્ધપુત્ર—** જે મસ્તકે મુંડન ન કરાવે, વાળ રાખે, ભિક્ષા માટે ફરે કે ન પણ ફરે, કોડિઓથી વશીકરણ વિદ્યા કરે, લબ્ધિનો ઉપયોગ કરે તે સિદ્ધપુત્ર છે.

તેથી આ ભિક્ષુકોને કઇ ભિક્ષા હોય ? તેમાં તેમને સર્વસંપત્કરી ભિક્ષા ન હોય. કારણે તે સાધુ નથી. પૌરુષઘ્ની પણ ન હોય. કારણ કે દીક્ષા છોડી દીધી હોવાથી પ્રવ્રજ્યાથી વિરુદ્ધવર્તનનો અભાવ છે. વૃત્તિભિક્ષા ન હોય. કારણકે અન્ય (વેપાર વગેરે) ક્રિયા કરવામાં સમર્થ છે. આ ત્રણ ભિક્ષા સિવાય બીજી કોઇ ભિક્ષા શાસ્ત્રમાં કહી નથી.

**ઉત્તર—** તેમને વૃત્તિભિક્ષા હોય તેવી સંભાવના અમે કરીએ છીએ. કારણ કે તેઓ નિર્ધન છે, અને અન્યક્રિયા કરવામાં અસમર્થ છે. જેણે દીક્ષા છોડી દીધી હોય તે પ્રાયઃ અન્યક્રિયા કરવામાં અસમર્થ હોય છે. અથવા તેમને પૌરુષઘ્ની ભિક્ષા હોય. કારણ કે જેણે દીક્ષાનો સ્વીકાર કર્યો છે તેને જ પૌરુષઘ્ની ભિક્ષા હોય એવો નિયમ નથી. કારણ કે અન્યક્રિયા કરવામાં સમર્થ અન્ય પણ અસદ્ આરંભીને પૌરુષઘ્ની ભિક્ષા હોય એમ ઇષ્ટ છે. તથા પુરુષાર્થને હણવારૂપ અન્વર્થ (=વ્યુત્પત્તિથી થતો અર્થ) ઘટે છે. અથવા અત્યંત પાપભીરુ, અતિશય સંવેગવાળા અને ફરી દીક્ષા પ્રત્યે પ્રતિબદ્ધમનવાળા (=ફરી દીક્ષા લેવાની ઉત્કટ ભાવનાવાળા) તેમને સર્વસંપત્કરી ભિક્ષાના બીજ સમાન ભિક્ષા હોય. આ વિષે તત્ત્વ તો કેવળીઓ જાણે. (૮)

## પાંચમા ભિક્ષા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥६॥ अथ षष्ठं सर्वसम्पत्करीभिक्षाष्टकम् ॥

अधिकारिवशेन प्राग्भिक्षा निरूपितास्तासां च सर्वसम्पत्करी परमेति तस्या एवाथ स्वरूपमाह—

**अकृतोऽकारितश्चान्यै-रसंकल्पित एव च ।**
**यतेः पिण्डः समाख्यातो, विशुद्धः शुद्धिकारकः ॥१॥**

वृत्तिः—'अकृतः' क्रयणहननपचनैर्भोज्यतया स्वयमनिर्वर्तितः, एवमेव, अकारितश्च' अविधापितः, 'चकारः' समुच्चये, 'अन्यै' कर्मकरादिभिः, 'असंकल्पित एव च' क्रयणादिप्रकारैः साधवे इदं दास्यामीत्यनभिसन्धितोऽन्यैरेव एवकारेणान्यथाविधपिण्डस्य साधोरग्राह्यतामाह । आह च- ''पिंडं असोहयंतो, अचरित्ति एत्थ संसओ नत्थि । चारित्तम्मि असंते, सव्वा दिक्खा निरत्थिआ[४८] ॥१॥'' चकार उक्तसमुच्चये । अकृतादिपदैश्च क्रयणक्रायणतदनुज्ञानहननघातनतदनुज्ञानपचनपाचनतदनुज्ञानलक्षणकोटीनवकशुद्धता पिण्डस्योक्तेति । 'यतेः' पृथिव्यादिसंरक्षणप्रयत्नवतः, 'पिण्ड' ओदनादिरूपः, उपलक्षणत्वादस्य शय्योपकरणे च, 'समाख्यातो' विगतरागादिदोषसकलपदार्थसार्थस्वभावावभासनसहसंवेदनेन निर्वाणनगरगमनासमानमार्गायमाणचरणकरणविशुद्धिहेतुतयोपलभ्य सम्यगभिहितस्तीर्थंकरैरिति नान्तरायदोषास्तेषां । पुनः किंविधः पिण्ड इत्याह- 'विशुद्धः' सकलदोषवियुक्तस्तथा विशुद्धत्वादेव 'शुद्धिकारकः' कर्ममलकलङ्कविकलताकारीति । अथवा कस्मादकृतादिगुणः पिण्डो यतेः समाख्यात इत्याह-'विशुद्धो' विशुद्ध एव कृतादिदोषरहित एव शुद्धिकारको भवति नान्यः, विशुद्ध्यर्थी च यतिर्भवप्रपञ्चोपचितकल्मषमलपटलस्येति ॥१॥

## છઠ્ઠું સર્વસંપત્કરી ભિક્ષા અષ્ટક

(આ અષ્ટકમાં સર્વસંપત્કરી ભિક્ષામાં કેવો પિંડ (=ખાદ્યવસ્તુ) લેવામાં આવે છે તે જણાવીને તેવા પ્રકારનો પિંડ સાધુને મળે કે નહિ તેની ચર્ચા કરવામાં આવી છે. અંતે તેવો પિંડ અવશ્ય મળે એ સિદ્ધ કરવામાં આવ્યું છે.)

**પૂર્વે અધિકારી પ્રમાણે ભિક્ષા હોય એમ નિરૂપણ કર્યું છે. તે ભિક્ષાઓમાં સર્વસંપત્કરી ભિક્ષા શ્રેષ્ઠ છે. આથી હવે તેના જ સ્વરૂપને કહે છે—**

**શ્લોકાર્થ—** અકૃત, અન્યો દ્વારા અકારિત અને અસંકલ્પિત જ પિંડ સાધુ માટે વિશુદ્ધ કહ્યો છે. આવો વિશુદ્ધપિંડ જ શુદ્ધિ કરે છે. (૧)

**ટીકાર્થ— અકૃત—** ક્રયણ, હનન, પચન એ ત્રણમાંથી કોઇ પણ પ્રકારથી જે પિંડ ખાદ્ય તરીકે સ્વયં કર્યો ન હોય. ક્રયણ એટલે ખરીદવું. હનન એટલે ઘાત કરવો. પચન એટલે પકાવવું. જે પિંડ સ્વયં ખરીદ્યો ન

४८. पिण्डं अशोधयन्, अचारित्री अत्र संशयो नास्ति ॥ चारित्रे असति, सर्वा दीक्षा निरर्थिका ॥१॥

હોય, જે પિંડ સ્વયં અન્યજીવનો ઘાત કરીને કર્યો ન હોય, જે પિંડ સ્વયં પકાવ્યો ન હોય તે પિંડ અકૃત છે.

**અકારિત—** નોકર આદિ દ્વારા ક્રયણ આદિ કોઇ પણ પ્રકારથી જે પિંડ ખાદ્ય તરીકે કરાવ્યો ન હોય તે અકારિત છે. અર્થાત્ જે પિંડ નોકર આદિ દ્વારા ખરીદાવ્યો ન હોય, જીવોનો ઘાત થાય તે રીતે બનાવરાવ્યો ન હોય અને પકાવડાવ્યો ન હોય તે પિંડ અકારિત છે.

**અસંકલ્પિત જ—** ક્રયણ આદિ પ્રકારોથી સાધુને આ આપીશ એમ બીજાઓથી સંકલ્પિત કરાયો ન હોય તે પિંડ અસંકલ્પિત છે, અર્થાત્ સાધુને આપીશ એવા સંકલ્પથી જે પિંડ બીજાએ ખરીદ્યો ન હોય, જીવઘાત થાય તે રીતે બીજાએ તૈયાર કર્યો ન હોય, બીજાએ પકાવ્યો ન હોય, તે પિંડ અસંકલ્પિત છે.

અહીં **एव** કારના (=જકારના) પ્રયોગથી ઉક્ત પ્રકારથી જુદા પ્રકારનો પિંડ સાધુથી ગ્રહણ ન કરી શકાય એમ જણાવ્યું છે. કહ્યું છે કે-"**જે દીક્ષિત આ પિંડ શુદ્ધ છે કે અશુદ્ધ છે એમ પિંડની તપાસ કરતો નથી તે ચારિત્રથી રહિત છે. એમાં સંશય નથી. ચારિત્ર ન હોય તો સંપૂર્ણ દીક્ષા નકામી છે.**" (યતિદિનચર્યા-૨૧૦)

"અકૃત" આદિ (ત્રણ) પદોથી સ્વયં ખરીદવું નહિ, બીજા પાસે ખરીદાવવું નહિ, ખરીદનારને અનુમતિ ન આપવી, સ્વયં જીવને હણવો નહિ, બીજા પાસે હણાવવો નહિ, હણનારને અનુમતિ ન આપવી. સ્વયં પકાવવું નહિ, બીજા પાસે પકાવડાવવું નહિ, પકાવનારને અનુમતિ ન આપવી આ રીતે નવકોટિથી પિંડની શુદ્ધિ કહી છે.

**પિંડ—** ભાત આદિ પિંડ છે. પિંડના ઉપલક્ષણથી શય્યા અને ઉપકરણો આવાં જ શુદ્ધ કહ્યાં છે.

**સાધુ માટે=** પૃથ્વીકાય આદિનું સમ્યક્ રક્ષણ કરવામાં પ્રયત્નવાળા સાધુ માટે.

**વિશુદ્ધ=** સર્વદોષોથી રહિત.

**કહ્યો છે—** રાગાદિ દોષો જવાના કારણે ઉત્પન્ન થયેલા સર્વપદાર્થ સમૂહને જાણવામાં સમર્થ એવા જ્ઞાનવડે આવા પિંડને મોક્ષનગરમાં જવા માટે અસાધારણ માર્ગ રૂપ[1] ચરણ-કરણની વિશુદ્ધિના હેતુ તરીકે જાણીને તીર્થંકરોએ સારી રીતે કહ્યો છે.

**અહીં ભાવાર્થ આ છે—** તીર્થંકરોએ કેવલજ્ઞાનથી જાણ્યું કે આવો (અકૃત-અકારિત-અસંકલ્પિત) પિંડ ચરણકરણની વિશુદ્ધિનો હેતુ છે. તેથી તીર્થંકરોએ આવા પિંડને સારી રીતે કહ્યો છે. તેથી તીર્થંકરોને અંતરાયના દોષો લાગતા નથી, અર્થાત્ શુદ્ધ પિંડ ન મળે તેથી સાધુઓ ભૂખ્યા રહે તો સાધુઓને આહારનો જે અંતરાય થયો તેનું કારણ તીર્થંકરો નથી. તેથી તીર્થંકરોને અંતરાયનો (=સાધુઓને આહારનો અંતરાય કરવાનો) દોષ લાગતો નથી.

**શુદ્ધિ કરે છે—** આવો પિંડ વિશુદ્ધ હોવાથી જ શુદ્ધિ કરે છે=આત્માને કર્મરૂપ મલના કલંકથી રહિત કરે છે.

અથવા **विशुद्धः शुद्धिकारकः** એ પદોનો અન્વય આ પ્રમાણે છે-સાધુઓ માટે અકૃત આદિ ગુણવાળો પિંડ શા માટે કહ્યો છે ? એના જવાબમાં ગ્રંથકાર કહે છે કે વિશુદ્ધ જ (=કૃત આદિ દોષોથી રહિત જ) પિંડ શુદ્ધિ કરે છે, અન્યપિંડ નહિ. સાધુ ભવવિસ્તારમાં (=અનેક ભવોમાં) એકઠા કરેલ પાપરૂપ મલસમૂહની વિશુદ્ધિ

૧. **मार्गायमाण** પ્રયોગ આ પ્રમાણે બન્યો છે. **मार्ग इवाचरति** એ અર્થમાં સિદ્ધહેમ વ્યાકરણના ૩-૪-૨૬ સૂત્રથી માર્ગ શબ્દથી **क्यङ्** પ્રત્યય લાગતાં **मार्गयते** એવું વર્તમાનકાળનું રૂપ બને છે. તેનું વર્તમાન કૃદંત **मार्गायमाण** બને.

કરવાની ઇચ્છાવાળો છે. (૧)

**असंकल्पित एव चेत्युक्तं तस्य च परमतेनासम्भवमुपदर्शयन्नाह—**

**यो न संकल्पितः पूर्वं, देयबुद्ध्या कथं नु तम् ।**
**ददाति कश्चिदेवं च, स विशुद्धो वृथोदितम् ॥२॥**

**वृत्तिः—'यः' पिण्डो, 'न' नैव, 'संकल्पितो'ऽभिसन्धितः, 'पूर्वं' दानकालात्, 'देयबुद्ध्या' दातव्योऽयं मया भिक्षुभ्य इत्येवंरूपया धिया, 'कथमिति' क्षेपे, 'नु' इति वितर्के, केन प्रकारेण न कथञ्चिदिति यावत्, 'तं' पिण्डं, 'ददाति' भिक्षुभ्यः प्रयच्छति, 'कश्चित्' कोऽपि दायकः प्राणी न कोऽपीत्यर्थः, दानार्थमसंकल्पितस्यासत्त्वेन दातुमशक्यत्वादिति भावः । 'एवं च' अमुना प्रकारेणासंकल्पितस्य देयस्यासम्भवे सति, 'सो'ऽसंकल्पितपिण्डो 'विशुद्धो' निरवद्य इति यदुक्तं प्राक् तद्, 'वृथा' व्यर्थमसम्भवाद्, 'उदितं' भणितमिति ॥२॥**

**"અસંકલ્પિત જ પિંડ" એમ પહેલા શ્લોકમાં કહ્યું છે. તે અસંકલ્પિત જ પિંડના પરમતથી અસંભવને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે પિંડ આપવાની બુદ્ધિથી પૂર્વે સંકલ્પિત નથી, તેને કોઇપણ દાતા જીવ કેવી રીતે આપે ? અર્થાત્ કોઇપણ જીવ, કોઇપણ રીતે ન આપે. આ પ્રમાણે "અસંકલ્પિત પિંડ વિશુદ્ધ છે" એમ નિરર્થક કહ્યું છે. (૨)

**ટીકાર્થ-આપવાની બુદ્ધિથી—** મારે આ પિંડ ભિક્ષુકોને આપવો એવી બુદ્ધિથી.

**પૂર્વે—** આપવાના કાળની પહેલાં.

**કોઇપણ જીવ ન આપે—** કારણ કે દાન માટે અસંકલ્પિત પિંડનો અભાવ હોવાથી આપવાનું શક્ય નથી.

**આ પ્રમાણે—** અસંકલ્પિત એવા આપવા યોગ્ય પિંડનો અભાવ થયે છતે.

અસંકલ્પિત પિંડનો અભાવ થયે છતે "અસંકલ્પિત પિંડ વિશુદ્ધ (=નિષ્પાપ) છે" એમ પૂર્વે જે કહ્યું તે વ્યર્થ કહ્યું છે. કારણ કે અસંકલ્પિત પિંડનો સંભવ નથી.

**ભાવાર્થ—** જે માણસ આ પિંડ ભિક્ષુકને આપવો એવો સંકલ્પ ન કરે તે પોતાના ખપ પૂરતો જ પિંડ તૈયાર કરે. આથી અન્યને આપી શકાય તેમ ન હોવાથી અન્યને આપે નહિ. આથી જેણે પૂર્વે સંકલ્પ કરીને વધારે પિંડ બનાવ્યો હોય તે જ આપે. જેણે સંકલ્પ ન કર્યો હોય તે અન્યને આપે નહિ. આમ અસંકલ્પિત પિંડના દાનનો અસંભવ છે. (૨)

**असंकल्पित एव पिण्डो ग्राह्यो यतेरिति अतस्तत्रैवाभ्युपगमे दूषणान्तरमाह—**

**न चैवं सद्गृहस्थानां, भिक्षा ग्राह्या गृहेषु यत् ।**
**स्वपरार्थं तु ते यत्नं, कुर्वते नान्यथा क्वचित् ॥३॥**

**वृत्तिः—** न केवलमसंकल्पितपिण्डासम्भवेन व्यर्थं तत्प्रतिपादनम्, भिक्षा च न ग्राह्या । सद्गृहेषु

**भवतीति वाक्यार्थः । पदार्थस्त्वेवं- 'न' इति प्रतिषेधे, 'चशब्दो' दूषणान्तरसमुच्चये, 'एवम्' इति असंकल्पितपिण्डाभ्युपगमे सति, 'सद्गृहस्थानां' ब्राह्मणादिशोभनागारिकाणां, 'गृहेषु' वेश्मसु, 'भिक्षा' समुदानं, 'ग्राह्या' आदातव्या, कुत एवमेतदित्यत आह- 'यत्' यस्मात्कारणात्, 'स्वपरार्थं तु' आत्मभिक्षाचरनिमित्तमेव, 'ते' सद्गृहस्थाः, 'यत्नं' पाकनिर्वर्तनप्रयासं, 'कुर्वते' विदधति, 'नान्यथा' भिक्षाचरदानासंकल्पेन स्वार्थमेव, 'क्वचित्' कदाचनापि, स्वनिमित्तमेव पाकप्रयत्ने सद्गृहस्थत्वायोगादिति, यस्मात् । ''स्वकर्माजीवनं कुल्यैः, समानऋषिभिर्वैवाह्यं, ऋतुगामित्वं, देवतापित्रतिथिभर्तव्यपोषणं, शेषभोजनं चेति गृहस्थधर्मः'' । अतिथिश्च यतिरपि भवति भोजनकालोपस्थायित्वात्तस्यापीत्यर्थः ॥३॥**

**સાધુએ અસંકલ્પિત જ પિંડ લેવો જોઇએ. આથી અસંકલ્પિત પિંડના સ્વીકારમાં અન્ય દૂષણને કહે છે---**

**શ્લોકાર્થ—** આ પ્રમાણે અસંકલ્પિત પિંડનો અસંભવ છે એટલું જ નહિ, કિંતુ સદ્ગૃહસ્થોના ઘરોમાંથી ભિક્ષા પણ નહી લઇ શકાય. કારણ કે તેઓ સ્વ-પર ઉભયને માટે યત્ન કરે છે. બીજી રીતે ક્યારે પણ યત્ન કરતા નથી. (૩)

**આ પ્રમાણે—** અસંકલ્પિત પિંડનો સ્વીકાર કર્યે છતે.

**સદ્ગૃહસ્થોના—** બ્રાહ્મણ વગેરે સુંદર ગૃહસ્થોના.

**સ્વ-પર ઉભયને માટે—** પોતાના માટે અને ભિક્ષાચરોના નિમિત્તે જ.

**યત્ન કરે છે—** રસોઇ બનાવવાનો પ્રયત્ન કરે છે.

**બીજી રીતે—** ભિક્ષાચરોને દાન આપવાના સંકલ્પ વિના કેવળ પોતાના માટે જ રસોઇ બનાવવાના પ્રયત્નમાં સદ્ગૃહસ્થપણું રહેતું નથી. આ વિષે કહ્યું છે કે-**''કુલીન પુરુષોએ પોતાના (વેપાર ખેતી વગેરે) કર્મથી જીવનનિર્વાહ કરવો, સમાન ઋષિઓની (=સંસ્કારવાળાઓની) સાથે વિવાહ કરવો, ઋતુકાળે (જ) સ્ત્રીસંગ કરવો, દેવ, પિતા, અતિથિ અને ભરણ-પોષણ કરવા યોગ્યનું પોષણ કરવું, (બીજાઓના જમી રહ્યા પછી) વધેલું ભોજન કરવું. આ ગૃહસ્થધર્મ છે.**

સાધુ પણ અતિથિ છે. કારણ કે તે પણ ભોજનકાળે ઘરે આવે છે. (૩)

**पर एवाचार्यमतमाशङ्कमान आह—**

## संकल्पनं विशेषण, यत्रासौ दुष्ट इत्यपि ।
## परिहारो न सम्यक् स्याद्, यावदर्थिकवादिनः ॥४॥

**वृत्तिः—'संकल्पनं' अभिसन्धानं 'विशेषेण' अमुष्मै साधवे मयेदं दातव्यमित्येवमसामान्यतः, 'यत्र' पिण्डे, 'असौ' स एव पिण्डो, 'दुष्टो' दोषवान्नान्यः, 'इत्यपि' अयमनन्तरोदितोऽपि, न केवलमसंकल्पितपिण्डाभ्युपगमो न सम्यगित्यपिशब्दार्थः, 'परिहारः' पूर्वपक्षवाद्युक्तदूषणपरिहरणं, 'न' नैव, 'सम्यक्' सङ्गतः, 'स्याद्' भवेत्, कस्येत्याह- 'यावदर्थिकवादिन' स्तव तत्र यावन्तो यत्परिमाणास्ते च तेऽर्थिनश्च भिक्षुकादयो यावदर्थिनस्ते प्रयोजनं यस्य निष्पादने स यावदर्थिकः पिण्डः तमपि परिहार्यतया यो वदती-**

**त्येवंशील: स तथा तस्य 'यावदर्थिकवादिन:' यावदर्थिनिमित्तनिष्पादितपिण्डपरिहारवादित्वाद्भवत इति भाव: । यतोऽभिहितम्- ''जावंतियमुद्देसं, पासंडीणं भवे समुद्देसं । समणाणं आएसं, निग्गंथाणं समाएसं[४९] ॥१॥'' इति, तथा, ''असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणिज्ज सुणेज्जा वा, दाणट्ठा पगडं इमं ॥१॥ तं भवे (तारिसं) भत्तपाणं तु, संजयाण अकप्पियं । दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं[५०] ॥२॥'' ॥४॥**

**અન્ય જ આચાર્યના મતમાં આશંકા કરતો કહે છે—**

**શ્લોકાર્થ—** જે પિંડમાં વિશેષથી સંકલ્પ થયો હોય તે જ પિંડ દોષિત છે એમ પણ પરિહાર સમ્યગ્ નથી. કારણ કે તમે યાવદર્થિકવાદીઓ છો. (૪)

**ટીકાર્થ— વિશેષથી—** આ સાધુને મારે આપવું એ પ્રમાણે વિશેષથી.

**એમ પણ—** અહીં પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવલ અસંકલ્પિત પિંડનો સ્વીકાર સમ્યગ્ નથી એમ નહિ. કિંતુ આ હમણાં કહેલો (=જે પિંડમાં વિશેષથી સંકલ્પ થયો તે જ પિંડ દોષિત છે એવો) પરિહાર પણ સમ્યગ્ નથી.

**પરિહાર—** પૂર્વપક્ષવાદીએ કહેલા દૂષણનો ત્યાગ, અર્થાત્ સ્વપક્ષનો બચાવ.

**સમ્યક્—** સંગત.

**તમે યાવદર્થિકવાદીઓ છો—** ભિક્ષુક વગેરે જેટલા આવે તેટલા બધાને પિંડ આપવો, એવો હેતુ (=સંકલ્પ) જે પિંડમાં હોય તે યાવદર્થિક પિંડ છે. તમે આવા યાવદર્થિક પિંડનો પણ ત્યાગ કરવો એમ બોલવાના (=માનવાના) સ્વભાવવાળા છો. કારણ કે કહ્યું છે કે-**''જે કોઇ આવે તેને આપવાનો સંકલ્પ તે ઉદ્દેશ. પાખંડીઓને (=સંન્યાસીવિશેષને) આપવાનો સંકલ્પ તે સમુદ્દેશ. પાંચ[1] શ્રમણોને આપવાનો સંકલ્પ તે આદેશ. નિર્ગ્રંથોને (=જૈન મુનિઓને) આપવાનો સંકલ્પ તે સમાદેશ.''** (પિંડનિર્યુક્તિ-૨૩૦)

તથા **(આમંત્રણ કરનારના બોલવા ઉપરથી કે બીજા કોઇ દ્વારા સાંભળીને) જાણે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દાન માટે (पगडं=) કરેલું છે. તે ભક્ત-પાન સંયતને અકલ્પ્ય કહ્યું છે. માટે આપનારી સ્ત્રીને સાધુ પ્રતિષેધ કરે કે મારે તેવું ન કલ્પે.''** (દશ વૈ. અ.૫. ઉ. ૧ ગાથા ૪૭-૪૮) (૪)

**पूर्वपक्षवाद्येवाह—**

## विषयो वाऽस्य वक्तव्य:, पुण्यार्थं प्रकृतस्य च ।
## असम्भवाभिधानात् स्या-दाप्तस्यानाप्ततान्यथा ॥५॥

४९. यावतामिदमुद्देशं, पाषण्डिनां भवेत् समुद्देशं । श्रमणानामादेशं, निर्ग्रन्थानां समादेशमिति ॥१॥

५०. अशनं पानं वापि, खादिमं स्वादिमं तथा । यज्जानीयात् शृणुयाद्वा, दानार्थं प्रकृतमिदम् ॥१॥
तद्भवेद्भक्तपानं तु संयतानां अकल्पिकं । दातृकं प्रत्याख्यायात्, न मे कल्पते तादृशम् ॥२॥

१. (१) નિર્ગ્રન્થ = (જૈન સાધુ), (૨) શાક્ય (=બૌદ્ધ સાધુ), (૩) તાપસ (=જટાધારી વનવાસી પાખંડી), (૪) ગેરુક (=ગેરુથી રંગેલા વસ્ત્રો પહેરનારા ત્રિદંડી), અને આજીવક (=ગોશાળાના મતને અનુસરનાર) એ પાંચ શ્રમણ છે.

**वृत्तिः**— यावदर्थिकपरिहारवादिना भवता पूर्वोक्तपरिहारासम्यक्त्वमभ्युपगन्तव्यं, नो चेत् विषयो वा गोचरो वा, वाशब्दो विकल्पार्थः, 'अस्य' यावदर्थिकपिण्डस्य, 'वक्तव्यः' वाच्यः, अमुमर्थिविशेषमाश्रित्य निर्वर्त्तितोऽयं परिहार्य इत्येवं गोचरान्तरपरिकल्पनयैवायं शक्यः परिहर्तुं नान्यथा इति भावः। तथा न केवलं यावदर्थिकपिण्डस्य विषयो वक्तव्यः, 'पुण्यार्थं' पुण्यनिमित्तं, 'प्रकृतस्य च' निष्पादितस्यापि स वक्तव्यो, यतः पुण्यार्थं प्रकृतस्यापि पिण्डस्य परिहारोऽभ्युपगम्यते भवद्भिः यदाह-''असणं पाणगं वावि, खाइमं साइमं तहा। जं जाणिज्ज सुणेज्जा वा, पुनट्ठा पगडं इमं ॥१॥ तं भवे०[५१] ॥'' इत्यादि, अशक्यपरिहारश्चायमपीति तस्यापि विषयविशेषो वाच्य इति भावः। अथ किं विषयान्तराभिधानेनेत्याचार्यमतमाशङ्क्याह- 'अन्यथा' यावदर्थिकपुण्यार्थप्रकृतपिण्डयोर्विषयविशेषाप्रतिपादने, 'आप्तस्य' क्षीणरागद्वेषमोहदोषतयाव्यंसकवचनत्वेनैकान्तहितस्य शास्त्रप्रणेतुः, 'अनाप्तता' अक्षीणदोषत्वेनाहितत्वं, 'स्याद्' भवेत्, कुत इत्याह- 'असम्भवाभिधानात्' अविद्यमानः सम्भवो यस्य यावदर्थिकादिपिण्डपरिहारस्य सोऽसम्भवस्तस्याभिधानं तस्मात्, असम्भवश्च तस्य ''स्वपरार्थं तु ते यत्नं कुर्वते नान्यथा'' (अ० ६ श्लो० ३) इत्यनेन दर्शित एव। इति पूर्वपक्षः। ॥५॥

**પૂર્વપક્ષવાદી જ કહે છે—**

**શ્લોકાર્થ—** અથવા યાવદર્થિક પિંડનો વિષય કહેવો જોઇએ, તથા પુણ્ય માટે કરેલા પિંડનો વિષય કહેવો જોઇએ. અન્યથા અસંભવનું કથન કરવાથી આપ્તનું અનાપ્તપણું થાય. (૫)

**ટીકાર્થ — અથવા યાવદર્થિક પિંડનો વિષય કહેવો જોઇએ—** યાવદર્થિક પિંડનો ત્યાગ કરવો જોઇએ એમ બોલનારા તમારે પૂર્વે (ચોથી ગાથામાં) અસંકલ્પિત પિંડનો પરિહાર અસમ્યગ્ (=અસંગત) છે એમ જે કહ્યું છે તેનો સ્વીકાર કરવો જોઇએ. જો તેનો સ્વીકાર નથી કરવો તો યાવદર્થિક પિંડનો વિષય કહેવો જોઇએ, અર્થાત્ (કોઇપણ ભિક્ષુકના સંકલ્પથી બનાવેલ પિંડ ન કલ્પે એમ ન કહેવું જોઇએ, કિંતુ) અમુક યાચક વિશેષના સંકલ્પથી બનાવેલો પિંડ ત્યાગ કરવા યોગ્ય છે, એમ વિષયાંતરની પરિકલ્પનાથી જ સંકલ્પિત પિંડનો ત્યાગ શક્ય બને, અન્યથા નહિ.

**પુણ્ય માટે કરેલા પિંડનો વિષય કહેવો જોઇએ—** તથા કેવળ યાવદર્થિક પિંડનો વિષય કહેવો જોઇએ એમ નહિ, કિંતુ પુણ્ય માટે કરેલા પણ પિંડનો વિષય કહેવો જોઇએ. કારણ કે તમોએ પુણ્ય માટે કરેલા પણ પિંડનો ત્યાગ સ્વીકાર્યો છે. કહ્યું છે કે-**''સાધુ જાણે કે આ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દાન માટે (पगडं=) કરેલું છે. તે ભક્ત-પાન સાધુને અકલ્પ્ય કહ્યું છે. માટે આપનારી સ્ત્રીને સાધુ પ્રતિષેધ કરે કે મારે તેવું ન કલ્પે.''** (દશ.વૈ. અધ્ય. ૫.ઉ. ૧ ગા. ૪૯) **ઇત્યાદિ.**

આ પિંડનો પણ ત્યાગ અશક્ય છે. આથી તેનો પણ વિષય વિશેષ કહેવો જોઇએ, અર્થાત્ અમુક યાચકના સંકલ્પથી પુણ્ય માટે બનાવેલા પિંડનો ત્યાગ કરવો એમ સ્પષ્ટતા કરવી જોઇએ.

**અન્યથા—** યાવદર્થિક અને પુણ્યાર્થ (=પુણ્ય માટે) કરેલા પિંડના વિષયવિશેષનું પ્રતિપાદન ન કરવામાં

५१. अशनं पानं वापि, खादिमं स्वादिमं तथा। यज्जानीयात् शृणुयाद्वा पुण्यार्थं प्रकृतमिदम् ॥१॥ तद्भवेत्० ॥

આવે તો, અર્થાત્ અમુક પ્રકારનો પિંડ ન ખપે અને અમુક પ્રકારનો પિંડ ખપે એમ સ્પષ્ટતા ન કરવામાં આવે તો.

**અસંભવનું કથન કરવાથી**— યાવદર્થિક અને પુણ્યાર્થ પિંડના ત્યાગનો અસંભવ છે. (કારણ કે ગૃહસ્થો પુણ્ય માટે અધિક રસોઇ કરે છે.) આવા અસંભવનું કથન કરવાથી. તેવા પિંડના ત્યાગનો અસંભવ છે એ વિગત આ જ અષ્ટકના ત્રીજા શ્લોકમાં **स्वपरार्थं तु ते यत्नं कुर्वते नान्यथा** એવા કથનથી જણાવી દીધી જ છે. આ પ્રમાણે પૂર્વપક્ષ છે. (૫)

**अत्रोत्तरमाह—**

**विभिन्नं देयमाश्रित्य, स्वभोग्याद् यत्र वस्तुनि ।**
**संकल्पनं क्रियाकाले, तद् दुष्टं विषयोऽनयोः ॥६॥**

**वृत्तिः—'विभिन्नं' अतिरिक्तं, 'देयं' दातव्यमोदनादि, 'आश्रित्य' अङ्गीकृत्य, कुतो विभिन्नमित्याह- 'स्वभोग्यात्' विवक्षितात्मीयौदनादि भोगार्हात्, 'यत्र' यस्मिन्, 'वस्तुनि' ओदनादिपदार्थे, 'संकल्पन'मेतावदिह कुटुम्बायैतावच्चार्थिभ्यः पुण्यार्थं चेत्यभिसन्धानं, 'क्रियाकाले' पाकनिर्वर्तनसमये, 'तत्' इति यदेतत्संकल्पनं तत्, 'दुष्टं' दोषवद्, 'विषयो' गोचरः, 'अनयोः' यावदर्थिकपुण्यार्थप्रकृतयोरपि एवंविधसंकल्पनवन्तावेतौ पिण्डविशेषौ परिहार्याविति भाव इति ॥६॥**

**અહીં ગ્રંથકાર ઉત્તર કહે છે—**

**શ્લોકાર્થ**— સ્વભોગ્ય ભાત વગેરેથી અતિરિક્ત આપવા યોગ્ય ભાત વગેરે વસ્તુને આશ્રયીને ક્રિયાકાળે જે ભાત વગેરે વસ્તુમાં સંકલ્પ કરાય તે દુષ્ટ છે. અને એ સંકલ્પ આ બેનો વિષય છે. (૬)

**ટીકાર્થ— ક્રિયાકાળે**— પકાવવાના સમયે, અર્થાત્ રસોઇ કરવાના સમયે.

**સંકલ્પ**— આમાં આટલું કુટુંબ માટે, આટલું યાચકો માટે અને આટલું પુણ્ય માટે એવો માનસિક સંકલ્પ.

**આ બેનો**— યાવદર્થિક અને પુણ્ય માટે કરેલા એ બે પ્રકારના પિંડોનો.

**ભાવાર્થ**— આટલું કુટુંબ માટે, આટલું યાચકો માટે અને આટલું પુણ્ય માટે એવા પ્રકારના માનસિક સંકલ્પવાળા યાવદર્થિક અને પુણ્ય માટે કરેલા એ બે પ્રકારના પિંડો ત્યાગ કરવા યોગ્ય છે. (૬)

**संकल्पनान्तरं तु न दुष्टमित्येतदाह—**

**स्वोचिते तु यदारम्भे, तथा संकल्पनं क्वचित् ।**
**न दुष्टं शुभभावत्वात्, तच्छुद्धापरयोगवत् ॥७॥**

**वृत्तिः—स्वस्य शरीरकुटुम्बादेरुचितो योग्यः 'स्वोचित'स्तस्मिन् 'तु' शब्दः पुनःशब्दार्थः, 'यदिति' संकल्पनं, 'आरम्भे' पाकादिरूपे सति, 'तथा' तेन प्रकारेण स्वयोग्यातिरिक्तपाकशून्यतया 'संकल्पन'मिदं स्वार्थमुपकल्पितमन्नमतो मुनीनामुचितदानेनात्मानमथ पूतपापमाधास्यामीति चिन्तनम्, 'क्वचित्' कस्मिंश्चि-**

देवारम्भे न तु साध्वनुचितद्रव्यपाकरूपे, तदित्येतस्येह दर्शनात्तत्संकल्पनम्, 'न दुष्टं' न दोषवत् न तत्पिण्ड-दूषणकारणम्, कुत इत्याह- 'शुभभावत्वा' च्चित्तविशुद्धिमात्रत्वात्, न हि तत्संकल्पनं साध्वाद्यर्थपृथिव्या-दिजीवोपमर्दनिमित्तमपि तु दायकस्य शुभभावमात्रं तदिति भाव:, किंतदित्याह- 'शुद्धापरयोगवत्' य: शुद्ध: प्रशस्तोऽपरयोग: संकल्पनव्यतिरिक्तव्यापारो मुनिवन्दनादिस्तद्वत्, यथा हि मुनिविषयो नमनस्तव-नादिरनवद्यो व्यापारो न पिण्डदूषणकारणमेवमेवंविधसंकल्पनमपीति भावनेति ॥७॥

**અન્ય સંકલ્પ દુષ્ટ નથી એ અંગે કહે છે—**

**શ્લોકાર્થ—** પોતાને ઉચિત આરંભમાં કોઇક જ આરંભમાં તેવા પ્રકારનો જે સંકલ્પ કરાય તે સંકલ્પ શુદ્ધઅન્યયોગની જેમ દુષ્ટ નથી. કારણ કે તે સંકલ્પ શુભભાવરૂપ છે. (૭)

**ટીકાર્થ— પોતાને ઉચિત—** પોતાના શરીર અને કુટુંબ આદિને યોગ્ય.

**આરંભમાં—** પાકાદિરૂપ આરંભ કર્યે છતે, અર્થાત્ પોતાના માટે રસોઇ તૈયાર કર્યે છતે.

**કોઇક જ આરંભમાં—** સાધુને ઉચિત ન હોય તેવા દ્રવ્યના પાકરૂપ આરંભમાં સંકલ્પ કરવાનો ન હોવાથી કોઇક જ આરંભમાં એમ કહ્યું છે.

**તેવા પ્રકારનો—** પોતાને યોગ્ય પાકથી વધારે પાકથી રહિત હોવાના કારણે તેવા પ્રકારનો.

**સંકલ્પ—** આ અન્ન પોતાના માટે તૈયાર કર્યું છે. આથી હવે મુનિઓને યોગ્ય વસ્તુના દાનથી આત્માને નિર્મલ કરીશ એ પ્રમાણે ચિંતવવું.

**શુદ્ધ અન્યયોગની જેમ—** સંકલ્પથી અતિરિક્ત મુનિવંદન-સ્તવનાદિરૂપ પ્રવૃત્તિની જેમ. જેમ મુનિને પ્રણામ કરવા આદિ પ્રવૃત્તિ પિંડના દૂષણનું કારણ નથી. તેમ આ સંકલ્પ પણ પિંડદૂષણનું કારણ નથી.

**દુષ્ટ નથી—** દોષવાળું નથી, અર્થાત્ પિંડના દૂષણનું કારણ નથી.

**શુભભાવરૂપ છે—** માત્ર ચિત્તની વિશુદ્ધિરૂપ છે. તે સંકલ્પ સાધુ આદિના માટે પૃથ્વીકાય વગેરે જીવોની પીડા-હિંસાનું નિમિત્ત નથી. કિંતુ આપનારના માત્ર શુભભાવરૂપ છે. (૭)

**यदुक्तमसम्भाविनोऽसंकल्पितस्याभिधानादाप्तस्यानाप्ततेति, (अ० ६ श्लो० ६) तत्-परिहरन्नाह—**

**दृष्टोऽसकल्पितस्यापि, लाभ एवमसम्भव: ।**
**नोक्त इत्याप्ततासिद्धि-र्यतिधर्मोऽतिदुष्कर: ॥८॥**

वृत्ति:—'दृष्ट' उपलब्ध:, 'असंकल्पितस्यापि' यत्याद्यर्थमसम्भावितस्यापि' न केवलं संकल्पित-स्यैव लाभो भवनीत्या इष्ट इत्यपिशब्दार्थ:, 'लाभ:' प्राप्ति:, पिण्डस्येति गम्यते, यतो गृहस्था अदि-त्सवोऽपि सूतककान्तारादिषु तथा भिक्षूणामभावेऽपि तथा रात्र्यादौ भिक्षानवसरेऽपि पाकं कुर्वन्ति तथा कथञ्चिद्ददत्यपीति दृश्यते । आह च-''संभवइ य एसोवि हु, केसिंचिय सूयगाइभावे वि । अविसेसुवलं-

भाओ, तत्थवि तहलाभसिद्धीओ"[५२] ॥१॥" एवं च यदुक्तम्, "यो न संकल्पित" (अ०६श्लो०१) इत्यादि "न चैवं सद् गृहस्थानाम्" (अ०६ श्लो०३) इत्यादि च, तत्परिहृतम् । गाथा चेह- "सिट्ठा वि य केइ इहं, विसेसओ धम्मसत्थकुसलमती । इय न कुणंति वि अणडणमेवं भिक्खाए वइमेत्तं"[५३] ॥१॥" यद्यसंकल्पितस्यापि पिण्डस्य लाभो दृष्टः ततः किमित्याह- 'एवम्' इति अनेनासंकल्पितप्रकारेण पिण्डलाभदर्शने सति, 'असम्भवः' असम्भावना अप्राप्तिरसंकल्पितपिण्डस्य, 'नोक्तो' नाभिहित आप्तेन, ततः किमित्याह- इतिशब्दो हेत्वर्थः, तेन असम्भविपिण्डस्यानभिधानाद्धेतोः सम्भविन एवाभिधानादित्यर्थः । 'आप्तताया' असम्भविपिण्डाभिधानसम्भावितानाप्तताव्यतिरेकभूतायाः, सिद्धिः प्रतिष्ठा, 'आप्ततासिद्धिः', शास्तुरिति गम्यते, अथ भवत्वसंकल्पितपिण्डस्य सम्भवस्तथापि तद्वृत्तेर्दुष्करत्वात्तत्प्रणेतुरनाप्ततैवेत्याह- 'यतिधर्मो' मूलगुणोत्तरगुणसमुदायरूपः, 'अतिदुष्करो'ऽतीवदुष्परिपाल्य इति प्रसिद्धमेव, नानेनाप्तस्यानाप्तता भवत्यनन्योपायत्वान्मोक्षस्येति । आह च-"दुक्करयं अह एयं, जइधम्मो दुक्करो चिय पसिद्धं । किं पुण एस पयत्तो, मोक्खफलत्तेण एयस्स त्ति"[५४] ॥१॥" ततो हे कुतीर्थिका ! यदि यूयमात्मनो यतित्वेन सर्वसम्पत्करीं भिक्षां मन्यध्वे, तदा अकृतादिगुणोपेतपिण्डपरिग्रहः कार्य इति प्रकरणगर्भार्थ इति ॥८॥

## ॥ षष्ठाष्टकविवरणं समाप्तम् ॥६॥

**સંભવી ન શકે એવા અસંકલ્પિત પિંડનું કથન કરવાથી આપ્તનું અનાપ્તપણું થાય એ પ્રમાણે (પ્રસ્તુત અધ્યાયના છટ્ઠા શ્લોકમાં) જે કહ્યું તેનું નિરાકરણ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** અસંકલ્પિત પણ પિંડની પ્રાપ્તિ જોવામાં આવી છે. આ પ્રમાણે અસંકલ્પિત પિંડનો અસંભવ કહ્યો નથી. તેથી શાસ્તાની (=આજ્ઞા કરનારના) આપ્તપણાની સિદ્ધિ થાય છે. યતિધર્મ અતિશય દુષ્કર છે. (૮)

**ટીકાર્થ—** અસંકલ્પિત પણ એ સ્થળે "પણ" શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ સંકલ્પિત જ પિંડની પ્રાપ્તિ થઇ રહી છે એવું નીતિથી જોવામાં આવ્યું છે એવું નથી, કિંતુ અસંકલ્પિત પણ પિંડની પ્રાપ્તિ જોવામાં આવી છે.

**અસંકલ્પિત—** સાધુ આદિને આપવાના સંકલ્પથી રહિત.

**અસંકલ્પિત પણ પિંડની પ્રાપ્તિ જોવામાં આવી છે—** કારણ કે સૂતક અને જંગલ વગેરેમાં આપવાની નહિ ઇચ્છાવાળા પણ ગૃહસ્થો પૂર્વે જેટલો પાક કરતા હતા તેટલો જ પાક કરે છે, તથા ભિક્ષુકોના અભાવમાં પણ પાક કરે છે. રાત વગેરેમાં ભિક્ષાનો અવસર ન હોવા છતાં પાક કરે છે, અને કોઇક રીતે આપે પણ છે એમ જોવામાં આવે છે, કહ્યું છે કે-"**પુણ્ય માટે જ આહાર બનાવવામાં આવે છે એવું નથી, કેવળ પોતાના માટે પણ આહાર બનાવવામાં આવે છે. અર્થાત્ બધા જ ગૃહસ્થો શ્રમણ આદિને આપવાના સંકલ્પથી પોતાને જોઇએ તેનાથી અધિક આહાર બનાવે છે એવું નથી, પોતાના કુટુંબ આદિ માટે જોઇએ તેટલો આહાર**

---

५२. सम्भवति च एषोऽपि खलु केषांचिच्च सूतकादिभावेऽपि । अविशेषोपलम्भात् तत्रापि तथालाभसिद्धेः ॥१॥

५३. शिष्टा अपि केचिदिह विशेषतः धर्मशास्त्रकुशलमतयः । इति न कुर्वन्ति अपि अनटनमेवं भिक्षायै वचोमात्रम् ॥१॥

५४. दुष्करकमथैतद् यतिधर्मो दुष्कर एव (इति) प्रसिद्धम् । किं पुनः एष प्रयत्नो मोक्षफलत्वेन एतस्य इति ॥१॥

**બનાવનારા પણ હોય છે. કારણ કે કોઇ વિશિષ્ટ (=સ્મૃતિ આદિ શાસ્ત્રોને માનનારા) લોકોના ઘરોમાં મૃત્યુ આદિના કારણે સૂતક હોય તો પણ સૂતક ન હોય ત્યારે જેટલો આહાર બનતો હોય છે તેટલો જ આહાર દેખાય છે. જો બધા જ શિષ્ટો પુણ્ય માટે આહાર બનાવતા હોય તો દાન ન આપવાનો હોય તેવા (સૂતક વગેરેના) અવસરે એ (=પુણ્યાર્થ) આહાર બનાવે નહિ. અથવા અલ્પ બનાવે. પણ તેવું (સૂતકાદિના પ્રસંગે અલ્પ આહાર બનાવતા હોય તેવું) કોઇ ઘરોમાં જોવામાં આવતું નથી. આનાથી એ સિદ્ધ થયું કે પોતાના કુટુંબાદિ માટે જોઇએ તેટલો આહાર બનાવનારા પણ હોય છે. તથા પોતાના કુટુંબ આદિ માટે જોઇએ તેટલો આહાર બનાવવામાં પણ યોગ્ય રીતે દાન થઇ શકે છે. લોકો પોતાના માટે બનાવેલા આહારમાંથી પણ કોળિયા વગેરે જેટલો આહાર સાધુઓને આપતા દેખાય છે.''** (પંચાશક-૧૩-૩૮)

પૂર્વપક્ષમાં પ્રસ્તુત અષ્ટકના બીજા શ્લોકમાં ''જે પિંડ આપવાની બુદ્ધિથી પૂર્વે સંકલ્પિત નથી તેને કોઇ પણ દાતા કેવી રીતે આપે ?'' ઇત્યાદિ જે કહ્યું, તથા ત્રીજા શ્લોકમાં ''સદ્ગૃહસ્થોના ઘરોમાંથી ભિક્ષા પણ નહી લઇ શકાય ઇત્યાદિ જે કહ્યું.'' તેનું નિરાકરણ આ પ્રમાણે (આઠમા શ્લોકમાં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે) કર્યું.

લોકો પુણ્યાર્થ પાક કરતા નથી એ વિષે ગાથા આ છે-**''જેઓ ધર્મના બહુ અર્થી નથી કે ધનનો વ્યય કરવાનું જાણતા નથી (=કૃપણ છે) તેવા કેટલાક વિશિષ્ટ (સ્મૃતિ આદિ શાસ્ત્રોને માનનારા) લોકો પણ પુણ્યાર્થ આહાર બનાવતા નથી. તેમાં પણ ધર્મશાસ્ત્રોમાં કુશળ બુદ્ધિવાળા લોકો તો ખાસ પુણ્યાર્થ આહાર બનાવતા નથી. કારણ કે તે લોકો સમજતા હોય છે કે—**

**संथरणंमि असुद्धं, दोण्हवि गेण्हंतदेंतयाणहियं ।**
**आउरदिट्ठंतेणं, तं चेव हियं असंथरणे ॥२१॥**

**''જેમ કોઇ વૈદ્ય જ્વરના રોગીને ઘેબર આપે તો આપનાર લેનાર બંનેને નુકશાન થાય છે. અને ભસ્મકરોગવાળાને ઘેબર આપે તો આપનાર લેનાર બંનેને લાભ થાય છે. તેમ જો શુદ્ધ આહારથી સાધુનો નિર્વાહ થઇ શકતો હોય તો અશુદ્ધ આહાર લેનાર-દેનાર બંનેને અહિતકર છે. તે (અશુદ્ધ) જ આહાર શુદ્ધ આહારથી નિર્વાહ ન થઇ શકતો હોય ત્યારે લેનાર-દેનાર બંનેને હિતકર છે.**

**આથી ભિક્ષા માટે ફરી જ ન શકાય એમ જે કહ્યું તે વચનમાત્ર છે, અર્થાત્ એવું કથન અર્થશૂન્ય છે. કારણ કે તેને સિદ્ધ કરનારી (પુણ્યાર્થ આહાર થાય છે એ) યુક્તિ એકાંતિક નથી.''** (પંચાશક ૧૩-૪૨)

**તેથી—** અસંભવિત પિંડને ન કહેવાથી, અર્થાત્ સંભવિત પિંડને કહેવાથી.

**આપ્તપણાની—** અસંભવિત પિંડને કહેવાથી એવા હેતુથી જે અનાપ્તપણાની સંભાવના કરાઇ હતી, તે અનાપ્તપણાથી વિરુદ્ધ આપ્તપણાની.

**યતિધર્મ અતિશય દુષ્કર છે—** અસંકલ્પિત પિંડનો સંભવ હો, તો પણ અસંકલ્પિત પિંડથી જીવન નિર્વાહ કરવાનું દુષ્કર હોવાથી અસંકલ્પિત પિંડથી જીવનનિર્વાહ કરવાનું વિધાન કરનારા શાસ્ત્રના રચયિતાનું અનાપ્તપણું જ છે. આવી આશંકાને દૂર કરવા માટે ગ્રંથકાર કહે છે કે (મૂળગુણ-ઉત્તરગુણોના સમુદાયરૂપ) યતિધર્મ અતિશય દુષ્કર (દુઃખપૂર્વક પાળી શકાય તેવું) છે એ પ્રસિદ્ધ જ છે. આનાથી (=દુષ્કર યતિધર્મ બતાવવાથી) આપ્તનું અનાપ્તપણું થતું નથી. કારણ કે મોક્ષનો યતિધર્મ સિવાય બીજો કોઇ ઉપાય નથી. (જ્યાં

જવું છે ત્યાં જવાનો માર્ગ કઠિન જ હોય તો બતાવનાર કઠીન જ બતાવે.) કહ્યું છે કે-"જો તમે અસંકલ્પિતાદિ ગુણવાળી ભિક્ષા લેવી એ દુષ્કર છે એમ માનતા હો તો તમારી એવી માન્યતા સાચી છે. અસંકલ્પિતાદિ ગુણવાળી ભિક્ષા જ નહિ, કિંતુ સાધુના સઘળા આચારો દુષ્કર જ છે. કહ્યું છે કે—

तरियव्वो य समुद्दो, बाहाहि भीमो महल्लकल्लोलो ।
नीसायवालुयाए चावेयव्वो सया कवलो ॥१॥

"ચારિત્ર મોટા મોટા તરંગોવાળા અને (મગર આદિ પ્રાણીઓથી) ભયંકર સમુદ્રને બે બાહુથી તરવા સમાન અને સદા તીક્ષ્ણ રેતીના કોળિયા ચાવવા સમાન છે."

ઇત્યાદિ વચનોથી સાધુના સઘળા આચારોને દુષ્કર જ કહ્યા છે. જો સાધુના બધા જ આચારો દુષ્કર છે તો નિર્દોષ ભિક્ષા ગ્રહણ દુષ્કર હોય તેમાં વિચારવાનું જ શું હોય ?

પ્રશ્ન— જો નિર્દોષ ભિક્ષાગ્રહણ દુષ્કર છે તો સાધુઓ તેના માટે આટલો બધો (દોષિત ભિક્ષા ન આવી જાય એ માટે જુદા જુદા ઘરોમાં ફરવું વગેરે) પ્રયત્ન કેમ કરે છે ?

ઉત્તર— યતિધર્મનું ફળ મોક્ષ છે. મોક્ષરૂપ મહાનફળ (તદનુરૂપ) મહાન પ્રયત્ન કર્યા વિના મેળવી શકાય નહિ. આથી સાધુઓ (નિર્દોષ ભિક્ષા દુષ્કર હોવા છતાં) નિર્દોષ ભિક્ષા લેવાનો પ્રયત્ન કરે છે." (પંચાશક ૧૩-૪૩)

તેથી હે કુતીર્થિકો ! જો તમે પોતાની ભિક્ષાને સાધુપણાના કારણે સર્વસંપત્કરી માનો છો તો તમારે અકૃત (અકારિત અને અસંકલ્પિત) વગેરે ગુણોથી યુક્ત પિંડ લેવો જોઇએ. એ પ્રમાણે પ્રસ્તુત પ્રકરણનો રહસ્યાર્થ છે. (૮)

## છઠ્ઠા સર્વસંપત્કરી ભિક્ષા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥७॥ अथ सप्तमं प्रच्छन्नभोजनाष्टकम् ॥

**अकृतादिगुणसम्पदुपेतः पिण्डो विशुद्धः शुद्धिकारकः इत्युक्तं (अष्टक ६ श्लोक १) स च शुद्धिकारकः प्रकटभोजने न सम्भवतीति प्रच्छन्नं भोजनं यतिना विधेयमित्युपदिशन्नाह—**

**सर्वारम्भनिवृत्तस्य, मुमुक्षोर्भावितात्मनः ।**
**पुण्यादिपरिहाराय, मतं प्रच्छन्नभोजनम् ॥१॥**

वृत्तिः— मुमुक्षोर्मतं प्रच्छन्नभोजनमिति क्रिया, किंविधस्येत्याह- 'सर्वे' निरवशेषा मनोवाक्काय-कृतकारितानुमतिभेदा य 'आरम्भाः' पृथिव्यादिजीवसंघट्टपरितापातिपातरूपास्तेभ्यो 'निवृत्तो' यः स तथा तस्य, एवं तस्य हि प्रकटं भुञ्जानस्य दीनादिकाय याचमानाय तद्दाने तत्पोषणत आरम्भप्रवृत्तिहेतुत्वेन सर्वारम्भनिवृत्तिक्षतिर्भवतीति तत्परिहारार्थमेतेन प्रच्छन्नमेव भोक्तव्यमित्युपदेष्टुं 'सर्वारम्भनिवृत्तस्य' इत्युक्तम्, अनेन चेह तदन्यस्य व्यवच्छेदस्तस्य हि प्रकटभोजनेऽपि न सर्वारम्भनिवृत्तेः क्षतिस्तदभावादिति, कस्य

**एवम्भूतस्येत्याह- मोक्तुं=मोचयितुं कर्मबन्धनादात्मानमिच्छतीति 'मुमुक्षुः' दीक्षितस्तस्य, अनेन चामुमुक्षोर्व्यवच्छेदः, तस्य हि पुण्यबन्धस्यानुज्ञातत्वादिति, पुनः किम्भूतस्य, 'भावितः' वासितः स्वपरोपकारकरणधर्मया प्रशमवाहितया जिनाज्ञया वा 'आत्मा' अन्तःकरणं येन स तथा तस्य, एतेन हि साधुसामाचार्यां यत्प्रकटभोजनं तज्जन्यो यः प्रवचनोपघातः स्वपरानर्थनिबन्धनभूतो अप्रशमवहो जिनाज्ञाभङ्गरूपः सोऽवश्यं परिहार्य इत्यावेदितं भवति । निषिद्धं च जिनागमे प्रकटभोजनम् । यदाह-''छक्कायदयावंतो वि, संजओ दुल्लहं कुणए बोहिं । आहारे नीहारे, दुगंछिए पिंडगहणे य[५५] ॥१॥'' किमर्थमित्याह- पुण्यं शुभकर्म, आदिशब्दाद्याचकाप्रीत्यादिदोषः पापमसंयतपोषणद्वारायातारम्भप्रवर्तनं प्रवचनोपघातश्च परिगृह्यते, अतः पुण्यादीनां परिहारो वर्जनं पुण्यादिपरिहारस्तस्मै 'पुण्यादिपरिहाराय', 'मतं' सम्मतं विदुषां, 'प्रच्छन्नभोजनम्' अप्रकटजेमनमिति ॥१॥**

## સાતમું પ્રચ્છન્ન ભોજન અષ્ટક

(મુનિએ ભોજન ગુપ્ત કરવું જોઇએ. જો મુનિ ભોજન ગુપ્ત ન કરે તો કયા કયા દોષો લાગે એનું યુક્તિપૂર્વક સૂક્ષ્મપણે આ અષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે.)

**અકૃત વિગેરે ગુણરૂપ સંપત્તિથી યુક્ત પિંડ વિશુદ્ધ છે, વિશુદ્ધપિંડ જ શુદ્ધિકારક છે, એમ (છઠ્ઠા અષ્ટકના પહેલા શ્લોકમાં) કહ્યું છે. તે વિશુદ્ધ પિંડ જો ભોજન પ્રગટ કરવામાં આવે તો શુદ્ધિ કરનારો થતો નથી. આથી સાધુએ ભોજન ગુપ્ત કરવું જોઇએ એમ ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** સર્વ આરંભોથી નિવૃત્ત અને ભાવિતાત્મા મુમુક્ષુએ પુણ્ય(બંધ) આદિ દોષોના ત્યાગ (=દોષોથી બચવા) માટે ભોજન ગુપ્ત (=ગૃહસ્થો ન જુએ તેમ) કરવું જોઇએ એમ વિદ્વાનોનું માનવું છે. (૧)

**ટીકાર્થ— સર્વ આરંભોથી નિવૃત્ત=** મન-વચન-કાયાથી ન કરવું, ન કરાવવું, ન અનુમોદવું એ પ્રમાણે (નવ) ભેદવાળા આરંભોથી નિવૃત્ત થયેલો (=અટકી ગયેલો). પૃથ્વીકાય વગેરે જીવોનો (૧) સંઘટ્ટ (=સ્પર્શ) કરવો, (૨) પરિતાપ (=સંતાપ) પમાડવો અને (૩) પ્રાણનાશ કરવો એ આરંભ છે. આ રીતે આરંભથી નિવૃત્ત સાધુ ભોજન પ્રગટ (=ગૃહસ્થો દેખે તેમ) કરે તો ગરીબ વગેરે સાધુ પાસે ભોજનની યાચના કરે. યાચના કરતા ગરીબ વગેરેને ભોજન આપવામાં તેનું પોષણ કરવાથી ભોજનદાન આરંભવાળી પ્રવૃત્તિનું કારણ બને. એથી સર્વ આરંભોથી કરેલી નિવૃત્તિમાં ક્ષતિ થાય. આથી તેનો ત્યાગ કરવા (=ક્ષતિથી બચવા) માટે સાધુએ પ્રચ્છન્ન જ ભોજન કરવું જોઇએ એવો ઉપદેશ આપવા માટે અહીં સર્વ આરંભોથી નિવૃત્ત એમ કહ્યું છે.

સર્વ આરંભથી નિવૃત્ત એવા કથનથી જે સર્વ આરંભોથી નિવૃત્ત થયો નથી તેનો નિષેધ કર્યો. સર્વ આરંભોથી નિવૃત્ત ન થયેલ જીવ પ્રગટ ભોજન કરે તો પણ સર્વ આરંભથી નિવૃત્તિમાં હાનિ ન આવે. કારણકે તેનામાં સર્વ આરંભોથી નિવૃત્તિનો અભાવ છે.

**ભાવિતાત્મા—** જેણે અંત:કરણને સ્વ-પરનો ઉપકાર કરવાના સ્વભાવવાળી પ્રશમરૂપનદીથી કે જિનાજ્ઞાથી ભાવિત=વાસિત કર્યો છે તે ભાવિતાત્મા.

५५. षट्कायदयावानपि संयतो दुर्लभं करोति बोधिम् । आहारे नीहारे जुगुप्सिते पिण्डग्रहणे च ॥

ભાવિતાત્મા એવા કથનથી સાધુના આચારમાં જે પ્રગટ ભોજન થાય અને તેના કારણે સ્વ-પરના અનર્થના કારણરૂપ, અપ્રશમને વહન કરનાર અને જિનાજ્ઞા ભંગરૂપ જે પ્રવચનનો ઉપઘાત (=શાસનહીલના) થાય, તેનો ભાવિતાત્માએ અવશ્ય ત્યાગ કરવો જોઇએ એમ જણાવ્યું. જિનાગમમાં પ્રગટ ભોજનનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે-**"છ કાયની દયાવાળો પણ સાધુ (આહાર-નિહાર પ્રગટ કરે તો) આહારમાં, નિહારમાં (=મલ વિસર્જન કરવામાં) અને જુગુપ્સિત ઘરોમાંથી પિંડ ગ્રહણ કરવામાં બોધિને દુર્લભ કરે."** (ઓઘનિર્યુક્તિ-૪૪૩)

**મુમુક્ષુ**— આત્માને કર્મબંધનથી મૂકાવવાને ઇચ્છે તે મુમુક્ષુ, અર્થાત્ દીક્ષિત. આનાથી જે મુમુક્ષુ નથી તેનો નિષેધ કર્યો. કારણકે તેને પુણ્યબંધ સંમત છે.

**પુણ્ય(બંધ) આદિ**— પુણ્ય એટલે શુભકર્મ. અહીં આદિ શબ્દથી યાચકને (ભોજન ન આપવાથી) અપ્રીતિ વગેરે દોષો, (ભોજન આપવામાં આવે તો) અસંયતના પોષણ દ્વારા થયેલ આરંભમાં પ્રવર્તાવવારૂપ પાપ, અને પ્રવચનહીલના ગ્રહણ કરવામાં આવે છે. (૧)

**कथमप्रच्छन्नभोजने पुण्यबन्ध इत्याह—**

**भुञ्जानं वीक्ष्य दीनादि-र्याचते क्षुत्प्रपीडितः ।**
**तस्यानुकम्पया दाने, पुण्यबन्धः प्रकीर्तितः ॥२॥**

**वृत्तिः— 'भुञ्जानम्' अभ्यवहरन्तम्, मुमुक्षुमिति गम्यते, 'वीक्ष्य' दृष्ट्वा, क इत्याह 'दीनादिः' दीनो दैन्यवान्, आदिशब्दादनाथवनीपकादिपरिग्रहः, 'याचते' मृगयते, किंविधः सन्, 'क्षुत्प्रपीडितः' बुभुक्षात्यन्तबाधितः, अपीडितस्य हि याचने न तथाविधानुकम्पोत्पाद इत्यसौ विशेषितः, 'तस्य' इत्थम्भूतस्य दीनादेरिह सम्प्रदानेऽपि षष्ठी, सम्बन्धस्यैव विवक्षितत्वादिति । 'अनुकम्पया' करुणया, 'दाने' भोजनस्य वितरणे, 'पुण्यबन्धः' शुभकर्म्मोपादानम्, 'प्रकीर्तितः' आगमेऽभिहितः । यदाह-''भूयाणुकंपवयजोगउज्जओ खंतिदाणगुरुभत्तो । बंधइ भूओ सायं, विवरीयं बंधए इयरो [५६]॥१॥'' इति कथं प्रकटं मुमुक्षुर्भुञ्जीतेति ॥२॥**

**અપ્રછન્ન (=ગૃહસ્થો જુએ તેમ) ભોજન કરવામાં પુણ્યબંધ કેવી રીતે થાય તે કહે છે—**

**શ્લોકાર્થ**— મુમુક્ષુને ભોજન કરતો જોઇને ભૂખથી પીડિત ગરીબ વગેરે તેની પાસે ભોજન માંગે, આ વખતે અનુકંપાથી (=કરુણાથી) તેને ભોજન આપવામાં આવે તો પુણ્યબંધ થાય એમ આગમમાં કહ્યું છે. (૨)

**ટીકાર્થ— ભૂખથી પીડિત**— ભૂખથી અતિશય પીડા પામેલો. જે પીડિત ન હોય તે માગે ત્યારે તેવા પ્રકારની (=આપ્યા વિના રહેવાય નહિ તેવી) અનુકંપા ઉત્પન્ન થતી નથી. માટે અહીં યાચકનું ભૂખથી પીડિત એવું વિશેષણ છે.

**ગરીબ વગેરે**— અહીં વગેરે શબ્દથી અનાથ અને ભિખારી વગેરેનું ગ્રહણ કરવું.

---

૫૬. भूतानुकम्पव्रतयोगोद्यतः क्षान्तिदानगुरुभक्तः । बध्नाति भूयः सातं विपरीतं बध्नाति इतरः ॥

**પુણ્યબંધ—** શુભકર્મોનું ગ્રહણ.

અનુકંપાથી આપવામાં પુણ્યબંધ થાય એ વિષે કહ્યું છે કે—

**"જીવદયા અને વ્રતના વ્યાપારમાં ઉદ્યત તથા ક્ષમા, દાન અને ગુરુભક્તિના પરિણામવાળો જીવ શાતાવેદનીય કર્મને બાંધે છે. તેનાથી પિપરીત જીવ અશાતા વેદનીય કર્મને બંધે છે- (૨)**

**भवतु पुण्यबन्धः का नो हानिरिति चेदत्त आह—**

**भवहेतुत्वतश्चायं, नेष्यते मुक्तिवादिनाम् ।**

**पुण्यापुण्यक्षयान्मुक्ति-रिति शास्त्रव्यवस्थितेः ॥३॥**

**वृत्तिः—'भवहेतुत्वतः' संसारकारणत्वात्, 'चशब्दः' पुनरर्थः, 'अयं' अनन्तरोद्दिष्टः पुण्यबन्धः, 'नेष्यते' आश्रयणीयतया नानुमन्यते प्रवचनप्रणेतृभिः- केषामित्याह- मुक्तिं सकलकर्मनिर्मोक्षं स्वकीयस्यानुष्ठानविशेषस्य फलतया वदितुं शीलं येषां ते 'मुक्तिवादिन'स्तेषां मोक्षार्थिनामिति हृदयम्, अथवा 'मुक्तिवादिना'मित्येतत्पदं शास्त्रव्यवस्थितेरित्यनेन सम्बन्धनीयम्, नेष्यते इति कुतोऽवसितमिति चेदत आह- 'पुण्यापुण्यक्षयात्' शुभाशुभकर्मात्यन्तिकप्रलयादेव, 'मुक्ति'र्मोक्षो जीवस्य स्वरूपेऽवस्थानम्, भवतीति गम्यते, 'इति' एवम्प्रकारायाः, 'शास्त्रव्यवस्थिते'राप्तप्रणीतागमव्यवस्थाया हेतोरिति ॥३॥**

**પુણ્યબંધ થાઓ. તેમાં અમને શી હાનિ છે ? એમ જો કોઇ કહે તો ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પુણ્યબંધ સંસારનો હેતુ હોવાથી મુક્તિવાદીઓનો પુણ્યબંધ ઇચ્છાતો નથી. કારણકે પુણ્ય-પાપના ક્ષયથી મોક્ષ થાય એવી શાસ્ત્ર વ્યવસ્થા છે. (૩)

**ટીકાર્થ— મુક્તિ વાદીઓનો—** પોતાના અનુષ્ઠાન વિશેષના ફલરૂપે સકલકર્મોથી છૂટકારારૂપ મોક્ષને બોલવાના સ્વભાવવાળાઓનો, અર્થાત્ મોક્ષાર્થીઓનો. અહીં ભાવાર્થ આ છે-પોતાના ધર્માનુષ્ઠાનના ફળરૂપે જેમને મુક્તિ જોઇએ છે તે મુક્તિવાદી છે. તેમનો પુણ્યબંધ ઇચ્છાતો નથી.

**ઇચ્છાતો નથી—** પ્રવચન પ્રણેતાઓ વડે આશ્રય કરવા યોગ્યરૂપે અનુમત કરાતો નથી, અર્થાત્ જેમને મુક્તિ જોઇએ છે તેમને પુણ્યબંધ થાય એ પ્રવચન પ્રણેતાઓને ઇષ્ટ નથી.

**પુણ્ય-પાપના ક્ષયથી—** શુભ અને અશુભ બંને પ્રકારના કર્મોના આત્યંતિક (=ફરી ન બંધાય તે રીતે) ક્ષયથી.

**મોક્ષ—** જીવનું પોતાના સ્વભાવમાં રહેવું તે મોક્ષ.

**શાસ્ત્ર વ્યવસ્થા—** આપ્તવડે રચાયેલા આગમોમાં બતાવાયેલી વ્યવસ્થા. (૩)

**अथ दीनादेर्याचमानस्यापि न दास्यत इति कुतः पुण्यबन्धो भविष्यतीत्याशङ्क्याह—**

**प्रायो न चानुकम्पावां-स्तस्यादत्त्वा कदाचन ।**

**तथाविधस्वभावत्वा-च्छक्नोति सुखमासितुम् ॥४॥**

वृत्तिः— यदि न ददाति तदा न भवति पुण्यबन्धः, 'न च' न पुनः, 'अनुकम्पावान्' करुणापरायणान्तःकरणः, 'प्रायो' बाहुल्येन, 'तस्य' याचमानस्य दीनादेः, 'अदत्त्वा' दानमकृत्वा, 'कदाचन' कस्मिंश्चित्काले, 'शक्नोति' समर्थो भवति, सुखं अमनःपीडं यथा भवत्येवम्, 'आसितुं' स्थातुम्, कुत एतदेवमित्याह- तथाविधस्तत्प्रकारो याचमानदीनदाननिबन्धनभूतः स्वभावः स्वरूपं यस्यानुकम्पावतः स तथा तस्य भावस्तत्त्वं तस्मात् 'तथाविधस्वभावत्वात्' इति । हेतुप्रयोगश्चैवम्- यद्वस्तु यत्करणस्वभावं तत्तदकृत्वा नासितुं शक्नोति, यथा मद्यं पुरुषस्य नृत्या (दृप्ता)दिकं विकारम्, दीनदानस्वभावश्चानुकम्पावान्, तस्माददत्त्वा सुखमासितुं न शक्नोतीति ॥४॥

હવે માંગણી કરતા પણ ગરીબ વગેરેને અપાશે નહિ, એથી પુણ્યબંધ ક્યાંથી થશે ? આવી આશંકા કરીને ગ્રન્થકાર કહે છે—

**શ્લોકાર્થ—** અનુકંપાવાળા જીવનો તેવો સ્વભાવ જ હોય છે કે જેથી તે પ્રાયઃ ક્યારે પણ માગનાર ગરીબ આદિને આપ્યા વિના સુખે રહી શકતો નથી.(૪)

**ટીકાર્થ— અનુકંપાવાળો—** જેનું અંતઃકરણ કરુણામાં તત્પર છે તેવો જીવ.

**તેવો સ્વભાવ—** યાચના કરતા ગરીબ વગેરેને આપવામાં કારણભૂત સ્વભાવ. અહીં હેતુપ્રયોગ આ પ્રમાણે છે-જે વસ્તુ જે કરવાના સ્વભાવવાળી હોય તે વસ્તુ તેને કર્યા વિના સુખપૂર્વક રહેવા સમર્થ થતી નથી. જેમકે મદ્ય પુરુષના નૃત્યાદિ વિકારને કર્યા વિના રહેતું નથી. અનુકંપાવાળો જીવ ગરીબને દાન કરવાના સ્વભાવવાળો છે. તેથી તે તેને આપ્યા વિના સુખે રહી શકતો નથી. (૪)

अथ पुण्यबन्धभीरुतया दृढचित्ततां विधाय न दास्यतीति कथं पुण्यबन्ध इत्याशङ्क्याह- अथवा पुण्यादिपरिहारार्थमिहादिशब्दोपात्तयाचकाप्रीत्यादिदोषप्रतिपादनायाह—

**अदानेऽपि च दीनादे-रप्रीतिर्जायते ध्रुवम् ।**
**ततोऽपि शासनद्वेष-स्ततः कुगतिसन्ततिः ॥५॥**

वृत्तिः— 'अपि च' इति पुनःशब्दार्थः, ततो दाने पुण्यबन्धो भवति, 'अदाने' ओदनाद्यवितरणे, पुनर्दीनादेर्दीनानाथादेरर्थिनः, 'अप्रीतिः' चित्तोद्वेगः, 'जायते' भवति तस्यैव, 'ध्रुव'मवश्यम्भावेन, भवतु सा को दोष इति चेदत आह- 'ततोऽपि' अपिशब्दः पुनःशब्दार्थः, ततस्तस्याः पुनरप्रीतेः सकाशात्, 'शासनद्वेषः' आप्तप्रवचनं प्रति मत्सरस्तस्यैव, ततोऽपि किमित्याह- 'ततः' शासनप्रद्वेषात्, कुगतीनां नारकतिर्यक्कुनरकुदेवत्वलक्षणदुर्गतीनां, 'सन्ततिः' सन्तानः प्रवाहः, 'कुगतिसन्ततिः', जायते दीनादेरिति प्रक्रम इति ॥५॥

પુણ્યબંધના ભયવાળો હોવાથી ચિત્તને દૃઢ કરીને આપશે નહિ એથી કેવી રીતે પુણ્યબંધ થાય એવી આશંકા કરીને કહે છે—

**અથવા**

**(પ્રસ્તુત અષ્ટકની પહેલી ગાથામાં) "પુણ્ય(બંધ) આદિ દોષોના ત્યાગ માટે" એમ કહ્યું છે. અહીં આદિ શબ્દથી લીધેલા યાચકને અપ્રીતિ થાય વગેરે દોષોનું પ્રતિપાદન કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** ભોજન ન આપવામાં દીન આદિને અવશ્ય અપ્રીતિ ઉત્પન્ન થાય અને તેનાથી તેને શાસન ઉપર દ્વેષ ઉત્પન્ન થાય. તેનાથી કુગતિની પરંપરા સર્જાય. (૫)

**ટીકાર્થ—** દાનમાં પુન્યબંધ થાય અને દીન આદિને ભાત વગેરે ન આપવામાં અપ્રીતિ ઉત્પન્ન થાય. તેના કારણે તેને જ શાસન (=આપ્ત પ્રવચન) ઉપર દ્વેષ થાય. તેનાથી દીન આદિને નરક, તિર્યંચગતિ, કુમનુષ્યત્વ, કુદેવત્વરૂપ દુર્ગતિઓની પરંપરા સર્જાય.(૫)

**यदि नाम मिथ्यात्वोपहतबुद्धेस्तस्य स्वदोषादप्रीत्यादयः संजायन्ते ततः किमस्माकमसंक्लेशवन्मानसानामित्याशङ्क्याह, अथवा पुण्यादिपरिहारार्थमिहादिशब्दोपात्तपापबन्धप्रदर्शनायाह—**

**निमित्तभावतस्तस्य, सत्युपाये प्रमादतः ।**
**शास्त्रार्थबाधनेनेह, पापबन्ध उदाहृतः ॥६॥**

**वृत्तिः— 'शास्त्रार्थबाधनेन पापबन्धस्तस्योदाहृत' इति सम्बन्धः, शास्त्रार्थबाधनमेव कुत इत्याह- 'निमित्तभावतो' दीनाद्यप्रीतिशासनद्वेषकुगतिसन्ततीनां कारणत्वेन परेषामप्रीत्यादिवर्जनं हि शास्त्रार्थः, 'तस्य' इति प्रकटभोजकयतेः, नन्वेवं महामुनीनामपि पापबन्धप्रसङ्गस्तेषामपि महामिथ्यात्वोपहतेष्वप्रीत्यादिनिमित्तत्वादित्याशङ्क्याह- 'सति' विद्यमाने, उपाये प्रच्छन्नभोजनलक्षणे दीनाद्यप्रीत्याद्युत्पत्तिपरिहारस्य हेतौ, महामुनीनां पराप्रीतिपरिहारोपायाभावे तत्परिहारार्थं च प्रयत्ने सति परिणामविशुद्धेः पापबन्धाभाव इति, नन्वेवं हठाद्दीनादिना भुञ्जानस्य साधोर्दर्शने उक्तदोषप्रसङ्ग इत्यत आह- प्रमादतः प्रमादेनालस्योपहततया, अप्रमत्तस्य पुनरप्रीत्यादिहेतुत्वेऽपि शास्त्रार्थाबाधनान्नास्ति पापबन्धोऽहिंसकस्येव । यदाह-"आया चेव अहिंसा, आया हिंसत्ति निच्छओ एस । जो होइ अप्पमत्तो अहिंसओ, हिंसओ इयरो[५७] ॥१॥" शास्त्रार्थस्याप्तागमार्थस्य बाधनमन्यथाकरणं शास्त्रार्थबाधनं तेन हेतुना, महानर्थनिबन्धनं हि शास्त्रार्थबाधनम् । यदाह-"यः शास्त्रविधिमुत्सृज्य, वर्तते कामचारतः । न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥१॥" शास्त्रं च पराप्रीतिपरिहारप्रयत्नप्रतिपादनपरमेव व्यवस्थितम् । तद्यथा- "अणुमित्तो वि न कस्सइ, बंधो परवत्थुपच्चया भणिओ । तहवि हु जयंति जइणो, परिणामविसोहिमिच्छंता[५८] ॥१॥" तथा "इय सव्वेणवि सम्मं, सक्कं अप्पत्तियं सइ जणस्स । नियमा परिहरियव्वं इयरम्मि सतत्तचिन्ता उ[५९]॥२॥" 'इह' इति प्रकटभोजने, 'पापबन्धो' ऽशुभकर्मोपादानम्, 'उदाहृतो'ऽभिहितस्तत्त्ववेदिभिरिति ॥६॥**

५७. आत्मा चैवाहिंसात्मा हिंसेति निश्चय एषः ॥ यो भवति अप्रमत्तोऽहिंसको हिंसक इतरः ॥१॥

५८. अणुमात्रोऽपि न कस्यचिद् बन्धः परवस्तुप्रत्ययाद्भणितः । तथापि खलु यतन्ते यतयः परिणामविशुद्धिमिच्छन्तः ॥१॥

५९. इति सर्वेणापि सर्वं शक्यं अप्रीतिकं सदा जनस्य । नियमात् परिहर्तव्यं इतरस्मिन् स्वतत्त्वचिन्ता तु ॥२॥

**જો મિથ્યાત્વથી હણાયેલી બુદ્ધિવાળા તેને પોતાના જ દોષથી અપ્રીતિ વગેરે ઉત્પન્ન થાય તેથી સંક્લેશ રહિત મનવાળા અમને શું ? આવી આશંકા કરીને કહે છે—**

**અથવા**

**"પુણ્ય(બંધ) આદિ દોષોના ત્યાગ માટે" એમ કહ્યું છે. અહીં આદિ શબ્દથી લીધેલા પાપબંધને બતાવવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** દીન આદિની અપ્રીતિ આદિ દોષો ટાળવાનો ગુપ્ત ભોજન રૂપ ઉપાય હોવા છતાં પ્રમાદથી અગુપ્ત ભોજન કરનાર મુનિ નિમિત્તભાવથી શાસ્ત્રાર્થનો બાધ કરે છે. શાસ્ત્રાર્થ બાધ કરવાથી પ્રગટ ભોજનમાં (પ્રગટ ભોજન કરનાર મુનિને) પાપબંધ કહ્યો છે. (૬)

**ટીકાર્થ— પ્રમાદથી—** એકાંતમાં બેસવા છતાં કોઇ બળજબરીથી ભોજન કરતા સાધુને જુએ તો સાધુને પાપબંધ ન થાય માટે પ્રમાદથી એમ કહ્યું છે. આળસથી પરાભવ પામવાના કારણે પ્રમાદથી પરની અપ્રીતિ આદિમાં નિમિત્ત બને તો સાધુને પાપબંધ થાય. અપ્રમત્તમુનિ અપ્રીતિ આદિમાં નિમિત્ત બને તો પણ શાસ્ત્રાર્થનો બાધ ન થવાથી તેને અહિંસકની જેમ પાપબંધ ન થાય. કહ્યું છે કે-**"આત્મા જ અહિંસા છે, આત્મા જ હિંસા છે, એ પ્રમાણે આ નિશ્ચય (=પરમાર્થ) છે. આથી જે અપ્રમત્ત છે તે અહિંસક છે, અને જે પ્રમત્ત છે તે હિંસક છે."** (ઓઘનિર્યુક્તિ-૭૫૫)

**નિમિત્તભાવથી—** નિમિત્તભાવથી એટલે દીન આદિના અપ્રીતિ, શાસનદ્વેષ, કુગતિ પરંપરારૂપ દોષોમાં કારણ બનવાથી. તેથી શાસ્ત્રાર્થનો બાધ કરે છે. અન્યોની અપ્રીતિનો ત્યાગ કરવો=અન્યોની અપ્રીતિમાં નિમિત્ત ન બનવું એ શાસ્ત્રાર્થ છે.

**પૂર્વપક્ષ—** એમ તો મહામુનિઓને પણ પાપબંધનો પ્રસંગ આવે. કારણકે તેઓ પણ મહામિથ્યાત્વથી હણાયેલા જીવોમાં અપ્રીતિ આદિનું નિમિત્ત બને છે.

**ઉત્તરપક્ષ—** દીન આદિમાં અપ્રીતિ આદિની ઉત્પત્તિના ત્યાગનો પ્રછન્ન ભોજનરૂપ ઉપાય હોવા છતાં પ્રમાદથી નિમિત્ત બને તો પાપબંધ થાય. મહામુનિઓને પરની અપ્રીતિના ત્યાગનો ઉપાય ન હોય ત્યારે કે ઉપાય હોય ત્યારે અપ્રીતિ ન થાય એ માટે પ્રયત્ન કર્યે છતે પરિણામવિશુદ્ધિ હોવાથી પાપબંધ ન થાય.

**શાસ્ત્રાર્થનો બાધ કરે છે—** શાસ્ત્રમાં જે રીતે કરવાનું કહ્યું છે તેનાથી બીજી રીતે કરે છે. શાસ્ત્રાર્થનો બાધ મહાન અનર્થનું કારણ છે. કહ્યું છે કે **"જે શાસ્ત્રમાં કહેલ વિધિને છોડીને પોતાની મરજી પ્રમાણે વર્તે છે, તે મોક્ષ, સુખ અને ઉત્તમગતિને પામતો નથી."**

શાસ્ત્ર પરની અપ્રીતિનો ત્યાગ કરવા માટે પ્રયત્ન કરવાનું પ્રતિપાદન કરવામાં જ તત્પર છે, અર્થાત્ શાસ્ત્ર પરને અપ્રીતિ ન થાય તેમ પ્રયત્ન કરવાનું કહે છે. તે આ પ્રમાણે-**"બાહ્ય વસ્તુના નિમિત્તથી કોઇને ય અલ્પ પણ બંધ કહ્યો નથી, અર્થાત્ કોઇને ય બાહ્યવસ્તુના નિમિત્તથી જરાપણ બંધ થતો નથી, કિંતુ આત્મપરિણામથી જ બંધ થાય છે.**

**પૂર્વપક્ષ— જો એમ છે તો પૃથ્વીકાય આદિની યતના ન કરવી, કેવળ પરિણામની શુદ્ધિ રાખવી.**

ઉત્તરપક્ષ— જો કે બાહ્ય વસ્તુના નિમિત્તથી બંધ થતો નથી, તો પણ પરિણામની વિશુદ્ધિને ઇચ્છતા મુનિઓ પૃથ્વીકાય આદિમાં યતના કરે છે. અહીં ભાવાર્થ એ છે કે જો પૃથ્વીકાયાદિમાં યતના ન રાખવામાં આવે તો પરિણામની વિશુદ્ધિ ન જ થાય.'' (ઓઘ નિ. ગા. ૫૮) તથા-''શ્રી મહાવીર ભગવાનની[1] જેમ જિનભવનાદિ કરવાની ઇચ્છાવાળાએ અને સંયમનો સ્વીકાર કરવાની ઇચ્છાવાળાએ પણ શુદ્ધભાવથી સદા લોકની શક્ય (=જેનો ત્યાગ થઇ શકે તેવી) અપ્રીતિનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

પ્રશ્ન— આપણે અપ્રીતિ થાય તેવું ન કરીએ તો પણ લોક અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિ કરે તો શું કરવું ?

ઉત્તર— લોકની અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિનો ત્યાગ કરી શકાય તેમ ન હોય ત્યારે પોતાના સ્વભાવની વિચારણા કરવી. તે આ પ્રમાણે :-

ममैवायं दोषो यदपरभवे नार्जितमहो ।
शुभं यस्माल्लोको भवति मयि कुप्रीतिहृदयः ॥१॥
अपापस्यैवं मे कथमपरथा मत्सरमयं ।
जनो याति स्वार्थं प्रति विमुखतामेत्य सहसा ॥२॥

આ મારો જ દોષ છે. કેમકે મેં ગતભવમાં પુણ્યનું ઉપાર્જન કર્યું નથી, જેથી લોકો મારા વિષે અપ્રીતિવાળા થાય છે. અન્યથા આ લોકો સ્વાર્થ પ્રત્યે વિમુખ બનીને (અર્થાત્ દ્વેષ કરવાથી કર્મબંધ કરવા દ્વારા પોતાના હિત પ્રત્યે વિમુખ બનીને) નિર્દોષ એવા મારા ઉપર દ્વેષ કેમ કરે ?'' (પંચાશક-૭-૧૬)

પાપબંધ— અશુભકર્મોનું ગ્રહણ કરવું.

કહ્યો છે— તત્ત્વના જાણકારોએ કહ્યો છે. (૬)

भवतु शास्त्रार्थबाधेति चेन्नेत्याह—

**शास्त्रार्थश्च प्रयत्नेन, यथाशक्ति मुमुक्षुणा ।**
**अन्यव्यापारशून्येन, कर्तव्यः सर्वदैव हि ॥७॥**

वृत्तिः—'शास्त्रार्थश्च' दृष्टेष्टाभ्यामविरुद्धागमस्यार्थोऽभिधेयं शास्त्रार्थः, 'चशब्दः' पुनरर्थ एवकारार्थो वा, तेन शास्त्रार्थः पुनः कर्तव्यः, शास्त्रार्थ एव वा कर्तव्यः, कथम् ? 'प्रयत्नेन' महता आदरेण, अनादरकरणे हि विवक्षितफलासिद्धेः कृषीवलानामिव, ननु शास्त्रार्थस्य संहननादिहीनेन समग्रस्य दुष्करत्वादशक्यानुष्ठानोऽयमुपदेश इत्याह- 'यथाशक्ति' शक्तेः शरीरबलस्यानतिक्रमो यथाशक्ति तेन, एवं हि आराधनोक्ता । यदाह-''अनिगूहंतो विरियं, न विराहेइ चरणतवसुएसु । जइ संजमे वि विरियं, न निगूहिज्जा न हाविज्जा[६०] ॥१॥'' चरणं न हापयेदित्यर्थः । केनेत्याह- 'मुमुक्षुणा' मोक्षेप्सुना, अनन्योपा-

१. તાપસોની અપ્રીતિનો ત્યાગ કરવા શ્રી મહાવીર સ્વામીએ ચાતુર્માસમાં વિહાર કર્યો હતો.

६०. अनिगूहयन् वीर्यं न विराधयति चरणतपःश्रुतेषु । यदि संयमेऽपि वीर्यं न निगूहयेन्न हापयेत् ॥१॥

**यत्वान्मोक्षस्य । यदाह-''जम्हा न मोक्खमग्गे, मोत्तूणं आगमं इह पमाणं । विज्जइ छउमत्थाणं, तम्हा तत्थेव जइयव्वं[1] ॥१॥'' किम्भूतेन 'अन्यव्यापारशून्येन' शास्त्रार्थकरणव्यतिरिक्तलोकयात्रादिकर्तव्यविरहितेन, व्यापारान्तरेण हि शास्त्रार्थकरणबाधा भवतीति, 'कर्तव्यो' विधेयः । किं प्रतिनियत (तं) कालम् ? नेत्याह- 'सर्वदैव' सदैवाऽऽजन्मापीत्यर्थः, 'हिशब्दो' वाक्यालङ्कारार्थो यस्मादर्थो वा, ततश्च यस्माच्छास्त्रार्थ एव कर्तव्यस्तस्मात्प्रच्छन्नमेव भोजनं विधेयमिति प्रक्रम इति ॥७॥**

**શાસ્ત્રનો બાધ થાઓ એમ જો કોઇ કહે તો તે બરોબર નથી એમ ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** મુમુક્ષુએ અન્ય વ્યાપારથી રહિત બનીને જીવન પર્યંત યથાશક્તિ પ્રયત્નથી શાસ્ત્રાર્થ (=શાસ્ત્રમાં કહ્યા મુજબ ધર્મપ્રવૃત્તિ) કરવો જોઇએ.(૭)

**ટીકાર્થ— મુમુક્ષુ**=મોક્ષને મેળવવાની ઇચ્છાવાળો. મુમુક્ષુએ શાસ્ત્રાર્થ કરવો જોઇએ. કારણ કે શાસ્ત્રાર્થ મોક્ષનો અસાધારણ ઉપાય છે. કહ્યું છે કે- "**કારણ કે મોક્ષમાર્ગમાં[1] છદ્મસ્થજીવોને પરમાર્થથી એક આગમને છોડીને પ્રત્યાખ્યાન વિગેરે પ્રમાણ નથી, અર્થાત્ આગમના આધારે જ પ્રત્યાખ્યાન વગેરે પ્રમાણ છે. માટે કદાગ્રહને છોડીને આગમમાં જ પ્રયત્ન કરવો જોઇએ એટલે કે જિજ્ઞાસાપૂર્વક કર્ણોથી આગમનું શ્રવણ કરીને આગમમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાનો કરવા જોઇએ. અગીતાર્થજનોની આચરણા પ્રમાણે કરનારા ન બનવું જોઇએ.** (પંચવસ્તુ ૧૭૦૭)

**અન્ય વ્યાપારથી રહિત બનીને—** શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાનો કરવા સિવાય અન્ય લોકવ્યવહારથી થતાં કર્તવ્યોથી રહિત બનીને. લોકવ્યવહારથી થતાં કર્તવ્યોથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવામાં બાધા થાય છે, અર્થાત્ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ન કરી શકાય.

**જીવનપર્યંત—** શું પ્રતિનિયત કાળ સુધી શાસ્ત્રાર્થ કરવો જોઇએ ? ના, જીવનપર્યંત શાસ્ત્રાર્થ કરવો જોઇએ.

**યથાશક્તિ—** સંઘયણ આદિથી હીન=અલ્પ સામર્થ્યવાળા જીવ માટે સંપૂર્ણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવું દુષ્કર છે. આથી આ ઉપદેશ અશક્ય અનુષ્ઠાન સંબંધી છે, અર્થાત્ ન આચરી શકાય તેવો છે. આના જવાબમાં અહીં કહ્યું કે યથાશક્તિ શાસ્ત્રાર્થ કરવો જોઇએ. યથાશક્તિ એટલે શરીરબળનું ઉલ્લંઘન ન કરવું. યથાશક્તિ શાસ્ત્રાર્થ કરવામાં આરાધના કહી છે. કહ્યું છે કે-"**ચારિત્ર-તપ-શ્રુતમાં વીર્યને ન છુપાવતો જીવ ચરણ-તપ-શ્રુતનો વિરાધક બનતો નથી=આરાધક બને છે. જો સંયમમાં પણ વીર્યને ન છુપાવે તો ચારિત્રને હીન ન કરે, અર્થાત્ તેના ચારિત્રમાં ખામી ન આવે.**" (આવ. નિ. ૧૧૯૯)

**પ્રયત્નથી—** ઘણા આદરથી. અનાદર કરવામાં ખેડૂતોની જેમ વિવક્ષિત ફલની સિદ્ધિ ન થાય, અર્થાત્ જેમ ખેડૂતો ખેતીમાં અનાદર કરે તો ધાન્યપ્રાપ્તિ રૂપ ફળની સિદ્ધિ ન થાય તેમ મુમુક્ષુઓ શાસ્ત્રાર્થમાં અનાદર કરે તો મોક્ષ (વગેરે) ફળની સિદ્ધિ ન થાય.

---

**६१. यस्मान्न मोक्षमार्गे मुक्त्वागममिह प्रमाणम् । विद्यते छद्मस्थानां तस्मात्तत्रैव यतितव्यम् ॥१॥**

૧. પંચવસ્તુક ગ્રંથમાં "**मोक्खमग्गे**" એ પદના સ્થાને **धम्ममग्गे** એવું પદ છે.

**શાસ્ત્રાર્થ કરવો જોઇએ—**[1] દૃષ્ટ અને ઇષ્ટથી અવિરુદ્ધ આગમનું અભિધેય તે શાસ્ત્રાર્થ, અર્થાત્ શાસ્ત્રમાં દૃષ્ટ અને ઇષ્ટથી અવિરુદ્ધ જે કહ્યું હોય તે શાસ્ત્રાર્થ છે. શાસ્ત્રાર્થ કરવો જોઇએ એટલે શાસ્ત્રમાં જે કહ્યું હોય તે કરવું જોઇએ.

ગાથામાં રહેલા "च" શબ્દનો 'અને' અર્થ છે. અથવા 'જ' કાર અર્થ છે. તેનો અન્વય આ પ્રમાણે છે- અને મુમુક્ષુએ શાસ્ત્રાર્થ કરવો જોઇએ. અથવા મુમુક્ષુએ શાસ્ત્રાર્થ જ કરવો જોઇએ.

ગાથામાં "हि" શબ્દ વાક્યાલંકાર માટે છે. અથવા "જે કારણથી" એવા અર્થવાળો છે. તેનો અન્વય આ પ્રમાણે છે-મુમુક્ષુએ જે કારણથી શાસ્ત્રાર્થ જ કરવો જોઇએ તે કારણથી પ્રછન્ન (=ગુપ્ત) જ ભોજન કરવું જોઇએ. (૭)

**प्रकरणार्थमुपसंहरन्नाह—**

**एवं ह्युभयथाप्येतद् दुष्टं प्रकटभोजनम् ।**
**यस्मान्निदर्शितं शास्त्रे, ततस्त्यागोऽस्य युक्तिमान् ॥८॥**

**वृत्तिः— 'एवं हि' अनेनैवानन्तरोक्तेन प्रकारेण, 'उभयथा' दीनादेर्दानादानलक्षणाभ्यां वर्णितस्वरूपाभ्यां प्रकाराभ्याम्, न केवलमेकेनैव प्रकारेण, 'अपि तु' उभयथाऽपीत्यपिशब्दार्थः, अथवा इहलोकपरलोकापेक्षया, तत्र परलोकापेक्षया प्रकटभोजनस्य दुष्टत्वमुपदर्शितमनन्तरमेव, इहलोकापेक्षया त्वमुतो नीतिश्लोकादवगन्तव्यम् । "प्रच्छन्नं किल भोक्तव्यं, दरिद्रेण विशेषतः । पश्य भोजनदौर्बल्याद् घटः सिंहेन नाशितः ॥१॥ 'एतद्' अनन्तरोक्तं 'प्रकटभोजनम्', 'दुष्टं' दोषवत्, 'यस्मात्' यतो हेतोः 'निदर्शितं' प्रतिपादितम्, 'शास्त्रे' आगमे, 'ततः' तस्मात्, 'त्यागः' परिहारः, 'अस्य' प्रकटभोजनस्य, 'युक्तिमान्' उपपत्तियुक्तः, अतो हे कुतीर्थिका ! यदि यूयं मुमुक्षवः तदा भवतामपि प्रच्छन्नभोजनं कर्तुं युज्यत इति गर्भार्थ इति ॥८॥**

**પ્રકરણના અર્થનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** આ પ્રમાણે શાસ્ત્રમાં જે કારણથી આ પ્રગટ ભોજનને બંને રીતે દુષ્ટ જણાવ્યું છે તે કારણથી તેનો ત્યાગ યુક્તિયુક્ત છે.

**ટીકાર્થ— આ પ્રમાણે=**હમણાં જ કહેલા પ્રકારથી.

**બંને રીતે—** દીનને ભોજન આપવાથી અને ન આપવાથી એમ બંને રીતે, કેવળ એકજ પ્રકારથી નહિ, કિંતુ બંને પ્રકારથી પ્રગટ ભોજન દુષ્ટ છે.

અથવા બંને રીતે એટલે આ લોક અને પરલોક એ બંનેની અપેક્ષાએ. તેમાં પરલોકની અપેક્ષાએ પ્રગટ ભોજનમાં દોષ હમણાં જ (પ્રસ્તુત અષ્ટકની છઠ્ઠી-સાતમી ગાથામાં) બતાવ્યો છે. આ લોકની અપેક્ષાએ દોષ આ

૧. દૃષ્ટ=પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી જે જણાય તે દૃષ્ટ. શાસ્ત્રમાં જે કહ્યું હોય તે ઇષ્ટ. (ઉપ.પ. ૮૮૨)

નીતિ શ્લોકથી જાણવો. આ નીતિ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે—

"ભોજન ગુપ્ત કરવું જોઇએ. તેમાં પણ દરિદ્ર માણસે તો વિશેષથી ગુપ્ત ભોજન કરવું જોઇએ. તું જો, (સિંહના દેખતાં) હલકું ભોજન કરવાના કારણે સિંહે ઘેટાને મારી ❋ નાખ્યો."

**દુષ્ટ**— દોષવાળું.

પ્રગટ ભોજન દુષ્ટ હોવાથી હે કુતીર્થિકો ! જો તમે મુમુક્ષુ છો તો તમારે પણ ગુપ્તભોજન કરવું યોગ્ય છે. એ પ્રમાણે રહસ્યાર્થ છે. (૮)

## આ પ્રમાણે સાતમા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥૮॥ अथ अष्टमं प्रत्याख्यानाष्टकम् ॥

**क्षणमात्रमपि नाविरतेन स्थातव्यमिति भोजनानन्तरं प्रत्याख्यानं निरूपयन्नाह—**

**द्रव्यतो भावतश्चैव, प्रत्याख्यानं द्विधा मतम् ।**
**अपेक्षादिकृतं ह्याद्य-मतोऽन्यच्चरमं मतम् ॥१॥**

**वृत्तिः—यद्यपि द्रव्यशब्दः प्रत्याख्यानविषये सचेतनादिष्वशनादिषु वा प्रत्याख्येयेषु ताल्वोष्ठादिषु वा प्रत्याख्यानसूत्रोच्चारहेतुषु द्रव्येषु युज्यते, तथापीहाप्राधान्यार्थो द्रष्टव्यो, यतस्तदर्थस्यैवास्य बहुश आगमे प्रयोगः । यथाह-"अप्पाहन्ने वि इहं, कत्थइ दिट्ठो उ दव्वसद्दोत्ति । अंगारमद्दगो जह, दव्वायरियो सयाऽभव्वो ॥१॥"[६२] ततश्च 'द्रव्यतो'ऽप्रधानभावमाश्रित्याप्रधान (प्रत्याख्यान)मित्यर्थः, अप्रधानता च विविक्षितप्रत्याख्यानफलाप्रसाधकत्वात् १। अथवा कारणार्थे(र्थो) द्रव्यशब्दः । यदाह-"समयम्मि दव्व-**

---

❋ **આ શ્લોકના ભાવાર્થને જણાવતી કથા આ પ્રમાણે છે—**

કોઇ એક વનપ્રદેશમાં પોતાના યૂથથી છૂટો પડી ગયેલો એક ઘેટો હતો. મોટાં અને કેસરી શિંગડાંવાળો તથા કઠિન ગાત્રોવાળો તે વનમાં ભમતો હતો. એ વનમાં ફરતા સિંહે તેને જોયો. પૂર્વે કદી નહિ જોયેલા આ ઘેટાને જોઇને સિંહ ક્ષોભ પામ્યો અને ડરી ગયો. તેણે વિચાર્યું: નક્કી આ મારા કરતાં ઘણો બળવાન જણાય છે. એથી જ તે અહીં નિશંકપણે ફરે છે. આમ વિચારીને તે ધીરે ધીરે દૂર ચાલ્યો ગયો. બીજા દિવસે તે જ ઘેટાને વનમાં ઘાસ ચરતો જોઇને સિંહે વિચાર્યું: આ તૃણભક્ષક છે. એથી એનું બળ એના આહારને અનુરૂપ જ હશે. આમ વિચારીને એકદમ પાસે જઇને તેણે ઘેટાને મારી નાખ્યો. (ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત પંચતંત્ર ગુજરાતી અનુવાદ.)

અહીં જો ઘેટાએ ગુપ્ત (=બીજાઓ ન જૂએ તે રીતે) ભોજન કર્યું હોત તો સિંહને આ મારાથી નિર્બળ છે એમ ખબર ન પડત અને એથી એનો વિનાશ ન થાત.

શ્લોકમાં રહેલા **भोजनदौर्बल्याद्** પદનો અર્થ હલકા (=કસ વગરના) ભોજનના કારણે એવો છે. તથા **घटः** પદના સ્થાને ઘેટાના પર્યાયવાચી **हुडः** વગેરે શબ્દોમાંથી કોઇ એક શબ્દ હોવો જોઇએ.

૬૨. अप्राधान्येऽपि इह कुत्रचित् दृष्टस्तु द्रव्यशब्द इति । अङ्गारमर्दको यथा द्रव्याचार्यः सदाऽभव्यः ॥१॥

सद्दो, पायं जं जोग्गयाए रूढोत्ति । णिरुवचरिओ उ बहुहा, पओगभेदोवलंभाओ [63]॥१॥'' मिउपिंडो दव्वघडो, सुसावगो तहय दव्वसाहुत्ति । साहू य दव्वदेवो, एमाइ सुए जओ भणितं [64]॥२॥'' ततश्च 'द्रव्यतो' भावप्रत्याख्यानयोग्यतामाश्रित्य २। अथवा ''अनुपयोगो द्रव्यम्'' इति वचनात् 'द्रव्यतो' विवक्षितोपयोगशून्यतामाश्रित्य ३ । अथवा 'द्रव्यत' आहारवस्त्रादिद्रव्याण्याश्रित्य, तल्लाभार्थमित्यर्थः ४ । तथा भावशब्दो यद्यपि प्रत्याख्येयेषु क्रोधादिभावेष्वपीह युज्यते, तथापि उपयोगार्थो द्रष्टव्यस्तथैवागमेऽभिधानात् । तथाहि-''मणरहिएण उ काएण, कुणइ वायाए भासए जं च । तं होइ दव्वकरणं, मणसहियं भावकरणं तु [65]॥१॥'' ततश्च भावतो विवक्षितोपयोगमाश्रित्य १ । परमार्थो वा भावस्तमाश्रित्य, विवक्षितफलसाधनभावमाश्रित्येत्यर्थः, 'चशब्दः' समुच्चयार्थः, 'एवकारो'ऽवधारणार्थः, तेन द्रव्यभावाभ्यामेव द्विधा, प्रकारान्तरतस्तु षोढा । यदाह-''णामं ठवणा दविए, अदिच्छ पडिसेहमेव भावे य । एए खलु छब्भेया पच्चक्खाणस्स आइपयं [66]॥१॥'' अदित्सा अदानेच्छा, आदिपदम्, ''पच्चक्खाणं पच्चक्खाओX'' इत्यादीनां षण्णां द्वाराणां प्रथमद्वारमिति, प्रति प्रवृत्तिप्रातिकूल्येन, आ मर्यादया, ख्यानं कथनम्, 'प्रत्याख्यानम्', निषेधेन विधिना वा प्रतिज्ञा, द्वाभ्यां प्रकाराभ्यां 'द्विधा', 'मतम्' इष्टम्, तद्विदामिति, एतयोरेव स्वरूपभावनार्थमाह- अपेक्षणमपेक्षा अभिष्वङ्गः, साऽऽदिर्येषामविद्यादीनां ते तथा, तैः करणभूतैः कृतं विहितम्, 'अपेक्षादिकृतम्', 'हि'शब्दः प्रत्याख्यानभेदद्वयभावनासूचनार्थः, आदौ भवम् 'आद्यम्', अनन्तरोक्तयोर्द्वयोः प्रथमम्, द्रव्यप्रत्याख्यानमित्यर्थः, 'अत' एतस्मादपेक्षादिकृतात्, 'अन्यद्' विलक्षणमपेक्षादिशून्यम्, 'चरम'मनन्तरोदितयोर्द्वयोरन्त्यम्, भावप्रत्याख्यानमित्यर्थः, 'मत'मिष्टम्, प्रत्याख्यानस्वभाववेदिनामिति ॥१॥

## આઠમું પ્રત્યાખ્યાન અષ્ટક

(દ્રવ્ય અને ભાવ એ બે પ્રત્યાખ્યાનનું સ્વરૂપ, કયા કયા કારણે પ્રત્યાખ્યાન દ્રવ્ય કહેવાય, દ્રવ્ય પ્રત્યાખ્યાન પણ ક્યારે ભાવ પ્રત્યાખ્યાનનું કારણ બને વગેરે તાત્ત્વિક વર્ણન આ અષ્ટકમાં કરવામાં આવ્યું છે.)

**ક્ષણમાત્ર પણ વિરતિ વિના ન રહેવું જોઇએ. આથી ભોજન પછી પ્રત્યાખ્યાનનું નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પ્રત્યાખ્યાન દ્રવ્યથી અને ભાવથી જ બે પ્રકારે ઇષ્ટ છે. અપેક્ષા આદિથી કરાયેલું પ્રત્યાખ્યાન દ્રવ્યથી છે. એનાથી બીજું પ્રત્યાખ્યાન ભાવથી ઇષ્ટ છે. (૧)

**ટીકાર્થ— પ્રત્યાખ્યાન—** પ્રત્યાખ્યાન શબ્દમાં પ્રતિ, આ અને ખ્યાન એમ ત્રણ શબ્દો છે. તેમાં પ્રતિ

६३. समये द्रव्यशब्दः प्रायो यद्योग्यतायां रूढ इति । निरुपचरितस्तु बहुधा प्रयोगभेदोपलम्भात् ॥१॥

६४. मृतपिण्डो द्रव्यघटः सुश्रावकस्तथा च द्रव्यसाधुरिति । साधुश्च द्रव्यदेव एवमादि च श्रुते यतो भणितम् ॥२॥

६५. मनोरहितेन तु कायेन करोति वाचा भाषते यच्च । तद्भवति द्रव्यकरणं मनःसहितं भावकरणं तु ॥१॥

६६. नाम स्थापना द्रव्यं अदित्सा प्रतिषेध एवं भावश्च । एते खलु षड्भेदाः प्रत्याख्यानस्य आदिपदम् ॥१॥

X पच्चक्खेयं च आणुपुव्वीए । परिसा कहणविहीया फलं च आईइ छब्भेया ॥१॥ इति गाथापूर्तिः ।
(प्रत्याख्यानं प्रत्याख्याता प्रत्याख्येयं च आनुपूर्व्या । पर्षत् कथनविधिश्च फलं च आदौ षड् भेदाः ॥

એટલે પ્રવૃત્તિથી પ્રતિકૂળપણે, આ એટલે મર્યાદાથી, ખ્યાન એટલે કહેવું. (=પ્રતિજ્ઞા કરવી.)

નિષેધથી (=મારે કંદમૂળ ન વાપરવું એમ નિષેધથી) કે વિધિથી (=મારે આજે દૂધ જ વાપરવું એમ વિધાનથી) પ્રતિજ્ઞા કરવી તે પ્રત્યાખ્યાન.

**દ્રવ્યથી**— જો કે પ્રત્યાખ્યાનના વિષયમાં દ્રવ્ય શબ્દનો પ્રયોગ સચિત્ત આદિમાં, અથવા જેનું પ્રત્યાખ્યાન કરવાનું છે તે અશન આદિમાં, અથવા પ્રત્યાખ્યાનનાં સૂત્રોનો ઉચ્ચાર કરવામાં હેતુ એવા તાળવું, હોઠ વગેરેમાં કરવામાં આવે છે. તો પણ અહીં દ્રવ્યશબ્દ—

(૧) અપ્રધાનતા (=અયોગ્યતા) અર્થમાં જાણવો. કારણકે આગમમાં ઘણીવાર (=મોટા ભાગે) અપ્રધાનતા અર્થવાળા દ્રવ્યશબ્દનો પ્રયોગ છે. કહ્યું છે કે-**"શાસ્ત્રમાં કોઇ કોઇ સ્થળે અપ્રધાનતા (=અયોગ્યતા) અર્થમાં પણ દ્રવ્યશબ્દનો પ્રયોગ જોવામાં આવ્યો છે. જેમકે અંગારમર્દક દ્રવ્ય આચાર્ય છે. અહીં દ્રવ્ય આચાર્ય એટલે આચાર્યપદની યોગ્યતાથી રહિત હોવાથી અપ્રધાન દ્રવ્ય આચાર્ય.**

**પ્રશ્ન— અંગારમર્દક આચાર્ય આચાર્યપદને અયોગ્ય કેમ છે ?**

**ઉત્તર— તે અભવ્ય હોવાથી આચાર્યપદને અયોગ્ય છે."**

(પંચાશક ૬-૧૩)

તેથી દ્રવ્યથી પ્રત્યાખ્યાન એટલે અપ્રધાન ભાવને આશ્રયીને પ્રત્યાખ્યાન, અર્થાત્ અપ્રધાન પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાનની અપ્રધાનતા પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાનનાં વિવક્ષિત (=મોક્ષ વગેરે) ફલનું પ્રસાધક ન હોવાથી છે.

(૨) અથવા અહીં દ્રવ્યશબ્દ કારણ અર્થમાં છે. કહ્યું છે કે—

**"જે અનુષ્ઠાન ભાવસ્તવનું કારણ બને તે અનુષ્ઠાન દ્રવ્યસ્તવ કહેવાય. કારણકે શાસ્ત્રમાં દ્રવ્ય શબ્દ પ્રાયઃ કોઇ જાતના ઉપચાર વિનાજ યોગ્યતા અર્થમાં પ્રસિદ્ધ છે, અર્થાત્ જેમાં ભાવરૂપે બનવાની યોગ્યતા હોય તેને દ્રવ્યશબ્દથી સંબોધવામાં આવે છે.**

**પ્રશ્ન— દ્રવ્યશબ્દ યોગ્યતા અર્થમાં પ્રસિદ્ધ છે એમ શી રીતે જાણ્યું ?**

**ઉત્તર— શાસ્ત્રમાં અનેક પ્રકારે તેવા જુદા જુદા પ્રયોગો જોવા મળતા હોવાથી તેમ જાણ્યું છે. કોઇ કોઇ સ્થળે અયોગ્યતા અર્થમાં પણ દ્રવ્યશબ્દનો પ્રયોગ જોવા મળે છે. આથી જ અહીં પ્રાયઃ કહ્યું છે."** (પંચાશક ૬-૧૦)

**"માટીનો પિંડ દ્રવ્ય ઘટ છે. સુશ્રાવક દ્રવ્ય સાધુ છે. સાધુ દ્રવ્યદેવ છે. ઇત્યાદિ અનેક પ્રયોગો શાસ્ત્રમાં છે. માટીનો પિંડ દ્રવ્ય ઘટ છે એટલે માટીનો પિંડ દ્રવ્યથી=યોગ્યતાથી ઘટ છે. માટીનો પિંડ સ્વરૂપે તો માટીનો પિંડ જ છે. પણ તેનામાં ઘટરૂપે બનવાની યોગ્યતા હોવાથી તેને દ્રવ્યઘટ કહી શકાય. સુશ્રાવક દ્રવ્યથી=યોગ્યતાથી સાધુ છે, અર્થાત્ સુશ્રાવક સાધુ બનવાની યોગ્યતાવાળો હોવાથી દ્રવ્યસાધુ છે. સાધુ દ્રવ્યથી=યોગ્યતાથી દ્રવ્યદેવ છે, અર્થાત્ સાધુ દેવ બનવાની યોગ્યતાવાળો હોવાથી દ્રવ્યદેવ છે." (પંચાશક ૬-૧૧)**

તેથી દ્રવ્ય પ્રત્યાખ્યાન છે એનો અર્થ એ છે કે ભાવપ્રત્યાખ્યાનની યોગ્યતા હોવાના કારણે દ્રવ્યથી પ્રત્યાખ્યાન છે.

(૩) "ઉપયોગનો અભાવ એ દ્રવ્ય છે" એવું વચન હોવાથી વિવક્ષિત ઉપયોગની શૂન્યતાને (=અભાવને) આશ્રયીને "દ્રવ્યથી પ્રત્યાખ્યાન" કહેવાય છે.

(૪) અથવા આહાર વસ્ત્ર વગેરે દ્રવ્યોને આશ્રયીને દ્રવ્યથી પ્રત્યાખ્યાન કહેવાય છે. અર્થાત્ દ્રવ્યના લાભ માટે કરાતું પ્રત્યાખ્યાન દ્રવ્યપ્રત્યાખ્યાન છે.

તથા ભાવશબ્દનો પ્રયોગ જો કે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય (=જેનું પ્રત્યાખ્યાન કરવાનું છે તે) ક્રોધાદિ ભાવોમાં થાય છે. તો પણ અહીં ઉપયોગ અર્થમાં જાણવો. કેમકે આગમમાં ભાવશબ્દ ઉપયોગ અર્થમાં કહેવામાં આવે છે. તે આ પ્રમાણે **"જીવ મનરહિત (=ઉપયોગવિના) કાયાથી જે કરે, વચનથી જે બોલે તે દ્રવ્યક્રિયા છે. મનસહિત (=ઉપયોગપૂર્વક) જે ક્રિયા કરે તે ભાવક્રિયા છે."** તેથી ભાવથી પ્રત્યાખ્યાન એટલે વિવક્ષિત ઉપયોગને આશ્રયીને (=ઉપયોગ પૂર્વક) થતું પ્રત્યાખ્યાન.

અથવા ભાવ એટલે પરમાર્થ. પરમાર્થને આશ્રયીને થતું પ્રત્યાખ્યાન ભાવથી છે, અર્થાત્ વિવક્ષિત (=મોક્ષ વગેરે) ફલને સિદ્ધ કરે તેવા ભાવને આશ્રયીને (=ભાવપૂર્વક) થતું પ્રત્યાખ્યાન ભાવથી છે.

શ્લોકમાં રહેલો **एव** કાર અવધારણ અર્થમાં છે. તેથી પ્રત્યાખ્યાન દ્રવ્ય-ભાવથી જ બે પ્રકારે છે. અન્ય પ્રકારથી (=દ્રવ્યભાવ સિવાય અન્ય પ્રકારથી) તો પ્રત્યાખ્યાન છ પ્રકારે છે. કહ્યું છે કે-**પ્રત્યાખ્યાનના નામ, સ્થાપના, દ્રવ્ય, અદિત્સા, પ્રતિષેધ અને ભાવ એ છ પ્રકાર છે.** (આવશ્યક સૂત્ર ભાષ્ય ગાથા ૨૩૮)

**અદિત્સા પ્રત્યાખ્યાન**— અદિત્સા એટલે આપવાની ઇચ્છાનો અભાવ. અદિત્સા એ જ પ્રત્યાખ્યાન તે અદિત્સા પ્રત્યાખ્યાન.

**પ્રતિષેધ પ્રત્યાખ્યાન**— માગનારને ના કહેવી તે પ્રતિષેધ પ્રત્યાખ્યાન. પ્રતિષેધ એ જ પ્રત્યાખ્યાન તે પ્રતિષેધ પ્રત્યાખ્યાન.

અદિત્સા પ્રત્યાખ્યાનમાં વસ્તુ છે પણ આપવાની ઇચ્છા નથી. પ્રતિષેધ પ્રત્યાખ્યાનમાં આપવાની ઇચ્છા છે પણ વસ્તુ નથી. તેથી ના કહે.

**આવશ્યકસૂત્ર ભાષ્ય ગાથા (૨૩૮)માં आइपयं=आदिपदं એવું જે પદ છે તેનો અર્થ આ પ્રમાણે છે-**

**पचक्खाणं पचक्खाओ पच्चक्खेयं च आणुपुव्वीए । परिसा कहणविहीया फलं च आईइ छब्भेया ॥**

(આવશ્યક સૂત્ર નિર્યુક્તિ ગાથા ૧૫૫૫)

આ ગાથામાં જણાવેલા છ દ્વારોમાં—

**नामं ठवणा दविए, अदिच्छ पडिसेहमेव भावे य । एए खलु छब्भेआ पच्चक्खाणस्स आइपयं ॥**

(આવ. સૂત્ર ભાષ્યા ગાથા ૨૩૮)

**એ ગાથામાં જણાવેલા પચ્ચક્ખાણના છ ભેદો પ્રથમદ્વાર છે.**

**ઇષ્ટ છે** — પ્રત્યાખ્યાનનું સ્વરૂપ જાણનારાઓને ઇષ્ટ છે.

**અપેક્ષા આદિથી કરાયેલું**— અપેક્ષા એટલે આસક્તિ. અહીં આદિ શબ્દથી અજ્ઞાનતા વગેરે સમજવું.

**એનાથી બીજું**--- અપેક્ષા આદિના કારણે કરાયેલા પચ્ચક્ખાણથી બીજું, અર્થાત્ અપેક્ષા આદિથી

રહિત પચ્ચક્ખાણ.

ઇષ્ટ છે— પ્રત્યાખ્યાનનું સ્વરૂપ જાણનારાઓને ઇષ્ટ છે.

ગાથામાં **हि** શબ્દનો પ્રયોગ પચ્ચક્ખાણના બે ભેદોનું ચિંતન કરવું એવી સૂચના કરવા માટે છે. (૧)

**आद्यविवरणायाह—**

**अपेक्षा चाविधिश्चैवा-परिणामस्तथैव च ।**

**प्रत्याख्यानस्य विघ्नास्तु, वीर्याभावस्तथापरः ॥२॥**

**वृत्तिः-'अपेक्षा' ऐहिकामुष्मिकार्थकामिता, 'अविधिः' विधिव्यतिरेकः । विधिश्चायम्- ''गिण्हति सयंगहीयं, काले विणएण सम्ममुवउत्तो ॥ अणुभासंतो पइवत्थु, जाणगो जाणगसगासे [६७]॥७॥'' 'चशब्दौ' समुच्चयार्थौ, 'एवकारो'ऽवधारणार्थः, तस्य चैवं प्रयोगः- अविधिरेव च न तु विधिरपीत्यर्थः, तथा 'अपरिणामः' प्रत्याख्यानप्रतिपत्तौ निजश्रद्धारूपपरिणामाभावः, 'तथैव' यथा अपेक्षादयो भावप्रत्याख्यानविघ्नास्तथैवायमपीति, 'चशब्दः' समुच्चये, 'प्रत्याख्यानस्य' भावतो नियमस्य, विघ्नास्तु प्रतिघाता एव, द्रव्यप्रत्याख्यानहेतव एते अपेक्षादय इत्यर्थः, वीर्यं वीर्यान्तरायक्षयोपशमादिसमुत्थो जीवपरिणामः, तस्याभावो 'वीर्याभावः' 'तथा' इति यत्प्रकारा अपेक्षादयस्तत्प्रकारः प्रत्याख्यानविघ्नः, 'अपरो'ऽन्य इति, अयं च परिणामे सत्यपि प्रत्याख्यानापरिपालनहेतुत्वेन प्रत्याख्यानविघ्नो भवतीति ॥२॥**

**પહેલા (=દ્રવ્ય) પ્રત્યાખ્યાનનું વિવરણ કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** અપેક્ષા, અવિધિ, અપરિણામ અને વીર્યાભાવ ભાવ પ્રત્યાખ્યાનનાં વિઘ્નો છે. (૨)

**ટીકાર્થ— અપેક્ષા—** અપેક્ષા એટલે આ લોક અને પરલોક સંબંધી (સુખની) કામના.

**અવિધિ—** અવિધિ એટલે વિધિનો અભાવ. વિધિ આ પ્રમાણે છે- **(૧) પ્રત્યાખ્યાનના સ્વરૂપનો જાણકાર જીવ, (૨) જાતે લીધેલું પ્રત્યાખ્યાન, (૩) પ્રત્યાખ્યાનના સ્વરૂપના જાણકારની પાસે, (૪) ઉચિતકાલે, (૫) વિનયથી, (૬) ઉપયોગપૂર્વક (૭) ગુરુ પ્રત્યાખ્યાનનો જે પાઠ બોલે તેને પોતે (મનમાં) બોલતાં બોલતાં, (૮) સમ્યક્ (રાગાદિ દોષોથી રહિતપણે) ગ્રહણ કરે.** (પંચાશક ૫-૫)

**અપરિણામ—** પ્રત્યાખ્યાનને સ્વીકારવામાં પોતાની શ્રદ્ધા (=તીવ્ર ઇચ્છા) રૂપ પરિણામનો અભાવ.

**વીર્યાભાવ—** વીર્ય એટલે વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ આદિથી ઉત્પન્ન થયેલ જીવ પરિણામ, તેનો અભાવ તે વીર્યાભાવ. પરિણામ (=પ્રત્યાખ્યાનને સ્વીકારવાની તીવ્ર ઇચ્છા)હોય તો પણ વીર્યાભાવ પ્રત્યાખ્યાનનું પાલન ન થવામાં કારણ હોવાથી પ્રત્યાખ્યાનમાં વિઘ્નરૂપ છે. (પચ્ચક્ખાણ કરવાની તીવ્ર ઇચ્છા હોય તો પણ શક્તિ ન હોય તો પચ્ચક્ખાણ ન થઇ શકે.)

**अविधिश्चैव** એ સ્થળે ''**एव**''કાર અવધારણ અર્થમાં છે. તેનો પ્રયોગ આ પ્રમાણે છે-અવિધિ જ વિઘ્નરૂપ છે, વિધિ પણ વિઘ્નરૂપ નથી.

६७. गृह्णति स्वयंगृहीतं काले विनयेन सम्यगुपयुक्तः । अनुभाषमाणः प्रतिवस्तु ज्ञायको ज्ञायकसकाशे ॥१॥

**વિઘ્નો છે—** વિઘ્નો છે એટલે પ્રત્યાખ્યાનને અટકાવનારા જ છે. અર્થાત્ અપેક્ષા વગેરે દ્રવ્યપ્રત્યાખ્યાનના હેતુઓ છે. (૨)

**अपेक्षाकृतप्रत्याख्यानं निष्फलत्वेनाप्रधानत्वाद् द्रव्यप्रत्याख्यानमित्यस्यार्थस्य प्रतिपादनायापेक्षां निन्दन्नाह—**

**लब्ध्याद्यपेक्षया ह्येत-दभव्यानामपि क्वचित् ।**
**श्रूयते न च तत्किञ्चि-दित्यपेक्षात्र निन्दिता ॥३॥**

**वृत्तिः—'लब्धि' भोजनादिलाभ 'आदि'र्येषां यशःपूजादीनां ते लब्ध्यादयस्तेषु तेषां वा 'अपेक्षा' स्पृहा 'लब्ध्याद्यपेक्षा' तया, 'हिशब्दो' यस्मादर्थः, 'एतत्' प्रत्याख्यानम्, 'अभव्यानामपि' सिद्धिगमनायोग्यानामपि, आस्तां भव्यानामित्यपिशब्दार्थः, 'क्वचित्' अवस्थान्तरे, यथाप्रवृत्तिकरणेन ग्रन्थिप्रदेशमागतानाम्, 'श्रूयते' आगमे आकर्ण्यते । तथाहि-''असंजयभवियदव्वदेवाणं भंते ! देवलोएसु उववज्जमाणाणं कस्स कहिं उववाए पन्नत्ते ? गोयमा ! जहन्नेणं भवणवई(वासी)सु, उक्कोसेणं उवरिमगेविज्जएसु [६८]॥'' इह चासंयतभविकद्रव्यदेवा अभव्याः सन्तो ये देवत्वेन भाविनस्ते व्याख्याताः । तथा-''एगमेगस्स णं भंते ! मणुसस्स गेवेज्जगदेवत्ते केवइया दव्विंदिया अईया ? गोयमा ! अणंतत्ति [६९]।'' द्रव्येन्द्रियाणि च त्वगादीनि शरीराणीति तात्पर्यम्, ग्रैवेयकोपपातश्च साधुलिङ्गेनैव, तत्र च प्रत्याख्यानमवश्यं भवतीति । आह च-''आणोहेणाणंता, मुक्का गेवेज्जगेसु उ सरीरा । न य तत्थासंपुण्णाए, साहुकिरियाए उववाओ [७०]॥१॥'' ततश्च किमित्याह- 'न च' न पुनः, 'तत्' अपेक्षाजनितप्रत्याख्यानम्, 'किञ्चित्' वस्तु, मुमुक्षुविवक्षितमोक्षलक्षणस्वफलाप्रसाधकत्वात्, स्वफलसाधकं हि वस्तु वस्तुत्वमाप्नोति, न पुनरन्यद्वन्ध्यासुतवदिति, 'इतिशब्दो' हेत्वर्थः, ततश्च यतोऽपेक्षाकृतप्रत्याख्यानमफलमतोऽपेक्षा भावप्रत्याख्यानविघ्नभूता, 'अत्र' प्रत्याख्यानविषये, जिनशासने वा, 'निन्दिता' गर्हिता इति ॥३॥**

**અપેક્ષાથી કરાયેલું પ્રત્યાખ્યાન નિષ્ફળ હોવાથી અપ્રધાન છે, અપ્રધાન હોવાથી દ્રવ્યપ્રત્યાખ્યાન છે, આવા પ્રકારના અર્થનું પ્રતિપાદન કરવા માટે અપેક્ષાની નિંદા કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** લબ્ધિ આદિની અપેક્ષાથી ક્યારેક અભવ્યોને પણ પ્રત્યાખ્યાન હોય એમ આગમમાં સંભળાય છે. તે પ્રત્યાખ્યાન કંઇ નથી. આથી જૈન શાસનમાં અપેક્ષા નિંદાયેલી છે. (૩)

**ટીકાર્થ— લબ્ધિ—** ભોજન આદિનો લાભ. આદિ શબ્દથી યશ અને પૂજા વગેરે સમજવું.

**અપેક્ષા—** સ્પૃહા.

**અભવ્યો—** સિદ્ધિમાં જવા માટે અયોગ્ય.

---

६८. असंयत भविकद्रव्यदेवानां भदन्त ! देवलोकेषूपपद्यमानानां कुत्र उपपातः प्रज्ञप्तः ।
गौतम ! जघन्येन भवनपतिषु (वासिषु) उत्कर्षेण उपरिमग्रैवेयकेषु ।

६९. एकैकस्य भदन्त ! मनुष्यस्य ग्रैवेयकदेवत्वे कियन्ति द्रव्येन्द्रियाणि अतीतानि ? गौतम ! अनन्तानीति ॥

७०. आज्ञौघेनानन्तानि मुक्तानि ग्रैवेयकेषु तु शरीराणि । न च तत्रासम्पूर्णया साधुक्रियया उपपातः ॥१॥

અભવ્યોને પણ એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-ભવ્યોને લબ્ધિ આદિની અપેક્ષાથી પ્રત્યાખ્યાન હોય એ વાત દૂર રહો, અભવ્યોને પણ લબ્ધિ આદિની અપેક્ષાથી પ્રત્યાખ્યાન હોય.

**ક્યારેક—** અન્ય અવસ્થામાં, અર્થાત્ અભવ્યો યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથિદેશે આવેલા હોય તે અવસ્થામાં.

**આગમમાં સંભળાય છે.** તે આ પ્રમાણે—**"હે ભગવંત ! દેવલોકમાં ઉત્પન્ન થનારા અસંયત ભવિક દ્રવ્ય દેવોમાં કોનો ક્યાં ઉપપાત કહ્યો છે ? હે ગૌતમ ! જઘન્યથી ભવનવાસી દેવોમાં અને ઉત્કૃષ્ટથી ઉપરના ગ્રૈવેયકોમાં ઉપપાત કહ્યો છે."**

અહીં જે અભવ્ય જીવો દેવ થવાના હોય તે જીવોને અસંયત ભવિક દ્રવ્ય દેવો કહ્યા છે.

તથા-**"હે ભગવંત ! એક એક (=પ્રત્યેક) મનુષ્યની ભૂતકાળમાં ગ્રૈવેયક દેવપણામાં કેટલી દ્રવ્ય ઇંદ્રિયો થઇ છે ? હે ગૌતમ ! અનંત દ્રવ્ય ઇંદ્રિયો થઇ છે."**

ચામડી વગેરે દ્રવ્ય ઇંદ્રિયો છે. પણ અહીં દ્રવ્ય ઇંદ્રિય શબ્દથી શરીરો જાણવાં. આનો તાત્પર્યાર્થ એ થયો કે દરેક મનુષ્યને ભૂતકાળમાં ગ્રૈવેયકપણામાં અનંત શરીરો થયાં છે. કહ્યું છે કે-**"ઓઘ આજ્ઞાથી (=સમ્યગ્દર્શન વિના કેવળ આપ્તના ઉપદેશથી) જીવોએ ભૂતકાળમાં ગ્રૈવેયક વિમાનોમાં અનંત શરીરો મૂક્યાં છે. અસંપૂર્ણ સાધુક્રિયાથી ગ્રૈવેયકમાં ઉત્પત્તિ ન થાય."** (પંચાશક ૧૪-૪૮)

**તે પ્રત્યાખ્યાન—** અપેક્ષાથી થયેલ પ્રત્યાખ્યાન.

**કંઇ નથી—** વસ્તુ નથી. કારણ કે તે પ્રત્યાખ્યાન મુમુક્ષુને ઇષ્ટ એવા મોક્ષરૂપ સ્વફળને સિદ્ધ કરતું નથી. પોતાના ફળને સિદ્ધ કરનાર જ વસ્તુ વસ્તુપણાને પામે છે, પણ અન્ય (=સ્વફળને સિદ્ધ ન કરનાર) વસ્તુ વંધ્યાપુત્રની જેમ વસ્તુપણાને પામતી નથી.

મૂળ શ્લોકમાં **इति** શબ્દ હેતુ અર્થમાં છે. તેનો અન્વય આ પ્રમાણે છે-જે કારણથી અપેક્ષાથી કરાયેલું પ્રત્યાખ્યાન નિષ્ફળ છે, તે કારણથી અપેક્ષા ભાવપ્રત્યાખ્યાનમાં વિઘ્નરૂપ છે. તેથી અપેક્ષા પ્રત્યાખ્યાનના વિષયમાં અથવા જૈનશાસનમાં નિંદાયેલી છે. (૩)

**अविधेर्भावप्रत्याख्यानविघ्नतामाह—**

## यथैवाविधिना लोके, न विद्याग्रहणादि यत् ।
## विपर्ययफलत्वेन, तथेदमपि भाव्यताम् ॥४॥

**वृत्तिः-'यथैव' येनैव प्रकारेण, 'अविधिना' अविधानेन प्रसिद्धेन, 'लोके' सामान्यजने, 'विद्याग्रहणादि' विद्यामन्त्रोपादानादि, 'यत्' किमपि, नशब्दस्येह दर्शनात्तदित्यस्य च गम्यमानत्वान्न नैव तद्विद्याग्रहणादिकं भवति, स्वस्वभावं न लभत इत्यर्थः । कथमित्याह- विपर्ययेण वाञ्छितफलविपर्यासेन, फलं यस्य तत् 'विपर्ययफलम्,' तद्भावस्तत्त्वम्, तेन मरणादिफलत्वेनेत्यर्थः । दार्ष्टान्तिकयोजनामाह- 'तथा' तेनैव प्रकारेण, अप्रत्याख्यानत्वेनेत्यर्थः, 'इदमपि' अविधिकृतप्रत्याख्यानमपि, 'भाव्यतां' निरूप्यतामिति । प्रयोगश्चैवम्- अविधिप्रत्याख्यानमप्रत्याख्यानमेव, विपर्ययफलत्वात्, यद्यद्विपर्ययफलं तत्तन्न भवति अवि-**

धिविद्याग्रहणादिवत्, विपर्ययफलं चाविधिप्रत्याख्यानम्, अतः प्रत्याख्यानं न भवति इति ॥४॥

**અવિધિ ભાવપ્રત્યાખ્યાનમાં વિઘ્નરૂપ છે એમ કહે છે—**

**શ્લોકાર્થ—** જેમ લોકમાં વિદ્યાગ્રહણ આદિ જે કંઇ અવિધિથી કરવામાં આવે તો વિદ્યાગ્રહણ આદિ ઇષ્ટફળથી વિપરીત ફળની પ્રાપ્તિ થવાના કારણે પોતાના સ્વરૂપને પામતું નથી=સફળ બનતું નથી. અવિધિથી કરાયેલા પ્રત્યાખ્યાનને પણ તે રીતે જ વિચારવું. (૪)

**ટીકાર્થ— વિપરીત ફળની પ્રાપ્તિ—** મરણ વગેરે વિપરીતફળની પ્રાપ્તિ.

**તે રીતે જ વિચારવું—** અપ્રત્યાખ્યાનરૂપે જ વિચારવું, અર્થાત્ અવિધિથી કરાયેલ પ્રત્યાખ્યાન (પરમાર્થથી) પ્રત્યાખ્યાન જ નથી એમ વિચારવું.

અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે— (૧) અવિધિથી ગ્રહણ કરાયેલ પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન જ નથી. (૨) કેમકે વિપરીત ફળની પ્રાપ્તિ થાય છે. (૩) જે જે વિપરીત ફળવાળું હોય તે તે પોતાના સ્વરૂપને પામતું નથી. (૪) અવિધિથી કરેલા વિદ્યાગ્રહણ આદિની જેમ. (૫) અવિધિથી ગ્રહણ કરેલ પ્રત્યાખ્યાન વિપરીત ફળવાળું છે. આથી પ્રત્યાખ્યાન થતું નથી. (૪)

**अपरिणामकृतप्रत्याख्यानस्य द्रव्यप्रत्याख्यानतामाह—**

**अक्षयोपशमात्त्याग-परिणामे तथाऽसति ।**
**जिनाज्ञाभक्तिसंवेगवैकल्यादेतदप्यसत् ॥५॥**

**वृत्तिः— क्षय उदीर्णस्य विरत्यावारककर्मणो विनाशः, तेन सहोपशमस्तस्यैवानुदीर्णस्य विपाकोदयापेक्षया विष्कम्भितोदयत्वं क्षयोपशमः, तन्निषेधात् 'अक्षयोपशमात्', 'त्यागपरिणामे' प्रत्याख्येयवस्तुविवेकपरिणतौ, 'तथा' तेन प्रकारेण देशसर्वविरतिनमस्कारसहितादिप्रत्याख्यानप्रतिपत्तिलक्षणेन, 'असति' अविद्यमाने, अनेन देशविरतिसर्वविरतिप्रत्याख्यानयोस्तथा तद्वतोरेव गृहिश्रमणयोर्नमस्कारसहिताद्युत्तरगुणप्रत्याख्यानस्य च द्रव्यतोक्ता । अथवा 'तथा' इति यथाविधक्षयोपशमे सति त्यागपरिणामो भवति तथाविधे त्यागपरिणामे 'असति' । एतेन चाविरतसम्यग्दृष्टीनां वासुदेवादीनां अभव्यादीनां च प्रत्याख्यानस्य द्रव्यतोक्ता । अथ कथञ्चित्प्रत्याख्येयवस्तुत्यागपरिणामेऽपि सत्यभव्यादेः कथं द्रव्यप्रत्याख्यानतेत्याशङ्क्याह- जिनाज्ञायामाप्तागमे, भक्तिर्बहुमानः जिनाज्ञाभक्तिः, सा च संवेगश्च मोक्षाभिलाषो जिनाज्ञाभक्तिसंवेगौ, जिनाज्ञाभक्तेर्वा सकाशात्संवेगो जिनाज्ञाभक्तिसंवेगः, तयोस्तस्य वा, वैकल्यं विरहितत्वम्, 'जिनाज्ञाभक्तिसंवेगवैकल्यम्', तस्मात् । एतदुक्तं भवति- अभव्यादीनां त्यागपरिणामस्य संवेगादिविकलतया अपरिणामत्वात्तद् द्रव्यप्रत्याख्यानमिति, 'एतदपि' न केवलमविधिप्रत्याख्यानमपरिणामप्रत्याख्यानमपि, 'असत्' अशोभनम्, भावप्रत्याख्यानापेक्षया अप्रधानं, द्रव्यप्रत्याख्यानमित्यर्थ इति ॥५॥**

**અપરિણામથી કરેલું પ્રત્યાખ્યાન દ્રવ્ય પ્રત્યાખ્યાન છે એ વિષે કહે છે—**

**શ્લોકાર્થ—** ક્ષયોપશમના અભાવથી તે રીતે ત્યાગપરિણામ ન થયે છતે સ્વીકારવામાં આવતું પ્રત્યાખ્યાન

તેમાં જિનાજ્ઞા ભક્તિ સંવેગ ન હોવાથી દ્રવ્યપ્રત્યાખ્યાન છે. અપરિણામ પ્રત્યાખ્યાન પણ અસુંદર છે. (૫)

**ટીકાર્થ— ક્ષયોપશમના અભાવથી—** ક્ષયોપશમ શબ્દમાં ક્ષય અને ઉપશમ એ બે શબ્દો છે. તેમાં ક્ષય એટલે ઉદયમાં આવેલા વિરતિને રોકનારા કર્મોનો વિનાશ. ઉદયમાં ન આવેલા વિરતિને રોકનારા કર્મોના ઉદયને વિપાકોદયની અપેક્ષાએ રોકવો તે ઉપશમ. ક્ષયની સાથે ઉપશમ તે ક્ષયોપશમ. આવા ક્ષયોપશમના અભાવથી.

**તે રીતે—** દેશવિરતિ, સર્વવિરતિ, નમસ્કાર સહિત (=નવકારશી) વગેરે પ્રત્યાખ્યાનનો સ્વીકાર થાય તે રીતે.

**ત્યાગપરિણામ—** પ્રત્યાખ્યાન કરવા યોગ્ય વસ્તુનો ત્યાગ કરવાનો પરિણામ.

તે રીતે ત્યાગ પરિણામ ન થયે છતે એમ કહીને દેશવિરતિ, સર્વવિરતિ એ બેના પ્રત્યાખ્યાનનું અને દેશવિરતિ-સર્વવિરતિવાળા જ ગૃહસ્થ-સાધુઓના નમસ્કાર સહિત (=નવકારશી) વગેરે ઉત્તરગુણ પ્રત્યાખ્યાનનું દ્રવ્યપણું કહ્યું, અર્થાત્ ત્યાગના પરિણામ વિના થતા આ ત્રણે પ્રત્યાખ્યાનો દ્રવ્ય પ્રત્યાખ્યાન છે.

અથવા ''**તથા**'' પદનો સંબંધ **त्यागपरिणामे** પદની સાથે કરવાથી બીજી રીતે અર્થ આ પ્રમાણે થાય—

જેવા પ્રકારનો ક્ષયોપશમ થયે છતે ત્યાગપરિણામ થાય તેવા પ્રકારના ક્ષયોપશમના અભાવમાં તેવા પ્રકારનો ત્યાગપરિણામ ન થયે છતે સ્વીકારવામાં આવતું પ્રત્યાખ્યાન દ્રવ્ય પ્રત્યાખ્યાન છે. આનાથી અવિરત સમ્યગ્દૃષ્ટિ કૃષ્ણ વગેરેના અને અભવ્ય વગેરેના પ્રત્યાખ્યાનનું દ્રવ્યપણું કહ્યું.

**જિનાજ્ઞા ભક્તિ સંવેગ ન હોવાથી—** હવે કોઇક રીતે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય વસ્તુના ત્યાગનો પરિણામ થયો હોય તો પણ અભવ્ય વગેરેના પ્રત્યાખ્યાનનું દ્રવ્યપણું કેવી રીતે હોય એવી આશંકા કરીને અહીં કહે છે કે જિનાજ્ઞા ભક્તિ સંવેગ ન હોવાથી. જિનાજ્ઞામાં=આપ્તના આગમમાં ભક્તિ=બહુમાન તે જિનાજ્ઞા-ભક્તિ. સંવેગ એટલે મોક્ષાભિલાષ. જિનાજ્ઞાભક્તિ અને સંવેગ ન હોવાથી અભવ્ય વગેરેને ત્યાગનો પરિણામ પરમાર્થથી અપરિણામરૂપ હોવાથી અભવ્ય વગેરેના પ્રત્યાખ્યાનનું દ્રવ્યપણું છે.

અપરિણામ પ્રત્યાખ્યાન પણ એ સ્થળે ''પણ'' શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ અવિધિ પ્રત્યાખ્યાન અસુંદર (=દ્રવ્ય પ્રત્યાખ્યાન) છે એવું નથી, અપરિણામ પ્રત્યાખ્યાન પણ અસુંદર છે.

**અસુંદર છે—** ભાવ પ્રત્યાખ્યાનની અપેક્ષાએ અપ્રધાન દ્રવ્યપ્રત્યાખ્યાન છે. (૫)

**अथ वीर्याभावस्य द्रव्यप्रत्याख्यानहेतुतामाह—**

**उदग्रवीर्यविरहात्, क्लिष्टकर्मोदयेन यत् ।**
**बाध्यते तदपि द्रव्य-प्रत्याख्यानं प्रकीर्तितम् ॥६॥**

**वृत्तिः- उदग्रमुत्कटं यद्वीर्यं वीर्यान्तरायक्षयोपशमसम्पन्नात्मपरिणामलक्षणम्, तस्य विरहो विच्छेदः, 'उदग्रवीर्यविरहः', तस्मादवधेः, 'क्लिष्टकर्मोदयेन' तीव्रतीव्रवीर्यान्तरायादिकर्मविपाकेन कर्तृभूतेन, यत्प्रत्याख्यानम्, प्रतिपन्नमपि सद्, बाध्यते अभिभूयते, वीर्योल्लासेन हि जीवः क्लिष्टं कर्म शमयति, तदभावे च क्लिष्टकर्मोदयो भवति, तेन च प्रत्याख्यानं बाध्यते, इति वीर्याभावः प्रत्याख्यानबाधने हेतुः, अथवा 'क्लिष्टकर्मोदयेन' यो वीर्याभावस्तस्मात्प्रत्याख्यानं 'यद्' 'बाध्यते' जीवेनेति, 'तदपि' न केवलमविधिप्र-**

**त्याख्यानं वीर्याभावप्रत्याख्यानमपि, 'द्रव्यप्रत्याख्यानं' उक्तलक्षणम्, 'प्रकीर्तितं' भणितं तत्त्ववेदिभिः । अन्यैस्तु व्याख्यातं कालान्तरे भावप्रत्याख्यानकारणत्वात् द्रव्यत्वमस्य, सकृत्सञ्जातो हि भावो भावान्तरं जनयति, यदाह-''सइ संजाओ भावो, पायं भावंतरं जओ कुणइ [71]।'' इति । इह च द्रव्यशब्दो योग्यतावाची द्रष्टव्य इति ॥६॥**

**હવે વીર્યાભાવ દ્રવ્ય પ્રત્યાખ્યાનનું કારણ છે એ વિષે કહે છે—**

**શ્લોકાર્થ—** પૂર્વે સ્વીકારેલું પણ જે પ્રત્યાખ્યાન ઉત્કટવીર્યના અભાવથી થતા ક્લિષ્ટકર્મોદયથી ખંડિત કરાય છે તે પ્રત્યાખ્યાન પણ દ્રવ્ય પ્રત્યાખ્યાન છે એમ તત્ત્વવેદીઓએ કહ્યું છે. (૬)

**ટીકાર્થ— ઉત્કટ વીર્યના અભાવથી—** વીર્ય વીર્યાન્તરાયના ક્ષયોપશમથી થયેલ આત્મપરિણામરૂપ છે. આવા ઉત્કટ વીર્યના અભાવથી.

**ક્લિષ્ટકર્મોદયથી—** તીવ્ર તીવ્રતર વીર્યાન્તરાય વગેરે કર્મોના વિપાકથી.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—** વીર્યોલ્લાસથી જીવ ક્લિષ્ટ કર્મોને શમાવે છે, અને વીર્યોલ્લાસના અભાવમાં ક્લિષ્ટ કર્મોનો ઉદય થાય છે. તેના વડે પ્રત્યાખ્યાન ખંડિત કરાય છે. આથી વીર્યાભાવ પ્રત્યાખ્યાનના ખંડનનો હેતુ છે.

તે પ્રત્યાખ્યાન પણ એ સ્થળે ''પણ'' શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ અવિધિ પ્રત્યાખ્યાન દ્રવ્યપ્રત્યાખ્યાન છે એમ નથી, કિંતુ વીર્યાભાવ પ્રત્યાખ્યાન પણ દ્રવ્યપ્રત્યાખ્યાન છે.

અહીં બીજાઓએ વ્યાખ્યાન આ પ્રમાણે કર્યું છે— વીર્યાભાવ પ્રત્યાખ્યાન (વીર્યાભાવના કારણે ખંડિત થયેલું પ્રત્યાખ્યાન) અન્યકાળે ભાવ પ્રત્યાખ્યાનનું કારણ હોવાથી (પ્રધાન) દ્રવ્યપ્રત્યાખ્યાન છે. એકવાર થયેલો ભાવ અન્યભાવને ઉત્પન્ન કરે છે. કહ્યું છે કે-''**એકવાર થયેલો શુભભાવ પ્રાયઃ[1] નવા શુભભાવને ઉત્પન્ન કરે છે.**'' અહીં દ્રવ્યશબ્દ યોગ્યતા વાચી જાણવો, અર્થાત્ આ દ્રવ્યપ્રત્યાખ્યાનમાં ભાવ પ્રત્યાખ્યાન ઉત્પન્ન કરવાની યોગ્યતા રહેલી છે એમ જાણવું. (૬)

**उक्तं द्रव्यप्रत्याख्यानम्, अथ भावप्रत्याख्यानमाह—**

**एतद्विपर्ययाद् भाव-प्रत्याख्यानं जिनोदितम् ।**
**सम्यक्चारित्ररूपत्वा-न्नियमान्मुक्तिसाधनम् ॥७॥**

**वृत्तिः—'एतद्विपर्ययात्' अपेक्षादिकृतप्रत्याख्यानविपर्ययात्, अनपेक्षादिकृतमित्यर्थः, 'भावप्रत्याख्यानं' उक्तशब्दार्थम्, भवतीति गम्यम्, किम्भूतं ? 'जिनोदितम्' आप्ताभिहितम् । इह च प्रयोगः- यद्यस्य विपर्ययभूतं तत्तस्याभावेऽवश्यं भवति, यथा छायाया अभावे सत्यातपः, द्रव्यप्रत्याख्यानविपर्ययभूतं**

---

७१. सकृत्सञ्जातो भावः प्रायो भावान्तरं यतः करोति ।

૧. મરુદેવી માતા આદિને પહેલાં તેવા શુભ ભાવો ન થયા હોવા છતાં શુભભાવોની વૃદ્ધિ થયેલી દેખાય છે. આથી ક્યારેક જ બનતાં મરુદેવીમાતા આદિનાં દૃષ્ટાંતો સિવાય આ નિયમ છે એ જણાવવા માટે અહીં ''પ્રાયઃ'' કહ્યું છે.

च भावप्रत्याख्यानमिति द्रव्यप्रत्याख्यानाभावेऽवश्यम्भवति प्रत्याख्यानसामान्ये सतीति । तच्च भावप्रत्याख्यानं किम्फलमित्याह- 'नियमात्' अवश्यम्भावेन, 'मुक्तिसाधनं' मोक्षकारणम्, साक्षात्पारम्पर्येण वा, कुत इत्याह- 'सम्यक्चारित्ररूपत्वात्' शोभनचरणस्वभावत्वात्, तथाभूतध्यानादियोगवदिति दृष्टान्त ऊह्य इति ॥७॥

**દ્રવ્ય પ્રત્યાખ્યાન કહ્યું. હવે ભાવ પ્રત્યાખ્યાનને કહે છે—**

**શ્લોકાર્થ—** દ્રવ્ય પ્રત્યાખ્યાનથી વિપરીત જિનોક્ત પ્રત્યાખ્યાન ભાવપ્રત્યાખ્યાન છે. ભાવપ્રત્યાખ્યાન સમ્યક્ ચારિત્રરૂપ હોવાથી અવશ્ય સાક્ષાત્ કે પરંપરાએ મુક્તિનું કારણ છે. (૭)

**ટીકાર્થ— દ્રવ્ય પ્રત્યાખ્યાનથી વિપરીત—** અપેક્ષા આદિથી કરાયેલ પ્રત્યાખ્યાનથી વિપરીત, અર્થાત્ અપેક્ષાના અભાવ આદિથી કરાયેલું.

**અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે—** જે જેનું વિપરીતરૂપ હોય તે તેના અભાવમાં અવશ્ય થાય. જેમકે તડકો છાયાનું વિપરીતરૂપ છે. આથી છાયાનો અભાવ થયે છતે તડકો થાય છે. ભાવપ્રત્યાખ્યાન દ્રવ્યપ્રત્યાખ્યાનનું વિપરીતરૂપ છે. આથી દ્રવ્ય પ્રત્યાખ્યાનના અભાવમાં અવશ્ય ભાવપ્રત્યાખ્યાન હોય.

ટીકાના **प्रत्याख्यानसामान्ये सति** એ પદોનો અર્થ આ પ્રમાણે છે-વિશેષ પ્રકારના પ્રત્યાખ્યાનની વિવક્ષા વિના સામાન્યથી પ્રત્યાખ્યાન હોય ત્યારે. જીવે કોઇ જાતનું પ્રત્યાખ્યાન ન લીધું હોય તો તેનામાં દ્રવ્યપ્રત્યાખ્યાનનો અભાવ હોવાથી તેનામાં ભાવપ્રત્યાખ્યાન છે એવું કોઇ ન સમજી લે એ માટે અહીં સ્પષ્ટ કરવા કહ્યું કે જીવે કોઇ પણ જાતનું પ્રત્યાખ્યાન લીધું હોય ત્યારે જો તે પ્રત્યાખ્યાન દ્રવ્ય પ્રત્યાખ્યાન ન હોય તો તે ભાવપ્રત્યાખ્યાન છે એમ સમજવું.

ભાવપ્રત્યાખ્યાન સુંદર આચરણ સ્વરૂપ હોવાથી તેવા પ્રકારના ધ્યાન વગેરે યોગની જેમ સાક્ષાત્ કે પરંપરાએ અવશ્ય મુક્તિનું કારણ છે (૭)

**द्रव्यप्रत्याख्यानं किमनर्थकमेव, न, इत्याह—**

**जिनोक्तमितिसद्भक्त्या, ग्रहणे द्रव्यतोऽप्यदः ।**
**बाध्यमानं भवेद् भाव-प्रत्याख्यानस्य कारणम् ॥८॥**

**वृत्तिः—** इहैवमक्षरघटना, 'अद' एतत्प्रत्याख्यानम्, 'ग्रहणे' उपादाने, 'द्रव्यतोऽपि' न केवलं भावतः, अपेक्षादियोगेन द्रव्यतो गृहीतमपीत्यर्थः, 'भवेत्' भावप्रत्याख्यानस्य कारणमिति योगः, कथम्भूतं सदित्याह- 'जिनोक्तम्' आप्तप्रणीतम्, 'इति' एवमुल्लेखवती, या 'सती' शोभना प्रशस्ता, 'भक्ति' बहुमानविशेषः, सा 'जिनोक्तमितिसद्भक्तिः' तया, अथवा 'जिनोक्तम्'इति हेतोः, शेषं तथैव, 'बाध्यमानं' निराक्रियमाणम् 'भवेत्' स्यात् 'भावप्रत्याख्यानस्य' परमार्थप्रत्याख्यानस्य, 'कारणं' निमित्तम् । जिनोक्तमितिसद्भक्तिर्हि द्रव्यप्रत्याख्यानहेतूनामपेक्षादिभावानां विरुद्धा, अतो यत्र सा स्यात्तत्तेषां निवृत्तेर्भावप्रत्याख्यानीभवति न सर्वमेवेति भावनेति ॥८॥

**॥ इति अष्टमाष्टकविवरणं समाप्तम् ॥८॥**

**શું દ્રવ્ય પ્રત્યાખ્યાન તદ્દન નિરર્થક જ છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં દ્રવ્યપ્રત્યાખ્યાન તદ્દન નિરર્થક નથી એમ કહે છે—**

**શ્લોકાર્થ—** દ્રવ્યથી પણ ગ્રહણ કરેલું પ્રત્યાખ્યાન ''જિનેશ્વર ભગવાને કહ્યું છે'' એવી સદ્ભક્તિથી બાધિત થતું ભાવપ્રત્યાખ્યાનનું કારણ બને છે.

**ટીકાર્થ— દ્રવ્યથી—** અપેક્ષા આદિના યોગથી લીધેલું પ્રત્યાખ્યાન દ્રવ્યથી છે.

'દ્રવ્યથી પણ' એ સ્થળ ''પણ'' શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ ભાવથી જ લીધેલું એમ નહિ, કિંતુ દ્રવ્યથી પણ લીધેલું પ્રત્યાખ્યાન ભાવપ્રત્યાખ્યાનનું કારણ બને છે.

**સદ્ભક્તિથી—** પ્રશસ્ત બહુમાન વિશેષથી.

''જિને કહ્યું છે.'' એવી સદ્ભક્તિ દ્રવ્યપ્રત્યાખ્યાનના કારણ એવા અપેક્ષાદિ ભાવોથી વિરુદ્ધ છે. આથી જે પ્રત્યાખ્યાનમાં ''જિને કહ્યું છે'' એવી સદ્ભક્તિ છે તે જ પ્રત્યાખ્યાન અપેક્ષાદિભાવોની નિવૃત્તિ થવાથી ભાવપ્રત્યાખ્યાન બને છે. પણ બધા જ પ્રત્યાખ્યાનો ભાવપ્રત્યાખ્યાન બનતા નથી.

[**આ શ્લોકનું તાત્પર્ય નીચે મુજબ જણાય છે—** કોઇ ભદ્રિકજીવ વ્યાખ્યાન આદિથી અમુક અમુક પ્રકારના પ્રત્યાખ્યાનથી આ લોકના-પરલોકનાં સુખો મળે છે એમ સાંભળીને આ લોક પરલોકમાં સુખોની ઇચ્છાથી પ્રત્યાખ્યાન લે. પણ પાછળથી તેને ''આ પ્રત્યાખ્યાન મોક્ષ માટે જ છે એમ જિનેશ્વરોએ કહ્યું છે'' એ પ્રમાણે ખબર પડતાં આ લોક-પરલોકનાં સુખોની ઇચ્છાનો ત્યાગ કરીને મોક્ષની જ ઇચ્છા રાખે. આથી દ્રવ્યપ્રત્યાખ્યાન જ ભાવપ્રત્યાખ્યાન બની જાય.

અથવા કોઇ ભદ્રિકજીવ મોક્ષ આદિની વિશેષ સમજણ ન હોવા છતાં ''જિનેશ્વરોએ આ કરવાનું કહ્યું છે.'' આવા જિનેશ્વર ઉપર બહુમાન ભાવથી પ્રત્યાખ્યાન કરે, તો તે પ્રત્યાખ્યાન (વર્તમાનમાં દ્રવ્ય છે. પણ ભવિષ્યમાં કર્મલઘુતા આદિ થવાથી મોક્ષ આદિની સમજણ પૂર્વક સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિમાં હેતુ હોવાથી) ભાવપ્રત્યાખ્યાનનું કારણ બને છે.] (૮)

**આઠમા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥९॥ अथ नवमं ज्ञानाष्टकम् ॥

**इदं भावप्रत्याख्यानं ज्ञानविशेषे सति सम्भवतीति तदेव निरूपयन्नाह—**

**विषयप्रतिभासं चा-त्मपरिणतिमत्तथा ।**
**तत्त्वसंवेदनं चैव, ज्ञानमाहुर्महर्षयः ॥१॥**

**वृत्तिः—'विषयः' श्रोत्रादीन्द्रियज्ञानगोचरः शब्दादिः, तस्यैव न पुनस्तत्प्रवृत्तौ तज्जन्यस्यात्मनोऽर्थानर्थसद्भावस्य, 'प्रतिभासः' प्रतिभासनं परिच्छेदो यत्र तत् 'विषयप्रतिभासम्,' ऐहिकामुष्मिकेषु छाद्मस्थि-**

**कज्ञानविषयेष्वर्थेषु प्रवृत्तावात्मनस्तात्त्विकार्थानर्थप्रतिभासशून्यमित्यर्थः, ज्ञानमाहुरिति सम्बन्धः । 'चशब्द' उत्तरज्ञानविशेषापेक्षया समुच्चयार्थः, इदं च मिथ्यादृशां भवतीति । तथा आत्मनो जीवस्य, परिणतिरनुष्ठानविशेषसम्पाद्यः परिणामविशेषः, सैव ज्ञेयतया यस्मिन्नस्ति ज्ञाने न पुनस्तदनुरूपप्रवृत्तिनिवृत्ती अपि, तत् 'आत्मपरिणतिमत्,' 'तथा' इति समुच्चये, इदं चाविरतसम्यग्दृष्टीनां भवतीति । तत्त्वं परमार्थः, तत्सम्यग् वेद्यते ज्ञायते येन तत् 'तत्त्वसंवेदनम्' हेयोपादेयार्थनिवृत्तिप्रवृत्तिसम्पादकमित्यर्थः, 'चशब्दः' समुच्चये, 'एवकारो'ऽवधारणे, तस्य चैवं प्रयोगः- तत्त्वसंवेदनमेव च नोक्तव्यतिरिक्तम्, इदं च(तु)विशुद्धचारित्रिणां स्यात् । 'ज्ञानं' बोधम्, 'आहुः' ब्रुवते, 'महर्षयः' महामुनयः । एते च त्रयोऽपि ज्ञानभेदा मत्यादिविशेषा एवेति ॥१॥**

## નવમું જ્ઞાન અષ્ટક

(જ્ઞાનના વિષયપ્રતિભાસ આદિ ભેદોનું સ્વરૂપ શું છે ? તેમનું લિંગ=ઓળખવાનું ચિહ્ન શું છે ? હેતુ=કયું જ્ઞાન કયા કારણથી ઉત્પન્ન થાય છે, કયા જ્ઞાનનું શું ફળ છે, વગેરે તાત્ત્વિક વિષયોને જાણવા આ અષ્ટક ખૂબ ઉપયોગી છે.)

**આ ભાવપ્રત્યાખ્યાન વિશેષ પ્રકારનું જ્ઞાન થયે છતે સંભવે છે. આથી તેનું જ નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જ્ઞાન વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન એમ ત્રણ પ્રકારનું છે, એમ મહર્ષિઓ કહે છે. (૧)

**ટીકાર્થ— (૧) વિષયપ્રતિભાસ-** માત્ર વિષયોનું જ્ઞાન જેમાં થાય તે વિષય પ્રતિભાસ જ્ઞાન. કાન વિગેરે ઇંદ્રિયોથી થતા જ્ઞાનનો વિષય શબ્દ વિગેરે છે. માત્ર શબ્દાદિ વિષયનું જ જ્ઞાન થાય. પણ શબ્દાદિમાં પ્રવૃત્તિ કરવામાં પ્રવૃત્તિથી થતા આત્માના હિત-અહિતનું જ્ઞાન ન થાય, તે વિષયપ્રતિભાસ જ્ઞાન. અર્થાત્ છાદ્મસ્થિક જ્ઞાનના વિષય એવા આ લોક-પરલોક સંબંધી પદાર્થોમાં પ્રવૃત્તિ કરવામાં આત્માના તાત્ત્વિક હિત-અહિતના જ્ઞાનથી રહિત જ્ઞાન તે વિષયપ્રતિભાસ જ્ઞાન છે. આ જ્ઞાન **મિથ્યાદૃષ્ટિઓને** હોય છે.

**૨) આત્મપરિણતિમત્—** આત્મપરિણતિ એટલે અનુષ્ઠાન વિશેષથી પામી શકાય તેવો જીવનો વિશેષ પ્રકારનો પરિણામ. આવો પરિણામ જ જ્ઞેયપણા તરીકે જે જ્ઞાનમાં હોય તે આત્મપરિણતિમત્ જ્ઞાન, અર્થાત્ જે જ્ઞાનમાં અનુષ્ઠાન વિશેષથી પામી શકાય તેવો જીવનો પરિણામ દેખાય, પણ પરિણામને અનુસાર પ્રવૃત્તિ-નિવૃત્તિ ન હોય તે આત્મપરિણતિમત્ જ્ઞાન છે. આ જ્ઞાન **અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને** હોય.

**૩) તત્ત્વસંવેદન—** તત્ત્વ એટલે પરમાર્થ. સંવેદન એટલે સારી રીતે જાણવું. જે જ્ઞાનથી તત્ત્વ=પરમાર્થ સારી રીતે જણાય (=અનુભવાય) તે તત્ત્વસંવેદન જ્ઞાન. આ જ્ઞાન હેય-ઉપાદેય પદાર્થોમાં અનુક્રમે નિવૃત્તિ-પ્રવૃત્તિ કરાવે છે. આ જ્ઞાન **વિશુદ્ધચારિત્રીઓને** હોય છે.

(હેય-ઉપાદેયના તાત્ત્વિક વિવેક વિના બાળકની જેમ માત્ર વિષયનો (=વસ્તુનો) પ્રતિભાસ (=જ્ઞાન) થાય તે વિષયપ્રતિભાસ. હેય-ઉપાદેયના તાત્ત્વિક વિવેક પૂર્વકનું નિવૃત્તિ-પ્રવૃત્તિ રહિત જ્ઞાન આત્મપરિણતિમત્.

હેય-ઉપાદેયના તાત્ત્વિક વિવેકપૂર્વક હેયથી નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિ કરાવનાર જ્ઞાન તત્ત્વસંવેદન.)

**મહર્ષિઓ**=મહામુનિઓ.

આ ત્રણેય જ્ઞાનભેદો મતિ આદિ જ્ઞાનના વિશેષો (=ભેદો) જ છે. (૧)

**आद्यस्वरूपमाह—**

**विषकण्टकरत्नादौ, बालादिप्रतिभासवत् ।**
**विषयप्रतिभासं स्यात्, तद्धेयत्वाद्यवेदकम् ॥२॥**

**वृत्तिः—विषं च शृङ्गिकादि, कण्टकाश्च बब्बूलाद्यवयवविशेषा इति हेयं वस्तु, रत्नानि च मरकतादीनि चोपादेयम्, विषकण्टकरत्नानि तानि आदिर्यस्य तत्तथा, तत्र 'विषकण्टकरत्नादौ' द्रष्टव्ये, इहादिशब्दाद्धेयोपादेयरूपवस्त्वन्तरपरिग्रहः, उपेक्षणीयपरिग्रहो वा, बालः शिशुरादिर्येषां ते बालादयः, आदिशब्दादतिमुग्धपरिग्रहः, तेषां प्रतिभासो वस्तुबोधः, बालादिप्रतिभासः, स इव 'बालादिप्रतिभासवत्' तत्तुल्यमित्यर्थः, 'विषयप्रतिभासं' उक्तनिर्वचनं ज्ञानम्, 'स्यात्' भवेत् । कथं बालादिप्रतिभासतुल्यत्वमस्येत्याह- तेषां ज्ञेयविषयाणाम्, 'हेयत्वादि' हेयत्वमुपादेयत्वमुपेक्षणीयत्वं चेत्यर्थः, तस्यावेदकमनिश्चायकं, 'तद्धेयत्वाद्यवेदकम्' । यथा बालादिप्रतिभासो विषादिविषयस्य रूपादिमात्रमेवाध्यवस्यति न तु हेयत्वादिकं तद्धर्मम्, एवं यत् ज्ञानं बहुश्रुतानामप्यभिन्नग्रन्थीनां मोहमलमलीमसमानसत्वेनातत्त्वानां हेयतायास्तत्त्वानां चोपादेयताया विमर्शाक्षमं तत्त्वातत्त्वयोः समतावभासकं विपर्ययावभासकं वा तद्विषयप्रतिभासमिति भावना । उक्तं च-''विसयपडिभासमित्तं, बालस्सेवक्खरयणविसयंति । वयणाइएसु (वयणा इमेसु इत्युपदेशपदे) नाणं, सव्वत्थण्णाण मो णेयम्** [७२]**॥१॥'' 'वयणाइएसु' त्ति सूत्रार्थादिष्विति ॥२॥**

**પહેલા જ્ઞાનનું સ્વરૂપ કહે છે—**

**શ્લોકાર્થ—** બાળક આદિને થતા વિષ, કંટક, રત્ન આદિના જ્ઞાનની જેમ જ્ઞેયવસ્તુના હેયપણા આદિને ન જણાવનાર જ્ઞાન વિષયપ્રતિભાસ છે. (૨)

**ટીકાર્થ—** બાળક આદિને એ સ્થળે આદિ શબ્દથી અતિમુગ્ધ જીવનું ગ્રહણ કરવું.

**વિષ**=શૃંગિક વગેરે ઝેર. (શૃંગિક એક જાતનું ઝેર છે.)

**કંટક**=બાવળ વગેરેના કાંટા.

**રત્ન**=મરકત વગેરે રત્નો.

''રત્ન આદિના'' એ સ્થળે આદિ શબ્દથી હેય-ઉપાદેય એવી અન્ય વસ્તુઓનું ગ્રહણ કરવું. અથવા ઉપેક્ષણીય વસ્તુનું ગ્રહણ કરવું.

''હેયપણા આદિને'' એ સ્થળે આદિ શબ્દથી ઉપાદેયપણાનું અને ઉપેક્ષણીયપણાનું ગ્રહણ કરવું.

७२. विषयप्रतिभासमात्रं बालस्येवाक्षरत्नविषयमिति । वचनादिकेषु (वचनात् एषु इत्युपदेशपदवृत्तिः) ज्ञानं सर्वत्राज्ञानमेव ज्ञेयम् ॥१॥

**ન જણાવનાર**— નિશ્ચય ન કરાવનાર.

જેવી રીતે બાળક વગેરેનું વિષ આદિ સંબંધી જ્ઞાન માત્ર તેના રૂપ આદિનો નિશ્ચય કરે છે, પણ તેના હેયપણા આદિ ધર્મનો નિશ્ચય કરતું નથી. એ પ્રમાણે જેમણે ગ્રંથિનો ભેદ કર્યો નથી તેવા બહુશ્રુતોનું પણ મન મોહરૂપ મેલથી મલિન થયેલું હોવાથી અતાત્ત્વિક પદાર્થોથી હેયતાનો અને તાત્ત્વિક પદાર્થોની ઉપાદેયતાનો વિચાર કરવા માટે અસમર્થ અને તત્ત્વ-અતત્ત્વને સમાનરૂપે જણાવનારું અથવા વિપરીત રૂપે (=તત્ત્વને અતત્ત્વરૂપે અને અતત્ત્વને તત્ત્વરૂપે) જણાવનારું જ્ઞાન વિષયપ્રતિભાસ છે. **કહ્યું છે કે-અભિન્નગ્રંથિ જીવોને દ્રવ્યશ્રુતના યોગથી સૂત્રાર્થ આદિ વિષે થતું જ્ઞાન બાળકને અક્ષ અને રત્નના વિષયમાં થતા જ્ઞાનની જેમ માત્ર વિષય પ્રતિભાસ છે. (આથીજ) તે જ્ઞાન અજ્ઞાન જાણવું.** (ઉપદેશપદ ૩૭૩)

(હેય છે કે ઉપાદેય છે એવા વિવેક વિના આ કોઇ વસ્તુ છે એ પ્રમાણે માત્ર વિષયનો=વસ્તુનો પ્રતિભાસ=જ્ઞાન તે વિષયપ્રતિભાસ. બાળક વિષ આદિને જોઇને આ કોઇ વસ્તુ છે એટલું જ જાણે છે, પણ તે હેય છે કે ઉપાદેય છે એમ જાણતો નથી. એ પ્રમાણે જે જ્ઞાનથી જ્ઞાતવસ્તુ તાત્ત્વિકદૃષ્ટિએ હેય છે કે ઉપાદેય છે, યા ઉપેક્ષણીય છે, એવો નિર્ણય ન થાય, અથવા વિપરીત નિર્ણય થાય=હેય વસ્તુ ઉપાદેય લાગે અને ઉપાદેય વસ્તુ હેય લાગે તો તે જ્ઞાન વિષયપ્રતિભાસ છે.) (૨)

**इदमेव लिङ्गादिभिर्निरूपयन्नाह—**

**निरपेक्षप्रवृत्त्यादि-लिङ्गमेतदुदाहृतम् ।**
**अज्ञानावरणापायं, महापायनिबन्धनम् ॥३॥**

**वृत्तिः— निर्गता अपेता अपेक्षा ऐहिकामुष्मिकापायशङ्का यस्याः सा तथा निरपेक्षा, प्रवृत्तिः प्रवर्तनमादिर्यस्य निवृत्त्यादेस्तन्निरपेक्षप्रवृत्त्यादि, निरपेक्षस्य वा निराशङ्कस्य प्रवृत्त्यादि निरपेक्षप्रवृत्त्यादि, तल्लिङ्गं चिह्नं यस्य तत् 'निरपेक्षप्रवृत्त्यादिलिङ्गम्', 'एतत्' अनन्तरोदितं विषयप्रतिभासं ज्ञानम्, 'उदाहृतं' आप्तैरुपदिष्टम्, अथ किंहेतुकमिदमित्यत आह- न ज्ञानमज्ञानं मिथ्यात्वोदयदूषिते मतिश्रुते अवधिश्च, नञः कुत्सार्थत्वात् । आह च-''अविसेसिया मई च्चिय, सम्मद्दिट्ठिस्स सा मइण्णाणं । मइअन्नाणं मिच्छादिट्ठिस्स सुयंपि एमेव [७३]॥१॥'' तथा ''सदसदविसेसणाओ, भवहेउजदिच्छिओवलंभाओ । णाणफलाभावाओ, मिच्छद्दिट्ठिस्स अन्नाणं [७४]॥१॥'' तस्याज्ञानस्य मत्यज्ञानादिलक्षणस्यावरणमावृतिकारणं कर्म अज्ञानावरणं तस्यापायोऽपगमः क्षयोपशमो यस्मिंस्तद् 'अज्ञानावरणापायम्', मत्यज्ञानावरणादिकर्मक्षयोपशमहेतुकमित्यर्थः, अथवा अविद्यमानो ज्ञानावरणापायो यत्र तत्तथा, अथ किंफलमिदमित्याह- महान्तश्च ते गुरुका अपायश्च स्वपरगतैहिकामुष्मिकप्रत्यपाया महापायास्तेषां निबन्धनं हेतुः 'महापायनिबन्धनम्', इदं च भावतोऽज्ञानमेव, भवति चाज्ञानं महापायनिबन्धनम् । यत आह-''अज्ञानं खलु भोः कष्टं, क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः । अर्थं हितमहितं वा, न वेत्ति येनावृतो लोकः'' ॥१॥ इति ॥३॥**

७३. अविशेषिता मतिरेव सम्यग्दृष्टेः सा मतिज्ञानम् ॥ मत्यज्ञानं मिथ्यादृष्टेः श्रुतमप्येवमेव ॥१॥

७४. सदसदविशेषणात् भवहेतुतो यादृच्छिकोपलम्भात् ॥ ज्ञानफलाभावात् मिथ्यादृष्टेरज्ञानम् ॥१॥

**ચિહ્ન આદિથી વિષયપ્રતિભાસનું જ નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે–**

**શ્લોકાર્થ**— નિરપેક્ષ પ્રવૃત્તિ આદિ વિષયપ્રતિભાસ જ્ઞાનનું લિંગ=ચિહ્ન છે. અજ્ઞાનાવરણનો અપાય આ જ્ઞાનનો હેતુ છે. અજ્ઞાન મહાકષ્ટોનું કારણ છે.(૩)

**ટીકાર્થ— નિરપેક્ષ પ્રવૃત્તિ**— વિષયપ્રતિભાસવાળા જીવની પ્રવૃત્તિ આદિ અપેક્ષાથી=આ લોક પરલોક સંબંધી કષ્ટોની શંકાથી રહિત હોય છે. અર્થાત્ મારી આવી પ્રવૃત્તિ આદિથી મને આ લોક-પરલોકમાં અશુભફળ મળશે એવો તેને વિચાર જ હોતો નથી.

''પ્રવૃત્તિ આદિ'' એ સ્થળે રહેલા ''આદિ'' શબ્દથી નિવૃત્તિનું ગ્રહણ કરવું.

અજ્ઞાનાવરણનો અપાય (=ક્ષયોપશમ) આ જ્ઞાનનો હેતુ છે. મિથ્યાત્વના ઉદયથી દૂષિત મતિ, શ્રુત અવધિરૂપ અજ્ઞાનને આવરનારા કર્મનો અપાય=ક્ષયોપશમ આ જ્ઞાનનો હેતુ છે. અહીં અજ્ઞાન એ શબ્દમાં રહેલા ''અ'' અક્ષરનો નિંદા અર્થ છે. (આથી અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ એવો અર્થ નથી, કિંતુ નિંદનીય (=ખોટું) જ્ઞાન એવો અર્થ છે.) કહ્યું છે કે-**''સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિ એવા ભાવથી વિશેષિત (=ભેદવાળી) ન કરાયેલી મતિ મતિ જ કહેવાય છે. મતિજ્ઞાન-મત્યજ્ઞાન એ પ્રમાણે નિશ્ચય કરીને વ્યવહાર કરાતો નથી. કેમકે સામાન્યરૂપ તેમાં (=મતિમાં) જ્ઞાનરૂપ અને અજ્ઞાનરૂપ બંને વિશેષોનો અંતર્ભાવ થઇ જાય છે.**

**પણ જ્યારે સમ્યગ્દષ્ટિ સંબંધી જ મતિની વિવક્ષા કરાય છે ત્યારે તે મતિજ્ઞાન એ પ્રમાણે નિર્દેશ કરાય છે. જ્યારે મિથ્યાદષ્ટિ સંબંધી જ મતિની વિવક્ષા કરાય છે ત્યારે તે મત્યજ્ઞાન એ પ્રમાણે નિર્દેશ કરાય છે. એ પ્રમાણે વિશેષિત (=ભેદવાળું) ન કરાયેલું શ્રુત પણ શ્રુત જ છે. વિશેષિત કરાયેલું શ્રુત સમ્યગ્દષ્ટિનું શ્રુતજ્ઞાન અને મિથ્યાદષ્ટિનું શ્રુતાજ્ઞાન એ પ્રમાણે નિર્દેશ કરાય છે. કારણ કે સમ્યગ્દષ્ટિનો સઘળો ય બોધ જ્ઞાન છે, અને મિથ્યાદષ્ટિનો સઘળો ય બોધ અજ્ઞાન છે.'' (વિશેષાવશ્યક ગાથા ૧૧૪) સત્પદાર્થ અને અસત્પદાર્થની વિશેષતા ન સમજી શકવાથી, ભવનો હેતુ હોવાથી, પોતાની મતિ પ્રમાણે અર્થ કરવાથી, જ્ઞાનના ફલનો અભાવ હોવાથી મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન છે.**

સાક્ષી ગાથાનો આ ગાથાર્થ છે. તેની ટીકાનો અર્થ આ પ્રમાણે છે-

**ટીકાર્થ— સત્પદાર્થ અસત્પદાર્થની વિશેષતા ન સમજી શકવાથી**— મિથ્યાદષ્ટિ જીવ જે વસ્તુ છે તેને કોઇ વિશેષતા (=કોઇ અપેક્ષા) વિના સર્વથા ''સત્ જ છે'' એમ કહે છે. એ પ્રમાણે જે વસ્તુ નથી તેને પણ કોઇ વિશેષતા વિના સર્વથા ''અસત્ જ છે'' એમ કહે છે. પણ વસ્તુનું સ્વરૂપ એ પ્રમાણે નથી. કારણ કે સર્વ પદાર્થો સ્વરૂપથી સત્ છે. વસ્તુનું અસત્પણું (=અભાવ) પણ વિવક્ષિત પર્યાયની અપેક્ષાએ જ છે, નહિ કે બધા પર્યાયોની અપેક્ષાએ. કારણ કે પર્યાયવિશેષની અપેક્ષાએ જ્યારે વિવક્ષા કરવામાં આવે ત્યારે પણ ઘટાદિનું સત્ત્વ સ્વીકારવામાં આવે છે.

જેમ ગાંડો માણસ ભાઇને ભાભી કહે, ભાભીને ભાઇ કહે, ભાઇને બહેન કહે, બહેનને ભાઇ કહે, તેમ મિથ્યાદષ્ટિ સત્ ને અસત્ કહે અને અસત્ને સત્ કહે. કોણ સત્ છે ? કોણ અસત્ છે ? કેમ છે ? વગેરે વિશેષતાઓ સમજી શકતો નથી.

સર્વજ્ઞ ભગવંતો કહે છે કે દરેક વસ્તુ સત્ પણ છે અને અસત્ પણ છે. પ્રત્યેક વસ્તુ સ્વરૂપે સત્ છે, પરરૂપે અસત્ છે. ઘટ એ ઘટ છે પટ નથી. આથી ઘટ ઘટરૂપે=સ્વરૂપે સત્ છે, પટરૂપે=પરરૂપે અસત્ છે. અર્થાત્ ઘટ ઘટની અપેક્ષાએ સત્ છે, અને પટ આદિ પરવસ્તુની અપેક્ષાએ અસત્ છે.

દરેક વસ્તુ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ સત્=વિદ્યમાન છે. પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અસત્=અવિદ્યમાન છે. ઘટના દૃષ્ટાંતથી આ વિષયને વિચારીએ.

**દ્રવ્યથી**— મૃત્તિકારૂપ સ્વદ્રવ્યની અપેક્ષાએ સત્.

સૂતરરૂપ પરદ્રવ્યની અપેક્ષાએ અસત્.

**ક્ષેત્રથી**— અમદાવાદરૂપ સ્વક્ષેત્રની અપેક્ષાએ સત્.

(અમદાવાદમાં બન્યો છે, અથવા વિદ્યમાન છે એ દૃષ્ટિએ.)

મુંબઇરૂપ પરક્ષેત્રની અપેક્ષાએ અસત્.

**કાળથી**— શીતરૂપ સ્વકાલની અપેક્ષાએ સત્.

(શિયાળામાં બન્યો છે, અથવા વિદ્યમાન છે એ દૃષ્ટિએ)

ગ્રીષ્મરૂપ પરકાલની અપેક્ષાએ અસત્.

**ભાવથી**— લાલરંગરૂપ સ્વભાવની=સ્વપર્યાયની અપેક્ષાએ સત્. (લાલ ઘડો છે માટે)

કૃષ્ણરંગરૂપ પરભાવની=પરપર્યાયની અપેક્ષાએ અસત્.

એ પ્રમાણે દરેક વસ્તુમાં સત્ત્વ-અસત્ત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, સમાન્ય-વિશેષ વગેરે ધર્મો હોવા છતાં મિથ્યાદૃષ્ટિ અમુક વસ્તુ સત્ જ છે. અમુક વસ્તુ અસત્ જ છે. અમુક વસ્તુ નિત્ય જ છે. અમુક વસ્તુ અનિત્ય જ છે. અમુક વસ્તુ સામાન્ય જ છે. અમુક વસ્તુ વિશેષ જ છે. એમ એકાંતરૂપે એક ધર્મનો સ્વીકાર કરી અન્યધર્મનો અસ્વીકાર કરે છે. આથી તેનું જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ છે.

**ભવનો હેતુ હોવાથી**— મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન સંસારનું કારણ બને છે. કારણ કે તેનામાં મિથ્યાત્વ વગેરે કર્મબંધ હેતુઓ વિપરીત જ્ઞાનરૂપે પ્રવર્તે છે.

**પોતાની મતિ પ્રમાણે અર્થ કરવાથી**— મિથ્યાદૃષ્ટિ સર્વ પદાર્થોનો અર્થ પોતાની મતિ પ્રમાણે કરે છે. તે સમ્યગ્દૃષ્ટિની જેમ સર્વજ્ઞવચનને આધીન બનતો નથી, અર્થાત્ સર્વજ્ઞવચન પ્રમાણે પદાર્થોનો અર્થ કરતો નથી.

**જ્ઞાનફલનો અભાવ હોવાથી**— જ્ઞાનનું ફલ વિરતિ છે. વિરતિ જ્ઞાન-સ્વીકાર-યતના હોય તો પ્રાપ્ત થાય છે. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન વિપરીત બોધથી દૂષિત થયેલું હોવાથી પહેલાં તો મિથ્યાદૃષ્ટિને જ્ઞાન જ હોતુ નથી. જો જ્ઞાન જ ન હોય તો સ્વીકાર અને યતના કેવી રીતે હોય ? આ વિષે વિદ્વાનો કહે છે કે- **"જે કાર્યને કરે તે જ પરમાર્થથી સત્ છે."** તેથી ઉક્ત પ્રકારનું જ્ઞાનફલ ન મળવાથી મિથ્યાદૃષ્ટિનું શાસ્ત્રાભ્યાસ આદિથી થયેલું જ્ઞાન પણ અજ્ઞાન છે.[1] (ઉપદેશપદ ૪૪૪) (અહીં સાક્ષી ગાથાનો ટીકાર્થ પૂર્ણ થયો.)

---

૧. પ્રસ્તુત ગાથા વિશેષાવશ્યક ભાષ્યમાં પણ છે. અહીં ઉપદેશપદની ટીકાના આધારે અનુવાદ લખ્યો છે.

**આ જ્ઞાન મહાકષ્ટોનું કારણ છે—** આ જ્ઞાન પોતાના અને પરના આ લોક સંબંધી અને પરલોક સંબંધી મહાકાષ્ટોનું કારણ છે. આ જ્ઞાન પરમાર્થથી અજ્ઞાન જ છે. અજ્ઞાન મહાકષ્ટોનું કારણ થાય છે. કહ્યું છે કે- **"જેનાથી આવરાયેલો લોક હિતકર અને અહિતકર પદાર્થને જાણતો નથી તે અજ્ઞાન ખરેખર ! ક્રોધાદિ સર્વપાપોથી પણ અધિક કષ્ટરૂપ છે=કષ્ટોનું કારણ છે."** (૩)

**द्वितीयज्ञाननिरूपणायाह—**

## पातादिपरतन्त्रस्य, तद्दोषादावसंशयम् ।
## अनर्थाद्याप्तियुक्तं चा-त्मपरिणतिमन्मतम् ॥४॥

**वृत्तिः— पातोऽधःपतनमादि यस्योर्ध्वतिर्यगाकर्षणविपरीतशिक्षाश्वोद्वहनादेस्तत्पातादि तेन तस्य वा परतन्त्रः परायत्तः पातादिपरतन्त्रः, पातादिपरतन्त्र इव 'पातादिपरतन्त्रः' तस्य, विषयकषायादिवशीकृतस्य देहिनः, तस्मिन् पातादौ यो दोषोऽङ्गभङ्गमरणादिलक्षणः स आदिर्यस्य रत्नोत्करमृदुस्पर्शादिगुणस्य स तथा तत्र 'तद्दोषादौ', दार्ष्टान्तिके तु कर्मबन्धदुर्गत्यादिदोषे गुणे चाभ्युदयादौ ज्ञेये, 'असंशयम्' उपलक्षणत्वाद-विद्यमानसंदेहविपर्ययं विलीनमोहग्रन्थित्वेन यथावन्निश्चयस्वरूपमित्यर्थः, अनर्थोऽपायोऽङ्गभङ्गादिरादिर्यस्य सुखस्पर्शादिरर्थस्य स तथा तस्याप्तिः प्राप्तिस्तया युक्तमन्वितम् 'अनर्थाद्याप्तियुक्तम्', इह च यद्यपि पुरुषस्यैवानर्थाद्याप्तियोगस्तथापि ज्ञानाव्यतिरिक्तत्वात्तस्य ज्ञानमेवानर्थाद्याप्तियुक्तमुक्तम्, दार्ष्टान्तिके तु अनर्थाद्याप्तिः कर्मबन्धदुर्गतिगमनपरम्परापवर्गगमनरूपावगन्तव्या, चशब्दो विशेषणान्तरसमुच्चयार्थः, तदेवंविधं ज्ञानम्, 'आत्मपरिणतिमत्' प्रतिपादितनिर्वचनम्, 'मतम्' अभिमतमध्यात्मतत्त्वविदुषामिति, इह च संवादगाथे- "भिन्ने उ तए (इतो उप०पदे) नाणं जहक्खरयणेसु तग्गयं चेव । पडिबन्धम्मि वि सद्धाइभावओ सम्मरूवं तु[७५]॥१॥" भिन्ने तु तकस्मिन् मोहग्रन्थावित्यर्थः, 'तग्गयं चेव'त्ति अक्षे अक्षगतमेव, रत्ने रत्नगतमेव, प्रतिबन्धेऽपि सदनुष्ठानव्याघातेऽपि इत्यर्थः । "जमिणं असप्पवित्तीइ, दव्वओ संगयं पि नियमेण । होइ फलंगं असुहा-णुबन्धवोच्छेयभावाउ त्ति[७६]॥२॥" ॥४॥**

**બીજા (આત્મપરિણતિમત્) જ્ઞાનનું નિરૂપણ કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** પાતાદિથી પરતંત્ર (સમ્યગ્દૃષ્ટિ) જીવનું પાતાદિથી જનિત દોષાદિને વિષે સંશય રહિત અને અનર્થાદિની પ્રાપ્તિથી યુક્ત જ્ઞાનને આત્મપરિણતિમત્ માન્યું છે. (૪)

**ટીકાર્થ— પાતાદિથી પરતંત્ર—** અહીં પાતાદિથી પરતંત્ર પુરુષના જ્ઞાનની સાથે સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનની તુલના કરવામાં આવી છે. તે આ પ્રમાણે-વિપરીત શિક્ષાવાળા અશ્વ ઉપર સવાર થયેલ પુરુષ પાતાદિથી પરતંત્ર હોય છે. તે પુરુષ નીચે પડે કે ઉપર વૃક્ષ આદિમાં લટકી જાય, અથવા અશ્વ તેને તિર્છું ઘણે દૂર ખેંચી જાય. આમ તે પાત (=નીચે પતન) આદિમાં પરતંત્ર હોય છે. (આ વિગત ટીકામાં **ऊर्ध्वतिर्यगाकर्षणविपरीतशिक्षाश्वोद्वहनादेः** એ પંક્તિથી જણાવી છે.)

---

७५. भिन्ने तु तकस्मिन् (इतः उप० पद वृ-०) ज्ञानं यथाक्षरत्नयोः तद्गतमेव । प्रतिबन्धेऽपि श्रद्धादिभाजतः सम्यग्रूपं तु ॥१॥

७६. यदिदं असत्प्रवृत्त्या द्रव्यतः सङ्गतमपि नियमेन । भवति फलाङ्गं अशुभानुबन्धव्यवच्छेदभावात् इति ॥२॥

**પાતાદિથી જનિત દોષાદિને વિષે સંશય રહિત—** પાતાદિથી પરતંત્ર પુરુષને પાત આદિથી થતા શરીરભંગ અને મરણ વગેરે દોષોમાં સંશય હોતો નથી. અહીં આદિ શબ્દથી કાપુસના ઢગલા ઉપર પડે તો કોમળ સ્પર્શ આદિ ગુણોનું ગ્રહણ કરવું.

**અનર્થાદિની પ્રાપ્તિથી યુક્ત—** પાતાદિથી પરતંત્ર પુરુષને શરીર ભંગ વગેરે અનર્થોની પ્રાપ્તિ થાય છે. અહીં આદિ શબ્દથી સુખસ્પર્શ (=સુખ થાય તેવો સ્પર્શ) વગેરે અર્થનું (=હિતનું) ગ્રહણ કરવું. આ જ ઘટના સમ્યગ્દૃષ્ટિ જીવને લાગુ પડે છે. તે આ પ્રમાણે-

**પાતાદિથી પરતંત્ર—** વિષય-કષાયાદિથી વશ કરાયેલ સમ્યગ્દષ્ટિજીવ પાતાદિથી પરતંત્ર હોય છે. એટલે કે તે જીવ દુર્ગતિમાં પણ જાય, અથવા સ્વર્ગાદિમાં પણ જાય.

**પાતાદિ જનિત દોષાદિને વિષે સંશય રહિત—** પાત (=નીચે પતન) થાય તો કર્મબંધ અને દુર્ગતિ આદિ દોષોમાં તે સંશય રહિત હોય છે. અહીં આદિશબ્દથી અભ્યુદય (=સ્વર્ગ) વગેરે જાણવું.

અહીં સંશયનો અભાવ એ ઉપલક્ષણ હોવાથી વિપર્યય (=વિપરીત જ્ઞાન) પણ ન હોય એમ સમજી લેવું. મોહગ્રંથિ ભેદાઇ ગઇ હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવને યથાર્થ નિશ્ચયવાળું જ્ઞાન હોય છે. અર્થાત્ પાત થાય તો કર્મબંધ અને દુર્ગતિ આદિ દોષો અવશ્ય થાય અને ઊર્ધ્વગમન થાય તો સ્વર્ગ વગેરે ગુણો અવશ્ય થાય એમ નિશ્ચિતજ્ઞાન હોય છે.

**અનર્થાદિની પ્રાપ્તિથી યુક્ત—** આ જ્ઞાન કર્મબંધ-દુર્ગતિગમન આદિ અનર્થની પ્રાપ્તિથી યુક્ત હોય છે. આદિ શબ્દથી પરંપરાએ મોક્ષગતિથી યુક્ત હોય છે એમ જાણવું.

જો કે પુરુષને જ અનર્થાદિની પ્રાપ્તિ થાય છે (જ્ઞાનને અનર્થાદિની પ્રાપ્તિ થતી નથી), તો પણ પુરુષ જ્ઞાનથી ભિન્ન ન હોવાથી અહીં જ્ઞાનને જ અનર્થાદિની પ્રાપ્તિથી યુક્ત કહ્યું છે.

**માન્યું છે—** આધ્યાત્મિક તત્ત્વમાં વિદ્વાન પુરુષોએ માન્યું છે.

અહીં પ્રસ્તુત અર્થની સમાનતાવાળી બે ગાથાઓ છે. તેનો ગાથાર્થ અને ટીકાર્થ આ પ્રમાણે છે—

**ગાથાર્થ—** જેવી રીતે બાલ્યાવસ્થા દૂર થતાં અક્ષ અને રત્નમાં અક્ષ-રત્નના વિભાગ (=ભેદ) સંબંધી બોધ થાય છે. તે રીતે ગ્રંથિભેદ થતાં તુરત જ જ્ઞાન પ્રગટે છે. પ્રતિબંધ હોવા છતાં શ્રદ્ધા આદિ ભાવથી જ્ઞાન સમ્યગ્રૂપ જ છે.

**ટીકાર્થ—** બાળકની બાલ્યાવસ્થા દૂર થતાં જ અક્ષનું વિશેષ મૂલ્ય નથી, રત્ન જ મૂલ્યવાન છે, એ પ્રમાણે અક્ષ-રત્નના વિભાગનું જ્ઞાન થાય છે. તે જ પ્રમાણે ગ્રંથિનો ભેદ થતાં તુરત જ નિર્મલ વિચારણાથી વિશુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થવાના કારણે (સંસાર હેય છે મોક્ષ જ ઉપાદેય છે ઇત્યાદિ) જ્ઞાન પ્રગટે છે.

**પ્રતિષેધ હોવા છતાં—** સદ્નુષ્ઠાન ન કરી શકવા છતાં.

શ્રદ્ધા આદિ ભાવથી એ સ્થળે આદિ શબ્દથી ગીતાર્થપ્રજ્ઞાપનીયત્વ ગુણ સમજવો.

(**ગીતાર્થપ્રજ્ઞાપનીયત્વ** એટલે ગીતાર્થ સમજાવી શકે તેવી યોગ્યતા. આ ગુણ જેનામાં હોય તે અનાભોગ આદિના કારણે વિપરીત પ્રવૃત્તિ કરે ત્યારે ગીતાર્થ તેની ભૂલ સમજાવે તો સમજી જાય, તુરત પોતાની ભૂલને સ્વીકારે, અને વિપરીત પ્રવૃત્તિનો ત્યાગ કરે.) (ઉપદેશપદ ગાથા-૩૭૪)

**ગાથાર્થ**— કારણ કે સમ્યગ્જ્ઞાન દ્રવ્યથી અસત્ પ્રવૃત્તિથી યુક્ત હોય તો પણ અવશ્ય (મોક્ષરૂપ) ફળનું કારણ બને છે, કારણ કે અશુભ અનુબંધનો વિચ્છેદ થાય છે.

**ટીકાર્થ**— ભિન્નગ્રંથિ જીવનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન એટલા માટે છે કે જ્ઞાન હોય ત્યારે કોઇ જીવ પ્રબળ અવશ્ય ભોગવવું પડે તેવા ચારિત્રમોહના ઉદયથી માનસિકરુચિ વિના=(ભાવ વિના જ) દ્રવ્યથી ઇંદ્રિયોને અનુકૂળ હોય તેવું આચરણ (=વિષયોનો ભોગવટો) કરે તેથી એ જ્ઞાન અસત્ પ્રવૃત્તિ યુક્ત બને. આ રીતે દ્રવ્યથી અસત્પ્રવૃત્તિથી યુક્ત પણ સમ્યગ્જ્ઞાન નિયમા મોક્ષરૂપ ફળનું કારણ બને છે. કારણ કે સમ્યગ્જ્ઞાનથી જ્ઞાનાવરણીય વગેરે પાપકર્મોના અનુબંધનો વિચ્છેદ થાય છે. અનુબંધ એટલે ઉત્તરોત્તર વૃદ્ધિ થવી. (ઉપદેશપદ ગાથા ૩૭૫) (૪)

**एतदेव लिङ्गादिभिर्निरूपयन्नाह—**

**तथाविधप्रवृत्त्यादि-व्यङ्ग्यं सदनुबन्धि च ।**

**ज्ञानावरणह्रासोत्थं, प्रायो वैराग्यकारणम् ॥५॥**

**वृत्तिः— तथा तत्प्रकारा विधा स्वरूपं यस्याः सा तथाविधा, ''हिअए जिणाण आणा, चरियं मह एरिसं अपुन्नस्स । एयं आलप्पालं अव्वो दूरं विसंवयइ [७७]॥१॥'' इत्यादिभावनया असंक्लिष्टा चासौ प्रवृत्तिश्च हिंसादिषु वर्त्तनं तथाविधप्रवृत्तिः सा आदिर्यस्य निवृत्तिप्राप्त्यादेः तत्तथाविधप्रवृत्त्यादि, तेन व्यज्यते व्यक्तीक्रियते यत् तत् 'तथाविधप्रवृत्त्यादिव्यङ्ग्यम्', तथा सन् शोभनोऽनुबन्धः परम्परया मोक्षफलप्रदायकत्वं सदनुबन्धः सोऽस्यास्तीति 'सदनुबन्धि', 'च' शब्दो विशेषणसमुच्चये, किंहेतुकमिदमित्याह- ज्ञानावरणं मत्याद्यावारकं कर्म तस्य ह्रासः क्षयोशमस्तस्मादुत्तिष्ठत उत्पद्यते यत्तत् 'ज्ञानावरणह्रासोत्थम्', कथमिदं सदनुबन्धि इत्यत आह- 'प्रायो' बाहुल्येन, 'वैराग्यकारणं' सद्भावनानिमित्तम्, यतो भवतीति गम्यते । यदाह-''बालधूलीगृहक्रीडा, तुल्यास्यां भाति धीमताम् । तमोग्रन्थिविभेदेन, भवचेष्टाखिलैव हि ॥१॥'' प्रायोग्रहणं च कषायोदयविशेषे सति तद्वैराग्यकारणं न स्यादपि, राज्यादिप्रसाधनप्रवृत्तभरतादेरिवेति प्रतिपादनार्थमिति ॥५॥**

**આ જ જ્ઞાનનું લક્ષણ આદિથી નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— આત્મપરિણતિમત્ જ્ઞાન તેવા પ્રકારની પ્રવૃત્તિ આદિથી પ્રગટ કરાય છે=જાણી શકાય છે. સદ્ અનુબંધવાળું છે. જ્ઞાનાવરણના હ્રાસથી ઉત્પન્ન થાય છે. અને પ્રાયઃ વૈરાગ્યનું કારણ છે. (૫)

**ટીકાર્થ— તેવા પ્રકારની પ્રવૃત્તિ આદિથી પ્રગટ કરાય છે**— તેવા પ્રકારની એટલે અસંક્લિષ્ટ. પ્રવૃત્તિ એટલે હિંસા આદિમાં પ્રવર્તવું. આત્મપરિણતિમત્ જ્ઞાનવાળા જીવની **''મારા હૃદયમાં જિનાજ્ઞા છે અને પુણ્યરહિત એવા મારું ચારિત્ર આવું (=પાપવાળું) છે. આ ખોટું છે. હૃદયમાં જિનાજ્ઞા અને પાપવાળું જીવન એ બે વચ્ચે ઘણો વિસંવાદ છે.''** આવી ભાવનાથી હિંસાદિમાં થતી પ્રવૃત્તિ સંક્લેશ રહિત હોય છે, અર્થાત્ ભાવરહિત હોય છે.

---

७७. हृदये जिनानामाज्ञा चरितं ममेदृशमपुण्यस्य । एतदालप्यालम् अहो ! दूरं विसंवदति ॥१॥

'પ્રવૃત્તિ આદિથી' એ સ્થળે આદિ શબ્દથી નિવૃત્તિની પ્રાપ્તિ (=પાપથી અટકવું) વગેરે સમજવું.

(જે જીવ ભાવવિના જ હિંસાદિમાં પ્રવૃત્તિ કરે ઇત્યાદિથી જાણી શકાય કે તે જીવમાં આત્મ પરિણતિમત્ જ્ઞાન છે.)

**સદ્અનુબંધવાળું—** સદ્ અનુબંધ એટલે પરંપરાએ મોક્ષરૂપ ફલનું પ્રદાન. આ જ્ઞાન પરંપરાએ મોક્ષ આપે છે. માટે સદ્ અનુબંધવાળું છે.

**જ્ઞાનાવરણના હ્રાસથી ઉત્પન્ન થાય છે—** હ્રાસ એટલે ક્ષયોપશમ. આત્મ પરિણતિમત્ જ્ઞાન મત્યાદિ જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

**પ્રાયઃ વૈરાગ્યનું કારણ છે—** પ્રાયઃ વૈરાગ્યનું=સદ્ભાવનાઓનું કારણ છે. કહ્યું છે કે-"**સ્થિરાદષ્ટિમાં અજ્ઞાનતારૂપ ગ્રંથિનો ભેદ થઇ ગયો હોવાથી બુદ્ધિમાન પુરુષોને સંસારની સઘળીય ચેષ્ટા બાળકો ધૂળથી ઘર બનાવવાની ક્રીડા કરે તેના જેવી લાગે છે. સઘળી ય ચેષ્ટા એટલે ચક્રવર્તી આદિની ચેષ્ટા પણ બાળકો ધૂળથી ઘર બનાવવાની ક્રીડા કરે તેના જેવી લાગે છે. કારણ કે તેને સંસારની સઘળી ય ચેષ્ટા સ્વભાવથી અસુંદર અને અનિત્ય જણાય છે. સંસારની સઘળી ય ચેષ્ટા કર્મજનિત હોવાથી સ્વભાવથી જ અસુંદર છે.**" (યોગદૃષ્ટિ સમુચ્ચય-૧૫૫)

વિશેષ પ્રકારના કષાયનો ઉદય થયે છતે રાજ્ય વગેરેને સાધવામાં પ્રવૃત્ત થયેલા ભરત ચક્રવર્તી વગેરેની જેમ વૈરાગ્યનું કારણ ન પણ થાય. આ જણાવવા માટે અહીં 'પ્રાયઃ' કહ્યું છે.

આ જ્ઞાન પ્રાયઃ વૈરાગ્યનું કારણ છે માટે સદ્ અનુબંધવાળું છે. (૫)

**तृतीयप्रतिपादनायाह—**

**स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादिनिश्चयम् ।**
**तत्त्वसंवेदनं सम्यग्, यथाशक्ति फलप्रदम् ॥६॥**

**वृत्तिः— स्वस्था अनाकुला वृत्तिर्वचनकायव्यापाररूपं वर्तनं यस्य स तथा तस्य 'स्वस्थवृत्तेः' एतदेव कुत इत्याह- 'प्रशान्तस्य' रागद्वेषाद्युपशमप्रकर्षवतः, तत्त्वसंवेदनं भवतीति क्रिया, किम्भूतमित्याह- 'तेषां' ज्ञेयवस्तुतत्त्वानां 'हेयत्वादि' त्यजनीयत्वादि, आदिशब्दादुपादेयत्वोपेक्षणीयत्वपरिग्रहः, तत्र निश्चयो निर्णयो यस्य तत् 'तद्धेयत्वादिनिश्चयम्' इति, अथवा यदिति शेषस्ततश्च स्वस्थवृत्तेः प्रशान्तस्य पुंसो यद् ज्ञानं तत्तत्त्वसंवेदनमिति योगः, 'तत्त्वसंवेदनम्' उक्तनिर्वचनम्, 'सम्यक्' समीचीनतया, 'यथाशक्ति' पुरुषसंहननादिसामर्थ्यानुसारतः, 'फलप्रदं' स्वप्रयोजनप्रसाधकम्, ज्ञानस्य चानन्तरं फलं विरतिः परम्पराफलं त्वपवर्ग इति ॥६॥**

**ત્રીજા (તત્ત્વસંવેદન) જ્ઞાનનું પ્રતિપાદન કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** સ્વસ્થવૃત્તિવાળા અને પ્રશાંત જીવનું હેયત્વાદિના નિશ્ચયવાળું જે જ્ઞાન તે તત્ત્વસંવેદન છે. આ જ્ઞાન યથાશક્તિ સુંદર ફલ આપે છે. (૬)

**ટીકાર્થ— સ્વસ્થવૃત્તિવાળા—** સ્વસ્થ એટલે અનાકુલ. વૃત્તિ એટલે વચન-કાયાનો વ્યાપાર. સ્વસ્થવૃત્તિવાળા એટલે અનાકુળ વચન-કાયાના વ્યાપારવાળા, અર્થાત્ વચન- કાયાથી થતી કોઇ પણ પ્રવૃત્તિમાં આકુળ વ્યાકુળ ન બનનાર.

**પ્રશાંત—** રાગ-દ્વેષાદિના પ્રકૃષ્ટ ઉપશમવાળા.

(અહીં સ્વસ્થવૃત્તિવાળા વિશેષણથી વાચિક-કાયિક સ્વસ્થતા અને પ્રશાંત વિશેષણથી માનસિક સ્વસ્થતા જણાવી છે.)

**હેયત્વાદિના નિશ્ચયવાળું—** જ્ઞેય વસ્તુના હેયત્વાદિના નિશ્ચયવાળું છે. ''હેયત્વાદિના'' એ સ્થળે રહેલ આદિ શબ્દથી ઉપાદેયત્વ અને ઉપેક્ષણીયત્વનું ગ્રહણ કરવું. અમુક વસ્તુ હેય જ છે, અમુક વસ્તુ ઉપાદેય જ છે, અમુક વસ્તુ ઉપેક્ષણીય જ છે, એવા નિશ્ચયવાળું.

**યથાશક્તિ—** પુરુષનું સંઘયણ આદિ સામર્થ્ય પ્રમાણે.

**ફલ આપે છે—** પોતાના પ્રયોજનને (=કાર્યને) સાધે છે. જ્ઞાનનું અનંતરફળ વિરતિ છે અને પરંપરફળ મોક્ષ છે. (૬)

**एतस्य लिङ्गादि प्रतिपादयन्नाह—**

**न्याय्यादौ शुद्धवृत्त्यादि-गम्यमेतत्प्रकीर्तितम् ।**
**सज्ज्ञानावरणापायं, महोदयनिबन्धनम् ॥७॥**

**वृत्तिः— न्यायो नीतिस्तस्मादनपेतो न्याय्यः सम्यग्दर्शनादित्रयरूपो मोक्षमार्गः, स आदिर्यस्यान्याय्यस्य मिथ्यादर्शनादिरूपस्य भवमार्गस्य स'न्याय्यादि' स्तत्र, शुद्धवृत्तिर्निरतिचारप्रवृत्तिरादिर्यस्या निवृत्तेः सा तथा तया गम्यमनुमेयं 'शुद्धवृत्त्यादिगम्यम्', 'एतत्' अनन्तरोदितस्वरूपं तत्त्वसंवेदनज्ञानम्, 'प्रकीर्तितं' ज्ञानस्वरूपविद्भिः संशब्दितम्, किंहेतुकमिदमित्याह- सत् शोभनं प्रकृष्टं यज्ज्ञानमाभिनिबोधिकादि तस्य यदावरणं तस्यापायोऽपगमः क्षयक्षयोपशमलक्षणो यस्मिंस्तत् 'सज्ज्ञानावरणापायम्', अथवा सन्विद्यमानो ज्ञानावरणापायो यत्र तत्तथा, फलमस्याह- महोदयो महाभ्युदयो निर्वाणं तस्य निबन्धनमक्षेपेण कारणं 'महोदयनिबन्धनम्' इति ॥७॥**

**તત્ત્વસંવેદન જ્ઞાનના ચિહ્ન આદિનું પ્રતિપાદન કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** તત્ત્વસંવેદન જ્ઞાનને ન્યાય્ય આદિમાં શુદ્ધવૃત્તિ આદિથી જાણી શકાય તેવું, સદ્જ્ઞાનાવરણના અપાયવાળું અને મહોદયનું કારણ કહ્યું છે. (૭)

**ટીકાર્થ— ન્યાય્ય આદિમાં શુદ્ધવૃત્તિ આદિથી જાણી શકાય તેવું**-ન્યાય એટલે નીતિ. નીતિથી યુક્ત તે ન્યાય્ય.[1] ન્યાય્ય એટલે સમ્યગ્દર્શનાદિ ત્રણ સ્વરૂપ મોક્ષમાર્ગ. તેમાં શુદ્ધવૃત્તિ એટલે નિરતિચાર પ્રવૃત્તિ. ન્યાય્ય

૧. અહીં સિદ્ધહેમ વ્યાકરણ ૭-૧-૧૩ સૂત્રથી ય પ્રત્યય આવ્યો છે. અને ૭-૪-૬૮થી ન્યાય શબ્દના અંત્ય અ નો લોપ થયો છે.

આદિમાં એ સ્થળે રહેલા આદિ શબ્દથી મિથ્યાદર્શનાદિ સ્વરૂપ સંસારમાર્ગ જાણવો. શુદ્ધવૃત્તિ આદિથી એ સ્થળે રહેલા આદિ શબ્દથી નિવૃત્તિ જાણવી. આનો અર્થ એ થયો કે તત્ત્વસંવેદનજ્ઞાન સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગમાં નિરતિચાર પ્રવૃત્તિથી અને મિથ્યાદર્શનાદિરૂપ સંસારમાર્ગથી નિવૃત્તિથી જાણી શકાય છે. જે જીવ સમ્યગ્દર્શનાદિ-રૂપ મોક્ષમાર્ગમાં નિરતિચાર પ્રવૃત્તિ કરે અને મિથ્યાદર્શનાદિરૂપ સંસારમાર્ગથી નિવૃત્ત થાય તેનામાં તત્ત્વસંવેદન જ્ઞાન છે એ નિશ્ચિત થાય છે. આ કથનથી તત્ત્વસંવેદન જ્ઞાનને જાણવાનું ચિહ્ન જણાવ્યું છે.

**સદ્જ્ઞાનાવરણના અપાયવાળું—** સદ્ એટલે સુંદર, અર્થાત્ પ્રકૃષ્ટ. અપાય એટલે ક્ષયોપશમ.

તત્ત્વસંવેદન જ્ઞાન પ્રકૃષ્ટ મત્યાદિજ્ઞાનના આવરણના ક્ષયવાળું કે ક્ષયોપશમવાળું હોય છે. અર્થાત્ તત્ત્વસંવેદન જ્ઞાન પ્રકૃષ્ટ મત્યાદિજ્ઞાનના આવરણના ક્ષયથી કે ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. આ કથનથી તત્ત્વસંવેદનજ્ઞાનનું કારણ જણાવ્યું છે.

**મહોદયનું કારણ—** મહોદય એટલે મોક્ષ. આ જ્ઞાન વિલંબ વિના મોક્ષપ્રાપ્તિનું કારણ છે. આ કથનથી તત્ત્વસંવેદન જ્ઞાનનું ફળ જણાવ્યું છે.

**કહ્યું છે—** જ્ઞાનનું સ્વરૂપ જાણનારાઓએ કહ્યું છે. (૭)

**उपसंहरन्नुपदेशमाह—**

**एतस्मिन्सततं यत्नः, कुग्रहत्यागतो भृशम् ।**
**मार्गश्रद्धादिभावेन, कार्य आगमतत्परैः ॥८॥**

**वृत्तिः—'एतस्मिन्' अनन्तरोक्ते तत्त्वसंवेदनज्ञाने, 'सततम्' अनवरतम्, 'यत्नः' आदरः, कार्य इति सम्बन्धः, कुतः ? 'कुग्रहत्यागतः' शास्त्रबाधिताभिनिवेशपरित्यागेन, 'भृशम्' अत्यर्थम्, केन करण-भूतेन कार्यो यत्न इत्याह- मार्गे मोक्षमार्गे श्रद्धादिर्मार्गश्रद्धादिस्तद्रूपो भाव आत्मपरिणामो 'मार्गश्रद्धादि-भाव' स्तेन, तत्र श्रद्धानमादिशब्दात् ज्ञानमासेवनं चेति, 'कार्यो' विधेयः, कैरित्याह 'आगमतत्परैः' आप्तप्रवचनप्रधानैरिति ॥८॥**

**॥ नवमाष्टकविवरणं समाप्तम् ॥९॥**

**ઉપસંહાર કરતા ગ્રન્થકાર ઉપદેશને કહે છે—**

**શ્લોકાર્થ—** આગમમાં તત્પર પુરુષોએ કદાગ્રહનો ત્યાગ કરીને મોક્ષમાર્ગ સંબંધી શ્રદ્ધાદિરૂપ આત્મ-પરિણામથી આ તત્ત્વસંવેદન જ્ઞાનમાં સતતપણે અતિશય આદર કરવો જોઇએ. (૮)

**ટીકાર્થ— આગમમાં તત્પર—** આપ્તના પ્રવચનને પ્રધાન માનનાર.

**કદાગ્રહનો—** શાસ્ત્રથી બાધિત થયેલા અભિનિવેશનો.

શ્રદ્ધાદિરૂપ એ સ્થળે રહેલા આદિ શબ્દથી જ્ઞાન અને આચરણ સમજવું. મોક્ષમાર્ગની શ્રદ્ધારૂપ, મોક્ષ-માર્ગના જ્ઞાનસ્વરૂપ અને મોક્ષમાર્ગના આચરણ રૂપ આત્મપરિણામથી તત્ત્વસંવેદન જ્ઞાનમાં સતત અતિશય આદર કરવો જોઇએ. (૮)

**નવમા જ્ઞાન અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું**

## ॥१०॥ अथ दशमं वैराग्याष्टकम् ॥

सम्यग्ज्ञानाद्वैराग्यमुपजायत इत्यतस्तन्निरूपणायाह—

**आर्त्तध्यानाख्यमेकं स्या-न्मोहगर्भं तथापरम् ।**
**सज्ज्ञानसङ्गतं चेति, वैराग्यं त्रिविधं स्मृतम् ॥१॥**

वृत्तिः— ऋतं दुःखं तत्र भवमार्तं, तच्च तद् ध्यानं चैकाग्रचित्तत्वम् आर्तध्यानम्, इष्टानिष्टार्थवियोगावियोगनिमित्तं सविक्लवं चित्तमित्यर्थः, तदेवाख्या संज्ञा यस्य तद् 'आर्त्तध्यानाख्यम्', 'एकं' प्रथमम्, 'स्यात्' भवेत्, मोहो मिथ्यात्वमज्ञानं च गर्भोऽन्तःसारो यस्य तद्'मोहगर्भम्', 'तथा' इति समुच्चये, 'अपरम्' अन्यत्, सज्ज्ञानं सम्यग्बोधस्तेन सङ्गतं युक्तं 'सज्ज्ञानसङ्गतम्,' 'चः' समुच्चये, 'इति' अनेन प्रकारेण, विगतो रागः प्रमादो यस्य स विरागः, तस्य भावः कर्म वा 'वैराग्यम्', तिस्रो विधा भेदा यस्य तत् 'त्रिविधम्', 'स्मृतम्' आप्तैरुपदिष्टमिति ॥१॥

## દશમું વૈરાગ્ય અષ્ટક

(સાચા વૈરાગ્ય વિના ધર્મ સંભવે જ નહિ. તાત્ત્વિક વૈરાગ્યથી જ ધર્મની કે મોક્ષની પ્રાપ્તિ થાય. આથી ધર્માર્થીએ તાત્ત્વિક વૈરાગ્યનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઇએ. એ માટે આ અષ્ટકનું અધ્યયન અનિવાર્ય છે. આ અષ્ટકમાં ત્રણ પ્રકારના વૈરાગ્યનું વર્ણન કરવામાં આવ્યું છે.)

**સમ્યગ્ જ્ઞાનથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. આથી વૈરાગ્યનું નિરૂપણ કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ**— આર્તધ્યાન[1] નામનો એક, મોહગર્ભ બીજો અને સદ્જ્ઞાન સંગત ત્રીજો એમ વૈરાગ્ય ત્રણ પ્રકારનો કહ્યો છે. (૧)

**ટીકાર્થ— આર્તધ્યાન**— ઋત એટલે દુ:ખ, ઋતમાં[2]= દુ:ખમાં થયેલું ધ્યાન તે આર્તધ્યાન. ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. ઇષ્ટ પદાર્થનો વિયોગ અને અનિષ્ટ પદાર્થનો સંયોગરૂપ નિમિત્તથી આકુળ વ્યાકુળ થયેલું ચિત્ત આર્તધ્યાન છે.

**મોહગર્ભ**— મોહ એટલે મિથ્યાત્વ અને અજ્ઞાનતા. ગર્ભ એટલે અંદરનો સાર. મોહ છે અંદરનો સાર જે વૈરાગ્યમાં તે મોહગર્ભ કહેવાય.

**સદ્જ્ઞાન સંગત**— સદ્જ્ઞાન એટલે સમ્યગ્બોધ. સંગત એટલે યુક્ત. સદ્જ્ઞાનથી યુક્ત વૈરાગ્ય સદ્જ્ઞાન સંગત છે.

**વૈરાગ્ય**— જેમાંથી રાગ (=પ્રમાદ) ચાલ્યો ગયો છે તે વિરાગ, વિરાગનો ભાવ કે ક્રિયા તે વૈરાગ્ય.

**કહ્યો છે**— આપ્ત પુરુષોએ કહ્યો છે. (૧)

---

૧. અન્ય ગ્રન્થોમાં વૈરાગ્યના અનુક્રમે દુ:ખગર્ભિત મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એવાં ત્રણ નામો છે.

૨. અહીં સિદ્ધહેમ વ્યાકરણ ૬-૩-૧૨૩ સૂત્રથી "**तत्र भवं**" એ અર્થમાં ઋત શબ્દથી **अण्** પ્રત્યય આવ્યો છે.

आद्यं तावदाह—

इष्टेतरवियोगादि-निमित्तं प्रायशो हि यत् ।
यथाशक्त्यपि हेयादा-वप्रवृत्त्यादिवर्जितम् ॥२॥

उद्वेगकृद्विषादाढ्य-मात्मघातादिकारणम् ।
आर्त्तध्यानं ह्यदो मुख्यं, वैराग्यं लोकतो मतम् ॥३॥

वृत्तिः— इष्टश्च प्रिय इतरश्चानिष्ट इष्टेतरौ, विषयाविति गम्यते, तयोर्यथासङ्ख्येन यो वियोगादि-र्विरहसम्प्रयोगौ स निमित्तं कारणं यस्य तद् 'इष्टेतरवियोगादिनिमित्तम्', 'प्रायशो' बाहुल्येन, न पुनरि-ष्टेतरवियोगादिनिमित्तमेव, स्वविकल्पनिमित्तस्यापि तस्य सम्भवात्, 'हिशब्दो' यस्मादर्थः, तत्प्रयोगं च दर्शयिस्यामः, 'यद्' इति वैराग्यम्, 'अद' एतदार्त्तध्यानमेवेति सम्बन्धः, कुतस्तदार्त्तध्यानमेव, न पुनर्यथा-वद्वैराग्यमित्याह- यस्मात् 'यथाशक्त्यपि' सामर्थ्यानुरूपमपि, आस्तां श्रद्धातिशयाच्छक्त्यतिक्रमतः, 'हेयादौ' हेयोपादेयवस्तुविषये, क्रमेण 'अप्रवृत्त्यादिवर्जितं' निवर्तनप्रवर्तनविरहितम्, यत्किल यथावद्वैराग्यं भवति तद्धेयेष्विन्द्रियार्थेषूपादेयेषु च तपोध्यानादिषु यथाशक्ति निवृत्तिप्रवृत्तियुक्तं भवति तत्स्वरूपत्वात्, इदं तु तद्वर्जितं यस्मात्तस्मादार्तध्यानमेवेति भावः ॥२॥

तथा उद्वेगं मनःस्वास्थ्यचलनं करोतीति 'उद्वेगकृत्,' तथा विषादो दैन्यं तेनाढ्यं परिपूर्णं 'विषादा-ढ्यम्,' अनेन मनोदुःखहेतुतास्योक्ता, अथ शरीरदुःखहेतुतामस्यैवाह- आत्मेह रूढितः स्वशरीरं- तस्य यद् घातादि हिंसनताडनादि तस्य कारणं हेतुः 'आत्मघातादिकारणम्,' 'आर्त्तध्यानम्,' 'हि' शब्दस्यैव-कारार्थत्वादार्तध्यानमेव, 'अद' इति सम्बन्धितमेव, किम्भूतमित्याह- मुखे भवं 'मुख्यं' प्रधानं निरुपरचि-तमित्यर्थः, ननु यद्यार्तध्यानमेतत्तदा कस्माद्वैराग्यतयोक्तमित्याह- 'वैराग्यम्' उक्तनिर्वचनम्, 'लोकतो' लोकं पृथग्जनमाश्रित्य तद्रूढ्येत्यर्थो न पुनस्तत्त्वतः, 'मतं' सम्मतं तत्त्वविदुषामिति ॥३॥

પહેલા આર્તધ્યાન નામના વૈરાગ્યને (બે શ્લોકોથી) કહે છે—

**શ્લોકાર્થ—** જે વૈરાગ્ય પ્રાયઃ ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગરૂપ નિમિત્તથી ઉત્પન્ન થાય તે મુખ્ય આર્તધ્યાન જ છે. કારણ કે તે વૈરાગ્ય યથાશક્તિ પણ હેયથી નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિથી રહિત છે. ઉદ્વેગ કરનારું છે, વિષાદથી પરિપૂર્ણ છે, અને આત્મઘાત આદિનું કારણ છે. આમ છતાં સામાન્ય લોકની રૂઢિથી વૈરાગ્ય તરીકે સંમત છે. (૨-૩)

**ટીકાર્થ—પ્રાયઃ—** અહીં પ્રાયઃ કહેવાનું કારણ એ છે કે આ વૈરાગ્ય કેવળ ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગરૂપ નિમિત્તથી જ ઉત્પન્ન થાય છે એમ નથી, કિંતુ જીવની પોતાની વિવિધ કલ્પનાથી પણ ઉત્પન્ન થાય છે. આમ છતાં મોટાભાગે ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ રૂપ નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

**મુખ્ય—** ઉપચાર વિના પ્રધાન.

**યથાશક્તિ પણ—** અતિશય શ્રદ્ધાના કારણે શક્તિનું ઉલ્લંઘન કરીને હેયથી નિવૃત્તિ આદિની વાત દૂર રહી, કિન્તુ પોતાના સામર્થ્ય પ્રમાણે પણ હેયથી નિવૃત્તિ વગેરેથી રહિત હોય છે. જે તાત્ત્વિક વૈરાગ્ય હોય તે વૈરાગ્ય યથાશક્તિ હેય ઇંદ્રિયોના પદાર્થોથી નિવૃત્તિથી અને ઉપાદેય તપ-ધ્યાનાદિમાં પ્રવૃત્તિથી યુક્ત હોય. કારણ કે તાત્ત્વિક વૈરાગ્ય યથાશક્તિ હેય ઇંદ્રિયોના પદાર્થોથી નિવૃત્તિ સ્વરૂપવાળો અને ઉપાદેય તપ-ધ્યાનાદિમાં પ્રવૃત્તિ સ્વરૂપવાળો છે.

**ઉદ્વેગ—** એટલે માનસિક સ્વાસ્થ્યનું જવું.

**વિષાદથી પરિપૂર્ણ—** એમ કહીને આ વૈરાગ્ય માનસિક દુ:ખનું કારણ છે એ જણાવ્યું છે.

**આત્મઘાત આદિનું કારણ છે—** અહીં આત્મા એટલે રૂઢિથી પોતાનું શરીર સમજવું. ઘાત એટલે વધ-તાડન વગેરે. આ વૈરાગ્ય સ્વશરીરના વધ-તાડન વગેરેનું કારણ છે, અર્થાત્ આ વૈરાગ્યને પામેલો જીવ પોતાના શરીરનો વધ-નાશ કરે અને તાડન વગેરે કરે. આનાથી આ વૈરાગ્ય શારીરિક દુ:ખનું કારણ છે એમ કહ્યું.

**સંમત છે—** તત્ત્વમાં નિપુણ પુરુષોને સંમત છે. (૨-૩)

**मोहगर्भस्वरूपोपदर्शनायाह—**

**एको नित्यस्तथाऽबद्धः, क्षय्यसन्वेह सर्वथा ।**
**आत्मेतिनिश्चयाद् भूयो, भवनैर्गुण्यदर्शनात् ॥४॥**
**तत्त्यागायोपशान्तस्य, सद्वृत्तस्यापि भावतः ।**
**वैराग्यं तद्गतं यत्तन्-मोहगर्भमुदाहृतम् ॥५॥**

**वृत्तिः— 'एको'ऽद्वितीय आत्मेत्यादिनिश्चयात् सद्वृत्तस्यापि यद्वैराग्यं 'तन्मोहगर्भमुदाहृतम्' इति योगः, तत्र एक एवात्मा लोकव्यापी चेत्येको वादी निश्चितवान्, यदाह-''पुरुष एवेदं ग्निं सर्वं यद् भूतं यच्च भाव्यम् । उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति यदेजति यन्नेजति यद् दूरे यदु अन्तिके । यदन्तरस्य सर्वस्य यदु सर्वस्यास्य बाह्यतः ॥'' इति (ऋग्वेदे १० मण्डले, ९० सूक्ते, २ श्लोकः) ॥ ग्निं इति वाक्यालङ्कारो निपातः । उतामृतत्वस्येशानो मोक्षस्यापि प्रभुः पुरुष एव, एजति चलति, यदु अन्तिके इह उशब्दो निपातः, अन्तः आध्यात्मिकं वस्तु अस्य जगत इति । एतन्मतानुसार्येवाह-''एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ॥१॥ (ईशोपनिषदि ५ श्लोकः) । तथा ''नित्यज्ञानविवर्तोऽयं, क्षितितेजोजलादिकः । आत्मा तदात्मकश्चेति, संगिरन्ते परे पुनः ॥१॥'' (ब्रह्म-बिन्दौ १२ श्लोकः) तथा 'नित्य' इति, अनेकत्वेऽपि नित्य आत्मा इति कश्चित्, अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपत्वात्, आह च-''अमूर्तश्चेतनो भोगी, नित्यः सर्वगतोऽक्रियः । अकर्ता निर्गुणः सूक्ष्म, आत्मा कपिल-दर्शने ॥१॥'' इति । 'तथा' इति विशेषणान्तरसमुच्चये, 'अबद्धो' न केनचित्संस्पृष्टः, यदाह-''तस्मान्न बध्यते नापि, मुच्यते नापि संसरति कश्चित् । संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः ॥१॥''**

**तथा 'क्षयी' क्षणिकात्मेति कश्चित्, यतस्तत्सिद्धान्तोऽयम्-''जह लेट्ठुयम्मि खित्ते उप्पाए अत्थि**

कारणं । पडणे कारणं नत्थि, अन्नत्थुप्पायकारणा [७८]॥१॥'' एवं संकडधम्माणं, उप्पाए अत्थि कारणं । विणासे कारणं नत्थि, अन्नत्थुप्पायकारणा [७९]॥२॥ न निहाणगया भग्गा, पुंजो नत्थि अणागए । निव्वुया नेव चिट्ठन्ति, आरग्गे सरिसोवमा [८०]॥३॥'' तथा ॥ ''अर्थक्रियाविधायित्वं, वस्तुलक्षणमुच्यते । क्रमाक्रमाविरुद्धा च, क्रिया निःशेषवस्तुषु ॥१॥ क्रमाक्रमविरोधश्च, नित्ये वस्तुनि तां प्रति । तेन वस्तु क्षणस्थायि, परिणामवियोगतः ॥२॥'' तथा 'असन्' न विद्यमान आत्मेति, यतो बौद्धसिद्धान्ते वृत्तमिदम्-''यथा कुमारी स्वप्नान्तरे(त)ऽस्मिन्, सा पुत्रं जातं च मृतं च पश्यति । जातेऽतितुष्टा मृते दौर्मनस्थिता, तथोपमान् जानत सर्वधर्मान् ॥१॥'' एतस्य वृत्तस्य छान्दसत्वात् नापशब्दच्छन्दोभङ्गाववधार्याविति । तथा ''सर्वे धर्मा निरात्मान, एतत्साधनहानितः । दृष्ट्युच्छेदस्तु मा भूया-दिति सत्ता प्रकीर्तिता ॥१॥'' 'वाशब्दो' विकल्पार्थोऽनुक्तसमुच्चयार्थो वा, तेन चित्तमात्रं वात्मेति । यतः सुगतवचनम्-''चित्तमात्रं भो जिनपुत्र, यदेतत्त्रैधातुकमिति ॥''

'इह' इत्यस्मिल्लोके, 'सर्वथा' इति सर्वत्र सम्बध्यते, ततश्च सर्वथैकः सर्वथा नित्य आत्मेत्यादिनिश्चयादेव मोहगर्भत्वं वैराग्यस्य स्यात्, कथञ्चिदेकत्वादिनिश्चयात् पुनः सज्ज्ञानसङ्गततां तस्य वक्ष्यति, तथाविधनिश्चयस्य वस्तुपरामर्शित्वेन सज्ज्ञानत्वादिति, तथाहि, सामान्यरूपापेक्षया एकत्वमस्य, विशेषरूपापेक्षया त्वनेकत्वमेव, न च वाच्यं सामान्यं विशेषेभ्यो भेदाभेदविकल्पाभ्यामनुपपद्यमानत्वादसत्, विशेषेभ्यः सामान्यस्यैकान्तेन भेदाभेदयोरनभ्युपगमात्, तथाहि- विशेषा एव समताप्रत्ययनिबन्धनतामापद्यमानाः सामान्यमुच्यते, विषमताप्रत्ययनिबन्धनतामापद्यमाना विशेषा इति । यदाह-''वैषम्यसमभावेन, ज्ञायमाना इमे किल । प्रकल्पयन्ति सामान्य-विशेषस्थितिमात्मनि ॥१॥'' इति । तथा सर्वथैकत्वे आत्मनः सर्वमसमञ्जसं स्यात्, यदाह-''आत्मनां सर्वथैकत्वे, वेदनं सुखदुःखयोः । भेदसिद्धं न युज्यते, न वा संसारनिर्वृती ॥१॥''

यच्चोक्तम्-''पुरुष एवेदमित्यादि'' । तद्वचनमात्रम्, अप्रमाणकत्वादिति । तथा नित्यत्वमप्यात्मनो द्रव्यार्थापेक्षया सङ्गतमेव, न तु सर्वथा, पर्यायार्थतया तस्यानित्यत्वात् । आह च-''द्रव्याश्रयं च नित्यत्वमात्मानो हन्त सङ्गतम् । कूटस्थनित्यतायोगे, बन्धमोक्षाद्यसङ्गतेः ॥१॥ पर्यायतस्त्वनित्यत्वं, सिद्धं बाल्यादिदर्शनात् । अनित्यतां विना नैव, स्यादवस्थाविचित्रता ॥२॥ यथाहेः कुण्डलावस्था, व्यपैति तदनन्तरम् । सम्भवत्यार्जवावस्था, सर्पत्वं त्वनुवर्तते ॥३॥ एवमस्य निवर्तन्ते, जायन्ते चापरापराः । अवस्थाः सुखदुःखाद्या-श्चैतन्यं त्वनुवर्तते ॥४॥ न चावस्थाविभेदेन, सर्वथैव स भिद्यते । क्रमवद्वर्णसंस्पर्शि-विकल्पप्रत्ययो यथा ॥५॥ विकल्पस्याप्यनेकत्वे, न स्याद्वस्तुविनिश्चयः । तदभावे च न स्यातां, प्रवर्तननिवर्तने ॥६॥ विरुद्धधर्मयोगोऽपि, नैकान्तेन विभेदकः । यथैकमपि प्रत्यक्षं, भ्रान्ताभ्रान्ततया मतम् ॥७॥'' तथा सर्वथैवात्मनो बन्धाभावे प्रकृतेरेव वा बन्धे आत्मनो मोक्षो न युज्यते, लोके हि यो बद्धस्तस्यैव मोक्षो व्यपदिश्यते नान्यस्येति, आह च-''प्रकृतेरेव बन्धश्चेत्, तदा पुंसो न मुक्तता । अबद्धत्वेन तस्यापि, मुक्तौ स्यादसम-

७८. यथा लेष्टुके क्षिप्ते उत्पादेऽस्ति कारणम् । पतने कारणं नास्ति अन्यत्रोत्पादकारणात् ॥१॥

७९. एवं सङ्कटधर्माणामुत्पादेऽस्ति कारणम् । विनाशे कारणं नास्ति अन्यत्रोत्पादकारणात् ॥२॥

८०. न निधानगता भग्नाः पुञ्जो नास्त्यनागते । निर्वृता नैव तिष्ठन्ति आराग्रे सर्षपोपमाः ॥३॥

ङ्गसम् ॥१॥''

तथा क्षणिकत्वमपि सर्वथैव सद्भिर्नाभिमन्यते, कथञ्चिदेव तस्यानुमतत्वात्, इदं चानन्तरमेवोपदर्शितम्, ''द्रव्याश्रयं च नित्यत्वम्'' इत्यादिना वचनसन्दर्भेण । यच्च क्षणिकत्वसाधनायोक्तं, ''जह लेड्डुयम्मि खित्ते'' इत्यादि, तत्पर्यायापेक्षया युक्तमेव, द्रव्यापेक्षया तु नित्यत्वमुपदर्शितमेव । यच्चोक्तं, ''अर्थक्रियाविधायित्वम'' इत्यादि, तत्रोच्यते । अर्थक्रियाकारित्वं सत्त्वलक्षणं न भवत्येव, दीपाद्यन्तक्षणेन व्यभिचारात् । अथ ज्ञानजनकत्वात्तस्य न व्यभिचारः, नैवम्, योगिज्ञानजनकत्वेनातीतानागतार्थानां वस्तुत्वप्राप्तेः । भवतु वार्थक्रियाकारित्वलक्षणं सत्त्वम्, तथापि तत् परिणामिन्येव वस्तुनि सङ्गच्छते, क्षणिकाक्षणिकयोस्तदसम्भवात्, तथाहि- क्षणिकोऽर्थः पूर्वक्षणे १ स्वक्षणे २ अनागतक्षणे ३ वा कार्यं करोतीति विकल्पाः, तत्र न तावत् पूर्वक्षणे, तस्य तदानुत्पन्नत्वेनासत्त्वात्, नापि स्वक्षणे, समकालभाविनि व्यापाराभावादितरथैकक्षणवर्तिनां समस्तार्थक्षणानामितरेतरं कार्यकारणभावः प्रसज्येत, नाप्यनागतक्षणे, तत्र तस्य विनष्टत्वेनासत्त्वादेव । किञ्च, क्षणिकोऽर्थः क्रमेणार्थक्रियां करोति यौगपद्येन वा, न तावत् क्रमेण, क्षणिकत्वे क्रमकरणस्यासम्भवात्, नापि यौगपद्येनेति पक्षः, यतोऽसौ सन् करोति असन् वा, न असन्, असत्त्वादेव, खरविषाणवत्, नापि सन्, स्वक्षणकरणोक्तदोषप्रसङ्गात् । किञ्च स्वभावभेदवतामनेककार्याणां युगपत्करणे वस्तुनोऽनेकस्वभावतापत्तिः स्यात्, न चासौ क्षणवादिनामस्तीति । अक्षणिकं तु भवतैवैकस्वभावतया विकल्पद्वयेनापि न कार्यकरणदक्षमित्युक्तम्, अतः परिणामिन्येव वस्तुन्यर्थक्रियाकारित्वलक्षणं सत्त्वमवतिष्ठत इति । किञ्च, ''सर्वथा क्षणिकं वस्तु, यदि हन्त त्वयेष्यते । कार्यकारणभावादि, तदा कः प्रतिपद्यते ॥१॥ को हि व्यवस्थितः कर्ता, संधत्ते क्रमवद्गतिम् । अस्य दृष्टाविदं दृष्टं, नास्यादृष्टौ तु लक्ष्यते ॥२॥'' तथा असत्त्वमप्यात्मनः सर्वथात्वेन असङ्गतम्, कथञ्चित्तु सङ्गतमेव, आह च, ''पररूपेण चासत्त्व-मिष्यते न तु सर्वथा । सर्वथा तदभावे हि, परलोको न सिध्यति ॥१॥'' इति । यच्चोक्तं ''यथा कुमारी'' इत्यादि, तत् सकलवस्तुविषयाभिष्वङ्गदोषोन्मूलनार्थं, न तु सर्वथा आत्माभावप्रतिपादनार्थमिति बोद्धव्यम् । यच्चोक्तं, ''सर्वे धर्मा निरात्मान एतत्साधनहानितः'' इत्यादि, तदयुक्तम्, आत्मसाधनानां शास्त्रान्तरेषु प्रतिपादितत्वादिति । यच्चोच्यते ''दृष्ट्युच्छेदस्तु मा भूयात्'' इति, तदयुक्ततरम्, असतो ह्यात्मनः सर्वोपदर्शनं परप्रतारणस्वरूपमेव, न चैतत्सतां सङ्गतमिति ।

अतति सततं गच्छतीति ''आत्मा'' प्राणी, 'इति' एवम्प्रकारात्, 'निश्चयात्' निर्णयात्, 'भूयः' पुनरपि, 'भवनैर्गुण्यदर्शनात्' संसारासारतोपलम्भात्, ''सदापायः कायःप्रणयिषु सुखं स्थैर्यविमुखं, महारोगा भोगाः कुवलयदृशः सर्पसदृशः ॥ गृहावेशः क्लेशः प्रकृतिचपला श्रीरपि खला यमः स्वैरी वैरी परमिह हितं कर्तुमुचितम् ॥१॥'' इत्यादिभावनयेत्यर्थः ॥४॥ 'तत्त्यागाय' संसारविमोक्षार्थम्, 'उपशान्तस्य' कषायेन्द्रियनिग्रहवतः, 'सद्वृत्तस्यापि' स्वसिद्धान्तानुसारेण शोभनानुष्ठानवतोऽपि, आस्तामन्यस्य, 'भावतः' सद्भावेन, 'यत्' इत्यस्येह सम्बन्धात्, 'वैराग्यम्' अभिष्वङ्गाभावः, किम्भूतं ? 'तद्गतं' भवविषयम्, 'तत्' इति वैराग्यम्, 'मोहगर्भम्' अज्ञानसारम्, 'उदाहृतं' वैराग्यस्वरूपवेदिभिरभिहितम्, मोहगर्भता

**चास्यान्यथाभूतस्य वस्तुनोऽन्यथावबोधात्, अत एवेदं न परमार्थसाधकमात्यन्तिकसन्निपातग्रस्तस्य सदौषधवत् सुखमात्रसम्पादकत्वादस्य, यदाह- ''कुणइ जह सन्निवाए, सदोसहं जोग्गसोक्खमित्तं तु । तह एयं विन्नेयं, अणोरपारम्मि संसारे[८१] ॥१॥'' इति ॥५॥**

**મોહગર્ભ વૈરાગ્યનું સ્વરૂપ જણાવવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** વારંવાર સંસારની અસારતા જોવાથી સંસારના વિચ્છેદ માટે ઉપશાંત અને ભાવથી સદ્વર્તનવાળા પણ જીવનો સંસાર ઉપરનો જે વૈરાગ્ય છે તે વૈરાગ્યને ''આ જગતમાં આત્મા એકાંતે એક છે, નિત્ય છે, અબદ્ધ છે, ક્ષણિક છે, અસત્ છે.'' એવા નિર્ણયના કારણે મોહગર્ભ કહ્યો છે. (૪-૫)

**ટીકાર્થ— વારંવાર સંસારની અસારતા જોવાથી—** શરીર સદા અનર્થવાળું છે, પ્રેમીજનોમાં (=પ્રેમીજનોને જોઇને થતું) સુખ અનિત્ય છે, ભોગો મહારોગવાળા છે, (સ્ત્રીઓની) કમળ જેવી આંખો સર્પસમાન છે, ઘરની આસક્તિ ક્લેશનું કારણ છે, સ્વભાવથી જ ચંચળ લક્ષ્મી પણ દુષ્ટા છે (=સારી નથી), સ્વચ્છંદી યમ શત્રુ છે, તેથી આ જગતમાં કેવળ આત્મહિત કરી લેવું એ યોગ્ય છે. ઇત્યાદિ ભાવનાથી વારંવાર સંસારની અસારતા જોવાથી.

**આત્મા—** જે સતત જાય છે તે આત્મા, અર્થાત્ જે સતત પર્યાયોમાં અન્વયી બને=પર્યાયોની પાછળ પાછળ જાય તે આત્મા.

**ઉપશાંત—** કષાય અને ઇંદ્રિયના નિગ્રહવાળો.

**ભાવથી—** સદ્ભાવથી.

**સદ્વર્તનવાળા પણ જીવનો—** બીજાની વાત દૂર રહી, પોતાના સિદ્ધાન્તના અનુસારે સુંદર અનુષ્ઠાનવાળા પણ જીવનો વૈરાગ્ય મોહગર્ભ છે.

**એક છે—** કોઇ વાદી ''આત્મા એક જ છે અને લોકવ્યાપી છે'' એવા નિર્ણયવાળો છે. કહ્યું છે કે-''**જે હતું અને જે થશે, જે મોક્ષનો પણ સ્વામી છે, જે અન્નથી વધે છે, જે ચાલે છે અને જે સ્થિર છે, જે દૂર છે અને જે નજીક છે, જે વસ્તુ સંપૂર્ણ જગતની અંદર છે=આધ્યાત્મિક છે અને જે વસ્તુ સંપૂર્ણ જગતથી બહાર છે =ભૌતિક છે. એ બધું પુરુષ (=પરમબ્રહ્મ) જ છે.** (ઋગ્વેદ)

આ મતને અનુસરનાર જ કોઇક કહે છે-''**એક જ ભૂતાત્મા (=બ્રહ્મ) પ્રત્યેક શરીરમાં રહેલો છે. તે એક જ આત્મા જલમાં ચંદ્રની જેમ એકરૂપે અને અનેકરૂપે દેખાય છે.**''

તથા **આ પૃથ્વી, તેજ, જલ વગેરે નિત્યજ્ઞાનનો વિકાર છે. આત્મા નિત્ય જ્ઞાન સ્વરૂપ છે. એમ બીજાઓ સ્વીકારે છે.**''

**નિત્ય છે—** આત્મા અનેક હોવા છતાં એકાંતે નિત્ય છે, એમ કોઇક માને છે. કારણકે આત્મા નાશ અને ઉત્પત્તિ વિનાનો અને હંમેશા સ્થિર એકરૂપ છે. કહ્યું છે કે-''**સાંખ્યદર્શનમાં આત્માને (=પુરુષને) અરૂપી, ચેતન, ભોક્તા, નિત્ય, સર્વવ્યાપી, નિષ્ક્રિય, અકર્તા, નિર્ગુણ અને સૂક્ષ્મ કહ્યો છે.**''

---

८१. करोति यथा सन्निपाते सदौषधं योग्यसुखमात्रं तु । तथैतद्विज्ञेयं अनर्वाक्पारे संसारे इति ॥१॥

**અબદ્ધ છે**— આત્મા કોઇનાથી જરાપણ સ્પર્શાયેલો નથી. કહ્યું છે કે-"**તેથી કોઇ (=પુરુષ) બંધાતો નથી, મુક્ત થતો નથી, અને સંસારમાં પરિભ્રમણ કરતો નથી. જુદા જુદા આશ્રયવાળી પ્રકૃતિ સંસારમાં પરિભ્રમણ કરે છે, બંધાય છે અને મુક્ત થાય છે.**"

**ક્ષણિક છે**— આત્મા એકાંતે ક્ષણિક છે એમ કોઇ કહે છે. કારણ કે તેનો સિદ્ધાંત આ છે-**જેવી રીતે ઢેફું ફેંકયે છતે (તેમાંથી માટીના નાના નાના ટૂકડાઓ ઉત્પન્ન થતા હોવાથી) ઉત્પત્તિનું કારણ છે, પણ ઉત્પત્તિના કારણ સિવાય બીજું કોઇ કારણ નાશમાં નથી. (૧) તેવી રીતે ગીચધર્મવાળા દ્રવ્યોમાં ઉત્પત્તિનું કારણ છે, ઉત્પત્તિના કારણ સિવાય બીજું કોઇ કારણ વિનાશનું નથી. (૨) નષ્ટ થયેલા પદાર્થો નિધાનમાં જમા નથી, અનાગતકાલીન પુદ્ગલોનો ઢગલો હાજર નથી, ઉત્પન્ન થયેલા પદાર્થો સોયના અગ્રભાગ ઉપર રાખેલા સરસવના દાણાની જેમ સ્થિર નથી. (૩) અર્થક્રિયાનું (=કાર્યનું) કરવું એ જ વસ્તુનું લક્ષણ કહેવાય છે. સઘળી વસ્તુઓમાં ક્રમથી કે યુગપદ્ અવિરુદ્ધ ક્રિયા થવી જોઇએ. (૧) પણ નિત્યવસ્તુમાં ક્રમથી કે યુગપદ્ ક્રિયાને આશ્રયીને વિરોધ[1] આવે છે. તેથી વસ્તુ ક્ષણસ્થાયી છે. (૨)**

તથા આત્મા વિદ્યમાન નથી. કારણ કે બૌદ્ધ સિદ્ધાંતમાં આ શ્લોક છે-"**જેવી રીતે કુમારી સ્વપ્નમાં જન્મેલા અને મરેલા પુત્રને જુએ, તથા પુત્ર ઉત્પન્ન થાય ત્યારે હર્ષ પામે, અને મૃત્યુ પામે ત્યારે ખિન્ન બને, તેવી રીતે સર્વ ધર્મોને જાણો, અર્થાત્ સર્વપદાર્થોને કુમારીના આવા સ્વપ્ન જેવા જાણો.**"

આ શ્લોક વૈદિક હોવાથી આમાં અપશબ્દ છે તથા છંદભંગ છે એમ નિશ્ચય (=વિચાર) ન કરવો.

તથા "**સર્વ ધર્મો (=પદાર્થો) નિર્ધર્મ (=નિરાત્મ) છે. કારણ કે પદાર્થમાં પદાર્થભિન્ન ગુણધર્મને સિદ્ધ કરનાર હેતુ નથી.**" (અર્થાત્ ઘટમાં ઘટત્વ કે પટમાં પટત્વ નથી. માટે ઘટ ઘટાત્મક કે પટ પટાત્મક નથી. આ જ ઘટ-પટાદિ પદાર્થ નિષ્ઠ નૈરાત્મ્ય છે. ઘટભિન્ન ઘટનિષ્ઠ ઘટત્વ સાધક હેતુ ન હોવાથી પદાર્થમાં નૈરાત્મ્ય કહેવાય છે. અહીં એ શંકા થાય કે જો એવું હોય તો ઘટમાં ઘટત્વની જેમ સત્ત્વધર્મ પણ સિદ્ધ નહિ થઇ શકે. આ શંકાના નિરાકરણ માટે ઉત્તરાર્ધમાં કહે છે કે) "**જો ઘટ સત્સ્વરૂપ ન હોય=વંધ્યાપુત્રની જેમ અસત્ હોય તો अयं આવી પ્રતીતિનો (=દૃષ્ટિનો) પણ ઉચ્છેદ થઇ જાય. તેવું ન બને માટે ઘટ-પટ વગેરેમાં સત્ત્વગુણ ધર્મ શાસ્ત્રકારોએ જણાવેલ છે.**" આમ ઘટત્વપટત્વની જેમ આત્મત્વ નામનો ગુણધર્મ સિદ્ધ થઇ શકતો નથી કે જેના આશ્રયને આત્મા તરીકે ઓળખાવી શકાય. માટે આત્મા નથી. આવું બૌદ્ધોનું તાત્પર્ય જણાય છે.

આ ગાથામાં **वा** શબ્દ વિકલ્પ અર્થવાળો છે, અથવા જે ન કહ્યું હોય તેનો સમુચ્ચય કરવાના અર્થવાળો છે. તેથી (બૌદ્ધમતે) આત્મા ચિત્તમાત્ર છે. કારણ કે આ સુગતવચન છે— **હે જિનપુત્ર ! જે આ (વાત-પિત્ત-કફ) ત્રણધાતુથી બનેલું છે તે ચિત્તમાત્ર આત્મા છે.**"

**વિશેષાર્થ**— બૌદ્ધોની એ માન્યતા છે કે કોઇપણ પદાર્થ પોતાના હેતુઓથી ઉત્પન્ન થાય છે. પોતાના કારણોથી ઉત્પન્ન થતી વસ્તુ વિનશ્વર સ્વભાવવાળી જ ઉત્પન્ન થાય છે. આથી પદાર્થની ઉત્પત્તિનાં કારણો છે, પણ નાશ પામવાનાં કારણો નથી. દરેક વસ્તુ ઉત્પન્ન થયા પછી કોઇ કારણ વિના જ નાશ પામે છે, આથી જ ક્ષણિક છે.

---

૧. કેવી રીતે વિરોધ આવે છે તે સ્યાદ્વાદ મંજરી અને ષડ્દર્શન સમુચ્ચય વગેરે ગ્રંથોમાંથી જાણી લેવું. વિસ્તારભયથી અહીં લખ્યું નથી.

**પૂર્વપક્ષ**—[૧] જો સર્વભાવો ક્ષણ વિનશ્વર હોય તો "તે જ આ છે" એવી પ્રત્યભિજ્ઞા કેવી રીતે ઘટે ? વસ્તુ અક્ષણિક હોય તો જ આ પ્રત્યભિજ્ઞા સંભવી શકે, અન્યથા નહિ.

**ઉત્તરપક્ષ**— અત્યંત સદશ અપર અપરક્ષણો (ક્ષણભાવી પદાર્થો) ક્રમિકરીતે ઉત્પન્ન થયા જ કરે છે. આમ એક બાજુ પૂર્વોત્તરક્ષણો વચ્ચે અત્યંત સદશતા, અને બીજી બાજુ અનાદિકાલીન અવિદ્યાનો યોગ. આ બન્નેના કારણે સ્થૂળદૃષ્ટિવાળા સામાન્ય લોકોને સમાનતાનોં ભાસ થાય છે. જે સમયે પૂર્વક્ષણ નાશ પામે છે તે જ સમયે તેના જેવી જ ઉત્તરક્ષણ ઉત્પન્ન થાય છે. આ ઉત્તરક્ષણ પૂર્વક્ષણથી આકારમાં અવિલક્ષણ છે. તથા બન્ને ક્ષણ વચ્ચે કાળનું વ્યવધાન નથી. તેથી પૂર્વક્ષણનો અત્યંત=નિરન્વય ઉચ્છેદ થઇ ગયો હોવા છતાં, "તે જ આ છે" એવા અભેદનો બોધ કરાવતો પ્રત્યય ઉત્પન્ન થાય છે. તેને બીજા લોકો પ્રત્યભિજ્ઞા કહે છે. વાસ્તવમાં તો બન્ને ક્ષણો અત્યંત ભિન્ન જ છે. **દૃષ્ટાંત**-લણી નાંખ્યા પછી ફરીથી ઉગતા કુશ-કાશ (ઘાસ) તથા કાપી નાંખ્યા પછી ફરીથી ઉત્પન્ન થતા વાળ વગેરેમાં "આ પૂર્વે જોયેલાં જ છે" "આ તે જ છે." એવી બુદ્ધિ થાય છે. પરંતુ વાસ્તવમાં પૂર્વદૃષ્ટ અને અત્યારે દેખાતા એ બન્નેમાં અત્યંત ભેદ છે. તે જ રીતે અહીં પણ પરસ્પર ભિન્ન એવી પૂર્વોત્તરક્ષણોમાં "આ તે જ છે" ઇત્યાદિ પ્રત્યય શા માટે સંભવી ન શકે ? પરંતુ એવા ભ્રાન્તપ્રત્યયમાત્રથી કંઇ તે બન્ને અભિન્ન છે એમ કલ્પી લેવું સંગત નથી. તેથી સર્વ સત્‌વસ્તુઓ ક્ષણિક છે તે સિદ્ધ થાય છે. અહીં પૂર્વક્ષણ ઉપાદાન કારણ છે. અને ઉત્તર ક્ષણ ઉપાદેય=કાર્ય છે. બૌદ્ધમતનો આ અભિપ્રાય છે. (સ્યાદ્વાદમંજરીના મુનિ શ્રી અજિતશેખર વિ.કૃત અનુવાદમાંથી સાભાર ઉદ્ધૃત)

શ્લોકમાં રહેલા "સર્વથા" શબ્દનો સર્વસ્થળે સંબંધ છે. તેથી આત્મા સર્વથા (=એકાંતે) એક છે. આત્મા સર્વથા નિત્ય છે. ઇત્યાદિ નિશ્ચયના કારણે જ વૈરાગ્યનું મોહગર્ભિતપણું થાય છે. જો આત્મા કથંચિત્ એક છે ઇત્યાદિ નિશ્ચય થાય તો તે નિશ્ચય સદ્ જ્ઞાનથી યુક્ત બને છે એમ આગળ કહેશે. કેમકે તેવા પ્રકારનો નિશ્ચય વસ્તુના યથાર્થ વિચારવાળો હોવાથી સદ્ જ્ઞાનરૂપ છે. તે આ પ્રમાણે-સામાન્ય સ્વરૂપની અપેક્ષાએ આત્મા એક છે. વિશેષ સ્વરૂપની અપેક્ષાએ આત્મા અનેક છે.

**પૂર્વપક્ષ**— સામાન્ય વિશેષોથી ભિન્ન છે કે અભિન્ન છે એવા વિકલ્પોથી સામાન્ય ઘટી શકતું ન હોવાથી અસત્ છે.

**ઉત્તરપક્ષ**— સામાન્ય વિશેષોથી એકાંતે ભિન્ન છે કે એકાંતે અભિન્ન છે એવું સ્વીકારવામાં આવ્યું નથી. તે આ પ્રમાણે—સમાનતાના જ્ઞાનનું કારણ એવા વિશેષો જ સામાન્ય કહેવાય છે. અસમાનતાના જ્ઞાનનું કારણ એવાં દ્રવ્યો વિશેષ છે. કહ્યું છે કે-"**વિષમભાવથી અને સમાનભાવથી જણાતા આ પદાર્થો પોતાનામાં સામાન્ય-વિશેષ સ્થિતિને પ્રગટ કરે છે, અર્થાત્ વિષમભાવોથી જણાતા પદાર્થો પોતાનામાં વિશેષસ્થિતિને અને સમાન ભાવથી જણાતા પદાર્થો પોતાનામાં સામાન્ય સ્થિતિને પ્રગટ કરે છે.**"

જો આત્મા સર્વથા એક હોય તો સઘળું ય અયુક્ત થાય. કહ્યું છે કે— "**બધા આત્માઓ એક હોય તો સુખ-દુ:ખનો (અલગ અલગ થતો) અનુભવ કે જે ભેદથી સિદ્ધ થયેલો છે, તે ન ઘટે. તથા સંસાર-મોક્ષ ન ઘટે.**"

વળી" જે કંઇ થઇ ગયું છે અને જે કંઇ થશે તે બધું બ્રહ્મ જ છે." એમ જે કહ્યું છે તે વચનમાત્ર છે. (=વાસ્તવિક નથી) કારણ કે પ્રમાણથી સિદ્ધ થતું નથી.

૧ પૂર્વપક્ષ-ઉત્તરપક્ષનું લખાણ મૂળ ગ્રંથનું નથી. વિશેષ બોધ માટે વધારાનું લીધું છે.

તથા આત્માનું નિત્યપણું દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ઘટેલું જ છે, નહિ કે સર્વથા. કેમકે તે આત્મા પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ અનિત્ય જ છે. કહ્યું છે કે-**"દ્રવ્યના આધારે આત્માનું નિત્યત્વ સંગત જ છે. જો આત્મા કૂટસ્થ નિત્યતાના સંબંધવાળો હોય તો બંધ-મોક્ષ વગેરેની સંગતિ ન થાય. (૧) "પર્યાયથી તો આત્માનું અનિત્યપણું સિદ્ધ છે. કારણ કે બાલ્યાવસ્થા વગેરે અવસ્થાઓ જોવામાં આવે છે. અનિત્યતા વિના અવસ્થાની વિચિત્રતા (વિવિધતા) ન જ થાય." (૨) "જેવી રીતે સર્પની કુંડલાકારની અવસ્થા દૂર થાય છે પછી તુરત જ સરળ અવસ્થા થાય છે. બંને અવસ્થામાં સર્પપણું અન્વયી બને છે." (૩) એવી રીતે આત્માની પૂર્વ પૂર્વની અવસ્થાઓ નિવૃત્ત થાય છે. બીજી બીજી સુખ-દુ:ખ વગેરે અવસ્થાઓ ઉત્પન્ન થાય છે. અને તે બંને અવસ્થાઓમાં આત્મા અન્વયી બને છે. (૪) અવસ્થાભેદથી આત્મા સર્વથા જ ભિન્ન થતો નથી. જેમકે ક્રમપૂર્વક બોલાતા વર્ણોને સ્પર્શતું વિકલ્પજ્ઞાન, અર્થાત્ ક્રમપૂર્વક બોલાતા વર્ણોને સ્પર્શતું વિકલ્પજ્ઞાન[1] એક જ છે. (૫) જો વિકલ્પ પણ અનેક હોય તો વસ્તુનો વિશિષ્ટ નિશ્ચય ન થાય. વસ્તુના વિનિશ્ચય વિના પ્રવૃત્તિ અને નિવૃત્તિ પણ ન થાય. (૬) વિરુદ્ધધર્મોનો યોગ (=સંબંધ) પણ એકાંત ભેદ કરનાર નથી. જેમકે એકપણ પ્રત્યક્ષ ભ્રાન્તપણે અને અભ્રાન્તપણે મનાયું છે." (૭)**

તથા જો આત્માને સર્વથા બંધનો અભાવ હોય અથવા પ્રકૃતિને જ બંધ હોય તો આત્માનો મોક્ષ ન ઘટે. લોકમાં જે બંધાયો હોય તેનો જ મોક્ષ (=છૂટકારો) કહેવાય છે, બીજાનો નહિ. કહે છે કે-**"જો પ્રકૃતિનો જ બંધ હોય તો પુરુષની મુક્તિ ન હોય, કેમકે બંધાયો નથી. નહિ બંધાયેલા પણ પુરુષની મુક્તિ થાય તો અયુક્ત બને."**

તથા સત્પુરુષો ક્ષણિકપણાને પણ એકાંતે માનતા નથી. કારણ કે કથંચિદ્ જ ક્ષણિકપણું મનાયેલું છે. આ વિગત હમણાં જ **द्रव्याश्रयं च नित्यत्वं** ઇત્યાદિ વચનરચનાથી જણાવી છે. વળી ક્ષણિકત્વની સિદ્ધિ કરવા માટે "**जह लड्डुयम्मि खित्ते** ઇત્યાદિ જે કહ્યું તે પર્યાયની અપેક્ષાએ યુક્ત જ છે. દ્રવ્યની અપેક્ષાએ તો નિત્યપણું જણાવ્યું જ છે.

**अर्थक्रियाविधायित्वं** ઇત્યાદિ જે કહ્યું તે વિષે કહેવામાં આવે છે-અર્થક્રિયાકારિત્વ (=અર્થક્રિયાનું (=કાર્યનું) કરવું એ) સત્નું લક્ષણ નથી જ. કારણ કે દીપક આદિની અંત્યક્ષણમાં વ્યભિચાર (=નિયમનો અભાવ) જોવામાં આવે છે. (દીપકની અંત્યક્ષણ સત્ છે. પણ તે કોઇ કાર્ય કરતી નથી.)

**પૂર્વપક્ષ**— દીપક આદિની અંત્યક્ષણ જ્ઞાન ઉત્પન્ન કરે છે. માટે વ્યભિચાર નથી.

---

૧. અવસ્તુ વિષયક જે શાબ્દ બોધ થાય તે વિકલ્પ કહેવાય. જેમ કે પુરુષનું ચૈતન્ય એવો શાબ્દ બોધ. આ બોધ અવસ્તુ વિષયક હોવાનું કારણ એ છે કે "દેવદત્તની કામળી" આ વાક્યથી ઉત્પન્ન થયેલા બોધમાં દેવદત્ત શબ્દ પછી રહેલ ષષ્ઠી વિભક્તિ="ની" પ્રત્યય દ્વારા જેમ ભેદનો અધ્યવસાય થાય છે, તેમ પુરુષનું ચૈતન્ય આ વાક્યથી ઉત્પન્ન થયેલા બોધમાં પણ "પુરુષ" પદ પછી રહેલી છઠ્ઠી વિભક્તિ="નું" પ્રત્યય દ્વારા ભેદનું જ્ઞાન થાય છે, પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે પુરુષ અને ચૈતન્યમાં કોઇ ભેદ નથી. પુરુષ કહો કે ચૈતન્ય કહો બંને એક જ પદાર્થને સૂચિત કરે છે. મતલબ કે પુરુષનો ભેદ જેમાં નથી તેવા ચૈતન્યમાં પુરુષના ભેદનો સમારોપ કરીને તેવી બુદ્ધિ થવાથી તે વિકલ્પાત્મક બુદ્ધિ અવસ્તુ વિષયક છે. માટે જ પાતંજલ યોગ સૂત્રમાં જણાવેલ છે કે શબ્દજ્ઞાનને અનુસરનારી હોવા સાથે જે વસ્તુ શૂન્ય હોય તે વિકલ્પ કહેવાય. (મુનિશ્રી યશોવિજયજી કૃત દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાના ગુજરાતી અનુવાદમાંથી સાભાર ઉદ્ધૃત).

**ઉત્તરપક્ષ**— એ પ્રમાણે નથી. અતીત અને અનાગત વસ્તુઓ યોગિજ્ઞાનને ઉત્પન્ન કરે છે. તેથી અતીત અને અનાગત વસ્તુઓ વસ્તુ=સત્ બને. (ભૂત-ભાવી-વર્તમાન એ ત્રણે કાળના પદાર્થો યોગીના પ્રત્યક્ષજ્ઞાનના વિષયો બને છે. છતાં અતીત-અનાગતકાળના વિષયો ત્યાં હાજર નથી.)

અથવા અર્થક્રિયાકારિત્વ સત્નું લક્ષણ થાઓ. તો પણ તે પરિણામી વસ્તુમાં જ ઘટે છે. કારણ કે એકાંતે ક્ષણિક અને એકાંતે નિત્યવસ્તુમાં તે ઘટે નહિ. તે આ પ્રમાણે-ક્ષણિક પદાર્થ (=વસ્તુ) પૂર્વક્ષણમાં, સ્વક્ષણમાં, અનાગત ક્ષણમાં કાર્ય કરે એમ (ત્રણ) વિકલ્પો છે.

તેમાં પૂર્વક્ષણમાં કાર્ય ન કરે. કારણ કે તે વખતે તે ઉત્પન્ન જ થયો ન હોવાથી નથી. પોતાના ક્ષણમાં કાર્ય ન કરે. કારણ કે સમકાળે થનારા પદાર્થમાં ક્રિયા નથી. અન્યથા (=સમકાળે થનારા પદાર્થમાં ક્રિયા હોય તો) એક ક્ષણે રહેલા સર્વ પદાર્થક્ષણોનો પરસ્પર કાર્ય-કારણ થવાનો પ્રસંગ આવે. અનાગત ક્ષણમાં પણ કાર્ય ન કરે. કારણે અનાગત ક્ષણમાં પદાર્થ વિનાશ પામેલો હોવાથી નથી જ.

વળી ક્ષણિક પદાર્થ ક્રમથી અર્થક્રિયા (=કાર્ય) કરે કે યુગપત્ ? ક્રમથી અર્થક્રિયા ન કરે. કારણ કે ક્ષણિકપણામાં ક્રમથી કરવાનો સંભવ નથી. યુગપત્ પણ કાર્ય ન કરે, કારણ કે તેમાં પ્રશ્ન થાય કે અવિદ્યમાન પદાર્થ યુગપત્ કાર્ય કરે છે કે વિદ્યમાન પદાર્થ યુગપત્ કાર્ય કરે છે ? અવિદ્યમાન પદાર્થ ન હોવાથી જ ગર્દભશૃંગની જેમ યુગપત્ ક્રિયા ન કરી શકે. વિદ્યમાન પદાર્થ પણ યુગપત્ કાર્ય ન કરી શકે. તેમાં સ્વક્ષણે કાર્ય કરવામાં જે દોષો કહ્યાં છે તે દોષોનો પ્રસંગ આવે.

**વળી**— સ્વભાવભેદવાળા અનેકકાર્યોને યુગપત્ કરવામાં વસ્તુ અનેક સ્વરૂપવાળી બને. ક્ષણિકવાદીઓના મતે વસ્તુ અનેક સ્વરૂપવાળી નથી. નિત્યવસ્તુ તો એકસ્વરૂપવાળી હોવાના કારણે બંને (ક્રમથી અને યુગપત્ એ બંને) વિકલ્પોથી કર્મ કરવામાં કુશળ=(સમર્થ) નથી એમ તમોએ જ કહ્યું છે. (નિત્યવાદી અને ક્ષણિકવાદીના વિવાદમાં ક્ષણિકવાદીએ નિત્યપદાર્થ ક્રમથી કે યુગપત્ કાર્ય ન કરી શકે એમ કહીને નિત્યવાદનું ખંડન કર્યું છે.)

આથી "જે કાર્ય કરે તે જ સત્ છે" એવું સત્નું લક્ષણ પરિણામી વસ્તુમાં જ રહે છે=ઘટે છે.

**વળી— જો તમે વસ્તુને સર્વથા ક્ષણિક ઇચ્છો છો=માનો છો તો કાર્ય-કારણભાવ વગેરેને કોણ સ્વીકારશે ? (૧) "સર્વથા ક્ષણભંગુર મતમાં કોઇ પણ કર્તા દીર્ઘકાળ સુધી રહેતો જ નથી, કે જે "આ કપાલ પૂર્વવર્તી હોવાથી કારણ છે અને આ ઘટ ઉત્તર હોવાથી કાર્ય છે" એમ પૂર્વોત્તર ક્રમવાળી પદ્ધતિનું અવલોકન કરીને કારણ-કાર્યનો નિર્ણય કરી શકે.** અન્વય-વ્યતિરેકનું સ્વરૂપ શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવે છે—) **અસ્ય દૃષ્ટૌ=કારણની ઉપલબ્ધિ હોતે છતે આ કાર્ય ઉપલબ્ધ થાય છે, અસ્યાદૃષ્ટૌ=કારણની ઉપલબ્ધિ** થતી ન હોય તો આ કાર્ય દેખાતું=જણાતું નથી. (૨) આ પ્રમાણે અન્વય વ્યતિરક જ્ઞાનનું અનુસંધાન કરનાર પૂર્વોત્તર કાલવ્યાપી કર્તા ક્ષણ ભંગુર મતમાં ક્યાં વિદ્યમાન છે ? આમ બૌદ્ધમતે કાર્ય-કારણ ભાવનો નિશ્ચય થઇ શકતો નથી એમ સિદ્ધ થાય છે.

તથા આત્માનું સર્વથા અસત્ત્વ પણ અસંગત છે. કથંચિત્ તો સંગત જ છે. કહ્યું છે કે **"આત્માનું અસત્ત્વ પરરૂપથી ઇચ્છાય છે, સર્વથા નહિ. જો સર્વથા તેનો અભાવ હોય તો પરલોક સિદ્ધ ન થાય."**

વળી "**यथा कुमारी**" ઇત્યાદિ જે કહ્યું તે સર્વવસ્તુઓ પ્રત્યે રહેલા રાગદોષને દૂર કરવા માટે કહ્યું છે, નહિ કે આત્માનો સર્વથા અભાવ જણાવવા માટે.

"**सर्वे धर्मा निरात्मन एतत्साधनहानितः**" ઇત્યાદિ જે કહ્યું તે પણ અયુક્ત છે. કેમકે અન્યશાસ્ત્રોમાં આત્માને સિદ્ધ કરનારા હેતુઓ જણાવ્યા છે. '**छत्युच्छेदस्तु मा भूयात्**" એમ જે કહ્યું તે અતિશય અયુક્ત છે. જો આત્મા જ ન હોય તો બીજું બધું ય બતાવવું એ અન્યને છેતરવા સ્વરૂપ જ બને. સત્પુરુષો માટે આ ઉચિત નથી.

મોહગર્ભ=અજ્ઞાનની પ્રધાનતાવાળો. અન્યસ્વરૂપે રહેલ વસ્તુને અન્યસ્વરૂપે જાણવાના-માનવાના કારણે વૈરાગ્ય મોહગર્ભ છે. આથી જ આ વૈરાગ્ય પરમાર્થ (=મોક્ષ) સાધક નથી. અતિશય સન્નિપાત રોગથી ઘેરાયેલા જીવને જેમ સદ્ઓષધ થોડીવાર સુખ આપે. તેમ આ વૈરાગ્ય માત્ર (ભૌતિક) સુખ મેળવી આપે. કહ્યું છે કે-જેવી **રીતે સન્નિપાત રોગમાં સદ્ઔષધ આપવામાં આવે તો તે ઔષધ પોતાના યોગથી (=સંબંધથી) માત્ર (ક્ષણવાર) સુખને કરે છે. પણ રોગને સર્વથા નાશ કરતું નથી, તેવી રીતે શાસ્ત્રવચનરૂપ ઔષધથી અપાર સંસારમાં અભવ્ય-દૂરભવ્ય જીવોને અલ્પ સમય માટે ગ્રૈવેયક આદિનું સુખ મળી જાય છે. પણ દુઃખનો સર્વથા ઉચ્છેદ થતો નથી. (ઉપ. પ. ૪૩૯) (૪-૫)**

**अथ सज्ज्ञानसङ्गतवैराग्यप्रतिपादनायाह—**

**भूयांसो नामिनो बद्धा, बाह्येनेच्छादिना ह्यमी ।**
**आत्मानस्तद्वशात्कष्टं, भवे तिष्ठन्ति दारुणे ॥६॥**

**वृत्तिः— 'भूयांसो'ऽतिबहवः, आत्मान इति योगः, भूयस्त्वं चैषां प्रतिप्राण्यन्तर्मुखावभासिविचित्रचैतन्योपलब्धेः, अनेन च सर्वथैकत्वप्रतिषेधोऽभिहितः, तथा नमनं नामः परिणामोऽपरापरपर्यायगमनम् ॥ यदाह- "परिणामो ह्यर्थान्तरगमनं, न तु सर्वथा व्यवस्थानम् । न च सर्वथा विनाशः, परिणामस्तद्विदामिष्टः ॥१॥" स एषामस्तीति 'नामिनः', अनेन च एकान्तनित्यत्वानित्यत्वयोर्व्यवच्छेद उक्तः, यदाह- "सर्वव्यक्तिषु नियतं, क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः । सत्योश्चित्यपचित्यो-राकृतिजातिव्यवस्थानात् ॥१॥" तथा, 'बद्धा' न त्वनादिशुद्धाः, बन्धाभावे हि सुखसाधनयुक्तस्यापि पुंसो दुःखोपलम्भो दुःखसाधनयुक्तस्यापि च सुखोपलम्भोऽयं लोके दृश्यते, स न स्यात्, कार्यत्वात्, कारणाभावे घटवदिति ॥ यदाह- "जो तुल्लसाहणाणं, फले विसेसो न सो विणा हेउं । कज्जत्तणओ गोयम ! घडो व्व हेऊ य सो कम्मं [८२]॥१॥" अनेन चैकान्तेनाबद्धात्मवादव्यवच्छेद उक्तः । किंविधेन केन ते बद्धा इत्याह- 'बाह्येन' आत्मव्यतिरेकिणा, स्वरूपाव्यतिरिक्तबन्धनेन हि बद्धानां बन्धनक्षये स्वरूपक्षतिप्रसङ्गः, अनेन चात्माव्यतिरिक्ताविद्यादिबन्धनाभ्युपगमनिरासमाह, अभ्युपगतं चात्माव्यतिरिक्ताविद्यादिबन्धनं कैश्चित्, यदाह- "कार्यकारणभूताश्च, तत्राविद्यादयो मताः । बन्धस्तद्विगमादिष्टा, मुक्तिर्निर्मलता धियः ॥१॥" एषणमिच्छा राग इत्यर्थः । आह च, "इच्छा मूर्छा रागः, स्नेहो गार्ध्यं ममत्वमभिनन्दः । अभिलाष इत्यनेकानि रागपर्याय-**

८२. यस्तुल्यसाधनयोः फले विशेषो न स विना हेतुम् । कार्यत्वात्, गौतम, घट इव हेतुश्च तत् कर्म ॥१॥

वचनानि ॥१॥'' (प्रशमरति श्लोक १७) सा आदिर्यस्य द्वेषादेः स तथा तेन 'इच्छादिना' मिथ्यात्वाविरतिकषाययोगलक्षणबन्धहेतुजन्येन कर्मणेति भावः, इच्छादेश्च बाह्यत्वमात्मव्यतिरिक्तकर्मकृतविकाररूपत्वादिति, 'हि' शब्दश्चशब्दार्थः स च भूयांसो नामिनो बद्धाश्चेत्येवं सम्बन्धो द्रष्टव्यः, 'अमी' एते लोकव्यवहारगोचरा ज्ञानरूपतद्गुणप्रत्यक्षत्वेन प्रत्यक्षगोचरा वा । यदाह-''गुणपच्चक्खत्तणओ, गुणी वि जीवो घडो व्व पच्चक्खओ । घडओ वि घिप्पइ गुणी, गुणमित्तग्गहणओ जम्हा [૮૩]॥१॥'' 'आत्मानो' जीवाः, 'तद्वशात्' इच्छादिजन्यबन्धसामर्थ्यात्, 'कष्टं' सदुःखम्, 'भवे' संसारे, 'तिष्ठन्ति' आसते, 'दारुणे' रौद्रे इति ॥६॥

**હવે સદ્જ્ઞાનસંગત વૈરાગ્યનું પ્રતિપાદન કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** આ જીવો અનેક છે, પરિણામી છે, બાહ્ય ઇચ્છા આદિથી બંધાયેલા છે. આથી ભયંકર સંસારમાં દુઃખી રહે છે.

**ટીકાર્થ— આ જીવો**=લોકવ્યવહારનો વિષય બનેલા જીવો. અથવા તેમનો જ્ઞાનરૂપ ગુણ પ્રત્યક્ષ થવાને કારણે પ્રત્યક્ષનો વિષય બનેલા જીવો. કહ્યું છે કે-''**જીવના સ્મૃતિ-જિજ્ઞાસા વગેરે જ્ઞાનગુણો સ્વસંવેદનથી પ્રત્યક્ષ હોવાથી ગુણી જીવ પણ ઘડાની જેમ પ્રત્યક્ષ છે. ગુણી ઘડો પણ તેના રૂપાદિ ગુણો પ્રત્યક્ષ થવાથી જ પ્રત્યક્ષ થાય છે.**'' (વિશેષાવશ્યક ૧૫૫૮)

**અનેક છે—** દરેક જીવને અંતરમાં પ્રત્યક્ષ થતાં વિવિધ ચૈતન્યનું જ્ઞાન થતું હોવાથી જીવો અનેક છે. આનાથી ''જીવ એકાંતે એક જ છે.'' એવા મતનો નિષેધ કર્યો.

**પરિણામી છે—** પરિણામ એટલે બીજા બીજા પર્યાયને પામવો. કહ્યું છે કે-''**એક અવસ્થામાંથી બીજી અવસ્થા પામવી એ પરિણામ છે. પરિણામ એકાંતે સ્થિતિરૂપ કે એકાંતે વિનાશરૂપ નથી. આવો પરિણામ પરિણામને જાણનારાઓને અભિપ્રેત છે.**''

આવો પરિણામ જેને હોય તે પરિણામી છે. આનાથી એકાંતે નિત્યતાનો અને એકાંતે અનિત્યતાનો નિષેધ કર્યો. કહ્યું છે કે-''**સર્વ પદાર્થ વ્યક્તિઓમાં સતત ક્ષણે ક્ષણે જુદાપણું (=ભેદ) પામે છે. આમ છતાં તેઓ સર્વથા ભિન્ન નથી. કારણ કે ચય-અપચય થવા છતાં આકૃતિ અને જાતિની વ્યવસ્થા છે.**''

**બાહ્ય ઇચ્છા આદિથી—** બાહ્ય એટલે આત્માથી અન્ય. ઇચ્છા વગેરે આત્માથી અન્ય છે. સ્વરૂપથી અન્ય ન હોય તેવા બંધનથી બંધાયેલા જીવોના બંધનનો નાશ થયે છતે સ્વરૂપની ક્ષતિ થવાનો પ્રસંગ આવે. ''બાહ્ય ઇચ્છા આદિથી'' એમ કહીને આત્માથી અન્ય ન હોય તેવા અવિદ્યા આદિના બંધનના સ્વીકારનું ખંડન કર્યું. કોઇક પુરુષોએ આત્માથી અન્ય ન હોય તેવા અવિદ્યા આદિના બંધનનો સ્વીકાર કર્યો છે. કહ્યું છે કે—

**(तत्र=) આત્મામાં આત્મકાર્ય સ્વરૂપ અવિદ્યાદિ તથા આત્મકારણ સ્વરૂપ અવિદ્યાદિ માન્ય છે. આત્મા જ્યારે સ્વાત્મક અવિદ્યાને ઉત્પન્ન કરે ત્યારે તે બંધ કહેવાય છે. તથા આત્મસ્વરૂપ આત્મકાર્યભૂત અવિદ્યાદિના જવાથી બુદ્ધિની જે નિર્મલતા (=અવિદ્યામલશૂન્યતા) પ્રગટે છે તે મુક્તિ તરીકે માન્ય છે.**

૮૩. गुणप्रत्यक्षत्वाद् गुण्यपि जीवो घट इव प्रत्यक्षः । घटकोऽपि गृह्यते गुणी गुणमात्रग्रहणतो यस्मात् ॥१॥

**ભાવાર્થ—** બૌદ્ધમતે ક્ષણિક આત્મા જ્ઞાનાત્મક છે. મલિન જ્ઞાનાત્મક સંસારી આત્માને ઉત્પન્ન કરનાર પણ અવિદ્યાદિ છે. માટે આત્મ કારણભૂત=મલિન જ્ઞાનાત્મક સંસારી જીવના કારણભૂત પણ અવિદ્યાદિ જ છે. માટે અવિદ્યાદિને આત્માના કારણ રૂપે તથા કાર્યસ્વરૂપે જણાવેલ છે. તથા ક્ષણિક જ્ઞાનાત્મક આત્મા બૌદ્ધમતે નિરંશ છે. માટે અવિદ્યા મલિન જ્ઞાનનો અંશ બનવાના બદલે મલિન જ્ઞાનસ્વરૂપ બની જશે. માટે મલિન જ્ઞાનાત્મક સંસારી જીવથી અભિન્ન વિદ્યાદિ છે એવું બૌદ્ધમતે પૂરવાર થાય છે.

આવું માનવાથી અવિદ્યાદિનો નાશ થતાં આત્માનો જ નાશ થઇ જાય એમ ટીકાકારે દોષ જણાવ્યો છે.

ઇચ્છા એટલે રાગ. કહ્યું છે કે-**"ઇચ્છા, મૂર્છા, રાગ, સ્નેહ, ગાર્ધ્ય, મમત્વ, અભિનંદ, અભિલાષ આ પ્રમાણે રાગનાં અનેક પર્યાયવચનો (=પર્યાયવાચી શબ્દો) છે."** (પ્રશમરતિ-૧૭)

"ઇચ્છા આદિ" એ સ્થળે આદિ શબ્દથી દ્વેષ વગેરેનું ગ્રહણ કરવું. અહીં તાત્પર્ય એ છે કે— મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગરૂપ બંધહેતુઓથી બંધાતા કર્મથી આત્મા બંધાયેલો છે. ઇચ્છા વગેરે આત્માથી બાહ્ય=અન્ય છે. કારણ કે આત્માથી અન્ય એવાં કર્મોથી કરાયેલા વિકારરૂપ છે.

**બંધાયેલા છે—** જીવો બંધાયેલા છે, અનાદિથી શુદ્ધ નથી. જો બંધ ન હોય તો સુખનાં સાધનોથી યુક્ત પણ પુરુષને દુ:ખનો અનુભવ અને દુ:ખનાં સાધનોથી યુક્ત પણ પુરુષને સુખનો અનુભવ લોકમાં જે જોવામાં આવે છે તે ન હોય, કારણ કે તેવો અનુભવ કાર્ય છે. કારણના અભાવમાં ઘટની જેમ કાર્ય ન થાય. કહ્યું છે કે-**"હે ગૌતમ ! ઇષ્ટ એવા શબ્દાદિ વિષયસુખનાં સાધનોથી યુક્ત અને અનિષ્ટ પદાર્થરૂપ સાધનોથી યુક્ત બે જીવોના કે ઘણા જીવોના સુખ-દુ:ખાનુભવરૂપ ફળમાં જે તરતમતારૂપ વિશેષ દેખાય છે તે અદૃષ્ટ કોઇક હેતુ વિના ન ઘટે. કેમકે સુખ-દુ:ખાનુભવ કાર્ય છે. ઘટની જેમ. (જેમ ઘટ હેતુ વિના ઉત્પન્ન ન થાય. તેમ સુખદુ:ખાનુભવ પણ હેતુ વિના ન થાય.) તે હેતુ કર્મ છે."** (વિશેષાવશ્યક-૧૪૧૩)

**આથી**=ઇચ્છા આદિથી થનારા બંધનના સામર્થ્યથી. (૬)

**ततः किमित्याह—**

**एवं विज्ञाय तत्त्याग-विधिस्त्यागश्च सर्वथा ।**
**वैराग्यमाहुः सज्ज्ञान-सङ्गतं तत्त्वदर्शिनः ॥७॥**

**वृत्तिः—**'एवम्' उक्तप्रकारम्, आत्मभूयस्त्वादिकं वस्तुस्वभावम्, 'विज्ञाय' उपपत्तिगर्भाप्तोपदेशाद्विनिश्चित्य, ततः किमित्याह- 'तस्ये'च्छादेर्बन्धनस्य भवावस्थाननिबन्धनस्य, 'त्यागविधिः' त्यजनविधानं तदुद्यमः सर्वसावद्यविरतिप्रतिपत्तौ परिकर्मेत्यर्थः, तथा, 'त्यागश्च' त्यजनं चेच्छादेरेव, कथम् ? 'सर्वथा' सर्वप्रकारैः सकलसावद्ययोगविरतिरित्यर्थः, यो विधीयते इति वाक्यशेषो दृश्यः, तदिति च, ततश्च तदेवंविधम्, 'वैराग्य'मुक्तनिर्वचनम्, 'आहुः' ब्रुवते, 'सज्ज्ञानसङ्गतम्' उक्तस्वरूपम्, 'तत्त्वदर्शिनः' वैराग्यपरमार्थवेदिन इति, सज्ज्ञानसङ्गतत्वमस्य यथावस्तुबोधपूर्वकत्वादिति ॥७॥

**આવું જાણવાથી શું થાય તે કહે છે—**

**શ્લોકાર્થ**:— આ પ્રમાણે જાણીને તેના ત્યાગ માટે ઉદ્યમ કરાય, તથા તેનો સર્વથા ત્યાગ કરાય તેને તત્ત્વદર્શીઓ સદ્જ્ઞાનસંગત વૈરાગ્ય કહે છે. (૭)

**ટીકાર્થ— આ પ્રમાણે જાણીને**—હમણાં કહ્યું તેમ આત્મા અનેક છે ઇત્યાદિ વસ્તુસ્વરૂપનો જેમાં યુક્તિઓ રહેલી છે તેવા આપ્તના ઉપદેશથી નિશ્ચય કરીને.

**તેના ત્યાગ માટે**— સંસારમાં રહેવાનું કારણ એવા ઇચ્છાદિરૂપ બંધનના ત્યાગ માટે.

**ઉદ્યમ કરાય**— સર્વસાવદ્યયોગોની વિરતિને સ્વીકારવાનો અભ્યાસ કરાય.

**તેનો સર્વથા ત્યાગ કરાય**— ઇચ્છા આદિનો સર્વપ્રકારોથી ત્યાગ કરાય, અર્થાત્ સર્વસાવદ્યયોગોની વિરતિનો સ્વીકાર કરાય.

**તત્ત્વદર્શીઓ**— વૈરાગ્યના પરમાર્થને જાણનારાઓ.

વસ્તુ જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે વસ્તુનો બોધ થવાપૂર્વક આ વૈરાગ્ય થતો હોવાથી સદ્જ્ઞાનથી યુક્ત છે. (૭)

**एतदेव सिद्धिसाधनमिति प्रतिपादयन्नाह—**

**एतत्तत्त्वपरिज्ञाना-न्नियमेनोपजायते ।**

**यतोऽतः साधनं सिद्धे-रेतदेवोदितं जिनैः ॥८॥**

**वृत्तिः— 'एतत्' अनन्तरोदितं सज्ज्ञानसङ्गतं वैराग्यम्, न पुनराद्यद्वयम्, 'तत्त्वपरिज्ञानात्' आत्मादिवस्तुनः परिणामित्वादिस्वरूपावबोधात्सकाशात्, 'नियमेन' अवश्यम्भावेन, नान्यतः आद्यद्वयवत्, 'उपजायते' सम्पद्यते, 'यतो' यस्मात्कारणात्, 'अतः' एतस्मात्कारणात्, 'साधनं' साधकतमम्, 'सिद्धेः' मुक्तेः, 'एतदेव' इदमेव, सज्ज्ञानसङ्गतवैराग्यमेव, नेतरद्वयम्, 'उदितम्' अभिहितम्, 'जिनैः' रागादिजेतृभिरिति ॥८॥**

**॥ दशमाष्टकविवरणं समाप्तम् ॥१०॥**

**સદ્જ્ઞાનસંગત વૈરાગ્ય જ સિદ્ધિનું સાધન છે એવું પ્રતિપાદન કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— તત્ત્વના પરિજ્ઞાનથી જ આ વૈરાગ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી જિનોએ આ વૈરાગ્યને જ મોક્ષનું સાધન કહ્યું છે. (૮)

**તત્ત્વના પરિજ્ઞાનથી જ**— આત્માદિ વસ્તુ પરિણામી છે ઇત્યાદિ વસ્તુના સ્વરૂપના બોધથી જ સદ્-જ્ઞાનસંગત વૈરાગ્ય થાય, પહેલા બે વૈરાગ્યની જેમ અન્યકારણથી ન થાય.

**આ**=સદ્જ્ઞાનસંગત.

**મોક્ષનું સાધન**=મોક્ષને અતિશય સિદ્ધ કરનાર.

જિનોએ-રાગાદિને જિતનારાઓએ. (૮)

**દશમા વૈરાગ્ય અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥ अथ एकादशं तपोऽष्टकम् ॥११॥

वैराग्ययुक्तेन तपो विधेयम् । अतो वैराग्याष्टकानन्तरं तपोऽष्टकमारभ्यते, तत्रापि परमतमाशङ्कमान आह—

**दुःखात्मकं तपः केचि-न्मन्यन्ते तन्न युक्तिमत् ।**
**कर्मोदयस्वरूपत्वाद्, बलीवर्दादिदुःखवत् ॥१॥**

वृत्तिः— दुःखमसुखमात्मा स्वभावो यस्य तत् 'दुःखात्मकम्,' किं तत् ? 'तपो'ऽनशनादिरूपम्, इति कृत्वा, 'केचित्' अनधिगतपारगतागमगर्भार्थाः 'मन्यन्ते' अभ्युपगच्छन्ति, 'तत्' इति तपः, 'न' नैव, 'युक्तिमत्' उपपत्त्या सङ्गतम्, (यद्) न मोक्षाङ्गं (तत्) तप एव न सम्भवतीति यावत्, अथ दुःखात्मकमपि सत् कस्मान्न मोक्षाङ्गमित्याह, 'कर्मोदयस्वरूपत्वाद्' इति कर्मोदयोऽसातवेदनीयादिकर्मविपाकः स्वरूपं स्वभावो यस्य तत्तथा तद्भावस्तत्त्वं तस्मात्,' तथाहि- भवन्त्यनशनादिषु क्षुत्पिपासादयः परीषहाः, ते च वेदनीयकर्मोदयसम्पाद्या आगमे श्रूयन्ते इति वेदनीयकर्मोदयात्मकमनशनादि, कर्मोदयस्वरूपत्वाच्च न मोक्षाङ्गं तत्, किंवदित्याह- 'बलीवर्दादिदुःखवत्' गवादिगतासातमिव, प्रयोगश्चैवम्- यत्कर्मोदयस्वरूपं न तन्मोक्षाङ्गम्, यथा गवादिदुःखम्, कर्मोदयस्वरूपं च तपः, तस्मान्न मोक्षाङ्गमिति स्थितम् । अयं च श्लोकार्थ इमां पञ्चवस्तुकगाथामुपजीव्य मयाभिहितः, ''एएण जंपि केइ, णाणसणाइ दुहं पि (ति) मोक्खंगं । कम्मविवागत्तणओ, भणंति एयं पि पडिसिद्धम्[८४] ॥१॥'' इति ॥१॥

## અગિયારમું તપ અષ્ટક

(મોક્ષની સાધનામાં તપ અનેક દૃષ્ટિએ અનિવાર્ય છે. પણ તપથી કંટાળેલા બૌદ્ધો તપને દુઃખરૂપ માનીને મોક્ષસાધનામાં બિનજરૂરી કહે છે. તેમની આ માન્યતા ભૂલ ભરેલી છે એ બતાવવા અહીં ગ્રંથકારે પ્રથમના ચાર શ્લોકોમાં તપ વિષે બૌદ્ધોનું મંતવ્ય રજુ કરીને પછીના ચાર શ્લોકોમાં તેનો પ્રતિકાર કર્યો છે.)

**વૈરાગ્યથી યુક્ત જીવે તપ કરવો જોઇએ. આથી વૈરાગ્ય અષ્ટક પછી તપ અષ્ટક શરૂ કરાય છે. તેમાં પણ પરમતની આશંકા કરતા ગ્રંથકાર કહે છે–**

**શ્લોકાર્થ—** કેટલાક માને છે કે તપ દુઃખ સ્વરૂપ છે. તપ યુક્તિયુક્ત નથી. કારણ કે તપ બળદ આદિના દુઃખની જેમ કર્મોદય સ્વરૂપ છે. (૧)

**ટીકાર્થ— કેટલાક**—અરિહંતોના આગમના રહસ્યાર્થોને જેમણે જાણ્યા નથી તેવા કેટલાક.

**તપ**—અનશન વગેરે.

**દુઃખ સ્વરૂપ**—દુઃખ છે સ્વભાવ જેનો તે દુઃખ સ્વરૂપ.

**યુક્તિયુક્ત નથી**=યુક્તિથી ઘટી શકે તેવું નથી. અહીં ભાવ આ છે-જે મુક્તિનું કારણ ન હોય તે તપ જ ન હોય. (તપ મુક્તિનું કારણ નથી.)

८४. एतेन यदपि केचिन्नानशनादि दुःखमिति मोक्षाङ्गम् । कर्मविपाकत्वाद्भणन्ति एतदपि प्रतिषिद्धम् ॥१॥

**કર્મોદય સ્વરૂપ**— તપ દુ:ખ સ્વરૂપ હોવા છતાં મોક્ષનું અંગ કેમ નથી ? તેના જવાબમાં કહે છે કે તપ કર્મોદય સ્વરૂપ છે. કર્મોદય એટલે અસાતા વેદનીય વગેરે કર્મનો વિપાક. કર્મવિપાક સ્વભાવ છે જેનો તે કર્મોદય સ્વરૂપ. તપ કર્મોદય સ્વરૂપ છે. તે આ પ્રમાણે-અનશન આદિમાં ક્ષુધા-પિપાસા વગેરે પરિષહો ઉત્પન્ન થાય છે. તે પરીષહો વેદનીય કર્મના ઉદયથી થનારા છે એમ આગમમાં સંભળાય છે. આથી અનશનાદિ વેદનીયકર્મના ઉદયસ્વરૂપ છે. કર્મોદય સ્વરૂપ હોવાથી તપ મોક્ષનું કારણ નથી.

**અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે**-જે કર્મોદય સ્વરૂપ હોય તે મોક્ષનું કારણ ન હોય. જેમકે બળદ આદિનું દુ:ખ. તપ કર્મોદય સ્વરૂપ છે. તેથી મોક્ષનું કારણ નથી એમ નિશ્ચિત થયું.

(અહીં ટીકાકાર કહે છે કે-)શ્લોકનો આ અર્થ મેં પંચવસ્તુક ગ્રંથની આ (૮૫૬મી) ગાથાના આધારે કર્યો છે.

**एएण जंपि केइ णाणसणाई दुहंति मोक्खंगं ।**

**कम्मविवागत्तणओ भणंति एअंपि पडिसिद्धं ॥ પંચવસ્તુક- ८५६ ॥**

**ગાથાર્થ**— આનાથી એટલે કે અનશનાદિ શુભભાવનું કારણ હોવાથી, અનશનાદિ મોક્ષનું કારણ નથી. એવી માન્યતાનું નિરાકરણ કર્યું છે. કોઇક અજ્ઞાન જીવો કહે છે કે-અનશનાદિ તપ મોક્ષનું કારણ નથી, કારણ કે અનશનાદિ તપ કર્મનો વિપાક છે, અર્થાત્ અશુભકર્મના ઉદયથી અનશનાદિ થાય છે, કર્મનો વિપાક હોવાથી દુ:ખરૂપ છે. (પંચવસ્તુ-૮૫૬) (૧)

**अथ दु:खस्वरूपस्यापि तपसो युक्तिमत्त्वाभ्युपगमे पर एव प्रसङ्गमाह—**

**सर्व एव च दु:ख्येवं, तपस्वी सम्प्रसज्यते ।**

**विशिष्टस्तद्विशेषेण, सुधनेन धनी यथा ॥२॥**

**वृत्ति:— 'सर्व एव' निरवशेष एव, य: कश्चित् 'दु:खी' दु:खवान्, 'चशब्दो' दूषणान्तरसमुच्चये, 'एवं' दु:खात्मकस्यापि तपसो युक्तिमत्त्वाभ्युपगमे सति, स 'तपस्वी' तपोयुक्त:, 'सम्प्रसज्यते' प्राप्नोति, अनशनादिदु:खस्य व्याध्यादि दु:खस्य च दु:खत्वाविशेषात्, दु:खात्मकस्य तपसोऽभ्युपगमे च दु:खस्यैव तपस्त्वेनाभ्युपगमादिति भाव:, तथा 'विशिष्ट:' प्रधानतर:, तपस्वी प्रसज्यत इति प्रक्रम:, केनेत्याह-'तद्विशेषेण' दु:खविशेषेण हेतुना, क इव केनेत्याह- 'सुधनेन' प्रचुरधनेन, 'धनी' महाधन:, 'यथा' येन प्रकारेणेति ॥२॥**

**હવે દુ:ખસ્વરૂપ પણ તપને યુક્તિયુક્ત માનવામાં આવે તો અનર્થનો પ્રસંગ આવે એમ વાદી જ કહે છે—**

**શ્લોકાર્થ**— એ પ્રમાણે સઘળા દુ:ખી જીવો તપસ્વી બને. તથા જેમ વધારે દુ:ખી તેમ વિશિષ્ટ તપસ્વી બને. જેમ ધનિક અધિક ધનથી મહાન ધનિક બને તેમ.

**ટીકાર્થ— એ પ્રમાણે**— દુ:ખરૂપ પણ તપને યુક્તિયુક્ત સ્વીકારવામાં.

**સઘળા દુ:ખી જીવો તપસ્વી બને**— અનશનાદિનું દુ:ખ અને રોગાદિનું દુ:ખ દુ:ખરૂપે સમાન છે. આથી દુ:ખરૂપ તપનો સ્વીકાર કર્યે છતે દુ:ખનો જ તપરૂપે સ્વીકાર થાય છે. આથી સઘળા દુ:ખી જીવો તપસ્વી બને.

**च** શબ્દ અન્યદૂષણના સમુચ્ચય (=સંગ્રહ) માટે છે. પહેલા શ્લોકમાં તપ દુ:ખ સ્વરૂપ છે અને

યુક્તિયુક્ત નથી. એમ બે દૂષણ આપ્યા છે. આ શ્લોકમાં દુ:ખી જીવો તપસ્વી બને એમ ત્રીજું દૂષણ આપ્યું છે. (૨)

**अथ सर्व एव दु:खी तपस्वी प्रसज्यतां को दोष इत्याह—**

**महातपस्विनश्चैवं, त्वन्नीत्या नारकादय: ।**

**शमसौख्यप्रधानत्वाद्, योगिनस्त्वतपस्विन: ॥३॥**

वृत्ति:— महातपस्विन: विशिष्टतपोधना:, प्रसज्यन्त इति गम्यते, चकारो दोषान्तरसमुच्चये, 'एवम्' उक्तप्रकारया 'त्वन्नीत्या' भवन्न्यायेन, दु:खी तपस्वीत्यभ्युपगमलक्षणेनेति भाव:, 'नारकादयो' नैरयिकादय:, तेषां महादु:खितत्वात्, आदिशब्दान्महावेदनाभिभूततिर्यगादे: परिग्रह:, शम: प्रशम: स एव सौख्यम्, यदाह-"तणसंथारनिसन्नो वि, मुणिवरो भट्ठरागमयमोहो । जं पावइ मुत्तिसुहं, कत्तो तं चक्कवट्टी वि [८५]॥१॥" शमसौख्यं प्रधानं येषां तेन वा प्रधाना ये ते तथा तद्भावस्तत्त्वं तस्मात् 'शमसौख्यप्रधानत्वात्' अदु:खितत्वादित्यर्थ:, 'योगिन:' समाधिमन्त:, 'तुशब्द:' पुनरर्थ:, 'अतपस्विन:' अतपोधना:, दु:खात्मकतपसोऽभावादिति भावना, त्वन्नीत्या प्रसज्यन्त इति प्रकृतमेवेति ॥३॥

**હવે સઘળા ય દુ:ખી જીવો તપસ્વી બને તો ક્યો દોષ થાય તે કહે છે—**

**શ્લોકાર્થ—** આવી તમારી નીતિથી નારકો વગેરે મહાતપસ્વીઓ બને. યોગીઓ સમતાસુખની પ્રધાનતાવાળા હોવાથી તપસ્વી ન બને.

**ટીકાર્થ— આવી તમારી નીતિથી—** પૂર્વે કહેલ "જે દુ:ખી તે તપસ્વી" એ પ્રમાણે સ્વીકાર કરવારૂપ તમારી નીતિથી.

**નારકો વગેરે—** નારકો અતિશય દુ:ખી હોવાથી અહીં નારકોનો ઉલ્લેખ કર્યો છે. વગેરે શબ્દથી અતિશય વેદનાથી પરાભવ પામેલા તિર્યંચ વગેરેનું ગ્રહણ કરવું.

**યોગીઓ સમતાસુખની પ્રધાનતાવાળા હોવાથી—** સમાધિવાળા યોગીઓ સમતા સુખની પ્રધાનતાવાળા હોય તે અંગે કહ્યું છે કે-**"જેના રાગ-મદ-મોહ નષ્ટ થયા છે તેવો ઉત્તમસાધુ ઘાસના સંથારા ઉપર બેઠેલો હોય તો પણ જે મુક્તિતુલ્ય સુખને પામે છે તે ચક્રવર્તી પણ ક્યાંથી પામે ? અર્થાત્ ન પામે."**

સમતાસુખની પ્રધાનતાવાળા હોવાથી એ કથનનો ભાવ "દુ:ખી ન હોવાથી" એવો છે. યોગીઓને દુ:ખરૂપ તપ ન હોવાથી યોગીઓ તપસ્વી ન બને.

**च** શબ્દ અન્યદૂષણના સમુચ્ચય (=સંગ્રહ) માટે છે. પૂર્વે ત્રણ દૂષણ આપ્યાં છે. આમાં નારકો વગેરે મહાતપસ્વી બને, યોગીઓ તપસ્વી ન બને એમ ચોથું દૂષણ આપ્યું છે. (૩)

**पर एव स्वपक्षं निगमयन्नाह—**

**युक्त्यागमबहिर्भूत-मतस्त्याज्यमिदं बुधै: ।**

**अशस्तध्यानजननात्, प्राय आत्मापकारकम् ॥४॥**

૮૫. तृणसंस्तारनिषण्णोपि, मुनिवरो भ्रष्टरागमदमोह: । यत् प्राप्नोति मुक्तिसुखं, कुतस्तच्चक्रवर्त्यपि ॥१॥

वृत्तिः— युक्तिश्चोपपत्तिरागमश्चाप्तवचनं ताभ्यां बहिर्भूतं तदननुपाति तद्बाधितं 'युक्त्यागमबहिर्भूतम्,' तत्र युक्तिबहिर्भूतता प्रागुपदर्शिता, आगमबहिर्भूतता चैवमवगन्तव्या-''भावियजिणवयणाणं, ममत्तरहियाण नत्थि उ विसेसो । अप्पाणम्मि परम्मि य, तो वज्जे पीडमुभओ वि "॥१॥'' अनशनादौ तु स्वकायपीडा प्रतीतैवेति, 'अतः' इति यस्मादनेकानन्तरोदितदूषणोपेतं, 'अत' एतस्माद्धेतोः, 'त्याज्यं' त्यागार्हम्, 'इदं' अनशनादिदुःखात्मकं तपः, कैरित्याह- 'बुधैः' युक्त्यागमहृदयज्ञैः, न तैर्लोकरूढ्या प्रवर्तिततव्यं भवति, बुधत्वाभावप्रसङ्गादिति हृदयम्, तथा 'आत्मापकारकं' स्वस्यानर्थनिबन्धनमिदम्, कुतः? 'अशस्तध्यानजननात्' अप्रशस्ताध्यवसायोत्पादकत्वात्, 'प्रायो' बाहुल्येन, उत्पद्यते हि भोजनाद्यभावे अप्रशस्तध्यानम्, यदाह-''आहारवर्जिते देहे, धातुक्षोभः प्रजायते । तत्र चाधिकसत्त्वोऽपि, चित्तभ्रंशं समश्नुते ॥१॥'' इह च प्रायोग्रहणात् श्रीमन्महावीरादिभिर्व्यभिचारपरिहारो दर्शित इति, अतोऽपि त्याज्यमेवेदं बुधैरिति प्रक्रमः । इति पूर्वपक्षः ॥४॥

**સ્વપક્ષનો ઉપસંહાર કરતો વાદી જ કહે છે—**

**શ્લોકાર્થ—** તપ યુક્તિ- આગમથી બાધિત છે. પ્રાય: અશુભ ધ્યાન ઉત્પન્ન કરનાર હોવાથી આત્માનો અપકારી છે. આથી બુધપુરુષોએ તપનો ત્યાગ કરવો જોઇએ. (૪)

**ટીકાર્થ— યુક્તિ-આગમથી બાધિત—** તપ યુક્તિથી બાધિત છે એ પૂર્વે (આ અષ્ટકની ૧ થી ૩ ગાથાઓમાં) બતાવ્યું છે. આગમથી બાધિત છે એ આ રીતે જાણવું-''**જિનવચનથી ભાવિત અને સમભાવવાળા જીવોને સ્વમાં અને પરમાં ભેદ હોતો નથી. અર્થાત્ સ્વ અને પર એ બંનેમાં સમાન ભાવ હોય છે. આથી તે સ્વ-પર બંનેની પીડાનો ત્યાગ કરે.**'' (પંચવસ્તુક ૫૩૯)

અનશન વગેરે તપમાં પોતાની કાયપીડા જાણીતી જ છે.

**અશુભધ્યાન ઉત્પન્ન કરનાર હોવાથી—** ભોજનાદિના અભાવમાં અશુભ ધ્યાન ઉત્પન્ન થાય જ છે. કહ્યું છે કે- ''**આહારથી રહિત શરીરમાં વાત વગેરે ધાતુઓનો ક્ષોભ (=વિકાર) થાય છે. ધાતુઓનો ક્ષોભ થયે છતે ઘણા સત્ત્વવાળો પણ જીવ ચિત્તવિનાશને પામે છે.**''

**આત્માનો અપકારી છે—** પોતાના અનર્થનું કારણ છે.

**આથી—** હમણાં જ કહેલાં અનેક દૂષણોથી યુક્ત હોવાથી.

**બુદ્ધપુરુષોએ—** યુક્તિ-આગમના હાર્દને જાણનારાઓએ. તેમણે (=બુધ પુરુષોએ) લોકરૂઢિથી પ્રવૃત્તિ ન કરવી જોઇએ. કારણ કે લોકરૂઢિથી પ્રવૃત્તિ કરવાથી બુધપણાના અભાવનો પ્રસંગ આવે.

અહીં પ્રાય: શબ્દનો ઉલ્લેખ કર્યો હોવાથી શ્રી મહાવીર સ્વામી વગેરે જીવોને તપ અશુભ ધ્યાનનું કારણ ન બનવા છતાં 'તપ અશુભ ધ્યાન ઉત્પન્ન કરનાર છે' એ હેતુમાં દોષ લાગતો નથી. તપ અશુભ ધ્યાનનું કારણ હોવાથી પણ બુધપુરુષોએ તપનો ત્યાગ કરવો જોઇએ. (૪)

८६. भावितजिनवचनानां ममत्वरहितानां नास्ति तु विशेषः । आत्मनि परस्मिन् ततो वर्जयेत्पीडामुभयोरपि ।

अत्र सूरिरुत्तरमाह—

मनइन्द्रिययोगाना-महानिश्चोदिता जिनैः ।
यतोऽत्र तत्कथं त्वस्य, युक्ता स्यात् दुःखरूपता ॥५॥

वृत्तिः— पूर्वपक्षवादिना यदुक्तम्, दुःखात्मकं तपो न युक्तिमत् कर्मोदयस्वरूपत्वात्, तत्र दुःखात्मकमिति विशेषणं तपसो न सिद्धमिति तावदावेदयति, कथम् ? मनश्च चित्तमिन्द्रियाणि च करणानि योगाश्च प्रत्युपेक्षणादयः संयमव्यापारा 'मनइन्द्रिययोगा' स्तेषाम्, 'अहानिः' अनाबाधता, 'चोदिता' अभिहिता, अथवा 'चशब्दः' समुच्चये, तेन अनुपप्लुतता च, 'उदिता' उक्ता, 'जिनैः' तीर्थङ्करैः, 'यतो' यस्मात्कारणात्, अत्र तपसि । यदाह-सो हु तवो कायव्वो, जेण मणो मंगुलं न चिंतेइ । जेण न इंदियहाणी, जेण य जोगा न हायंति ८७॥१॥" तथा "ता जह न देहपीडा, न यावि चियमंससोणियत्तं तु । जह धम्मज्झाणवुड्ढी, तहा इमं होइ कायव्वं ८८॥२॥" 'तत्' इति, 'तस्मात्कारणात्, 'कथं' केन प्रकारेण, न कथञ्चिदित्यर्थः 'तु' इति वितर्के, 'अस्य' तपसः, 'युक्ता' उपपन्ना, 'स्यात्' भवेत्, 'दुःखरूपता' असुखस्वभावता, तदेवं दुःखात्मकत्वं तपसोऽसिद्धं तदसिद्धावयुक्तिमत्त्वमप्यसिद्धमित्युक्तमिति ॥५॥

અહીં આચાર્ય ઉત્તર કહે છે—

**શ્લોકાર્થ—** મન-ઇંદ્રિય-યોગોને હાનિ ન પહોંચે તે રીતે તપ કરવાનું જિનેશ્વરોએ કહ્યું છે. આથી તપ દુ:ખરૂપ છે એ કેવી રીતે ઘટી શકે ? અર્થાત્ ન જ ઘટી શકે. (૫)

**ટીકાર્થ—** પૂર્વપક્ષવાદીએ "દુ:ખસ્વરૂપ તપ યુક્તિયુક્ત નથી. કારણ કે કર્મોદય સ્વરૂપ છે." એમ જે કહ્યું, તેમાં તપનું દુ:ખસ્વરૂપ એવું વિશેષણ સિદ્ધ થતું નથી. કેવી રીતે સિદ્ધ થતું નથી તે અંગે કહે છે કે-મન-ઇંદ્રિય-યોગોને હાનિ ન પહોંચે તે રીતે તપ કરવાનું કહ્યું છે.

આ વિષે કહ્યું છે કે— **"જે તપથી મન અશુભ ન ચિંતવે, ઇંદ્રિયો ક્ષીણ ન થાય, અને યોગોની હાનિ ન થાય તે જ અનશનાદિ તપ કરવો જોઇએ. કારણ કે કર્મક્ષય શુભ અધ્યવસાયથી થાય. (કોરા તપથી સકામનિર્જરા ન થાય. મન અશુભ ચિંતવે તો શુભ અધ્યવસાયો ન રહે.) ઇંદ્રિયો ક્ષીણ થાય તો પ્રતિલેખના વગેરે ક્રિયા ન થઇ શકે. યોગો એટલે ચક્રવાલ સામાચારીની અંતર્ગત વ્યાપારો."** (પંચવસ્તુક ૨૧૪)

તથા-**"આથી સંયમને ઉપઘાત થાય તેવી દેહપીડા ન થાય, અને સંયમનો ઉપઘાત થાય તેવી જ માંસ-લોહીની પુષ્ટિ પણ ન થાય, શરીરસ્વાસ્થ્યથી ધર્મધ્યાનની વૃદ્ધિ થાય તે રીતે અનશનાદિ તપ કરવો જોઇએ."** (પંચવસ્તુક-૮૫૩)

આ પ્રમાણે "તપ દુ:ખરૂપ છે." એવું કથન સિદ્ધ ન થયું, તે સિદ્ધ ન થતાં તપ યુક્તિયુક્ત નથી એવું કથન પણ સિદ્ધ ન થયું. એ પ્રમાણે આ ગાથાથી કહ્યું છે. (૫)

---

૮૭. तत् खलु तपः कर्तव्यं, येन मनो मङ्गुलं (अशुभं) न चिन्तयति । येन नेन्द्रियहानिः येन च योगा न हीयन्ते ॥१॥
૮૮. तस्मात् यथा न देहपीडा न चापि चितमांसशोणितत्वं तु । यथा धर्मध्यानवृद्धिः तथा इदं भवति कर्तव्यम् ॥२॥

ननु देहपीडाकारित्वेनानशनादीनां दु:खस्वरूपत्वमनुभूयमानमपि कथमसिद्धमिति व्यपदिश्यत इत्याह—

**यापि चानशनादिभ्य:, कायपीडा मनाक् क्वचित् ।**
**व्याधिक्रियासमा सापि, नेष्टसिद्ध्यात्र बाधनी ॥६॥**

वृत्ति:— 'यापि' इति, 'अनशनादिभ्य:' उक्तन्यायेन तावद्देहपीडा न भवत्येव, 'यापि च अनशनादिभ्य' उपवासादिभ्य:, आदिशब्दादूनोदरतादे: सकाशात्, 'कायपीडा' शरीरबाधा, न तु मन:पीडा, 'मनाक्' स्वल्पा, 'क्वचित्' देशे काले वा, न पुन: सर्वत्र सर्वदा सा सम्भवति उक्तन्यायप्रवृत्तस्य, 'साऽपि' इति इह दृश्यं तेनासावपि, 'न बाधनी' नैव बाधिका न मनसो दु:खदा, किमित्यत आह- 'इष्टसिद्ध्या, वाञ्छितार्थसाधनात्, 'अत्र' प्रवचने, किंविधासावित्याह- 'व्याधिक्रियासमा' रोगचिकित्सातुल्या, यथाहि रोगचिकित्सायां मनाक् देहस्य पीडा सत्यपि न बाधिका आरोग्य सिद्धे:, एवं तपस्यपि देहपीडा भावारोग्यसंसिद्धेर्न भावतो बाधिकेति भावनेति ॥६॥

**અનશન વગેરે તપ દેહની પીડા કરે છે. એથી તપ દુ:ખ સ્વરૂપ છે એવું અનુભવાતું હોવા છતાં તપ દુ:ખ સ્વરૂપ છે એ કથન અસિદ્ધ છે એમ કેમ કહેવાય ? એવા પ્રશ્નનો ઉત્તર કહે છે—**

**શ્લોકાર્થ—** ક્યારેક અનશન આદિથી જે અતિશય અલ્પ કાયપીડા થાય છે તે કાયપીડા પણ પ્રવચનમાં બાધક બનતી નથી. કારણ કે એ પીડાથી ઇષ્ટની સિદ્ધિ થાય છે. આ પીડા વ્યાધિની ક્રિયા સમાન છે. (૬)

**ટીકાર્થ—** ઉક્તનીતિથી તપથી દેહપીડા થતી જ નથી. કદાચ ક્યારેક અતિશય અલ્પપીડા થાય તો પણ તે પીડા બાધક બનતી નથી. કારણ કે એ પીડાથી ઇષ્ટકાર્યની સિદ્ધિ થાય છે.

**ક્યારેક—** ઉક્તનીતિથી તપમાં પ્રવૃત્ત થયેલા જીવને ઉપવાસ વગેરે અનશનાદિથી ક્યારેક જ પીડા થાય છે, સદા થતી નથી, અથવા કોઇક સ્થાનમાં જ પીડા થાય છે, સર્વ સ્થળે થતી નથી.

**અનશન આદિથી—** અહીં આદિ શબ્દથી ઊણોદરી વિગેરે તપનું ગ્રહણ કરવું.

**કાયપીડા—** કાયાને જ પીડા થાય છે. મનને પીડા થતી નથી.

**બાધક બનતી નથી—** મનને દુ:ખ આપનારી થતી નથી.

**વ્યાધિની ક્રિયા સમાન—** જેવી રીતે રોગની ચિકિત્સામાં દેહને અલ્પપીડા થાય તો પણ તે પીડા આરોગ્યની સિદ્ધિ કરતી હોવાથી બાધક બનતી નથી. તેવી રીતે તપમાં પણ થતી શરીરપીડા ભાવારોગ્યની સિદ્ધિ કરતી હોવાથી ભાવથી (=પરમાર્થથી) બાધક બનતી નથી. (૬)

इष्टार्थसंसिद्धौ देहपीडाया अदु:खरूपतां दृष्टान्तेन समर्थयन्नाह—

**दृष्टा चेष्टार्थसंसिद्धौ, कायपीडा ह्यदु:खदा ।**
**रत्नादिवणिगादीनां, तद्वदत्रापि भाव्यताम् ॥७॥**

वृत्तिः— न केवलमस्माभिरेवेहोपन्यस्ता, 'दृष्टा च' लोकेऽवलोकिता, 'इष्टार्थसंसिद्धौ' अभिप्रेतप्रयोजनप्राप्तौ सत्याम्, 'कायपीडा' देहबाधा, 'हिशब्दः' स्फुटार्थः, 'अदुःखदा' न पीडाकारिणी, केषामित्याह- रत्नानि मरकतादीनि आदिर्येषां वस्त्रसुवर्णादीनां तानि तथा, तेषां वणिक् वाणिजको रत्नादिवणिक्, स आदिर्येषां कृषीवलादीनां ते तथा तेषां 'रत्नादिवणिगादीनाम्,' ततः किमित्याह- तेषामिव वणिगादीनामिव 'तद्वत् अत्रापि' अनशनादितपोविषयेऽपि, 'भाव्यतां' निपुणधिया पर्यालोच्यताम्, तथाहि-रत्नसुवर्णवसनादिवणिक्कृषीवलादीनां समीहितार्थसंसिद्धिबद्धनिश्चयानां अपारपारावारावतारकान्तारनिस्तरणधरणीप्रकर्षणादिविविधव्यापारपरायणानां क्षुत्पिपासाश्रमादिजनितदेहपीडा न मनोविधुरताऽऽधायिनी, एवं साधूनामपारसंसारसागरमचिरादुत्तितीर्षूणामनशनोनोदरतादितपोजनितदेहपीडा न मनोबाधाविधायिनीति । इह पुनर्विशेषसम्प्रदायं केचिदेवमूचुः-''किल कोपि दरिद्रवणिजको दूरदेशान्तरं गत्वा कथंकथमपि रत्नान्युपार्जितवान् चिन्तितवांश्च, कथमहमेतानि महामूल्यानि सर्वाशासम्पादकानि महारत्नानि चौरव्याकुलमरण्यं निस्तीर्य स्वनगरं गत्वोपभोगं नेष्यामि, ततस्तेनोत्पन्नबुद्धिना तान्येकत्र स्थाने निहितानि, काचादिशकलानि च पोट्टलिकायां बद्धानि, सा च दण्डाग्रे निबद्धा, ततश्चौरपल्लीमध्येन 'अहो रत्नवणिजको गच्छति' इत्येवं महता शब्देन व्याहरन्नरण्यमतिक्रामति स्म, ततो मार्गपल्लीषु च ये जनास्ते तं वीक्ष्य ससंभ्रममागत्य निभालयन्ति स्म, अपश्यंश्च काचादिशकलानि, अवधीरितवन्तश्च ग्रहगृहीतोऽयमिति विभावयन्तः, ततः पुनरपि तथैव निवृत्तः, तत्रापि यैः पूर्वं न वीक्षित आसीत्ते तथैव वीक्षितवन्तोऽथावधीरितवन्तश्च, एवं पुनरपि असावरण्यमध्येन गतवान् ततस्तृतीयवेलायामतिपरिचितत्वादवधीरितस्तस्करजनेन, ततोऽसौ निश्चितं न मां कोपि अत्रारण्यमार्गे स्खलयिष्यतीति निश्चित्य रत्नानि गृहीत्वा शीघ्रं शीघ्रं तदुपयो(भो)गाय वाञ्छितपुरप्राप्तावरण्यात्तन्निर्वाहणे चातीवौत्सुक्येनानवरतमहाप्रयाणकैः क्षुत्पिपासाश्रमादीन् भवतो भूयसोऽप्यवगणयन् गन्तुं प्रवृत्तः । बहुतरमार्गमतिलङ्घितः सन् पिपासाभिभूतो भावयामास, अहो अहमद्य जलं विना म्रिये, न च रत्नोपभोगभाजनं भवामीत्येवं भावयता मरणभयभीतेन रत्नोपभोगकाङ्क्षिणा दृष्टं सरः पङ्कप्रायपानीयं पङ्कमग्नमृगादिकलेवरपूयकृमिजालव्याकुलं विलीनमतिदुर्गन्धं विरसं तुच्छजलं, दृष्ट्वा च गन्धमजिघ्रता रसमनास्वादयता दुष्करकरणं कुर्वता अक्षिणी निमील्याञ्जलिभिस्तत्पीतवान्, परं स्वास्थ्यं चागमत्, तदुपष्टम्भितश्च क्षीणपिपासादुःखोऽक्षेपेणेष्टपुरं प्राप्तः रत्नोपभोगसुखं चेति ।'' उपनयस्तु प्रागुक्त एवेति ।।७।।

**ઇષ્ટકાર્યની સિદ્ધિમાં દેહપીડા દુ:ખરૂપ બનતી નથી એ વિષયનું દૃષ્ટાંતથી સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** રત્ન વગેરેના વેપારી વગેરેને ઇષ્ટકાર્યની સિદ્ધિમાં થતી કાયપીડા દુ:ખ આપનારી બનતી નથી. એ સ્પષ્ટપણે લોકમાં જોવામાં આવ્યું છે. તે પ્રમાણે તપમાં પણ સૂક્ષ્મબુદ્ધિથી વિચારો. (૭)

**ટીકાર્થ—** રત્ન વગેરેના એ સ્થળે વગેરે શબ્દથી વસ્ત્ર અને સુવર્ણ વગેરેનું ગ્રહણ કરવું. વેપારી વગેરેને એ સ્થળે વગેરે શબ્દથી ખેડૂત વગેરેનું ગ્રહણ કરવું.

**લોકમાં જોવામાં આવ્યું છે—** કેવળ અમોએ જ અહીં કહ્યું છે એમ નથી, કિંતુ લોકમાં પણ જોવામાં

આવ્યું છે. તે આ પ્રમાણે-અપાર સમુદ્રને ઉતરવામાં, જંગલને પાર પહોંચવામાં અને જમીન ખેડવી વગેરે વિવિધ વ્યાપારોમાં તત્પર બનેલા રત્ન-સુવર્ણ-વસ્ત્ર વગેરેના વેપારીઓ અને ખેડૂત વગેરેને પોતાના કાર્યની સિદ્ધિ અવશ્ય થશે એવું નિશ્ચિત હોય ત્યારે ક્ષુધા-તૃષા-શ્રમ વગેરેથી થયેલી દેહપીડા માનસિક વિહ્વલતાને કરનારી બનતી નથી. એ પ્રમાણે અપાર સંસારરૂપ સાગરને જલદી ઉતરવાની ઇચ્છાવાળા સાધુઓને અનશન, ઊણોદરી વગેરે તપથી થયેલી દેહપીડા માનસિક દુ:ખ આપનારી થતી નથી. અહીં વિશેષ [1]સંપ્રદાયથી કેટલાકોએ આ પ્રમાણે કહ્યું છે-કોઇક ગરીબ વેપારી દૂર રહેલા અન્યદેશમાં ગયો. ત્યાં જઇને તેણે અતિશય કષ્ટથી રત્નો મેળવ્યાં. પછી તેણે વિચાર્યું: ઘણા મૂલ્યવાળાં, સઘળી આશાઓને પૂરી કરનારાં આ મહારત્નોને ચોરોથી ભરેલા જંગલને ઓળંગીને પોતાના નગરમાં જઇને ઉપભોગમાં કેવી રીતે લાવીશ ? પછી તેને (સહસા) બુદ્ધિ ઉત્પન્ન થઇ. આથી રત્નોને એકસ્થળે મૂકી દીધાં. કાચ વિગેરેના ટૂકડાઓને પોટલીમાં બાંધ્યા. તે પોટલી દાંડાના આગળના ભાગમાં બાંધી. પછી ચોરોની પલ્લીમાં "અહો ! રત્નવેપારી જાય છે" એમ મોટાશબ્દથી બોલતો તે જંગલ ઓળંગી ગયો. તે માર્ગમાં આવેલી પલ્લીઓમાં રહેલા લોકોએ તેને જોઇને સંભ્રમપૂર્વક તેની પાસે આવીને જોયું તો કાચ વગેરેના ટુકડાઓને જોયા." આ ગ્રહથી પકડાયેલો છે=ગાંડો છે એમ વિચારતા તેમણે તેનો અનાદર કર્યો=ઉપેક્ષા કરી. પછી ફરી પણ તે જ પ્રમાણે જંગલમાં પાછો ફર્યો. તેમાં પણ જે લોકોએ તેને જોયો ન હતો તેમણે તેને તે જ પ્રમાણે જોયો. અને તેનો અનાદર કર્યો. એ પ્રમાણે ફરી પણ જંગલમાંથી પસાર થયો. તેથી ત્રીજી વખત અતિપરિચિત હોવાથી ચોરલોકોએ તેનો અનાદર કર્યો. તેથી તેણે હવે ચોક્કસ મને જંગલના માર્ગમાં કોઇપણ સ્ખલના પમાડશે નહિ=રોકશે નહિ એવો નિર્ણય કર્યો. પછી જંગલ પસાર કરીને ઇષ્ટ નગરની પ્રાપ્તિ થયે છતે તે રત્નોનો ઉપભોગ કરવા માટે રત્નોને લઇને જલદી જલદી જવા માટે પ્રવૃત્ત થયો. રત્નોને સાચવવામાં અતિશય ઉત્સુકતાપૂર્વક મહાપ્રયાણો કરતો તે ચાલવા લાગ્યો. રસ્તામાં ક્ષુધા-તૃષા-શ્રમ વગેરે ઘણાં દુ:ખો થાય છે. પણ તે તેવાં દુ:ખોની અવગણના કરે છે. અતિશય ઘણો માર્ગ ઓળંગ્યા પછી તૃષાથી હેરાન થયેલા તેણે વિચાર્યું: અહો ! હું આજે પાણી વિના મરી જઇશ અને રત્નના ઉપભોગનું પાત્ર નહીં બનું. આ પ્રમાણે વિચારતા, મરણથી ભય પામેલા અને રત્નોના ઉપભોગની ઇચ્છાવાળા તેણે સરોવર જોયું. તેમાં પાણી લગભગ કાદવવાળું હતું. કાદવમાં હરણ વગેરેના કલેવરો (=મૃતકો) પડ્યાં હતાં. એ કલેવરોમાં રસી થઇ હતી. એ રસીમાં કીડાઓ પડ્યા હતા. સરોવરનું પાણી આવા કીડાઓથી પૂર્ણ હતું. એ સરોવર જુગુપ્સા ઉત્પન્ન કરનારું અતિ દુર્ગંધવાળું, ખરાબ સ્વાદવાળું અને અલ્પ પાણીવાળું હતું. આવા સરોવરને જોઇને તેણે ગંધને સુંઘ્યા વિના અને રસનો સ્વાદ લીધા વિના, અર્થાત્ દુર્ગંધને અને બેસ્વાદને ગણકાર્યા વિના આંખો મીંચીને અંજલિઓથી પાણી પીધું. આ રીતે દુષ્કર કાર્યને કરતા તેણે ઉત્તમ સ્વાસ્થ્યને પ્રાપ્ત કર્યું. પાણીથી બળવાન કરાયેલો અને તૃષાના દુ:ખથી રહિત બનેલો તે જલદી ઇષ્ટપુરમાં પહોંચ્યો અને રત્નોના ઉપભોગના સુખને પામ્યો.

આ દૃષ્ટાંતનો ઉપનય તો પહેલાં જ કહી દીધો છે. (૭)

**तदेवं दुःखात्मकतां तपसो व्युदस्य कर्मोदयस्वरूपतां व्युदस्यन्नाह—**

**विशिष्टज्ञानसंवेग-शमसारमतस्तपः ।**

**क्षायोपशमिकं ज्ञेय-मव्याबाधसुखात्मकम् ॥८॥**

૧. સંપ્રદાય એટલે ગુરુપરંપરાથી ચાલ્યો આવેલો સિદ્ધાંત સંબંધી ઉપદેશ.

वृत्तिः— 'विशिष्टाः' प्रधानाः सम्यग्दर्शनविशेषितत्वात्, 'ज्ञानं' च तत्त्वसंवेदनम्, 'संवेगश्च' संसारभयं मुक्तिमार्गाभिलाषिता वा, 'शमश्च' कषायेन्द्रियमनसां निरोधो ज्ञानसंवेगशमाः, विशिष्टाश्च ते ते चेति कर्मधारयः, त एव 'सारो' ऽन्तर्गर्भो यस्य तैर्वा सारं यत्तत्तथा, ज्ञानादिसारमेव तपः तपो भवति नेतरत्, अल्पफलत्वात्, । यदाह-''सट्ठिंवाससहस्सा'' *गाथा, ''छज्जीवकायवहगा'' Xगाथा । 'अतः' इति यस्मादुक्तयुक्तेरदुःखात्मकमत एतस्माद्धेतोः, 'तपो'ऽनशनादि, किमित्याह- क्षयेण उदीर्णचारित्रमोहनीयकर्मणश्छेदेन सह उपशमस्तस्यैव विपाकापेक्षया विष्कम्भितोदयत्वं क्षयोपशमस्तत्र भवं 'क्षायोपशमिकम्' 'ज्ञेयं' ज्ञातव्यम्, न पुनः कर्मोदयस्वरूपम् । तथा अविद्यमाना व्याबाधा अविरतिजनिताः अनन्तराः पारम्पर्यकृता वा ऐहिक्यः पारत्रिक्यो वा यस्मिंस्तदव्याबाधम्, तच्च तत्सुखं च तदेवात्मा स्वभावो यस्य तद् 'अव्याबाधसुखात्मकं' प्रशमसुखात्मकं सिद्धसुखानुकारीत्यर्थः । अनेन च श्लोकेन तपसोऽकर्मोदयस्वरूपत्वमदुःखत्वरूपत्वं चावेदितम् । उक्तं चैतदन्यत्रापि-''जं इय इमं न दुक्खं, कम्मविवागो वि सव्वहा णेवं । खाओवसमियभावे, एयंति जिणागमे भणियं[८९] ॥१॥ खंताइसाहुधम्मे, तवगहणं सो य खओवसमियम्मि । भावम्मि विणिद्दिट्ठो, दुक्खं चोदइयगे सव्वं[९०] ॥२॥ एतेन च तपसो दुःखरूपत्वकर्मोदयस्वरूपत्वपरिहारेण ''सर्व एव हि दुःख्येवं'' इत्यादिश्लोक (२-३) द्वयाभिहितं तपोदूषणं सर्वं परिहृतमवगन्तव्यं दुःखस्वरूपत्वाश्रयत्वात्तस्येति ॥८॥

अन्ये त्विदमष्टकमेवं व्याचक्षते- 'दुःखात्मकं' दुःखमेवेत्यर्थः, 'तपः केचिन्मन्यन्ते,' तदेतत् दुःखात्मकतपो मननम्, (? न) युक्तिमत्, कुत इत्याह- कर्मोदयस्वरूपत्वात् दुःखस्य, किंवत् इत्याह- बलीवर्दादिदुःखवत्, तपसश्च क्षायोपशमिकत्वादिति (१), इह एव दूषणान्तराभिधानायाह- सर्व एव चेत्यादिश्लोकद्वयम्, अथवा दुःखात्मकं तपः केचिन्मन्यन्ते कर्मोदयस्वरूपत्वाद्बलीवर्दादिदुःखवदिति, न चेह साध्यदृष्टान्तयोरेकत्वमिति वाच्यम्, बलीवर्दादिशब्देन विशेषितत्वात् दृष्टान्तस्येति, सद्धेतुरेवायम्, वृक्षोऽयम्, शाखादिमत्त्वात्, ग्रामवृक्षवदित्यादिवदिति । अत्राचार्य आह- तन्न युक्तिमदिति, कुत इत्याह, सर्व एव चेत्यादिश्लोकद्वयम्, इह चशब्दो यस्मादर्थो द्रष्टव्यः (२-३) आचार्य एवोभयत्र परस्योपदेशमाह- युक्त्यागमेत्यादि, इदमिति तपसो दुःखात्मकत्वमननम् (४) । शेषं तु श्लोकचतुष्टयं पूर्ववदेव, नवरं ''मन इन्द्रिययोगानामहानिश्चोदिता जिनैः'' इत्यत्र चशब्दः पूर्वोक्तयुक्त्यपेक्षया युक्त्यन्तरसमुच्चयार्थो द्रष्टव्य इति ।

## ॥ एकादशाष्टकविवरणं समाप्तम् ॥११॥

આ પ્રમાણે ''તપ દુઃખ સ્વરૂપ છે'' એ કથનનું નિરાકરણ કરીને હવે ''તપ કર્મના ઉદય સ્વરૂપ છે'' એ કથનનું નિરાકરણ કરતા ગ્રંથકાર કહે છે—

* षष्टिवर्षसहस्राणि । तिसत्तखुत्तो दएण धोएण । अणुचिण्णं तामलिणा, अन्नाणतवुत्ति अप्पफलो ॥१॥ इति गाथापूर्तिः ॥

X षड्जीवकायवधकाः । हिंसकसत्थाइं उवइसंति पुणो । सुबहुं पि तवकिलेसो बालतवस्सीण अप्पफलो ॥२॥ इति गाथापूर्तिः ॥

८९. यदितीदं न दुःखं नापि कर्मविपाकोऽपि सर्वथा नैव । क्षायोपशमिकभावे एतदिति जिनागमे भणितम् ॥१॥

९०. क्षान्त्यादिसाधुधर्मे तपोग्रहणं तच्च क्षायोपशमिके । भावे विनिर्दिष्टं दुःखं चौदयिके सर्वम् ॥२॥

**શ્લોકાર્થ—** તપ વિશિષ્ટ જ્ઞાન, સંવેગ અને શમના કારણે શ્રેષ્ઠ છે. આથી તપ ક્ષાયોપશમિક અને અવ્યાબાધસુખરૂપ જાણવું. (૮)

**ટીકાર્થ— તપ વિશિષ્ટ જ્ઞાન-સંવેગ-શમના કારણે શ્રેષ્ઠ છે—** તપ વિશિષ્ટ જ્ઞાન-સંવેગ-શમથી યુક્ત હોવાના કારણે શ્રેષ્ઠ છે. વિશિષ્ટ એટલે પ્રધાન. જ્ઞાન-સંવેગ અને શમ એ ત્રણ સમ્યગ્દર્શનથી વિશિષ્ટ કરાયેલા હોવાથી વિશિષ્ટ છે. અર્થાત્ સમ્યગ્દર્શનથી યુક્ત હોવાના કારણે વિશિષ્ટ છે. જ્ઞાન એટલે તત્ત્વસંવેદન. સંવેગ એટલે સંસારનો ભય, અથવા મોક્ષમાર્ગની અભિલાષા. શમ એટલે કષાય-ઇંદ્રિય-મનનો નિરોધ.

વિશિષ્ટ જ્ઞાનાદિથી શ્રેષ્ઠ જ તપ તપરૂપ બને છે. અન્ય તપ તપરૂપ બનતો નથી. કારણ કે અન્ય તપ અલ્પફળવાળો છે. કહ્યું છે કે-**"ઘર છોડીને તામલી તાપસે એકવીશ વાર પાણીથી ધોયેલા આહારથી પારણું કરવાપૂર્વક સાઠ હજાર વર્ષ છઠ્ઠ ઉપર છઠ્ઠનો તપ કરવા છતાં એ અજ્ઞાનતપ હોવાથી અલ્પ જ ફળવાળો છે." (ઉપદેશમાળા-૮૧) જે અજ્ઞાનીઓ, છકાયની હિંસામાં પ્રવર્તે છે અને હિંસા પોષે તેવા અર્થવાળા વેદાદિ શાસ્ત્રોનો ઉપદેશ આપે છે તેવા અજ્ઞાન તપસ્વીઓના ઘણા પણ તપનું કષ્ટ અલ્પફળ આપે છે.**

**આથી—**કહેલી યુક્તિઓથી તપ દુ:ખરૂપ ન હોવાથી.

**ક્ષાયોપશમિક છે—** ક્ષય એટલે ઉદયમાં આવેલા ચારિત્ર મોહનીય કર્મનો નાશ. ઉપશમ એટલે ચારિત્ર મોહનીયના જ ઉદયનું વિપાકની અપેક્ષાએ અટકી જવું=ચારિત્ર મોહનીયનો વિપાકોદય ન થવો તે ઉપશમ. ક્ષયની સાથે ઉપશમ તે ક્ષયોપશમ. ક્ષયોપશમમાં થયેલ તે [1]ક્ષાયોપશમિક.

**અવ્યાબાધસુખરૂપ—** જેમાં અવિરતિના કારણે થયેલી અનંતર કે પરંપરાથી કરાયેલી અને આ લોક સંબંધી કે પરલોક સંબંધી વ્યાબાધા=પીડા નથી તે અવ્યાબાધ. અવ્યાબાધ એવું જે સુખ તે અવ્યાબાધસુખ. તપ અવ્યાબાધ સુખરૂપ છે=પ્રશમ સુખરૂપ છે, અર્થાત્ સિદ્ધના સુખ તુલ્ય છે.

આ શ્લોકથી તપ કર્મોદય સ્વરૂપ અને દુ:ખસ્વરૂપ નથી તે જણાવ્યું છે. આ વિગત બીજા સ્થળે પણ કહી છે-("વાદીનું" તપ દુ:ખનું કારણ છે અને કર્મવિપાકનું ફળ છે એવું કથન બરોબર નથી.)**"કારણકે પૂર્વે કહ્યું તેમ અનશનાદિ તપ કોઇપણ રીતે દુ:ખનું કારણ નથી, અને કર્મવિપાકનું ફળ પણ નથી. કારણ કે તેવો અનુભવ થાય છે. તપથી સુખનો અનુભવ થાય છે. જો તપ દુ:ખનું કારણ કે કર્મવિપાકનું ફળ હોય તો સુખાનુભવ ન થાય. તથા ભાવથી કરાતો અનશનાદિ તપ જીવસ્વરૂપ એવા ક્ષાયોપશમિક ભાવમાં છે (ઔદયિકભાવમાં નથી) એમ જિનાગમમાં કહ્યું છે. (પંચવસ્તુક-૮૫૭). "ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, નિષ્પરિગ્રહતા અને બ્રહ્મચર્ય એમ દશપ્રકારનો સાધુ ધર્મ છે. એ દશ પ્રકારમાં તપનો ઉલ્લેખ છે. તે સાધુધર્મને ક્ષાયોપશમિકભાવમાં કહ્યો છે. કારણ કે સાધુધર્મ ચારિત્રધર્મ છે. તીર્થંકરોએ સર્વ પ્રકારના દુ:ખને ઔદયિક ભાવમાં જ કહ્યું છે. કારણ કે દુ:ખ અશાતાના ઉદયરૂપ છે."** (પંચવસ્તુક-૮૫૮)

આ કથનથી "તપ દુ:ખ સ્વરૂપ છે." અને કર્મોદય સ્વરૂપ છે." એવી માન્યતાનું ખંડન કર્યું. એવી માન્યતાનું ખંડન કરવા દ્વારા "એ પ્રમાણે સઘળા દુ:ખી જીવો તપસ્વી બને." ઇત્યાદિ બે શ્લોકોમાં તપમાં જે

૧. અહીં **तत्र भवं** એ અર્થમાં ક્ષયોપશમ શબ્દને તદ્ધિતનો **इकण्** પ્રત્યય લાગ્યો છે.

દૂષણો કહ્યાં તે સઘળાં દૂષણોનું ખંડન કર્યું જાણવું. કારણ કે સઘળાં દૂષણો "તપ દુઃખ સ્વરૂપ છે." એવી માન્યતાના આધારે કહ્યાં છે. (૮)

**બીજાઓ આ અષ્ટકની આ પ્રમાણે વ્યાખ્યા કરે છે—**

કેટલાકો તપને દુઃખરૂપ માને છે. તપને દુઃખરૂપ માનવું એ યુક્તિયુક્ત નથી. કારણ કે દુઃખ બળદ આદિના દુઃખની જેમ કર્મોદયરૂપ છે. તપ તો ક્ષાયોપશમિક છે. (૧)

અહીં (=તપને દુઃખરૂપ માનવામાં) અન્ય દૂષણો કહેવા માટે આચાર્ય કહે છે-જો તપને દુઃખરૂપ માનવામાં આવે તો સઘળા દુઃખી જીવો તપસ્વી બને ઇત્યાદિ બે શ્લોકોનો અર્થ પૂર્વવત્ જાણવો.

અથવા બીજી રીતે અર્થ આ પ્રમાણે છે—

કેટલાકો તપને દુઃખરૂપ માને છે. કર્મોદય સ્વરૂપ હોવાથી, બળદ આદિના દુઃખની જેમ. અહીં સાધ્ય અને દૃષ્ટાંતનું એકપણું (=સમાનતા) છે એમ ન કહેવું. (અર્થાત્ સાધ્ય અને દૃષ્ટાંત એ બંનેમાં દુઃખ આવે છે એથી બંને સમાન છે એમ ન કહેવું.) કારણ કે દૃષ્ટાંતને "બળદ આદિ શબ્દોથી વિશેષતાવાળું કર્યું છે. આ હેતુ (=કર્મોદય સ્વરૂપ હોવાથી એ હેતુ) સદ્ જ છે. કોની જેમ ? આ વૃક્ષ છે, કેમકે શાખાદિવાળું છે, ગામના વૃક્ષ આદિની જેમ, ઇત્યાદિ પ્રયોગની જેમ.

**અહીં આચાર્ય જવાબ આપે છે કે—** તે યુક્તિયુક્ત નથી. શાથી યુક્તિયુક્ત નથી એ જણાવવા બીજો અને ત્રીજો શ્લોક છે.

આ અર્થમાં **च** શબ્દ જે કારણથી એવા અર્થવાળો જાણવો. અહીં જણાવેલ બંને વ્યાખ્યાનમાં આચાર્ય જ બીજાને ઉપદેશ આપે છે. (અમારા કહેલા વ્યાખ્યાનમાં ચારે શ્લોક વાદી જ બોલે છે એ ભેદ છે.)

**युक्त्यागम** ઇત્યાદિ ચોથા શ્લોકમાં **इदं** એટલે તપને દુઃખરૂપ માનવું એ. બાકીના ચાર શ્લોકો પૂર્વવત્ જ જાણવા. પણ **चोदिता** એ સ્થળે રહેલો **च** શબ્દ પૂર્વોક્ત યુક્તિઓની અપેક્ષાએ અન્ય યુક્તિનો સમુચ્ચય કરવાના અર્થવાળો જાણવો.

## અગિયારમા તપ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥१२॥ अथ द्वादशं वादाष्टकम् ॥

**एवं तावत्प्रायः कुदृष्टीन्विविधार्थेषु विप्रवदमानान् अनुशास्य तदनुशासनविधेर्वादस्य स्वरूपनिरूपणाय आह—**

**शुष्कवादो विवादश्च, धर्मवादस्तथापरः ।**
**इत्येष त्रिविधो वादः, कीर्तितः परमर्षिभिः ॥१॥**

**वृत्तिः— शुष्क इव शुष्को नीरसः, गलतालुशोषमात्रफल इत्यर्थः, स चासौ वादश्च कमपि विप्रतिपत्तिविषयमाश्रित्य प्रतिवादिना सह वदनं ''शुष्कवादः' तथा विरूपो जयप्राप्तावपि परलोकादिबाधको वादः 'विवादः,' 'चशब्द' उक्तसमुच्चये, तथा धर्मप्रधानो वादो 'धर्मवादः', 'तथा' तेनात्यन्तमाध्यस्थादिना धर्महेमकषादिपरीक्षालक्षणेन वा प्रकारेण, समुच्चयार्थो वा 'तथाशब्दः', 'परः' प्रधानः, अपरो वा उक्तवादाभ्यामन्यः, 'इति' अनेन प्रकारेण, 'एषो'ऽन्तरोक्तः, तिस्रो विधाः प्रकारा यस्य स 'त्रिविधः' 'कीर्तितः' संशब्दितः, 'परमर्षिभिः' प्रधानमुनिभिरिति ॥१॥**

## બારમું વાદ અષ્ટક

(શુષ્ક વાદ આદિ ત્રણ વાદનું સ્વરૂપ, કયા વાદથી કયા દોષો થાય, અને કયા વાદથી કયા ગુણો પ્રાપ્ત થાય, તેથી ક્યારે કયો વાદ કરવો એની વિચારણા આ અષ્ટકમાં કરવામાં આવી છે.)

**ઘણું કરીને વિવિધ પદાર્થોમાં વિવાદ કરતા મિથ્યાદષ્ટિઓને આ પ્રમાણે ઉપદેશ આપીને તેમને ઉપદેશ આપવાની વિધિરૂપ વાદનું સ્વરૂપ જણાવવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** પરમર્ષિઓએ શુષ્કવાદ, વિવાદ અને પ્રધાન ધર્મવાદ એ પ્રમાણે આ ત્રણ પ્રકારવાળો વાદ કહ્યો છે. (૧)

**ટીકાર્થ— પરમર્ષિઓએ—** પ્રધાનમુનિઓએ.

**શુષ્કવાદ—** શુષ્ક એટલે રસ રહિત, અર્થાત્ માત્ર ગળાને અને તાળવાને શોષ થાય તે ફળવાળો. વાદ એટલે વિવાદના કોઇપણ વિષયને આશ્રયીને પ્રતિવાદીની સાથે બોલવું. શુષ્ક એવો વાદ તે શુષ્કવાદ.

**વિવાદ—** વિરૂપ એવો વાદ એટલે વિવાદ. વિરૂપ એટલે જયની પ્રાપ્તિ થવા છતાં પરલોક આદિનો બાધક.

**ધર્મવાદ—** ધર્મની પ્રધાનતાવાળો વાદ તે ધર્મવાદ. (૧)

**आद्यवादस्वरूपमाह—**

## अत्यन्तमानिना सार्धं, क्रूरचित्तेन च दृढम् ।
## धर्मद्विष्टेन मूढेन, शुष्कवादस्तपस्विनः ॥२॥

**वृत्तिः— अत्यन्तमत्यर्थं मानी गर्वी 'अत्यन्तमानी' तेन, स हि जितोऽपि परगुणं न मन्यते, 'सार्धं' सह, 'क्रूरचित्तेन' संक्लिष्टाध्यवसायेन, स हि जितो वैरी स्यात्, 'चशब्दः' समुच्चये, तथा, 'दृढम्' अत्यर्थम्, धर्मो जिनाख्यातः श्रुतचारित्ररूपः, तस्यैव दुर्गतौ प्रपततां धरणसमर्थत्वात्, तस्य द्विष्टो द्वेषवान्, 'धर्मद्विष्टः' तेन, स हि निराकृतोऽपि धर्मं न प्रतिपद्यतेऽतो व्यर्थप्रयासः स्यात्, 'मूढेन' युक्तायुक्तविशेषानभिज्ञेन, स हि वादेऽनधिकृत एव, प्रतिवादिना यो वादः स इति गम्यते, किमित्याह- 'शुष्कवादो'ऽनर्थवादः, भवतीति गम्यम्, कस्येत्याह- 'तपस्विनः' साधोः, तपस्विग्रहणं चेह तस्य सदैवोचितप्रवृत्तिकतया**

योग्यत्वेन शास्त्रेऽधिकारित्वोपदर्शनार्थमितरस्य चान्यथात्वेन तत्रानधिकारित्वोपदर्शनार्थं च, अथवा हे तपस्विन इति ॥२॥

**પહેલા શુષ્કવાદનું સ્વરૂપ કહે છે—**

**શ્લોકાર્થ—** અત્યંત ગર્વિષ્ઠ, અતિશય ક્રૂર, ધર્મદ્વેષી અને મૂઢ એવા પ્રતિવાદીની સાથે તપસ્વીનો વાદ થાય તે શુષ્કવાદ છે. (૨)

**ટીકાર્થ— અત્યંત ગર્વિષ્ઠ—** અત્યંત ગર્વિષ્ઠ જીતાય તો પણ પરના (=જીતનારના) ગુણને ન માને=ન સ્વીકારે.

**અતિશયક્રૂર—** અતિશય સંક્લિષ્ટ અધ્યવસાયવાળો. તે જીતાય તો વૈરી બને.

**ધર્મદ્વેષી—** અહીં ધર્મ એટલે જિનેશ્વરોએ કહેલો શ્રુત-ચારિત્રરૂપ ધર્મ. કારણ કે તે જ દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરવામાં સમર્થ છે. જિનધર્મ પ્રત્યે દ્વેષવાળો વાદી જીતાય તો પણ જૈનધર્મને ન સ્વીકારે. આથી મહેનત વ્યર્થ થાય.

**મૂઢ—** યોગ્ય-અયોગ્યના વિશેષજ્ઞાનથી રહિત. મૂઢ વાદનો અધિકારી જ નથી.

**તપસ્વી=**સાધુ. તપસ્વી સદાય ઉચિત પ્રવૃત્તિ કરનાર હોવાથી યોગ્ય હોવાના કારણે શાસ્ત્રમાં (શાસ્ત્ર ભણવામાં) તે અધિકારી છે, અન્ય અનુચિત પ્રવૃત્તિ કરનાર હોવાથી, અયોગ્ય હોવાના કારણે શાસ્ત્રમાં અધિકારી નથી, એ જણાવવા માટે અહીં તપસ્વીનો ઉલ્લેખ કર્યો છે.

**શુષ્કવાદ=**અનર્થવાદ. (૨)

**अथ कथमस्य शुष्कवादत्वम्, अनर्थवर्धनत्वादिति ब्रूमः, एतदेवाह—**

**विजयेऽस्यातिपातादि, लाघवं तत्पराजयात् ।**
**धर्मस्येति द्विधाप्येष, तत्त्वतोऽनर्थवर्धनः ॥३॥**

**वृत्तिः— 'विजये'ऽभिभवे तपस्विना कृते सति 'अस्य' अत्यन्तमानादिदोषयुक्तस्य प्रतिवादिनः, अतिपतनमतिपातो मरणम्, स एव आदिर्यस्य चित्तनाशादिदोषवृन्दस्य तत् 'अतिपातादि', भवतीति गम्यते, स हि विजितो मानात् म्रियेत चित्तनाशवैरानुबन्धाशुभकर्मबन्धसंसारपरिभ्रमणादिकं वाऽऽप्नुयात्, अथवा साधोरेव वैरानुबन्धात् सामर्थ्ये सत्यतिपातं शासनोच्छेदादि वा कुर्यादिति भावना । तथा 'लाघवं' माहात्म्यहानिः, भवतीति गम्यम्, कुत इत्याह- तस्मात्प्रतिवादिनः सकाशात् पराजयः साधोरभिभवः'तत्पराजयस्तस्मात्', कस्य लाघवमित्याह- धर्मस्य जिनप्रवचनस्य, यतो वादे जितो जैनोऽतोऽसारं जैनशासनमित्यवर्णवादात् । 'इति' अनन्तरोदितहेतोः, 'द्विधापि' द्वाभ्यामपि प्रकाराभ्याम्, आस्तां पराजये, विजयपराजययोरपीति भावः, 'तत्त्वतः' परमार्थतो न तु व्यवहारत एव, संसारकारणत्वात्, 'अनर्थवर्धनः' अपायवृद्धिकारीति ॥३॥**

**આ શુષ્કવાદ કેમ છે ? એમ પૂછવામાં આવે તો અનર્થને વધારનારો હોવાથી આ વાદ શુષ્કવાદ છે એમ અમે કહીએ છીએ. આને જ ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** અતિગર્વિષ્ઠ આદિ પ્રતિવાદીની સાથે વાદ કરવામાં સાધુનો વિજય થાય તો પ્રતિવાદીનું મરણ વગેરે અનર્થ થાય. જો તેનાથી સાધુનો પરાજય થાય તો ધર્મની લઘુતા થાય. આ પ્રમાણે બંને રીતે શુષ્કવાદ પરમાર્થથી અનર્થની વૃદ્ધિ કરે છે. (૩)

**ટીકાર્થ—** મરણ વગેરે એ સ્થળે વગેરે શબ્દથી ચિત્તનો નાશ, વૈરાનુબંધ, અશુભ કર્મબંધ, સંસાર પરિભ્રમણ વગેરે અનર્થ પ્રતિવાદીને થાય. અથવા શક્તિ હોય તો પ્રતિવાદી સાધુને જ મારી નાંખે કે શાસનનો વિનાશ વગેરે કરે.

**ધર્મની લઘુતા=**જિનપ્રવચનના મહાત્મ્યની હાનિ થાય. કારણ કે વાદમાં જૈન જિતાયો છે માટે જૈનશાસન અસાર છે આવો અવર્ણવાદ થાય.

**બંને રીતે=**વિજય-પરાજય એ બંનેમાં પણ.

**પરમાર્થથી=**વ્યવહારથી જ નહિ, કિંતુ પરમાર્થથી અનર્થની વૃદ્ધિ કરે છે. કારણે કે તે વાદ સંસારનું (=સંસારવૃદ્ધિનું) કારણ બને છે. (૩)

**अथ द्वितीयवादस्वरूपमाह—**

**लब्धिख्यात्यर्थिना तु स्याद्, दु:स्थितेनाऽमहात्मना ।**
**छलजातिप्रधानो य:, स विवाद इति स्मृत: ॥४॥**

**वृत्ति:— 'लब्धि:' सुवर्णादीनां लाभ:, 'ख्यातिश्च' प्रसिद्धि:, ताभ्यामर्थ: प्रयोजनं यस्यास्ति स तथा तेन, 'तुशब्द:' पुन:शब्दार्थ:, स चाद्यवादविवादयोर्विशेषद्योतक:, 'स्यात्' भवेत्, यो वाद इति सम्बन्ध:, 'दु:स्थितेन' दरिद्रेण मनोदु:स्थितेन वा, 'अमहात्मना' अनुदारचित्तेन, एवंविधस्य हि पराजये विषादवृत्तिच्छेदादिदोषप्रसङ्गेन साधो: परलोकबाधेति कृत्वा वादस्य विरुद्धता स्यात्, अत एव कारणात् विशेषितोऽसाविति, इह च सह वादिनेति गम्यम्, 'छलजातिप्रधानो य:', तत्र छलं वाक्छलादि, यथा नवकम्बलो देवदत्त:, जातयो दूषणाभासा:, यथाऽनित्य: शब्द:, कृतकत्वात्, घटवदिति, अस्य हेतो: दूषणम्, तथाहि- यदि घटगतं कृतकत्वं हेतु: तदा तच्छब्देनासिद्धमित्यसिद्धो हेतु:, अथ शब्दगतं तदा तदनित्यत्वेन व्याप्तं न सिद्धमित्यसाधारणानैकान्तिको हेतुरिति, तत्प्रधानो य: स तथा, 'स' एवंविधो वाद:, 'विवाद इति स्मृत:' एवमभिहित इति ॥४॥**

**હવે બીજા વિવાદ વાદના સ્વરૂપને કહે છે—**

**શ્લોકાર્થ—** લાભ અને ખ્યાતિનો અર્થી, દુ:સ્થિત અમહાત્મા એવા પ્રતિવાદીની સાથે છલ અને જાતિની પ્રધાનતાવાળો વાદ કરવો તે વિવાદ એમ કહેવાયેલો છે. (૪)

**ટીકાર્થ— લાભ=**સુવર્ણ વગેરેનો લાભ.

**ખ્યાતિ**=પ્રસિદ્ધિ.

**દુઃસ્થિત**=દરિદ્ર અથવા માનસિક દુઃસ્થિતિવાળો.

**અમહાત્મા**=અનુદારચિત્તવાળો.

આવા પ્રતિવાદીનો પરાજય થાય તો તેને વિષાદ થાય, અથવા તેની વૃત્તિનો (=આજીવિકાનો) ભંગ થાય વગેરે દોષોનો પ્રસંગ આવે. એથી સાધુને પરલોકની બાધા થાય. (=પરલોકમાં સદ્ગતિ ન થાય.) આ કારણથી વાદનું વિરુદ્ધપણું થાય. આ જ કારણથી આ વાદને પહેલા વાદથી વિશેષતાવાળો (=ભિન્ન) કર્યો છે. ગાથામાં "**તુ**" શબ્દ શુષ્કવાદ અને વિવાદ એ બે વાદમાં વિશેષતાનો સૂચક છે.

**છલ**=વાક્છલ વિગેરે. (વાદીના વચનનો વાદીને ઇષ્ટ અર્થથી જુદો અર્થ કરીને વાદીને જુઠ્ઠો કરવો એ છલ છે.) તે આ પ્રમાણે **नवकम्बलोऽयं देवदत्तः** આ વચનથી "દેવદત્ત નવી કામળી વાળો છે." એમ વાદીનું કહેવું છે. એના બદલે **નવ** શબ્દનો નવ સંખ્યા અર્થ કરીને દેવદત્ત પાસે તો એક જ કામળી છે. નવ ક્યાં છે ? આથી તમારું વચન અસત્ય છે. એમ કહીને વાદીને જુઠ્ઠો ઠરાવવો.

**જાતિ**=હેતુમાં ખોટાં દૂષણો બતાવવા તે જાતિ. (વાદી પોતાના મતને સિદ્ધ કરવા કોઇ હેતુ કહે ત્યારે તેમાં પોતાને કોઇ દોષ ન દેખાવાથી ગમે તેમ કોઇક અવાસ્તવિક પ્રતિહેતુ કહીને વાદીના હેતુમાં દૂષણ આપવું એ જાતિ છે. જાતિના સાધર્મ્ય આદિ ચોવીશ ભેદો છે. આ ભેદો ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથમાં બતાવ્યા છે.) જેમકે-શબ્દ અનિત્ય છે. કેમકે કૃતક (=કરાયેલો) છે. ઘડાની જેમ. આ હેતુમાં દૂષણ છે. તે આ પ્રમાણે-જો કૃતકત્વ હેતુ ઘટમાં રહેલું છે તો તે કૃતકત્વ શબ્દથી સિદ્ધ થયું નથી. (=શબ્દમાં સિદ્ધ થતું નથી) હવે જો કૃતકત્વ શબ્દમાં રહેલું છે તો તે કૃતકત્વ અનિત્યત્વની સાથે વ્યાપ્ત સિદ્ધ ન થયું. આ પ્રમાણે અહીં અસાધારણાનૈકાંતિક હેતુ છે (૪)

**कस्माद्विवादोऽयं स्मृत इत्याह—**

**विजयो ह्यत्र सन्नीत्या, दुर्लभस्तत्त्ववादिनः ।**
**तद्भावेऽप्यन्तरायादि-दोषोऽदृष्टविघातकृत् ॥५॥**

**वृत्तिः— 'विजयः' प्रतिवाद्यभिभवद्वारेण जयः, 'हि' यस्मात्, 'अत्र' छलादिप्रधाने विवादे, 'सन्नीत्या' शोभनेन न्यायेन, यतस्तत्र सन्नीत्युद्ग्राहणपरस्यापि छलापशब्दादिना निग्रहस्थानावाप्तिः स्यात्, 'दुर्लभः' न सुलभः, कस्येत्याह- 'तत्त्ववादिनः' वस्तुतत्त्ववदनशीलस्य साधोः, अथात्यन्ताप्रमादितया छलादिपरिहरतो विजयस्य लाभो भवति, तत्रापि दोषमाह- 'तद्भावेऽपि' आस्तां विजयाभावे दोषस्त-द्भावेऽपि परनिराकरणेपि अन्तरायः प्रतिवादिनो लाभख्यात्यादिविघात आदिर्यस्य शोकप्रद्वेषादेः स तथा, स चासौ दोषश्च इति 'अन्तरायादिदोषः,' सम्भवतीति गम्यते, स हि पराजितो राजादिभ्यो न किञ्चिल्लभते लब्धं चास्य ह्रियते, किंविधो दोष इत्याह- 'अदृष्टविघातकृत्' परलोकव्याहतिकारीति ॥५॥**

આ વાદને વિવાદ કેમ કહ્યો છે તે કહે છે—

**શ્લોકાર્થ—** વિવાદમાં તત્ત્વવાદીને ઉત્તમ નીતિપૂર્વક વિજય દુર્લભ છે. વિજય મળે તો પણ અંતરાય આદિ દોષો ઉત્પન્ન થાય છે. આ દોષો પરલોકને બગાડનારા છે. (૫)

**ટીકાર્થ—** વિવાદમાં ઉત્તમનીતિનું પાલન કરાવવામાં તત્પર પણ તત્ત્વવાદીને (=વસ્તુના તત્ત્વને કહેવાના સ્વભાવવાળાને) છલના અપશબ્દો આદિથી [1]નિગ્રહસ્થાનની પ્રાપ્તિ થાય છે. આથી વિવાદમાં વિજય દુર્લભ છે. વિવાદમાં વિજય ન મળે તો દોષ છે જ, કિંતુ વિજય મળે તો પણ અંતરાય વગેરે દોષો છે. તે આ પ્રમાણે- પરાજિત થયેલા પ્રતિવાદીને રાજા વગેરેની પાસેથી ધન ન મળે, બલકે પૂર્વે અન્ય વાદીની સાથે વાદ કરીને કંઇક મેળવ્યું હોય તે પણ લઇ લેવામાં આવે. આથી ધનનો અંતરાય થાય. તથા શોક, દ્વેષ અશુભ કર્મબંધ વગેરે દોષો પણ ઉત્પન્ન થાય. (૫)

**धर्मवादस्वरूपनिरूपणायाह—**

## परलोकप्रधानेन, मध्यस्थेन तु धीमता ।
## स्वशास्त्रज्ञाततत्त्वेन, धर्मवाद उदाहृतः ॥६॥

**वृत्तिः— परलोको जन्मान्तरं स प्रधानो नोपसर्जनभूतो यस्य स 'परलोकप्रधानस्तेन', स हि परलोकभयादसमञ्जसस्य वक्ता कर्ता च न भवति, 'मध्यस्थेन' आत्यन्तिकस्वदर्शनानुरागपरदर्शनद्वेषरहितेन, एवंविधो हि सुखप्रतिपाद्यो भवति, 'तुशब्दः' पुनःशब्दार्थः, 'धीमता' बुद्धिमता, एवंविधो हि गुणदोषज्ञो भवति, तथा 'स्वशास्त्रस्य' अभ्युपगतदर्शनस्य 'ज्ञातं' अवगतं, तत्त्वं परमार्थो येन स तथा तेन, एवम्भूतो हि स्वदर्शनं दूषितमदूषितं वा जानातीति, सह प्रतिवादिनेति गम्यते, यो वादः स 'धर्मवाद उदाहृतः' कथितस्तत्त्ववेदिभिरिति ॥६॥**

**ધર્મવાદના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** પરલોકને મુખ્ય રાખનાર, મધ્યસ્થ, બુદ્ધિમાન અને સ્વશાસ્ત્રના તત્ત્વને જાણનાર પ્રતિવાદીની સાથે જે વાદ તે ધર્મવાદ કહ્યો છે.

**ટીકાર્થ— પરલોકને મુખ્ય રાખનાર—** પરલોકને મુખ્ય રાખનાર પ્રતિવાદી પરલોકના ભયથી અનુચિત બોલનારો કે કરનારો ન થાય.

**મધ્યસ્થ—** પોતાના દર્શનમાં અતિશય રાગ, અને પરદર્શન પ્રત્યે અતિશય દ્વેષથી રહિત. આવો પ્રતિવાદી સુખપૂર્વક પ્રતિપાદન કરવાને યોગ્ય હોય, અર્થાત્ તેને સાચી વાત સુખપૂર્વક જણાવી શકાય.

**બુદ્ધિમાન—** બુદ્ધિમાન પ્રતિવાદી ગુણ-દોષને જાણનારો હોય.

**સ્વશાસ્ત્રના તત્ત્વને જાણનાર—** સ્વીકારેલા શાસ્ત્રના પરમાર્થને જાણનાર પ્રતિવાદી પોતાનું દર્શન દૂષિત

૧. નિગ્રહ એટલે પરાજય. સ્થાન એટલે આશ્રય, અર્થાત્ કારણ. પરાજયનું કારણ તે નિગ્રહસ્થાન. શાસ્ત્રાર્થના જે નિયમોથી પ્રતિવાદી પરાજિત થાય તેને નિગ્રહસ્થાન કહે છે. આ નિગ્રહસ્થાનો ૨૨ છે. ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથમાં ૩૨મા શ્લોકમાં તેમનું વર્ણન કરવામાં આવ્યું છે.

છે કે અદૂષિત છે તે જાણે છે.

**કહ્યો છે**— પરમાર્થને જાણનારાઓએ કહ્યો છે. (૬)

**कुतोऽयं धर्मवाद उच्यते, यस्मादिह विशिष्टं तत्फलमस्तीत्यत आह—**

**विजयेऽस्य फलं धर्म-प्रतिपत्त्याद्यनिन्दितम् ।**

**आत्मनो मोहनाशश्च, नियमात्तत्पराजयात् ॥७॥**

**वृत्तिः— 'विजये' सन्न्यायेनाभिभवे सति, 'अस्य' परलोकप्रधानत्वादिविशेषणस्य प्रतिवादिनः, 'फलम्' अर्थसिद्धिः, धर्मो जिनोक्तश्रुतचारित्रलक्षणस्तस्य प्रतिपत्तिरभ्युपगमः स आदिर्यस्याद्वेषपक्षपाता-वर्णवादादेः तत् 'धर्मप्रतिपत्त्यादि,' 'अनिन्दितम्' अनवद्यम्, फलविशेषणं क्रियाविशेषणं चेदं, भवतीति चेह गम्यते । अथ प्रतिवादिनः सकाशादात्मनः पराजयो भवति तत्राह-'आत्मनः' साधोरधिकृतवादिनः, 'मोहनाशः' अतत्त्वादौ तत्त्वाद्यध्यवसायलक्षणबोधहानिः, 'चशब्दः' समुच्चयार्थः, 'नियमात्' अवश्य-म्भावेन, कुत इत्याह- तेन तस्माद्वा पराजयोऽभिभवः 'तत्पराजयस्तस्माद्' इति ॥७॥**

**આ વાદ ધર્મવાદ કેમ કહેવાય છે એ પ્રશ્નનો ઉત્તર એ છે કે આ વાદથી વિશિષ્ટફળની પ્રાપ્તિ થાય છે. માટે આ વાદ ધર્મવાદ છે. આથી ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— ધર્મવાદમાં સાધુનો વિજય થાય તો પ્રતિવાદીને ધર્મનો સ્વીકાર વગેરે નિરવદ્ય ફળ મળે છે. પ્રતિવાદીથી સાધુનો પરાજય થાય તો અવશ્ય પોતાના (=સાધુના) મોહનો નાશ થાય. (૭)

**ટીકાર્થ— ધર્મનો સ્વીકાર વગેરે**— જિને કહેલા શ્રુત-ચારિત્રરૂપ ધર્મનો સ્વીકાર. વગેરે શબ્દથી જૈન ધર્મ પ્રત્યે દ્વેષનો અભાવ, પક્ષપાત, નિંદાનો અભાવ વગેરે જાણવું.

**મોહનો**— અતત્ત્વમાં તત્ત્વના અધ્યવસાયરૂપ બોધનો. (૭)

**तर्हि किं धर्मवादः कर्तव्य एवेतरौ तु न कर्तव्यावेवेत्याशङ्कायां यद्विधेयं तदुपदिशन्नाह—**

**देशाद्यपेक्षया चेह, विज्ञाय गुरुलाघवम् ।**

**तीर्थकृज्ज्ञातमालोच्य, वादः कार्यो विपश्चिता ॥८॥**

**वृत्तिः— 'देशो' ग्रामनगरजनपदादिरादिर्येषां कालराजसभ्यप्रतिवाद्यादीनां ते देशादयः, तत्र देशः कुतीर्थिकप्रचुरेतरस्वरूपः, कालो दुर्भिक्षादिः, राजादयो मध्यस्था विज्ञा इतरे वा, प्रतिवादी वादयोग्यस्त-दन्यो वा । यदाह-"अत्थवइणा निवइणा, पक्खवया बलवया पयण्डेणं । गुरुणा नीएण तवस्सिणा य सह वज्जए वायं[११]॥१॥" आत्मा वादसमर्थोऽन्यथा वेति । यदाह-"कः कालः कानि मित्राणि, को देशः कौ व्ययागमौ । कश्चाहं का च मे शक्ति-रिति चिन्त्यं मुहुर्मुहुः ॥१॥" इति । एतेषाम् 'अपेक्षा' तया, देशादीनाश्रित्येत्यर्थः, 'चकारः' पुनः शब्दार्थः, 'इह' वादविषये, 'विज्ञाय' ज्ञात्वा, किं तदित्याह- गुरु च**

११. अर्थपतिना नृपतिना पक्षवता बलवता प्रचण्डेन । गुरुणा नीचेन तपस्विना च सह वर्जयेद्वादम् ॥१॥

लघु च गुरुलघुनी, तयोर्भावो 'गुरुलाघवं', गुरु एवंविधेषु देशादिषु वादे विधीयमाने प्रवचनस्यात्मनो वा गौरवं माहात्म्यं भवति, एवंविधेषु च तेषु लाधवं माहात्म्यक्षतिस्तयोर्भवतीत्येवं विज्ञाय, यथा गौरवमेव भवति तथा वादः कार्यो न यथाकथञ्चिदिति भावना, किं कृत्वेत्याह- तीर्थकृदेव वर्धमानजिन एव ज्ञातं दृष्टान्तः 'तीर्थकृज्ज्ञातं' तत्, 'आलोच्य' विभाव्य, यथा तेन भगवता वर्धमानस्वामिना प्रथमसमवसरणसमागतामभव्यपर्षदं वर्जयित्वाऽन्यत्र विशिष्टा धर्मदेशना कृता, एवमन्येनाप्यनुचितदेशादिकं स्वपरोपकाराभावं च वर्जयित्वाऽन्यत्र, 'वादो'ऽनन्तरोदितस्त्रिविधः, 'कार्यो' विधेयः, 'विपश्चिता' पण्डितेनेति, सर्वत्र गुरुलाघवालोचनपूर्वकप्रवृत्तिक एव परमार्थतो विपश्चिद्भवति, तदन्यस्य परमार्थेनाविपश्चित्त्वादित्युक्तं विपश्चितेति ॥८॥

## ॥ द्वादशाष्टकविवरणं समाप्तम् ॥१२॥

**તો શું ધર્મવાદ કરવો જ જોઇએ ? બીજા બે વાદો ન જ કરવા જોઇએ ? એવી આશંકા થયે છતે જે કરવું જોઇએ તેનો ઉપદેશ આપતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** અહીં પંડિતે દેશ આદિ પ્રમાણે ગુરુ-લાઘવને જાણીને તીર્થંકર મહાવીર ભગવાનના દૃષ્ટાંતને વિચારીને વાદ કરવો જોઇએ. (૮)

**ટીકાર્થ— દેશ આદિ પ્રમાણે—** દેશ એટલે ગ્રામ, નગર અને દેશ વગેરે. આદિ શબ્દથી કાળ, રાજા અને પ્રતિવાદી વગેરેનું ગ્રહણ કરવું. તેમાં દેશ કુતીર્થિકોની અધિકતાવાળો છે કે અલ્પતાવાળો છે તે જોવું. અર્થાત્ દેશમાં કુતીર્થિકો વધારે છે કે અલ્પ છે તે જોવું. કાળ-દુકાળ છે કે સુકાળ છે વગેરે જોવું. રાજા વગેરે મધ્યસ્થ અને જાણકાર છે કે તેનાથી વિપરીત છે ? ઇત્યાદિ જોવું. પ્રતિવાદી વાદને યોગ્ય છે કે અયોગ્ય છે તે જોવું. કહ્યું છે કે-"**ધનવાન, અન્યરાજાના પક્ષથી યુક્ત રાજા, વિદ્યામંત્રાદિથી બળવાન, તીવ્ર ક્રોધી, વિદ્યાદાતા અને ધર્મદાતા ગુરુ, અધમ (=હલકી જાતિવાળો), વિકૃષ્ટ તપ કરનાર તપસ્વીની સાથે વાદ ન કરે.**" (વ્ય.ભા.ભા.૩ ઉ. ૧ ગા. ૯૦-સળંગ ગા.નં. ૭૦૭)

તથા પોતે વાદમાં સમર્થ છે કે સમર્થ નથી તે જોવું. કહ્યું છે કે-"**કાળ કયો છે ? મિત્રો કયા છે ? દેશ કયો છે ? મારો વ્યય અને આય શો (=કેટલો) છે ? હું કોણ છું ? અને મારી શક્તિ કઇ (=કેટલી) છે ? એ પ્રમાણે વારંવાર વિચારવું.**" (પંચતંત્ર-૧/૨૭૧)

**ગુરુ-લાઘવ જાણીને—** આવા પ્રકારના દેશ આદિમાં વાદ કરવામાં પ્રવચનનું કે પોતાનું માહાત્મ્ય થાય અને આવા પ્રકારના દેશ આદિમાં વાદ કરવામાં પ્રવચનના કે પોતાના માહાત્મ્યની હાનિ થાય તે જાણીને ગૌરવ જ થાય તે રીતે વાદ કરવો, પણ ગમે તેમ નહિ.

**તીર્થંકર મહાવીર ભગવાનના દૃષ્ટાંતને વિચારીને—** ભગવાન શ્રી વર્ધમાન સ્વામીએ પહેલા સમવસરણમાં આવેલી સભાને પ્રતિબોધ ન પામે તેવી જાણીને તે સભાને છોડીને બીજા સ્થળે વિશિષ્ટ દેશના કરી.એ પ્રમાણે બીજાએ પણ અયોગ્ય દેશ આદિને અને સ્વપરના ઉપકારના અભાવને છોડીને બીજા સ્થાને વાદ કરવો જોઇએ.

**વાદ કરવો જોઇએ—** ત્રણ પ્રકારનો વાદ કરવો જોઇએ.

**પંડિતે—** સર્વસ્થળે ગુરુ-લાઘવનો (=લાભ-હાનિનો) વિચાર કરવા પૂર્વક જ પ્રવૃત્તિ કરનાર પરમાર્થથી પંડિત છે. તેનાથી અન્ય પરમાર્થથી પંડિત નથી. આથી અહીં "પંડિતે" એ પ્રમાણે કહ્યું છે. (૮)

**બારમા વાદ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥१३॥ अथ त्रयोदशं धर्मवादाष्टकम् ॥

**अनन्तरं वादा उक्तास्तेषां च मध्ये मुख्यवृत्त्या धर्मवाद एव विधेय इति तद्विषयमुपदर्शयन्नाह—**

**विषयो धर्मवादस्य, तत्तत्तन्त्रव्यपेक्षया ।**
**प्रस्तुतार्थोपयोग्येव, धर्मसाधनलक्षणः ॥१॥**

**वृत्तिः— 'विषयो' गोचरः, धर्मसाधनलक्षण इति योगः, कस्य ? 'धर्मवादस्य' उक्तलक्षणस्य, कथमित्याह- तस्य तस्येति वीप्सायां द्विर्वचनम्, तन्त्रस्य शास्त्रस्य षष्टितन्त्रादेर्विशिष्टापेक्षा निश्रा तत्तत्तन्त्रव्यपेक्षा तया, यद्यद्दर्शनं प्रतिवादी समाश्रितस्तत्तदपेक्षयेत्यर्थः । किं यावांस्तदभ्युपगतदर्शनार्थोऽभिधीयते तावदपेक्षोऽसौ धर्मवादविषयः, नैवमित्याह- 'प्रस्तुतार्थो' मुमुक्षूणां मोक्षार्थ एव, तत्रोपयोगः प्रयोजनभावो यस्यास्ति स 'प्रस्तुतार्थोपयोगी', स एव नान्योऽपि धर्मवादविषयः, कश्चासावित्याह- धर्मस्य कर्मानुपादाननिर्जरणलक्षणस्य, 'साधनानि' हेतवोऽहिंसादीनि, तानि 'लक्षणं' स्वभावो यस्य स तथेति ॥१॥**

## તેરમું ધર્મવાદ અષ્ટક

(ધર્મવાદમાં અહિંસા આદિ ધર્મસાધનોની જ ચર્ચા-વિચારણા કરવી જોઇએ. પ્રત્યક્ષાદિ પ્રમાણના લક્ષણની કે આત્મા આદિ પ્રમેયના લક્ષણની વિચારણા નિષ્પ્રયોજન છે. આ વિષયની અહીં યુક્તિપૂર્વક સિદ્ધિ કરવામાં આવી છે.)

**હમણાં જ વાદો કહ્યા. તે વાદોમાં મુખ્યપણે ધર્મવાદ જ કરવો જોઇએ. આથી ધર્મવાદના વિષયને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પ્રતિવાદીએ સ્વીકારેલ તે તે દર્શનની અપેક્ષાએ મોક્ષપુરુષાર્થમાં જ ઉપયોગી એવાં ધર્મસાધનો ધર્મવાદનો વિષય છે, અર્થાત્ ધર્મસાધનોનો વાદ કરવો જોઇએ. (૧)

**ટીકાર્થ—** **ધર્મ**=સંવર અને નિર્જરા. **સાધનો**=અહિંસા વગેરે. (૧)

**धर्मसाधनान्येवाह—**

**पञ्चैतानि पवित्राणि, सर्वेषां धर्मचारिणाम् ।**
**अहिंसा सत्यमस्तेयं, त्यागो मैथुनवर्जनम् ॥२॥**

वृत्तिः— 'पञ्च' इति सङ्ख्या, 'एतानि' वक्ष्यमाणानि, 'पवित्राणि' पावनानि, सर्वसम्मतत्वादेषाम्, 'सर्वेषां' समस्तानां जैनसाङ्ख्यबौद्धवैशेषिकादीनाम्, 'धर्मचारिणां' धार्मिकाणाम्, कानि तानीत्याह- 'अहिंसा' प्राणिवधविरतिः, 'सत्यम्' ऋतम्, 'अस्तेयम्' अचौर्यम् 'त्यागः' सर्वसङ्गत्यजनम्, 'मैथुनवर्जनम्' अब्रह्मविरतिरिति । सर्वसम्मतत्वं चैषामेवम्- जैनैस्तावदेतानि महाव्रतान्यभिधीयन्ते । साङ्ख्यैर्व्यासमतानुसारिभिश्च यमाः, यतस्ते आहुः- ''पञ्चयमाः पञ्च नियमाः'', तत्र यमाः ''अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यमव्यवहारश्चेति'' ॥ नियमास्तु अक्रोधो गुरुशुश्रूषा शौचमाहारलाघवम् । अप्रमादश्चेति'' ॥ पाशुपतैस्तु धर्मशब्देनोक्तानि, यतस्ते दश धर्मानाहुः, तद्यथा- ''अहिंसा सत्यवचन-मस्तैन्यं चाप्यकल्कता । ब्रह्मचर्यं तथाऽक्रोधो, ह्यार्जवं शौचमेव च ॥ संतोषो गुरुशुश्रूषा, इत्येते दश कीर्तिताः ॥१॥'' भागवतैस्तु व्रतशब्देनोच्यन्ते, यदाहुस्ते- ''पञ्च व्रतानि पञ्चोपव्रतानि, तत्र व्रतानि यमाः, उपव्रतानि तु नियमाः'' ॥ बौद्धैः पुनरेतानि कुशलधर्मा उक्ताः, यदाहुस्ते- दश कुशलानि, तद्यथा ''हिंसास्तेयान्यथाकाम-पैशून्यं परुषानृतम् । सम्भिन्नालापव्यापादमभिध्या दृग्विपर्ययम् ॥ पापं कर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ॥१॥'' अत्र चान्यथाकामः पारदार्यम्, सम्भिन्नालापोऽसम्बद्धभाषणम्, व्यापादः परपीडाचिन्तनम्, अभिध्या धनादिष्वसन्तोषः, परिग्रह इति तात्पर्यम्, दृग्विपर्ययो मिथ्याभिनिवेशः, एतद्विपर्ययाश्च दश कुशलधर्मा भवन्तीति ॥ वैदिकैस्तु ब्रह्मशब्देनैतान्यभिहितानीति ॥२॥

ધર્મસાધનોને જ કહે છે—

**શ્લોકાર્થ—** અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ અને મૈથુન વર્જન એ પાંચ સર્વધાર્મિકોનાં પવિત્ર ધર્મસાધનો છે. (૨)

**ટીકાર્થ— અહિંસા**=જીવવધની વિરતિ. **સત્ય**=સાચું. **અસ્તેય**=ચોરી ન કરવી. **મૈથુનવર્જન**=અબ્રહ્મની વિરતિ. **ત્યાગ**=સર્વસંગનો ત્યાગ કરવો.

**સર્વ ધાર્મિકોનાં—** જૈન, સાંખ્ય, બૌદ્ધ, વૈશેષિક આદિ સર્વ ધાર્મિકોનાં. આ પાંચ સાધનો સર્વધાર્મિકોને સંમત છે. તે આ પ્રમાણે-જૈનો આ પાંચને મહાવ્રતો કહે છે. સાંખ્યો અને વ્યાસમતને અનુસરનારાઓ આ પાંચને યમ કહે છે. કારણ કે-તેમણે કહ્યું છે કે-**''પાંચ યમ છે અને પાંચ નિયમ છે. તેમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અવ્યવહાર (=સાંસારિક પ્રવૃત્તિનો ત્યાગ) એ પાંચ યમ છે. તથા અક્રોધ, ગુરુસેવા, શૌચ, આહારની અલ્પતા અને અપ્રમાદ એ પાંચ નિયમ છે.''** પાશુપતો (=શિવને માનનારાઓ) આ પાંચને ધર્મશબ્દથી કહે છે. કારણ કે તેઓ દશધર્મોને કહે છે. તે આ પ્રમાણે-**અહિંસા, સત્યવચન, અસ્તેય, પાપ-ત્યાગ, બ્રહ્મચર્ય, અક્રોધ, આર્જવ, શૌચ, સંતોષ અને ગુરુસેવા આ પ્રમાણે આ દશધર્મો કહ્યા છે.''** ભાગવતો (=વિષ્ણુના ભક્તો) આ પાંચને વ્રત શબ્દોથી કહે છે. તેમણે કહ્યું છે કે-**''પાંચ વ્રતો છે અને પાંચ ઉપવ્રતો છે.** તેમાં યમો એ વ્રત છે, નિયમો એ ઉપવ્રત છે. બૌદ્ધો આ પાંચને કુશલધર્મ કહે છે. તેમણે કહ્યું છે કે-દશ કુશલ છે. તે આ પ્રમાણે-**હિંસા, સ્તેય, અન્યથા કામ (=પરસ્ત્રી ગમન), પૈશૂન્ય (=ચાડી-ચુગલી), કઠોર અસત્ય, સંભિન્નાલાપ (=અસંબદ્ધ ભાષણ), વ્યાપાદ (=પરપીડા) ચિંતન, અભિધ્યા (=પરિગ્રહ), દૃગ્વિપર્યય (=મિથ્યા અભિનિવેશ), પાપકાર્ય.** આ પ્રમાણે દશપ્રકારના અકુશલનો કાયા-વચન-મનથી ત્યાગ

કરે.'' આનાથી વિપરીત દશ કુશલધર્મો છે. વૈદિકો આ પાંચને બ્રહ્મશબ્દથી કહે છે. (૨)

**यद्येतानि पवित्राणि ततः किमित्याह—**

**क्व खल्वेतानि युज्यन्ते, मुख्यवृत्त्या क्व वा न हि ।**

**तन्त्रे तत्तन्त्रनीत्यैव, विचार्यं तत्त्वतो ह्यदः ।।३।।**

**धर्मार्थिभिः प्रमाणादे-र्लक्षणं न तु युक्तिमत् ।**

**प्रयोजनाद्यभावेन, तथा चाह महामतिः ।।४।।**

वृत्तिः— 'क्व' कस्मिन्, तन्त्रे इति योगः, 'खलु' वाक्यालङ्कारे, 'एतानि' अनन्तरोदितानि अहिंसादीनि, 'युज्यन्ते' घटन्ते, 'मुख्यवृत्त्या' अनुपचारेण, क्व वा कस्मिन् वा तन्त्रे, 'न हि' नैव, युज्यन्ते इत्यनुवर्तते, 'तन्त्रे' बौद्धादिसिद्धान्ते, कथं युज्यन्ते कथं वा न युज्यन्ते इत्याह- तस्यैव बौद्धादेस्तन्त्रस्य शास्त्रस्य नीतिरात्मादिपदार्थानां सत्त्वासत्त्वनित्यानित्यत्वादिका व्यवस्था 'तत्तन्त्रनीतिः, तया एव, न तु शास्त्रान्तरनीत्या, एकशास्त्रोक्तप्रकाराणां ह्यहिंसादीनामन्यशास्त्रन्यायेनायुज्यमानतायाः स्फुटमेव प्रतीयमानत्वादिति, किमित्याह- हिशब्दस्यैवकारार्थत्वात्, 'अदः एव' एतदेवानन्तरोक्तम्, 'विचार्यं' विचारणीयम्, 'तत्त्वतः' परमार्थेन, वस्त्वन्तरविचारणे धर्मवादाभावप्रसङ्गात्, कैर्विचार्यमित्याह- 'धर्मार्थिभिः' धार्मिकैः । उक्तविपर्ययमाह- 'प्रमाणस्य' प्रत्यक्षादेः, आदिशब्दात् प्रमेयस्य आत्मादेः, 'लक्षणं' तदन्यव्यवच्छेदकं स्वरूपम्, यथा ''स्वपरावभासिज्ञानं प्रमाणम्'' इत्यादि, 'तुशब्दः' पुनरर्थः, 'न' नैव, 'युक्तिमत्' उपपत्त्युपेतम्, विचार्यमाणमिति शेषः, केन हेतुना इत्याह- प्रयोजनं फलं तदादिर्यस्योपायादेस्तत्प्रयोजनादिस्तस्याभावोऽसत्ता प्रयोजनाद्यभावस्तेन प्रमाणलक्षणविचारणस्य 'प्रयोजनाद्यभावेन' हेतुना इत्यर्थः, प्रयोगश्चात्रैवम्- प्रमाणादिलक्षणविचारणं न युक्तिमत्, प्रयोजनाभावात्, यद्यत्प्रयोजनादिरहितं तत्तन्न युक्तिमत्, यथा कण्टकशाखामर्दनम्, प्रयोजनादिरहितं च प्रमाणादिलक्षणविचारणम्, इति तन्न युक्तिमत्, न चायमसिद्धो हेतुः, सिद्धसेनसूरिवचनप्रतिष्ठितत्वादस्य, एतदेवाह- 'तथा चाह महामतिः', 'तथा च' तेनैव प्रमाणनिष्प्रयोजनत्वेन, 'आह' ब्रूते, इह तत्कालापेक्षो वर्तमाननिर्देशः, कोऽसावित्याह- 'महामतिः' अतिशयवत्प्रज्ञः सिद्धसेनाचार्य इत्यर्थ इति ।।३-४।।

**જો આ પવિત્ર છે તો શું કરવું જોઇએ તે કહે છે—**

**શ્લોકાર્થ—** [1]ધર્માર્થીઓએ પરમાર્થથી આ પાંચ કયા દર્શનમાં મુખ્ય વૃત્તિથી ઘટે છે અને કયા દર્શનમાં નથી ઘટતા એ તેના જ શાસ્ત્રની નીતિથી વિચારવું જોઇએ. (૩)

**ટીકાર્થ— તેના જ શાસ્ત્રની નીતિથી-**બૌદ્ધ વગેરે પ્રતિવાદીના જ શાસ્ત્રોની (=શાસ્ત્રોમાં કહેલી) આત્મા વગેરે પદાર્થોની સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ આદિ જે વ્યવસ્થા હોય તે વ્યવસ્થાથી જ (=તે

૧. અહીં ધર્માર્થીઓએ એવું પદ ચોથા શ્લોકમાંથી લીધું છે.

વ્યવસ્થાને અનુસરીને જ) વિચારવું જોઇએ, નહિં કે અન્ય શાસ્ત્રની વ્યવસ્થાથી. કારણ કે એક શાસ્ત્રમાં અહિંસા વગેરે જેવા કહ્યાં હોય તેવા અહિંસા વગેરેની અન્ય શાસ્ત્રની નીતિથી અસંગતતા સ્પષ્ટ જ જણાઇ રહી છે. અહીં તાત્પર્ય એ છે કે બૌદ્ધધર્મમાં જણાવેલ અહિંસા વગેરે બૌદ્ધધર્મના જ સિદ્ધાંત મુજબ યુક્તિયુક્ત થાય છે કે નહિ તેવી વિચારણા કરવી વ્યાજબી છે. પરંતુ બૌદ્ધ શાસ્ત્રમાં જણાવેલા અહિંસા વગેરે સાંખ્ય વગેરેના સિદ્ધાંત મુજબ યુક્તિ સંગત થાય છે કે નહિ ? તેવી વિચારણા ન કરવી. કારણ કે એકના શાસ્ત્રમાં જણાવેલ અહિંસા વગેરે અન્યના શાસ્ત્રમુજબ અસંગત જ બને.

**મુખ્યવૃત્તિથી=**ઉપચાર વિના.

**એ જ વિચારવું જોઇએ=**અન્ય વસ્તુની (=પ્રમાણ વગેરેની) વિચારણા કરવામાં ધર્મવાદના અભાવનો પ્રસંગ આવે. (૩)

**જે કહ્યું તેનાથી વિપરીત કહે છે—**

**શ્લોકાર્થ—** ધર્માર્થીઓ પ્રમાણ આદિના લક્ષણને વિચારે તે યુક્તિયુક્ત નથી. કેમકે તેનું કોઇ પ્રયોજન વગેરે નથી. મહામતિ પણ તે પ્રમાણે જ કહે છે. (૪)

**ટીકાર્થ— પ્રમાણ આદિના—** પ્રત્યક્ષ વિગેરે પ્રમાણ છે. અહીં આદિ શબ્દથી [1]પ્રમેય એવા આત્મા વિગેરેના લક્ષણનું ગ્રહણ કરવું.

**લક્ષણ=** તેનાથી અન્યનો વ્યવચ્છેદ કરે તેવું સ્વરૂપ. જેમ કે સ્વ-પરને જણાવે ને જ્ઞાન પ્રમાણ છે. અર્થાત્ જે જ્ઞાન પોતાનો અને વિષયનો યથાર્થ બોધ કરાવે તે જ્ઞાન પ્રમાણ છે. અહીં પ્રમાણનું લક્ષણ જણાવ્યું છે. આ લક્ષણથી સ્વ-પરને ન જણાવનાર જ્ઞાનનો વ્યવચ્છેદ કર્યો છે. અર્થાત્ જે જ્ઞાન સ્વ-પરને ન જણાવે તે જ્ઞાન પ્રમાણરૂપ નથી.

**પ્રયોજન વગેરે નથી—** પ્રયોજન એટલે ફળ. વગેરે શબ્દથી ઉપાય વગેરેનું ગ્રહણ કરવું. અહીં કહેવાનો આશય એ છે કે પ્રમાણના અને પ્રમેયના લક્ષણની વિચારણા કરવાથી કોઇ લાભ થતો નથી. તથા અમુક વસ્તુનું અમુક જ લક્ષણ છે એમ નિર્ણય કરવાનો કોઇ ઉપાય નથી.

અહીં અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે-પ્રમાણાદિના લક્ષણની વિચારણા યુક્તિયુક્ત નથી. કેમકે પ્રયોજન વગેરેથી રહિત છે. જે જે પ્રયોજનાદિથી રહિત હોય તે તે યુક્તિયુક્ત ન હોય. જેમકે કાંટાવાળી શાખાનું મર્દન કરવું=શાખાને દાબવી કે ચોળવી. (કાંટાવાળી શાખાનું મર્દન પ્રયોજનાદિથી રહિત હોવાથી યુક્તિયુક્ત નથી, તેની જેમ) પ્રમાણાદિના લક્ષણની વિચારણા પ્રયોજનાદિથી રહિત છે. આથી તે યુક્તિયુક્ત નથી. આ હેતુ અસિદ્ધ નથી. કારણ કે આ હેતુ શ્રી સિદ્ધસેનસૂરિના વચનથી પ્રતિષ્ઠાને પામેલું છે.

**મહામતિ=**વિશિષ્ટ પ્રજ્ઞાવાળા શ્રી સિદ્ધસેનસૂરિ.

**તે પ્રમાણે જ—** પ્રમાણાદિના લક્ષણની વિચારણાનું પ્રયોજન વગેરે નથી એ પ્રમાણે જ.

**કહે છે—** અહીં કહે છે એવો વર્તમાન કાળનો નિર્દેશ તે કાળની અપેક્ષાએ છે. (૪)

૧. જેને પ્રમાણથી સિદ્ધ કરવું હોય તો પ્રમેય કહેવાય.

एतदेवाह—

**प्रसिद्धानि प्रमाणानि, व्यवहारश्च तत्कृतः ।**
**प्रमाणलक्षणस्योक्तौ, ज्ञायते न प्रयोजनम् ॥५॥**

वृत्तिः— 'प्रसिद्धानि' लोके स्वत एव रूढानि, न तु प्रमाणलक्षणप्रणेतृवचनप्रसाधनीयानि, 'प्रमाणानि' प्रत्यक्षादीनि, तथा, 'व्यवहरणं व्यवहारः' स्नानपानदानदहनपाचनादिका क्रिया, 'च'शब्दः प्रसिद्धत्वसमुच्चयार्थः, 'तत्कृतः' प्रमाणप्रसाध्यः, प्रमाणलक्षणाप्रवीणानामपि गोपालबालाबलादीनां तथाव्यवहारदर्शनात्, ततश्चैवं सति, 'प्रमाणलक्षणस्य' अविसंवादिज्ञानं प्रमाणमित्यादेः, 'उक्तौ' प्रतिपादने, 'ज्ञायते' उपलभ्यते, 'न' नैव, 'प्रयोजनं' फलम्, उपलम्भार्हं सद्यन्नोपलभ्यते तन्नास्तीत्यभिप्रायः, इह च नास्तीति मुख्यवृत्त्या वक्तव्ये सत्यपि यज्ज्ञायते नेत्युक्तमाचार्येण तदतिवचनपारुष्यपरिहारार्थमिति ॥५॥

**શ્રી સિદ્ધસેનસૂરિએ જે કહ્યું છે તે જ કહે છે—**

**શ્લોકાર્થ—** પ્રમાણો પ્રસિદ્ધ છે, અને તેનાથી કરાયેલો વ્યવહાર પ્રસિદ્ધ છે. આથી પ્રમાણનું લક્ષણ કહેવામા કોઇ પ્રયોજન જણાતું નથી. (૫)

**ટીકાર્થ— પ્રસિદ્ધ છે—** પ્રત્યક્ષ વગેરે પ્રમાણો લોકમાં સ્વતઃ જ રૂઢ છે, નહિ કે પ્રમાણના લક્ષણને સિદ્ધ કરનારાં વચનોથી સિદ્ધ કરવા યોગ્ય છે.

**વ્યવહાર=**સ્નાન-પાન-દાન-પાચન વગેરે ક્રિયા.

**અહીં તાત્પર્ય આ પ્રમાણે છે—** કોઇપણ વસ્તુનું લક્ષણ વસ્તુને જાણવા માટે છે. આથી લક્ષણના જ્ઞાન વિના પણ વસ્તુનું જ્ઞાન થઇ ગયું હોય તો લક્ષણના જ્ઞાનની જરૂર નથી. પ્રસ્તુતમાં પ્રમાણના લક્ષણના જ્ઞાન વિના પણ પ્રમાણ લોકમાં પ્રસિદ્ધ છે. તથા એ પ્રમાણનું સાધ્ય (=ફળ) સ્નાન-પાન-દાન-પાચન વગેરે વ્યવહાર પણ પ્રસિદ્ધ છે. કારણ કે પ્રમાણના લક્ષણમાં પ્રવીણ ન બનેલા ગોવાળ-બાળક-સ્ત્રીઓમાં તેવા પ્રકારનો વ્યવહાર જોવામાં આવે છે. આ પ્રમાણે નક્કી થતે છતે સ્વ-પરનો બોધક જ્ઞાન પ્રમાણ છે ઇત્યાદિ પ્રમાણ લક્ષણ જણાવવામાં કોઇ ફળ જણાતું નથી.

અહીં "જે જ્ઞાનને યોગ્ય થયે છતે જે ન જણાય તે નથી." એવો અભિપ્રાય છે. (પ્રમાણના લક્ષણનું ફળ જ્ઞાનને યોગ્ય છે પણ જણાતું નથી માટે નથી.)

અહીં ગ્રંથકારે મુખ્યપણે "ફળ નથી." (=**न प्रयोजनम्**) એમ કહેવું જોઇએ. આમ છતાં "ફળ જણાતું નથી." (**ज्ञायते न प्रयोजनम्**) એમ જે કહ્યું તે વાણીમાં અતિશય કઠોરતાનો ત્યાગ કરવા માટે કહ્યું છે. (૫)

एवं तावत्प्रमाणलक्षणप्रतिपादने प्रयोजनाभाव उक्तोऽथ तत्रैवोपायाभावप्रतिपादनायाह—

**प्रमाणेन विनिश्चित्य, तदुच्येत न वा ननु ।**
**अलक्षितात्कथं युक्ता, न्यायतोऽस्य विनिश्चितिः ॥६॥**

**वृत्तिः— 'ननु' इति प्रमाणलक्षणप्रणायकमताशङ्कायाम्, ततश्चाह- प्रमाणलक्षणप्रणेतुः 'प्रमाणेन' प्रत्यक्षादिना, 'विनिश्चित्य' निर्णीय, 'तत्' प्रमाणलक्षणम्, 'उच्येत' अभिधीयेत, त्वया, 'न वा' इति अन्यथा वा, तत्र यद्याद्यः पक्षस्तदा यत्तत्प्रमाणलक्षणनिश्चायकं प्रमाणं तल्लक्षणतो निश्चितमनिश्चितं वा स्यात्, यदि निश्चितं तत्, तदा किं तेनैवाधिकृतप्रमाणेन प्रमाणान्तरेण वा, तत्र यदि तेनैव, तदा इतरेतराश्रयः, तथाहि- प्रमाणात् तल्लक्षणनिश्चयः, तल्लक्षणनिश्चये च तत्प्रमाणमिति, यावत्तल्लक्षणं न निश्चितं न तावत्प्रमाणस्य प्रमाणत्वम्, यावच्च न प्रमाणस्य प्रामाण्यं न तावत्तल्लक्षणनिश्चय इति, नापि प्रमाणान्तरेण तल्लक्षणनिश्चयः, अनवस्थापत्तेः, तथाहि- यत्तत्प्रमाणान्तरं तन्निश्चितलक्षणमन्यथा वा, नान्यथा वक्ष्यमाणदोषापत्तेः, नापि निश्चितलक्षणम्, यतस्तल्लक्षणनिश्चयः किं तेनैव उतान्येन, यदि तेनैव तदा पूर्ववदितरेतराश्रयः, अथ प्रमाणान्तरेण, तदा तदपि निश्चितलक्षणमन्यथा वेत्यनवस्थानात्, तन्न निश्चितलक्षणमिति पक्षः, नाप्यनिश्चितलक्षणमिति वाच्यम्, यत आह- 'अलक्षितात्' अनिर्णीतलक्षणात् प्रमाणलक्षणनिश्चायकात्प्रमाणात्, 'कथं' केन प्रकारेण, न कथञ्चिदित्यर्थः, 'युक्ता' सङ्गता, 'न्यायतो' नीत्या, अस्य प्रमाणलक्षणस्य, 'विनिश्चितिः' निर्णीतिः । अयमभिप्रायः- निश्चितलक्षणेन प्रमाणेन विनिश्चित्य प्रमाणलक्षणं वक्तव्यं भवतीति न्यायः, न च चिकीर्षितप्रमाणलक्षणव्युत्पादकशास्त्रं विना प्रमाणलक्षणविनिश्चायकप्रमाणस्य लक्षणनिश्चयः, ततश्चानिश्चितलक्षणमेव तदित्युपलक्षितात्प्रमाणान्न युक्ता तल्लक्षणविनिश्चितिरिति ॥६॥**

**આ પ્રમાણે પ્રમાણના લક્ષણનું પ્રતિપાદન કરવામાં કોઇ ફળ (=લાભ) નથી એમ કહ્યું. હવે પ્રમાણના લક્ષણનું પ્રતિપાદન કરવામાં (=પ્રમાણના લક્ષણનો નિર્ણય કરવાનો) કોઇ ઉપાય નથી તે જણાવવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** અમુક પ્રમાણનું અમુક લક્ષણ છે એ પ્રમાણે પ્રમાણનું લક્ષણ (જે પ્રમાણનું લક્ષણ કહેવું છે એ પ્રમાણથી અન્ય કોઇ) પ્રત્યક્ષ આદિ પ્રમાણથી નિર્ણય કરીને કહેવામાં આવે છે કે નિર્ણય કર્યા વિના ? હવે જો તમે કહો કે પ્રમાણ દ્વારા અલક્ષિત=અનિશ્ચિત એવા પ્રમાણલક્ષણથી પ્રમાણનો નિશ્ચય કરવામાં આવે છે તો અમે કહીએ છીએ કે પ્રમાણલક્ષણવડે જેનો નિશ્ચય નથી થયો તેવા પ્રમાણથી પ્રમાણલક્ષણનો નિશ્ચય કઇ રીતે યુક્તિયુક્ત બને ? (૬)

**ટીકાર્થ—** અમુક પ્રમાણનું અમુક લક્ષણ છે. એ પ્રમાણનું લક્ષણ (જે પ્રમાણનું લક્ષણ કહેવું છે એ પ્રમાણથી અન્ય કોઇ) પ્રત્યક્ષ આદિ પ્રમાણથી નિર્ણય કરીને કહેવામાં આવે છે કે નિર્ણય કર્યા વિના ?

જો અન્ય પ્રત્યક્ષ આદિ કોઇ પ્રમાણથી નિર્ણય કરીને લક્ષણ કહેવામાં આવે છે, તો પ્રશ્ન છે કે-જે પ્રમાણથી પ્રસ્તુત પ્રમાણના લક્ષણનો નિર્ણય કર્યો તે પ્રમાણ તેના લક્ષણથી નિર્ણીત છે કે અનિર્ણીત ? જો નિર્ણીત છે તો ફરી પ્રશ્ન થાય છે કે એ નિર્ણય પ્રસ્તુત તે જ પ્રમાણથી કર્યો કે અન્ય કોઇ પ્રમાણથી ?

હવે જો એ જ પ્રમાણથી (જે તેના લક્ષણથી નિર્ણીત છે તે જ પ્રમાણથી) નિર્ણય કર્યો એમ કહો તો ઇતરેતરાશ્રય નામનો દોષ આવે છે. કારણકે પ્રમાણથી લક્ષણનો નિર્ણય અને લક્ષણથી પ્રમાણનો નિર્ણય એમ એકબીજાનો આશ્રય લેવો પડે છે. આથી જ્યાં સુધી પ્રમાણનું લક્ષણ નિશ્ચિત ન થાય ત્યાં સુધી પ્રમાણ પ્રમાણરૂપે

ન બને, અને જ્યાં સુધી પ્રમાણ પ્રમાણરૂપે ન બને ત્યાં સુધી તેનું લક્ષણ ન થઇ શકે.

હવે જો કહો કે કોઇ અન્ય પ્રમાણથી પ્રમાણના લક્ષણનો નિર્ણય કર્યો છે તો પૂર્વની જેમ પ્રશ્ન થાય છે કે એ પ્રમાણ એના લક્ષણથી નિર્ણિત છે કે નહિ ? આ પ્રશ્નના ઉત્તરમાં પુન: પૂર્વની જેમ (એ નિર્ણય તે જ પ્રમાણથી કર્યો કે અન્ય પ્રમાણથી ?) પ્રશ્નો ઊભા થાય. એ પ્રશ્નોના ઉત્તરમાં પુન: નવા પ્રશ્નો જાગે. આમ પ્રશ્નોની પરંપરા ચાલવાથી અનવસ્થા દોષ આવે.

આ પ્રમાણે નિશ્ચિત વિકલ્પના બંને વિકલ્પોમાં દોષ આવે છે. પ્રથમ વિકલ્પમાં ઇતરેતરાશ્રય દોષ અને બીજા વિકલ્પમાં અનવસ્થા દોષ આવે છે.

હવે અનિશ્ચિત પક્ષનો (=જે પ્રમાણથી પ્રસ્તુત પ્રમાણના લક્ષણનો નિર્ણય કર્યો તે પ્રમાણ તેના લક્ષણથી અનિર્ણિત છે'' એ વિકલ્પનો) ઉત્તર આપે છે **(अलक्षितात् कथं युक्ता न्यायतोऽस्य विनिश्चितिः)** અલક્ષિત-અનિર્ણિત લક્ષણવાળા પ્રમાણથી પ્રમાણના લક્ષણનો નિર્ણય કરવો કોઇ રીતે યોગ્ય નથી.

**અહીં અભિપ્રાય આ છે**-જેનું લક્ષણ નિશ્ચિત છે તેવા પ્રમાણથી નિર્ણય કરીને પ્રમાણનું લક્ષણ કહેવું જોઇએ એવી નીતિ છે. જે પ્રમાણલક્ષણ કરવાનું ઇષ્ટ છે તેને જણાવનાર શાસ્ત્ર વિના પ્રમાણલક્ષણનો નિર્ણય ન થાય. તેથી પ્રમાણ અનિશ્ચિત લક્ષણવાળું જ છે. અનિશ્ચિત લક્ષણવાળા પ્રમાણથી પ્રમાણ-લક્ષણનો નિર્ણય કરવો યોગ્ય નથી. (૬)

**अथानिश्चितलक्षणादपि प्रमाणात्प्रमाण(लक्षण)निश्चितिर्भविष्यति इत्यस्यां शङ्कायामाह—**

**सत्यां चास्यां तदुक्त्या किं, तद्वद्विषयनिश्चितेः ।**
**तत एवाविनिश्चित्य, तस्योक्तिर्ध्यान्ध्यमेव हि ॥७॥**

**वृत्तिः— 'सत्यां' भवन्त्याम्, 'चशब्दः' पुनरर्थः 'अस्याम्' अनन्तरोक्तायामनिर्णीतलक्षणात्प्रमाणात्प्रमाणलक्षणनिश्चितौ, 'तदुक्त्या' प्रमाणलक्षणप्रतिपादनेन, 'किं' न किञ्चित्प्रयोजनमित्यर्थः, कुत इत्याह- 'तद्वत्' प्रमाणलक्षणवत्, 'विषयनिश्चितेः' प्रमेयपरिच्छेदात्, यथा हि अनिर्णीतलक्षणेनापि प्रमाणेन प्रमाणलक्षणं निश्चीयते, एवं चिकीर्षितलक्षणेन प्रमाणेन प्रमेयस्यापि निश्चितिप्रसङ्गात् व्यर्थं प्रमाणलक्षणप्रणयनमिति भावः, तदेवं ''प्रमाणेन विनिश्चित्य तदुच्यते'' इति पक्षो निराकृतः । अथानिश्चित्येति पक्षस्य दूषणायाह- 'तत एव' इति यत एव प्रमाणेन विनिश्चित्य प्रमाणलक्षणप्रतिपादनमुक्तयुक्त्या मोहरूपं वर्त्तते तत एव, 'अविनिश्चित्य' प्रमाणेनाविनिर्णीय, 'तस्योक्तिः' प्रमाणलक्षणप्रतिपादनम्, किमित्याह- 'धियो' बुद्धेः, 'आन्ध्यम्' अन्धत्वं सम्मोहः, 'ध्यान्ध्यम्' तद् एव वर्त्तते प्रमाणलक्षणप्रतिपादयितुर्मूढतैव, निष्फलायासनिबन्धनत्वात्तस्याः, इति भावना, हिशब्दो यस्मादर्थे, तस्य चोत्तरश्लोके तस्मादित्यनेन सम्बन्ध इति ॥७॥**

**અનિશ્ચિત લક્ષણવાળા પણ પ્રમાણથી પ્રમાણ લક્ષણનો નિર્ણય થશે એવી આશંકા થયે છતે ગ્રંથકાર કહે છે—**

ગાથાર્થ-ટીકાર્થ—''सत्यां चास्यां=જો અનિર્ણિત લક્ષણવાળા પ્રમાણથી પ્રમાણના લક્ષણનો નિર્ણય થઇ શકે તો પ્રમાણ પ્રતિપાદનનું (=પ્રમાણલક્ષણના પ્રતિપાદનનું) કોઇ પ્રયોજન નથી. કારણ કે જેમ અનિર્ણિત લક્ષણવાળા પ્રમાણથી પ્રમાણના લક્ષણનો નિર્ણય થાય છે તેમ લક્ષણ રહિત પ્રમાણથી વિષયનો=પ્રમેયનો નિર્ણય થઇ શકે. આથી પ્રમાણના લક્ષણનું પ્રતિપાદન વ્યર્થ છે.

तत एवाविनिश्चित्य=જેમ પ્રમાણથી નિર્ણય કરીને પ્રમાણના લક્ષણનું પ્રતિપાદન (પૂર્વોક્ત યુક્તિથી) મૂઢતા છે, તેમ પ્રમાણથી નિર્ણય કર્યા વિના પ્રમાણના લક્ષણનું પ્રતિપાદન પણ બુદ્ધિની અંધતા=અજ્ઞાનતા જ છે.[1] (૭)

**एवं प्रमाणलक्षणविचारस्य निष्प्रयोजनतामनुपायतां चोपदर्श्योपसंहारतः प्रक्रान्तां धर्मवादस्यैव विधेयतां दर्शयन्नाह—**

**तस्माद् यथोदितं वस्तु, विचार्यं रागवर्जितैः ।**
**धर्मार्थिभिः प्रयत्नेन, तत इष्टार्थसिद्धितः ॥८॥**

वृत्तिः— 'यस्मात्' प्रमाणादिलक्षणविचारः प्रयोजनादिविरहितः 'तस्मात्' हेतोः 'यथोदितं' पूर्वोक्तवस्तुनोऽनिवृत्तम्, ''क्व खल्वेतानि युज्यन्त'' इत्यादिरूपम्, 'वस्तु' धर्मसाधनस्वरूपमर्थजातम्, 'विचार्यं' विवेचनीयम्, किंविधैः कैरित्याह- 'रागवर्जितैः' स्वदर्शनपक्षपातरहितैः, उपलक्षणत्वाच्चास्य परदर्शनद्वेषवियुक्तैरित्यपि दृश्यम्, 'धर्मार्थिभिः' धर्मप्रयोजनवद्भिः, तदन्यैस्तु वस्त्वन्तरमपि विचारणीयं स्यादिति विशेषणफलम्, कथं ? 'प्रयत्नेन' आदरेण, किमित्येवमित्याह- 'ततो' धर्मसाधनविषयविचारात्, 'इष्टार्थसिद्धितो' धर्मलक्षणवाञ्छितार्थप्राप्तेः कारणादिति ॥८॥

**॥ त्रयोदशाष्टकविवरणम् समाप्तम् ॥१३॥**

---

૧. અહીં મૂળ શ્લોક છઠ્ઠાના પૂર્વાર્ધમાં બે વિકલ્પો છે. બાદ ટીકામાં પ્રથમ વિકલ્પના બે વિકલ્પો બતાવ્યા છે. પુનઃ પ્રથમ વિકલ્પના બે વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પના બે વિકલ્પો બતાવ્યા છે. આમ કુલ ત્રણ બે વિકલ્પો છે. તેમાં ત્રીજા (તે જ પ્રમાણથી કે પ્રમાણાંતરથી એ) બે વિકલ્પોનું સમાધાન ટીકામાં જ છે. ત્રીજા બે વિકલ્પોના સમાધાનથી બીજા બે વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પનું સમાધાન થઇ જાય છે. તથા બીજા બે વિકલ્પોમાંથી બીજા વિકલ્પનું નિરાકરણ છઠ્ઠા શ્લોકના ઉત્તરાર્ધમાં અને સાતમાના પૂર્વાર્ધમાં છે. આમ બીજા વિકલ્પના બંને વિકલ્પોનું સમાધાન થઇ જવાથી પ્રથમ બે વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પનું પણ સમાધાન થઇ જાય છે. તથા પ્રથમ બે વિકલ્પોમાંથી બીજા વિકલ્પનો ઉત્તર સાતમા શ્લોકના ઉત્તરાર્ધમાં આપ્યો છે.



**આ પ્રમાણે પ્રમાણ લક્ષણની વિચારણા ફળથી રહિત અને ઉપાયથી રહિત છે એમ બતાવીને હવે ઉપસંહાર કરવાપૂર્વક પ્રસ્તુત ધર્મવાદની કર્તવ્યતાને બતાવતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પ્રમાણ આદિના લક્ષણની વિચારણા નિષ્પ્રયોજન હોવાથી, સ્વદર્શનના પક્ષપાતથી (અને પરદર્શનના દ્વેષથી) રહિત બનીને ધર્માર્થીએ પૂર્વે (=ત્રીજા શ્લોકમાં) કહ્યા મુજબ અહિંસા આદિ ધર્મસાધનોની આદરપૂર્વક વિચારણા કરવી જોઇએ. કારણ કે એનાથી ઇષ્ટ અર્થની (=ધર્મની અને પરંપરાએ મોક્ષની) પ્રાપ્તિ થાય છે. (૮)

**ટીકાર્થ— ધર્માર્થીએ—** ધર્માર્થીથી અન્ય મનુષ્યોએ તો ધર્મસાધનોથી અન્ય વસ્તુની (=વિષયની) પણ વિચારણા કરવાની રહે. આ પ્રમાણે 'ધર્માર્થી' એવું વિશેષણ સફલ છે. ધર્માર્થી એવું વિશેષણ મૂકવાથી ધર્માર્થીએ ધર્મસાધનો સિવાય બીજા કોઇ વિષયની વિચારણા કરવાની જરૂર નથી એવું સૂચન થયું. ધર્માર્થી એવા વિશેષણનું આ ફળ છે. (૮)

## તેરમા ધર્મવાદ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥१४॥ अथ चतुर्दशमेकान्तनित्यपक्षखण्डनाष्टकम् ॥

**अनन्तराष्टके क्व तन्त्रे तत्तन्त्रनीत्या अहिंसादीनि युज्यन्ते क्व वा नेति विचारणीयमित्यभिहितम्, अथ तदेव तथैव विचारयन्नाह—**

**तत्रात्मा नित्य एवेति, येषामेकान्तदर्शनम् ।**
**हिंसादय: कथं तेषां, युज्यन्ते मुख्यवृत्तित: ॥१॥**

वृत्ति:— 'तत्र' धर्मसाधनविषये विचारे प्रस्तुते, अतति सततं गच्छति अपरापरपर्यायानिति 'आत्मा' जीव:, 'नित्य एव' अप्रच्युतानुत्पन्नस्थिरैकरूप एव, न पुन: कथञ्चिदनित्योऽपि, 'इति' अनेन प्रकारेण, 'येषां' नैयायिकवैशेषिकसाङ्ख्योपनिषदिकादीनाम्, 'एकान्तेन' नित्यानित्योभयात्मके वस्तुनि नित्यत्वलक्षणैकविभागेनावलम्बनभूतेन 'दर्शनं' दृष्टिर्मतम् 'एकान्तदर्शनं', तद् येषामस्ति, 'हिंसादय:' प्राणिवधादय:, आदिशब्दादसत्यादयो वधविरतिकर्तृत्वं भोक्तृत्वं जन्मादयश्च, 'कथं' केन प्रकारेण, 'युज्यन्ते' घटन्ते, न कथञ्चिदित्यर्थ: । अथ नित्येऽप्यात्मनि युज्यन्त एव ते, यदाहुस्तद्वादिन:, ''ज्ञानयत्नादिसम्बन्ध:, कर्तृत्वं तस्य वर्ण्यते । सुखदु:खादिसंवित्ति-समवायस्तु भोक्तृता ॥१॥ निकायेन विशिष्टाभि-रपूर्वाभिश्च सङ्गति: । बुद्धिभिर्वेदनाभिस्तु, तस्य जन्माभिधीयते ॥२॥ प्रागात्ताभिर्वियोगस्तु, मरणं जीवनं पुन: । सदेहस्य मनोयोगो, धर्माधर्माभिसंस्कृत: ॥३॥ एवं मरणादियोगेन, हिंसा युक्ताऽवसीयते तत्प्रतिपक्षभूतापि, किमहिंसा न युज्यते ॥४॥ सत्यादीन्यपि तेनैव, घटन्ते न्यायसङ्गते: । एवं हिंसादयो ज्ञेया,

**वैशेषिकविकल्पिता: ॥५॥ साङ्ख्यानां चायं विशेष:, "प्रतिबिम्बोदयन्याया-देव तस्योपभोक्तृता । न जहाति स्वरूपं तु, पुरुषोऽयं कदाचन ॥१॥" इत्याशङ्क्याह- 'मुख्यवृत्तित:' अनुपचरितत्वेन न युज्यन्ते, उपचारतस्तु युज्यन्तेऽपि, केवलं नासौ तत्त्वचिन्तायां सम्मत:, औपचारिकत्वं चैषां हिंसादीनामेकान्तनित्यस्यात्मन: पूर्वोपात्तबुद्धिवेदनावियोगादीनामसम्भवात्तदसम्भवश्च नित्यस्यैकरूपत्वादिति ॥१॥**

## ચૌદમું એકાન્તનિત્યપક્ષખંડન અષ્ટક

(આત્માને એકાંતે નિત્ય માનવાથી અહિંસા આદિ ઘટી શકે નહિ, તથા બીજા પણ અનેક દોષો આવે, તેની આ અષ્ટકમાં સૂક્ષ્મદૃષ્ટિથી વિચારણા કરવામાં આવી છે.)

**અનંતર અષ્ટકમાં અહિંસા વગેરે પાંચ કયા દર્શનમાં ઘટે છે અને કયા દર્શનમાં નથી ઘટતા એ જ તેના જ શાસ્ત્રની નીતિથી વિચારવું જોઇએ એમ કહ્યું છે. હવે તેને જ તે રીતે જ વિચારતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** તેમાં જેમનું 'આત્મા નિત્ય જ છે." એ પ્રમાણે એકાંત દર્શન છે, તેમની દૃષ્ટિએ હિંસા આદિ પરમાર્થથી કેવી રીતે ઘટે ? ન જ ઘટે. (૧)

**ટીકાર્થ— તેમાં—** ધર્મસાધન સંબંધી પ્રસ્તુત વિચારણામાં.

**જેમનું—** નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય અને વેદાંતિકો વગેરેનું.

**આત્મા—** જે સતત અન્ય અન્ય પર્યાયોને પામે તે આત્મા.

**નિત્ય જ છે—** નાશ અને ઉત્પત્તિથી રહિત તથા હંમેશા સ્થિર એક સ્વરૂપ (=સ્વભાવ)વાળો જ છે, નહિ કે કથંચિત્ અનિત્ય પણ.

**એકાન્તદર્શન—** દરેક વસ્તુ નિત્યાનિત્ય ઉભય સ્વરૂપ છે. તેમાંથી નિત્યત્વરૂપ એક વિભાગનું આલંબન લઇને પ્રવર્તેલું દર્શન એકાંતદર્શન છે.

**હિંસા આદિ—** અહીં આદિ શબ્દથી અસત્ય વગેરેનું તથા વધની વિરતિ કરવી, વસ્તુનો ભોગ અને જન્મ વગેરેનું ગ્રહણ કરવું.

**પરમાર્થથી—** નિત્ય પણ આત્મામાં અહિંસા વગેરે ઘટે જ છે. આત્માને નિત્ય કહેનારાઓએ (=માનનારાઓએ) કહ્યું છે કે-**આત્માની સાથે જ્ઞાન-યત્ન આદિનો સંબંધ આત્માનું કર્તૃત્વ કહેવાય છે. સુખ-દુ:ખ આદિના અનુભવનો સંબંધ ભોક્તૃત્વ કહેવાય છે. નિકાયની (=મનુષ્ય વગેરે ગતિની) સાથે તથા વિશિષ્ટ અને અપૂર્વ બુદ્ધિઓ અને વેદના (=જ્ઞાન)ની સાથે સંબંધ જીવનો જન્મ કહેવાય છે. પૂર્વે ગ્રહણ કરેલ બુદ્ધિ અને જ્ઞાનનો વિયોગ એ મરણ છે. શરીરધારી જીવનો ધર્મ-અધર્મના સંસ્કારવાળો મનોયોગ એ જીવન છે.** (તત્ત્વસંગ્રહ ૧૭૩-૧૭૪-૧૭૫)

**"આ પ્રમાણે મરણ આદિના સંબંધથી હિંસા સંગત જણાય છે. તેથી હિંસાથી વિપરીત અહિંસા શું "ન ઘટે ? અર્થાત્ ઘટે જ." (૧) સત્ય વગેરે પણ નીતિથી સંગત થતા હોવાથી તેનાથી જ ઘટે છે. એ પ્રમાણે**

**વૈશેષિકોએ કલ્પેલા હિંસા વગેરે જાણવા.'' સાંખ્યોમાં આ વિશેષ છે. ''પ્રતિબિંબોદય[1] ન્યાયથી જ પુરુષનો ભોગ ઘટે છે. આ પુરુષ ક્યારે પણ પોતાના સ્વરૂપને છોડતો નથી.''**

આવી (=ઉક્ત રીતે અહિંસા વગેરે ઘટતા હોવા છતાં તમે નથી ઘટતા એમ કેમ કહો છો ? એવી) આશંકા કરીને અહીં કહે છે કે પરમાર્થથી (=ઉપચાર વિના) ઘટતા નથી. ઉપચારથી તો ઘટે પણ છે. પણ તાત્ત્વિક વિચારણામાં ઉપચાર સંમત નથી. અહીં હિંસા વગેરે ઓપચારિક એટલા માટે છે કે એકાંતનિત્ય આત્મામાં પૂર્વે ગ્રહણ કરેલ બુદ્ધિમાં પ્રતિબિંબિત સુખ-દુ:ખાદિના અનુભવનો વિયોગ વગેરેનો અસંભવ છે. કારણ કે નિત્ય આત્મા એક સ્વરૂપ છે. (જો બુદ્ધિમાં પ્રતિબિંબિત સુખ-દુ:ખાદિના અનુભવનો વિયોગ થાય તો આત્મા એક સ્વરૂપવાળો ન રહે. પહેલાં આત્મા બુદ્ધિમાં પ્રતિબિંબિત સુખ-દુ:ખાદિના અનુભવથી યુક્ત હતો. પછી સુખ-દુ:ખાદિના અનુભવથી રહિત બન્યો. આમ આત્મા એકસ્વરૂપવાળો ન રહે.) (૧)

**अथ कथमत्र मुख्यवृत्त्या हिंसादयो न युज्यन्त इत्याह—**

**निष्क्रियोऽसौ ततो हन्ति, हन्यते वा न जातुचित् ।**
**कश्चित् केनचिदित्येवं, न हिंसाऽस्योपपद्यते ॥२॥**

**वृत्तिः— निर्गतः क्रियायाः कार्यकरणादिति 'निष्क्रियः,' 'असौ' एकान्तनित्य आत्मा, एकान्तनित्यत्वादेव, तथाहि- नित्यः क्रमेण वा कार्यं करोति यौगपद्येन वा, न तावत् क्रमेण कार्यं करोति, यतोऽसावेककार्यकरणकाले कार्यान्तरकरणे समर्थः स्यादसमर्थो वा, नासमर्थः, नित्यस्यैकरूपत्वेन सर्वदैवासमर्थत्वप्रसङ्गात्, नापि समर्थः कालान्तरभाविसकलकार्यकरणप्रसङ्गात्, न ह्यविकलसामर्थ्यं सदपि कारणं कार्यं न करोतीति वक्तुं युक्तम्, विवक्षितकार्यस्याप्यकरणप्रसङ्गात्, अथ सहकारिकारणाभावात् कार्यान्तरं न करोति, ननु सहकारी तमुपकुर्वन् वा स्यादनुपकुर्वन् वा, नानुपकुर्वन् वन्ध्यापुत्रादेरपि सहकारित्वप्रसङ्गात्, अथोपकुर्वन्निति पक्षस्तदा तस्मादुपकारं भिन्नं करोत्यभिन्नं वा, भिन्नोपकारकरणे नित्योऽनुपकृत एव, अभिन्नोपकारकरणे च स एव कृतः स्यात्तथा च नित्यत्वक्षतिरिति नित्यस्य न क्रमेण कार्यकरणम्, नापि यौगपद्येन, वर्तमानसमय एतज्जन्यसकलकालालीनकार्यकरणप्रसङ्गात्तथानुपलम्भाच्च, तदेवमक्रियो नित्यः, अथवा नित्यात्मवादिभिः कैश्चिदकर्तृकत्वं तस्याभ्युपगम्यते । अतो निष्क्रियोऽसौ, 'ततः' तस्मान्निष्क्रियत्वात्, 'हन्ति' न कश्चिद् इति व्यवहितेन सम्बन्धः 'हन्यते' व्यापाद्यते, 'वाशब्दो' विकल्पार्थः, 'न जातुचित्' न कदाचित्, व्यापादकात्मनो निष्क्रियत्वात्, हननीयस्य वा सर्वथा नित्यत्वात्, 'केनचिद्'**

---

૧. એક વસ્તુમાં બીજી વસ્તુનું પ્રતિબિંબ પડે તેને પ્રતિબિંબોદય ન્યાય કહેવામાં આવે છે. સાંખ્યમત મુજબ પુરુષ વિષયોનો સાક્ષાત્ ભોગ કરતો નથી. કિંતુ પ્રકૃતિના વિકારરૂપ જે બુદ્ધિ, તે બુદ્ધિ રૂપ દર્પણમાં સુખ-દુ:ખ વગેરેનું પ્રતિબિંબ પડે છે. બુદ્ધિમાં પ્રતિબિંબિત સુખ-દુ:ખાદિની છાયા નિર્મલ પુરુષમાં પડે છે. પુરુષના સ્વચ્છ સ્વરૂપમાં બુદ્ધિ પ્રતિબિંબિત સુખ-દુ:ખાદિની છાયા પડવી એ જ ભોગ છે. આવા જ ભોગના કારણે પુરુષ ભોક્તા કહેવાય છે. જેવી રીતે જપાકુસુમ આદિ રંગીન વસ્તુના સંનિધાનથી સ્વચ્છ સ્ફટિક પણ લાલ આદિ રંગવાળું કહેવાય છે. તેવી રીતે પ્રકૃતિના સંસર્ગના કારણે સ્વચ્છ પુરુષમાં પણ સુખ-દુ:ખાદિના ભોક્તૃત્વનો (=ભોગનો) વ્યવહાર થાય છે.

**इत्यनेन सम्बन्धः, 'कञ्चित्' सूक्ष्मबादरादिभेदं प्राणिनम्, 'केनचित्' घातकपुंसा कर्तृभूतेन दण्डादिना वा करणभूतेन मनःप्रभृतिना वा, 'इतिशब्दो' हेत्वर्थः, 'एवं' शब्दश्चोपदर्शनार्थः, ततश्चेत्येवमन्यूनाधिकादनन्त-रोदिताद् घातकहननीयाभावलक्षणाद्धेतोः, 'न' नैव, 'हिंसा' व्यापत्तिः, 'अस्य' सर्वथा नित्यात्मनः, 'उपपद्यते' घटत इति ॥२॥**

**હવે અહીં પરમાર્થથી હિંસા વગેરે કેમ ઘટતા નથી તે કહે છે—**

**શ્લોકાર્થ—** આત્મા એકાંતે નિત્ય હોવાથી નિષ્ક્રિય છે. નિષ્ક્રિય હોવાથી તે ક્યારે પણ અન્ય કોઇને હણતો નથી, અને પોતે અન્ય કોઇથી ક્યારે પણ હણાતો નથી. આ પ્રમાણે સર્વથા નિત્ય આત્માની હિંસા ઘટતી નથી. (૨)

**ટીકાર્થ— નિષ્ક્રિય છે—** કોઇપણ કાર્ય કરતો નથી. તે આ પ્રમાણે-

(૧) નિત્ય આત્મા ક્રમથી કાર્ય કરે છે કે એકી સાથે કાર્ય કરે છે ?

(૨) તે ક્રમથી કાર્ય કરતો નથી. કારણ કે જો ક્રમથી કાર્ય કરતો હોય તો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તે આ પ્રમાણે-

(૩) એક કાર્ય કરવાના સમયે અન્યકાર્ય કરવામાં સમર્થ છે કે અસમર્થ છે ?

(૪) એક કાર્ય કરવાના સમયે અન્યકાર્ય કરવામાં અસમર્થ નથી. કેમકે જે નિત્ય હોય તે એક સ્વરૂપવાળો જ હોય. તેથી સદાય અસમર્થ રહેવાનો પ્રસંગ આવે. (જો પહેલાં એક કાર્ય કરતી વખતે અસમર્થ હતો અને પછીના કાળે સમર્થ થયો એમ માનવામાં તે એક સ્વરૂપવાળો ન બને. પહેલાં અસમર્થ સ્વરૂપવાળો હતો અને પછી સમર્થ સ્વરૂપવાળો થયો. એથી એક સ્વરૂપવાળો ન રહ્યો.)

(૫) એક કાર્ય કરતી વખતે અન્યકાર્ય કરવામાં સમર્થ પણ નથી. કારણ કે જો સમર્થ હોય તો વિવક્ષિત કાર્ય કરવાની જેમ કાળાંતરે થનારાં સઘળાં કાર્યોને કરવાનો પ્રસંગ આવે. (આ રીતે સઘળાં કાર્યો એકી સાથે થઇ જવાથી નિત્ય આત્મામાં "ક્રમથી" કાર્ય કરવાનું કેવી રીતે સિદ્ધ થાય ?)

સંપૂર્ણ સામર્થ્યવાળું કારણ વિદ્યમાન હોય તો પણ કાર્ય ન કરે એ પ્રમાણે કહેવું ઉચિત નથી. કેમકે એમ તો વિવક્ષિતકાર્યને પણ તે ન કરે એવી આપત્તિ આવે.

**પૂર્વપક્ષ—** એક કાર્ય કરવાના સમયે અન્યકાર્ય કરવામાં સમર્થ તો છે. પણ સહકારી કારણો ન હોવાથી અન્યકાર્યો કરતો નથી.

**ઉત્તરપક્ષ—** આ સહકારીઓ નિત્ય ઉપર કોઇ પ્રકારનો ઉપકાર (=વિશેષતા) કરે છે કે નહિ ?

**પૂર્વપક્ષ—** સહકારીઓ નિત્ય ઉપર કોઇ પ્રકારનો ઉપકાર કરતા નથી.

**ઉત્તરપક્ષ—** જો કોઇ ઉપકાર ન કરતા હોય તો વંધ્યાપુત્ર વગેરેને પણ સહકારી માનવાનો પ્રસંગ આવે.

**પૂર્વપક્ષ—** ઉપકાર કરે છે.

**ઉત્તરપક્ષ—** નિત્યથી ભિન્ન ઉપકાર કરે છે કે અભિન્ન ?

**પૂર્વપક્ષ—** ભિન્ન ઉપકાર કરે છે.

**ઉત્તરપક્ષ—** જો ભિન્ન ઉપકાર કરે છે તો ઉપકાર્યમાં કોઇ વિશેષતા ન આવવાથી ઉપકાર્ય સદા ઉપકાર વગરનો જ રહે. (ચૈત્ર અને મૈત્ર જુદા છે. અહીં કોઇ ચૈત્ર ઉપર ઉપકાર કરે છે તો મૈત્ર ઉપકાર કરાયેલો થતો નથી. તેમ પ્રસ્તુતમાં ઉપકાર્યથી ભિન્ન ઉપકાર કરે છે તો ઉપકાર્ય આત્મા ઉપકાર વગરનો જ રહે.)

**પૂર્વપક્ષ—** અભિન્ન ઉપકાર કરે છે.

**ઉત્તરપક્ષ—** અભિન્ન ઉપકાર કરવામાં ઉપકાર્ય જ કરાયેલો થયો. તેથી નિત્યત્વમાં હાનિ આવે.

આ પ્રમાણે નિત્ય આત્મા ક્રમથી કાર્ય ન કરે. એકી સાથે પણ કાર્ય ન કરે. કારણ કે તેનાથી થઇ શકે તેવાં સઘળાં કાર્યોને વર્તમાન સમયે જ કરવાનો પ્રસંગ આવે. પણ તેમ જોવામાં આવતું નથી.

આ પ્રમાણે નિત્ય આત્મા કોઇપણ કાર્ય કરી શકે નહિ. (તેથી તે અસત્ છે, અર્થાત્ નથી. કારણ કે **यदेवार्थक्रियाकारि तदेव परमार्थसत्**=જે અર્થક્રિયા (=કાર્ય) કરે તે જ પરમાર્થથી સત્ છે.)

અથવા કેટલાક નિત્યાત્મવાદીઓ આત્મા કાર્ય કરતો નથી એમ સ્વીકારે છે, આથી આત્મા (તેમની દૃષ્ટિએ) નિષ્ક્રિય છે.

નિષ્ક્રિય આત્મા ક્યારે પણ કોઇથી હણાતો નથી. કેમકે વધ કરનાર કોઇ કાર્ય કરતો નથી. (જે કોઇ કાર્ય ન કરે તે કેવી રીતે હણે ?) અથવા વધ કરવા યોગ્ય કોઇ નથી. તેથી કોઇથી ક્યારે પણ હણાતો નથી. આત્મા નિત્ય હોવાથી તેનો વધ થઇ શકે નહિ.

આત્મા નિષ્ક્રિય હોવાથી ક્યારે પણ સૂક્ષ્મ બાદર આદિ ભેદોવાળા જીવો કોઇથી હણાતા નથી. કોઇથી એટલે ઘાત કરનાર કોઇ પુરુષથી, અથવા કરણ એવા દંડાદિથી, અથવા મન વગેરેથી.

આત્માને સર્વથા નિત્ય માનવામાં હમણાં કહ્યું તેમ ઘાત કરનાર અને ઘાત કરવા યોગ્ય કોઇ ન હોવાથી હિંસા ઘટતી નથી. (૨)

**तथा सति किं सत्यादीत्याह—**

**अभावे सर्वथैतस्या, अहिंसापि न तत्त्वतः ।**
**सत्यादीन्यपि सर्वाणि, नाहिंसासाधनत्वतः ॥३॥**

**वृत्तिः— 'अभावे' अविद्यमानत्वे, 'सर्वथा' सर्वप्रकारैः, 'एतस्या' हिंसायाः, 'अहिंसापि' हिंसानिवृत्तिलक्षणा, 'न' नैव, 'तत्त्वतः' परमार्थेन, उपपद्यते इत्यनुवर्तते, न केवलमात्मनो निष्क्रियत्वाद्धिंसा नोपपद्यते तदभावेऽहिंसापि नोपपद्यत इत्यपिशब्दार्थः । अथ मोपपद्यतामहिंसा, सत्यादीनि धर्मसाधनानि भविष्यन्तीत्याशङ्कानिराकरणायाह- न केवलमहिंसा नोपपद्यते 'सत्यादीन्यपि' मृषावादनिवृत्त्यादीन्यपि, आदिशब्दाच्छेषधर्मसाधनसङ्ग्रहः, 'सर्वाणि' निरवशेषाणि, 'न' नैव, उपपद्यन्त इत्यनुवर्त्तते, कुत इत्याह- 'अहिंसासाधनत्वतः' अहिंसाप्रसाधकत्वात्तेषाम्, साध्याभावे हि साधनानुष्ठानमनर्थकमेव, न हि व्योमार-**

**विन्दसंरक्षणाय प्राकारादियत्नाः कर्तुं युज्यन्ते, अहिंसासाधनानि च सत्यादीनीति सर्वास्तिकानां सम्मतमेव, विशेषतो जैनानाम् । यथोक्तम्-''एक्कं चिय इत्थ वयं, निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं । पाणाइवायविरमणमवसेसा तस्स रक्खणट्ठा [१२]॥१॥'' इति ॥३॥**

**આ પ્રમાણે થયે છતે સત્ય વગેરેનું શું થાય તે કહે છે—**

**શ્લોકાર્થ—** હિંસાનો સર્વથા (=સર્વપ્રકારોથી) અભાવ થવાથી અહિંસા પણ પરમાર્થથી ઘટતી નથી. અહિંસાના અભાવમાં સત્ય આદિ સઘળા ગુણો પણ ઘટતા નથી. કારણ કે સત્ય આદિ અહિંસાના સાધન છે=અહિંસાના પાલન માટે છે.(૩)

**ટીકાર્થ— અહિંસા=**હિંસાની નિવૃત્તિ.

''અહિંસા પણ'' એ સ્થળે રહેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે—આત્મા નિષ્ક્રિય હોવાથી કેવળ હિંસા ઘટતી નથી એમ નહિ, કિંતુ અહિંસા પણ ઘટતી નથી.

અહિંસા ભલે ન ઘટે, સત્ય વિગેરે ધર્મસાધનો થશે એવી આશંકાને દૂર કરવા માટે ગ્રંથકાર કહે છે કે—કેવલ અહિંસા ઘટતી નથી એમ નહિ, કિંતુ સત્ય વગેરે સઘળા ગુણો પણ ઘટતા નથી. કારણ કે સત્ય વિગેરે ગુણો અહિંસાનાં સાધન છે. સાધ્યના અભાવમાં સાધનનું આચરણ નિરર્થક જ બને. આકાશપુષ્પના રક્ષણ માટે કિલ્લા વગેરેને બનાવવાનો પ્રયત્ન કરવો એ યોગ્ય નથી. સત્ય વગેરે અહિંસાનાં સાધનો છે એ સર્વ આસ્તિકોને સંમત જ છે. તેમાં પણ જૈનોને વિશેષથી સંમત છે. કહ્યું છે કે, **''સઘળા જિનવરોએ ધર્મમાં પ્રાણાતિપાત વિરમણ રૂપ એક જ વ્રત કહ્યું છે. બીજાં સત્ય વગેરે વ્રતો અહિંસાવિરમણ વ્રતના રક્ષણ માટે છે.''**(૩)

**यदि सत्यादीन्यपि हिंसाया अभावान्नोपपद्यन्ते ततः किमित्याह—**

## ततः सन्नीतितोऽभावा-दमीषामसदेव हि ।
## सर्वं यमाद्यनुष्ठानं, मोहसङ्गतमेव वा ॥४॥

**वृत्तिः— 'ततः' इत्युपसंहारे, तस्मादेवं स्थिते सति, 'सन्नीतितः' शोभनन्यायान्निष्क्रियोऽसावित्यादिनोक्तलक्षणात्, 'अभावात्' अविद्यमानत्वात्, 'अमीषाम्' अहिंसादीनाम्, 'असदेव' अविद्यमानमेव न साद्भाविकम्, 'हिशब्दो' वाक्यालङ्कारे, 'सर्वम्' अशेषम्, 'यमाद्यनुष्ठानं' यमनियमासेवनम्, आपद्यत इति शेषः, तत्र यमा हिंसादिनिवृत्तयः, नियमास्तु शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि, अथोपचारात् सत्तदिष्यते तत्राह- 'मोहसङ्गतमेव वा', उपचारात् सदपि तदज्ञानयुक्तमेव, न पुनर्ज्ञानसङ्गतम्, तथाहि-एकस्वभावस्यात्मनो मुक्तेरसम्भवात्तदर्थमनुष्ठानमज्ञानसङ्गतमेव, 'वाशब्दो' विकल्पार्थ इति ॥४॥**

**જો હિંસાનો અભાવ થવાથી સત્ય વગેરે ગુણો ઘટતા નથી તો શું થાય તે કહે છે—**

**શ્લોકાર્થ—** આ પ્રમાણે નિશ્ચિત થયે છતે સુનીતિથી અહિંસા વગેરેનો અભાવ થવાથી યમ આદિનું સઘળું આસેવન અસત્ જ સિદ્ધ થાય છે, અથવા મોહ-યુક્ત જ છે. (૪)

---

१२. एकमेवात्र व्रतं निर्दिष्टं जिनवरैः सर्वैः । प्राणातिपातविरमणमवशेषाणि तस्य रक्षार्थाय इति ॥१॥

**ટીકાર્થ— સુનીતિથી**=પ્રસ્તુત અષ્ટકની બીજી-ત્રીજી ગાથામાં કહેલ સુનીતિથી.

**યમ આદિનું** એ સ્થળે આદિ શબ્દથી નિયમો સમજવા. તેમાં હિંસા વગેરેની નિવૃત્તિ એ પાંચ યમ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ છે.

**અસત્ જ છે**=અવિદ્યમાન જ છે.

**મોહયુક્ત જ છે—** કદાચ કોઇ ઉપચારથી સત્ માને તો તેને જવાબ આપતા કહ્યું કે ઉપચારથી સત્ પણ મોહયુક્ત=અજ્ઞાન-યુક્ત જ છે. તે આ પ્રમાણે-એક સ્વરૂપવાળા આત્માની મુક્તિનો સંભવ ન હોવાથી તેના માટે યમ આદિનું આસેવન અજ્ઞાનયુક્ત જ છે. (૪)

**नित्यात्माभ्युपगमे दूषणान्तरमाह—**

**शरीरेणापि सम्बन्धो, नात एवास्य सङ्गतः ।**
**तथा सर्वगतत्वाच्च, संसारश्चाप्यकल्पितः ॥५॥**

**वृत्तिः— न केवलमहिंसादयो नित्ये सत्यात्मनि न सङ्गच्छन्ते, 'शरीरेणापि' देहेनापि सह, 'सम्बन्धः' संयोगः, 'न' नैव, 'अत एव' निष्क्रियत्वादेव हेतोः, निष्क्रियस्य हि सम्बन्धक्रिया नोपपद्यते, अथवा, 'अत एव' इति नित्यत्वादेवेत्यर्थः, नित्यस्य हि शरीरसम्बन्धः पूर्वरूपत्यागे वा स्यादत्यागे वा, अत्यागे चेत्तदा शरीरेणासम्बद्ध एवासौ स्याच्छरीरासम्बद्धत्वलक्षणस्य पूर्वरूपस्य तदवस्थत्वात्, त्यागे चेत्तदा तदनित्यत्वम् स्वभावत्यागस्यानित्यत्वलक्षणा (णत्वा)त्, 'अस्य' इति नित्यात्मनः, 'न' नैव, 'सङ्गतो' युक्तः । 'तथा' इति वाक्यान्तरोपक्रमार्थः, 'सर्वगतत्वात्' सकलभुवनव्यापकत्वात्, इष्यते च कैश्चिदात्मनो विभुत्वम् । यदाह-''मदीयेनात्मना युक्तं, दूरदेशादिवर्त्यपि । क्षित्यादि मूर्तिमत्त्वादे-रस्मदीयशरीरवत् ॥१॥'' चकारो निष्क्रियत्वान्नित्यत्वाद्वा, किमित्याह- 'संसारश्चापि', न केवलं शरीरसम्बन्धोऽस्य न सङ्गतः, संसारश्चापि तिर्यङ्नरनारकनाकिनिकायसंसरणलक्षणो न सङ्गतः, संसरणं ह्यसर्वव्यापकस्यैव युज्यते सक्रियस्य कथञ्चिदनित्यस्य चेति, 'चापि' इति निपातद्वयमपि समुच्चयार्थम्, अपि च इत्यादिवत्, तथाहि- सर्वगतत्वे निष्क्रियत्वे नित्यत्वे वा सत्यात्मनः सर्वत्र च भावान्न संसारः सङ्गतः, किं सर्वथा न सङ्गत इत्यत आह- 'अकल्पितः' तात्त्विकः, कल्पितस्तु सङ्गच्छमानोऽपि न हेयोपादेयकोटिमारोहति नभोऽम्भोरुहवदिति ॥५॥**

**આત્માને એકાંતે નિત્ય સ્વીકારવામાં બીજું દૂષણ કહે છે—**

**શ્લોકાર્થ—** નિત્ય આત્મા નિષ્ક્રિય હોવાથી આત્માનો શરીરની સાથે સંબંધ પણ ન ઘટે. સર્વગત આત્માનો અકલ્પિત સંસાર પણ ન ઘટે. નિત્ય આત્માનો અકલ્પિત (=તાત્ત્વિક) સંસાર પણ ન ઘટે.

**ટીકાર્થ—** જો આત્મા નિત્ય હોય તો કેવળ અહિંસા વગેરે ન ઘટે એમ નહિ, કિંતુ નિત્ય આત્મા નિષ્ક્રિય હોવાથી જ (અથવા નિત્ય હોવાથી જ) નિત્ય આત્માનો શરીરની સાથે સંબંધ પણ ન ઘટે. નિત્ય આત્માનો શરીરસંબંધ પૂર્વરૂપનો ત્યાગ કરીને થાય કે ત્યાગ વિના થાય એમ બે વિકલ્પો છે. તેમાં જો પૂર્વરૂપના ત્યાગ વિના

શરીરસંબંધ માન્ય હોય તો નિત્ય આત્મા શરીરની સાથે સંબંધથી રહિત જ થાય. કારણ કે શરીરની સાથે અસંબંધરૂપ પૂર્વસ્વરૂપ તે પ્રમાણે જ રહેલ છે. હવે જો પૂર્વસ્વરૂપનો ત્યાગ કરીને શરીરની સાથે સંબંધ થાય છે તો આત્મા અનિત્ય બને. કારણકે પોતાના સ્વરૂપનો ત્યાગ કરવો એ જ અનિત્યતાનું લક્ષણ છે.

**સર્વગત આત્માનો અકલ્પિત સંસાર પણ ન ઘટે**— સર્વગત એટલે સકલ વિશ્વને વ્યાપીને રહેલ. કેટલાકો આત્માને વિભુ=સંપૂર્ણ લોકવ્યાપી માને છે. કહ્યું છે કે "**દૂર દેશમાં રહેલા પણ પૃથ્વી પર્વત વગેરે મૂર્ત હોવાથી મારા આત્માથી સંયુક્ત છે. મારા શરીરની જેમ.**" (નૈયાયિકોનો આશય એ છે કે આત્મા સર્વવ્યાપી છે. તેથી દૂર રહેલા પર્વતાદિનો સંયોગ આત્મા સાથે હોય છે. પરંતુ નિત્ય વિભુદ્રવ્યનો સંયોગ નૈયાયિક સંમત નથી. માટે અહીં અનુમાનમાં મૂર્તત્વ હેતુ મૂકેલ છે. ગગન અમૂર્ત હોવાથી ગગન સંયુક્ત આત્મા ન બને. પણ પર્વતાદિ સંયુક્ત બને.) નિત્ય આત્માનો કેવળ શરીરની સાથે સંબંધ ન ઘટે એમ નહિ. કિંતુ નિત્ય આત્માનો અકલ્પિત સંસાર પણ ન ઘટે. સંસાર એટલે તિર્યંચગતિ, મનુષ્યગતિ, નરકગતિ અને દેવગતિમાં જવું. જે આત્મા સર્વવ્યાપી ન હોય, સક્રિય હોય અને કથંચિત્ અનિત્ય હોય તે જ આત્માનું તિર્યંચ વગેરે ગતિમાં ગમન થાય. તે આ પ્રમાણે-જો આત્મા સર્વગત નિષ્ક્રિય અને નિત્ય હોય તો તે સર્વસ્થળે અને સદા માટે રહેલો હોવાથી એક ગતિમાંથી બીજી ગતિમાં જવાનુ ન ઘટે. અકલ્પિત સંસાર ન ઘટે. કલ્પિત સંસાર ઘટે. કલ્પિત સંસાર ઘટતો હોવા છતાં આકાશકુસુમની જેમ હેય કે ઉપાદેય ગણાતો નથી. (૫)

**एवं च विभुत्वेन संसाराभावे सति यदापन्नं तदाह—**

**ततश्चोर्ध्वगतिर्धर्मा-दधोगतिरधर्मतः ।**

**ज्ञानान्मोक्षश्च वचनं, सर्वमेवौपचारिकम् ॥६॥**

**वृत्तिः— 'ततश्च' एवं संसाराभावे सति, 'ऊर्ध्वगतिः' स्वर्गाद्यवाप्तिलक्षणा, 'धर्मात्' अहिंसाद्य-नुष्ठानलक्षणात्, तथा 'अधोगतिः' नारकाद्यवाप्तिरूपा, 'अधर्मतो'ऽधर्माद्धिंसाद्यनुष्ठानरूपात्, तथा 'ज्ञानात्' पञ्चविंशतितत्त्वावबोधरूपात्, 'मोक्षो' निखिलकर्मनिर्मुक्तिलक्षणः, 'चशब्द' उक्तसमुच्चये, इतिशब्दोऽत्र लुप्तो द्रष्टव्यस्तेन 'इतिवचनम्' एतदर्थप्रतिपादनम्, किमित्याह- 'सर्वमेव' निरवशेषमेव, 'औपचारिकं' काल्पनिकमपारमार्थिकमित्यापन्नम्, अभ्युपगम्यते चोर्ध्वगतिर्धर्मादित्यादि साङ्ख्यैः । आह च ईश्वरकृष्णः "धर्मेण गमनमूर्ध्वं, गमनमधस्ताद्भवत्यधर्मेण । ज्ञानेन चापवर्गो, विपर्ययादिष्यते बन्धः ॥१॥" तथा "पञ्चविंशतितत्त्वज्ञो, यत्र तत्राश्रमे रतः । जटी मुण्डी शिखी वापि, मुच्यते नात्र संशयः ॥२॥" इति ॥६॥**

**આ પ્રમાણે આત્મા વિભુ હોવાથી સંસારનો અભાવ થયે છતે જે પ્રાપ્ત થયું તેને કહે છે—**

**શ્લોકાર્થ**— સંસારનો અભાવ થતાં ધર્મથી ઊર્ધ્વગતિ થાય, અધર્મથી અધોગતિ થાય, જ્ઞાનથી મોક્ષ થાય, એવાં સઘળાં ય વચનો ઔપચારિક બને.

**ટીકાર્થ— ધર્મથી**=અહિંસાદિના આસેવનથી.

**અધર્મથી**=હિંસાદિના સેવનથી.

ઊર્ધ્વગતિ=સ્વર્ગ આદિની પ્રાપ્તિ.

**અધોગતિ**– નરકગતિ આદિની પ્રાપ્તિ.

**જ્ઞાન**=પચીસ તત્ત્વોનો બોધ.

**મોક્ષ**=સર્વકર્મોથી છૂટકારો.

**ઓપચારિક**=કાલ્પનિક, અર્થાત્ અપારમાર્થિક.

ધર્મથી ઊર્ધ્વગતિ થાય ઇત્યાદિ સાંખ્યો માને છે. ઇશ્વરકૃષ્ણ કહે છે કે-"**ધર્મથી આત્મા ઊંચે જાય, અધર્મથી અધોગતિમાં જાય, જ્ઞાનથી મોક્ષ થાય, અને વિપર્યયથી (=અજ્ઞાનથી) બંધ થાય.**" (સાંખ્યકારિકા-૪૪) તથા "**પ્રકૃતિ વગેરે પચીસ તત્ત્વોના રહસ્યને જાણવાવાળો મનુષ્ય ગૃહસ્થાશ્રમ વગેરે કોઇપણ આશ્રમમાં રહેવાથી મુક્ત થઇ શકે છે. પછી ભલે તે મસ્તકે જટા રાખતો હોય, મસ્તકનું મુંડન કરાવતો હોય, કે શિખા ધારણ કરતો હોય. પ્રકૃતિ આદિ તત્ત્વજ્ઞાનના અભ્યાસ દ્વારા તત્ત્વદર્શન થઇ જવાથી પ્રકૃતિના વિકારોનો નાશ થાય છે. આથી આત્મા મુક્ત થાય છે. અને પોતાના સ્વરૂપમાં અવસ્થિત રહે છે. તત્ત્વજ્ઞાનથી કોઇપણ સ્થિતિમાં પુરુષની મુક્તિ થવામાં કોઇ સંશય નથી.**" (૬)

**अथ विभुत्वेन संसरणाभावेऽपि यदोर्ध्वलोके स्वहेतोरेव भोगायतनमस्य भवति तदोर्ध्वगतिरपदिश्यते यदा त्वधस्तदाधोगतिरित्येवं भोगायतनद्वारेणोर्ध्वगत्यादिरात्मनो भविष्यतीत्याशङ्कायामाह—**

**भोगाधिष्ठानविषये-प्यस्मिन् दोषोऽयमेव तु ।**
**तद्भेदादेव भोगोऽपि, निष्क्रियस्य कुतो भवेत् ॥७॥**

**वृत्तिः**— भोगो विषयप्रतिभासिनो मनस आत्मनि स्फटिकोपाधिन्यायेन प्रतिबिम्बनम्, तथा चोक्तं विन्ध्यवासिना-"पुरुषोऽविकृतात्मैव, स्वनिर्भासमचेतनम् । मनः करोति सान्निध्या-दुपाधिःस्फटिकं यथा ॥१॥" स्वनिर्भासमिति स्वाकारवन्तं पुरुषं मनः कर्तृभूतं करोतीति ॥ "विविक्तेदृक्परिणतौ, बुद्धौ भोगोऽस्य कथ्यते । प्रतिबिम्बोदयः स्वच्छे, यथा चन्द्रमसोऽम्भसि ॥१॥" तस्य भोगस्याधिष्ठानमायतनं भोगाधिष्ठानम् यत्र बुद्ध्यहङ्कारेन्द्रियादौ प्रकृतिविकारे सति पुरुषस्य भोगो भवति तद्भोगाधिष्ठानं शरीरम्, तद्विषयो यत्र संसारे स तथा, तत्रापि 'भोगाधिष्ठानविषयेऽपि', न केवलं भोगायतनकल्पनारहिते इत्यपिशब्दार्थः, 'अस्मिन्' इति संसारे, 'दोषो' दूषणम्, 'अयमेव' एष एवानन्तरोदित ऊर्ध्वगत्यादिसंसारापारमार्थिकत्वलक्षणः, यतो भोगाधिष्ठानं शरीरमेव, तेन च सह सम्बन्धो निष्क्रियत्वेनात्मनो न युक्तः, तदभावात्तद्द्वारकः संसार औपचारिक एवेति, 'तुशब्दः' पादपूरणे, तथा भोगाधिष्ठानकल्पनमसङ्गतमेव, भोगस्यैवात्मनोऽयुज्यमानत्वादित्येतदाह- 'तद्भेदादेव' इति, इह तच्छब्देन क्रिया परामृश्यते, ततः क्रियाभेदादेव क्रियाविशेषत्वादेव भोगस्य, भोगो हि क्रियाविशेष एव, अतः 'भोगोऽपि' विषयोपभोगोऽपि, न केवलं भोगाधिष्ठानविषयः संसार इत्यपिशब्दार्थः, 'निष्क्रियस्य' सकलक्रियाकलापविप्रहीणस्यात्मनः,

**'कुतः' कस्माद्धेतोः, 'भवेत्' जायेत, न कुतोऽपीति भाव इति ॥७॥**

**હવે આત્મા વિભુ હોવાથી તેનું સંસરણ (=એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન) ન થવા છતાં જ્યારે તેનું ભોગાયતન (=સ્થૂલ શરીર) પોતાના જ (દાન આદિ કે હિંસા વગેરે દ્વારા થયેલ અદૃષ્ટથી) કારણથી ઊર્ધ્વલોકમાં થાય ત્યારે ઊર્ધ્વગતિ કહેવાય છે, જ્યારે નીચે જાય છે ત્યારે અધોગતિ કહેવાય છે, એમ ભોગાયતન દ્વારા આત્માની ઊર્ધ્વગતિ વગેરે થશે. આવી આશંકા થયે છતે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** ભોગાધિષ્ઠાનને આશ્રયીને પણ જીવનો ઊર્ધ્વગતિ આદિ સંસાર છે એમ માનવામાં પણ એ જ દોષ રહેલો છે. નિષ્ક્રિય આત્માનો ભોગ પણ ક્રિયાવિશેષ હોવાથી જ કયા હેતુથી થાય ? અર્થાત્ કોઇ હેતુથી ન થાય.

**ટીકાર્થ— ભોગાધિષ્ઠાન—** ભોગાધિષ્ઠાન શબ્દમાં ભોગ અને અધિષ્ઠાન એમ બે શબ્દો છે. તેમાં ભોગ એટલે વિષયોની પ્રતીતિવાળા મનનું [1]સ્ફટિકોપાધિન્યાયથી આત્મામાં પ્રતિબિંબ પડવું. વિંધ્યવાસીએ કહ્યું છે કે-**"આત્મા પોતાના સંનિધાનથી અચેતન મનને ઉપરક્ત કરે છે, અર્થાત્ તેમાં પોતાના ચૈતન્યની પ્રતીતિ કરાવે છે. આવું કરવા છતાં તે પોતાના સ્વરૂપથી અવિકૃત જ રહે છે. આ વાતને સ્ફટિકના દૃષ્ટાંતથી બતાવી છે. જેવી રીતે પદ્મરાગમણિ વગેરે ઉપાધિ નજીકમાં રહેલા સ્ફટિકમણિને પોતાના વર્ણનું સંક્રમણ કરીને ઉપરક્ત કરે છે=પોતાના જેવા રંગવાળો કરે છે. આવું કરવા છતાં તે (પદ્મરાગમણિ) વિકૃત થતો નથી. બલ્કે ઉપરાગ સંબંધથી સ્ફટિક જ વિકૃત થાય છે. તે રીતે આત્મા પણ બુદ્ધિમાં પોતાના ઉપરાગનો જનક થઇને પણ સ્વયં વિકૃત થતો નથી. કિંતુ એના ઉપરાગથી બુદ્ધિ વિકૃત થાય છે."**

**(विविक्ता=) "બુદ્ધિ આત્માથી ભિન્ન છે. અને (इद्धक्परिणतौ=) પૂર્વના શ્લોકમાં વર્ણિત પુરુષોપરાગરૂપ પરિણામથી યુક્ત છે. [2]આવી બુદ્ધિમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડે તેને પુરુષનો ભોગ કહેવાય છે. (આત્મામાં જે ભોગનો ઉલ્લેખ છે તે ભોગયુક્ત બુદ્ધિમાં આત્માના ઉપરાગના કારણે જ છે. અને તેથી અવાસ્તવિક છે.) આ વાત જલમાં પડતા ચંદ્રમાના પ્રતિબિંબના દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે. જેવી રીતે અવિકૃત ચંદ્રનું નિર્મલજલમાં પ્રતિબિંબાત્મક પરિણામ થાય છે તેવી રીતે સૂક્ષ્મબુદ્ધિતત્ત્વમાં અવિકૃત આત્માનું પણ પ્રતિબિંબપરિણામત્ક ઉપરાગ થાય છે.**

**સ્પષ્ટીકરણ—** બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડે ત્યારે આત્માના બે રૂપ થાય છે. એક પ્રતિબિંબાત્મા અને બીજો બિંબાત્મા. આ બેમાં બુદ્ધિગત ભોગનો સંબંધ પ્રતિબિંબ આત્મામાં જ થાય છે. બિંબાત્મામાં થતો નથી. આથી પ્રતિબિંબાત્મા વિકૃત થવા છતાં બિંબાત્મા પૂર્વવત્ નિર્વિકાર જ રહે છે.

(આ અર્થ શાસ્ત્રવાર્તા સમુચ્ચય સ્તબક ત્રીજો ૨૮-૨૯ શ્લોકની ટીકાના આધારે લખ્યો છે.)

**पुरुषोऽविकृतात्मा** એ શ્લોકનો પ્રસ્તુત ટીકાકારે "મન પુરુષને પોતાના જેવો કરે છે એવો અર્થ કર્યો છે.

---

૧. જેવી રીતે જપાકુસુમ પોતાના સાંનિધ્યથી સ્ફટિકને લાલ બનાવે છે તેમ કોઇ વસ્તુના સાંનિધ્યથી કોઇ વસ્તુ તેના જેવી બની જાય તેને સ્ફટિકોપાધિન્યાય કહેવામાં આવે છે.

૨. આવી એટલે ઉભયમુખ દર્પણ જેવી. બુદ્ધિમાં એક તરફથી સુખાદિનું પ્રતિબિંબ પડે છે. અને બીજી તરફથી ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે. તેથી હું સુખી છું, હું દુ:ખી છું ઇત્યાદિ ઉપચાર થાય છે. કારણ કે આત્મા બુદ્ધિથી પોતે અભિન્ન છે એવું મિથ્યાભિમાન રાખે છે.

(શા૦વા૦સ૦ ના ટીકાકરે ''પુરુષ મનને પોતાના જેવો બનાવે છે'' એવો અર્થ કર્યો છે. શા૦વા૦સ૦ ની ટીકાનો અર્થ વધારે યોગ્ય લાગવાથી અનુવાદમાં શા૦વા૦સ૦ ની ટીકાના આધારે અર્થ લખ્યો છે.)

આવા પ્રકારના ભોગનું આયતન (=સ્થાન)તે ભોગાધિષ્ઠાન. પ્રકૃતિમાં વિકાર થયે છતે બુદ્ધિ-અહંકાર-ઇંદ્રિય વગેરે કે જેમાં પુરુષનો ભોગ થાય છે=પુરુષ ભોગવે છે, તે ભોગાધિષ્ઠાન છે, અર્થાત્ શરીરમાં પુરુષનો ભોગ થાય છે. માટે ભોગાધિષ્ઠાન એટલે શરીર.

''ભોગાધિષ્ઠાનને આશ્રયીને પણ'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ ભોગાયતનની કલ્પનાથી રહિત પુરુષને માનવામાં દોષ છે, એમ નહિ, કિંતુ ભોગાધિષ્ઠાનને આશ્રયીને પણ જીવનો ઊર્ધ્વગતિ આદિ સંસાર છે, એમ માનવામાં પણ એ જ દોષ રહેલો છે. અહીં એ જ દોષ એટલે ઊર્ધ્વગતિ આદિ સંસાર અપારમાર્થિક બને એ દોષ. આ દોષ હમણાં જ (પ્રસ્તુત અષ્ટકના છઠ્ઠા શ્લોકમાં) કહ્યો છે.

ભોગાધિષ્ઠાનને આશ્રયીને પણ જીવનો ઊર્ધ્વગતિ આદિ સંસાર અપારમાર્થિક બને. કારણ કે ભોગા-ધિષ્ઠાન શરીર જ છે. આત્મા નિષ્ક્રિય હોવાથી આત્માનો શરીરની સાથે સંબંધ ન ઘટી શકે. શરીરસંબંધનો અભાવ હોવાથી શરીર દ્વારા થતો સંસાર ઔપચારિક જ બને.

તથા ભોગાધિષ્ઠાનની કલ્પના પણ અસંગત જ છે. કારણ કે આત્માનો ભોગ જ (આત્મા ભોગવે છે એ જ) ઘટતું નથી. આ વિષયને ગ્રંથકાર (શ્લોકના ઉત્તરાર્ધમાં) કહે છે કે નિષ્ક્રિય આત્માનો ભોગ પણ કયા હેતુથી થાય ? અર્થાત્ ''પુરુષ ભોગવે છે'' એ કોઇ હેતુથી ન ઘટી શકે. કારણ કે ભોગ ક્રિયાવિશેષ જ છે=એક પ્રકારની ક્રિયા જ છે. નિષ્ક્રિય આત્મામાં કોઇ ક્રિયા ન હોય.

''ભોગ પણ'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-નિષ્ક્રિય આત્માની કેવળ ભોગાધિષ્ઠાનને આશ્રયીને સંસાર ઔપચારિક સિદ્ધ થાય છે એમ નહિ, કિંતુ નિષ્ક્રિય આત્માનો ભોગ પણ કોઇ હેતુથી સિદ્ધ થતો નથી, અર્થાત્ ભોગ પણ ઔપચારિક સિદ્ધ થાય છે.

**સંક્ષેપમાં સાર—** (૧) આત્મા નિષ્ક્રિય હોવાથી એનો શરીરની સાથે સંબંધ ન ઘટે (૨) શરીરની સાથે સંબંધ ન ઘટવાથી શરીરને આશ્રયીને જીવનો વાસ્તવિક સંસાર ન ઘટે. (૩) નિષ્ક્રિય હોવાથી વિષયોપભોગ પણ ન કરે. (૭)

**अथाहिंसादीनां शरीरसम्बन्धस्य भोगस्य चाभावलक्षणदोषभयात् सक्रियत्वमात्मनोऽभ्यु-पगम्यते तत्राह—**

**इष्यते चेत्क्रियाप्यस्य, सर्वमेवोपपद्यते ।**
**मुख्यवृत्त्यानघं किन्तु, परसिद्धान्तसंश्रयः ॥८॥**

**वृत्तिः— 'इष्यते' अभ्युपगम्यते, 'चेत्' यदि, 'क्रियापि' काचित् शरीरसम्बन्धनादिका, क्रिया तावदिष्टैवेति प्रतिपादनार्थोऽपिशब्दः, 'अस्य' नित्यात्मनः, इह तदेति शेषो दृश्यः, ततश्च तदा 'सर्वमेव' निःशेषमेव यत्पूर्वमहिंसादिकमनुपपद्यमानतया प्रतिपादितं तत्, 'उपपद्यते' घटते, कथमित्याह- 'मुख्य-**

वृत्त्या' पारमार्थिकतया, न पुनः क्रियानभ्युपगमे इवामुख्यवृत्त्या, 'अनघं' निर्दोषम्, अनुपचारवृत्त्योपपद्यमानत्वात्, 'किन्तु' केवलमेतावान् दोषो यदुत, 'परसिद्धान्तसंश्रयः' जैनाभ्युपगतपरिणामवादाश्रयणमिति, न चैतन्निग्रहस्थानमप्यतिदुष्करमनभिनिवेशिनां मुमुक्षूणामिति, तदेवमेकान्तनित्यात्मावादिमतेऽहिंसादीनि न घटन्त इति स्थितमिति ॥८॥

## ॥ चतुर्दशाष्टकविवरणं समाप्तम् ॥१४॥

**આત્માને નિષ્ક્રિય માનવાથી અહિંસા આદિનો અભાવ થાય, શરીરસંબંધનો અભાવ થાય અને ભોગનો અભાવ થાય, આ દોષના ભયથી આત્મા સક્રિય સ્વીકારાય એ વિષે કહે છે—**

**શ્લોકાર્થ—** જો આત્માની ક્રિયા પણ સ્વીકારવામાં આવે, અર્થાત્ આત્માને સક્રિય માનવામાં આવે, તો બધું જ પરમાર્થથી નિર્દોષપણે ઘટે છે. પણ એમાં તેમને પરસિદ્ધાંતનો આશ્રય લેવો પડે છે. (૮)

**ટીકાર્થ—** ''આત્માની ક્રિયા પણ'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-આત્માને નિત્ય માનનારને ક્રિયા ઇષ્ટ જ છે. પણ આત્માની ક્રિયા ઇષ્ટ નથી. આથી બીજી ક્રિયાની જેમ શરીર સાથે સંબંધ વગેરે આત્માની ક્રિયા પણ સ્વીકારવામાં આવે તો એવો અર્થ છે.

**બધું જ—** પૂર્વે કહ્યું તેમ અહિંસા વગેરે જે જે ઘટતું ન હતું તે બધું જ.

**પરમાર્થથી—** ક્રિયા અસ્વીકારમાં ઉપચારથી ઘટતું હતું તેમ નહિ, કિંતુ પરમાર્થથી ઘટે છે.

**નિર્દોષપણે—** ઉપચાર વિના ઘટતું હોવાથી નિર્દોષપણે ઘટે છે.

આત્માને સક્રિય માનવામાં આવે તો બધું જ પરમાર્થથી નિર્દોષપણે ઘટે છે. પણ તેમાં આટલો દોષ છે કે પરસિદ્ધાંતનો=જૈનોએ સ્વીકારેલ પરિણામવાદનો આશ્રય લેવો પડે છે. આ [1]નિગ્રહસ્થાન હોવા છતાં અભિનિવેશથી રહિત મુમુક્ષુઓને અતિ દુષ્કર નથી.

આ પ્રમાણે એકાંત નિત્યાત્મવાદીઓના મતમાં અહિંસાદિ ન ઘટે એ નિશ્ચિત થયું. (૮)

## ચોદમા એકાન્તનિત્યપક્ષખંડન અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

# ॥१५॥ अथ पञ्चदशैकान्तानित्यपक्षखण्डनाष्टकम् ॥

**अनन्तरं द्रव्यास्तिकनयमते यथाहिंसादीनि धर्मसाधनानि धर्मवादविषयभूतानि न घटन्ते तथा प्रतिपादितम्, अथ पर्यायास्तिकनयमते यथा तानि न युज्यन्ते तथाह—**

**क्षणिकज्ञानसन्तान-रूपेऽप्यात्मन्यसंशयम् ।**
**हिंसादयो न तत्त्वेन, स्वसिद्धान्तविरोधतः ॥१॥**

वृत्तिः— क्षणः परमनिकृष्टः कालः, सोऽस्यास्तीति क्षणिकम्, तच्च तज्ज्ञानं च चैतन्यं क्षणिकज्ञा-

૧. જે કહેવાથી વક્તાનો પરાજય થાય તેને નિગ્રહ સ્થાન કહે છે.

**नम्, तस्य सन्तानः प्रवाहः स एव रूपं स तथा, तत्र 'क्षणिकज्ञानसन्तानरूपेऽपि,' न केवलं नित्यरूपे, क्वेत्याह- 'आत्मनि' जीवे, 'असंशयं' निःसन्देहं यथा भवति, 'हिंसादयः' प्राणिवधादयः, 'न' नैव, 'तत्त्वेन' निरुपचरितवृत्त्या, घटन्ते इति गम्यते, किं वाङ्मात्रेण, नेत्याह- 'स्वसिद्धान्तविरोधतः' स्वकीयागमविरोधादिति ॥१॥**

## પંદરમું એકાંત અનિત્યપક્ષ ખંડન અષ્ટક

(જેમ આત્માને એકાંતે નિત્ય માનવામાં અહિંસાદિની ઉપપત્તિ થતી નથી, તેમ આત્માને એકાંતે ક્ષણિક=પ્રતિક્ષણ નાશ પામનાર માનવાથી પણ અહિંસાદિ ઘટી શકે નહિ. એકાંતે ક્ષણિક આત્મામાં અહિંસા વગેરે કેમ ન ઘટે એની તાત્ત્વિક વિચારણા આ અષ્ટકમાં કરવામાં આવી છે.)

**હમણાં જ દ્રવ્યાસ્તિક નયના મતે ધર્મવાદના વિષયભૂત અહિંસા વગેરે ધર્મસાધનો જે રીતે નથી ઘટતા તે રીતે જણાવ્યું. હવે પર્યાયાસ્તિક નયના મતે અહિંસા વગેરે ધર્મસાધનો જે રીતે નથી ઘટતા તે રીતે કહે છે—**

**શ્લોકાર્થ—** ક્ષણિક જ્ઞાનની પરંપરા સ્વરૂપ આત્મામાં પણ નિઃસંદેહ હિંસાદિ પરમાર્થથી ઘટતા નથી. કારણ કે પોતાના જ આગમનો વિરોધ આવે છે.

**ટીકાર્થ— ક્ષણિક—** ક્ષણ એટલે જેનાથી અન્ય કોઇકાળ સૂક્ષ્મ ન હોય તેવો સર્વાન્તિમ સૂક્ષ્મકાળ. જે ક્ષણ જેટલા કાળ સુધી જ રહે તે ક્ષણિક. જ્ઞાન એટલે ચૈતન્ય. ક્ષણિક જ્ઞાનની પરંપરા એટલે ક્ષણિક ચૈતન્યની પરંપરા. આ મતમાં ક્ષણે ક્ષણે ચૈતન્ય નાશ પામે છે અને ઉત્પન્ન થાય છે. તેથી આત્મા ક્ષણિક જ્ઞાનની પરંપરાસ્વરૂપ છે.

ગાથામાં રહેલા "**अपि**" શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ નિત્યરૂપ આત્મામાં અહિંસા વગેરે ધર્મસાધનો ઘટતા નથી એમ નહિ, કિંતુ ક્ષણિક જ્ઞાનની પરંપરાસ્વરૂપ આત્મામાં પણ ઘટતા નથી. (૧)

**स्वसिद्धान्तविरोधमेव दर्शयन्नाह—**

**नाशहेतोरयोगेन, क्षणिकत्वस्य संस्थितिः ।**
**नाशस्य चान्यतोऽभावे, भवेद्धिंसाप्यहेतुका ॥२॥**

**वृत्तिः— 'नाशहेतोः' क्षयकारणस्य, 'अयोगेन' अयुज्यमानत्वेन, 'क्षणिकत्वस्य' क्षणक्षयित्वस्य, 'संस्थितिः' व्यवस्था प्रतिष्ठेत्यर्थः । तथाहि- क्षणवादिभिरभिधीयते, मुद्गरादिना नाशहेतुना घटादेर्नाशो विधीयमानो भिन्नस्तस्माद्विधीयते अभिन्नो वा, भिन्नश्चेद् घटादेस्तादवस्थ्यं स्यात्, अथाभिन्नस्तदा घटादिरेव कृतः स्यात्, स च स्वकीयकारणकलापेनैव कृत इति न तस्य किञ्चित् करणीयमस्तीत्येवं नाशहेतोरयुज्यमानत्वेन नाशिनो भावाः स्वभावतः एव नश्यन्ति स्वभावनाशिनः पुनरुदयानन्तरापवर्गिण एव भवन्तीति नाशहेतोरभावाद् यदि क्षणिकत्वव्यवस्था ततः किमित्याह- 'नाशस्य च' विनाशस्य पुनः, 'अन्यतः' स्वभावव्यतिरिक्तान्नाशहेतोः सकाशात्, 'अभावे' अभवने, सर्वनाशानां निर्हेतुकत्वाभ्युपगमात्,**

**'भवेत्' जायेत, 'हिंसापि' वधोऽपि, न केवलं घटादिक्षयः, 'अहेतुका' स्वरूपलाभातिरिक्तनिमित्तशून्यैवेत्यर्थः ॥२॥**

**સ્વસિદ્ધાંતના વિરોધને જ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** નાશનાં કારણો ન ઘટવાથી ક્ષણિકત્વની (=દરેક પદાર્થ પ્રત્યેક ક્ષણે સ્વયમેવ નાશ પામે છે એવા સિદ્ધાંતની) સ્થાપના કરી છે. આથી કોઇપણ વસ્તુનો (પોતાના સ્વભાવ સિવાય) અન્ય કોઇપણ કારણથી નાશ ન થવાથી, હિંસા (=જીવવિનાશ) પણ નિર્હેતુક બને. (૨)

**ટીકાર્થ—** એકાંત અનિત્ય પક્ષમાં નાશનાં કારણો ઘટતા નથી. તે આ પ્રમાણે— મુદ્‌ગરપ્રહાર વગેરેથી ઘટનો નાશ થાય છે એમ પ્રત્યક્ષ જોવામાં આવે છે. અહીં ક્ષણવાદીઓ બે પ્રશ્નો ઉપસ્થિત કરે છે. નાશક તરીકે ઇષ્ટ મુદ્‌ગર પ્રહાર વગેરે દ્વારા ઘટનો જે નાશ કરવામાં આવે છે તે નાશ ઘટથી ભિન્ન છે કે અભિન્ન ? જો ઘટનાશ ઘટથી ભિન્ન હોય તો ઘટ તો એમ ને એમ જ રહેશે. (જેમ વણકર ઘડાથી ભિન્ન જે પટ ઉત્પન્ન કરે છે તે પટ ઘટથી ભિન્ન હોવાના કારણે પટની ઉત્પત્તિ થવાથી ઘટના સ્વરૂપમાં કશો જ ફેરફાર તેના નિમિત્તે થતો નથી. બરાબર તે જ રીતે મુદ્‌ગરનો પ્રહાર કરવાથી ઉત્પન્ન થતો ઘટનાશ જો ઘટથી ભિન્ન હોય તો એમ ને એમ જ રહે. ઘટના સ્વરૂપમાં કાંઇ ફેરફાર નહિ થાય. પરંતુ આવું થતું નથી. માટે પ્રથમ વિકલ્પ માન્ય કરી શકાતો નથી.) જો બીજો વિકલ્પ માન્ય કરવામાં આવે તો મુદ્‌ગરના પ્રહાર દ્વારા ઘટ જ ઉત્પન્ન કરાયો એમ માનવું પડે. કારણ કે મુદ્‌ગરના પ્રહારથી થતો ઘટવિનાશ એટલે જ ઘટ. (કેમકે ઘટવિનાશ ઘટથી અભિન્ન છે.) ઘટ તો પોતાના કારણ સમૂહથી જ કરાયેલો છે. તેથી ઘટ અંગે કંઇ પણ કરવાનું રહેતું નથી.

આ પ્રમાણે નાશના હેતુઓ ઘટતા ન હોવાથી બધા પદાર્થો સ્વભાવથી જ નાશ પામે છે. સ્વભાવથી જ નાશ પામનારા પદાર્થો ઉત્પત્તિ પછી તુરત આપ મેળે જ અંતવાળા બને છે=નાશ પામે છે. (જે આપ મેળે મરનાર હોય તેને શું મારવાના હોય ? તેથી કોઇપણ વ્યક્તિ હિંસક નહિ કહેવાય.)

**''હિંસા પણ''** એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે. કેવળ ઘટાદિનો જ ક્ષય નિર્હેતુક બને એમ નહિ, કિંતુ જીવવધ પણ નિર્હેતુક (=સ્વરૂપની [1]પ્રાપ્તિ સિવાય અન્યનિમિત્તથી રહિત જ) બને. (૨)

**निर्हेतुकत्वे चास्या दोषमाह—**

## ततश्चास्याः सदा सत्ता, कदाचिन्नैव वा भवेत् ।
## कादाचित्कं हि भवनं, कारणोपनिबन्धनम् ॥३॥

**वृत्तिः— यस्मादियमहेतुका, 'ततश्च' तस्मात्पुनर्हिंसाया निर्हेतुकत्वात्, 'अस्या' हिंसायाः 'सदा' सर्वदा, 'सत्ता' सद्भावः भवेदिति योगः, 'कदाचित्' क्वचिदपि काले, 'नैव' न खलु 'वाशब्दो' विकल्पार्थः, 'भवेत्,' जायेत, सत्तेति वर्तते, कुत एतदेवमित्याह- कदाचिद्भवं 'कादाचित्कम्', 'हिशब्दो' यस्मादर्थः, 'भवनं' प्रादुर्भावः 'कारणोपनिबन्धनं' हेतुनिबन्धनम्, यतोऽभिधीयते । ''नित्यं सत्त्वमसत्त्वं**

૧. કોઇ કારણ વિના નાશ પામવો એ વસ્તુનું સ્વરૂપ (=સ્વભાવ) છે. માટે અહીં 'સ્વરૂપની પ્રાપ્તિ' એમ કહ્યું.

वा-ऽहेतोरन्यानपेक्षणात् । अपेक्षातो हि भावानां, कादाचित्कत्वसम्भवः ॥१॥ इति ॥३॥

**હિંસાના હેતુના અભાવમાં દૂષણ કહે છે—**

**શ્લોકાર્થ—** હિંસા નિર્હેતુક હોવાથી સદા રહેવી જોઇએ, અથવા ક્યારે પણ ન થવી જોઇએ. કોઇપણ વસ્તુની ક્યારેક ઉત્પત્તિ કોઇ કારણથી જ થાય.

**ટીકાર્થ—** આ વિષે કહ્યું છે કે-**"અન્ય હેતુઓની અપેક્ષા ન રાખવાવાળો પદાર્થ સદા હોય, અથવા સદા ન હોય, કારણોની અપેક્ષાથી જ પદાર્થમાં ક્યારેક હોવાપણું થાય."** (પ્રમાણવાર્તિક ૩-૩, યોગબિંદુ ૪૭૭ શ્લોકની ટીકા) (૩)

**ननु जनक एव हिंसकोऽतः कथं निर्हेतुकत्वं हिंसायाः, कथं वा निर्हेतुकत्वाश्रयो नित्यसत्त्वादिको दोष इत्यत्रोच्यते, ननु योऽयं जनक एव हिंसक कल्प्यते स किं सन्तानस्य क्षणिकस्य वेति विकल्पद्वयम्, तत्राद्यविकल्पं दूषयन्नाह—**

**न च सन्तानभेदस्य, जनको हिंसको भवेत् ।**
**सांवृतत्वान्न जन्यत्वं, यस्मादस्योपपद्यते ॥४॥**

वृत्तिः— 'न च' नैव, भिद्यत इति भेदः सन्तानश्चासो भेदश्च सन्तानभेदः तस्य 'सन्तानभेदस्य' क्षणप्रवाहविशेषस्य हिंस्यमानहरिणक्षणसन्तानच्छेदेनोत्पत्स्यमानमनुष्यादिक्षणसन्तानस्य, 'जनक' उत्पादको लुब्धकादिः, 'हिंसको' हिंसाकारी, 'भवेत्' जायेत, कुत एतदित्याह- संवृतौ कल्पनायां भवः सांवृतः, तस्य भावस्तत्त्वं तस्मात्, 'न' नैव, 'जन्यत्वम्' उत्पादनीयत्वम्, 'यस्मात्' कारणात्, 'अस्य' सन्तानभेदस्य, 'उपपद्यते' घटते । प्रयोगश्चैवम्- यज्जन्यं न भवति तस्य जनको नास्ति वियदम्भोजस्येव, अजन्यश्च सन्तानभेद इति न तस्य जनकोऽस्ति, तदभावाच्च हिंसकाभावः, न चाजन्यत्वं सन्तानस्यासिद्धम्, सांवृतत्वात्, यत्सांवृतं तदजन्यं वियदिन्दीवरवत्, सांवृतश्च सन्तान इत्यजन्यः, सांवृतत्वं च सन्तानस्य सन्तानिभ्यो भेदाभेदविकल्पद्वारेण चिन्त्यमानस्यायुज्यमानत्वादिति ॥४॥

**વસ્તુનો જે જનક=ઉત્પાદક છે તે જ હિંસક છે. આથી હિંસા નિર્હેતુક છે એ વાત જ ક્યાં રહી ? તથા નિર્હેતુક હિંસાને આશ્રયીને જણાવેલા નિત્યસત્ત્વ અથવા નિત્ય અસત્ત્વ એ દોષો પણ કેવી રીતે થાય ? આવી દલીલના ઉત્તરમાં ગ્રંથકાર કહે છે—**

ચોથા-પાંચમા શ્લોકની ભૂમિકા—

**પ્રતિવાદી—** અરે ભાઇ ! ઉતાવળ ન કરો ! જરા ધીરજ રાખીને અમારું સાંભળો. અમારું કહેવું છે કે વસ્તુનો જે જનક=ઉત્પાદક છે તે જ હિંસક છે. એટલે હિંસા નિર્હેતુક છે એ વાત જ ક્યાં રહી ? તથા નિર્હેતુક હિંસાને આશ્રયીને ઉપર બતાવેલા નિત્યસત્ત્વ અથવા સદા અસત્ત્વ એ દોષો પણ ક્યાં રહ્યા ? આ પ્રમાણે પ્રતિવાદીની દલીલના ઉત્તરમાં ગ્રંથકાર કહે છે કે જનક હિંસક બની શકે જ નહિ.

જનક બે પ્રકારનો છે (૧) સંતાનનો જનક. (૨) ક્ષણિકનો=ક્ષણનો જનક. સંતાન એટલે ક્ષણપ્રવાહ.

ક્ષણિકવાદીના મતે દરેક ક્ષણે વસ્તુ નાશ પામે છે. પૂર્વ પૂર્વ ક્ષણે નાશ પામે છે, અને ઉત્તર ઉત્તર ક્ષણે તે જ પ્રકારની વસ્તુ ઉત્પન્ન થાય છે. આથી વસ્તુ ઉત્પન્ન થાય ત્યારથી આરંભી (સર્વથા) નાશ ન પામે ત્યાં સુધી (સમાન) ક્ષણપ્રવાહ ચાલ્યા કરે છે. એટલે પ્રત્યેક ક્ષણે નિરંતર સમાનરૂપે વસ્તુની ઉત્પત્તિ એ ક્ષણપ્રવાહ છે. વસ્તુ સર્વથા નાશ પામે ત્યારે ક્ષણપ્રવાહનો=સંતાનનો નાશ થાય છે. અને નવા ક્ષણપ્રવાહની=સંતાનની ઉત્પત્તિ થાય છે. દા.ત. હરણ જન્મ્યો ત્યારથી તે દરેક ક્ષણે નાશ પામે છે, અને સમાનરૂપે ઉત્પન્ન થાય છે. આથી હરણનો ક્ષણ પ્રવાહ=સંતાન ચાલે છે. બીજા શબ્દોમાં કહીએ તો હરણક્ષણનો=હરણરૂપ [1]ક્ષણનો પ્રવાહ ચાલે છે. હવે જ્યારે શિકારીએ હરણને મારી નાંખ્યો અને હરણ મરીને મનુષ્ય થયો ત્યારે હરણના ક્ષણપ્રવાહનો નાશ થયો અને મનુષ્યના ક્ષણપ્રવાહની ઉત્પત્તિ થઇ. કારણ કે પૂર્વે પ્રત્યેક ક્ષણે હરણરૂપે ઉત્પત્તિ થતી હતી એથી તે હરણનો ક્ષણપ્રવાહ હતો. મનુષ્ય થયા પછી પ્રત્યેક ક્ષણે મનુષ્યરૂપે ઉત્પત્તિ થાય છે. એથી મનુષ્યનો ક્ષણપ્રવાહ કહેવાય છે. અહીં શિકારી હરણના ક્ષણપ્રવાહનો=સંતાનનો નાશક અને મનુષ્યના ક્ષણપ્રવાહનો જનક છે. આથી શિકારી હિંસક (હરણના ક્ષણપ્રવાહનો નાશ કરનાર) છે.

આ પ્રમાણે ક્ષણપ્રવાહના જનકની વિચારણા કરી. હવે ક્ષણના જનકની વિચારણા કરીએ. ક્ષણિકવાદીના મતે દરેક વસ્તુ પ્રત્યેક ક્ષણે નાશ પામે છે. બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુનો પૂર્વ ક્ષણ નાશ પામે છે. અને ઉત્તર ક્ષણ ઉત્પન્ન થાય છે. આથી શિકારીના બાણથી હરણ મરીને મનુષ્ય થયો ત્યારે જેમ હરણના ક્ષણપ્રવાહનો નાશ થયો તેમ હરણના અંત્યક્ષણનો પણ નાશ થયો. અને મનુષ્યના ક્ષણની ઉત્પત્તિ થઇ. મનુષ્યક્ષણની ઉત્પત્તિમાં બે કારણ છે. એક શિકારી અને અન્ય હરણનો અંત્યક્ષણ. હરણનો અંત્યક્ષણ જ મનુષ્યક્ષણ રૂપ બની જાય છે. આથી મનુષ્યક્ષણની ઉત્પત્તિમાં હરણનો અંત્યક્ષણ પણ કારણ છે. જેમ માટી જ ઘટરૂપે બની જાય છે. એથી માટી પણ ઘટમાં કારણ છે [2]તેમ. આથી હરણનો અંત્યક્ષણ પણ મનુષ્ય ક્ષણનો જનક છે. હરણનો અંત્યક્ષણ મનુષ્ય ક્ષણરૂપે બને છે તેમાં શિકારી નિમિત્ત બને છે. માટે શિકારી પણ કારણ છે=મનુષ્યક્ષણનો જનક છે. જેમ માટી ઘટરૂપે બને છે તેમાં કુંભાર નિમિત્ત બનવાથી કુંભાર પણ કારણ છે=ઘટનો જનક છે [3]તેમ. આમ હરણનો અંત્યક્ષણ અને શિકારી એ બંને મનુષ્યક્ષણના જનક છે.

**હવે આપણે શ્લોકાર્થનું અવલોકન કરીએ—**

**શ્લોકાર્થ— ટીકાર્થ—** સંતાનભેદનો=ક્ષણપ્રવાહ વિશેષનો, અર્થાત્ મરાતા હરણક્ષણના સંતાનના ઉચ્છેદથી ઉત્પન્ન થનારા મનુષ્યાદિક્ષણસંતાનનો, જનક શિકારી વગેરે હિંસક ન બને. કારણ કે સંતાન=ક્ષણપ્રવાહ, સાંવૃત=કાલ્પનિક હોવાથી જન્ય જ નથી. જે વસ્તુ જન્ય જ ન હોય=ઉત્પન્ન થતી ન હોય તેનો જનક=ઉત્પન્ન કરનાર ક્યાંથી હોય ? હવે જો સંતાનનો જનક જ નથી તો સંતાનનો જનક હિંસક બને એ વાત જ ક્યાં રહે ?

૧. ક્ષણિકવાદીના મતે દરેક વસ્તુઓના ક્ષણે ક્ષણે નાશ અને જન્મ (ઉત્પત્તિ) થતાં હોવાથી વસ્તુને પણ ક્ષણ કહેવામાં આવે છે. જેમકે મનુષ્યક્ષણ, ઘટક્ષણ અથવા હરણનો ક્ષણ, મનુષ્યનો ક્ષણ એમ પણ કહેવાય છે.

૨. શાસ્ત્રીય પરિભાષામાં આને "ઉપાદાન" કારણ કહેવામાં આવે છે. હરણનો અંત્યક્ષણ મનુષ્યક્ષણનું ઉપાદાન કારણ છે. માટી ઘટનું ઉપાદાન કારણ છે.

૩. શાસ્ત્રીય પરિભાષામાં આને "નિમિત્ત" કારણ કહેવામાં આવે છે. શિકારી મનુષ્યનું અને કુંભાર ઘટનું નિમિત્ત કારણ છે.

અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે-જે જન્ય ન હોય તેનો જનક ન હોય, આકાશ કમળની જેમ. સંતાનભેદ અજન્ય છે. આથી તેનો જનક નથી. જનક ન હોવાથી હિંસક પણ નથી. સંતાનનું અજન્યત્વ અસિદ્ધ છે એમ ન કહેવું. કેમકે સંતાન કાલ્પનિક છે. જે કાલ્પનિક હોય તે અજન્ય હોય. આકાશકમળની જેમ. સંતાન કાલ્પનિક હોવાથી અજન્ય છે. સંતાન સંતાનીથી ભિન્ન છે કે અભિન્ન છે એ બે વિકલ્પોથી વિચારાતું સંતાન ઘટતું ન હોવાથી કાલ્પનિક છે. (૪)

**द्वितीयविकल्पदूषणायाह—**

## न च क्षणविशेषस्य, तेनैव व्यभिचारत: ।
## तथा च सोऽप्युपादान-भावेन जनको मत: ॥५॥

**वृत्ति:— 'न च'नापि, 'क्षणविशेषस्य' म्रियमाणसूकरादिक्षणानन्तरमुत्पित्सुमनुष्यादिलक्षणस्य, जनको हिंसक: भवेदिति वर्तते, कुत एतदित्याह- 'तेनैव' म्रियमाणहरिणादेरन्त्यक्षणेन, 'व्यभिचारतो' विसंवादात्, 'तथा च' इति व्यभिचारस्यैवोपदर्शनार्थ:, 'सोऽपि' यो म्रियमाणहरिणादेरन्त्य: क्षण: सोऽपि, न केवलं लुब्धकक्षण एव जनक इति योग:, कथं जनक इत्याह- 'उपादानभावेन' परिणामिकारणत्वेन, 'जनक' उत्पादक:, 'मत:' अभीष्ट, म्रियमाणान्त्यक्षणलुब्धकक्षणयोर्जनकत्वं प्रत्युपादानसहकारिभावकृत एव यदि परं विशेष इति भावना, एवं चोपादानक्षणस्यापि हिंसकत्वमासक्तमिति ॥५॥**

**બીજા વિકલ્પના દૂષણ માટે ગ્રંથકાર કહે છે—**

ક્ષણવિશેષનો = મરાતા ભૂંડાદિક્ષણ પછી તુરત ઉત્પન્ન થનારા મનુષ્યાદિક્ષણનો જનક હિંસક છે એમ પણ નહિ માની શકાય. કારણ કે મરાતા હરણનો અંત્યક્ષણ મનુષ્યક્ષણનો જનક હોવા છતાં હિંસક નથી. જેમ મનુષ્યક્ષણનો જનક શિકારી છે તેમ હરણાદિનો અંત્યક્ષણ પણ ઉપાદાનભાવથી ઉપાદાન કારણ રૂપે (પરિણામી કારણરૂપે) જનક છે. આ બેમાં ભેદ એટલો જ છે કે મરાતા હરણાદિ અંત્યક્ષણમાં ઉપાદાનભાવથી જનકત્વ છે અને શિકારી ક્ષણમાં સહકારી ભાવથી જનકત્વ છે. પણ હરણાદિ અંત્યક્ષણ હિંસક નથી. જનકને હિંસક માનવા જતાં ઉપાદાન ક્ષણને પણ હિંસક તરીકે માનવાની ફરજ પડે છે.

''હરણાદિનો અંત્યક્ષણ પણ'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ શિકારીક્ષણ જ જનક છે એમ નથી, કિંતુ મરાતા હરણાદિનો અંત્યક્ષણ પણ જનક છે. (૫)

**आसज्यतां नामोपादानक्षणस्य हिंसकत्वं का नो बाधेत्याशङ्क्याह—**

## तस्यापि हिंसकत्वेन, न कश्चित्स्यादहिंसक: ।
## जनकत्वाविशेषेण, नैवं तद्विरति: क्वचित् ॥६॥

**वृत्ति :— 'तस्यापि' म्रियमाणस्य हरिणादेरन्त्यक्षणस्यापि, आस्तां व्याधस्य, 'हिंसकत्वेन' व्यापादकत्वेन, 'न' नैव, 'कश्चित्' कोऽपि बोधिसत्त्वादिरपि, 'स्यात्' भवेत्, 'अहिंसक:' अव्यापादक:,**

कथमेतदित्याह- 'जनकत्वाविशेषेण' बुद्धादेर्लुब्धकादेश्च अनन्तरक्षणस्योत्पादकत्वेऽविशिष्टत्वात्, उपादान-सहकारिभावेन तयोर्यदि परं विशेषस्तत्र च यदि सहकारितयापि हिंसकत्वं तदोपादानभावेन सुतरां तद्भविष्यतीति, अथ भवतु नामाविशेषेण हिंसकत्वं को दोष इत्याशङ्क्याह- 'नैवं' नामुना प्रकारेणाविशेषेण जनकहिंसकत्वाभ्युपगमलक्षणेन, 'तद्विरतिः' हिंसानिवृत्तिः 'क्वचित्' देशान्तरे कालान्तरे पुरुषान्तरेऽवस्थान्तरे विषयान्तरे वेति ॥६॥

ઉપાદાનક્ષણ હિંસક થાઓ, એમાં અમને શી બાધા છે ? આવી આશંકા કરીને કહે છે—

**શ્લોકાર્થ— ટીકાર્થ—** ઉપાદાન ક્ષણને પણ હિંસક માનવામાં આવે તો કોઇપણ અહિંસક નહિ રહે. કારણ કે દરેક પદાર્થ અનંતર ક્ષણનો ઉપાદાન ક્ષણ બનતો હોવાથી જનકરૂપે સમાન છે. આ પ્રમાણે અમુક જ જનક હિંસક છે એમ વિશેષ વિના કોઇપણ જનક હિંસક છે એમ જનક સામાન્યને હિંસક તરીકે સ્વીકારવાથી, ક્યારે પણ, કોઇ પણ વ્યક્તિની, ક્યાંય પણ કોઇપણ અવસ્થામાં, હિંસાની નિવૃત્તિ નહિ[1] થાય. (૬)

**मा भूदहिंसा का नो हानिर्भविष्यतीति चेदत आह—**

**उपन्यासश्च शास्त्रेऽस्याः, कृतो यत्नेन चिन्त्यताम् ।**
**विषयोऽस्य यमासाद्य, हन्तैष सफलो भवेत् ॥७॥**

वृत्तिः— 'उपन्यासश्च' उपादानं पुनः, 'कृत' इति सम्बन्धः, यदि उपन्यासं नाकरिष्यत्तदा हानिरपि नाभविष्यदिति भावः, क्वासौ कृत इत्याह- 'शास्त्रे' सौगतशासने, यदाह-''सर्वे त्रसन्ति दण्डेन, सर्वेषां जीवितं प्रियम् । आत्मानमुपमां मत्वा, नैव हिंसेन् न घातयेत् ॥१॥'' 'अस्याः' अहिंसायाः, 'कृतो' विहितः, इत्यतो 'यत्नेन' आदरेण, 'चिन्त्यतां' पर्यालोच्यतां त्वया क्षणवादिना, कोसावित्याह- 'विषयो' गोचरः, 'अस्य' शास्त्रे अहिंसोपन्यासस्य, किम्भूतो विषयश्चिन्त्यताम्, 'यं' विषयम्, 'आसाद्य' प्राप्य, 'हन्त' इति प्रत्यवधारणार्थः कोमलामन्त्रणार्थो वा, 'एष' शास्त्रोपन्यासः, 'सफलः' सप्रयोजनः, 'भवेत्' जायेत इति ॥७॥

હવે અહિંસા ન થાઓ, અમારે શી હાનિ છે ? એમ કોઇ કહે, તેથી ગ્રંથકાર કહે છે—

**શ્લોકાર્થ—** શાસ્ત્રમાં અહિંસાનો ઉલ્લેખ કર્યો છે. શાસ્ત્રમાં કરેલા અહિંસા સંબંધી ઉલ્લેખના વિષયનો આદરપૂર્વક વિચાર કરો ! જેથી શાસ્ત્રમાં કરેલો અહિંસાનો ઉલ્લેખ સફળ=સાર્થક બને. (જો અહિંસાનો અભાવ જ હોય તો શાસ્ત્રમાં તેનો ઉલ્લેખ નિરર્થક બને.)

---

૧. દરેક વસ્તુ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે, અર્થાત્ પૂર્વ પૂર્વ ક્ષણ રૂપે નાશ પામે છે, અને ઉત્તર ઉત્તર ક્ષણ રૂપે ઉત્પન્ન થાય છે. એટલે કે પૂર્વ પૂર્વ ક્ષણ જ ઉત્તર ઉત્તર ક્ષણરૂપે બની જાય છે. આથી દરેક પ્રાણી (પૂર્વક્ષણ) પોતાના ઉત્તરક્ષણની ઉત્પત્તિમાં ઉપાદાન કારણ બનતો હોવાથી ઉપાદાન કારણ રૂપે સમાન જનક છે. શિકારી પણ પોતાના અનંતર ક્ષણનો જનક (ઉપાદાન કારણ) છે. હરણ પણ પોતાના અનંતર ક્ષણનો જનક છે. બુદ્ધ પણ પોતાના અનંતરક્ષણનો જનક છે. એમ દરેક પ્રાણી પ્રત્યેક ક્ષણે પોતાના અનંતર ક્ષણનો જનક બને છે. આથી જો ઉપાદાન ક્ષણને હિંસક માનવામાં આવે તો દરેક પ્રાણી પ્રત્યેક ક્ષણે હિંસક બનવાથી ક્યારે પણ કોઇપણ વ્યક્તિની ક્યાંય પણ કોઇપણ અવસ્થામાં હિંસાની નિવૃત્તિ નહિ થાય. આથી અહિંસાનું નામ નહિ રહે.

**ટીકાર્થ—** બૌદ્ધનાં શાસ્ત્રોમાં અહિંસાનો ઉલ્લેખ કર્યો છે. કહ્યું છે કે **"બધા જીવો દંડથી (=દંડપ્રહાર વગેરેથી) ત્રાસ પામે છે. બધા જીવોને જીવન પ્રિય છે. તેથી બધા જીવોને આત્મસમાન માનીને કોઇ જીવને હણવો ન જોઇએ, અને કોઇને હણાવવો ન જોઇએ. (૭)**

**अथ अहिंसाया अघटनेऽपि सत्यादीनि धर्मसाधनानि भविष्यन्तीत्याह—**

**अभावेऽस्या न युज्यन्ते, सत्यादीन्यपि तत्त्वतः ।**
**अस्याः संरक्षणार्थं तु, यदेतानि मुनिर्जगौ ॥८॥**

**वृत्तिः— 'अभावे' अविद्यमानत्वे, 'अस्या' अहिंसायाः, 'न युज्यन्ते' न घटन्ते 'सत्यादीन्यपि' मृषावादविरमणादीन्यपि, अहिंसा तावन्न युज्यत एव इत्यपिशब्दार्थः, 'तत्त्वतः' परमार्थतः, कुत एतदेव-मित्यत आह- 'अस्याः' अहिंसायाः, 'संरक्षणार्थं तु' परिपालनायैव, 'तुशब्द एवकारार्थः, 'यत्' यस्मात्, 'एतानि' सत्यादीनि, 'मुनिः' जगतो मन्ता जिनः, 'जगौ' गदितवान्, न हि सस्यादिपालनीयाभावे वृतौ विद्वान् यतत इति ॥८॥**

**॥ पञ्चदशाष्टकविवरणं समाप्तम् ॥१५॥**

**હવે અહિંસા ન ઘટવા છતાં સત્ય વગેરે ધર્મસાધનો થશે એમ કોઇ કહે, તેથી ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** અહિંસાના અભાવે સત્ય આદિ ધર્મસાધનો પણ પરમાર્થથી ન ઘટે. કારણ કે મુનિએ=જિનોએ અહિંસાના રક્ષણ માટે જ સત્યાદિ ધર્મસાધનો કહ્યાં છે. (જો અહિંસા જ ન હોય તો પછી એના રક્ષણનાં સાધનોની પણ શી જરૂર ? શું ધાન્ય વગરના ખેતરમાં વાડ કરવાની જરૂર છે ? નહિ જ.)

**ટીકાર્થ—** "ધર્મસાધનો પણ" એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-અહિંસા તો નથી જ ઘટતી, સત્ય વગેરે ધર્મસાધનો પણ ઘટતાં નથી.

**મુનિ—** જગતને (જગત જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે) જાણે તે મુનિ. જિન જગતને જાણે છે. માટે મુનિ એટલે જિન.

જિનોએ અહિંસાના રક્ષણ માટે સત્યાદિ ધર્મસાધનો કહ્યાં છે. જો અહિંસા જ ન હોય તો પછી એના રક્ષણ માટે સાધનોની પણ શી જરૂર ? વિદ્વાન માણસ ખેતરમાં રક્ષણ કરવા યોગ્ય ધાન્ય વગેરે ન હોય તો વાડ કરવામાં પ્રયત્ન ન કરે. (૮)

## પંદરમા એકાંતઅનિત્યપક્ષખંડન નામના અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥१६॥ अथ षोडशं नित्यानित्यपक्षमण्डनाष्टकम् ॥

यद्येकान्तेन नित्येऽनित्ये वाऽऽत्मनि हिंसादयो न घटन्ते तर्हि क्व घटन्त इत्यत आह–

**नित्यानित्ये तथा देहाद्, भिन्नाभिन्ने च तत्त्वतः ।**
**घटन्त आत्मनि न्याया-द्धिंसादीन्यविरोधतः ॥१॥**

वृत्तिः— नित्यश्चासावनित्यश्चेति नित्यानित्यः, तत्र 'नित्यानित्ये' 'आत्मनि' अभ्युपगम्यमाने, हिंसादीनि घटन्त इति सम्बन्धः । न हि एकान्तेन नित्यमनित्यं वा वस्तु किमपि कस्यापि कार्यस्य करणक्षमम्, तथाहि- मृत्पिण्डस्य कार्यं घटो न भवति, एकरूपत्वेनानतिक्रान्तमृत्पिण्डभावत्वात्, मृत्पिण्डवत्, मृत्पिण्डत्वातिक्रमे चानित्यत्वप्राप्तेः, तथा मृत्पिण्डस्य कार्यं घटो न भवति, सर्वथैवानुगमाभावेनानतिक्रान्तमृत्पिण्डत्वलक्षणपर्यायत्वात्, पटवत्, मृत्पिण्डत्वलक्षणपर्यायातिक्रमाभ्युपगमे चानुयायित्वेन नित्यानित्यत्वं वस्तुनः स्यादिति । आह च-''घटः कार्यं न पिण्डस्य, पिण्डभावानतिक्रमात् । पिण्डवत्पटवच्चेति, स्यात् क्षयित्वादिरन्यथा ॥१॥'' तदेवं नित्यानित्यमेव वस्तु कार्यकरणक्षममिति । ननु नित्यानित्यत्वधर्मयोर्विरुद्धत्वात्कथमेकाधिकरणत्वम् । अत्रोच्यते- यथा ज्ञानस्य भ्रान्तत्वाभ्रान्तत्वे परमार्थसंव्यवहारापेक्षया न विरुद्धे एवं द्रव्यतो नित्यत्वं पर्यायतश्चानित्यत्वं न विरुद्धम्, न च द्रव्यपर्याययोः परस्परं भेदः, यतः यदेव वस्त्वनपेक्षितविशिष्टरूपं द्रव्यमिति व्यपदिश्यते तदेवापेक्षितविशिष्टरूपं पर्याय इति । 'तथा' इति वाक्यान्तरोपक्षेपार्थः, 'देहात्' शरीरात्, किमित्याह- 'भिन्नः' व्यतिरिक्तः स चासावभिन्नश्चाव्यतिरेकी 'भिन्नाभिन्नस्तत्र,' भिन्नाभिन्न एव च जीवः शरीरात्, तथैवोपलभ्यमानत्वात् । तथाहि- जीवस्यामूर्तत्वाद्देहस्य च मूर्तत्वान्मूर्तामूर्तयोश्चात्यन्तविलक्षणत्वादभेदस्तयोः, देहस्य स्पर्शने च जीवस्य वेदनोत्पत्तेरभेदश्चेति, ॥ आह च- ''जीवसरीराणं पि हु, भेयाभेओ तहोवलम्भाओ । मुत्तामुत्तत्तणओ, छिक्कंमि य वेयणाओ य[१३] ॥१॥'' सर्वथा भेदे हि शरीरकृतकर्मणो भवान्तरेऽनुभवानुपपत्तिः 'स्यात्' अभेदे च परलोकहानिः शरीरनाशे जीवनाशादिति । 'चशब्दः' अनुक्तसमुच्चये । ततश्च सदसती इत्याद्यपि द्रष्टव्यम् । आह च- 'संतस्स सरूवेणं, पररूवेणं तहा असंतस्स । हंदि विसिट्ठत्तणओ, होंति विसिट्ठा सुहाईया[१४] ॥१॥'' विशिष्टाः प्रतिप्राणिवेद्याः । 'तत्त्वत' इति परमार्थतो नित्यानित्यादौ, न पुनः कल्पनया, पारमार्थिकत्वं च नित्यानित्यत्वादीनां दर्शितमेव । 'घटन्ते' युज्यन्ते । 'आत्मनि' जीवे । 'न्यायात्' परिणामिस्वरूपस्यात्मनोऽपरापरपर्यायसंपदुपपत्तिलक्षणया नीत्या । 'हिंसादीनि' आश्रवसंवरबन्धमोक्षसुखादीनि । कथमित्याह- 'अविरोधतः' अविरोधेन, एकान्तपक्षे ये हिंसादिष्वभ्युपगम्यमानेषु विरोधा दर्शितास्तत्परिहारेणेति भाव इति ॥१॥

## સોળમું નિત્યાનિત્યપક્ષમંડન અષ્ટક

(આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય તથા સર્વગત માનવાથી હિંસા આદિની તાત્ત્વિક ઉપપત્તિ થતી

---

१३. जीवशरीरयोरपि खलु भेदाभेदस्तथोपलम्भात् । मूर्तामूर्तत्वतः स्पर्शे च वेदनातश्च ॥१॥

१४. सतः स्वरूपेण पररूपेण तथाऽसतः हंदि । विशिष्टत्वाद्भवन्ति विशिष्टाः सुखादिकाः ॥१॥

નથી એમ સિદ્ધ કર્યું છે. હવે આ અષ્ટકમાં આત્માને નિત્યાનિત્ય માનવાથી હિંસા આદિની તાત્ત્વિક ઉપપત્તિ કેવી રીતે થાય છે એ બતાવીને આત્માના નિત્યાનિત્યત્વની સિદ્ધિ તથા આત્માને દેહ પ્રમાણ માનવાથી થતા લાભો બતાવવામાં આવ્યા છે.)

**જો એકાંતે નિત્ય કે અનિત્ય આત્મામાં હિંસા વગેરે ઘટતા નથી, તો ક્યાં ઘટે ? એવો પ્રશ્ન કોઇ કરે, આથી ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** નિત્યાનિત્ય અને શરીરથી ભિન્નાભિન્ન આત્મામાં કોઇ પણ જાતના વિરોધ વિના ન્યાયપૂર્વક પરમાર્થથી હિંસા આદિ ઘટે છે. (૧)

**ટીકાર્થ—** એકાંતે નિત્ય કે અનિત્ય વસ્તુ કોઇપણ કાર્યનું કંઇપણ કરવા સમર્થ નથી. તે આ પ્રમાણે- ઘટ મૃત્પિંડનું કાર્ય નથી, એકરૂપ હોવાથી મૃત્પિંડભાવમાં પરિવર્તન થયું નથી, મૃત્પિંડની જેમ. હવે જો મૃત્પિંડ-ભાવમાં ફેરફાર થાય તો અનિત્યત્વની પ્રાપ્તિ થાય. તથા ઘટ મૃત્પિંડનું કાર્ય નથી, સર્વથા (દ્રવ્યના) અનુગમનો (=અનુસરણનો) અભાવ હોવાથી મૃત્પિંડત્વરૂપ પર્યાયમાં પરિવર્તન થયું ન હોવાથી, પટની જેમ.

જો મૃત્પિંડત્વરૂપ પર્યાયમાં પરિવર્તન સ્વીકારવામાં આવે તો પર્યાય પરિવર્તનમાં વસ્તુનું અનુસરણ થવાથી નિત્યાનિત્યત્વની સિદ્ધિ થાય. કહ્યું છે કે-**"ઘટ મૃત્પિંડનું કાર્ય નથી. મૃત્પિંડભાવમાં પરિવર્તન ન થવાથી, (વિદ્યમાન) મૃત્પિંડની જેમ અને પટની જેમ. (અર્થાત્ જેમ વિદ્યમાન મૃત્પિંડનું કાર્ય ઘટ નથી, અને પટ પણ મૃત્પિંડનું કાર્ય નથી. તેમ ઘટ પણ મૃત્પિંડનું કાર્ય નથી.) અન્યથા=મૃત્પિંડમાં પરિવર્તન સ્વીકારવામાં આવે તો (ક્ષયિત્વાદિ:) અનિત્યતા વગેરેની પ્રાપ્તિ થાય."**

(જ્યારે મૃત્પિંડમાંથી ઘડો બને છે ત્યારે મૃત્તિકાનો મૃત્પિંડ અને ઘટ એ બંનેમાં અનુગમ (=અનુસરણ કે સંબંધ) હોય છે. અહીં મૃત્તિકાનો મૃત્પિંડપર્યાય નાશ પામે છે અને ઘટપર્યાય ઉત્પન્ન થાય છે. પણ બંનેમાં મૃત્તિકાનું અનુસરણ (=સંબંધ) એકસરખું હોય છે. પણ પદાર્થને એકાંતે નિત્ય માનવામાં આવે તો મૃત્પિંડ કાયમ મૃત્પિંડ રૂપે જ રહે અને તેથી તેમાંથી ઘટ ન બને. માટે અહીં નિત્યપક્ષમાં ઘટ મૃત્પિંડનું કાર્ય છે એ સિદ્ધ થતું નથી તે અનુમાન પ્રયોગથી જણાવ્યું છે.)

આ પ્રમાણે નિત્યાનિત્ય જ વસ્તુ કાર્ય કરવા માટે સમર્થ છે.

**પ્રશ્ન—** નિત્યાનિત્યત્વ ધર્મ વિરુદ્ધ હોવાથી એક જ વસ્તુમાં કેવી રીતે રહી શકે ?

**ઉત્તર—** જેવી રીતે જ્ઞાન ભ્રાન્ત પણ છે, અભ્રાન્ત પણ છે, અર્થાત્ એક જ જ્ઞાનમાં ભ્રાન્તત્વ અને અભ્રાન્તત્વ પારમાર્થિક સમ્યક્વ્યવહારની અપેક્ષાએ વિરુદ્ધ નથી. તેમ દ્રવ્યની અપેક્ષાએ નિત્યત્વ અને પર્યાયની અપેક્ષાએ અનિત્યત્વ વિરુદ્ધ નથી.

તથા દ્રવ્યમાં અને પર્યાયમાં પરસ્પરભેદ (=ભિન્નતા) નથી. કારણ કે જે વસ્તુ વિશિષ્ટ સ્વરૂપની અપેક્ષા ન કરવામાં આવે ત્યારે "દ્રવ્ય" એમ કહેવાય છે, તે જ વસ્તુ વિશિષ્ટ સ્વરૂપની અપેક્ષા કરવામાં આવે ત્યારે "પર્યાય" એમ કહેવાય છે.

તથા આત્મા શરીરથી ભિન્ન (=જુદો છે) અને અભિન્ન (=એકરૂપ) પણ છે. જીવ શરીરથી ભિન્નાભિન્ન

જ છે. કેમકે તે પ્રમાણે જ જોવામાં આવે છે (=અનુભવ થાય છે.) તે આ પ્રમાણે-જીવ અમૂર્ત્ત (=અરૂપી) છે અને શરીર મૂર્ત છે, મૂર્ત અને અમૂર્ત એ બંને અત્યંત વિલક્ષણ (ભિન્ન) હોવાથી શરીર અને આત્મામાં ભેદ છે. તથા શરીરને સ્પર્શ થતાં અનુભવ જીવને થાય છે માટે તે બેમાં અભેદ છે. કહ્યું છે કે—**જીવ અને શરીરમાં પણ ભેદાભેદ છે, અર્થાત્ જીવ અને શરીર કથંચિત્ ભિન્ન=જુદા છે, અને કથંચિત્ અભિન્ન=એક પણ છે. કારણ કે તે પ્રમાણે અનુભવ થાય છે. શરીર મૂર્ત છે અને જીવ અમૂર્ત છે. હવે જો બંને સર્વથા જુદા હોય તો વિરોધી એ બેનો યોગ કેવી રીતે થાય ? ન થાય. તથા શરીરને સ્પર્શ થતાં તેનો અનુભવ આત્માને થાય છે. જો શરીર અને આત્મા તદન જુદા જ હોય તો શરીરને સ્પર્શ થતાં આત્માને તેનો અનુભવ ન થાય. કેવલ અમૂર્ત આત્માને સ્પર્શ થઇ શકે નહીં. આથી સિદ્ધ થાય છે કે શરીર અને આત્મા કથંચિત્ અભિન્ન છે=એક છે.** (પંચવસ્તુક-૧૦૯૫)

જો એ બંનેમાં સર્વથા ભેદ હોય તો શરીરથી કરાયેલ કર્મનો ભવાંતરમાં અનુભવ (=ફળ) ન ઘટે. સર્વથા અભેદમાં પરલોકનો અભાવ થાય. કારણ કે શરીરનો નાશ થતાં આત્માનો નાશ થાય. તેથી સદ્-અસદ્ વગેરે વિષે પણ જાણવું. અર્થાત્ આત્મા સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે વગેરે જાણવું. કહ્યું છે કે—

જીવ સ્વરૂપથી (=સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી) સત્ છે, પરરૂપથી (=પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવથી) અસત્ છે, અર્થાત્ અન્ય (ઘટાદિ)ની અપેક્ષાએ સ્વરૂપથી (=જીવત્વથી) જ અસત્ છે.

સ્વનું સત્ત્વ એ જ પરનું અસત્વ છે એમ ન માની શકાય. કારણ કે સ્વનું સત્ત્વ એ જ પરનું અસત્ત્વ છે એનો અર્થ એ થયો કે જેમ સ્વદ્રવ્યાદિથી સ્વનું સત્ત્વ છે તેમ સ્વદ્રવ્યાદિથી જ પરનું અસત્ત્વ પણ છે. આથી સત્ત્વ અને અસત્ત્વ એ બંનેનું નિમિત્ત અભિન્ન=એક જ થયું. અભિન્ન નિમિત્તમાં (એક નિમિત્તમાં) બેની પ્રતીતિ ન થાય. આથી અભિન્ન નિમિત્તમાં સત્ત્વ અને અસત્ત્વનો વિરોધ હોવાથી સ્વસત્ત્વ એ જ અન્યાસત્ત્વ એમ ન માની શકાય. તે આ પ્રમાણે—

સત્ત્વ એ જ અસત્ત્વ એવી માન્યતા [1]વ્યાઘાતવાળી (=વાંધાવાળી) છે. (**न च तत् तत्र नास्ति=**) વસ્તુમાં અસત્ત્વ નથી એમ નથી, અર્થાત્ વસ્તુમાં અસત્ત્વ છે. હવે જો વસ્તુમાં અલગ અસત્ત્વ નથી કિંતુ સત્ત્વ એ જ અસત્ત્વ છે એમ માનવામાં આવે તો અસત્ત્વનો અભાવ થઇ જાય. જ્યારે વસ્તુમાં (પરદ્રવ્યાદિથી) અસત્ત્વ છે. (**स्वसत्त्ववदसत्त्वे तत्सत्त्वप्रसङ्गाद्=**) કદાચ તમે એમ કહેશો કે જે રીતે વસ્તુમાં સત્ત્વ છે તે રીતે અસત્ત્વ પણ છે, તો (**तत्सत्त्वप्रसङ्गात्=**) વસ્તુમાં અસત્ત્વના સત્ત્વનો પણ પ્રસંગ આવે, અર્થાત્ વસ્તુમાં જેમ સ્વદ્રવ્યાદિથી સત્ત્વ છે તેમ સ્વદ્રવ્યાદિથી જ અસત્ત્વ પણ રહે. પૂર્વે કહ્યું તેમ આમાં વિરોધ છે. અથવા **स्वसत्त्ववदसत्त्वे तत्सत्त्वप्रसङ्गात्** એ પંક્તિનો અર્થ આ પ્રમાણે છે- **स्वसत्त्ववति वस्तुनि (असत्त्वस्य) असत्त्वे अविद्यमाने तत्सत्त्वप्रसङ्गात् तस्य वस्तुनः केवलसद्रूपताप्रसङ्गात्=**કદાચ તમે એમ કહેશો કે સ્વસત્ત્વવાળી વસ્તુમાં અસત્ત્વ નથી, તો એનો અર્થ એ થયો કે વસ્તુમાં કેવલ સદ્રૂપતા છે, અર્થાત્ વસ્તુ કેવલ સત્ છે, અસત્ નથી. કેવલ સત્ વસ્તુમાં પૂર્વે કહ્યું તેમ સુખ વગેરે અને બંધ વગેરે ભાવો ન ઘટે.

---

૧. **यद् यथा साधितं केनाऽप्यपरेण तदन्यथा । तथैव यद् विधीयेत, स व्याघात इति स्मृतः ॥ (काव्यप्रकाश)**
**ભાવાર્થ—** કોઇએ કોઇ સિદ્ધાંતને યુક્તિઓથી સિદ્ધ કર્યો હોય, બીજો પુરુષ તે જ સિદ્ધાંતને યુક્તિઓથી બીજી રીતે સિદ્ધ કરે તેને વ્યાઘાત કહેવામાં આવે છે.

**(इति पररूपासत्त्वधर्मकं=)** આથી પરરૂપથી (પરદ્રવ્યાદિથી) જે અસત્ત્વધર્મ, તે અસત્ત્વધર્મથી વિશિષ્ટ જે સ્વરૂપસત્ત્વ, તે સ્વરૂપસત્ત્વ વિશિષ્ટ બને છે, અર્થાત્ પરદ્રવ્યાદિથી રહેલા અસત્ત્વથી વિશિષ્ટ જે સ્વરૂપસત્ત્વ એ વસ્તુમાં વિશિષ્ટતા છે. અન્યથા=પરદ્રવ્યાદિથી રહેલા અસત્ત્વથી વિશિષ્ટ સ્વરૂપ સત્ત્વ વિના, વસ્તુમાં વિશિષ્ટતા આવતી નથી.

**(विशिष्टत्वादुक्तेन...=)** સ્વસંવેદ્ય સુખ-દુ:ખાદિ અને બંધ વગેરે ભાવો ઉક્ત રીતે વિશિષ્ટતાથી (=વિશેષતાથી) વિશિષ્ટ બને છે. (પંચ વસ્તુક-૧૦૮૩)

**કોઇ જાતના વિરોધ વિના**— એકાંત પક્ષમાં હિંસાદિનો સ્વીકાર કરવામાં જે વિરોધો બતાવ્યા તે વિરોધોના ત્યાગથી હિંસા આદિ ઘટે છે.

**ન્યાયપૂર્વક**— પરિણામી સ્વરૂપ આત્માને અન્ય અન્ય પર્યાયની પ્રાપ્તિ ઘટી શકે એ ન્યાયપૂર્વક.

**પરમાર્થથી**— નિત્યાનિત્ય વગેરે પક્ષમાં હિંસાદિ પરમાર્થથી ઘટે છે, નહિ કે કલ્પનાથી. નિત્યાનિત્ય વગેરે પક્ષમાં હિંસા વગેરે પરમાર્થથી ઘટે છે એ વિગત પૂર્વે બતાવી જ છે.

"**હિંસા આદિ**" એ સ્થળે "આદિ" શબ્દથી આશ્રવ, સંવર, બંધ, મોક્ષ વગેરે સમજવું. (૧)

**आत्मनः परिणामित्वे हिंसाया अविरोधदर्शनायाह—**

**पीडाकर्तृत्वयोगेन, देहव्यापत्त्यपेक्षया ।**
**तथा हन्मीतिसङ्क्लेशा-द्धिंसैषा सनिबन्धना ॥२॥**

**वृत्तिः— पीडा दुःखवेदना, तस्याः कर्ता विधाता, तद्भावः पीडाकर्तृत्वं, तस्य तेन वा योगः सम्बन्धस्तेन 'पीडाकर्तृत्वयोगेन', तथा देहस्य शरीरस्य व्यापत्तिर्विनाशो देहव्यापत्तिस्तस्या अपेक्षा निश्रा देहव्यापत्त्यपेक्षा तया 'तथा' इति निबन्धनान्तरसमुच्चये, 'हन्मि' मारयामि प्राणिनमित्येवंरूपात्, 'सङ्क्लेशात्' चित्तकालुष्यात्, 'हिंसा' प्राणव्यपरोपणा, या परिणामवादिभिरभ्युपगतेति गम्यम्, 'एषा' इयं हिंसा, 'सनिबन्धना' सनिमित्ता । परिणामवादे हि पीडकस्य पीडनीयस्य च परिणामित्वात् पीडाकर्तृत्वमुपपद्यते देहविनाशसङ्क्लेशौ च, एकान्तवादे तु पीडाकर्तृत्वादीनां पूर्वोक्तन्यायेनायुज्यमानत्वात् हिंसा निर्निबन्धनेति, यच्चोच्यते नाशहेतुना देहाद्भिन्नो नाशः क्रियते अभिन्नो वा, यदि भिन्नस्तदा देहस्य तादवस्थ्यं स्यात्, अथ अभिन्नस्तदा देह एव कृतो भवतीति, तदयुक्तम्, अभिन्ननाशकरणे हि वस्तु नाशितमेव भवति न कृतम्, यथाऽभिन्नोत्पादकरणे उत्पादितमेव भवतीति । अनेन च श्लोकेन स्थानान्तरप्रसिद्धस्त्रिविधो वधो निर्दिष्टः । तथा च, "तप्पज्जायविणासो, दुक्खुप्पाओ य संकिलेसो य । एस वहो जिणभणिओ, वज्जेयव्वो पयत्तेणं[१५] ॥२॥"**

**આત્મા પરિણામી હોય તો હિંસા ઘટવામાં કોઇ વિરોધ નથી એ બતાવવા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— પીડા ઉત્પન્ન કરવાથી, દેહનો નાશ કરવાથી, અને હું જીવને મારું એવા પ્રકારની ચિત્ત-

१५. तत्पर्यायविनाशो दुःखोत्पादश्च संक्लेशश्च । एष वधो जिनभणितो वर्जयितव्यः प्रयत्नेन ॥१॥

કલુષિતતાથી હિંસા થાય. આ હિંસા સહેતુક છે=હેતુ રહિત નથી. (૨)

**ટીકાર્થ**— પરિણામવાદમાં પીડા કરનાર અને જેને પીડા કરવાની હોય તે બંને પરિણામી હોવાથી પીડા કરવાનું ઘટી શકે છે. દેહવિનાશ અને સંક્લેશ પણ ઘટી શકે છે. એકાંતવાદમાં તો પૂર્વોક્ત ન્યાયથી પીડા કરવી વિગેરે ઘટી શકતું ન હોવાથી હિંસા હેતુ રહિત બને.

**પૂર્વપક્ષ**— નાશના (=હિંસાના) હેતુથી કરાતો નાશ દેહથી ભિન્ન કરાય છે કે અભિન્ન કરાય છે ? જો ભિન્ન કરાય છે તો શરીર તે પ્રમાણે જ રહે. જો અભિન્ન કરાય છે તો દેહ જ કરાયેલો થાય.

**ઉત્તર પક્ષ**— તમારું કથન બરોબર નથી. અભિન્ન નાશ કરવામાં તો વસ્તુ નાશિત (=નાશ કરાયેલી) જ થાય છે. નહિ કે કરેલી. જેમકે-અભિન્ન ઉત્પત્તિ કરવામાં વસ્તુ ઉત્પાદિત (=ઉત્પન્ન કરાયેલી) જ થાય છે.

આ શ્લોકથી અન્ય સ્થળે પ્રસિદ્ધ ત્રણ પ્રકારનો વધ અહીં જણાવ્યો છે. કહ્યું છે કે-"**તેના (=જીવના) પર્યાયનો નાશ કરવો, જીવને પીડા કરવી, અને હું બીજાને મારું એ પ્રમાણે ચિત્તમાં સંક્લેશ થવો એમ ત્રણ પ્રકારે જિને હિંસા કહી છે. જિનોક્ત આ હિંસા પ્રયત્ન પૂર્વક ત્યાગ કરવા યોગ્ય છે.**" (૨)

**ननु अस्माद् घातकान्मरणमनेन देहिना प्राप्तव्यमित्येवंफलात् स्वकृतकर्मणो वशाद्धिंसा भवति अन्यथा वा, यदि आद्यः पक्षस्तदा हिंसकस्याहिंसकत्वमेव स्वकर्मकृतत्वात् हिंसायाः, पुरुषान्तरकृतहिंसायामिव, तथा कर्मनिर्जराहेतुत्वेन हिंसकस्य वैयावृत्त्यकरस्येव कर्मक्षयावाप्तिलक्षणो गुणः स्यात्, अथ अन्यथेति पक्षस्तदा निर्विशेषत्वात्सर्वं हिंसनीयं स्यात्, तथा स्वर्गसुखादयोऽपि स्वकृतकर्मानापादिता एव स्युरिति कर्माभ्युपगमोऽनर्थक इत्येवमार्हतानामपि हिंसाया असम्भव एवेत्याशङ्क्याह—**

**हिंस्यकर्मविपाकेऽपि, निमित्तत्वनियोगतः ।**
**हिंसकस्य भवेदेषा, दुष्टा दुष्टानुबन्धतः ॥३॥**

**वृत्तिः— हिंस्यते मार्यते इति हिंस्यस्तस्य यत्कर्म तस्य विपाक उदयो 'हिंस्यकर्मविपाकः' तत्रापि, हिंस्यकर्मविपाकरूपत्वेऽपि हिंसायां, आस्तां हिंस्यकर्मविपाकाभावकल्पनायाम्, 'निमित्तत्वस्य' निमित्तकारणभावस्य, 'नियोगो'ऽवश्यंभावो निमित्तत्वनियोगः तस्मात् 'निमित्तत्वनियोगतः,' 'हिंसकस्य' व्यापादकस्य, 'भवेत्' जायेत, 'एषा' हिंसा । अयमभिप्रायः-यद्यपि प्रधानहेतुभावेन कर्मोदयाद्धिंस्यस्य हिंसा भवति, तथापि हिंसकस्य तस्यां निमित्तभावेनोपयुज्यमानत्वात्तस्यासौ भवतीत्युच्यते, न च वाच्यं हिंस्यकर्मणैव हिंसकस्य हिंसायां प्रेरितत्वात्तस्य न दोष इति, अभिमरादेः परप्रेरितस्यापि लोके दोषदर्शनादिति । ननु यदि निमित्तभावेऽपि हिंसा स्यादितीष्यते तदा वैद्यानामपि तत्प्रसङ्गः, सत्यम्, केवलं सा तेषां न दुष्टा, अदुष्टाभिसंधित्वात्, एतदेवास्यातिरेकेणाह, 'दुष्टा' दोषवती, कर्मबन्धनिबन्धनत्वात्, 'दुष्टानुबन्धतो' दुष्टचित्ताभिसन्धेः, भवति । यदाह-"जो उ पमत्तो पुरिसो, तस्स उ जोगं पडुच्च जे सत्ता । वावज्जन्ती नियमा,**

**तेसिं सो हिंसओ होई[१६] ॥१॥'' न शुभाभिसन्धेः । यदाह-''जा जयमाणस्स भवे, विराहणा सुत्तविहि-समग्गस्स । सा होइ निज्जरफला, अज्झत्थविसोहिजुत्तस्स[१७] ॥२॥ एतेन च यदुक्तं वैयावृत्त्यकरस्येव हिंसकस्य कर्मनिर्जरणसहायत्वान्निर्जरालाभ इति, तदपि परिहृतम्, यतो न 'हिंसको' वैयावृत्त्यकरवत् शुभाभिसन्धिः, शेषं त्वभ्युपगमान्निरस्तमिति । अधिकृतश्लोकार्थसंवादिनी चेयं गाथा- ''नियकयकम्मुव-भोगे वि, संकिलेसो धुवं वहंतस्स । तत्तो बन्धो तं खलु, तव्विरईए विवज्जन्ति[१८] ॥३॥'' ॥३॥**

**આ ઘાતકથી આ જીવ વડે મરણ પ્રાપ્ત કરવા યોગ્ય છે એવા ફળવાળા સ્વકૃતકર્મના કારણે હિંસા થાય છે કે બીજી રીતે ? જો પ્રથમ પક્ષ માન્ય છે તો હિંસક અહિંસક જ રહે, કારણકે હિંસા સ્વકૃતકર્મે કરી છે. અન્યપુરુષે કરેલી હિંસાની જેમ, અર્થાત્ ચૈત્ર હિંસા કરે તો એ હિંસા મૈત્રે કરેલી નથી. તથા હિંસક કર્મનિર્જરાનું કારણ બનવાથી વૈયાવૃત્ત્યકરની જેમ હિંસકે કર્મક્ષય પ્રાપ્તિરૂપ ગુણ કર્યો ગણાય. હવે ''બીજી રીતે'' એવો બીજો પક્ષ માન્ય છે તો કોઇ વિશેષ (=ભેદ) ન હોવાથી સઘળા જીવો મારવા યોગ્ય થાય. તથા સ્વર્ગસુખ વગેરે પણ સ્વકૃતકર્મથી જ મેળવેલા ન થાય. એથી કર્મનો સ્વીકાર નિરર્થક જ બને. આ પ્રમાણે જૈનોની હિંસાનો પણ સંભવ જ નથી. આવા પ્રકારની આશંકા કરીને ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** હિંસ્ય જીવના કર્મવિપાકથી હિંસા થતી હોવા છતાં મારનાર તેમાં નિમિત્ત બનતો હોવાથી તેને હિંસા લાગે=હિંસાનું પાપ લાગે. હિંસા કરવામાં દુષ્ટ આશય થતો હોવાથી આ હિંસા દુષ્ટ છે. (૩)

**ટીકાર્થ—** જો કે હિંસ્યની હિંસા થાય છે તેમાં પ્રધાન હેતુ તેનો કર્મોદય છે. તો પણ હિંસક નિમિત્ત-ભાવથી તેમાં ઉપયોગી બનતો હોવાથી (=સહાયક હોવાથી) એને હિંસા લાગે.

**પૂર્વપક્ષ—** હિંસ્યના કર્મે જ હિંસકને હિંસા કરવા પ્રર્યો હોવાથી તેનો દોષ નથી.

**ઉત્તરપક્ષ—** લોકમાં પરની પ્રેરણાથી પણ ઘાત કરનારનો દોષ જોવામાં આવે છે.

**પૂર્વપક્ષ—** જો નિમિત્તભાવમાં પણ (=હિંસામાં નિમિત્ત બનવાથી પણ) હિંસા લાગે તો વૈદ્યોને પણ હિંસાની પ્રાપ્તિ થાય.

**ઉત્તરપક્ષ—** તમારી વાત સાચી છે. પણ વૈદ્યોની હિંસા દુષ્ટ નથી. કેમકે તેમનો આશય દુષ્ટ નથી.

આ જ વિષયને વિપરીતથી ગ્રંથકાર કહે છે-ચિત્તના દુષ્ટ આશયના કારણે થતી હિંસા કર્મબંધનું કારણ હોવાથી દુષ્ટ છે. કહ્યું છે કે-**''જે પુરુષ પ્રમાદી છે તેના કાય વગેરે યોગોથી જે જીવો મરાય છે તેમનો તે પ્રમાદી પુરુષ નિયમા હિંસક છે.** ''(ઓઘનિર્યુક્તિ-૭૫૩) **શુભ આશયથી હિંસા ન થાય. કહ્યું છે કે-'' વિશુદ્ધ ભાવવાળા અને યતનામાં તત્પર ગીતાર્થને જે વિરાધના થાય તે નિર્જરા રૂપ ફળવાળી થાય છે=એક સમયે બાંધેલું કર્મ બીજા સમયે ખપાવી નાંખે છે.''** (ઓઘ નિર્યુક્તિ-૭૬૦, પિંડનિર્યુક્તિ-૬૭૧)

આનાથી પૂર્વે વેયાવચ્ચ કરનારની જેમ હિંસક કર્મનિર્જરામાં સહાયક હોવાથી હિંસકને નિર્જરાનો લાભ

१६. यस्तु प्रमत्तः पुरुषस्तस्य तु योगं प्रतीत्य ये सत्त्वाः । व्यापद्यन्ते नियमात्तेषां स हिंसको भवति ॥१॥

१७. या यतमानस्य भवेद्विराधना सूत्रविधिसमग्रस्य । सा भवति निर्जराफला, अध्यात्मविशुद्धियुक्तस्य ॥२॥

१८. निजकृतकर्मोपभोगेऽपि संक्लेशो ध्रुवं वधतः । ततो बन्धस्तं खलु तद्विरत्या विवर्जन्ति ॥३॥

થાય એમ જે કહ્યું હતું તેનું પણ ખંડન કર્યું. કારણ કે હિંસક વેયાવચ્ચ કરનારની જેમ શુભ આશયવાળો નથી. બીજા પક્ષનું તો સ્વીકાર કરવાથી (=અશુભ આશયથી હિંસા થાય એમ સ્વીકાર કરવાથી) નિરાકરણ કર્યું જ છે.

પ્રસ્તુત (મૂળ ગ્રંથના) શ્લોકના અર્થની સાથે સંવાદવાળી ગાથા આ છે-**"મરતી વખતે મરનાર જીવના પોતપોતના પૂર્વકૃત કર્મનો ભોગવટો હોવા છતાં મારતી વખતે મારનારના અવશ્ય સંક્લિષ્ટ પરિણામ હોય છે. સંક્લિષ્ટ પરિણામથી કર્મબંધ થાય છે. કર્મબંધ ન થાય તે માટે વધવિરતિ અવશ્ય કરવી જોઇએ."** (શ્રાવક પ્રજ્ઞપ્તિ-૨૧૩) (૩)

**एवं परिणामिन्यात्मनि हिंसायाः सम्भवमाविर्भाव्याहिंसायास्तमाह—**

**ततः सदुपदेशादेः, क्लिष्टकर्मवियोगतः ।**
**शुभभावानुबन्धेन, हन्तास्या विरतिर्भवेत् ॥४॥**

**वृत्तिः— यतः परिणामिन्यात्मनि सति हिंसा घटते ततस्तस्माद्धिंसाघटनात्, 'अस्या विरतिर्भवेदिति योगः' 'सतां' ज्ञानगुरूणां जिनादीनां, 'उपदेशो' हिंसाहिंसयोः स्वरूपफलादिप्रतिपादनं 'सदुपदेशः', सतां वा भावनामुपदेशः, सन् वा शोभन उपदेशः, सा आदिर्यस्य स तथा तस्मात्, आदिशब्दात् ज्ञानश्रद्धानपरिग्रहोऽभ्युत्थानादिपरिग्रहो वा । आह च-''अब्भुट्ठाणे विणए, परक्कमे साहुसेवणाए य । सम्मद्दंसणलंभो, विरयाविरई य विरई य[९९] ॥१॥'' तथा क्लिष्टकर्मणां दीर्घस्थितिकज्ञानावरणादीनां वियोगः क्षयोपशमस्तस्मात् 'क्लिष्टकर्मवियोगतः' । आह च-''सत्तण्हं पयडीणं, अब्भिंतरओ उ कोडिकोडीए । काऊण सागराणं, जइ लहइ चउण्हमन्नयरम्[१००] ॥२॥'' 'शुभभावानुबन्धेन' प्रशस्ताध्यवसायाव्यवच्छेदेन इत्येवंकारणरम्परया, 'हन्त' इति प्रत्यवधारणार्थः कोमलामन्त्रणार्थो वा, 'अस्याः' परिणाम्यात्महिंसायाः, 'विरति' निवृत्तिः, 'भवेत्' जायते घटत इत्यर्थ इति ॥४॥**

**પરિણામી આત્મામાં હિંસાના સંભવને પ્રગટ કરીને હવે અહિંસાના સંભવને કહે છે—**

**શ્લોકાર્થ—** પરિણામી આત્મામાં હિંસા ઘટવાથી, સદ્દુપદેશ આદિ દ્વારા અશુભકર્મોનો વિયોગ(=ક્ષયોપશમ) થવાથી તથા શુભ અધ્યવસાયની પરંપરા થવાથી હિંસાથી નિવૃત્તિ થાય-ઘટે. (૪)

**ટીકાર્થ— સદ્દુપદેશ આદિથી—** હિંસા-અહિંસાનું સ્વરૂપ સમજાવવું અને તેના ફળનું પ્રતિપાદન કરવું એ સદ્દુપદેશ છે. આદિ શબ્દથી જ્ઞાન-શ્રદ્ધાનું ગ્રહણ કરવું, અથવા અભ્યુત્થાન આદિનું ગ્રહણ કરવું. કહ્યું છે કે-**"સાધુઓ પધારે ત્યારે ઊભા થવું, તેમનો વિનય કરવો. પરાક્રમ (=કષાયજય) કરવો, સાધુની સેવા કરવી વગેરેથી સમ્યગ્દર્શન, દેશવિરતિ કે સર્વવિરતિનો લાભ થાય છે."** (આવશ્યક નિર્યુક્તિ-૮૪૮)

તથા દીર્ઘસ્થિતિવાળા જ્ઞાનાવિરણીય આદિ કર્મોના વિયોગથી=ક્ષયોપશમથી હિંસાથી નિવૃત્તિ થાય. કહ્યું છે કે-**આયુષ્ય સિવાય સાત કર્મોની સ્થિતિ એક કોડાકોડિ સાગરોપમથી (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ**

૯૯. अभ्युत्थाने विनये पराक्रमे साधुसेवनायां च । सम्यग्दर्शनलाभो विरताविरतेश्च विरतेश्च ॥१॥

१००. सप्तानां प्रकृतीनामभ्यन्तरतस्तु कोटिकोट्याः । कृत्वा सागराणां यदि लभते चतुर्णामन्यतरत् ॥१॥

જેટલી) ન્યૂન થાય ત્યારે જીવ ચાર (શ્રુત-સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિ) સામાયિકમાંથી કોઇપણ એક સામાયિકને પામે છે. (વિશેષાવશ્યક-૧૧૯૩) (૪)

ततः किं जातमित्याह—

**अहिंसैषा मता मुख्या, स्वर्गमोक्षप्रसाधनी ।**
**एतत्संरक्षणार्थं च, न्याय्यं सत्यादिपालनम् ॥५॥**

वृत्तिः— 'अहिंसा' अव्यापादनम्, 'एषा' अनन्तरोक्तोपपत्तिका हिंसाविरतिः, 'मता' इष्टा विदुषाम्, 'मुख्या' निरुपचरिता, इयं च प्रासङ्गिकप्रधानफलापेक्षया क्रमेण 'स्वर्गमोक्षप्रसाधनी' देवलोकनिर्वाणहेतुभूता । अथैतस्या एव स्वर्गादिसाधनत्वात् किं सत्यादिपालनेनेत्याशङ्क्याह- 'एतत्संरक्षणार्थं' अनन्तरोदिताहिंसाव्रतपरित्राणार्थम्, 'चशब्दः' पुनरर्थोऽवधारणार्थो वा, 'न्याय्यं' न्यायादनपेतं उपपन्नमित्यर्थः, 'सत्यादिपालनं' मृषावादादिनिवृत्तिनिर्वाहणम्, अहिंसासस्यसंरक्षणे वृत्तिकल्पत्वात्सत्यादिव्रतानामिति ॥५॥

**તેથી શું થયું તે કહે છે—**

**શ્લોકાર્થ—** સ્વર્ગ-મોક્ષનું કારણ એવી આ પારમાર્થિક અહિંસા વિદ્વાનોને ઇષ્ટ છે. અહિંસાના રક્ષણ માટે સત્યાદિનું પાલન નીતિથી યુક્ત છે. (૫)

**ટીકાર્થ— સ્વર્ગ-મોક્ષનું કારણ—** અહિંસા પ્રાસંગિક ફળની અપેક્ષાએ સ્વર્ગનું અને મુખ્યફળની અપેક્ષાએ મોક્ષનું કારણ છે.

**અહિંસાના રક્ષણ માટે સત્યાદિનું પાલન નીતિથી યુક્ત છે—** કારણ કે અહિંસારૂપ ધાન્યના રક્ષણ માટે સત્યાદિવ્રતો વાડ સમાન છે. (૫)

**अथ पूर्वोक्तस्यात्मनो नित्यानित्यत्वस्य देहाद्भिन्नाभिन्नत्वस्य च साधने प्रमाणोपदर्शनायाह—**

**स्मरणप्रत्यभिज्ञान-देहसंस्पर्शवेदनात् ।**
**अस्य नित्यादिसिद्धिश्च, तथा लोकप्रसिद्धितः ॥६॥**

वृत्तिः— 'स्मरणं' पूर्वोपलब्धार्थानुस्मृतिः, 'प्रत्यभिज्ञानं' सोऽयमित्येवंरूपः प्रत्यवमर्शः, तथा 'देहस्य' शरीरस्य, 'संस्पर्शो' वस्त्वन्तरेण स्पर्शनं तस्य, वेदनं अनुभवनम्, देहसंस्पर्शेन वा वेदनं स्पर्शनीयवस्तुपरिज्ञानं देहसंस्पर्शवेदनमिति, पदत्रयस्यास्य समाहारद्वन्द्वः तस्मात्, 'अस्य' आत्मनः, 'नित्यादिसिद्धिः' नित्यानित्यत्वदेहाद्भिन्नाभिन्नत्वप्रतिष्ठा, 'चशब्दः' पुनःशब्दार्थः, नित्यानित्यत्वादिविशेषणे आत्मनि अहिंसादिसिद्धिः नित्यानित्यत्वादिसिद्धिः पुनः स्मरणादेरिति भावः । प्रयोगश्चात्र, नित्यानित्य आत्मा,

स्वयंनिहितद्रव्यादिसंस्मरणान्यथानुपपत्तेः । तथाहि न तावदेकान्तनित्ये स्मरणसम्भवः, तस्यैकरूपतयानुभवस्यैव स्पष्टरूपेणानुवर्तनादितरथा नित्यताहानेः, नापि अनित्यत्वे स्मरणसम्भवोऽनुभवकालानन्तरक्षण एव कर्तुर्विनष्टत्वात्कस्य स्मरणमस्तु, न हि अन्येनानुभूतमन्यः स्मरति । अथानुभवक्षणसंस्कारात्तथाविधः स्मरणक्षणः समुत्पद्यते, नैवम्, यतोऽनुगमलेशेनापि विवर्जितानामत्यन्तविलक्षणानामतिक्रमे जायमानस्य स्मरणक्षणस्य पूर्वकालीनानुभवक्षणसंस्कारो यदि परं श्रद्धानगम्यो न युक्तिप्रत्याय्यः, प्राक्तनानुभवक्षणस्य चिरतरनष्टत्वादपान्तरालक्षणेषु च संस्कारलेशस्याप्यनुपलब्धेः, सहसैवानन्तरक्षणविलक्षणस्मरणक्षणोत्पादोपलब्धेरिति । परिणामपक्षे तु प्राक्तनानुभवक्षणेनाहितसंस्कारानुगमवत्तत्क्षणप्रवाहरूपान्नानाविधधर्मसमुदयस्वभावात्मनः सकाशात्स्मरणक्षणोत्पादो युक्तियुक्त इति । न च वाच्यमपान्तरालक्षणेष्वनुभवसंस्कारो नोपलभ्यत इति कथं तत्सत्तेति, निर्बीजत्वेन स्मरणस्यानुपपत्तिप्रसङ्गात् इति । तथा नित्यानित्य आत्मा, प्रत्यभिज्ञानान्यथानुपपत्तेः, तथाहि, एकान्तनित्यत्वेऽनुभवस्य च साक्षादनुवृत्तेर्न प्रत्यभिज्ञानसम्भवः, अनित्यत्वे तु अनित्यत्वादेव पूर्वद्रष्टुः पूर्वदृष्टवस्तुनश्च नष्टत्वादपूर्वयोश्चोत्पन्नत्वान्न प्रत्यभिज्ञानसम्भवः, न चादृष्टवतोऽदृष्टे प्रत्यभिज्ञानमस्ति तथा अप्रतीतेरिति, अथ ब्रूषे लूनपुनर्जातकेशादिष्वपि प्रत्यभिज्ञानमस्तीति ग्राह्यं प्रति तस्य व्यभिचारित्वेनाप्रमाणतया सर्वत्राप्रामाण्यम्, नैवम्, प्रत्यक्षस्यापि क्वचिद् व्यभिचारात् सर्वत्राप्रामाण्यप्रसङ्गादिति । तथा देहाद्भिन्नाभिन्न आत्मा, स्पर्शवेदनान्यथानुपपत्तेः, तथाहि, यद्यसौ देहाद्भिन्नो भवेत् तदा देहन स्पृष्टस्य वस्तुनो न संवेदनं स्यात्, देवदत्तस्पृष्टवस्तुन इव यज्ञदत्तस्य, नाप्यभिन्नो देहमात्रत्वेन तस्य परलोकाभावप्रसङ्गात्, अवयवान्तरहानौ चैतन्यहानिप्रसङ्गाच्चेति । 'तथा' इति समुच्चये, 'लोकप्रसिद्धितो' जनप्रतीतेर्नित्यानित्यमात्मादि वस्त्विति गम्यते, यतस्तदेव वस्त्वेवं परिणतमिति वदन् वस्तुत्वाविच्छित्तिमवस्थान्तरापत्तिं च प्रतिपद्यमानो जनो लक्ष्यते, न च लोकप्रतीतिविरुद्धमर्थमुपकल्पयत्प्रमाणं प्रमाणतामासादयतीति ॥६॥

હવે પૂર્વોક્ત આત્માના નિત્યાનિત્યત્વ અને દેહથી ભિન્નાભિન્નત્વને સિદ્ધ કરવામાં પ્રમાણ બતાવવા માટે કહે છે—

**શ્લોકાર્થ—** [1]સ્મરણ, [2]પ્રત્યભિજ્ઞાન, [3]દેહસંસ્પર્શવેદન, અને [4]લોકપ્રસિદ્ધિથી આત્માના નિત્યાનિત્યત્વધર્મની અને દેહથી ભિન્નાભિન્નત્વધર્મની સિદ્ધિ થાય છે. (૬)

**ટીકાર્થ—** નિત્યાનિત્યત્વાદિથી વિશિષ્ટ આત્મામાં અહિંસાદિની સિદ્ધિ થાય છે. અને નિત્યાનિત્યત્વાદિની સિદ્ધિ સ્મરણ આદિથી થાય છે. અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે-

(૧) આત્મા નિત્યાનિત્ય છે, કારણ કે અન્યથા પોતે મૂકેલાં દ્રવ્યનું સંસ્મરણ ઘટે નહિ. તે આ પ્રમાણે- જો આત્મા એકાંતે નિત્ય હોય તો એકરૂપે જ રહેવાથી કેવળ અનુભવ જ થાય, સ્મૃતિ ન થાય. સ્મૃતિ થાય તો એકરૂપે ન રહે. સ્મૃતિમાં અનુભવાત્મક પર્યાયનો ત્યાગ અને સ્મૃત્યાત્મક પર્યાયની ઉત્પત્તિ થતી હોવાથી આત્માના પર્યાયનું પરાવર્તન થાય છે. આત્મા એકરૂપે રહેતો નથી. આથી આત્માને એકાંતે નિત્ય માનવામાં સ્મૃતિ ન ઘટે.

તથા એકાંતે અનિત્ય આત્મામાં પણ સ્મરણ ન ઘટે. કારણ કે અનુભવ કાળની અનંતર ક્ષણમાં જ

અનુભવ કરનાર નાશ પામે છે. તેથી કોને સ્મરણ થાય ? અન્યે જે અનુભવેલું હોય તેનું બીજો સ્મરણ ન કરે.

**પૂર્વપક્ષ**— અનુભવક્ષણસંસ્કારથી તેવા પ્રકારનો સ્મરણક્ષણ ઉત્પન્ન થાય છે.

**ઉત્તરપક્ષ**— એ પ્રમાણે નથી. કારણ કે અનુભવો અનુગમ (અન્વય)ના લેશથી પણ રહિત છે. અને અત્યંત વિલક્ષણ છે. જો આવા અનુભવો પસાર થઇ ગયા પછી ઉત્પન્ન થતી સ્મરણક્ષણમાં પૂર્વકાલીન અનુભવ ક્ષણનો સંસ્કાર છે તો એ વાત શ્રદ્ધાથી ભલે જાણી શકાય, પણ યુક્તિથી જાણી શકાય તેવી નથી. કારણ કે પૂર્વકાલીન અનુભવક્ષણ ઘણા વખત પહેલાં નાશ પામી છે અને વચલી (=અનુભવ અને સ્મરણની વચ્ચેની) ક્ષણોમાં સંસ્કારનો અંશ પણ જણાતો નથી. તથા સહસા જ અનંતરક્ષણથી વિલક્ષણ એવા સ્મરણક્ષણની ઉત્પત્તિ જોવામાં આવે છે.

પરિણામપક્ષમાં તો આત્મા પૂર્વકાલીન અનુભવક્ષણે જે સંસ્કાર મૂક્યો તે સંસ્કારના અન્વયવાળા અનુભવક્ષણના પ્રવાહરૂપ છે, અને વિવિધ ધર્મના સમુદાય સ્વરૂપ છે. આવા આત્માથી સ્મરણક્ષણની ઉત્પત્તિ યુક્તિયુક્ત છે.

**પૂર્વપક્ષ**— વચ્ચેની (અનુભવ-સ્મૃતિ એ બેની વચલી) ક્ષણોમાં અનુભવનો સંસ્કાર જોવામાં આવતો નથી. એથી અનુભવના સંસ્કારની સત્તા કેવી રીતે હોય ?

**ઉત્તરપક્ષ**— જો વચ્ચેની ક્ષણોમાં અનુભવનો સંસ્કાર જોવામાં ન આવવાથી, ન માનવામાં આવે તો સ્મૃતિ કારણ વિના જ થઇ એમ માનવું પડે. કારણ વિના સ્મૃતિ ઘટી શકે નહિ. (માટે ન દેખાવા છતાં અનુમાન પ્રમાણથી અનુભવસંસ્કાર સિદ્ધ થઇ શકે છે)

(૨) તથા આત્મા નિત્યાનિત્ય છે (સાધ્ય). કારણ કે આત્મા નિત્યાનિત્ય ન હોય તો પ્રત્યભિજ્ઞાન ન ઘટી શકે (હેતુ). તે આ પ્રમાણે-એકાંત નિત્યત્વ પક્ષમાં સાક્ષાત્ કેવળ અનુભવ જ ઘટે. પ્રત્યભિજ્ઞાન ન ઘટે. (જો પ્રત્યાભિજ્ઞાન થાય તો આત્મા એક સ્વરૂપ ન રહ્યો. પહેલાં અનુભવ સ્વરૂપ હતો, પછી પ્રત્યભિજ્ઞાન સ્વરૂપ થયો. આમ આત્મા એક સ્વરૂપ ન રહ્યો. કોઇ વસ્તુને જોયા પછી કાલાંતરે એ જ વસ્તુને જોઇને "આ તે જ છે" (જે પૂર્વે મેં જોઇ હતી) એવું જ્ઞાન પ્રત્યભિજ્ઞાન છે.)

અનિત્યપક્ષમાં તો અનિત્ય હોવાથી જ પૂર્વે જોનાર અને પૂર્વે જોયેલી વસ્તુ એ બંનેનો નાશ થવાથી અને અપૂર્વ તે બેની ઉત્પત્તિ થવાથી પ્રત્યભિજ્ઞાનનો સંભવ નથી. જેણે વસ્તુ જોઇ નથી તેને અદૃષ્ટ વસ્તુ સંબંધી પ્રત્યભિજ્ઞાન ન થાય. કારણ કે તેવી પ્રતીતિ થતી નથી.

**પૂર્વપક્ષ**— કાપ્યા પછી ઉગેલા કેશ વગેરેમાં પણ આ તે જ વાળ છે એવું પ્રત્યભિજ્ઞાન થાય છે. આથી પ્રત્યભિજ્ઞાન જ્ઞેય વસ્તુ પ્રત્યે વ્યભિચારી છે. (ફરી ઉગેલા વાળમાં "આ તે જ વાળ છે" એવું પ્રત્યભિજ્ઞાન થાય છે. પણ તે જ વાળ નથી. ફરી ઉગેલા બીજા વાળ છે. આથી ફરી ઉગેલા વાળને જોઇને થતું પ્રત્યભિજ્ઞાન વ્યભિચારી છે.) વ્યભિચારી હોવાથી પ્રત્યભિજ્ઞાન અપ્રમાણ બને. એક સ્થળે અપ્રમાણ બનવાથી બધા સ્થળે અપ્રમાણ બને.

**ઉત્તરપક્ષ**— એ પ્રમાણે નથી. જો કોઇ સ્થળે અપ્રમાણ બને તેના કારણે બધા સ્થળે અપ્રમાણ માનવામાં આવે તો પ્રત્યક્ષજ્ઞાન પણ ક્યાંય વ્યભિચારી બનતું હોવાથી સર્વ સ્થળે તેના અપ્રામાણ્યનો પ્રસંગ આવે.

(૩) તથા આત્મા દેહથી ભિન્નભિન્ન છે (સાધ્ય). કારણ કે આત્માને દેહથી ભિન્નાભિન્ન માન્યા વિના સ્પર્શનો અનુભવ ઘટી શકે નહિ (હેતુ). તે આ પ્રમાણે-જો આત્મા દેહથી તદ્દન ભિન્ન હોય તો દેહવડે સ્પર્શાયેલી વસ્તુનો આત્માને અનુભવ ન થાય. દેવદત્ત વડે સ્પર્શાયેલી વસ્તુનો યજ્ઞદત્તને અનુભવ થતો નથી તેમ.

આત્મા દેહથી અભિન્ન પણ નથી. જો સર્વથા અભિન્ન માનવામાં આવે તો આત્મા માત્ર દેહપ્રમાણ હોવાથી પરલોકના અભાવનો પ્રસંગ આવે, અને કોઇ પણ અવયવની હાનિ થતાં ચૈતન્યની હાનિનો પ્રસંગ આવે. (શરીરના હાથ વગેરે કોઇપણ એક અવયવની હાનિ થતાં ચૈતન્યની હાનિ થતી નથી.)

(૪) તથા લોકપ્રતીતિના કારણે આત્મા વગેરે વસ્તુ નિત્યાનિત્ય છે. કારણ કે "તે જ વસ્તુ આ રીતે પરિણામ પામી છે" એમ બોલતો લોક વસ્તુને આશ્રયીને અવસ્થાંતરની પ્રાપ્તિને સ્વીકારતો જોવાય છે. લોકપ્રતીતિથી વિરુદ્ધ પદાર્થની કલ્પના કરતું પ્રમાણ પ્રમાણતાને પામતું નથી=પ્રમાણ બનતું નથી.

આ મારું શરીર છે એવી લોકવાણીથી આત્મા શરીરથી (કથંચિત્) જુદો છે તથા હું નિરોગી છું ઇત્યાદિ લોકવાણીથી આત્મા શરીરથી (કથંચિત્) અભિન્ન છે એની સિદ્ધિ થાય છે. આમ લોકપ્રસિદ્ધિથી પણ આત્માના નિત્યાનિત્યત્વાદિ ધર્મોની સિદ્ધિ થાય છે. (૬)

**आत्मनो विभुत्वे पूर्वं दोष उक्तोऽथासर्वगतत्वेऽस्य गुणमाह–**

**देहमात्रे च सत्यस्मिन्, स्यात्सङ्कोचादिधर्मिणि ।**
**धर्मादेरूर्ध्वगत्यादि, यथार्थं सर्वमेव तु ॥७॥**

**वृत्तिः– देह एव शरीरमेव मात्रा परिमाणं यस्य स देहमात्रस्तस्मिन् 'देहमात्रे', देहमात्रता चास्य देह एव तद्गुणोपलब्धेः । 'चशब्दः' पुनरर्थः, नित्यानित्यादिधर्म्मके आत्मनि हिंसादिरुपपद्यते, देहमात्रे पुनः, 'सति' भवति, 'अस्मिन्' आत्मनि, 'स्यात्' भवेत्, 'सर्वं यथार्थम्' इति सम्बन्धः, किम्भूते तत्र, 'सङ्कोचादिः' सङ्कोचनादिरादिशब्दात् प्रसरणं धर्मः स्वभावो यस्य स तथा तस्मिन्, सङ्कोचादिधर्मत्वं चास्य सूक्ष्मेतरशरीरव्याप्तेः, किं तत्स्यादित्याह- धर्मादेरूर्ध्वगत्यादि', ''धर्मेण गमनमूर्ध्वं, गमनमधस्ताद्भवत्यधर्मेण । ज्ञानेन चापवर्गः (र्गो विपर्ययादिष्यते सर्गः) ॥१॥ इत्यादिकं, वचनमिति गम्यते, 'यथार्थं' निरुपचरितम्, 'सर्वमेव', निरवशेषमेव, तुशब्दः' पूरण इति ॥७॥**

**આત્મા વિભુ હોય તો પૂર્વે દોષ કહ્યો હતો. હવે આત્મા અસર્વગત હોય તો ગુણને કહે છે—**

**શ્લોકાર્થ—** આત્મા દેહપ્રમાણ અને સંકોચ- વિકાશશીલ હોય તો ધર્મથી ઊર્ધ્વગતિ વગેરે બધું ય યથાર્થ સિદ્ધ થાય. (૭)

**ટીકાર્થ—** શ્લોકમાં **ચ** શબ્દ વિશેષ બતાવવા માટે છે. તે આ પ્રમાણે- નિત્યાનિત્યત્વાદિ ધર્મવાળા આત્મામાં હિંસાદિ ઘટે છે અને દેહ પ્રમાણ સંકોચ- વિકાશશીલ આત્મામાં ધર્મથી ઊર્ધ્વગતિ વગેરે બધું ય યથાર્થ સિદ્ધ થાય.

પૂર્વે (અ. ૧૪-શ્લો ૬માં) કહ્યું છે કે-"**ધર્મથી આત્મા ઊંચે જાય, અધર્મથી અધોગતિમાં જાય, જ્ઞાનથી**

**મોક્ષ થાય અને વિપર્યયથી (=અજ્ઞાનથી) બંધ થાય.''** આત્માને વિભુ માનવાથી આ શાસ્ત્રવચન ઉપચારથી સિદ્ધ થાય, પણ દેહપ્રમાણ અને સંકોચ- વિકાશશીલ માનવાથી યથાર્થ=નિરુપચરિત સિદ્ધ થાય.

આત્મા સંકોચ-વિકાશશીલ છે. કારણ કે સૂક્ષ્મ અને સ્થૂલ શરીર જ્યાં હોય ત્યાં જ આત્મા હોય છે. (કાર્મણ શરીર સૂક્ષ્મ છે અને ઔદારિક વગેરે શરીર સ્થૂલ છે.) (૭)

**उपसंहरन्नाह—**

**विचार्यमेतत्सद्बुद्ध्या, मध्यस्थेनान्तरात्मना ।**

**प्रतिपत्तव्यमेवेति, न खल्वन्यः सतां नयः ॥८॥**

**वृत्तिः-'विचार्यं' विचारणीयम्, 'एतत्' यत् अनन्तरमहिंसादि विचारितं सर्वमेव, 'सद्बुद्ध्या' शोभनप्रज्ञया, 'मध्यस्थेन' अपक्षपतितेन, 'अन्तरात्मना' जीवेन मनसा वा, न केवलं विचार्यं तथा 'प्रतिपत्तव्यमेव' न तु न स्वीकर्तव्यम्, 'इतिशब्दो' विवक्षितार्थपरिसमाप्तौ, अथ कस्मात्प्रतिपत्तव्यमेवेत्याह- 'न खलु' नैव, 'अन्य' उक्तनयविलक्षणः, 'सतां' सत्पुरुषाणां, 'नयो' न्याय इति ॥८॥**

**॥ षोडशाष्टकविवरणं समाप्तम् ॥१६॥**

**ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ—** અહીં અહિંસા આદિ જે વિચારવામાં આવ્યું, એની જીવે મધ્યસ્થ બનીને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારણા કરવી જોઇએ, અને તેનો (=વિચારણાથી જે સત્ય સિદ્ધ થાય તેનો) સ્વીકાર કરવો જ જોઇએ. કારણ કે વિચારણા કરતાં જે વસ્તુ સત્ય સિદ્ધ થાય તેનો સ્વીકાર કરવા સિવાય બીજી કોઇ સત્પુરુષોની નીતિ નથી. (૮)

**સોળમા નિત્યાનિત્યપક્ષમંડન અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥१७॥ अथ सप्तदशं मांसभक्षणदूषणाष्टकम् ॥

**धर्मवादमुपदर्शयता सूरिणा यथा हिंसादीनि तत्तत्तन्त्रव्यपेक्षया युज्यन्ते न युज्यन्ते च तथा विचारितम्, अथ मांसभक्षणादिकं हिंसादिनिवृत्तैरपि कुतीर्थिकैरदोषतयाभ्युपगतं तत्तत्तन्त्रव्यपेक्षया धर्मवादोपदर्शनार्थमेव विचारयितुमुपक्रमते, तत्र मांसभक्षणमधिकृत्य तावदाह—**

**भक्षणीयं सता मांसं, प्राण्यङ्गत्वेन हेतुना ।**

**ओदनादिवदित्येवं, कश्चिदाहातितार्किकः ॥१॥**

**वृत्तिः— 'भक्षणीयं' भोक्तव्यम्, 'सता' विदुषा, 'मांसं' पिशितम्, इति प्रतिज्ञा, केन हेतुनेत्याह- 'प्राण्यङ्गत्वेन हेतुना' जीवावयवत्वाद्धेतोः, 'ओदनादिवद्' इति भक्तप्रभृतिकं यथा, इति अन्वयदृष्टान्तः,**

'इतिशब्द:' प्रयोगार्थसमाप्तौ । प्रयोगश्चैवम्- यद्यत्प्राण्यङ्गं तत्तद्भक्ष्यं दृष्टम्, ओदनवत्, प्राण्यङ्गं च मांसमिति, मांसस्य च प्राण्यङ्गतया प्रत्यक्षसिद्धत्वान्नासिद्धो हेतु:, ओदनस्य चैकेन्द्रियप्राण्यङ्गत्वेन प्रतीतत्वान्न हेतुविकलो दृष्टान्त: । 'एवं' इत्यनन्तरोक्तप्रकारेण, 'कश्चित्' कोऽपि, सौगत इत्यर्थ:, अतिशयवांस्तार्किक: प्रामाणिकोऽ'तितार्किक' इति उपहासवचनम्, प्राय: शुष्कतर्कप्रधानत्वात्तस्य, अधिकृतप्रमाणस्य वा प्रमाणाभासत्वादिति ॥१॥

## સત્તરમું માંસભક્ષણ દૂષણ અષ્ટક

(બૌદ્ધો માંસને ભક્ષ્ય માને છે. આ અષ્ટકમાં માંસ ભક્ષ્ય છે એવી બૌદ્ધોની દલીલોનું યુક્તિપૂર્વક ખંડન કરીને માંસ અભક્ષ્ય છે એમ સિદ્ધ કરવામાં આવ્યું છે.)

**ધર્મવાદને બતાવતા સૂરિએ હિંસા વગેરે તે તે શાસ્ત્રની અપેક્ષાએ જે રીતે ઘટે છે અને જે રીતે નથી ઘટતા એમ વિચાર્યું. હવે હિંસાદિથી નિવૃત્ત થયેલા પણ કુતીર્થિકો માંસભક્ષણ આદિને નિર્દોષ માને છે. આથી તે તે શાસ્ત્રની અપેક્ષાએ ધર્મવાદ બતાવવા માટે જ ગ્રંથકાર આ વિષયને વિચારવાનું શરૂ કરે છે. તેમાં માંસભક્ષણને આશ્રયીને કહે છે—**

**શ્લોકાર્થ—** માંસ ભાત વગેરેની જેમ પ્રાણીનું અંગ હોવાથી વિદ્વાનોને માંસ ભક્ષ્ય છે એમ અતિતાર્કિક કોઇક કહે છે.

**ટીકાર્થ—** અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે-જે જે પ્રાણીનું અંગ હોય તે તે ભક્ષ્ય છે એમ જોવાયું છે, ભાતની જેમ. માંસ પ્રાણીનું અંગ છે. માંસ પ્રાણીના અંગ તરીકે પ્રત્યક્ષ સિદ્ધ હોવાથી હેતુ અસિદ્ધ નથી. (હેતુ પક્ષમાં ન રહે તો સ્વરૂપાસિદ્ધ બને. પક્ષમાં અસિદ્ધ=અવિદ્યમાન હેતુ સાધ્યને સિદ્ધ ન કરી શકે. માટે અનુમાનમાં જણાવેલ હેતુ પક્ષમાં રહેવો જરૂરી છે. પ્રસ્તુતમાં પ્રાણ્યંગત્વ હેતુ છે અને તે પક્ષભૂત માંસમાં રહેલ છે. માટે હેતુમાં સ્વરૂપાસિદ્ધિ દોષ લાગતો નથી.) ભાત એકેન્દ્રિયજીવના અંગ તરીકે પ્રસિદ્ધ હોવાથી દૃષ્ટાંત હેતુથી રહિત નથી. અર્થાત્ દૃષ્ટાંતમાં હેતુવિકલતા દોષ લાગતો નથી.

**કોઇક**=બૌદ્ધ.

**અતિતાર્કિક—** અતિ એટલે અતિશયવાળો. તાર્કિક એટલે પ્રામાણિક. અતિશયવાળો પ્રામાણિક તે અતિતાર્કિક. અહીં અતિતાર્કિક શબ્દનો પ્રયોગ ઉપહાસમાં (દોઢ ડાહ્યા અર્થમાં) કરવામાં આવ્યો છે. કારણ કે તે પ્રાય: શુષ્કતર્કની પ્રધાનતાવાળો છે. અથવા પ્રસ્તુત પ્રમાણ પ્રમાણાભાસ છે. (૧)

**शुष्कतार्किकतां चास्य पूर्वपक्षदूषणत आह—**

**भक्ष्याभक्ष्यव्यवस्थेह, शास्त्रलोकनिबन्धना ।**
**सर्वैव भावतो यस्मात्, तस्मादेतदसाम्प्रतम् ॥२॥**

वृत्ति:— ननु भक्षणीयं मांसं प्राण्यङ्गत्वादित्येतत् स्वतन्त्रसाधनं प्रसङ्गसाधनं वा । स्वतन्त्रसाधनपक्षे ओदनादिवदित्ययं साधनविकलो दृष्टान्त:, वनस्पत्याद्येकेन्द्रियाणां बौद्धस्य प्राणित्वेनासिद्धत्वात्, ततश्च

दृष्टान्ते प्राण्यङ्गत्त्वलक्षणसाधनस्य भक्ष्यत्वलक्षणसाध्येन व्याप्तत्वासिद्धेरसिद्धान्वयाभिधानोऽनैकान्तिको हेतुः । प्रसङ्गसाधनपक्षे त्विदमुच्यते, 'भक्ष्यं' भक्षणीयमोदनादि, 'अभक्ष्यं' मधुमांसपलाण्डुवादि, तयो 'र्व्यवस्था' मर्यादा, 'भक्ष्याभक्ष्यव्यवस्था', उपलक्षणत्वादस्य पेयापेयगम्यागम्यादिपरिग्रहः, 'इह' अस्मिल्लोके, 'शास्त्रं' आप्तवचनम्, 'लोको' लोकव्यवहारः, तौ 'निबन्धनं' हेतुर्यस्याः सा तथा, न तु प्राण्यङ्गेतरमात्रनिबन्धना, 'सर्वैव' निरवशेषैव, न तु काचिदेव, 'भावतः' पारमार्थ्येन, 'यस्मात्' कारणात्, 'तस्मात्' 'एतत्' अनन्तरोक्तं भक्षणीयं सता मांसमित्यादिसाधनम् 'असाम्प्रतं' अयुक्तमिति ।।२।।

**એના (=બૌદ્ધના) શુષ્ક તાર્કિકપણાને પૂર્વ પક્ષમાં દૂષણ બતાવવા દ્વારા કહે છે—**

**શ્લોકાર્થ—** લોકમાં શું ભક્ષ્ય છે અને શું અભક્ષ્ય છે એવી સઘળીય વ્યવસ્થા પરમાર્થથી શાસ્ત્ર અને લોકના કારણે (=આધારે) છે. આથી માંસ પ્રાણીનું અંગ છે માટે ભક્ષ્ય છે એમ કહેવું અયુક્ત છે. (૨)

**ટીકાર્થ—** માંસ ભક્ષ્ય છે (સાધ્ય). કેમકે પ્રાણીનું અંગ છે (હેતુ). જો આ અનુમાન [1]સ્વતંત્રસાધન હોય તો દૃષ્ટાંતભૂત ભાત સાધનવિકલ છે, અર્થાત્ ભાતમાં પ્રાણ્યંગત્વરૂપ હેતુ રહેતો નથી. કારણ કે વનસ્પતિ વગેરે એકેંદ્રિય જીવો બૌદ્ધોને પ્રાણી રૂપે માન્ય નથી. તેથી પ્રાણ્યંગત્વરૂપ સાધનની ભક્ષ્યત્વરૂપ સાધ્યની સાથે વ્યાપ્તિ[2] સિદ્ધ થતી ન હોવાથી અસિદ્ધાન્વય નામનો અનૈકાંતિક હેતુ થાય.

હવે જો અનુમાન પ્રસંગસાધન[3] હોય તો અમે કહીએ છીએ કે લોકમાં ભાત વગેરે ભક્ષ્ય છે. અને મધ-માંસ-ડુંગળી વગેરે અભક્ષ્ય છે એવી ભક્ષ્યાભક્ષ્યની સઘળીય વ્યવસ્થા પરમાર્થથી શાસ્ત્ર (=આપ્તવચન) અને લોકવ્યવહારના કારણે (=આધારે) છે. આથી માંસ પ્રાણીનું અંગ છે માટે ભક્ષ્ય છે એમ કહેવું અયુક્ત છે (૨)

**असाम्प्रतत्वमेव हेतोरनैकान्तिकतोपदर्शनतो भावयन्नाह—**

**तत्र प्राण्यङ्गमप्येकं, भक्ष्यमन्यत्तु नो तथा ।**
**सिद्धं गवादिसत्क्षीर-रुधिरादौ तथेक्षणात् ।।३।।**

**वृत्तिः—** 'तत्र' इति तयोः शास्त्रलोकयोः, वाक्योपक्षेपमात्रार्थो वा तत्रशब्दः, 'प्राण्यङ्गमपि' जीवावयवोऽपि, आस्तामप्राण्यङ्गमप्येकं किञ्चित्, 'भक्ष्यं' भोज्यम्, 'अन्यत्तु' परं पुनः, 'नो तथा' तेन

૧. સ્વમાન્ય સાધ્યને વાદી-પ્રતિવાદીમાન્ય હેતુથી સિદ્ધ કરવા જે અનુમાન કરવામાં આવે તે સ્વતંત્રસાધન અનુમાન છે. જેમકે "**पर्वतो वह्निमान् धूमात्**" એ અનુમાન સ્વતંત્ર સાધન છે. કારણકે વહ્નિને સિદ્ધ કરનાર હેતુ ધૂમ વાદી પ્રતિવાદી ઉભયને માન્ય છે.

૨. જેમ **यत्र यत्र धूमस्तत्र तत्र वह्निः** એમ ધૂમરૂપ હેતુની વહ્નિરૂપ સાધ્ય સાથે વ્યાપ્તિ છે, તેમ **यत्र यत्र प्राण्यङ्गत्त्वं तत्र तत्र भक्ष्यत्वं** એમ પ્રાણ્યઙ્ગત્વની ભક્ષ્યત્વની સાથે વ્યાપ્તિ સિદ્ધ થતી નથી. કારણ કે લોહીમાં પ્રાણ્યંગત્વ છે પણ ભક્ષ્યત્વ નથી.

૩. પોતાને માન્ય ન હોવા છતાં પ્રતિવાદીને માન્ય એવા દૃષ્ટાંતને કલ્પનાથી સ્વીકારી તેવા કલ્પનાસિદ્ધ દૃષ્ટાંત વગેરે લેવા દ્વારા પ્રતિવાદીના મતમાં દૂષણ આપવું એ જ એકમાત્ર જેનું પ્રયોજન હોય તે પ્રસંગસાધન અનુમાન કહેવાય. જેમકે પ્રસ્તુતમાં બૌદ્ધે માંસ ભક્ષ્ય છે, પ્રાણ્યંગ હોવાથી, ભાતની જેમ, આ પ્રસંગસાધન અનુમાન છે, કારણ કે બૌદ્ધને ભાત પ્રાણ્યંગ તરીકે માન્ય નથી. આમ છતાં જૈનમતમાં દૂષણ આપવા માટે આવા અનુમાનનો પ્રયોગ થયો છે.

प्रकारेण अभक्ष्यमित्यर्थः, 'सिद्धं' प्रतिष्ठितम्, कुतः सिद्धमित्याह- 'गवादीनाम्' आदिशब्दात् मातृप्रभृतीनाम्, 'सत्' शोभनम्' अभिनवप्रसवधेनुसत्कादन्यत्, 'क्षीरं' च पयो 'रुधिरं' च लोहितमादिर्यस्य तत्तथा, तत्र गवादिसत्क्षीररुधिरादौ विषये, आदिशब्दात् गवादिमूत्रमांसादौ च, 'तथा' तेन भक्ष्याभक्ष्यादिप्रकारेण, 'ईक्षणात्' अवलोकनात्, तथाहि, ''गवां क्षीरं मूत्रं वा पेयतया शास्त्रे लोके च न निषिध्यते, रुधिरमांसे तु नानुमन्येते'' ततश्च प्राण्यङ्गं सद्भक्ष्यं चाभक्ष्यं चोपलब्धमतः सपक्षविपक्षवृत्तित्वादनैकान्तिको हेतुरिति ।।३।।

હેતુમાં અનેકાંતિકતા બતાવીને હેતુની અયુક્તતાને વિચારતા ગ્રંથકાર કહે છે—

**શ્લોકાર્થ**— ગાય આદિ પ્રાણીનું અંગ હોવા છતાં એક વસ્તુ=દૂધ ભક્ષ્ય છે, અને એક વસ્તુ=લોહી આદિ અભક્ષ્ય છે, એ પ્રમાણે શાસ્ત્રમાં અને લોકમાં જોવામાં આવે છે. (૩)

**ટીકાર્થ**— ગાય આદિ એ સ્થળે આદિ શબ્દથી માતા વગેરેનું ગ્રહણ કરવું. લોહી આદિ એ સ્થળે આદિ શબ્દથી ગાય વગેરેનું મૂત્ર-માંસ વગેરેનું ગ્રહણ કરવું.

ગાથામાં રહેલા સત્ શબ્દનો સારું અર્થ છે. નવી વીયાયેલી ગાયનું દૂધ સારું નથી હોતું. આથી નવી વીયાયેલી ગાય સિવાયની ગાયનું દૂધ સારું હોય છે.

શાસ્ત્રમાં અને લોકમાં ગાયનું દૂધ અને મૂત્ર પીવાનો નિષેધ નથી, પણ ગાયના લોહી-માંસની અનુજ્ઞા આપી નથી=નિષેધ કર્યો છે. તેથી પ્રાણ્યંગ હોવા છતાં એક પ્રાણ્યંગ ભક્ષ્ય છે અને એક પ્રાણ્યંગ અભક્ષ્ય છે એમ જોવામાં આવ્યું છે. આથી હેતુ સ્વપક્ષમાં અને વિપક્ષમાં રહેનારો હોવાથી અનેકાંતિક છે.

**વિશેષાર્થ**— **निश्चितसाध्यवान् सपक्षः**=જેમાં સાધ્યનિશ્ચિત હોય તે સપક્ષ કહેવાય. જેમકે **पर्वतो वह्निमान् धूमात्** અહીં પર્વત સપક્ષ છે. કારણ કે તેમાં વહ્નિ નિશ્ચિત છે. **निश्चितसाध्याभाववान् विपक्षः** હેતુ સાધ્યાભાવમાં જ રહે તે વિપક્ષ કહેવાય. જેમકે **पर्वतो वह्निमान् जलात्** અહીં સરોવર વિપક્ષ છે. કારણ કે તેમાં નિશ્ચિતરૂપે સાધ્યનો અભાવ છે. જલ વિપક્ષ સરોવરમાં રહેતો હોવાથી અનેકાંતિક છે. (૩)

**किञ्च प्रसङ्गसाधनं हि पराभ्युपगमानुसारेण भवति, न चास्माकं प्राण्यङ्गमिति कृत्वा मांसमभक्ष्यमित्यभ्युपगमः, किन्तु तदुत्थजीवापेक्षयेति दर्शयितुमाह—**

**प्राण्यङ्गत्वेन न च नो-ऽभक्षणीयमिदं मतम् ।**
**किन्त्वन्यजीवभावेन, तथा शास्त्रप्रसिद्धितः ।।४।।**

वृत्तिः— 'प्राण्यङ्गत्वेन' जीवावयवतया हेतुना, 'न च' नैव, नोऽस्माकम्, 'अभक्षणीयम्' अभोज्यम्, 'इदं' मांसम्, 'मतं' सम्मतम्, 'किन्तु' किं पुनः, 'अन्यजीवभावेन' मांसस्वामिव्यतिरिक्तप्राणिसमुत्पादेन हेतुना, अभक्षणीयमिदं मतमित्यावर्तते । अन्यजीवभाव एव कुतः सिद्ध इत्यत्राह- 'तथा' तेन प्रकारेण जीवसंसक्तिलक्षणेन, 'शास्त्रप्रसिद्धितः' आप्तागमप्रतिष्ठितेः, प्रसिद्धं ह्यागमे मांसस्य जीवसंस-

क्तिनिमित्तत्वम्, यदाह-''आमासु य पक्कासु य, विपच्चमाणासु मांसपेसीसु । आयंतियमुववाओ, भणिओ य निगोयजीवाणं ॥१॥'' 'एतेन च श्लोकेन परस्य परमतानभिज्ञतापादनतोऽधिकृतप्रमाणस्य प्रसङ्गसाधनता निराकृतेति ॥४॥

વળી પ્રસંગસાધન બીજાના સ્વીકારના અનુસારે થાય છે. અમે પ્રાણ્યંગ છે એ હેતુથી માંસની અભક્ષ્યતાને સ્વીકારતા નથી. પણ માંસમાં ઉત્પન્ન થયેલા જીવોની અપેક્ષાએ માંસની અભક્ષ્યતાને સ્વીકારીએ છીએ એમ જણાવવા માટે ગ્રંથકાર કહે છે—

**શ્લોકાર્થ—** અમે (=જૈનો) માંસને પ્રાણીનું અંગ છે માટે અભક્ષ્ય નથી માનતા, કિંતુ તેમાં માંસસ્વામી જીવોથી અન્ય જીવો ઉત્પન્ન થતા હોવાથી અભક્ષ્ય માનીએ છીએ. માંસમાં જીવોત્પત્તિ તે રીતે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

**ટીકાર્થ—** માંસ જીવસંબંધનું (=જીવોત્પત્તિનું) કારણ છે એમ આગમમાં પ્રસિદ્ધ છે. કહ્યું છે કે- **''કાચા, રાંધેલા કે અગ્નિમાં રંધાતા માંસ ખંડોમાં અતિશય ઘણા નિગોદજીવો ઉત્પન્ન થયા કરે છે.''** (સંબોધપ્રકરણ ૭-૫૫)

આ શ્લોકથી અન્યની પરમતસંબંધી અજ્ઞાનતા જણાવીને પ્રસ્તુત પ્રમાણની પ્રસંગસાધનતાનું નિરાકરણ કર્યું. (૪)

**अथाधिकृतहेतोरेवानिष्ठार्थसाधकतां दर्शयन्नाह—**

**भिक्षुमांसनिषेधोऽपि, न चैवं युज्यते क्वचित् ।**
**अस्थ्याद्यपि च भक्ष्यं स्यात्, प्राण्यङ्गत्वाविशेषतः ॥५॥**

वृत्तिः— भिक्षोर्बौद्धविशेषस्य, मांसं पिशितम्, तस्य निषेधो वर्जनं 'भिक्षुमांसनिषेधः', स किल भवन्मतेन भिक्षोरतिपूज्यत्वादवश्यं युक्तो भवति, सोऽपि, आस्तां गवादिमांसनिषेधः, 'न च' नैव, एवं प्राण्यङ्गत्वेन मांसभक्षणाभ्युपगमे सति, 'युज्यते' घटते, 'क्वचित्' कुत्रचित्, देशान्तरे कालान्तरे पुरुषान्तरे वा, अस्यैवाभ्युच्चयमाह- 'अस्थि' कीकसम्, आदिर्यस्य तत्तथा अस्थ्यादि, तदपि च, न केवलं भिक्षुमांसादि, यत्किल 'भक्षयितुमशक्यमस्थिशृङ्गखुरादि' तदपि च 'भक्ष्यं' भक्षणीयम्, 'स्यात्' भवेत्, कुत इत्याह- 'प्राण्यङ्गत्वस्य' जीवावयवत्वस्य हेतोः, 'अविशेषः' तुल्यत्वं मांसे अस्थ्यादौ चेति प्राण्यङ्गत्वाविशेषस्तस्मात्, अतोऽभक्ष्यस्य भक्ष्यत्वापादनेन विरुद्धो हेतुरिति ॥५॥

**હવે પ્રસ્તુત (प्राण्यंगत्वम्) હેતુ જ અનિષ્ટને સાધનારું છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પ્રાણીનું અંગ હોવાથી માંસ ભક્ષ્ય છે એમ સ્વીકારવામાં આવે તો ભિક્ષુનો માંસનો નિષેધ પણ ક્યાંય ન ઘટે. તથા હાડકાં આદિ પણ પ્રાણીનાં અંગો હોવાથી ભક્ષ્ય થાય. (૫)

**ટીકાર્થ— ભિક્ષુના માંસનો નિષેધ પણ—** તમારા મતે ભિક્ષુ (=બૌદ્ધસાધુ) અતિશય પૂજ્ય હોવાથી તેના માંસભક્ષણનો નિષેધ યુક્ત છે. પણ પ્રાણ્યંગત્વાત્ એ હેતુથી તો તેના માંસ ભક્ષણનો નિષેધ ન ઘટે. 'પણ'

१. आमासु च पक्वासु च विपच्यमानासु मांसपेशीषु । आत्यन्तिकमुपपातो भणितो निगोदजीवानाम् ॥१॥

શબ્દનો અર્થ આ પ્રમાણે છે-ગાય વગેરેના માંસભક્ષણનો નિષેધ તો ન ઘટે, કિંતુ ભિક્ષુના માંસભક્ષણનો નિષેધ પણ ન ઘટે.

**ક્યાંય—** કોઇપણ દેશમાં, કોઇપણ કાળમાં કે અન્ય પુરુષમાં.

**હાડકાં આદિ---** એ સ્થળે આદિ પદથી ખાવા માટે અશક્ય હોય તેવા શીંગડાં અને ખુરી વગેરે અંગો સમજવાં.

**प्राण्यङ्गत्वाद्** એ હેતુથી અભક્ષ્યને ભક્ષ્ય બનાવવાથી આ હેતુ વિરુદ્ધ[1] છે. (૫)

**अत्रैव दूषणान्तरमाह—**

**एतावन्मात्रसाम्येन, प्रवृत्तिर्यदि चेष्यते ।**
**जायायां स्वजनन्यां च, स्त्रीत्वात्तुल्यैव साऽस्तु ते ॥६॥**

**वृत्तिः—** एतदेव एतत्परिमाणमेव एतावन्मात्रम्, तेन साम्यं सादृश्यं 'एतावन्मात्रसाम्यम्' तेन, प्राण्यङ्गत्वमात्रसादृश्येनेत्यर्थः, 'प्रवृत्तिः' मांसभक्षणादौ प्रवर्तनम्, 'यदि' इत्यभ्युपगमे, 'चशब्दः' पुनरर्थः, 'इष्यते' भवताऽभिमन्यते, तदा किमस्त्वित्याह- 'जायायां' भार्यायाम्, 'स्वजनन्यां च' आत्मीयमातरि च, 'स्त्रीत्वात्' अङ्गनात्वेन हेतुना, 'तुल्यैव' समानैव, अभिगमरूपा पूजारूपा वा, 'सा' प्रवृत्तिः, 'अस्तु' भवतु, 'ते' तव, स्त्रीत्वाविशेषाद् द्वयोरपि, यथा प्राण्यङ्गत्वाविशेषान्मांसौदनयोरिति ॥६॥

**પ્રાણ્યંગત્વ હેતુમાં જ બીજું દૂષણ કહે છે—**

**શ્લોકાર્થ—** જો તમે માત્ર પ્રાણીના અંગની સામ્યતાથી માંસભક્ષણ આદિમાં પ્રવૃત્તિ માનતા હો તો સ્ત્રીરૂપે સમાન હોવાથી સ્વમાતા અને સ્વપત્ની વિષે તમારી સમાન પ્રવૃત્તિ થવી જોઇએ. (૬)

**ટીકાર્થ—** સ્વમાતા અને સ્વપત્ની વિષે સમાન પ્રવૃત્તિ થવી જોઇએ, અર્થાત્ સ્ત્રીની જેમ માતા પણ ભોગ્ય (=સંભોગ કરવા યોગ્ય) બને, અથવા માતાની જેમ સ્વપત્ની પણ પૂજ્ય બને. કારણ કે જેમ માંસ-ભાતમાં પ્રાણ્યંગત્વ સમાન છે તેમ માતા-સ્વપત્નીમાં સ્ત્રીત્વ સમાન છે. (૬)

**प्रकरणार्थनिगमनायाऽऽह—**

**तस्माच्छास्त्रं च लोकं च, समाश्रित्य वदेद् बुधः ।**
**सर्वत्रैवं बुधत्वं स्या-दन्यथोन्मत्ततुल्यता ॥७॥**

**वृत्तिः—** यस्माद्भवदुक्तसाधनमनन्तरोक्तन्यायेन बहुदोषदुष्टं 'तस्मात्' कारणात्, 'शास्त्रं च' आप्तवचनम्, 'लोकं च' विशिष्टजनम्, 'समाश्रित्य' अङ्गीकृत्य, 'वदेत्' ब्रूयात्, कोऽसौ, 'बुधः' पण्डितः, क्व विषये इत्याह- 'सर्वत्र' न मांसभक्षणविषय एव, अपि तु 'सर्वत्र' सर्वस्मिन्नन्यस्मिन्नपि विषये,

૧. જે હેતુ સાધ્યાભાવમાં રહે તે વિરુદ્ધ છે. જેમકે **पर्वतो वह्निमान् जलात्** અહીં હેતુ જલ સાધ્યાભાવ=વહ્ન્યભાવમાં રહે છે માટે વિરુદ્ધ છે. પ્રસ્તુતમાં જે પદાર્થો અભક્ષ્ય છે તેમાં પણ હેતુ રહે છે. ભક્ષ્યત્વ સાધ્ય છે. ભક્ષ્યત્વાભાવ સાધ્યાભાવ છે. હાડકાં વગેરેમાં સાધ્યાભાવ રહે છે અને તેમાં **प्राण्यंगत्व** હેતુ રહે છે. આમ પ્રાણ્યંગત્વ હેતુ વિરોધદોષથી યુક્ત છે.

अन्यथा हि ब्रुवाणस्य लोकरूढिनिराकृतादयः पक्षदोषाः प्रसज्जेयुः, एवं ब्रुवाणस्य को गुण इत्याह- 'एवम्' अनेन प्रकारेण लोकशास्त्रसमाश्रयणपूर्वकवदनलक्षणेन, 'बुधत्वं' पण्डितत्वम्, 'स्यात्' भवेत्, विपर्यये किं स्यादित्याह- 'अन्यथा' अन्येन प्रकारेण लोकशास्त्रानपेक्षतावदनलक्षणेन, 'उन्मत्ततुल्यता' ग्रहगृहीतसमानता, स्यादिति गम्यते, आह च-''सतां पथा प्रवृत्तस्य, तेजोवृद्धी रवेरिव । यदृच्छया प्रवृत्तस्य, रूपनाशोऽस्ति वायुवत् ॥१॥'' इति ॥७॥

**પ્રકરણના અર્થનો ઉપસંહાર કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** તેથી વિદ્વાને સર્વત્ર શાસ્ત્ર-શિષ્ટ લોકને નજર સામે રાખીને બોલવું જોઇએ. એમ બોલવામાં જ વિદ્વત્તા છે. શાસ્ત્ર-શિષ્ટ લોકથી નિરપેક્ષ બોલવામાં ઉન્મત્ત સમાનતા (=ગાંડપણ) થાય. (૭)

**ટીકાર્થ— તેથી—** તમોએ કહેલો પ્રાણ્યંગત્વ હેતુ હમણાં જ કહેલી નીતિથી ઘણા દોષોથી દુષ્ટ છે તેથી.

**સર્વત્ર—** પ્રસ્તુત વિષય સિવાય બીજા પણ સઘળાય વિષયોમાં.

**એમ બોલવામાં જ**=શાસ્ત્ર-શિષ્ટ લોકને નજર સામે રાખીને બોલવામાં જ. શાસ્ત્ર-શિષ્ટલોકથી નિરપેક્ષ બનીને બોલવામાં લોકરૂઢિનો અનાદર વગેરે પક્ષદોષો લાગે, તથા ઉન્મત્ત તુલ્યતા (=ગાંડપણ) ગણાય. આ વિષે કહ્યું છે કે-**સત્પુરુષોના માર્ગે પ્રવર્તેલા પુરુષના તેજની સૂર્યના તેજની જેમ વૃદ્ધિ થાય છે. વાયુની જેમ સ્વેચ્છાથી પ્રવર્ત્તેલા પુરુષના સ્વરૂપનો નાશ થાય છે.''** (૭)

**बौद्धाभ्युपगताप्तप्रवचननिषिद्धत्वं मांसभक्षणस्य दर्शयन्नुपसंहारार्थमाह—**

## शास्त्रे चाप्तेन वोऽप्येत-न्निषिद्धं यत्नतो ननु ।
## लङ्कावतारसूत्रादौ, ततोऽनेन न किञ्चन ॥८॥

वृत्तिः— न केवलं लोके अस्मच्छास्त्रे चेदं निषिद्धम्, 'शास्त्रे' च आगमे च, 'आप्तेन' क्षीणरागादिदोषेण सुगतेन, वोऽपि युष्माकमपि, न केवलमस्माकमेव, 'एतद्' मांसभक्षणम्, 'निषिद्धं' निवारितम्, 'यत्नतः' आदरेण, 'ननु' इत्यक्षमायाम्, क्व शास्त्रे निषिद्धमित्याह- 'लङ्कावतारसूत्रादौ' निशाचरविनयनाय लङ्कायामवतार सूत्र्यते तथागतस्य यत्र तल्लङ्कावतारसूत्रं तदादौ तत्र किलोक्तम् । ''न प्राण्यङ्गसमुत्थं, मोहादपि शङ्खचूर्णमश्नीयात् ॥'' आदिशब्दात् शीलपटलादिपरिग्रहः, 'ततः' इति यस्मादेवं तस्मात्, 'अनेन' मांसभक्षणसमर्थनेन, 'न किञ्चन' नास्ति भवतोऽपि कश्चन, प्रयोजनमिति शेष इति ॥८॥

॥ सप्तदशाष्टकविवरणं समाप्तम् ॥१७॥

**બૌદ્ધોએ સ્વીકારેલા આપ્તપ્રવચનમાં માંસભક્ષણનો નિષેધ છે એમ બતાવતા ગ્રન્થકાર ઉપસંહાર કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** તમારા આપ્તે લંકાવતાર વગેરે શાસ્ત્રમાં તમને પણ માંસભક્ષણનો આદરપૂર્વક નિષેધ કર્યો

છે. આથી તમોએ કરેલું માંસભક્ષણનું સમર્થન નિષ્પ્રયોજન છે. (૮)

**ટીકાર્થ—** કેવળ લોકમાં અને અમારા શાસ્ત્રમાં માંસભક્ષણનો નિષેધ છે એવું નથી, કિંતુ તમારા આપ્ત બુદ્ધે લંકાવતાર વગેરે શાસ્ત્રમાં તમને પણ માંસભક્ષણનો નિષેધ કર્યો છે.

**લંકાવતાર સૂત્ર—** રાક્ષસને પ્રતિબોધ પમાડવા માટે બુદ્ધનું લંકામાં થયેલું અવતરણ જેમાં વર્ણવવામાં આવ્યું છે તે લંકાવતારસૂત્ર. અહીં આદિ શબ્દથી ''શીલપટલ'' વગેરે ગ્રંથો સમજવા. લંકાવતાર સૂત્રમાં કહ્યું છે કે-**''મોહથી પણ પ્રાણીના અંગથી ઉત્પન્ન થયેલું શંખચૂર્ણ ન ખાવું.''** (૮)

## સત્તરમા માંસભક્ષણદૂષણ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥१८॥ अथ अष्टादशं मांसभक्षणदूषणाष्टकम् ॥

**तदेवं मांसं न भक्षणीयं लोकशास्त्रविरोधादिति धर्मवादतो व्यवस्थापिते यः कश्चिदसहमान आह ''न मांसभक्षणे दोष'' इति तन्मतप्रस्तावनायाह—**

**अन्योऽविमृश्य शब्दार्थं, न्याय्यं स्वयमुदीरितम् ।**
**पूर्वापरविरुद्धार्थ-मेवमाहात्र वस्तुनि ॥१॥**

**वृत्तिः— 'अन्यः' पूर्वं पूर्वपक्षीकृतबौद्धादपरो द्विज इत्यर्थः, 'अविमृश्य' अपर्यालोच्य, 'शब्दार्थं' मांसमित्यस्य ध्वनेरभिधेयम्, 'आह' इति 'सम्बन्धः,' किम्भूतं शब्दार्थमित्याह, 'न्याय्यं' न्यायादनपेतम्, तथा, 'स्वयं' आत्मना, 'उदीरितं' प्रतिपादितम्, ''मां स भक्षयिता'' इत्यादिना श्लोकेन, कथमाहेत्याह- 'पूर्वस्य' पूर्वोक्तस्य ''मां स भक्षयिता'' इत्यादेर्मांसभक्षणनिषेधार्थस्य, 'अपरेण' अपरोक्तेन ''न मांसभक्षणे दोषः'' इत्यनेन ''प्रोक्षितं भक्षयेन्मांसं'' इत्यादिना वा, अथवा ''न मांसभक्षणे दोषः'' इत्यस्य पूर्वस्य ''निवृत्तिस्तु महाफला'' इत्यनेनापरेण सह, 'विरुद्धो' विसंवादी, 'अर्थो' अभिधेयो यत्र तत् 'पूर्वापरविरुद्धार्थम्,' क्रियाविशेषणं चेदम्, 'एवम्' इति वक्ष्यमाणप्रकारम्, 'आह' ब्रवीति, 'अत्र' मांसभक्षणे, 'वस्तुनि' पदार्थ इति ॥१॥**

## અઢારમું અન્ય શાસ્ત્રોક્ત માંસભક્ષણ દૂષણ અષ્ટક

(બ્રાહ્મણો પણ માંસને ભક્ષ્ય માને છે. આ વિષે તેઓ મનુસ્મૃતિને આગળ ધરે છે. પણ મનુસ્મૃતિમાં જેમ માંસભક્ષણનું વિધાન છે તેમ માંસભક્ષણનો નિષેધ પણ છે. આથી મનુસ્મૃતિમાં માંસભક્ષણ વિષે પૂર્વાપર વિરોધ આવે છે. આથી આ અષ્ટકમાં મનુસ્મૃતિના શ્લોકોના આધારે માંસભક્ષણની ચર્ચા કરવામાં આવી છે.)

**આ પ્રમાણે લોકશાસ્ત્રનો વિરોધ હોવાથી માંસ ભક્ષ્ય નથી એમ ધર્મવાદથી નિશ્ચિત થયે છતે (આ નિશ્ચયને) સહન ન કરતો કોઇ ''માંસ ભક્ષણમાં દોષ નથી.'' એમ કહે છે. આથી એના મતનો ઉલ્લેખ કરવા માટે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— માંસભક્ષણ વિષે અન્ય પોતે કહેલા ન્યાયયુક્ત શબ્દાર્થને વિચાર્યા વિના પૂર્વાપર વિરુદ્ધ અર્થને આ પ્રમાણે કહે છે. (૧)

**ટીકાર્થ— અન્ય=**પૂર્વપક્ષી કરેલા બૌદ્ધથી અન્ય બ્રાહ્મણ.

**શબ્દાર્થને વિચાર્યા વિના— मां स भक्षयिता=**જેના માંસનું હું ભક્ષણ કરું છું તે પરલોકમાં મારું ભક્ષણ કરશે એવા માંસ શબ્દના અર્થને વિચાર્યા વિના.

**પૂર્વાપર વિરુદ્ધ અર્થને**— એક તરફ **मां स भक्षयिता**....(પ્રસ્તુત અષ્ટક ગાથા-૩) જેના માંસનું હું ભક્ષણ કરું છું તે પરલોકમાં મારું ભક્ષણ કરશે એમ માંસ શબ્દનો અર્થ કરીને માંસભક્ષણમાં દોષ બતાવે છે, જ્યારે બીજી તરફ એનાથી ઉલટું જ **न मांसभक्षणे दोषः** (ગાથા-૨)=માંસભક્ષણમાં દોષ નથી એમ કહે છે, અથવા **प्रोक्षितं भक्षयेन्मांसं=**વૈદિકમંત્રોથી પ્રોક્ષણનામના સંસ્કારથી યુક્ત માંસનું ભક્ષણ કરવું જોઇએ એમ કહે છે. આમ પરસ્પર વિરુદ્ધ અર્થને કહે છે. અથવા એક તરફ **न मांसभक्षणे दोषः=**માંસ ભક્ષણમાં દોષ નથી એમ કહે છે અને બીજી તરફ **निवृत्तिस्तु महाफला=**માંસભક્ષણથી નિવૃત્તિ મહાફળવાળી છે એમ કહે છે. આમ પૂર્વાપર વિરુદ્ધ અર્થને કહે છે.

**આ પ્રમાણે**— હવે કહેવાશે તે પ્રમાણે પૂર્વાપર વિરુદ્ધ અર્થને કહે છે. (૧)

**यदाह तदेव दर्शयति—**

**न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने ।**
**प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ॥२॥**

**वृत्तिः— 'न' नैव, 'मांसभक्षणे' पिशिताशने, 'दोष' इति दूषणम् कर्मबन्धलक्षणः, अस्यैव चाद्यपदार्थस्य पूर्वश्लोकेन प्रस्तावना कृता, तत्प्रसङ्गेन च शेषपादत्रयं श्लोकस्याधीतमिति, तस्य व्याख्या, तथा, 'न' नैव, 'मद्ये' मधुनि, पीयमान इति गम्यते, 'न' नैव, 'चशब्दः' समुच्चयार्थः, 'मैथुने' अब्रह्मचर्ये, क्रियमाण इति गम्यते, कुत एतदेवमित्याह- यतः 'प्रवृत्तिः' स्वभावः, 'एषा' मांसभक्षणादिकाऽनन्तरोक्ता, 'भूतानां' प्राणिनाम्, 'निवृत्तिः' विरमणम्, पुनर्मांसभक्षणादिभ्य इति गम्यते, 'महत्' बृहत्, 'फलं' साध्यमभ्युदयादिकं यस्याः सा महाफलेति ॥२॥**

**અન્ય જે કહે છે તેને જ જણાવે છે—**

**શ્લોકાર્થ**— માંસભક્ષણમાં દોષ નથી. તથા મદ્યપાનમાં અને મૈથુનસેવનમાં દોષ નથી. કારણ કે જીવોનો આ સ્વભાવ છે. માંસભક્ષણ આદિથી નિવૃત્તિ મહાફળવાળી છે. (૨)

**ટીકાર્થ— દોષ નથી=**કર્મબંધરૂપ દોષ નથી.

અહીં આ જ શ્લોકના પહેલા પાદના (=ચરણના) અર્થની પૂર્વશ્લોકની સાથે સંગતિ કરી. (પહેલા શ્લોકમાં પૂર્વાપર વિરુદ્ધ અર્થને કહે છે એમ જણાવ્યું છે. આથી કેવી રીતે પૂર્વાપર વિરુદ્ધ અર્થને કહે છે એ જણાવવા માંસભક્ષણમાં દોષ નથી એમ શ્લોકના પહેલા ચરણથી જણાવ્યું છે.) માંસભક્ષણના પ્રસંગથી શ્લોકના

બાકીના ત્રણ પાદો કહ્યા છે.

**મહાફળવાળી છે**— અભ્યુદય વગેરે મોટા ફળવાળી છે. (૨)

**योऽसौ स्वयमुदीरितो मांसशब्दार्थस्तमाह—**

**मां स भक्षयिताऽमुत्र, यस्य मांसमिहादम्यहम् ।**

**एतन्मांसस्य मांसत्वं, प्रवदन्ति मनीषिण: ॥३॥**

वृत्ति:— 'माम्' इति भक्षक आत्मानं निर्दिशति, 'स' इति भक्ष्यमाणो जीव:, 'भक्षयिता' इति श्वस्तनीप्रथमपुरुषैकवचननिर्देश:, ततो भक्षयिष्यत इत्यर्थ:, न त्वयं शीलार्थिक:, 'अमुत्र' जन्मान्तरे, किंविधो य इत्याह- 'यस्य' पश्वादे:, 'मांसं' पिशितम्, 'इह' अस्मिन् जन्मनि, 'अद्मि' भक्षयामि, 'अहम्' इत्यात्मानं भक्षको निर्दिशति, 'एतद्' अनन्तरोदितम्, भक्षणेन भक्षणलक्षणम्, 'मांसस्य' पिशितस्य, 'मांसत्वं' मांसशब्दव्युत्पत्तिनिमित्तम्, निरुक्तमित्यर्थ:, 'प्रवदन्ति' प्रतिपादयन्ति, 'मनीषिण:' निरुक्तविधिकुशला इति ॥३॥

**પોતે માંસ શબ્દનો જે અર્થ કહ્યો છે માંસશબ્દના તે અર્થને કહે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ—** અહીં હું જેના માંસનું ભક્ષણ કરું છું તે પરલોકમાં મારું ભક્ષણ કરશે. આ માંસ શબ્દનો વ્યુત્પત્તિથી (=નિરુક્તિથી) થતો [1]અર્થ છે. એમ બુદ્ધિશાળીઓ (=નિરુક્તિ કરવામાં કુશળ પુરુષો) પ્રતિપાદન કરે છે. (૩)

**एतेन च मांसभक्षणापायप्राप्तिप्रतिपादनेन मांसभक्षणे दोषोऽस्तीति वक्तव्यमेवोक्तमत: कथमुक्तं ''न मांसभक्षणे दोष'' इत्येतदेवाह—**

**इत्थं जन्मैव दोषोऽत्र, न शास्त्राद् बाह्यभक्षणम् ।**

**प्रतीत्यैष निषेधश्च, न्याय्यो वाक्यान्तराद् गते: ॥४॥**

वृत्ति:— 'इत्थम्' अनेन प्रकारेण, भक्षकस्य भक्षणीयत्वप्राप्तिलक्षणेन, यद् 'जन्म' उत्पत्तिस्तद्, 'एव' किमपरदोषगवेषणेन, 'दोषो' दूषणम्, अनर्थावाप्तिरित्यर्थ:, 'अत्र' मांसभक्षणे, तत: कथमुक्तम् ''न मांसभक्षणे दोष:'' इति हृदयम् । अत्र किल पर: प्राह- 'न' नैव, यद्भक्षकस्य भक्षणीयत्वप्राप्तेर्मांसभक्षणे दोष इति, कुत इत्याह- यत:, 'शास्त्राद्' आगमात्, 'बाह्यभक्षणं' बहिर्भूतमांसादनम्, 'प्रतीत्य' आश्रित्य, 'एषो'ऽनन्तरोक्त: इत्थंजन्मलक्षणो दोष:, न पुन: शास्त्रीयमांसभक्षणे, तथा 'निषेधश्च' मांसभक्षणप्रतिषेधोऽपि, ''मां स भक्षयिता'' इत्यादिनिरुक्तबलप्रापित:, शास्त्राद्बाह्यभक्षणमेव प्रतीत्य, 'न्याय्य' उपपन्न:, कथं ? 'वाक्यान्तरात्' ''मां स भक्षयिता'' इत्यादिवाक्यापेक्षया यदन्यद् वाक्यं तद् वाक्यान्तरं तस्मात्, 'गते:' परिच्छित्ते:, मांसभक्षणस्येति गम्यम् । अथवा, इत्थं 'जन्मैव दोषोऽत्र' इत्येकं तावत्

१. मनस्मृति-अ. ५-श्लोक ३५.

दूषणम्, तथा अपरम्, 'न' नैव, 'शास्त्राद्वाह्यभक्षणं प्रतीत्य,' 'एषो'ऽनन्तरोक्त: ''न मांसभक्षणे दोष:'' इत्येवंलक्षण:, 'निषेधो' मांसभक्षणे दोषप्रतिषेध:, 'चशब्दो' दूषणान्तरसमुच्चयार्थ:, 'न्याय्य:' सङ्गत:, वक्ष्यमाणप्रोक्षितादिविशेषणमांसादन एव दोषनिषेधो न्याय्य:, शास्त्रोक्तत्वादेव, न पुन: सामान्येनेति भाव: । कुत एतदिति चेदित्यत आह- 'वाक्यान्तराद्गते:' इति, ''न मांसभक्षणे दोष:'' इत्येवंविधात् सामान्यत एव मांसादनदोषाभावप्रतिपादनपराद् वाक्याद् यदन्यत् ''प्रोक्षितं भक्षयेत्'' इत्यादि वक्ष्यमाणं वा वाक्यं 'तद् वाक्यान्तरम्' तस्मात्, 'गते:' परिच्छित्ते:, शास्त्रोक्तत्वेन मांसादनविशेषस्य निर्दोषतयावगमादित्यर्थ इति ॥४॥

**માંસભક્ષણથી અનર્થની પ્રાપ્તિ થાય છે એવા આ પ્રતિપાદનથી ''માંસભક્ષણમાં દોષ છે એમ કહેવું જ જોઇએ'' એમ કહ્યું. આથી ''માંસભક્ષણમાં દોષ નથી એમ કેમ કહ્યું'' એ અંગે જ કહે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ— इत्थं जन्मैव दोषोऽत्र=**આ પ્રમાણે જેના માંસનું ભક્ષણ કર્યું હોય તેના ભક્ષ્ય તરીકે પરભવમાં જન્મ થાય એ જ માંસભક્ષણ દોષ છે. તેથી માંસભક્ષણમાં દોષ નથી એમ કેમ કહો છો ? અર્થાત્ માંસભક્ષણમાં દોષ નથી એમ તમારે ન કહેવું જોઇએ. (૪)

**અહીં વાદી બચાવ કરે છે— न=**જેના માંસનું ભક્ષણ કર્યું હોય તેના ભક્ષ્ય તરીકે પરભવમાં જન્મ થાય એ દોષ માંસભક્ષણમાં નથી. **शास्त्राद् बाह्यभक्षणं प्रतीत्य एष:** કારણકે આ દોષ આગમમાં જેવું વિધાન નથી તે બાહ્યમાંસ ભક્ષણની અપેક્ષાએ છે, શાસ્ત્રવિહિત માંસભક્ષણની અપેક્ષાએ નથી.

**निषेधश्च न्याय: बाह्यभक्षणं प्रतीत्य=**તથા (ત્રીજી ગાથામાં) માંસ શબ્દની નિરુક્તિથી કરવામાં આવેલો માંસભક્ષણનો નિષેધ શાસ્ત્ર બાહ્ય માંસભક્ષણની અપેક્ષાએ જ સંગત થાય છે, સામાન્યથી નહિ.

કારણ કે **वाक्यान्तराद् गते:=मां स भक्षयिता** ઇત્યાદિ વાક્યની અપેક્ષાએ અન્ય જે [1]**प्रोक्षितं भक्षयेत्** એવું વાક્ય હવે કહેવાશે તે વાક્યથી આનો (=માંસ શબ્દની નિરુક્તિથી કરવામાં આવેલો માંસભક્ષણનો નિષેધ શાસ્ત્રબાહ્ય માંસભક્ષણની અપેક્ષાએ જ છે એનો) નિર્ણય થાય છે.

શાસ્ત્રમાં અમુક અમુક પ્રકારના માંસભક્ષણનું વિધાન કરવામાં આવ્યું છે. આથી જો માંસ શબ્દના અર્થથી સર્વ પ્રકારના માંસનો નિષેધ કરવામાં આવે તો શાસ્ત્રગત અમુક પ્રકારના માંસભક્ષણનું વિધાન અસંગત બને. આથી માંસ શબ્દના અર્થથી શાસ્ત્રબાહ્ય માંસભક્ષણનો નિષેધ છે એમ સમજવું જોઇએ.

અથવા આ શ્લોકનો બીજી રીતે અર્થ આ પ્રમાણે છે-**इत्थं जन्मैव दोषोऽत्र** આ એક દૂષણ છે. **न शास्त्राद् बाह्यभक्षणं प्रतीत्य एष निषेध: न्याय्य:=न मांसभक्षणे दोष:** એવો દોષનિષેધ શાસ્ત્રબાહ્ય માંસભક્ષણની અપેક્ષાએ ન્યાયયુક્ત નથી=સંગત નથી. હવે કહેવાશે તેવા પ્રોક્ષિતાદિથી વિશિષ્ટ માંસભક્ષણમાં જ દોષનિષેધ સંગત છે. તેવું માંસભક્ષણ શાસ્ત્રોક્ત હોવાથી જ તેમાં દોષપ્રતિષેધ સંગત છે. પણ સામાન્યથી માંસ ભક્ષણમાં દોષપ્રતિષેધ સંગત નથી.

કારણકે **वाक्यान्तराद् गते:=न मांसभक्षणे दोष:** એવા પ્રકારના સામાન્યથી જ માંસ ભક્ષણમાં દોષાભાવનું પ્રતિપાદન કરનાર વાક્યથી અન્ય જે **प्रोक्षितं भक्षयेत्** એવું વાક્ય હવે કહેવાશે તે વાક્યથી આનો નિર્ણય થાય છે. કારણ કે વિશિષ્ટ પ્રકારનું માંસભક્ષણ શાસ્ત્રોક્ત હોવાથી નિર્દોષ જણાય છે. (૪)

૧. આ માટે હવે પછીના શ્લોકમાં જુઓ.

एतदेव वाक्यान्तरमाह–

प्रोक्षितं भक्षयेन्मांसं, ब्राह्मणानां च काम्यया ।
यथाविधि नियुक्तस्तु, प्राणानामेव वाऽत्यये ॥५॥

वृत्तिः– 'प्रोक्षितं' वैदिकमन्त्राभ्युक्षितम्, 'भक्षयेत्' अश्नीयात्, 'मांसं' पिशितम्, 'ब्राह्मणानां' द्विजानाम्, 'चशब्दो' विशेषणसमुच्चये, 'काम्यया' इच्छया, द्विजभुक्तावशेषं प्रति तदनुज्ञया, 'विधि'र्न्यायः, या यत्र यागश्राद्धप्राघूर्णकादौ प्रक्रिया तस्या नातिक्रमेण 'यथाविधि', तत्र यागविधिः पशुमेधाश्वमेधादिविधायकशास्त्रविहितः, श्राद्धविधिस्तु मांसविशेषापेक्षोऽयम्- ''औरभ्रेणेह चतुरः, शाकुनेन तु पञ्च वै । षण्मासांच्छागमांसेन, पार्षतीयेन सप्त वै ॥१॥ अष्टावेणस्य मांसेन, शौकरेण नवैव तु ॥ दस मासांस्तु तृप्यन्ति, वराहमहिषामिषैः ॥२॥ कूर्मशशकमांसेन, मासानेकादशैव तु । संवत्सरं तु तृप्यन्ति, पयसा पायसेन तु ॥३॥'' प्राघूर्णकविधिस्तु याज्ञवल्क्योक्तोऽयम्- ''महोक्षं वा महाजं वा, श्रोत्रियाय प्रकल्पयेत्'' इति, तथा, 'नियुक्तस्तु' गुरुभिर्व्यापारित एव, नियुक्तशब्दस्य वा यथाविधीति विशेषणम्, 'तुशब्द' एवकारार्थः, तथा 'प्राणानामेव' इन्द्रियादीनामेव, न तु द्रव्यादीनाम्, 'वा शब्दः' पक्षान्तरद्योतकः, 'अत्यये' विनाशे, उपस्थिते इति शेषः, मांसं भक्षयेदित्यनुवर्तते, आत्मा हि रक्षणीयः, यदाह- ''सर्वत एवात्मानं गोपयेत्,'' इति ॥५॥

આ જ વાક્યાંતરને કહે છે—

**શ્લોકાર્થ**— વૈદિકમંત્રોથી પ્રોક્ષણનામના સંસ્કારથી યુક્ત માંસનું ભક્ષણ કરે, બ્રાહ્મણોની ઇચ્છાથી માંસભક્ષણ કરે, વિધિપૂર્વક નિયુક્ત મનુષ્ય માંસભક્ષણ કરે, અથવા પ્રાણોનો નાશ થાય ત્યારે માંસ ભક્ષણ કરે. (૫)

**ટીકાર્થ— બ્રાહ્મણોની ઇચ્છાથી**— બ્રાહ્મણોના જમી રહ્યા પછી વધેલું ભોજન બ્રાહ્મણોની અનુજ્ઞાથી ખાય.

**વિધિપૂર્વક નિયુક્ત**— યજ્ઞ, શ્રાદ્ધ, પ્રાઘૂર્ણક વગેરેમાં વિધિપૂર્વક નિયુક્ત=ગુરુઓએ જેને ક્રિયા કરવાનો અધિકાર સોંપ્યો હોય તે મનુષ્ય માંસભક્ષણ કરે. તેમાં પશુમેધ, અશ્વમેધ વગેરેનું વિધાન કરનાર શાસ્ત્રોમાં યજ્ઞવિધિ જણાવ્યો છે. શ્રાદ્ધવિધિ વિશિષ્ટમાંસની અપેક્ષાએ આ પ્રમાણે છે-**''ઘેટાના માંસથી ચારમહિના સુધી, પક્ષીના માંસથી પાંચ મહિના સુધી, બોકડાના માંસથી છ મહિના સુધી, મૃગના માંસથી સાત મહિના સુધી, કાળામૃગના માંસથી આઠ મહિના સુધી, ભૂંડના માંસથી નવ મહિના સુધી, મગર અને પાડાના માંસથી દશ મહિના સુધી, કાચબાના અને સસલાના માંસથી અગિયાર મહિના સુધી, દૂધથી અને દૂધપાકથી બારમહિના સુધી પિતરો તૃપ્ત થાય છે.''** (મનુ સ્મૃતિ ૩-૨૬૮ વગેરે)

યાજ્ઞવલ્ક્યે કહેલ પ્રાઘૂર્ણક વિધિ આ પ્રમાણે છે— **''અભ્યાગત એવા વેદપાઠી બ્રાહ્મણને મોટો બળદ કે મોટો બકરો અર્પણ કરે.''** (યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ૧-૧૭૯)

**પ્રાણોનો નાશ થાય ત્યારે**— ધન વગેરેનો નાશ થાય ત્યારે નહિ, કિંતુ ઇંદ્રિય વગેરે પ્રાણોનો જ નાશ

થાય ત્યારે માંસભક્ષણ કરે. શરીરનું રક્ષણ કરવું જોઇએ. કહ્યું છે કે-"બધી જ રીતે શરીરનું રક્ષણ કરે." (૫)

**परोक्तमेवार्थमनुवादद्वारेणाशङ्क्य दूषयन्नाह, द्वितीयव्याख्यापेक्षया पुनरुत्तरश्लोकस्यैवम्पातना, भवदापादित एव शास्त्रीयमांसभक्षणे दोषाभावोऽस्माभिरभिधीयते न सामान्येनेति परमतमाशङ्क्य दूषयन्नाह—**

**अत्रैवासावदोषश्चे-न्निवृत्तिर्नास्य सज्यते ।**
**अन्यदाऽभक्षणादत्रा-भक्षणे दोषकीर्तनात् ॥६॥**

**वृत्तिः— 'अत्रैव' अनन्तराभिहित एव प्रोक्षितादिविशेषणमांसभक्षणे, अन्यत्र तु दोष एव, 'असौ' यः''न मांसभक्षणे' दोषः'' इत्यनेन वचसाभ्युपगतः, 'अदोषो' दोषाभावः, 'चेद्' यद्येवं मन्यसे, तदेति शेषः, किं दूषणमित्याह- 'निवृत्तिः' विरतिः, 'न' नैव, 'अस्य' मांसभक्षणस्य, 'सज्यते' प्राप्नोति, कुत इत्याह- 'अन्यदा' अन्यस्मिन् प्रोक्षितादिमांसविशेषणाभावकाले, 'अभक्षणात्' अनभ्यवहरणात्, उक्तविधिव्यतिरेकेण हि मांसं न भक्ष्यते अतो मांसभक्षणस्याप्राप्तेर्निवृत्तिर्नास्य प्रसज्यत इत्युच्यते, ''प्राप्तिपूर्वको हि निषेधः सफलो भवति'' इति, अथ प्रोक्षितादिविशेषणसद्भावे निवृत्तिर्भविष्यतीति ''निवृत्तिस्तु महाफला'' इति वचः सफलीभविष्यतीत्यत्राह- 'अत्र' प्रोक्षितादिविशेषणसद्भावे, 'अभक्षणे' अनशने, मांसस्य, 'दोषकीर्तनात्' दूषणाभिधानात्, निवृत्तिर्नास्य प्रसज्यते इति प्रकृतमिति ॥६॥**

**બીજાએ કહેલા અર્થની અનુવાદ દ્વારા આશંકા કરીને તેને દૂષિત કરતા ગ્રંથકાર કહે છે—**

અથવા પાંચમા શ્લોકની બીજી વ્યાખ્યા પ્રમાણે અવતરણિકા આ પ્રમાણે છે—

**તમારા વડે પ્રાપ્ત કરાવાયેલ જ શાસ્ત્રીય માંસભક્ષણમાં દોષાભાવ અમારા વડે કહેવાય છે, સામાન્યથી નહિ, આવા પરમતની આશંકા કરીને તેને દૂષિત કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ— अत्रैवासावदोषश्चेद्**=શાસ્ત્રવિહિત માંસભક્ષણમાં જ દોષ નથી, (શાસ્ત્રબાહ્ય માંસભક્ષણમાં જ દોષ છે) એમ તમે માનતા હો તો એક આપત્તિ આવે છે.

**निवृत्तिर्नाऽस्य सज्यते अन्यदाऽभक्षणाद्**=શાસ્ત્રમાં અમુક પ્રકારના જ માંસભક્ષણનું વિધાન છે એટલે તે સિવાય માંસનું ભક્ષણ ન હોવાથી માંસભક્ષણની નિવૃત્તિનો પ્રસંગ જ નથી આવતો. આથી **निवृत्तिस्तु महाफला**=માંસભક્ષણથી નિવૃત્તિ મહાફળવાળી છે એ કથન વ્યર્થ બને છે.

જેનું વિધાન કર્યું હોય, તેનો જ નિષેધ થાય. અહીં અમુક પ્રકારનું જ માંસભક્ષણ કરવું એમ કહ્યું હોવાથી

૧. મનુ સ્મૃતિ અધ્યાય ૫ શ્લોક ૨૭. મનુસ્મૃતિમાં તેની વ્યાખ્યા આ પ્રમાણે છે– **मंत्रकृतप्रोक्षणाख्यसंस्कारयुक्तय-ज्ञहुतपशुमांसभक्षणमिदं यज्ञाङ्गं विधीयते । अत एव ''असंस्कृतान् पशून्मन्त्रैः'' इत्यनुवादं वक्ष्यति । ब्राह्मणानां च यदा कामना भवति तदाऽवश्यं मांसं भोक्तव्यमिति, तदापि नियमत एकवारं भक्षयेत्, 'सकृद् ब्राह्मणकाम्यया' इति यमवचनात् । तथा श्राद्धे मधुपर्के च ''नामांसो' मधुपर्कः'' इति गृह्यवचनान्नियुक्तेन नियमान्मांसं भक्षणीयमिति । अत एव ''नियुक्तस्तु यथान्यायम्'' इत्यतिक्रमदोषं वक्ष्यति । प्राणात्यये चाहारान्तराभावनिमित्तके व्याधिहेतुके वा नियमतो मांसं भक्षयेत् ।**

અન્ય પ્રકારના માંસભક્ષણનું વિધાન થતું નથી. અન્ય પ્રકારના માંસભક્ષણનું વિધાન ન હોવાથી તેનો નિષેધ=તેનાથી નિવૃત્તિ કરવાનો ઉપદેશ વ્યર્થ છે. આમ આગમબાહ્ય માંસભક્ષણના નિષેધ માટે **निवृत्तिस्तु महाफला**=નિવૃત્તિ મહાફળવાળી છે એ વચન અસંગત બને છે.

**વાદીનો બીજો બચાવ અને તેનો ઉત્તર—**

શાસ્ત્રવિહિત માંસભક્ષણમાં દોષ નથી એટલે એ કરવું જ જોઇએ એમ નથી. શાસ્ત્રવિહિત માંસભક્ષણમાં દોષ નથી એનું તાત્પર્યાર્થ "કરવું હોય તો દોષ નથી" એવો છે. આથી શાસ્ત્રવિહિત માંસભક્ષણ ન કરે તો દોષ નથી, બલ્કે મહાલાભ છે. આથી જ શાસ્ત્રોક્ત માંસભક્ષણથી નિવૃત્તિ કરાવવા **निवृत्तिस्तु महाफला** એ વચન સંગત છે. એ પ્રમાણે બચાવ પણ નહિ કરી શકાય. કારણ કે **अत्राभक्षणे दोषकीर्तनात्**=શાસ્ત્રવિહિત માંસભક્ષણ ન કરવામાં આવે તો દોષ લાગે છે એમ (મનુસ્મૃતિમાં) કહેવામાં આવ્યું છે. એટલે શાસ્ત્રવિહિત માંસભક્ષણથી **निवृत्तिस्तु महाफला** એ વચન અસંગત જ રહે છે. (૬)

**दोषकीर्तनमेव दर्शयन्नाह—**

**यथाविधिनियुक्तस्तु, यो मांसं नात्ति वै द्विजः ।**
**स प्रेत्य पशुतां याति, सम्भवानेकविंशतिम् ॥७॥**

**वृत्तिः— यो यो विधिः शास्त्रीयन्यायो यथाविधि, तेन नियुक्तो युक्तो व्यापारितो वा गुरुभिः, 'यथाविधिनियुक्तः', 'तुशब्दः' पुनःशब्दार्थः, तस्य चैवं प्रयोगः- विधिना मांसमखादन्न निर्दोष एव, यथाविधिनियुक्तः पुनः, 'य' अनिर्दिष्टनामा, 'मांसं' पिशितम्, 'न' नैव, 'अत्ति' भुङ्क्ते, 'वै' इति निपातो वाक्यालङ्कारार्थः, 'द्विजो' विप्रः, 'स' इति द्विजः, 'प्रेत्य' परलोके 'पशुतां' तिर्यग्भावम्, 'याति' प्राप्नोति, कियतो भवान् यावदित्याह- सम्भवनानि 'सम्भवा' जन्मानि, तान् 'सम्भवान्,' 'एकविंशतिम्' एकेनाधिका विंशतिस्तामिति ॥७॥**

**શાસ્ત્રવિહિત માંસભક્ષણ ન કરવામાં દોષ છે એમ (મનુસ્મૃતિમાં) જે કહેવામાં આવ્યું છે તેને જ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** યજ્ઞ વગેરેમાં વિધિપૂર્વક નિયુક્ત જે બ્રાહ્મણ માંસભક્ષણ ન કરે તે પરલોકમાં ૨૧ ભવો સુધી પશુપણાને પામે છે. (૭)

**ટીકાર્થ—** ગાથામાં રહેલ "**तु**" શબ્દ વિશેષતા બતાવવાના અર્થવાળો છે. તેનો પ્રયોગ આ પ્રમાણે છે— વિધિથી માંસભક્ષણ ન કરનાર નિર્દોષ જ નથી=દોષિત જ છે, અને યજ્ઞ વગેરેમાં વિધિપૂર્વક નિયુક્ત (=ગુરુઓથી યજ્ઞાદિની ક્રિયામાં નિમાયેલ) થયો હોવા છતાં જે બ્રાહ્મણ માંસભક્ષણ ન કરે તે પરલોકમાં એકવીસ ભવો સુધી પશુ તરીકે ઉત્પન્ન થાય છે.[1] (૭)

**प्रोक्षितादिविशेषणाभावे मांसस्य भक्षणे प्रवृत्त्यभावेन निवृत्तेरफलत्वात् प्रोक्षितादिवि-**

૧. મનુસ્મૃતિ અ.૫. શ્લોક-૩૫.

**शेषणस्य च तस्याभक्षणे दोषकीर्तनात् निवृत्तिर्नास्य सज्यत इति यदुक्तम्, तत्र परकीयं परिहारमाशङ्क्य परिहरन्नाह—**

**पारिव्राज्यं निवृत्तिश्चेद् यस्तदप्रतिपत्तितः ।**
**फलाभावः स एवास्य, दोषो निर्दोषतैव न ॥८॥**

वृत्तिः— परिव्राजो भावः 'पारिव्राज्यम्', मस्करित्वं गृहस्थभावत्याग इत्यर्थः, 'तदेव' निवृत्तिनिबन्धनत्वात् 'निवृत्तिः' मांसभक्षणोपरतिः, 'चेत्' यद्येवं मन्यसे, अयमभिप्रायो- गृहस्थतायां प्रोक्षितादिविशेषणं मांसं भक्षणीयमेव, तस्माच्च पारिव्राज्यप्रतिपत्तिद्वारेण निवर्तत इत्येवं प्राप्तिपूर्विका निवृत्तिर्मांसभक्षणस्य स्यात्, सा च महाफलेति, अतो निवृत्तिर्नास्य सज्यते इत्याचार्यवचनं परेण दूषितम्, अतोत्र दूषणमाह- 'यः' कोपि, 'तदप्रतिपत्तितः' पारिव्रज्याप्रतिपत्तितः पारिव्राज्यप्रतिपत्तिमाश्रित्य, 'फलाभावः' अभ्युदयादिप्रयोजनाप्राप्तिः, 'स एव' किमपरदोषगवेषणेन, 'अस्य' मांसभक्षणस्य, 'दोषो' दूषणम्, ततः किमित्याह- 'निर्दोषता' निर्दूषणता, 'एव' शब्दस्यान्यत्र सम्बन्धात्, 'नैव' नास्त्येव, अतः कथमुच्यते ''न मांसभक्षणे दोषः'' इति, तथा ''निवृत्तिस्तु महाफला''इति । अत्र विशेषेण किञ्चिदुच्यते, ननु निवृत्तिर्निरवद्याद्वस्तुनो विधीयमाना महाफला सावद्याद्वा, यदि निरवद्यात्तदा यत्याश्रमादेरपि निवृत्तिरङ्गीकर्तव्या, तस्य निरवद्यत्वात्, न चैतदिष्टम्, अथ द्वितीयपक्षस्तदा मांसभक्षणस्य सावद्यत्वेन सदोषताप्राप्तेरिति ॥८॥

॥ अष्टादशाष्टकविवरणं समाप्तम् ॥१८॥

**પ્રોક્ષિતાદિથી વિશિષ્ટ ન હોય તેવા માંસના ભક્ષણમાં પ્રવૃત્તિ થતી ન હોવાથી નિવૃત્તિ નિષ્ફળ થાય છે એથી, પ્રોક્ષિતાદિથી વિશિષ્ટ માંસના અભક્ષણમાં દોષ કહ્યો હોવાથી, એની માંસભક્ષણની નિવૃત્તિ સંગત બનતી નથી એમ જે કહ્યું, તેમાં અન્યના પરિહારની આશંકા કરીને તેને દૂર કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ—** હવે જો, પ્રવ્રજ્યાની અપેક્ષાએ માંસભક્ષણથી નિવૃત્તિ છે, અર્થાત્ જે પ્રવ્રજ્યા સ્વીકારે છે તેની વેદવિહિત માંસભક્ષણથી પણ નિવૃત્તિ થાય છે. એટલે તેની અપેક્ષાએ **निवृत्तिस्तु महाफला** એ વચન સંગત છે. ગૃહસ્થાવાસમાં વેદવિહિત માંસભક્ષણમાં પ્રવૃત્તિ હતી. પ્રવ્રજ્યા લીધા પછી માંસભક્ષણથી નિવૃત્તિ કરાવવા **निवृत्तिस्तु महाफला** એ વચન સંગત છે. એમ તમે માનતા હો તો, પ્રવ્રજ્યાને નહિ સ્વીકારવાથી થતો અભ્યુદયાદિ ફળનો અભાવ એ જ માંસભક્ષણનો દોષ છે. અર્થાત્ પ્રવ્રજ્યા નહિ સ્વીકારનાર કોઇ પણ વ્યક્તિને અભ્યુદય આદિ ફળની પ્રાપ્તિ નહિ થાય. કારણ કે માંસભક્ષણથી નિવૃત્તિ કરે તો અભ્યુદયાદિ મહાફળ મળે. માંસભક્ષણથી નિવૃત્તિ પ્રવ્રજ્યા સ્વીકારે તો જ થઇ શકે. આ પ્રમાણે માંસભક્ષણમાં **निर्दोषता नैव**=નિર્દોષતા નથી જ, અર્થાત્ માંસભક્ષણમાં દોષ જ છે.

**અહીં વિશેષથી કંઇક કહેવાય છે—** નિરવદ્ય વસ્તુથી કરાતી નિવૃત્તિ મહાફળવાળી છે કે સાવદ્યવસ્તુથી કરાતી નિવૃત્તિ મહાફળવાળી છે ? જો નિરવદ્ય વસ્તુથી કરાતી નિવૃત્તિ મહાફળવાળી હોય તો સંન્યાસાશ્રમ આદિથી પણ નિવૃત્તિ સ્વીકારવી જોઇએ. અર્થાત્ સંન્યાસાશ્રમ આદિનો સ્વીકાર ન કરવો જોઇએ. કારણ કે

સંન્યાસાશ્રમ વગેરે નિરવદ્ય છે. એ ઇષ્ટ નથી. હવે જો બીજો પક્ષ છે તો માંસભક્ષણ સાવદ્ય હોવાથી દોષિત સિદ્ધ થઇ જાય. (૮)

## અઢારમાં માંસભક્ષણ દૂષણ નામના અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥१९॥ अथ एकोनविंशतितमं मद्यपानदूषणाष्टकम् ॥

**न मांसभक्षणे दोष इति निराकृतम्, अथ न मद्ये इत्येतन्निराकरणायाह—**

**मद्यं पुनः प्रमादाङ्गं, तथा सच्चित्तनाशनम् ।**
**सन्धानदोषवत्तत्र, न दोष इति साहसम् ॥१॥**

वृत्तिः— मदयतीति 'मद्यं' शीधुः, 'पुनः' शब्दः पूर्ववाक्यार्थापेक्षयोत्तरवाक्यार्थस्य विशेषद्योतनार्थः, तथाहि, मांसं जीवसंसक्तिनिमित्तं मद्यं पुनः, 'प्रमादाङ्गम्,' प्रमदनं प्रमादोऽशुभो जीवपरिणामविशेषः, तस्याङ्गं कारणम्, अथवा प्रमादो मद्यादिः । यदाह-''मज्जं विसयकसाया, निद्दा विगहा य पंचमी भणिया । एए पंच पमाया, जीवं पाडंति संसारे[२] ॥१॥'' तस्याङ्गमवयवः, पञ्चावयवरूपत्वात्तस्य, 'तथा' इति विशेषणसमुच्चये, सच्छुभं यच्चित्तं मनः तन्नाशयति प्रध्वंसयतीति 'सच्चित्तनाशनम्,' तथा सन्धाने जलमिश्रितबहुद्रव्यसंस्थापने ये दोषा जीवसंसक्त्यादयस्ते विद्यन्ते यत्र तत् ''सन्धानदोषवत्,' यदेवंविधं मद्यं 'तत्र' मद्ये, 'न' नास्ति, 'दोषो' दूषणं कर्मबन्धादि, 'इति' एवं, वदत इति गम्यते, 'साहसं' धाष्टर्यम् । अथवा 'तत्र' मद्ये गुडधातक्यादिसन्धानरूपे न दोषोऽस्ति पापप्राप्तिलक्षणः, क इवेत्याह- 'सन्धानदोषवत्' काञ्जिकादिसन्धानदोषवत्, अयमभिप्रायः, यथारनालादौ सन्धानवति पीयमाने कर्मबन्धलक्षणो दोषो नास्त्येवं मद्येऽपि दोषो नास्तीति, एतद्वचनस्य च साहसत्वं चित्तभ्रमनिबन्धनानामतिबहूनां मद्यपानदोषाणां प्रत्यक्षत एवोपलभ्यमानत्वात् । यथोक्तम्-''[१]वैरूप्यं [२]व्याधिपिण्डः [३]स्वजनपरिभवः [४]कार्यकालातिपातो, [५]विद्वेषो [६]ज्ञाननाशः [७]स्मृतिमतिहरणं [८] [९]विप्रयोगश्च सद्भिः । [१०]पारुष्यं [११]नीचसेवा [१२]कुलबलतुलना [१३]धर्मकामार्थहानिः, [१४-१५-१६]कष्टं भोः षोडशैते निरुपचयकरा मद्यपानस्य दोषाः ॥१॥

## ઓગણીસમું મદ્યપાન દૂષણ અષ્ટક

(કેટલાક માંસભક્ષણની જેમ મદ્યપાનને પણ નિર્દોષ માને છે. આથી આ અષ્ટકમાં મદ્યપાનથી થતા દોષો બતાવવા પૂર્વક મદ્યપાનથી ઋષિઓનું પણ અધ:પતન થાય છે એ વિશે દૃષ્ટાંત જણાવીને મદ્યપાન દૂષિત છે એ સિદ્ધ કર્યું છે.)

**માંસભક્ષણમાં દોષ નથી એ મતનું નિરાકરણ કર્યું. હવે મદ્યમાં દોષ નથી એ મતનું નિરાકરણ કરવા માટે કહે છે—**

२. मद्यं विषयकषाया, निद्रा विकथा च पञ्चमी भणिता । एते पञ्च प्रमादा जीवं पातयन्ति संसारे ॥१॥

**શ્લોકાર્થ—** મદ્ય પ્રમાદનું કારણ છે. શુભ ચિત્તનો નાશ કરનારું છે. સંધાનદોષવાળા મદ્યમાં (=મદ્યપાનમાં) દોષ નથી એમ કહેવું એ ધિઢાઇ છે.

**ટીકાર્થ—** શ્લોકમાં પુન : શબ્દ પૂર્વવાક્યના અર્થની અપેક્ષાએ ઉત્તર-વાક્યના અર્થની વિશેષતા બતાવવા માટે છે. તે આ પ્રમાણે–માંસ જીવોપત્તિનું કરણ છે, અને મદ્ય પ્રમાદનું કારણ છે. પ્રમાદ જીવનો અશુભ પરિણામવિશેષ છે. અથવા અહીં મદ્ય વગેરે પ્રમાદ વિવક્ષિત છે. કહ્યું છે કે-**"મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને પાંચમી વિકથા, આ પાંચ પ્રમાદો જીવને સંસારમાં પાડે છે."** (ઉત્તરા૦ ૧૮૦)

**સંધાનના દોષવાળા મદ્યમાં—** સંધાન એટલે જલમિશ્રિત ઘણા (=ભોજ્ય) દ્રવ્યોને રાખવા તે સંધાન. આવા સંધાનમાં જીવોત્પત્તિ વગેરે જે દોષો છે તે દોષો મદ્યમાં રહેલા છે.

**દોષ—** કર્મબંધ વગેરે દૂષણ.

અથવા **सन्धानदोषवत् तत्र** વગેરે પદોનો અર્થ આ પ્રમાણે છે— કાંજી વગેરે સંધાનની જેમ ગોળ-ધાવડી વગેરેના સંધાનરૂપ મદ્યમાં પાપની પ્રાપ્તિરૂપ દોષ નથી. અહીં અભિપ્રાય આ પ્રમાણે છે— જેવી રીતે સંધાનવાળા (=જીવોત્પત્તિવાળા) કાંજી વગેરે દ્રવ્યને પીવામાં કર્મબંધરૂપ દોષ નથી. તેમ મદ્યમાં પણ દોષ નથી.

**મદ્યમાં દોષ નથી એ વચન ધિઢાઇવાળું છે.** કારણ કે મદ્યપાનમાં ચિત્તભ્રમનું કારણ વગેરે અતિશય ઘણા દોષો પ્રત્યક્ષથી જ જોવામાં આવે છે. કહ્યું છે કે **"શરીરનું બેડોળપણું, વ્યાધિવાળું શરીર, (અથવા વ્યાધિનો ઢગલો) સ્વજનપરાભવ, કાર્યના કાળનો નાશ (=સમયસર કાર્ય ન થાય), વિશેષ દ્વેષ, જ્ઞાનનાશ, સ્મરણ કરનાર મતિનો નાશ, સત્પુરુષનો વિયોગ, કઠોરતા, નીચ માણસોની સેવા, કુલહાનિ, બળહાનિ, ઘરના મોભાની હાનિ, ધર્મહાનિ, કામહાનિ, ધનહાનિ-મદ્યપાનના કષ્ટકારી અને હાનિ કરનારા આ સોળ દોષો છે."** (૧)

**अथवा कियन्तस्ते दर्शयिष्यन्त इत्याह—**

## किं वेह बहुनोक्तेन, प्रत्यक्षेणैव दृश्यते ।
## दोषोऽस्य वर्तमानेऽपि, तथाभण्डनलक्षणः ॥२॥

**वृत्तिः—** 'किम्' इति प्रतिषेधे, ततश्च न किञ्चित्प्रयोजनमित्यर्थः स्यात्, 'वाशब्दो'ऽथवार्थः, 'इह' मद्यपानदूषणविषये, 'बहुना' प्रभूतेन, 'उक्तेन' भणितेन, "मद्यं प्रमादाङ्गमित्यादिना," यतः 'प्रत्येक्षेणैव' एवशब्दस्यापिशब्दार्थत्वात् अध्यक्षप्रमाणेनापि, न केवलमनुमानादिना, 'दृश्यते' उपलभ्यते, 'दोषो' दूषणम्, 'अस्य' मद्यपानस्य, वर्तमानेऽपि काले ने केवलमतीतकाले द्वारकावतीदाहादि श्रूयते, 'तथा' तत्प्रकारं सदर्पासमञ्जसवचनप्रसरमुपपतत्प्रभूतप्रहारमुपरममाणनरविसरं यद् 'भण्डनं' संग्रामस्तदेव 'लक्षणं' रूपं यस्य स तथेति ॥२॥

**હવે મદ્યપાનના કેટલા દોષો બતાવીશું ? એમ કહે છે—**

**શ્લોકાર્થ—** અથવા મદ્યપાનના દૂષણ અંગે વધારે કહેવાથી શું ? અર્થાત્ વધારે કહેવાની જરૂર નથી.

કારણ કે મદ્યપાનનું વર્તમાનમાં પણ તેવા પ્રકારનું યુદ્ધરૂપ દૂષણ પ્રત્યક્ષ પણ દેખાય છે. (૨)

**ટીકાર્થ— વર્તમાનમાં પણ—** કેવળ ભૂતકાળમાં દ્વારિકા નગરીનો દાહ વગેરે સંભળાય છે એવું નથી, કિંતુ વર્તમાનમાં પણ દેખાય છે.

**તેવા પ્રકારનું યુદ્ધ—** જેમાં ગરમ થઇને અનુચિત વચનો ફેલાઇ રહ્યા છે, જેમાં ઘણો માર પડી રહ્યો છે, જેમાં (જોવા માટે) લોકસમૂહ અટકી રહ્યો (=એકઠો થઇ રહ્યો) છે તેવું યુદ્ધ.

**પ્રત્યક્ષ પણ—** કેવળ અનુમાન આદિથી નહિ, કિંતુ પ્રત્યક્ષ પ્રમાણથી પણ દેખાય છે. (૨)

**न केवलं प्रत्यक्षगोचरा मद्यपानस्य दोषाः श्रुतगोचरा अपीत्येतद्दर्शयितुमाह—**

**श्रूयते च ऋषिर्मद्यात्, प्राप्तज्योतिर्महातपाः ।**
**स्वर्गाङ्गनाभिराक्षिप्तो, मूर्खवन्निधनं गतः ॥३॥**

**वृत्तिः— 'श्रूयते च' पुराणकथास्वाकर्ण्यते च, न केवलं भण्डनमेव दृश्यते, कोऽसौ श्रूयत इत्याह- ऋषिर्मुनिः, विसन्धिश्चेह विशेषलक्षणात्, 'मद्यात्' शीधुनः सकाशात्, निधनं गत इति सम्बन्धः, किंविशिष्टोऽसावित्याह- प्राप्तमवाप्तं ज्योतिस्तेजो ज्ञानरूपमष्टविधमहर्द्धिरूपं वा येन स 'प्राप्तज्योतिः,' कथमित्याह- यतो 'महातपाः' उग्रतपाः, पुनः किम्भूतः सन्नित्याह- 'स्वर्गाङ्गनाभिर्नाकनितम्बिनीभिः, 'आक्षिप्तः' आवर्जितः सन्, 'मूर्खवद्' बालिश इव, 'निधनं' विनाशम्, 'गतः' प्राप्त इति ॥३॥**

**મદ્યપાનના કેવળ પ્રત્યક્ષ દેખાતા જ દોષો છે એવું નથી, શાસ્ત્રમાં પણ સંભળાય છે, આને જણાવવા માટે કહે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ—** ઉગ્રતપથી અણિમાદિ આઠ પ્રકારની લબ્ધિઓને પ્રાપ્ત કરી હોવા છતાં (અથવા જ્ઞાનરૂપ તેજને પ્રાપ્ત કર્યું હોવા છતાં) એક ઋષિ દેવાંગનાઓથી આકર્ષિત બનીને મદ્યપાન કરવાથી મૂર્ખ માણસની જેમ મૃત્યુ પામ્યા એમ પુરાણ કથાઓમાં સંભળાય છે. અહીં **च + ऋषि** માં વિશેષ લક્ષણથી (નિયમથી) સંધિ થઇ નથી. (૩)

**एतदेव दर्शयन् श्लोकपञ्चकमाह—**

**कश्चिदृषिस्तपस्तेपे, भीत इन्द्रः सुरस्त्रियः।**
**क्षोभाय प्रेषयामास, तस्यागत्य च तास्तकम् ॥४॥**

**विनयेन समाराध्य, वरदाभिमुखं स्थितम् ।**
**जगुर्मद्यं तथा हिंसां, सेवस्वाब्रह्म वेच्छया ॥५॥**

**स एवं गदितस्ताभि-र्द्वयोर्नरकहेतुताम् ।**
**आलोच्य मद्यरूपं च, शुद्धकारणपूर्वकम् ॥६॥**

मद्यं प्रपद्य तद्भोगा-न्नष्टधर्मस्थितिर्मदात् ।
विदंशार्थमजं हत्वा सर्वमेव चकार सः ॥७॥

ततश्च भ्रष्टसामर्थ्यः, स मृत्वा दुर्गतिं गतः ।
इत्थं दोषाकरो मद्यं, विज्ञेयं धर्मचारिभिः ॥८॥

वृत्तिः— एषां गमनिका, 'कश्चित्' कोप्यनिर्दिष्टनामा, 'ऋषिः' बालतपस्वी, किल महाटव्यां वसन्, 'तपः' अनशनादिकं अतिघोररूपम्, 'तेपे' तप्यतेस्म, दिव्यं वर्षसहस्रं यावत्, ततो 'भीतो' महत्तपोऽनेन कृतं मामितो नाकिनिकायनायकपदात् पातयिष्यतीति भावनया भयमुपगतः, 'इन्द्रः' शतमखः, ततः, 'सुरस्त्रियः' नाकिनितम्बिनीस्तिलोत्तमाप्रमुखाः, 'क्षोभाय' क्षोभणनिमित्तम्, 'तस्य' इह सम्बन्धात्तस्य ऋषेः, 'प्रेषयामास' स्वर्गात्तत्राटव्यां प्रेषितवान्, ताश्च तत्तपस्तेजसा तद्वनप्रवेशं कर्तुमशक्नुवत्यो वनाद्बहिस्तदभिमुखकृतविकसितकुसुमप्रकरा मस्तकन्यस्तहस्तकुड्मलसम्पुटमतिप्रणत्य तद्गतगुणगानप्रधाननृत्यप्रबन्धं विदधुः, ततोऽसौ तदाक्षिप्तान्तःकरणश्चित्रलिखित इव बभूव, ततस्तास्तत्समीपमुपजग्मुः, 'आगत्य च' समीपीभूय च, 'ताः' सुरस्त्रियः, 'तकं' ऋषिम् ॥४॥

'विनयेन' विविधचाटुवचनाञ्जलिकरणपादपतनादिना, 'समाराध्य' प्रसन्नमानसं विधाय, 'वरस्य' अभिलषितार्थस्य दानं 'वरदानं' तस्य अभिमुखः प्रह्वो 'वरदाभिमुखः' तम्, 'स्थितं' सञ्जातम्, 'जगुः' नानाविधशपथदानपुरस्सरमुक्तवत्यः, यदुत, 'मद्यं' शीधु, 'तथा' इति समुच्चये, हिंसां प्राणिवधम्, 'सेवस्व' भजस्व, 'अब्रह्म वा' मैथुनं वा, 'वाशब्दो' विकल्पार्थः, 'इच्छया' इष्ट्या, यदेतेषु त्रिषु तुभ्यं रोचते तदित्यर्थः ॥५॥

'स' ऋषिः, 'एवम्' अनेन प्रकारेण, 'गदितो'ऽभिहितः, 'ताभिः' सुरस्त्रीभिः, 'द्वयोः' हिंसाऽब्रह्मणोः, 'नरकहेतुतां' निरयनिबन्धनताम्, 'आलोच्य' स्वशास्त्रानुसारेण निश्चित्य, तथा, 'मद्यरूपं' मदिरास्वभावम्, 'चशब्दः' आलोच्येतिक्रियानुकर्षणार्थः, किंविधमित्याह, 'शुद्धानि' निर्दोषाणि, 'कारणानि' निमित्तानि गुडधातकीजलप्रभृतीनि, 'पूर्वं' मद्यावस्थायाः प्राक्काले 'यस्य' तत्तथा ॥६॥

ततः, 'मद्यं' मदिराम्, 'प्रपद्य' तत् पास्यामीत्यङ्गीकृत्य, तस्य विचित्रचित्रमणिखण्डमण्डिततपनीयभाजनन्यस्तस्य सौरभ्यातिशयसमाकृष्टषट्पदपटलावनद्धगगनमण्डलस्य करणषट्चरणचक्रलाम्पट्यप्रकृष्टताकारकस्य ताभिः ससम्भ्रममुपनीतस्य मद्यस्य भोग आसेवनं तद्भोगस्तस्मात्, 'नष्टा' भ्रष्टा, 'धर्मस्य' कुशलानुष्ठानलक्षणस्य, 'स्थिति' र्व्यवस्था यस्य स तथा, ततश्च, 'मदात्' चित्तविप्लुतिलक्षणात्, 'विदंशार्थं' मद्यपानोपदंशार्थम्, 'अजं' छागम्, 'हत्वा' विनाश्य, सर्वमेव निरवशेषमपि यत्ताभिरभिहितमनभिहितं च पापमजपिशितपचननिमित्तमिन्धनार्थमाराध्यदेवतादारुमयप्रतिमास्फोटनादि तत्, 'चकार' कृतवान्, 'स' इत्यसावृषिः ॥७॥

**'ततश्च' मद्यासेवनानन्तरं पुनः, 'भ्रष्टसामर्थ्यो' निहततपोवीर्यः, 'स' ऋषिः, 'मृत्वा' प्राणान्परित्यज्य, दुर्गतिं नरकरूपाम्, 'गतः' प्राप्त इति दृष्टान्तः । 'अथ' प्रकृतयोजनायाह- 'इत्थम्' अनेन प्रकारेण, 'दोषाकरो' दूषणोत्पत्तिभूमिः, 'मद्यं' मदिरा, विज्ञेयं ज्ञातव्यम्, 'धर्मचारिभिः' कुशलानुष्ठानसेवाशीलैरिति ॥८॥**

## ॥ एकोनविंशतितमाष्टकविवरणं समाप्तम् ॥१९॥

**આ દૃષ્ટાંતને જ બતાવવા ગ્રંથકાર પાંચ શ્લોકોને કહે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ**— કોઇ ઋષિએ જંગલમાં રહીને હજારો વર્ષ સુધી ઉગ્રતપની સાધના કરી. ''ઉગ્રતપના પ્રભાવથી આ ઋષિ મને ઇંદ્રપદથી ચ્યુત કરશે.'' એવી આશંકાથી ઇંદ્ર ગભરાયો. ઋષિને તપથી=સાધનાથી પતિત કરવા ઇન્દ્રે દેવાંગનાઓને મોકલી. તેના તપતેજથી તે વનમાં પ્રવેશ કરવા અસમર્થ બનેલી દેવાંગનાઓએ વનની બહાર રહીને ઋષિની સામે ખીલેલાં પુષ્પો વર્ષાં. પછી મસ્તકે હાથરૂપ મુકુલસંપુટ કરીને (=અંજલિ જોડીને) અતિશય નમી. પછી ઋષિમાં રહેલા ગુણોના ગીતની પ્રધાનતાવાળું નાટક કર્યું. તેથી ઋષિનું ચિત્ત નાટક તરફ આકર્ષાયું અને જાણે ચિત્રમાં આલેખાયેલા હોઇ તેમ સ્થિર થઇ ગયા. પછી દેવાંગનાઓ તે ઋષિની પાસે આવીને વિવિધ પ્રિયવચનો બોલવાં, અંજલિ કરવી, પગે પડવું વગેરે દ્વારા ઋષિને પ્રસન્ન કર્યા. વરદાન આપવા તત્પર બનેલા ઋષિને વિવિધ પ્રકારના સોગંદ આપવા પૂર્વક દેવાંગનાઓએ કહ્યું: મદ્ય, હિંસા કે અબ્રહ્મ એ ત્રણમાંથી આપને જે ગમે તે એકનું સેવન કરો. આ સાંભળી ઋષિ વિચારમાં પડી ગયા. વિચારણા કરીને હિંસા અને અબ્રહ્મ નરકનાં કારણો છે. જ્યારે મદ્ય, ગોળ-ધાવડી-પાણી વગેરે શુદ્ધ વસ્તુઓથી બનેલું હોવાથી નિર્દોષ છે એમ સ્વશાસ્ત્રના અનુસારે નિર્ણય કર્યો. પછી મદ્યનું પાન કરીશ એમ સ્વીકારીને વિવિધ પ્રકારના અદ્ભુત મણિખંડોથી અલંકૃત સુવર્ણપાત્રમાં મૂકેલ, અતિશય સુગંધથી આકર્ષાયેલ, ભ્રમરસમૂહથી જેનું આકાશમંડલ ઘેરાયેલું છે, તેવા ઇંદ્રિયોની અને ભ્રમરસમૂહની આસક્તિને વધારનાર, દેવાંગનાઓ વડે સંભ્રમપૂર્વક પાસે મૂકેલ મદ્યનું સેવન કર્યું. તેથી તેની શુભાનુષ્ઠાનરૂપ ધર્મની વ્યવસ્થા નાશ પામી, અર્થાત્ અનુષ્ઠાનો સમયસર અને વિધિપૂર્વક કરવા જોઇએ, તેના બદલે અનુષ્ઠાનો ક્યારેક કરે, ક્યારેક ન કરે, સમયસર ન કરે, અવિધિથી કરે, ઇત્યાદિ રૂપે ધર્મની વ્યવસ્થા નાશ પામી. તેથી ચિત્તની અસ્થિરતાના કારણે મદ્યપાનના [1]ઉપદંશ માટે બકરાને હણ્યો. તથા બકરાના માંસને પકાવવા માટે લાકડા માટે આરાધ્યદેવની કાષ્ઠની પ્રતિમાને ભાંગવી વગેરે જે પાપ, તથા દેવાંગનાઓએ જે પાપ કરવાનું કહ્યું અને જે પાપ કરવાનું ન કહ્યું તે બધાં પાપો તેણે કર્યાં. મદ્યના સેવન પછી તપનું સામર્થ્ય હણાઇ ગયું. અંતે મરણ પામીને તે ઋષિ નરકરૂપ દુર્ગતિમાં ગયા. કુશલ અનુષ્ઠાન કરવાના સ્વભાવવાળા લોકોએ મદ્યને આ પ્રમાણે દોષોની ખાણ જાણવું. (૪ થી ૮)

## ઓગણીસમા મદ્યપાન દૂષણ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

૧. ઉપદંશ એ મદ્યપાન કર્યા પછી પ્રીતિ ઉત્પન્ન કરનાર એક પ્રકારનું ચાટણ છે. જેમ ખોરાક ખાધા પછી મુખવાસ લેવામાં આવે છે તેમ મદ્યપાન કર્યા પછી ઉપદંશનો ઉપયોગ કરવામાં આવે છે. **उपदंशस्त्ववदंशश्चक्षणं मद्यपाशनम्** (અભિ.ચિં. શ્લોક ૯૦૭)

## ॥२०॥ अथ विंशतितमं मैथुनदूषणाष्टकम् ॥

अथ यदुक्तं 'न च मैथुने दोषः' इति तन्निराचिकीर्षुराह—

**रागादेव नियोगेन, मैथुनं जायते यतः ।**
**ततः कथं न दोषोऽत्र, येन शास्त्रे निषिध्यते ॥१॥**

वृत्तिः— रागोऽभिष्वङ्गलक्षणः, अथवा स्नेहरागविषयरागदृष्टिरागभेदात् त्रिविधो रागः, तत्राद्यो पत्यादिषु, द्वितीयः पुंवेदादिरूपः, तृतीयो वादिनां स्वदर्शनपक्षपातरूपः तत्र 'रागात्' कामोदयरूपात्, 'एवशब्दो'ऽनाभोगमाध्यस्थ्यादिव्यवच्छेदार्थः 'नियोगेन' अवश्यम्भावेन, अनेन च मैथुने माध्यस्थ्येन प्रवृत्त्यसम्भवोपदर्शनेन मैथुनव्रतस्य निरपवादतामाह, आह च-''न वि किंचि अणुन्नायं, पडिसिद्धं वा वि जिणवरिंदेहिं । मुत्तुं मेहुणभावं, न तं विणा रागदोसेहिं ति[३] ॥१॥'' मिथुनस्य प्रायः स्त्रीपुरुषद्वन्द्वस्य कर्म 'मैथुनम्,' 'जायते' उपपद्यते, 'यतो' यस्मात्, 'ततः' तस्मात्, 'कथं' केन प्रकारेण, 'न' नैव, 'दोषो' दूषणम्, रागलक्षणस्तज्जन्यकर्मबन्धलक्षणो वा, 'अत्र' एतस्मिन्मैथुने, 'येन' कारणेन, 'शास्त्रे' 'न च मैथुने दोषः' इत्येवंलक्षणे ग्रन्थे, 'निषिध्यते' निराक्रियते, त्वया दोष इति गम्यम्, अथवा चकारदर्शनात् येन च यतश्च शास्त्रे निषिध्यते मैथुनमतः कथं न दोषः अथवा यदि नाम रागाज्जायते मैथुनं तदा जायताम्, कुतोऽत्र दोषसद्भावः, उच्यते, येन कारणेन शास्त्रे निषिध्यते, राग इत्यनुवर्तते, आह च-''को दुक्खं पाविज्जा, कस्स व सोक्खेहिं विह्मओ हुज्जा । को व न लभेज्ज मोक्खं, रागद्दोसा जइ न होज्जा[४] ॥१॥'' अतः शास्त्रनिषिद्धरागपूर्वकत्वान्मैथुने कथं न दोष इति हृदयम् । प्रयोगोऽत्र- यद्रागजन्यं तत्सदोषम्, यथा हिंसाविशेषः, रागजन्यं च मैथुनम्, अतः सदोषमिति ॥१॥

## વીસમું મૈથુનદૂષણ અષ્ટક

(મનુસ્મૃતિગ્રંથમાં માંસભક્ષણ અને મદ્યપાનની જેમ મૈથુનસેવનને પણ નિર્દોષ કહેવામાં આવ્યું છે. આ અષ્ટકમાં મૈથુનસેવનને દોષનું કારણ જણાવીને મનુસ્મૃતિમાં કહેલ વિધિ મુજબ મૈથુનસેવન પણ નિર્દોષ નથી, અને મૈથુનને નિર્દોષ કહેનાર વચન અપ્રામાણિક છે એ સિદ્ધ કરવામાં આવ્યું છે.)

હવે **''મૈથુનમાં દોષ નથી''** એમ જે કહ્યું તેનું નિરાકરણ કરવા માટે કહે છે—

**શ્લોકાર્થ—** મૈથુન અવશ્ય રાગથી જ થાય છે. આથી મૈથુનમાં દોષ કેમ નથી ? જેથી શાસ્ત્રમાં દોષનો નિષેધ કરવામાં આવે છે.

**મૈથુન=**મિથુનની=પ્રાયઃ કરીને સ્ત્રીપુરુષ દ્વન્દ્વની જે ક્રિયા તે મૈથુન.

**અવશ્ય રાગથી જ—** અહીં ''જકાર'' અનાભોગ અને માધ્યસ્થ્ય આદિનો વ્યવચ્છેદ કરવા માટે છે.

३. नापि किञ्चिदनुज्ञातं प्रतिषिद्धं वापि जिनवरेन्द्रैः । मुक्त्वा मैथुनभावं न तद्विना रागद्वेषाभ्यामिति ॥१॥

४. को दुःखं प्राप्नुयात् कस्य वा सौख्यैर्विस्मयो भवेत् । को वा न लभेत मोक्षं रागद्वेषौ यदि न भवेताम् ॥१॥

તથા અવશ્યશબ્દના પ્રયોગથી મૈથુનમાં માધ્યસ્થ્યથી પ્રવૃત્તિનો અસંભવ છે એ જણાવવા દ્વારા મૈથુનવ્રત નિરપવાદ છે એમ કહ્યું. મૈથુનવ્રતમાં કોઇ અપવાદ નથી એ વિષે કહ્યું છે કે-"**તીર્થંકરોએ માસકલ્પ વિહાર વગેરે જે જે કરવાનું કહ્યું છે "તે તે કરવું જ" એવી એકાંતે આજ્ઞા નથી કરી, તથા (અશુદ્ધ ભિક્ષા વગેરે) જેનો જેનો નિષેધ કર્યો છે તે તે "ન જ કરવું" એમ એકાંતે નિષેધ કર્યો નથી. આ નિયમ મૈથુનભાવ સિવાય છે. મૈથુનમાં કોઇ અપવાદ નથી. કારણ કે મૈથુન રાગ-દ્વેષ વિના થતું નથી.**" (ધર્મસંગ્રહણી— ૧૦૬૪)

**રાગ**—અભિષ્વંગ (=આસકિત) રૂપ છે. અથવા સ્નેહરાગ, વિષયરાગ, દૃષ્ટિરાગ એમ ત્રણ પ્રકારનો રાગ છે. તેમાં પતિ આદિમાં રાગ તે સ્નેહરાગ છે. પુરુષવેદ આદિ વિષયરાગ છે, અર્થાત્ પુરુષવેદના ઉદયથી થતી સ્ત્રીભોગની ઇચ્છા વગેરે વિષયરાગ છે. (પાંચ ઇંદ્રિયોના વિષયોની ઇચ્છા એ વિષયરાગ છે. એવો તાત્પર્યાર્થ છે.) વાદીઓનો પોતાના દર્શન ઉપર પક્ષપાત એ દૃષ્ટિરાગ છે.

**દોષ**=રાગરૂપ દોષ અથવા રાગથી થનાર કર્મબંધરૂપ દોષ.

અથવા પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે છે-શાસ્ત્રમાં રાગનો નિષેધ છે. એથી મૈથુનમાં દોષ કેમ નથી ? શાસ્ત્રમાં નિષિદ્ધ મૈથુન રાગપૂર્વક થતું હોવાના કારણે મૈથુનમાં દોષ કેમ નથી ? અર્થાત્ છે જ, એવો ભાવાર્થ છે.

રાગ વિષે કહ્યું છે કે-"**જો જીવમાં રાગ-દ્વેષ ન હોત તો (દુ:ખનું કારણ જવાથી) કયો જીવ દુ:ખ પામત ? અને કોને (સુખના પ્રતિબંધક રાગ-દ્વેષના અભાવે સુલભ થતા) સુખો પામવાથી વિસ્મય થાત ? (રાગ-દ્વેષાભાવથી) કોણ મોક્ષ ન પામત ?** (ઉપદેશ માલા- ૧૨૯)

અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે— જે કાર્ય રાગથી થાય તે દોષથી યુક્ત હોય. જેમકે વિશેષ પ્રકારની હિંસા. મૈથુનરાગથી થાય છે. આથી દોષથી યુક્ત છે. (૧)

**अथ पक्षैकदेशासिद्धोऽयं हेतुरिति परमतमाशङ्कमान आह—**

**धर्मार्थं पुत्रकामस्य, स्वदारेष्वधिकारिणः ।**
**ऋतुकाले विधानेन, यत्स्याद् दोषो न तत्र चेत् ॥२॥**

**वृत्तिः— 'धर्मार्थं' पुण्यनिमित्तम्, 'पुत्रकामस्य' सुतार्थिनः, अपुत्रस्य हि धर्मो न भवति, यदुच्यते- "अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैव च नैव च । तस्मात्पुत्रमुखं दृष्ट्वा पश्चाद्धर्मं चरिष्यति (समाचरेत्) ॥१॥" इति । 'स्वदारेषु' स्वकलत्रे, न तु परकलत्रे, वेश्यायां वा, तदधिगमस्यानर्थहेतुत्वात्, यदाह- "कुलानि पातयत्यष्टौ, परदारानधिगच्छति । स्वयं च नष्टसंस्कारः, षण्ढत्वं लभते मृतः ॥१॥" तथा "❋ वृषलीफेनपीतस्य, निःश्वासोपहतात्मनः । तस्याश्चैव प्रसूतेश्च, निष्कृतिर्नोपपद्यते ॥१॥" तस्याश्चैव प्रसूतेश्च वृषलीप्रसवस्य च निष्कृतिः प्रतिक्रिया शुद्धिरित्यर्थः । 'अधिकारिणो' गृहस्थस्य, न यतेः, तस्य कलत्राद्यभावात्, 'ऋतुकाले' आर्तवसम्भवावसरे, अन्यदा दोषसम्भवात्, यदाह- "ऋतुकाले व्यतिक्रान्ते, यस्तु सेवेत मैथुनम् । ब्रह्महत्याफलं तस्य, सूतकं च दिने दिने ॥१॥" 'विधानेन' स्त्रीशरीरनवनीतदर्भा-**

❋ पितुर्गेहे च या नारी रजः पश्यत्यसंस्कृता । भ्रूणहत्या पितुस्तस्याः सा कन्या वृषली स्मृता ॥१॥

**च्छादनदर्भमणिमूलबन्धनादिना स्मृतिमार्गाभिहितेन विधिना, 'यत्' मैथुनम्, 'स्यात्' भवेत्, 'दोषो' दूषणम्, 'न' नैव, 'तत्र' मैथुने गतरागप्रवृत्तत्वाद् वेदनादिकारणाश्रितभोजन इवेति, 'चेत्' यदि मन्यसे त्वं परः, अनेन च पक्षैकदेशासिद्धता हेतोर्दर्शिता, न च मैथुने दोष इत्यस्य च पक्षस्य विषयविशेषोपदर्शनेनाव्याहतिरभिहितेति ॥२॥**

**હેતુ રાગપક્ષના (=મૈથુનના) એકદેશમાં [1]અસિદ્ધ છે. એમ પરમતની આશંકા કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પોતાની સ્ત્રીમાં અધિકારી (=હકદાર) અને ધર્મ માટે પુત્રની ઇચ્છાવાળા ગૃહસ્થનું ઋતુકાળે વિધિથી જે મૈથુન થાય તે મૈથુનમાં દોષ નથી એમ તમે જો કહેતા હો તો નીચે પ્રમાણે ઉત્તર છે. (૨)

**ટીકાર્થ— પોતાની સ્ત્રીમાં અધિકારી—** ગૃહસ્થ પોતાની સ્ત્રીમાં અધિકારી છે. સાધુ નહિ. કેમકે તેને સ્ત્રી વગેરે ન હોય. ''પોતાની સ્ત્રીમા'' એમ કહીને પરસ્ત્રીમાં અને વેશ્યામાં ગૃહસ્થ પણ અધિકારી નથી એમ જણાવ્યું છે. કારણકે પરસ્ત્રીગમન કે વેશ્યાગમન અનર્થનું કારણ છે. કહ્યું છે કે-''**જે પરસ્ત્રી ગમન કરે છે તે આઠકુળોનો નાશ કરે છે. સુસંસ્કારોથી ભ્રષ્ટ થયેલો તે સ્વયં મરીને નપુંસકપણાને પામે છે. તથા [2]વૃષલીના આંસુઓ જેણે પીધા છે અને વૃષલીના નિઃસાસાથી જેનો આત્મા હણાયેલો છે તેવા પુરુષની, વૃષલીની અને વૃષલીના સંતાનની શુદ્ધિ થતી નથી.**''

**ધર્મ માટે પુત્રની ઇચ્છાવાળા—** પુત્રરહિતને ધર્મ ન થાય. કહ્યું છે કે-''**પુત્રરહિતની (મોક્ષ) ગતિ નથી અને સ્વર્ગ નથી જ. તેથી પુત્રનું મુખ જોયા પછી ધર્મને આચરે.**''

**ઋતુકાળે**=આર્તવ થવાના અવસરે. ઋતુકાળ સિવાય (રજોદર્શનના ત્રણ દિવસો છોડીને પછીની બાર રાત્રિ સિવાય) સ્વસ્ત્રી સાથે પણ મૈથુન સેવનમાં દોષ થાય. કહ્યું છે કે-''**ઋતુકાળ વીતી ગયા પછી જે મૈથુન સેવે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે અને દરરોજ સૂતક લાગે.**''

**વિધિથી**—(આનો અર્થ સમજાયો નથી માટે લખ્યો નથી.)

**તે મૈથુનમાં દોષ નથી—** કારણ કે તેવા મૈથુનમાં રાગ વિના પ્રવૃત્તિ થાય છે. જેમ ક્ષુધાવેદના વગેરે કારણોથી થતા ભોજનમાં દોષ નથી તેમ આવા મૈથુનમાં દોષ નથી.

આ શ્લોકથી હેતુની પક્ષના એકદેશમાં અસિદ્ધિ (=ગેર હાજરી) બતાવી. મૈથુનમાં દોષ નથી એવા પક્ષનો વિશેષ વિષય બતાવીને [1]વ્યાઘાતનો અભાવ કહ્યો છે. (૨)

---

૧. ધર્મ વગેરે માટે સેવાતા મૈથુનમાં રાગ નથી. માટે હેતુ પક્ષના એકદેશમાં અસિદ્ધ છે.

૨. વૃષલી એટલે પરપુરુષ સાથે મૈથુન કરનારી સ્ત્રી. કહ્યું છે કે-
**स्ववृषं या परित्यज्य परवृषे वृषायते । वृषली सा हि विज्ञेया, न शूद्री वृषली भवेत् ।**

૧. કોઇએ અમુક પદાર્થને જે રીતે સિદ્ધ કર્યો હોય તે પદાર્થને બીજા કોઇથી તે જ પ્રમાણે બીજી રીતે જે સિદ્ધ કરાય તે વ્યાઘાત છે. પ્રસ્તુતમાં વાદીએ મૈથુનમાં દોષ નથી એવો જે પક્ષ મૂક્યો છે તે આવા વ્યાઘાત દોષથી રહિત છે એમ વાદીનું માનવું છે. ટૂંકમાં-મૈથુનમાં દોષ છે એવો પક્ષ દોષયુક્ત છે અને મૈથુનમાં દોષ નથી એવો પક્ષ નિર્દોષ છે. એમ વાદીનું કહેવું છે.

अत्राचार्य उत्तरमाह—

नापवादिककल्पत्वा-न्नैकान्तेनेत्यसङ्गतम् ।
वेदं ह्यधीत्य स्नायाद् यदधीत्यैवेति शासितम् ॥३॥

वृत्तिः— धर्मार्थमित्यादिविशेषणोपेतमैथुने न दोष इति यदुक्तं तत्, 'न' नैव, कुत इत्याह- 'अपवादो' हि विशेषोक्तिविधिः, तत्रापवादे भव आपवादिकः, स चासौ कल्पश्चाचार आपवादिककल्प आपवादिकप्रायं वाऽऽपवादिककल्पम्, तद्भावस्तत्त्वम्, तस्मात् 'आपवादिककल्पत्वात्,' व्यसनगतस्य स्वमांसभक्षणवदिति दृष्टान्तोऽभ्यूह्यः, अयमभिप्रायः- यद्यप्यपवादेन स्वमांसाद्यासेव्यते तथापि तत्स्वरूपेण निर्दोषं न भवति, प्रायश्चित्ताद्यप्रतिपत्तिप्रसङ्गात्, किं तर्हि गुणान्तरकारणत्वेन गुणान्तरार्थिना तदाश्रीयत इति, 'एवं' मैथुनं स्वरूपेण सदोषमप्याकौमाराद्यतित्वपालनासहिष्णुर्गुणान्तरापेक्षी समाश्रयते, सर्वथा निर्दोषत्वे तु आकुमारत्वाद्यतित्वपालनोपदेशोऽनर्थकः स्यात् गार्हस्थ्यत्यागोपदेशश्च, इत्यतः साधूक्तं धर्मार्थादिविशेषणेन मैथुने दोषाभाव आपवादिककल्पत्वात्तस्येति, ततश्च, 'नैकान्तेन' सर्वथा मैथुने दोष इति यदुक्तं 'न च मैथुने' इत्यनेन वचनेन इत्येतत्, 'असङ्गतम्' अयुक्तम्, रागादिभावेन कथञ्चित् तस्य सदोषत्वात्, धर्मार्थिनोऽपि हि पुंसो मैथुने मेहनविकारकारिणः कामोदयस्य तथाविधारम्भपरिग्रहयोश्चावश्यम्भावित्वात्, न च कामोद्रेकं विना मेहनविकारविशेषः सम्भवति भयाद्यवस्थायामिवेति, 'आपवादिककल्पत्वात्' इति क्वचित्पठ्यते, तत्रैकवाक्यतया व्याख्या कार्या, अथ कथमापवादिककल्पत्वं धर्मार्थादिविशेषणयुक्तमैथुनस्येत्याह, 'वेदं' ऋगादिकम्, 'हिशब्दो' वाक्यालङ्कारार्थः, 'अधीत्य' पठित्वा, 'स्नायात्' कलत्रसंग्रहाय स्नानं कुर्यात्, इत्यत्र वेदवाक्ये वेदव्याख्यातृभिः, 'यत्' इति यस्मात्, 'अधीत्यैव' वेदं पठित्वैव, नापठित्वा स्नायादित्येवमवधारणम्, 'शासितं' व्याख्यातमिति ॥३॥

અહીં આચાર્ય ઉત્તર આપે છે—

**શ્લોકાર્થ**— (**न=**) વિધિમુજબ સેવેલ મૈથુન પણ નિર્દોષ નથી. કારણ કે (**आपवादिककल्पत्वात्=**) મૈથુન આપવાદિક આચાર (=ક્રિયા) છે. **नैकान्तेनेत्यसङ्गतम्=**સર્વથા મૈથુનમાં દોષ નથી એવું કથન અસંગત છે. વેદ ભણીને (મૈથુન સેવન માટે) સ્નાન કરે એ વાક્યનો વેદ ભણીને જ (મૈથુન સેવન માટે) સ્નાન કરે એવો અર્થ કર્યો છે. (૩)

**ટીકાર્થ—धर्मार्थं** ઇત્યાદિ વિશેષણથી યુક્ત મૈથુનમાં દોષ નથી એવું જે કહ્યું તે બરોબર નથી. કારણ કે મૈથુનસેવન આપવાદિક ક્રિયા છે અહીં સંકટમાં પડેલો માણસ સ્વમાંસનું ભક્ષણ કરે એ દૃષ્ટાંત જાણવું. અહીં અભિપ્રાય આ છે-જો કે અપવાદથી સ્વમાંસાદિનું સેવન કરાય છે તો પણ માંસસેવન સ્વરૂપથી નિર્દોષ નથી. જો માંસસેવન સ્વરૂપથી નિર્દોષ હોય તો માંસસેવનમાં પ્રાયશ્ચિત્ત આદિનો સ્વીકાર ન કરવો પડે. (શાસ્ત્રમાં માંસસેવનમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે.) આથી માંસભક્ષણ સ્વરૂપથી દોષિત છે. આમ છતાં અન્યગુણનું (અટવી નિસ્તાર, કુટુંબ પાલન, અધિકકાળ સુધી ધર્મ વગેરે ગુણનું) કારણ હોવાના કારણે અન્યગુણની અપેક્ષાવાળો

મનુષ્ય (સંકટમાં) માંસભક્ષણ કરે છે. તેમ મૈથુન સેવન સ્વરૂપથી દોષિત હોવા છતાં બાલ્યાવસ્થાથી ચારિત્રપાલન માટે અસમર્થ અને અન્યગુણની (=વ્યભિચારનો અભાવ, વાસના નિયંત્રણ વગેરે ગુણોની) અપેક્ષાવાળો મનુષ્ય મૈથુનસેવન કરે છે. જો મૈથુનસેવન સર્વથા નિર્દોષ હોય તો બાલ્યાવસ્થાથી જ ચારિત્ર પાલનનો અને ગૃહસ્થપણાના ત્યાગનો ઉપદેશ નિરર્થક થાય. આથી **धर्मार्थं** ઇત્યાદિ વિશેષણના કારણે મૈથુનમાં દોષ નથી એવું કથન બરોબર નથી. કારણકે કથંચિત્ રાગાદિભાવના કારણે તે દોષયુક્ત છે. ધર્માર્થી પણ પુરુષને મૈથુનમાં જનનેંદ્રિયની ઉત્તેજના કરનાર કામોદય અવશ્ય થાય છે. તથા (પત્ની આદિ માટે) આરંભ અને પરિગ્રહ દોષ પણ અવશ્ય લાગે, કામની અધિકતા વિના જનનેંદ્રિયની વિશેષ ઉત્તેજના ન થાય.

જો કામની અધિકતા વિના પણ તેવી ઉત્તેજના આવતી હોય તો ભય વગેરે અવસ્થામાં પણ તેવી ઉત્તેજના આવવી જોઇએ પણ આવતી નથી.

ધર્માર્થ આદિ વિશેષણથી યુક્ત મૈથુન આપવાદિક ક્રિયા કેમ છે એ અંગે કહે છે-વેદ ભણીને સ્ત્રીસંગ કરવા માટે સ્નાન કરે એવું વેદ વાક્ય છે. આ વેદવાક્યને વેદનું વ્યાખ્યાન કરનારાઓએ વેદ ભણીને જ (સ્ત્રીસંગ માટે) સ્નાન કરે, વેદને ભણ્યા વિના સ્નાન ન કરે એવા અવધારણવાળું વ્યાખ્યાન કર્યું છે. (૩)

**विपर्ययमाह—**

**स्नायादेवेति न तु यत् तत्तो हीनो गृहाश्रमः ।**
**तत्र चैतदतो न्यायात् प्रशंसास्य न युज्यते ॥४॥**

**वृत्तिः— वेदमधीत्य 'स्नायादेव' वेदाध्ययनानन्तरं कलत्रसंग्रहाय स्नानं कुर्यादेव, 'इति' एवं 'न तु' न पुनरवधारणं शासितम्, अत औत्सर्गिको मैथुनपरिहार आपवादिकं मैथुनमित्यभिहितम्, अनेन चापवादिकेऽपि तत्र रागभावसूचनातो रागजन्यत्वहेतोः पक्षैकदेशासिद्धता परिहृता, अथाधिकृतवाक्यार्थनिगमनायाह- 'यत्' इति यस्मादेवमवधारणविधिः, 'ततः' तस्मात्कारणात्, 'हीनो' 'गृहाश्रमो' गृहस्थत्वम्, यत्याश्रमापेक्षयेति गम्यम्, ततः किमित्याह- 'तत्र' च तस्मिन् पुनर्गृहस्थाश्रमे 'एतत्' मैथुनं धर्मार्थादिविशेषणं सम्भवति, तत्रैव दारसंग्रहात् 'अत' एतस्मात्, 'न्यायात्' नीतेः, 'प्रशंसा' श्लाघा, 'अस्य' मैथुनस्य, 'न युज्यते' न घटते, यत्याश्रमापेक्षया हीनगृहाश्रमसम्भवित्वेन हीनत्वादस्येति भावः, यच्चोक्तं पुत्रार्थमित्यत्रापुत्रस्य गतिर्नास्तीति, तदयुक्तम्, परमतेनैव तस्य बाधितत्वात्, यदाह- ''अनेकानि सहस्राणि, कुमारब्रह्मचारिणाम् । दिवं गतानि विप्राणा-मकृत्वा कुलसंततिम्'' ॥१॥ इति ॥४॥**

**ઉક્તથી વિપરીત કહે છે—**

**શ્લોકાર્થ—** વેદ ભણીને (સ્ત્રીસંગ માટે) સ્નાન કરે જ એવા અવધારણવાળું વ્યાખ્યાન કર્યું નથી. તેથી ગૃહસ્થાશ્રમ હીન છે. (**तत्र चैतद्=**) ગૃહસ્થાશ્રમમાં મૈથુન સંભવે છે. આથી ન્યાયથી મૈથુનની પ્રશંસા ઘટતી નથી.

**ટીકાર્થ—** વેદનું અધ્યયન કર્યા પછી સ્ત્રીસંગ કરવા માટે સ્નાન કરે જ એવા અવધારણવાળું વ્યાખ્યાન કર્યું નથી. આનાથી મૈથુન ત્યાગ ઔત્સર્ગિક છે, અને મૈથુન આપવાદિક છે એમ કહ્યું, અને એમ કહેવાથી

આપવાદિક પણ મૈથુનમાં રાગભાવનું સૂચન કરીને પૂર્વે વાદીએ મૈથુન રાગથી થાય છે એ હેતુ પક્ષના એકદેશમાં અસિદ્ધ છે એમ જે કહ્યું હતું તેનો પરિહાર (=નિરાકરણ) કર્યો.

હવે પ્રસ્તુત વેદવાક્યના અર્થનો ઉપસંહાર કરવા માટે કહે છે— **(यत्=)** જે કારણથી આ પ્રમાણે અવધારણવિધિ છે. **(ततः=)** તે કારણથી ગૃહસ્થાશ્રમ સંન્યાસાશ્રમની અપેક્ષાએ હીન=ઉતરતી કોટિનો છે. ગૃહસ્થાશ્રમમાં ધર્માર્થ આદિ વિશેષણવાળું મૈથુન સંભવે છે. કારણ કે ગૃહસ્થાશ્રમમાં જ સ્ત્રીસંગ થાય છે. સંન્યાસાશ્રમની અપેક્ષાએ હીન એવા ગૃહસ્થાશ્રમમાં મૈથુનનો સંભવ હોવાથી મૈથુન હીન છે. આથી મૈથુનની પ્રશંસા વ્યાજબી નથી.

પૂર્વે "પુત્ર માટે સ્ત્રીસંગ કરે" એવા કથનમાં "પુત્ર રહિતની ગતિ નથી" એમ જે કહ્યું છે તે અયુક્ત છે. કારણકે પરમતથી જ (=વાદીના મતથી જ) પુત્રરહિતની ગતિ નથી એ કથન બાધિત થાય છે. કહ્યું છે કે- **"બાલ્યાવસ્થાથી બ્રહ્મચારી એવા અનેક હજાર બ્રાહ્મણો કુલસંતતિને (=કુળની પરંપરા ચલાવે, કુળને વિચ્છેદ ન થવા દે તેવી) કર્યા વિના મોક્ષમાં ગયા છે."** (મનુસ્મૃતિ ૫-૧૫૯) (૪)

**अथ यदुक्तं प्रशंसास्य न युज्यते इत्यत्र परमतमाशङ्कमान आह—**

**अदोषकीर्तनादेव, प्रशंसा चेत् कथं भवेत् ।**
**अर्थापत्त्या सदोषस्य, दोषाभावप्रकीर्तनात् ॥५॥**

**वृत्तिः— 'अदोषो' दूषणाभावस्तस्य कीर्तनं ''न च मैथुने'' इत्यनेन मनुवचनेन संशब्दनम् 'अदोषकीर्तनम्' 'तस्मादेव' निमित्तान्तरव्यवच्छेदार्थमवधारणम्, 'प्रशंसा' श्लाघा, मैथुनस्य युज्यत इति शेषः, 'चेत्' यद्येवं मन्यसे, तदा यो दोषस्तमाह- 'कथं' केन प्रकारेण, न कथञ्चिदित्यर्थः, 'भवेत्' जायेत, प्रशंसेति वर्तते, 'अर्थापत्त्या' वेदं ह्यधीत्य स्नायादिति पूर्वोक्तप्रमाणेन, 'सदोषस्य' पापस्वरूपस्य मैथुनस्य, 'दोषाभावप्रकीर्तनात्' न च मैथुने इत्येवं लक्षणाद्दोषाभावोक्तिमात्रादेवाप्रमाणकादिति, न हि यदर्थापत्त्या दोषवदिति निश्चितं तदप्रमाणकेन वचनमात्रेण निर्दोषमिति प्रतिपत्तुं शक्यमिति भावः। अथवा प्रशंसाऽस्य न युज्यत इति यदुक्तं, तदयुक्तम्, यतो न मया तत्प्रशंसितम्, किन्तु निर्दोषमित्युक्तम्, इत्याशङ्क्य परिहरन्नाह- अदोषेत्यादि, अदोषकीर्तनमात्रादेव कथं प्रशंसास्य भवतीति चेदिति परमतं, सूरिराह- 'अर्थापत्त्या' भवति, अथ तामेवाह- 'सदोषस्य दोषाभावप्रकीर्तनात्' प्रशंसा कृता भवतीति ॥५॥**

**હવે 'મૈથુનની પ્રશંસા ઘટતી નથી.' એમ જે કહ્યું, એ વિષે પરમતની આશંકા કરતા ગ્રંથકર કહે છે—**

**શ્લોકાર્થ—** મૈથુનમાં દોષનો અભાવ કહ્યો હોવાથી જ **(प्रशंसा=)** મૈથુનની પ્રશંસા યુક્ત છે. **(चेत्=)** એમ તમે માનતા હો તો (અમે કહીએ છીએ કે) અર્થાપત્તિથી દોષવાળા મૈથુનમાં દોષનો અભાવ કહ્યો હોવાથી મૈથુનની પ્રશંસા કેવી રીતે થાય ? (૫)

**ટીકાર્થ—** **"न च मैथुने"** એવા મનુવચનથી મૈથુનમાં દોષનો અભાવ કહ્યો હોવાથી જ મૈથુનની પ્રશંસા યુક્ત છે. એમ તમે માનતા હો તો જે દોષ થાય તેને ગ્રંથકાર કહે છે-અર્થાપત્તિથી=વેદ ભણીને સ્નાન કરે એવા

પૂર્વોક્ત પ્રમાણથી પાપસ્વરૂપ નિશ્ચિત થયેલા મૈથુનમાં દોષાભાવ કહેનાર ''**न च मैथुने**'' એવા અપ્રામાણિક વચનમાત્રથી જ પ્રશંસા કેવી રીતે થાય ? કોઇ પણ રીતે પ્રશંસા ન થાય. જે અર્થાપત્તિથી દોષવાળું નિશ્ચિત થયેલું હોય તે અપ્રામાણિક વચનમાત્રથી નિર્દોષ તરીકે સ્વીકારવાનું અશક્ય છે એવો અહીં ભાવ છે.

અથવા આ શ્લોકની અવતરણિકા અને શ્લોકાર્થ આ પ્રમાણે છે-

કદાચ વાદી કહે કે મૈથુનની પ્રશંસા ઘટતી નથી એમ જે કહ્યું તે યુક્ત નથી. કારણ કે મેં મૈથુનની પ્રશંસા કરી નથી, કિંતુ મૈથુન નિર્દોષ છે એમ કહ્યું છે. આવી શંકા કરીને તેનો પરિહાર કરતા ગ્રંથકાર કહે છે—

દોષનો અભાવ કહેવામાત્રથી જ મૈથુનની પ્રશંસા કેવી રીતે થાય ? એવો જો પરમત હોય તો આચાર્ય કહે છે-અર્થાપત્તિથી પ્રશંસા કરેલી થાય છે. તે આ પ્રમાણે-જે દોષિત છે તેને નિર્દોષ કહેવાથી પ્રશંસા કરેલી થાય છે, અર્થાત્ દોષિતને નિર્દોષ કહેવું એ જ પ્રશંસા છે. (૫)

**यदुक्तमदोषकीर्तनात् प्रशंसास्य युक्तेति तत्रादोषतोक्तेरेवाव्याप्यत्वमुपदर्शयन्नाह—**

**तत्र प्रवृत्तिहेतुत्वात्, त्याज्यबुद्धेरसम्भवात् ।**
**विध्युक्तेरिष्टसंसिद्धे-रुक्तिरेषा न भद्रिका ॥६॥**

**वृत्तिः— 'उक्तिः' न मांसभक्षणे दोष इत्यादिभणनम्, 'एषा' अनन्तराभिहिता इति धर्मिनिर्देशः, 'न भद्रिका' न शोभना इति साध्यधर्मनिर्देशः, कुत इत्याह- 'तत्र' मैथुनेऽर्थापत्त्या प्रागुपदर्शितदोषे, 'प्रवृत्तिहेतुत्वात्' प्राणिनां प्रवर्तननिबन्धनत्वादिति हेतुः, प्रयोगश्चैवं- या प्राणिनां सदोषपदार्थे प्रवृत्तिहेतुभूतोक्तिः सा न भद्रिका, यथा हिंसानिर्दोषतोक्तिः, सदोषमैथुनप्रवृत्तिहेतुश्चेयं न मांसेत्यादिकोक्तिरिति, प्रवृत्तिहेतुत्वमेव कुत इत्याह- 'त्याज्यबुद्धेरसम्भवात्' त्याज्यं मैथुनमेवम्भूता बुद्धिस्तस्या असम्भवात् अनुत्पादात्, न मैथुने दोष एतामुक्तिं श्रद्दधानस्य कस्य नाम त्याज्यमिदमित्येषा बुद्धिराविरस्तीति त्याज्यबुद्ध्यभावे च को नाम न तत्र प्रवर्त्तेत इति । त्याज्यबुद्ध्यसंभव एव कुत इत्याह- विधिर्विधानमनुष्ठानं मैथुनस्य, तस्योक्तिर्भणितिर्विध्युक्तिस्ततो 'विध्युक्तेः', को हि नाम मैथुने न दोषोऽस्तीति वचनाद्विधेयं मैथुनं न प्रतिपद्यत इति, नन्वनेन वचनेन दोषाभावमात्रमेव मैथुनस्योक्तमिति कथमियं विध्युक्तिः स्यादित्याह- इष्टस्य अनादिमहामोहवासनावासितमानसानां देहिनामभिलषितस्य मैथुनस्येतो मैथुननिर्दोषताभिधायकवचनात् संसिद्धिर्निष्पत्तिः इष्टसंसिद्धिस्तत 'इष्टसंसिद्धेः', को हि तस्य निर्दोषतामवगम्य तदिष्टं 'न निष्पादयति', इष्टं चेदं सर्वप्राणभृतामिति, आह च- ''कामिनीसन्निभा नास्ति, देवतान्या जगत्त्रये । यां समस्तोऽपि पुंवर्गो, धत्ते मानसमन्दिरे ॥१॥'' अतः उक्तिरेषा न भद्रिकेति व्याख्यातमेव । अथवा उक्तिरेषा न भद्रिकेत्यस्यां प्रतिज्ञायां प्रवृत्तिहेतुत्वादयो भिन्नाश्चत्वारो हेतव इति ॥६॥**

**નિર્દોષ કહેવાથી મૈથુનની પ્રશંસાયુક્ત છે એમ જે (પાંચમા શ્લોકમાં) કહ્યું તેમાં નિર્દોષ કથન જ (=મૈથુનમાં નિર્દોષતાનું પ્રતિપાદન કરનાર વચન જ) અહેતુ છે=મૈથુનમાં નિર્દોષતાને સિદ્ધ કરવા સમર્થ નથી એમ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** દોષિત મૈથુનમાં પ્રવૃત્તિ કરાવનાર હોવાથી, મૈથુન દોષિત હોવાથી ત્યાજ્ય છે એવું જ્ઞાન ન થવાથી, (બલ્કે અન્ય કર્તવ્ય અનુષ્ઠાનોની જેમ) મૈથુન વિધેય છે એમ કહેવાથી, ઇષ્ટની સિદ્ધિ થવાથી, "મૈથુનમાં દોષ નથી." એ વચન શુભ નથી. (૭)

**ટીકાર્થ— દોષિત મૈથુનમાં પ્રવૃત્તિ કરાવનાર હોવાથી—** "મૈથુનમાં દોષ નથી." એ વચન પૂર્વે જેમાં દોષો બતાવ્યા છે તેવા મૈથુનમાં જીવોની પ્રવૃત્તિનું કારણ હોવાથી શુભ નથી. અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે-જે વચન સદોષ પદાર્થમાં જીવોની પ્રવૃત્તિનું હેતુભૂત હોય તે શુભ નથી. જેમ કે હિંસા નિર્દોષ છે એવું વચન. **न मांसभक्षणे दोषः** (અ. ૧૮ શ્લોક ૨ )ઇત્યાદિ વચન દોષિત મૈથુનમાં પ્રવૃત્તિનું કારણ છે.

**न मांसभक्षणे दोषः** ઇત્યાદિ વચન મૈથુનમાં જીવોની પ્રવૃત્તિનું કારણ શાથી છે તે કહે છે- ઉક્તવચનથી મૈથુન તજવા યોગ્ય છે એવી બુદ્ધિ થતી નથી. મૈથુનમાં દોષ નથી એવા વચન ઉપર શ્રદ્ધા કરનાર કોને મૈથુન ત્યાજ્ય છે એવી બુદ્ધિ પ્રગટે ? ત્યાજ્યની બુદ્ધિના અભાવમાં કોણ તેમાં ન પ્રવર્તે ?

ત્યાજ્યબુદ્ધિનો અસંભવ જ શાથી છે તે કહે છે-મૈથુન વિધેય છે એવું વચન છે. મૈથુનમાં દોષ નથી એવા વચનથી વિધેય મૈથુનને કોણ ન સ્વીકારે ?

**પૂર્વપક્ષ—** મૈથુનમાં દોષ નથી એ વચનથી મૈથુનમાં માત્ર દોષાભાવ જ કહ્યો છે. તેથી મૈથુન વિધેય છે એવું કેવી રીતે કહેવાય ?

**ઉત્તર—** અનાદિ મહામોહની વાસનાથી વાસિત મનવાળા જીવોને મૈથુનમાં નિર્દોષતા કહેનાર વચનથી (ભાવતું હતું અને વૈદ્યે કહ્યું તેમ) ઇષ્ટની સિદ્ધિ થાય છે. મૈથુનમાં નિર્દોષતાને જાણીને ઇષ્ટ મૈથુનને કોણ ન સેવે ? મૈથુન સર્વ પ્રાણીઓને ઇષ્ટ છે. કહ્યું છે કે-"**ત્રણે જગતમાં સ્ત્રી સમાન બીજો કોઇ દેવ નથી કે જેને સઘળોય પુરુષવર્ગ મનમંદિરમાં ધારણ કરે છે.**"

અથવા "મૈથુનમાં દોષ નથી એ વચન શુભ નથી." એવી પ્રતિજ્ઞામાં જીવોની પ્રવૃત્તિનું કારણ છે, વગેરે (ચાર) ભિન્ન હેતુઓ છે. (૬)

**मैथुनं प्रकारान्तरेण दूषयन्नाह—**

**प्राणिनां बाधकं चैत-च्छास्त्रे गीतं महर्षिभिः ।**
**नलिकातप्तकणक-प्रवेशज्ञाततस्तथा ॥७॥**

**वृत्तिः— 'प्राणिनां' जीवानाम्, बाधकं उपघातकम्, चशब्दो दूषणान्तरसमुच्चयार्थः, 'एतत्' मैथुनम्, शास्त्रे व्याख्याप्रज्ञप्त्याख्यपञ्चमाङ्गे, 'गीतं' गदितम्, 'महर्षिभिः' महामुनिभिः, श्रीवर्धमानस्वामिप्रमुखैः, कथं बाधकं गीतमित्याह-न लिकायां वेणुपर्वादिरूपायां तप्तस्याग्निना दीप्तस्य कणकस्य लोहशलाकाविशेषस्य प्रवेशः प्रक्षेपः स एव ज्ञातमुदाहरणं ततो 'नलिकातप्तकणकप्रवेशज्ञातत;', 'तथा' इति तत्प्रकारात्, रुतभृतनलिकेति विशेषणयुक्ता, तथाहि- "मेहुणं भन्ते ! सेवमाणस्स केरिसए अस्संजमे कज्जइ ? गोयमा ! से जहा नामए केइ पुरिसे बूरनलियं वा रूयनलियं वा तत्तेणं अओकणएणं**

समभिद्धंसेज्झा, मेहुन्नं सेवमाणस्स एरिसए णं अस्संजमे कज्जइ ॥''[५] इति ॥७॥

બીજી રીતે મૈથુનને દૂષિત કરતા ગ્રંથકાર કહે છે—

**શ્લોકાર્થ—** મહર્ષિઓએ શાસ્ત્રમાં તેવા પ્રકારના નળીમાં તપેલા સળિયાનો પ્રક્ષેપ કરવાના દૃષ્ટાંતથી મૈથુનને જીવોનો ઉપઘાત કરનાર કહ્યું છે.

**ટીકાર્થ— મહર્ષિઓએ—** શ્રી વર્ધમાનસ્વામી વગેરે મહામુનિઓએ.

**શાસ્ત્રમાં—** વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનામના પાંચમા અંગમાં.

નળીમાં તપેલા સળિયાનો પ્રક્ષેપ કરવાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે-**પ્રભુ મહાવીરને શ્રી ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો કે હે ભગવંત ! મૈથુન સેવનાર પુરુષ કેવા પ્રકારનો અસંયમ કરે છે ? ભગવાને કહ્યું કે હે ગૌતમ ! જેમ કોઇ પુરુષ બૂરથી (=આકડાના રુથી) ભરેલી નળીને અથવા રુથી ભરેલી નળીને, તપેલી લોખંડની સળીથી નષ્ટ કરે તેવા પ્રકારનો અસંયમ (અસંખ્ય ત્રસજીવોની વિરાધના) મૈથુનને સેવનારો પુરુષ કરે છે.** (વ્યા.પ્ર.૨-૫-૧૨૯)

શ્લોકમાં ''च'' શબ્દ અન્યદૂષણના સમુચ્ચય માટે છે. (૭)

**दूषणान्तरमाप्तवचनप्रसिद्धं मैथुनस्य ब्रुवाणः प्रकरणोपसंहारायाह—**

## मूलं चैतदधर्मस्य, भवभावप्रवर्धनम् ।
## तस्माद्विषान्नवत्त्याज्य-मिदं मृत्युमनिच्छता ॥८॥

**वृत्तिः— 'मूलं' कारणम्, 'चशब्दः' समुच्चये, 'एतत्' मैथुनम्, 'अधर्मस्य' पापस्य, यत एवमत एव 'भवभावप्रवर्धनम्,' भवभावस्य संसारसत्तायाः, अथवा भवे संसारे ये भावा उत्पादास्तेषाम्, भवहेतूनां वा भावानां परिणामानां प्राणिवधादिक्रोधादीनाम् 'प्रवर्धनम्' वृद्धिकरमिति विग्रहः, उक्तं च, ''मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं । तम्हा मेहुणसंसग्गिं, णिग्गन्था वज्जयन्ति णं ॥१॥''[६] यस्मादेवम्, 'तस्मात्' कारणात्, 'विषान्नवत्' हालाहलमिश्रभोजनमिव, 'त्याज्यं' परिहार्यम्, 'मृत्युं' मरणम्, 'अनिच्छता' अनभिलषता, अमुमूर्षुणा यथा विषान्नं त्यजनीयमेवं मैथुनं त्याज्यमिति भाव इति ॥८॥**

### ॥ विंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२०॥

**મૈથુનના આપ્તશાસ્ત્રમાં પ્રસિદ્ધ અન્યદૂષણને બોલતા ગ્રંથકાર પ્રકરણનો ઉપસંહાર કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** મૈથુન અધર્મનું મૂળ છે. તેથી જ ભવભાવને વધારનારું છે. તેથી મૃત્યુને નહિ ઇચ્છતા જીવે ઝેરમિશ્રિત અન્નની જેમ મૈથુનનો ત્યાગ કરવો જોઇએ.

---

૫. मैथुनं भदन्त ! सेवमानस्य (नेन) कीदृशोऽसंयमः क्रियते ? गौतम ! तद्यथा नाम कश्चित् पुरुषः बूरनलिकां वा रूतनलिकां वा तप्तेन अयःकणकेन समभिध्वंसयेत मैथुनं सेवमानस्य (नेन) ईदृशोऽसंयमः क्रियते ।

૬. मूलमेतदधर्मस्य महादोषसमुच्छ्रयः । तस्मान्मैथुनसंससर्गं निर्ग्रन्था वर्जयन्ति ॥१॥

**ટીકાર્થ— ભવભાવને વધારનારું છે—** ભવભાવ એટલે સંસારસત્તા, અથવા ભવમાં=સંસારમાં જે ભાવો=જન્મો તે સંસારભાવો. અથવા ભવના હેતુ એવા જે ભાવો=પ્રાણિવધાદિ-ક્રોધાદિરૂપ પરિણામો તે ભવ-ભાવો. મૈથુન આવા ભવભાવને વધારનારું છે. આ વિષે કહ્યું છે કે-"**આ અબ્રહ્મચર્ય પાપનું મૂળ છે. (એથી પરલોકમાં વિવિધ કષ્ટોનું કારણ છે અને આ લોકમાં હિંસા, અસ્તેય, ચોરી વગેરે) મોટા દોષોનો ભંડાર છે. તેથી નિર્ગ્રન્થ મુનિઓ મૈથુનના સંસર્ગને વર્જે છે.**" (દશવૈ. ૬-૧૭) (૮)

## વીસમા મૈથુન દૂષણ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥२१॥ अथ एकविंशतितमं धर्मविचारे सूक्ष्मबुध्याश्रयणाष्टकम् ॥

**एवं कुतीर्थिकाननुशास्य स्वयूथ्याननुशासनार्थमाह- अथवा सदोषमपि मांसाद्यासेवनं स्थूलबुद्धित्वात् कुतीर्थिकैरदोषतयावसितमिति प्रागुपदर्शितमथ स्थूलबुद्धित्वादेव धर्मार्थिनोऽपि धर्मव्याघातः स्यादिति धर्मविचारे सूक्ष्मबुद्धेराश्रयणीयतामुपदिशन्नाह—**

**सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो, धर्मो धर्मार्थिभिर्नरैः ।**
**अन्यथा धर्मबुद्ध्यैव, तद्विघातः प्रसज्यते ॥१॥**

**वृत्तिः— 'सूक्ष्मबुद्ध्या' निपुणमत्या, 'सदा' सर्वकालम्, 'ज्ञेयो' ज्ञातव्यः, कोऽसावित्याह- 'धर्मो' दुर्गतिप्रपातरक्षणे हेतुः, कैरित्याह- 'धर्मार्थिभिः' धर्मश्रद्धालुभिः, 'नरैः' मानवैः, 'अन्यथा' स्थूलबुद्ध्या धर्मविवेचने कुतीर्थिकानामिव, 'धर्मबुद्ध्यैव' धर्माभिप्रायेणापि, 'तद्विघातो' धर्मव्याहतिः, 'प्रसज्यते' प्राप्नोतीति ॥१॥**

## એકવીસમું ધર્મવિચારે સૂક્ષ્મબુદ્ધિ આશ્રયણ અષ્ટક

(કોઇપણ વસ્તુનો લાભ તેના ઉપયોગ કરનારની આવડત ઉપર છે. વસ્તુનો ઉપયોગ કરતા ન આવડે તો એ વસ્તુથી લાભ થવાને બદલે નુકશાન પણ થાય. શત્રુથી વિજય અપાવનાર શસ્ત્ર પણ જો ઉપયોગ કરતા ન આવડે તો પોતાના જ પ્રાણનો ઘાતક બને છે. આથી કોઇપણ વસ્તુનો ઉપયોગ કરતાં પહેલાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો જોઇએ એ સૂક્ષ્મબુદ્ધિથી સમજી લેવાની જરૂર પડે છે. ધર્મમાં પણ એ જ પ્રમાણે છે. જો ધર્મને બરોબર સમજવામાં ન આવે તો કેટલીક વખત ધર્મબુદ્ધિથી ધર્મનો વ્યાઘાત=નાશ થાય, અર્થાત્ ધર્મબુદ્ધિથી (પરમાર્થથી ધર્મ ન હોવા છતાં ધર્મ કરનાર જીવની હું જે કરી રહ્યો છું તે ધર્મ છે એવી સમજથી=બુદ્ધિથી) કરાતો ધર્મ કર્મ નિર્જરા કે પુણ્યબંધ આદિનું કારણ બનવાને બદલે પાપબંધનું કારણ બને છે. આથી આ અષ્ટકમાં ધર્મને સૂક્ષ્મબુદ્ધિથી સમજવાનો ઉપદેશ આપ્યો છે, અને સૂક્ષ્મબુદ્ધિ વિના ધર્મબુદ્ધિથી ધર્મનો વ્યાઘાત કેવી રીતે થાય છે એ દૃષ્ટાંતથી સમજાવ્યું છે.)

**આ પ્રમાણે કુતીર્થિકોને ઉપદેશ આપીને પોતાના જૈન સમુદાયના લોકોને ઉપદેશ આપવા માટે કહે છે—**

**અથવા કુતીર્થિકો સ્થૂલબુદ્ધિવાળા હોવાથી તેમણે દોષિત પણ માંસ આદિના સેવનને નિર્દોષ જાણ્યું છે એમ પહેલાં બતાવ્યું છે. હવે ધર્માર્થીને પણ સ્થૂલબુદ્ધિના કારણે ધર્મનો વ્યાઘાત (=નાશ) થાય. આથી ધર્મની વિચારણામાં સૂક્ષ્મબુદ્ધિનો આશ્રય કરવો જોઇએ એમ ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— ધર્મના અર્થી મનુષ્યોએ ધર્મને સદા સૂક્ષ્મ બુદ્ધિથી જાણવો જોઇએ. અન્યથા ધર્મબુદ્ધિથી પણ ધર્મનો વ્યાઘાત (=નાશ) થાય. (૧)

**ટીકાર્થ— ધર્મના અર્થી**=ધર્મમાં શ્રદ્ધાળુ.

**ધર્મ**=દુર્ગતિમાં પતનથી બચવાનું કારણ, અર્થાત્ ધર્મ જીવોને દુર્ગતિમાં પડતા બચાવે છે.

**અન્યથા**=કુતીર્થિકોની જેમ સ્થૂલબુદ્ધિથી ધર્મને વિચારવામાં.

**ધર્મબુદ્ધિથી પણ**— ધર્મના અભિપ્રાયથી પણ. (૧)

**एतदेव दर्शयन्नाह—**

**गृहीत्वा ग्लानभैषज्य-प्रदानाभिग्रहं यथा ।**
**तदप्राप्तौ तदन्तेऽस्य, शोकं समुपगच्छतः ॥२॥**

**वृत्तिः— 'गृहीत्वा' आदाय, 'ग्लानाय' अशक्ताय 'भैषज्यप्रदाने' औषधवितरणविषये 'योऽभिग्रहः' प्रतिज्ञा, ग्लानाय मया भैषज्यं दातव्यमित्येवंरूपः, 'स' तथा तम्, 'यथा' इत्युदाहरणोपन्यासार्थः, 'तस्य' ग्लानत्वाभावेन ग्लानभैषज्यप्रदानस्य, 'अप्राप्तिः' असम्भवः 'तदप्राप्तिः' तस्याम्, तस्य ग्लानभैषज्यप्रदानाभिग्रहस्य अन्तः कालावधिपूर्त्या पर्यवसानं 'तदन्तः' तत्र, 'शोकं' उद्वेगम्, 'समुपगच्छतो' व्रजतो अभिग्रहीतुर्धर्मबुद्ध्याप्यधर्मो भवति, तथा सर्वत्रेति प्रकृतमिति ॥२॥**

**આ જ વિષયને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— જેમકે-ગ્લાનને ઔષધ આપવાનો અભિગ્રહ લીધા બાદ કોઇ સાધુ બિમાર ન પડવાથી ઔષધ આપવાનો અવસર ન આવતાં અભિગ્રહનો કાલ પૂર્ણ થતાં શોક કરનારને (ધર્મબુદ્ધિથી અધર્મ થાય.) (૨)

**ટીકાર્થ**— જેમ ગ્લાન (સાધુ)ને મારે ઔષધ આપવું એવો અભિગ્રહ લીધા બાદ અભિગ્રહનો કાળ પૂર્ણ થતા સુધીમાં કોઇ સાધુ ગ્લાન ન થવાથી ઔષધ આપવાનો અવસર ન આવવાના કારણે ગ્લાનને ઔષધ આપવાના અભિગ્રહનો કાળ પૂર્ણ થતાં શોક કરનાર અભિગ્રહવાળાને ધર્મના અભિપ્રાયથી પણ અધર્મ થાય. તે પ્રમાણે ધર્મના સર્વ વિષયમાં જાણવું. (૨)

**शोकमेव दर्शयति—**

**गृहीतोऽभिग्रहः श्रेष्ठो, ग्लानो जातो न च क्वचित् ।**
**अहो मेऽधन्यता कष्टं, न सिद्धमभिवाञ्छितम् ॥३॥**

**वृत्तिः— 'गृहीतः' आत्तः, 'अभिग्रहः' उक्तरूपा प्रतिज्ञा, 'श्रेष्ठः' अतिप्रशस्यः, 'ग्लानो' रोगवान्, 'जातो' भूतः, 'न च' न पुनः, 'क्वचित्' देशे काले वा, एवं चाभिग्रहस्य विफलतागमनात्, 'अहो' इति विस्मये आमन्त्रणे वा, 'मे' मम, धनं लब्धा धनं वा अर्हतीति धन्यस्तद्भावस्तत्ता तन्निषेधो 'अधन्यता,' 'कष्टं' इति खेदवचनम्, 'न सिद्धं' न निष्पन्नम्, 'अभिवाञ्छितं' अभिमतमिति ॥३॥**

**શોકને જ જણાવે છે—**

**શ્લોકાર્થ— ટીકાર્થ—** મેં શ્રેષ્ઠ અભિગ્રહ તો કર્યો. પણ કોઇ સાધુ ક્યારે પણ ગ્લાન થયા નહિ. અહો ! આ પ્રમાણે અભિગ્રહ નિષ્ફળ થવાના કારણે હું અધન્ય છું ! અફસોસ છે કે મારું ઇષ્ટ સિદ્ધ થયું નહિ. (આવા શોકમાં ગર્ભિત રીતે ''સાધુ માંદા થયા હોત તો સારું'' એવો અભિપ્રાય રહેલો છે. કેમકે સાધુ બિમાર પડે તો જ તેનો નિયમ પૂર્ણ થાય. સાધુ બિમાર પડે તેવી ભાવના ધર્મરૂપ નથી, કિંતુ અધર્મરૂપ છે.)

અધન્યતા શબ્દનો અર્થ આ પ્રમાણે છે-(ધર્મરૂપ) ધનને મેળવનાર અથવા ધર્મને યોગ્ય છે તે [1]ધન્ય. ધન્યનો ભાવ તે ધન્યતા. ધન્યતા નહિ તે અધન્યતા.

**प्रकृतयोजनायाह—**

## एवं ह्येतत्समादानं, ग्लानभावाभिसन्धिमत् ।
## साधूनां तत्त्वतो यत्तद्, दुष्टं ज्ञेयं महात्मभिः ॥४॥

**वृत्तिः— 'एवम्' अनेन प्रकारेणाभिग्रहविषयाप्राप्तौ शोकगमनलक्षणेन, हिशब्दोऽधिकृताभिग्रहस्य धर्मव्याघातरूपताभावनार्थः, एतस्य ग्लानभैषज्यप्रदानाभिग्रहस्य समादानं ग्रहणं 'एतत्समादानम्' यच्छब्दोऽत्र द्रष्टव्यः, 'यत्' यस्मात्, ग्लानभावे रोगवत्त्वेऽभिसन्धिरभिप्रायो ''यदि कश्चित्साधुर्ग्लानो भवति तदा शोभनं स्यादस्मदभिग्रहस्य सफलत्वप्राप्ते'' इत्येवं लक्षणो विद्यते यत्र तत् 'ग्लानभावाभिसन्धिमत्' 'साधूनां' मुनीनाम्, एतत्समादानमिति योगः, अथवा साधूनां ग्लानभावाभिसन्धिमदिति योगः, 'तत्त्वतः' परमार्थवृत्त्या, 'तत्' इति तस्मात्कारणात्, 'दुष्टं' दोषवत्, ग्लानभावाभिसन्धिमत्त्वेन कर्मबन्धहेतुत्वात्, 'ज्ञेयं' ज्ञातव्यम्, 'महात्मभिः' प्रशस्यस्वभावैरिति ॥४॥**

**પ્રસ્તુત વિષયને જોડવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** આ પ્રમાણે આનો સ્વીકાર મહાત્માઓએ દુષ્ટ જાણવો. કારણ કે તે સ્વીકાર સાધુઓની બિમારીના આશયવાળો છે. (૪)

**ટીકાર્થ—** અભિગ્રહના વિષયની અપ્રાપ્તિમાં શોક પામવાથી ગ્લાન સાધુઓને મારે ઔષધ આપવું એવા અભિગ્રહનો સ્વીકાર મહાત્માઓએ (=શ્રેષ્ઠ સ્વભાવવાળાઓએ) પરમાર્થથી દોષવાળો જાણવો. કારણ કે તેમાં ''જો કોઇ સાધુ ગ્લાન થાય તો સારું, જેથી મારો અભિગ્રહ સફળ થાય.'' એમ સાધુઓની માંદગીનો આશય

૧. **तत्र कृत-लब्ध-क्रीत-सम्भूते** (૬-૩-૯૪) એ સૂત્રથી લબ્ધ અર્થમાં અને **तमर्हति** (૬/૪/૧૭૭) એ સૂત્રથી યોગ્ય અર્થમાં અહીં ધન શબ્દથી તદ્ધિતનો **य** પ્રત્યય લાગ્યો છે.

હોવાથી કર્મબંધનું કારણ છે.

"हि" શબ્દ પ્રસ્તુત અભિગ્રહ ધર્મના વ્યાઘાત રૂપ છે એમ વિચારવા માટે છે. (૪)

**एवमर्थापत्त्या दोषप्राप्तिरन्यैरप्युपलब्धेति दर्शयन्नाह—**

**लौकिकैरपि चैषोऽर्थो, दृष्टः सूक्ष्मार्थदर्शिभिः ।**

**प्रकारान्तरतः कैश्चि-दत एतदुदाहृतम् ॥५॥**

वृत्तिः— लोके विदिता 'लौकिकाः' वाल्मीकिप्रभृतयः, तैरपि च, न केवलं जैनैरेव, 'एषो'ऽनन्तरोदितः, 'अर्थो' अर्थापत्तिजनितदोषलक्षणः, 'दृष्टः' उपलब्धः, किम्भूतैरित्याह- 'सूक्ष्मार्थदर्शिभिः' पटुदृष्टिभिः ज्ञेयवस्तुविवेचकैः, न वै ह्यतिस्थूलबुद्धयोऽर्थापत्तिगम्यानेवंविधानर्थान् ज्ञातुमलं भवन्ति, ननु मिथ्यादृशां कथं सूक्ष्मार्थदर्शित्वम्, उच्यते, मत्यज्ञानावरणादिक्षयोपशमविशेषात्, अज्ञानं तर्हि तेषां कथम्, अत्राप्युच्यते, सदसतोरविशेषात्, आह च- "सयसयविसेसणाओ" गाहा" (अष्टक ९ श्लो० ६ वृत्तौ) 'प्रकारान्तरतः' अस्मदुक्तप्रकारात् ग्लानभैषज्यदानाभिग्रहलक्षणादन्येन प्रकारेण, 'कैश्चित्' वाल्मीक्यादिभिरेव, न सर्वैः, कथं तैर्दृष्टोऽयमित्यवसितमित्याह- 'यतो' यस्मात्, 'एतत्' वक्ष्यमाणम्, 'उदाहृतं' अभिहितमिति ॥५॥

**આ પ્રમાણે અર્થાપત્તિથી દોષની પ્રાપ્તિ અન્યોએ પણ જાણી છે એમ જણાવતા ગ્રન્થકાર કહે છે---**

**શ્લોકાર્થ—** સૂક્ષ્માર્થદર્શી કોઇક લૌકિકોએ પણ બીજી રીતે આ અર્થને જોયો છે. કારણ કે તેમણે આ (=હવે કહેવાશે તે) કહ્યું છે. (૫)

**ટીકાર્થ— સૂક્ષ્માર્થદર્શી=**જ્ઞેય વસ્તુનો સૂક્ષ્મદષ્ટિથી વિચાર કરનારાઓ. અતિસ્થૂલબુદ્ધિવાળા મનુષ્યો અર્થાપત્તિથી જાણી શકાતા આવા પ્રકારના અર્થોને જાણવા સમર્થ થતા નથી.

**પ્રશ્ન—** મિથ્યાદષ્ટિઓને સૂક્ષ્મપદાર્થોનું જ્ઞાન કેવી રીતે હોય ?

**ઉત્તર—** મત્યજ્ઞાનાવરણ આદિના વિશેષ પ્રકારના ક્ષયોપશમથી હોઇ શકે છે.

**પ્રશ્ન—** તો પછી તેમનામાં અજ્ઞાનતા કેમ છે ?

**ઉત્તર—** સત્પદાર્થ અને અસત્પદાર્થની વિશેષતા ન સમજી શકવાથી, ભવનું કારણ હોવાથી, પોતાની મતિ પ્રમાણે અર્થ કરવાથી, જ્ઞાનફલનો અભાવ હોવાથી, મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન છે. (અહીં નવમા અષ્ટકના ત્રીજા શ્લોકમાં જુઓ.)

**કોઇક લૌકિકોએ=**વાલ્મીકિ વગેરેએ, બધાએ નહિ.

**બીજી રીતે—** ગ્લાનને ઔષધ આપવાના અભિગ્રહથી બીજી રીતે.

લૌકિકોએ પણ આ અર્થ જાણ્યો છે એમ તમે કેવી રીતે જાણ્યું ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે-કારણકે તેમણે આ (=હવે કહેવાશે તે) કહ્યું છે. (૫)

**अङ्गेष्वेव जरां यातु, यत्त्वयोपकृतं मम ।**
**नरः प्रत्युपकाराय, विपत्सु लभते फलम् ॥६॥**

**वृत्तिः— किल सुग्रीवेण तारावाप्तौ रामदेव एवमुक्तः, अङ्गेष्वेव मदीयगात्रेष्वेव, 'जरां' जरण-परिणामम्, 'यातु' गच्छतु, मा प्रत्युपकारद्वारेण प्रतियातनीयं भवत्वित्यवधारणार्थः, किं तत्, वालेः सकाशात् तारां विमोच्य मम तदर्पणेन, 'त्वया' भवता, 'उपकृतम्' उपकारः कृतः, 'मम' इत्यात्मानं सुग्रीवो निर्दिशति, तस्मात् किमित्येवमित्याह- 'नरः' उपकारकारिमानवः, उपकारं प्रतीत्याश्रित्योपकारः तस्मै 'प्रत्युपकाराय' उपकृतनरेण क्रियमाणाय, सम्पद्यते यत् फलम्, 'विपत्सु' व्यसनेषु सत्सु, 'लभते' प्राप्नोति, तत् 'फलम्' उपकारकारिक्रियायाः साध्यम्, अयमभिप्रायः- उपकारको व्यसनगत एव उपकारक्रियायाः फलमुपकृतेन कृतं लभते, न पुनरन्यदा व्यसनाभावे निरवसरत्वेन तदसम्भवादिति, किमुक्तं भवति ? मा त्वमापदं प्राप यस्यामहं भवन्तमुपकरोमीति । अन्ये त्वाहुः- 'नरः' उपकृतमानवः 'प्रत्युपकारार्थं' विपत्सु उपकारकारिव्यसनेषु, 'लभते फलं' फलहेतुत्वादवसरमिति ॥६॥**

**શ્લોકાર્થ—** (રામચંદ્રજી સુગ્રીવની પત્ની તારાને વાલીરાજા પાસેથી છોડાવીને સુગ્રીવને આધીન કરે છે ત્યારે સુગ્રીવ રામચન્દ્રજીને કહે છે.) આપે મારા ઉપર કરેલો ઉપકાર મારા અંગોમાં જ જરણ પરિણામને (વિનાશને) પામો, અર્થાત્ એ ઉપકારનું ફળ આપને ન મળો. કારણ કે ઉપકાર કરનાર માણસ ઉપકારનું ફળ વિપત્તિમાં મેળવે છે. (૬)

**ટીકાર્થ—** અહીં મારા અંગોમાં જ વિનાશને પામો એવું કથન "પ્રત્યુપકાર દ્વારા સામો પ્રયત્ન ન થાઓ." એવા ભાવની પુષ્ટિ કરવા માટે છે.

અહીં આ અભિપ્રાય છે-અહીં સુગ્રીવે ઉપકારનો બદલો વાળવાનો પ્રસંગ ન આવે એવી ભાવના વ્યક્ત કરી છે. ઉપકારનો બદલો વાળવાનો પ્રસંગ આવે એવી ઇચ્છા કરવી એ અધર્મ રૂપ છે. કારણ કે ઉપકારીને આપત્તિ આવે ત્યારે જ ઉપકારનો બદલો વાળી શકાય. આથી ઉપકારનો બદલો વાળવાના પ્રસંગની ઇચ્છા કરવી એટલે ઉપકાર કરનારની આપત્તિ ઇચ્છવી. આપત્તિ સિવાય પ્રત્યુપકારનો અવસર ન હોવાથી પ્રત્યુપકાર થઇ શકે નહિ.

બીજાઓ આ શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે કરે છે— **नरः** એટલે જેના ઉપર ઉપકાર કરવામાં આવ્યો છે તે મનુષ્ય. તેવો મનુષ્ય પ્રત્યુપકાર કરવા માટે ઉપકાર કરનારને વિપત્તિ આવે ત્યારે અવસરને પામે છે. આ અર્થમાં **फल** પદનો અવસર એવો જે અર્થ કર્યો છે તે અવસર ફલનો હેતુ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને કર્યો છે. (૬)

**एवं तावद्धर्मार्थप्रवृत्तावपि धर्मव्याघातो भवत्यनिपुणबुद्धीनां ग्लानभैषज्याभिग्रहप्रवृत्ताविवेति समर्थितम्, अधुनैवमेव सर्वास्वपि प्रवृत्तिष्विति दर्शयन्नाह—**

एवं विरुद्धदानादौ, हीनोत्तमगतेः सदा ।
प्रव्रज्यादिविधाने च, शास्त्रोक्तन्यायबाधिते ॥७॥
द्रव्यादिभेदतो ज्ञेयो, धर्मव्याघात एव हि ।
सम्यग्माध्यस्थ्यमालम्ब्य, श्रुतधर्मव्यपेक्षया ॥८॥

वृत्तिः— यथाग्लानभैषज्यदानाभिग्रहे धर्मबुद्ध्या कृतेऽपि बुद्धिदोषात् धर्मव्याघातः प्रसज्यते (जति), 'एवं' अनेनैव न्यायेन, विरुद्धस्य शास्त्रे विनिवारितस्य जीवोपघातहेतुत्वाद्देयद्रव्यस्याधाकर्मादिदोषदूषितस्य माष (मांस) तिलादेर्वा, विरुद्धाय वा सदोषत्वेन शास्त्रनिराकृताय पात्राय, दानं वितरणं विरुद्धदानम्, तदादिर्यस्य शीलतपोभावनाधर्मस्य गुरुविनयदेवतापूजनादेर्वा स 'विरुद्धदानादिः' तत्र, द्रव्यादिभेदतो धर्मव्याघात एव ज्ञेय इति योगः, कुत इत्याह- हीनस्य गुणवियुक्तस्य देयद्रव्यस्य पात्रस्य वा उत्तमं प्रधानं एतदिति गतिरवगमो बोधो हीनोत्तमगतिः ततो'हीनोत्तमगतेः,' 'सदा' सर्वदा, शास्त्रनिराकृतत्वेन हि हीनमपि देयं पात्रं चोत्तममिति बोधविपर्ययादनवगच्छन् यदा दाने प्रवर्तते तदा धर्मस्य व्याघातः स्फुट एवेति । दातव्यद्रव्यविरुद्धता च- ''अन्नाईणं सुद्धाण, कप्पणिज्जाण देसकालजुयं । दाणं जईणमुचियं, गिहीण सिक्खावयं भणियं[७]॥१॥'' इत्येतद्दानविशेषणविपर्ययादवसेया । पात्रविरुद्धता पुनरेवम्-''सील-व्वयरहियाणं, दाणं जं दिज्जई कुपत्ताणं । तं खलु धोवइ वत्थं, रुहिरकयं लोहितेणेव[८]।'' तथा प्रव्रज्यादीनां सर्वविरतिप्रतिपत्तिप्रभृतीनां विधानं करणं 'प्रव्रज्यादिविधानम्' आदिशब्दाद्देशविरत्यादिग्रहः, 'तत्र च' न केवलं विरुद्धदानादावेव, किम्भूते प्रव्रज्यादिविधान इत्याह- 'शास्त्रोक्तन्यायबाधिते' आगमाभिहितनयनिराकृते, हीनोत्तमगतेरिति हेतुरिहापि वर्तते, धर्मव्याघातो ज्ञेय इत्येतदत्रापि सम्बन्धनीयम्, तत्र प्रव्रज्यादिविधाने शास्त्रोक्तोऽयं न्यायः- ''नियसहावालोयण-जणवायावगमजोगसुद्धीहिं । उचियत्तं नाऊणं, निमित्तओ सइ पवट्टेज्जा[९]॥१॥'' तथा 'पव्वज्जाए जोग्गा, आरियदेसम्मि जे समुप्पन्ना । जाइकुलेहिं विसिट्ठा, तह खीणप्पायकम्ममला[१०]॥१॥'' इत्यादि । देशविरतौ पुनः, ''गुरुमूले सुयधम्मो, संविग्गो इत्तरं व इयरं वा । वज्जेत्तु तओ सम्मं, वज्जेइ इमे अईयारे[११] ॥१॥'' जिनदीक्षायां तु ''दीक्खाए चेव रागो, लोगविरुद्धाण चेव चागोत्ति । सुंदरगुरुजोगो वि य, जस्स तओ एत्थ उचिओत्ति[१२] ॥१॥''

एतद्बाधा च एतद्विपर्ययादिति, 'द्रव्यादिभेदतो' द्रव्यक्षेत्रकालभावविशेषानाश्रित्य, विरुद्धदानादौ प्रव्रज्यादिविधाने च, 'ज्ञेयो' ज्ञातव्यः, 'धर्मव्याघात एव' धर्मबाधैव, न तु धर्माराधनम्, तत्र विरुद्धदाने

७. अन्नादीनां शुद्धानां कल्पनीयानां देशकालयुतम् । दानं यतिभ्य उचितं गृहिणां शिक्षाव्रतं भणितम् ॥१॥
८. शीलव्रतरहितानां (तेभ्यो) दानं यद्दीयते कुपात्राणाम् (त्रेभ्यः) । तत् खलु धाव्यते वस्त्रं रुधिरकृतं लोहितेनैव ॥१॥
९. निजकस्वभावालोचनजनवादावगमयोगशुद्धिभिः । उचितत्वं ज्ञात्वा निमित्ततः सदा प्रवर्तेत ॥१॥
१०. प्रव्रज्यायै योग्याः आर्यदेशे ये समुत्पन्नाः । जातिकुलैर्विशिष्टाः तथा क्षीणप्रायकर्ममलाः ॥१॥
११. गुरुमूले श्रुतधर्मः संविग्न इत्वरं वा इतरं वा । वर्जयित्वा ततः सम्यग् वर्जयति इमानतिचारान् ॥१॥
१२. दीक्षायामेव रागो लोकविरुद्धानामेव त्याग इति । सुन्दरगुरुयोगोऽपि च यस्य सोऽत्रोचित इति ॥१॥

द्रव्यतो धर्मव्याघातो यथैषणीयत्वेनाविरुद्धद्रव्ये कूरादौ साधुसंस्तरणहेतौ सत्यपि अनेषणीयतया विरुद्धमत एव हीनमुत्तममिति बुद्ध्या ददतः, एवं क्षेत्रतोऽकान्तारादिक्षेत्रे, कालतः सुभिक्षकाले, भावतस्तु अग्लानावस्थायाम्, उक्तं च- ''संथरणम्मि असुद्धं, दोण्ह वि गेण्हन्तदेन्तयाणहियं । आउरदिट्ठंतेणं, तं चेव हियं असंथरणे[13] ॥१॥'' तथा प्रव्रज्यादिविधाने औत्सर्गिकशास्त्रबाधिते द्रव्यतो धर्मव्याघातो यथा- शास्त्रनिराकृतं नपुंसकादिकं जीवद्रव्यं प्रव्राजयतः, क्षेत्रतोऽकान्तारादिक्षेत्रे, कालतः सुभिक्षकाले, भावतः स्वस्थावस्थायामिति, हिशब्दः स्फुटार्थः, कथं धर्मव्याघातो ज्ञेय इत्याह- 'सम्यक्' अविपरीतम्, 'माध्यस्थ्यं' अनाग्रहत्वम्, 'आलम्ब्य' आश्रित्य, तदपि न स्वरुच्या किन्तु 'श्रुतधर्मव्यपेक्षया' आगमापेक्षया, न तु तदनपेक्षया इति ॥८॥

## ॥ एकविंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२१॥

**આ પ્રમાણે સ્થૂલ બુદ્ધિવાળાઓને ગ્લાનનો ઔષધ આપવા માટે કરેલ અભિગ્રહરૂપ પ્રવૃત્તિની જેમ ધર્મ માટે કરેલી પ્રવૃત્તિમાં પણ ધર્મ વ્યાઘાત થાય એવું સમર્થન કર્યું. હવે સઘળીય પ્રવૃત્તિમાં એ પ્રમાણે જ છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** આ પ્રમાણે સદા વિરુદ્ધ દાનાદિમાં તથા શાસ્ત્રોક્તનીતિથી બાધિત પ્રવ્રજ્યાદિ કરવામાં **(हीनोत्तमगतेः)** હીનને ઉત્તમ જાણવાથી દ્રવ્યાદિ વિશેષથી ધર્મવ્યાઘાત જ જાણવો. આ ધર્મવ્યાઘાતને મધ્યસ્થ બનીને આગમ પ્રમાણે બરોબર જાણવો. (૭-૮)

**ટીકાર્થ— આ પ્રમાણે—** જેમ ગ્લાનને ઔષધ આપવાનો અભિગ્રહ ધર્મબુદ્ધિથી કર્યો હોવા છતાં બુદ્ધિના દોષથી ધર્મવ્યાઘાત થાય છે એ જ નીતિથી.

**વિરુદ્ધદાનાદિમાં—** અહીં આદિ શબ્દથી શીલ-તપ-ભાવનાધર્મ કે ગુરુવિનય, દેવપૂજા વગેરે ધર્મ જાણવો.

**દાનમાં વિરોધ આ પ્રમાણે છે-** જીવઘાતનો હેતુ હોવાના કારણે શાસ્ત્રમાં આપવા યોગ્ય જે વસ્તુના દાનનો નિષેધ કર્યો હોય તેવી, આધાકર્મ આદિ દોષથી દૂષિત, અથવા અડદ, તલ વગેરે વસ્તુનું દાન કરવું તે વિરુદ્ધ દાન છે. અથવા દોષયુક્ત હોવાથી, શાસ્ત્રમાં જેને દાન આપવાનો નિષેધ કર્યો તેવા પાત્રને દાન કરવું તે વિરુદ્ધ દાન. આવા વિરુદ્ધ દાનમાં ધર્મનો વ્યાઘાત જ છે. કારણ કે **(हीनोत्तमगतेः)** જે વસ્તુ આપવાની છે તે વસ્તુ ગુણરહિત હોવા છતાં તેને ઉત્તમ જાણે છે. અથવા ગુણરહિત પાત્રને ઉત્તમ જાણે છે. વિપરીત બોધથી હીનવસ્તુને કે હીનપાત્રને ઉત્તમ જાણતો થકો જ્યારે દાન કરે છે ત્યારે ધર્મનો વ્યાઘાત સ્પષ્ટ જ છે.

**દેયદ્રવ્ય વિરોધ (આપવા યોગ્ય દ્રવ્યને આશ્રયીને વિરોધ) આ પ્રમાણે છે—**

સાધુઓને શુદ્ધ અને કલ્પનીય અન્નાદિનું દેશ-કાલયુક્ત ઉચિતદાન કરવું એ શ્રાવકનું શિક્ષાવ્રત છે. (શુદ્ધ એટલે ન્યાયથી મેળવેલ. કલ્પનીય એટલે ઉદ્ગમ આદિ દોષોથી રહિત. અન્નાદિ શબ્દમાં રહેલ આદિ શબ્દથી પાણી, વસ્ત્ર, ઔષધ વગેરે સમજવું. દેશ-કાલયુક્ત એટલે પ્રસંગને ઉચિત.)

આવા પ્રકારના દાનથી વિપરીત દાનમાં દેયદ્રવ્યવિરોધ જાણવો. પાત્રવિરોધ આ પ્રમાણે છે— "શીલ

१३. संस्तरणेऽशुद्ध द्वयोरपि गृह्णद्ददतोरहितम् । आतुरदृष्टान्तेन तदेव हितं संस्तरणे ॥१॥

**(=મૂલગુણ) અને વ્રત (=ઉત્તરગુણ)થી રહિત કુપાત્રને જે દાન અપાય તે લોહીથી ખરડાયેલા વસ્ત્રને લોહીથી જ ધોવા સમાન છે.''** (સમરાઇચ્ચ કહા ભવ છઠ્ઠો પૃ-૧૯૨)

**શાસ્ત્રનીતિથી બાધિત પ્રવ્રજ્યાદિ કરવામાં**– શાસ્ત્રમાં કહેલ નીતિથી (=વિધિથી) જેનો નિષેધ કરવામાં આવ્યો હોય તે દીક્ષાદિ કરવામાં હીનને ઉત્તમ જાણવાથી ધર્મવ્યાઘાત જાણવો. અહીં આદિ શબ્દથી દેશવિરતિ આદિનું ગ્રહણ કરવું. પ્રવ્રજ્યાવિધાનમાં શાસ્ત્રોક્ત નીતિ આ છે-(**''મારો સ્વભાવ કેવો છે ? કયા ગુણસ્થાનકની સાથે સંવાદી છે કે વિસંવાદી છે એ પ્રમાણે) પોતાના સ્વભાવનું નિરીક્ષણ કરવું, (લોક મારા માટે શું કહે છે ? લોક ક્યા ગુણસ્થાનને આશ્રયીને મારી યોગ્યતાની સંભાવના કરે છે એ પ્રમાણે) લોકવાદને જાણવું, (મારા યોગો કયા ગુણસ્થાનકના સાધક છે એ પ્રમાણે) યોગશુદ્ધિ જોવી. આ ત્રણથી પોતાની યોગ્યતાને જાણીને સદા નિમિત્તથી (યોગબિંદુ ગાથા ૨૭૨ વગેરેમાં જણાવેલા શુભ નિમિત્તોને જાણીને) તે તે ગુણસ્થાનકમાં પ્રવૃત્તિ કરે.''** (યોગશતક-૩૯)

તથા—

(૧) **આર્યદેશમાં જન્મેલ**— સાડાપચ્ચીશ પૈકી કોઇ આર્યદેશમાં જેનો જન્મ થયો હોય.

(૨) **જાતિ-કુળથી વિશુદ્ધ**— માતૃપક્ષ તે જાતિ, પિતૃપક્ષ તે કુલ. માતાની જાતિ અને પિતાનું કુળ એ બંને જેમાં વિશિષ્ટ (=વિશુદ્ધ) હોય.

(૩) **લઘુકર્મી**— જેનો કર્મમલ લગભગ (=ઘણો) ક્ષીણ થઇ ગયો હોય, અર્થાત્ ચારિત્રમાં વિઘ્ન કરનારાં [1]સંક્લિષ્ટ કર્મો ઘણાં ખપી ગયાં હોય.

(૪) **વિમલબુદ્ધિ**— કર્મક્ષય થવાથી જેની બુદ્ધિ નિર્મલ (=આત્મકલ્યાણના જ ધ્યેયવાળી) હોય.

(૫) **સંસારની અસારતાને જાણનાર**— નિર્મલ બુદ્ધિ હોવાથી જ, સંસારરૂપ સમુદ્રમાં મનુષ્યભવ દુર્લભ છે, જન્મ એ મરણનું કારણ છે, સંપત્તિઓ ચપલ-અનિત્ય છે વિષય=વિષયસુખો દુ:ખનું કારણ છે, જેનો સંયોગ થાય તેનો અવશ્ય વિયોગ થાય છે, અર્થાત્ સંયોગ વિયોગનું કારણ છે, પ્રતિસમય આયુષ્ય ઘટવા રૂપ મૃત્યુ થયા કરે છે, પરભવમાં કર્મોનો વિપાક (ફલ) અત્યંત ભયંકર આવે છે. આ રીતે સ્વાભાવિકપણે જ જેણે સંસારનો અસારતારૂપ સ્વભાવ જાણ્યો હોય, (અર્થાત્ નિર્મલ બુદ્ધિ હોવાથી ઉક્ત રીતે સંસાર અસાર છે એમ જેના ચિત્તમાં સમજાઇ ગયું હોય. કારણ કે જેના ચિત્તમાં સંસારની આવી અસારતા ન સમજાણી હોય તેની વિષયતૃષ્ણા અટકતી નથી.)

(૬) **સંસારથી વિરક્ત**— સંસારની અસારતા જાણવાથી જ જે સંસારથી વિરક્ત હોય. (કારણ કે જે વિરક્ત ન બન્યો હોય તેને મધુબિંદુના સ્વાદમાં આસક્ત પુરુષની જેમ સંસારના સુખો દુષ્ત્યાજ્ય બને.)

(૭) **પ્રતનુકષાય**— જેના કષાયો અત્યંત મંદ હોય.

---

૧. જેનાં સંક્લિષ્ટ કર્મો ક્ષીણ ન થયાં હોય તે જીવ કોઇ કારણથી દીક્ષા લે તો પણ તેને સહસ્રમલ વગેરેની જેમ અનર્થ થવાનો પણ સંભવ છે. તથા તેને પ્રાય: મોક્ષરાગ ન થયો હોય, સંસાર અસાર ન લાગ્યો હોય, એથી દીક્ષા સંસારસુખ આદિ માટે લે તેવું પણ સંભવિત છે. સંસાર સુખ આદિ માટે લીધેલી દીક્ષાથી પ્રાય: લાભ ન થાય અને પરિણામે દુ:ખવૃદ્ધિ થાય એ પણ સુસંભવિત છે. (ધર્મસંગ્રહ ભાષાંતર)

(૮) **અલ્પહાસ્ય**— જેનામાં હાસ્ય અલ્પ હોય. હાસ્યના ઉપલક્ષણથી રતિ આદિ નોકષાયોના વિકારો જેનામાં અલ્પ હોય, (કારણકે બહુ હાસ્ય વિગેરે અનર્થદંડરૂપ છે, અને ગૃહસ્થોને પણ તેનો નિષેધ છે.)

(૯) **સુકૃતજ્ઞ**— પોતાના ઉપર બીજાઓએ કરેલા ઉપકારને જાણનારો હોય, અર્થાત્ બીજાઓએ પોતાના ઉપર કરેલા ઉપકારને યાદ રાખીને ઉપકારનો બદલો વાળવાની ભાવનાવાળો હોય, કારણ કે જે ઉપકારીઓના ઉપકારને સમજતો નથી=યાદ રાખતો નથી તે સામાન્ય લોકમાં પણ અતિ અધમ મનાય છે.

(૧૦) **વિનીત**— જે માતા-પિતા આદિ વડિલોનો વિનય કરતો હોય. (કારણ કે વિનય ધર્મનું મૂળ છે.)

(૧૧) **રાજાદિનો અવિરોધી**— રાજા, મંત્રી વગેરે (બલવાન-મોટા) માણસોની વિરુદ્ધ કાર્ય કરનાર ન હોય, અર્થાત્ રાજા વગેરે જેના વિરોધી ન હોય, (રાજા વગેરેના વિરોધીને દીક્ષા આપવાથી અનર્થ થવાનો સંભવ છે.)

(૧૨) **કલ્યાણાંગ**- ખોડ-ખાપણથી રહિત અને પાંચ ઇંદ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળો હોય, (કારણ કે ખોડ-ખાપણ-વાળો અને ઇંદ્રિયવિકલ હોય તો અજ્ઞાન લોકમાં જૈનશાસનની નિંદા થવાનો સંભવ રહે, અને પોતે પણ જયણા વગેરે ન પાળી શકે.

(૧૩) **શ્રદ્ધાળુ**— જિનવચન ઉપર શ્રદ્ધાવાળો હોય, (કારણ કે શ્રદ્ધા વિના ચારિત્ર સમ્યગ્ બનતું નથી).

(૧૪) **સ્થિર**— સ્થિરચિત્તવાળો હોય, (કારણકે અસ્થિરચિત્તવાળો પોતે સ્વીકારેલા સંયમ, તપ, અભિગ્રહ વગેરેને છોડી દે એ સુસંભવ છે.

(૧૫) **સમુપસંપન્ન**— સારી રીતે એટલે કે સંપૂર્ણ સમર્પણભાવથી, ઉપસંપન્ન= દીક્ષા લેવા આવ્યો હોય. ¹આવા જીવો દીક્ષાને યોગ્ય છે. (પંચવસ્તુક ૩૨ થી ૩૬)

**દેશવિરતિમાં શાસ્ત્રોક્તવિધિ આ છે—**

**गुरुमूले सुयधम्मो, संविग्गो इत्तरं व इयरं वा । वज्जेत्तु तओ, सम्मं वज्जेइ इमे य अइयारे ॥१॥**

(પંચાશક-૧-૯)

ગુરુ પાસે જેમણે ધર્મ સાંભળ્યો છે એવો સંવિગ્ન શ્રાવક થોડા સમય સુધી કે જીવનપર્યંત પ્રાણવધનું પ્રત્યાખ્યાન કરે, તથા નીચેની ગાથામાં કહેવાશે તે પાંચ અતિચારોનો ભાવશુદ્ધિથી ત્યાગ કરે.

(સંવિગ્ન એટલે મોક્ષસુખનો અભિલાષી. ગુરુ પાસે ધર્મ સાંભળવાથી જ સાચા મોક્ષાભિલાષી બની શકાય છે. આથી જેણે ગુરુની પાસે ધર્મનું શ્રવણ કર્યું નથી અને મોક્ષનો અભિલાષી નથી તેનો વ્રતસ્વીકાર મોક્ષ માટે ન થાય.)

**જિનદીક્ષામાં અધિકારી આ છે—**

---

૧. જે પોતાના જીવનની કે આરાધનાની સઘળી જવાબદારી ગુર્વાદિકને સોંપે નહિ તે ગુર્વાજ્ઞાનું પાલન કરી શકે નહિ. પરંતુ પોતાની બુદ્ધિમાં જેટલું ગ્રાહ્ય લાગે તેટલું સ્વીકારી બીજું ફેંકી દે. વાત એમ પણ છે કે જે (પૂર્ણપણે) સોંપાય નહિ તેનો સ્વીકાર પણ ગુરુ શી રીતે કરી શકે ? કોઇપણ કાર્યમાં બે વિરુદ્ધ વિચાર ધારાઓથી અથડામણ થાય, એથી શિષ્ય સમર્પિત ન હોય તો ગુરુની અને શિષ્યની વચ્ચે પરસ્પર અથડામણ ઊભી થવા સંભવ રહે. અથવા અયોગ્ય સમજી શિષ્યની ઉપેક્ષા કરવાનો પ્રસંગ આવે. સર્વ નાના મોટા કાર્યોમાં ગુરુની બુદ્ધિને આગળ રાખીને તેને આધીન વર્તે, દોરે તેમ દોરાય, તે દીક્ષાનું પાલન કરી શકે. માટે દીક્ષિતે સર્વવિષયમાં ગુરુને સમર્પિત રહેવું જોઇએ. (ધ.સં. ભાષાં.)

**दिक्खाइ चेव रागो, लोगविरुद्धाण चेव चाओत्ति। सुंदरगुरुजोगो वि य, जस्स तओ एत्थ उचिओत्ति ॥४॥**
(પંચાશક ૨-૪)

જેને દીક્ષા ઉપર જ રાગ છે, જેણે લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ અવશ્ય કરી દીધો છે, જેને સુગુરુનો યોગ થયો છે, તે જીવ દીક્ષાનો અધિકારી છે-દીક્ષા માટે યોગ્ય છે.

ઉક્તનીતિથી વિપરીત રીતે દીક્ષાદિ કરવામાં શાસ્ત્રોક્ત નીતિનો બાધ થાય છે.

**દ્રવ્યાદિ વિશેષથી—** વિશેષ પ્રકારના દ્રવ્ય ક્ષેત્ર-કાલ-ભાવને આશ્રયીને વિરુદ્ધદાનાદિમાં અને પ્રવ્રજ્યાદિ કરવામાં ધર્મવ્યાઘાત જ જાણવો, નહિ કે ધર્મારાધના. તેમાં—

**દ્રવ્યથી—** ધર્મવ્યાઘાત આ પ્રમાણે છે— એષણીય (=આધાકર્મ આદિ દોષોથી રહિત) હોવાના કારણે જે દ્રવ્ય અવિરુદ્ધ છે, તેવા ભાત આદિથી સાધુનો જીવનનિર્વાહ થઇ જતો હોવા છતાં અનેષણીય (=આધાકર્મ આદિ દોષોથી યુક્ત) હોવાના કારણે જે દ્રવ્ય વિરુદ્ધ હોય, એથી જ હીન હોય, આવા હીનને ઉત્તમ બુદ્ધિથી આપનારને ધર્મવ્યાઘાત થાય. ટૂંકમાં દોષિત પણ આહાર આદિને નિર્દોષ બુદ્ધિથી આપનારને ધર્મવ્યાઘાત થાય.

**ક્ષેત્રથી—** જંગલ આદિ સિવાયના ક્ષેત્રમાં અશુદ્ધ આહાર વગેરે આપે, અર્થાત્ શુદ્ધ આહારથી નિર્વાહ થઇ જતો હોય તેવા ક્ષેત્રમાં પણ અશુદ્ધ આહાર વગેરે આપે.

**કાળથી—** સારી રીતે નિર્દોષ ભિક્ષા મળી જતી હોય તેવા કાળમાં અશુદ્ધ આહાર વગેરે આપે.

**ભાવથી—** બિમારી ન હોય ત્યારે પણ અશુદ્ધ આહાર વગેરે આપે તો ધર્મવ્યાઘાત જ થાય. કહ્યું છે કે- **"શુદ્ધ આહારથી સાધુનો નિર્વાહ થઇ શકતો હોય ત્યારે આધાકર્મિક આહાર આપનાર અને લેનાર બંનેને અહિતકારી છે. અને તે જ આહાર બિમારી આદિના કારણે આપનાર-લેનાર બંનેને હિતકારી છે. જેમ જ્વર રોગવાળા દર્દીને વૈદ્ય ઘેબર આપે તો "વૈદ્ય-દર્દી" એ બંનેનું અહિત થાય, અને ભસ્મક રોગવાળાને વૈદ્ય ઘેબર આપે તો બંનેનું હિત થાય. તેમ અહીં પણ સમજવું.** (પિંડવિશુદ્ધિ-૨૧ યતિદિનચર્યા-૨૩૫)

તથા શાસ્ત્રમાં ઉત્સર્ગથી જેને દીક્ષા આપવાનો નિષેધ કર્યો હોય તેવાની પ્રવ્રજ્યાદિ કરવામાં ધર્મવ્યાઘાત આ પ્રમાણે છે—

**દ્રવ્યથી—** શાસ્ત્રનિષિદ્ધ નપુંસક વગેરે જીવદ્રવ્યને દીક્ષા આપે તો,

**ક્ષેત્રથી—** જંગલ પસાર કરવાનો હોય અને નપુંસક આદિની સહાય વિના જંગલ પસાર ન કરી શકાય તેવા ક્ષેત્ર સિવાય, નપુંસક વગેરેને દીક્ષા આપે તો,

**કાળથી—** નપુંસક આદિની સહાય વિના સારી રીતે ભિક્ષા મળી જતી હોય તેવા કાળમાં દીક્ષા આપે તો,

**ભાવથી—** સ્વસ્થ અવસ્થામાં નપુંસકને દીક્ષા આપે તો, આપનારને સ્પષ્ટ ધર્મનો વ્યાઘાત થાય.

આ ધર્મવ્યાઘાતને મધ્યસ્થ બનીને, પોતાની ઇચ્છા પ્રમાણે નહિ, કિંતુ આગમ પ્રમાણે બરોબર (=અવિપરીતપણે) જાણવો. (૭-૮)

**ધર્મવિચારે સૂક્ષ્મબુદ્ધિ આશ્રયણ નામના એકવીસમા**
**અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥२२॥ अथ द्वाविंशतितमं भावशुद्धिविचाराष्टकम् ॥

**अथ विरुद्धदानादावपि भावशुद्धेर्धर्म एव न तु तद्व्याघात इत्यत आह—**

**भावशुद्धिरपि ज्ञेया, यैषा मार्गानुसारिणी ।**
**प्रज्ञापनाप्रियात्यर्थं, न पुनः स्वाग्रहात्मिका ॥१॥**

**वृत्तिः— ''भावशुद्धिः' मनसोऽसंक्लिश्यमानता या परैर्विरुद्धदानादौ धर्मव्याघातपरिहारनिबन्धनतया कल्पिता सापि, न केवलं धर्मव्याघात एव ज्ञेय इति 'अपि' शब्दार्थः, 'ज्ञेया' ज्ञातव्या, 'या एषा' वक्ष्यमाणस्वरूपा नान्या, तामेवाह- मार्गं जिनोक्तज्ञानादिकं मोक्षपथमनुसरत्यनुगच्छतीत्येवंशीला 'मार्गानुसारिणी', अथ परो ब्रूयात्, सैषा ममेत्यत्राह- प्रज्ञापना आगमार्थोपदेशनं सा प्रिया वल्लभा यस्यां भावशुद्धौ सा 'प्रज्ञापनाप्रिया,' 'अत्यर्थं' अतिशयेन, उक्तस्यैवार्थस्य व्यतिरेकमाह- 'न' नैव, पुनः शब्दः पूर्वोक्तार्थापेक्षया प्रकृतार्थविलक्षणताप्रतिपादनार्थः, स्वः स्वकीयो न तु शास्त्रीयः, स चासावाग्रहश्चार्थाभिनिवेशः स्वाग्रहः, स एवात्मा स्वभावो यस्याः सा 'स्वाग्रहात्मिका' इति ॥१॥**

## બાવીસમું ભાવશુદ્ધિ વિચાર અષ્ટક

(ધર્મમાં ભાવશુદ્ધિની પ્રધાનતા છે. ધર્મક્રિયાનું ફળ ભાવશુદ્ધિ પ્રમાણે મળે છે. આથી દાનાદિની પ્રવૃત્તિ શાસ્ત્રવિરુદ્ધ થઇ જવા છતાં ભાવશુદ્ધિ હોય તો ધર્મ છે, કિંતુ ધર્મવ્યાઘાત નથી. પણ અહીં ભાવશુદ્ધિ કોને કહેવી તે વિચારણીય છે. મનમાનેલી ભાવશુદ્ધિ ધર્મવ્યાઘાતને રોકવા સમર્થ નથી. આથી આ અષ્ટકમાં ભાવશુદ્ધિનું સ્વરૂપ શું છે ? સ્વાગ્રહ ભાવશુદ્ધિ કેમ નથી ? સ્વાગ્રહ એ શું છે ? સ્વાગ્રહ કયા કારણોથી થાય છે ? કેવા પ્રકારની ભાવશુદ્ધિથી ધર્મવ્યાઘાત થતો નથી વગેરે વિષયોની સૂક્ષ્મ વિચારણા આ અષ્ટકમાં કરવામાં આવી છે.)

**હવે વિરુદ્ધદાનાદિમાં ભાવશુદ્ધિથી ધર્મ જ છે, નહિ કે ધર્મનો વ્યાઘાત, એમ કોઇ કહે એથી ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** ભાવશુદ્ધિ પણ [1]જે માર્ગાનુસારિણી અને અત્યંત પ્રજ્ઞાપનાપ્રિયા હોય તે જ જાણવી, નહિ કે સ્વાગ્રહવાળી. (૧)

**ટીકાર્થ— ભાવશુદ્ધિ—** ભાવશુદ્ધિ એટલે માનસિક સંક્લેશનો અભાવ કે જેને બીજાઓએ ધર્મવ્યાઘાતના પરિહાર માટે કારણ રૂપે કલ્પેલો છે. વિરુદ્ધદાનથી પણ જો ભાવશુદ્ધિ હોય તો ધર્મવ્યાઘાત ન થાય એમ બીજાઓ કલ્પના કરે છે.

ગાથાના **''अपि''** શબ્દનો અર્થ આ પ્રમાણે છે. કેવળ ધર્મવ્યાઘાત જ સૂક્ષ્મબુદ્ધિથી જાણવો એમ નહિ, કિંતુ ભાવશુદ્ધિ પણ સૂક્ષ્મબુદ્ધિથી જાણવી.

**एषा**=આ. આ એટલે આ જ ગાથામાં માર્ગાનુસારિણી વગેરે શબ્દોથી જે કહેવામાં આવશે તે.

**માર્ગાનુસારિણી—** જિનોક્ત સમ્યગ્ જ્ઞાનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગને અનુસરવાના સ્વભાવવાળી.

૧. વાક્યક્લિષ્ટતાના કારણે ગાથામાં રહેલા **एषा** પદનો અર્થ શ્લોકાર્થમાં લીધો નથી.

**પ્રજ્ઞાપનાપ્રિયા—** બીજો કોઇ એમ કહે કે મારી ભાવશુદ્ધિ માર્ગાનુસારિણી છે, તો તેના જવાબમાં ગ્રંથકાર કહે છે-પ્રજ્ઞાપના (=આગમાર્થનો ઉપદેશ) જેમાં પ્રિય હોય તે ભાવશુદ્ધિ છે. કોઇ ''મારી ભાવશુદ્ધિ માર્ગાનુસારિણી છે'' એમ બોલે એટલામાત્રથી ભાવશુદ્ધિ માર્ગાનુસારિણી ન કહેવાય. પણ જો એ ભાવશુદ્ધિ અતિશય પ્રજ્ઞાપનાપ્રિયા હોય તો ભાવશુદ્ધિ માર્ગાનુસારિણી છે એમ કહેવાય. માટે જે ભાવશુદ્ધિ માર્ગાનુસારિણી હોવા સાથે પ્રજ્ઞાપનાપ્રિયા પણ હોવી જોઇએ.

**સ્વાગ્રહવાળી—** શાસ્ત્રીય નહિ, કિંતુ પોતાનો જ આગ્રહ (=અર્થ સંબંધી અભિનિવેશ) જેમાં હોય તે સ્વાગ્રહવાળી. સ્વાગ્રહવાળી ભાવશુદ્ધિ પરમાર્થથી ભાવશુદ્ધિ નથી. (૧)

**अथ कस्मात् 'स्वाग्रहात्मिकापि' भावशुद्धिर्न भवतीति, अत्रोच्यते, भावशुद्धिविपर्ययभूतभावमालिन्यरूपत्वात्स्वाग्रहस्येत्येतत् श्लोकत्रयेण दर्शयन्नाह—**

**रागो द्वेषश्च मोहश्च, भावमालिन्यहेतवः ।**
**एतदुत्कर्षतो ज्ञेयो, हन्तोत्कर्षोऽस्य तत्त्वतः ॥२॥**

**वृत्तिः— 'रागो'ऽभिष्वङ्गलक्षणः, 'द्वेषो'ऽप्रीतिरूपः, 'मोहश्च' अज्ञानलक्षणश्च, 'च' शब्दौ समुच्चयार्थौ, एते त्रयोपि 'भावमालिन्यहेतवः' आत्मपरिणामाशुद्धिनिबन्धनानि स्वाग्रहादिभावकारणानीति गर्भः, एतेषां रागादीनां उत्कर्ष उपचय एतदुत्कर्षस्तत 'एतदुत्कर्षतो', 'ज्ञेयो' ज्ञातव्यः, 'हन्त' इति प्रत्यवधारणार्थः कोमलामन्त्रणार्थो वा, 'उत्कर्षः' उपचयः, 'अस्य' भावमालिन्यस्य स्वाग्रहादिरूपस्य, 'तत्त्वतः' परमार्थवृत्त्येति ॥२॥**

**પ્રશ્ન— શાથી સ્વાગ્રહવાળી ભાવશુદ્ધિ ન હોય ?**

**ઉત્તર— સ્વાગ્રહ ભાવશુદ્ધિથી વિપરીત એવા ભાવમાલિન્યના સ્વરૂપવાળો હોય છે, અર્થાત્ જ્યાં સ્વાગ્રહ હોય ત્યાં ભાવમાલિન્ય હોય, ભાવશુદ્ધિ ન હોય.**

**હવે આ જ વિષયને ત્રણ શ્લોકથી જણાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** રાગ-દ્વેષ-મોહ ભાવમાલિન્યનાં (=ભાવ અશુદ્ધિનાં) કારણો છે. (આથી) પરમાર્થથી રાગાદિની વૃદ્ધિથી ભાવમલિનતાની જ વૃદ્ધિ જાણવી.

**ટીકાર્થ—** રાગ=અભિષ્વંગ (આસક્તિ). દ્વેષ=અપ્રીતિ. મોહ=અજ્ઞાન. આ ત્રણે ભાવમાલિન્યના=આત્મ પરિણામની અશુદ્ધિનાં કારણો છે, અર્થાત્ સ્વાગ્રહ આદિભાવોનાં કારણો છે. આથી પરમાર્થથી રાગાદિની વૃદ્ધિ થવાથી સ્વાગ્રહાદિ રૂપ ભાવમાલિન્યની વૃદ્ધિ થયેલી જાણવી. (૨)

**ततः किमित्याह—**

**तथोत्कृष्टे च सत्यस्मिन्, शुद्धिर्वै शब्दमात्रकम् ।**
**स्वबुद्धिकल्पनाशिल्प-निर्मितं नार्थवद् भवेत् ॥३॥**

**वृत्तिः— 'तथा' तेन प्रकारेण रागाद्युत्कर्षलक्षणेन, 'उत्कृष्टे' उत्कटे, 'चशब्दः' पुनरर्थः, 'सति' भवति, 'अस्मिन्' रागादिहेतुके स्वाग्रहादिरूपे भावमालिन्ये, 'शुद्धिः' शुद्धत्वम्, भावस्येति गम्यते, 'वैशब्दो' वाक्यालङ्कारार्थः, शब्द एवाभिधानमेव शब्दमात्रं, तदेव कुत्सितम् 'शब्दमात्रकं' निरभिधेयमित्यर्थः, मालिन्योत्कर्षे सति नास्ति भावशुद्धिर्मालिन्यस्य तद्विरुद्धरूपत्वादग्निसद्भावे शीतवदिति भावना । अथ मालिन्ये सत्यपि शुद्धिरिष्यते ततः कथं शब्दमात्रत्वमस्या इत्यत्राह- स्वबुद्ध्या प्रमाणापरतन्त्रया मत्या कल्पना क्लृप्तिः सैव शिल्पं चित्रादिकौशलं तेन निर्मितं विरचितं 'स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितं, यच्छब्दरूपं तदिति गम्यम्, 'न' नैव, 'अर्थवत्' साभिधेयम्, 'भवेत्' जायेतेति ॥३॥**

**તેથી શું થયું તે કહે છે—**

**શ્લોકાર્થ—** તે રીતે ભાવમાલિન્યની વૃદ્ધિ થતાં ભાવશુદ્ધિ અર્થરહિત શબ્દ માત્ર છે. જે સ્વબુદ્ધિથી કલ્પનારૂપ શિલ્પથી રચિત હોય તે સાર્થક ન થાય.(૩)

**ટીકાર્થ— તે રીતે**=રાગાદિની વૃદ્ધિથી.

**ભાવમાલિન્યની વૃદ્ધિ થતાં**=રાગાદિના કારણે થનાર સ્વાગ્રહાદિરૂપ ભાવમાલિન્યની વૃદ્ધિ થતાં.

**અર્થ રહિત શબ્દ માત્ર છે—** ભાવમાલિન્યની વૃદ્ધિ થતાં ભાવશુદ્ધિ રહેતી જ નથી. કારણ કે માલિન્ય ભાવશુદ્ધિથી વિરુદ્ધ છે. જેવી રીતે અગ્નિ-ઠંડી એ બંને વિરુદ્ધ હોવાથી અગ્નિના સદ્ભાવમાં ઠંડી ન રહે તે રીતે માલિન્યના સદ્ભાવમાં ભાવશુદ્ધિ ન રહે.

**શિલ્પ**=ચિત્ર વગેરેમાં કુશલતા.

માલિન્ય હોય તો પણ શુદ્ધિ ઇચ્છાય છે. તેથી માલિન્યમાં શુદ્ધિ શબ્દમાત્ર કેવી રીતે હોય ? એવા પ્રશ્ન વિષે અહીં કહે છે કે-જે સ્વબુદ્ધિથી (=પ્રમાણને આધીન ન હોય તેવી મતિની પ્રવીણતાથી) રચિત હોય તે સાર્થક ન હોય. સાર્થક ન હોય=અભિધેયથી (=શબ્દથી કહેવા યોગ્ય અર્થથી) યુક્ત ન હોય. (પ્રસ્તુતમાં સ્વબુદ્ધિથી ભાવશુદ્ધિને માનવામાં ભાવશુદ્ધિ શબ્દનો નિર્મલતા અર્થ ન હોય.) એવી ભાવશુદ્ધિ અર્થરહિત શબ્દમાત્ર છે. જ્યારે મલિનતા વધારે હોય ત્યારે ભાવશુદ્ધિને ઇચ્છવી એ સ્વબુદ્ધિથી કલ્પનારૂપ શિલ્પથી રચિત છે. અર્થાત્ આ અવસ્થામાં મારામાં ભાવશુદ્ધિ છે એમ કોઇ કહે તો આ ભાવશુદ્ધિ કાલ્પનિક છે, વાસ્તવિક નથી. કારણ કે શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે માલિન્ય હોય ત્યારે શુદ્ધિ ન હોય. સ્વબુદ્ધિથી શુદ્ધિને ઇચ્છનાર શાસ્ત્રને આધીન નથી. કારણ કે પ્રસ્તુતમાં સ્વબુદ્ધિનો અર્થ ''પ્રમાણને આધીન ન હોય તેવી મતિ'' એવો કર્યો છે. પ્રસ્તુતમાં શુદ્ધિ આપ્તોક્ત શાસ્ત્ર પ્રમાણના આધારે માનવાની છે. (૩)

**अथ स्वाग्रहस्य भावमालिन्यरूपतां स्पष्टयन्नाह—**

**न मोहोद्रिक्तताऽभावे, स्वाग्रहो जायते क्वचित् ।**
**गुणवत्पारतन्त्र्यं हि, तदनुत्कर्षसाधनम् ॥४॥**

**वृत्तिः— 'न' नैव, मोहस्याज्ञानस्योपलक्षणत्वात् रागद्वेषयोश्चोद्रिक्तता उद्रेकस्तस्या अभावः अवि-**

द्यमानता मोहोद्रिक्तताऽभावस्तत्र 'मोहोद्रिक्तताभावे', स्वाग्रहोऽनागमिकार्थाभिनिवेशो भावशुद्धिविपर्ययलक्षण:, 'जायते' भवति, 'क्वचित्' कुत्रचिदपि वस्तुनि । इदमुक्तं भवति- मोहोत्कर्षजन्यत्वात् 'स्वाग्रहो' भावमालिन्यम्, मोहोत्कर्षजन्यत्वं चास्य ''रागो द्वेषश्च'' (श्लो०-२) इत्यादिवचनप्रामाण्यात्, तदेवं स्वाग्रहस्य भावमालिन्यरूपत्वाद्भावशुद्धिर्न तदात्मिकेति स्थितम् । अथ मोहह्रासस्य स्वाग्रहाभावहेतो: क उपाय इत्याह- गुणवतां विद्यमानसम्यग्ज्ञानक्रियागुणानां पारतन्त्र्यमधीनत्वं 'गुणवत्पारतन्त्र्यम्,' 'हिशब्द:' पुनरर्थ:, गुणवत्पारतन्त्र्यं पुन: तस्य मोहस्यानुत्कर्षो ह्रासस्तस्य साधनं कारणं 'तदनुत्कर्षसाधनम्', दृश्यते ह्यागमस्यागमविदां वा पारतन्त्र्यान्मोहानुत्कर्ष इति ॥४॥

**હવે સ્વાગ્રહ ભાવમાલિન્યરૂપ છે એ વિષયને સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** મોહની મંદતામાં સ્વાગ્રહ કોઇ વસ્તુમાં થતો નથી. ગુણવાનનું પારતંત્ર્ય મોહની મંદતાનું સાધન છે. (૪)

**ટીકાર્થ— મોહ=**અજ્ઞાન. મોહના ઉપલક્ષણથી રાગ-દ્વેષની પણ મંદતા સમજવી.

**સ્વાગ્રહ—** આગમપ્રમાણથી સિદ્ધ ન થતા હોય તેવા અર્થોમાં આગ્રહ રાખવો. સ્વાગ્રહ મોહના ઉત્કર્ષથી થનારો હોવાથી ભાવમાલિન્યરૂપ છે. આ અષ્ટકના બીજા શ્લોકમાં જણાવેલ વિગત પ્રામાણિક હોવાથી સ્વાગ્રહ મોહના ઉત્કર્ષથી થાય છે.

**હવે સ્વાગ્રહના અભાવનું કારણ એવી મોહમંદતાનો શો ઉપાય છે ? એવા પ્રશ્નના જવાબમાં કહે છે—** જેમનામાં સમ્યગ્જ્ઞાન-ક્રિયારૂપ ગુણો હોય તેવાઓનું પારતંત્ર્ય સ્વીકારવું એ મોહની મંદતાનો ઉપાય છે. આગમની કે આગમના જાણકારોની આધીનતા સ્વીકારવાથી મોહની મંદતા દેખાય જ છે. (૪)

**गुणवत्पारतन्त्र्यस्य मोहानुत्कर्षसाधकत्वमागमज्ञाऽऽचरितेन समर्थयन्नाह—**

**अत एवागमज्ञोऽपि, दीक्षादानादिषु ध्रुवम् ।**
**क्षमाश्रमणहस्तेने-त्याह सर्वेषु कर्मसु ॥५॥**

**वृत्ति:—** यत एव कारणात् गुणवत्पारतन्त्र्यं मोहानुत्कर्षस्य साधकम्, 'अत एव' एतस्मादेव कारणात्, 'आगमज्ञोऽपि' आप्तवचनवेद्यपि सन्, आस्तामनागमज्ञ:, 'दीक्षादानादिषु' प्रव्रज्यावितरणप्रभृतिषु, आदिशब्दादुद्देशसमुद्देशादिषु, कर्मस्विति योग:, 'ध्रुवं' निश्चितम्, 'क्षमाश्रमणहस्तेन' सद्गुरुकरेण, न स्वातन्त्र्येण, 'इति' एवंरूपमभिलापम्, 'आह' ब्रूते, दीक्षादिदाता मोहानुत्कर्षार्थमेव, 'सर्वेषु', समस्तेषु 'कर्मसु' व्यापारेष्विति, तस्माद् गुणवत्पारतन्त्र्यादेव मोहानुत्कर्षलक्षणा भावशुद्धिर्नान्यथेति ॥५॥

**ગુણવાનોની પરતંત્રતાનો સ્વીકાર મોહમંદતાનો ઉપાય છે એ વિષયને આગમજ્ઞાતા પુરુષોના આચરણથી સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** આથી જ આગમજ્ઞાતા પણ દીક્ષાદાન આદિ સર્વકાર્યોમાં **क्षमाश्रमणहस्तेन** એવા અભિલાપને

અવશ્ય કહે છે. (૫)

**ટીકાર્થ— આથી જ**=ગુણવાનોની આધીનતાનો સ્વીકાર મોહની મંદતાનું સાધન હોવાથી જ.

'દીક્ષાદાન આદિ' એ સ્થળે આદિ શબ્દથી ઉદ્દેશ, સમુદ્દેશ વગેરે કાર્યો સમજવાં.

**क्षमाश्रमणहस्तेन** એટલે હું જે આ કામ કરું છું તે મારી મોહની મંદતા થાય એ માટે જ ગુરુના હાથથી (=સદ્‌ગુરુને આધીન બનીને) કરું છું, સ્વતંત્રતાથી કરતો નથી. આથી મોહમંદતારૂપ ભાવશુદ્ધિ ગુણવાનોની પરતંત્રતાથી જ થાય છે, બીજી રીતે નહિ. (૫)

**एतदेवाह—**

**इदं तु यस्य नास्त्येव, स नोपायेऽपि वर्तते ।**
**भावशुद्धेः स्वपरयो-र्गुणाद्यज्ञस्य सा कुतः ॥६॥**

**वृत्तिः— 'इदम्' अनन्तरोदितं गुणवत्पारतन्त्र्यम्, 'तुशब्दः' पुनरर्थः, 'यस्य' प्राणिनः, 'नास्त्येव' न विद्यत एव, 'स' प्राणी, 'न' नैव, 'उपायेऽपि' हेतावपि, 'वर्तते', अस्तां भावशुद्धौ, गुणवत्पारतन्त्र्यस्यैव तदुपायत्वात्, कस्या 'नोपायेऽपि वर्तत' इत्याह- 'भावशुद्धेः' परिणामशुद्धेः कुत एतदित्याह— यस्मात् 'स्वपरयोः' आत्मेतरयोर्विषये, 'गुणाद्यज्ञस्य' 'सा' भावशुद्धिः, 'कुतः' न कुतोऽपि, नास्तीत्यर्थः, अयमभिप्रायः- यो हि गुणवत्पारतन्त्र्ये न वर्त्तते स गुणवद्गुणान् स्वगतगुणदोषांश्च न जानाति, कथमन्यथा गुणवत्परतन्त्रो न भवति, यश्च तान्न जानाति तस्य मोहोपहतबुद्धित्वान्नास्ति भावशुद्धिस्तस्या मोहानुत्कर्षरूपत्वादिति ॥६॥**

**આ જ વિષયને કહે છે—**

**શ્લોકાર્થ—** જેને ગુણવાનની આધીનતા નથી જ તે ભાવશુદ્ધિના ઉપાયમાં પણ વર્તતો નથી. પોતાનામાં રહેલા ગુણ-દોષોને અને ગુણીઓના ગુણોને ન જાણનારને ભાવશુદ્ધિ ક્યાંથી હોય ? અર્થાત્ કોઇ પણ રીતે ન હોય. (૬)

**ટીકાર્થ— ઉપાયમાં પણ—** જેને ગુણવાનની આધીનતા નથી તે ભાવશુદ્ધિમાં તો નથી જ વર્તતો, કિંતુ ભાવશુદ્ધિના ઉપાયમાં પણ વર્તતો નથી. આનું કારણ એ છે કે તે ગુણવાનના ગુણોને અને પોતાનામાં રહેલા ગુણ-દોષોને જાણતો નથી. અન્યથા તે ગુણવાનોને આધીન કેમ ન બને ? જે ગુણવાનોના ગુણોને અને પોતાનામાં રહેલા ગુણ-દોષોને જાણતો નથી તેની બુદ્ધિ મોહથી હણાયેલી છે, અને તેથી તેને ભાવશુદ્ધિ ન હોય. કારણકે ભાવશુદ્ધિ મોહમંદતારૂપ છે. (૬)

**अथ यादृश्यां भावशुद्धौ धर्मव्याघातो न भवति तां लक्षयितुमाह—**

**तस्मादासन्नभव्यस्य, प्रकृत्या शुद्धचेतसः ।**
**स्थानमानान्तरज्ञस्य, गुणवद्बहुमानिनः ॥७॥**

**औचित्येन प्रवृत्तस्य, कुग्रहत्यागतो भृशम् ।**
**सर्वत्रागमनिष्ठस्य, भावशुद्धिर्यथोदिता ॥८॥**

वृत्तिः— यस्माद् गुणदोषानभिज्ञस्य भावशुद्धिर्न भवति, 'तस्मात्' कारणात्, अथवा तस्माद् गुणवत्पारतन्त्र्यात्, आसन्नो मुक्तेर्निकटवर्ती स चासौ भव्यश्च मुक्तिगमनयोग्य 'आसन्नभव्यः' तस्य, भावशुद्धिरिति सम्बन्धः, तथा 'प्रकृत्या' सद्भावेनैव 'शुद्धचेतसो' असंक्लिष्टमानसस्य, रागादीनामपचीयमानत्वात्, तथा स्थानं चाचार्योपाध्यायादिकं गुणास्पदं, मानश्चैतस्यैव पूजा, स्थानमानौ, तयोः स्वजात्यपेक्षया अन्तरं विशेषस्तं जानातीति तज्ज्ञस्तस्य 'स्थानमानान्तरज्ञस्य', इदमुक्तं भवति आचार्योपाध्यायादिकस्य स्थानस्य च तथा तद्विषये मानस्य च यो विशेष उत्तमोत्तमतरमहाफलतरादिलक्षण इदमस्योचितमिदं चास्येत्येवंरूपश्च तज्ज्ञस्य, अत एव 'गुणवद्बहुमानिनः' सद्गुणपक्षपातिनः, तथा स्थानमानान्तरज्ञस्य गुणवद्बहुमानिनोऽपि सतः 'औचित्येन' यथागुणं यथायोग्यमिति यावत्, 'प्रवृत्तस्य' व्यापृतस्य विधेयानुष्ठानेषु, 'कुग्रहत्यागतो' मिथ्यावासनाव्यपोहेन, 'भृशम्' अत्यर्थम्, 'सर्वत्र' समस्तेषु द्रव्यक्षेत्रकालभावेषु विधिषु, 'आगमनिष्ठस्य' आप्तवचनप्रमाणस्य, किमित्याह- 'भावशुद्धिः' परिणामशुद्धता, 'यथोदिता' पारमार्थिकी, भवति, यथा धर्मव्याघातो न जायते, उक्तविशेषणाभावे तु या सा पुनरयथोदितेति ॥७-८॥

**॥ द्वाविंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२२॥**

**હવે જેવી ભાવશુદ્ધિમાં ધર્મનો વ્યાઘાત ન થાય તેવી ભાવશુદ્ધિનું લક્ષણ કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** તેથી જે (૧) આસન્નભવ્ય છે, (૨) સદ્ભાવથી જ શુદ્ધચિત્તવાળો છે, (૩) સ્થાન-માનના અંતરને જાણનારો છે, (૪) જે ગુણી પુરુષો પ્રત્યે બહુમાનવાળો છે, (૫) જે અનુષ્ઠાનોમાં યથાયોગ્ય પ્રવૃત્ત છે, (૬) જે કુગ્રહનો ત્યાગ કરીને સર્વત્ર આપ્તવચનને અત્યંત પ્રમાણ માને છે, તે જીવની ભાવશુદ્ધિ પારમાર્થિક છે. (૭-૮)

**ટીકાર્થ— તેથી=**ગુણ-દોષને ન જાણનારની ભાવશુદ્ધિ ન થતી હોવાથી. અથવા **તેથી=**ગુણવાનોની આધીનતાનો સ્વીકાર કરવાના કારણે.

**આસન્નભવ્ય—** ભવ્ય એટલે મોક્ષમાં જવાને યોગ્ય. મુક્તિની નજીકમાં રહેલો ભવ્ય જીવ આસન્નભવ્ય છે.

**સદ્ભાવથી જ શુદ્ધચિત્તવાળો—** (માત્ર દેખવાથી નહિ, કિંતુ) સદ્ભાવથી જ અસંક્લિષ્ટમનવાળો. તેના રાગાદિ દોષો ઘટી રહ્યા હોવાથી તે જીવ સદ્ભાવથી જ શુદ્ધચિત્તવાળો છે.

**સ્થાન-માનના અંતરને જાણનારો—** અહીં સ્થાન એટલે ગુણોના સ્થાન એવા આચાર્ય, ઉપાધ્યાય વગેરે. માન=આચાર્ય-ઉપાધ્યાય વગેરેની જ પૂજા. સ્થાન અને માનના સ્વજાતિની અપેક્ષાએ અંતરને=વિશેષને જાણનાર.

**અહીં ભાવાર્થ આ છે—** આચાર્યમાં અમુક ગુણો છે, ઉપાધ્યાયમાં અમુક ગુણો છે, (તેથી) ઉપાધ્યાય

ઉત્તમ છે. ઉપાધ્યાયથી આચાર્ય અધિક ઉત્તમ છે. એમ ગુણોના સ્થાન આચાર્યાદિને જાણે છે. તથા આચાર્યની અમુક રીતે પૂજા કરવી ઉચિત છે. ઉપાધ્યાયની અમુક રીતે પૂજા કરવી ઉચિત છે, તથા ઉપાધ્યાયની પૂજાથી મહાફળ થાય, અને આચાર્યની પૂજાથી તેનાથી પણ અધિક મહાફળ થાય. એ પ્રમાણે સ્વરૂપ અને ફળની દૃષ્ટિએ આચાર્યાદિના સ્થાન-માનના અંતરને જાણે છે.

**ગુણી પુરુષો પ્રત્યે બહુમાનવાળો—** સ્થાન-માનના અંતરને જાણે છે તેથી જ સદ્‌ગુણીઓ પ્રત્યે પક્ષપાતવાળો છે.

**અનુષ્ઠાનોમાં યથાયોગ્ય પ્રવૃત્ત—** સ્થાન-માનના અંતરનો જાણકાર અને ગુણવાનો પ્રત્યે બહુમાનવાળો થયો છતો પણ કરવા યોગ્ય અનુષ્ઠાનોમાં યથાયોગ્ય પ્રવૃત્ત થયેલો છે.

**કુગ્રહનો ત્યાગ કરીને—** મિથ્યાવાસનાનો ત્યાગ કરીને.

**સર્વત્ર=**સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ વિધિઓમાં.

**ભાવશુદ્ધિ=**પરિણામ શુદ્ધિ.

આવા જીવને જેનાથી ધર્મવ્યાઘાત ન થાય તેવી ભાવશુદ્ધિ હોય છે. ઉક્ત વિશેષણોના અભાવમાં તો અપારમાર્થિક ભાવશુદ્ધિ હોય. (૭-૮)

**ભાવશુદ્ધિ વિચાર નામના બાવીસમા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥२३॥ अथ त्रयोविंशतितमं शासनमालिन्यनिषेधाष्टकम् ॥

**धर्मार्थिना सा भावशुद्धिर्विधेयेत्युक्तम्, अथ तामिच्छता शासनमालिन्यं सर्वथा रक्षणीयमन्यथा महानर्थ इति दर्शयन्नाह—**

**य: शासनस्य मालिन्ये-ऽनाभोगेनापि वर्त्तते ।**
**स तन्मिथ्यात्वहेतुत्वा-दन्येषां प्राणिनां ध्रुवम् ॥१॥**

**बध्नात्यपि तदेवालं, परं संसारकारणम् ।**
**विपाकदारुणं घोरं, सर्वानर्थविवर्धनम् ॥२॥**

वृत्ति:— 'य:' कोऽपि श्रमणादि:, 'शासनस्य' जिनप्रवचनस्य, 'मालिन्ये' लोकविरुद्धाचरणेनोपघाते, आह च- ''छक्कायदयावंतो वि, संजतो दुल्लभं कुणइ बोहिं । आहारे नीहारे, दुगुंछिए पिंडगहणे य[१४] ॥१॥'' 'अनाभोगेनापि' अज्ञानेनापि किंपुनराभोगेनापि, 'वर्त्तते' व्याप्रियते, 'स' प्राणी, तेन जिनशासनमालिन्येन करणभूतेन मिथ्यात्वहेतुर्विपर्यस्तबोधजनक: 'तन्मिथ्यात्वहेतु:' तत्त्वम्, अथवा तस्मिन् जिनशासनविषये मिथ्यात्वभावहेतुत्वं मिथ्यात्वजनकत्वं 'तन्मिथ्यात्वहेतुत्वं' तस्मात् 'तन्मिथ्यात्वहेतुत्वात्

१४. षटकायदयावानपि, संयत: दुर्लभं करोति बोधिम् । आहारे नीहारे जुगुप्सिते पिण्डग्रहणे च ॥१॥

**केषां मिथ्यात्वहेतुत्वात् ? केषां मिथ्यात्वजनकत्वादित्याह- 'अन्येषां' आत्मव्यतिरिक्तानां, ये हि तस्यासदाचारेण जिनशासनं हीलयन्ति तेषाम्, 'प्राणिनां' जीवानाम्, 'ध्रुवं' अवश्यतया, 'बध्नात्यपि' स्वात्मप्रदेशेषु सम्बन्धयत्यपि न केवलं तेषां तज्जनयति, 'तदेव' मिथ्यात्वमोहनीयकर्मैव यदन्यप्राणिनां जनितं न त्वन्यच्छुभं कर्मान्तरम्, 'अलं' अत्यर्थम्, निकाचनादिरूपेण, 'परं' प्रकृष्टम्, 'संसारकारणं' भवहेतुम्, 'विपाकदारुणं' दारुणविपाकम्, 'घोरं' भयानकम्, 'सर्वानर्थविवर्धनं' निखिलप्रत्यूहहेतुम् । ननु सम्यग्दृष्टिर्न मिथ्यात्वं बध्नाति मिथ्यात्वहेतुकत्वात् मिथ्यात्वप्रकृतेः, अत्रोच्यते, शासनमालिन्योत्पादनावसरे मिथ्यात्वोदयान्मिथ्यादृष्टिरेवासावतो मिथ्यात्वबन्ध इति ॥१-२॥**

## ત્રેવીસમું શાસનમાલિન્યનિષેધ અષ્ટક-

(આ અષ્ટકમાં શાસનની હીલનામાં નિમિત્ત બનવાથી થતા દોષોને અને શાસનની ઉન્નતિ કરવાથી થતા લાભોને જણાવીને શાસન હીલનાનો ત્યાગ અને શાસનની ઉન્નતિ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.)

**ધર્માર્થીએ પારમાર્થિક ભાવશુદ્ધિ કરવી જોઇએ એમ કહ્યું. હવે પારમાર્થિક ભાવશુદ્ધિને ઇચ્છતા ધર્માર્થીએ શાસનમાલિન્યની સર્વથા (બધી જ રીતે) રક્ષા કરવી જોઇએ, અન્યથા મહાન અનર્થ થાય એમ જણાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે અજાણતાં પણ શાસનના માલિન્યમાં વર્તે છે (=માલિન્ય થાય તેવી પ્રવૃત્તિ કરે છે) તે જૈનશાસનના માલિન્ય દ્વારા અવશ્ય અન્ય પ્રાણીઓના મિથ્યાત્વનો હેતુ બને છે. (૧) અને પોતે પણ પ્રકૃષ્ટ સંસારનું કારણ, વિપાકે દારુણ, ભયંકર અને સર્વ અનર્થોને વધારનાર મિથ્યાત્વમોહનીય કર્મને જ અતિશય બાંધે છે. (૨)

**ટીકાર્થ— જે અજાણતાં પણ=**જે શ્રમણ વગેરે કોઇપણ, અજાણતાં પણ શાસન માલિન્યમાં વર્તે છે તે મિથ્યાત્વ કર્મ બાંધે છે, તો પછી જે જાણી જોઇને શાસનમાલિન્યમાં વર્તે છે તે મિથ્યાત્વ કર્મ બાંધે છે તેમાં તો શું કહેવું ?

**શાસનના માલિન્યમાં=**લોકવિરુદ્ધ આચરણ દ્વારા જૈનશાસનના માલિન્યમાં પ્રવર્તે છે તે મિથ્યાત્વકર્મ બાંધે છે. કહ્યું છે કે-**"છકાયની દયાવાળો પણ સાધુ (આહાર-નિહાર પ્રગટ કરે તો) આહારમાં, નિહારમાં (=મલ વિસર્જન કરવામાં) અને જુગુપ્સિત ઘરોમાંથી પિંડ ગ્રહણ કરવામાં બોધિને દુર્લભ કરે છે."** (ઓઘ નિર્યુક્તિ-૪૪૩)

**મિથ્યાત્વનો હેતુ બને છે=**જૈન શાસન વિષે વિપરીત સમજણ ઉત્પન્ન કરે છે.

**અન્ય પ્રાણીઓના=**સાધુ આદિના અસદ્ આચારથી જે જીવો જિનશાસનની હીલના કરે છે તે અન્ય જીવોના.

**પોતે પણ—** કેવળ અન્યજીવોના મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે (=અન્ય જીવોના મિથ્યાત્વકર્મને બંધાવે છે) એવું નથી. કિંતુ પોતે પણ મિથ્યાત્વ કર્મ બાંધે છે. =મિથ્યાત્વકર્મના દલિકોને પોતાના આત્મપ્રદેશોમાં સારી રીતે બાંધે છે. (=એકમેક કરે છે.)

**મિથ્યાત્વ મોહનીય કર્મને જ બાંધે છે**— અન્ય પ્રાણીઓને વિષે જે મિથ્યાત્વ મોહનીય કર્મ પોતે ઉત્પન્ન કર્યું છે તે મિથ્યાત્વ મોહનીય કર્મ જ બાંધે છે, નહિ કે અન્ય શુભકર્મ.

**અતિશય બાંધે છે**— નિકાચિત આદિ રૂપે બાંધે છે.

**પૂર્વપક્ષ**— સમ્યગ્દૃષ્ટિ જીવ મિથ્યાત્વકર્મને ન બાંધે. કારણ કે મિથ્યાત્વ કર્મ મિથ્યાત્વના કારણે જ (=મિથ્યાત્વ અવસ્થામાં જ) બંધાય.

**ઉત્તરપક્ષ**— શાસન માલિન્ય ઉત્પન્ન કરવાના અવસરે મિથ્યાત્વનો ઉદય થવાથી તે જીવ મિથ્યાદૃષ્ટિ જ છે. આથી મિથ્યાત્વકર્મનો બંધ થાય. (૧-૨)

**उक्तविपर्यये गुणप्रतिपादनायाह—**

**यस्तून्नतौ यथाशक्ति, सोऽपि सम्यक्त्वहेतुताम् ।**
**अन्येषां प्रतिपद्येह, तदेवाप्नोत्यनुत्तरम् ॥३॥**

**वृत्तिः— 'यस्तु' यः पुनः प्राणी, 'उन्नतौ' प्रभावनायाम्, शासनस्येति वर्त्तते, 'यथाशक्ति' सामर्थ्यानुरूपम्, वर्त्तते इत्यनुवर्त्तते, तत्र साधुः प्रावचनिकत्वादिना शासनोन्नतौ वर्त्तते, यदाह- ''पावयणी[1] धम्मकही[2], वादी[3] नेमित्तिओ[4] तवस्सी[5] य । विज्जा[6] सिद्धो[7] य कवी[8], अट्ठेव पभावगा भणिया[15] ॥१॥'' श्रावकस्तु कार्पण्यपरिहारतो विधिमता जिनबिम्बस्थापनयात्राकरणेन जिनभवनगमनजिनपूजनादिना साधु-साधर्मिककृपणाद्युचितकरणपुरस्सरभोजनादिना वेति, 'सोऽपि' शासनप्रभावकः प्राणी, न केवलं शासनमालिन्यकारी स्वव्यापारानुरूपं फलमासादयति शासनप्रभावकोऽपि स्वव्यापारानुरूपमेव फलमवाप्नोतीत्यपिशब्दार्थः, 'सम्यक्त्वहेतुतां' शासनोन्नतिकरणेन सम्यग्दर्शनलाभस्य निमित्तभावम्, 'अन्येषां' आत्मव्यतिरिक्तप्राणिनां समुपजनितशासनपक्षपातानाम्, 'प्रतिपद्य' स्वीकृत्य, 'इह' इत्यस्मिन् जन्मनि, 'तदेव' सम्यक्त्वं न तु मिथ्यात्वम्, 'आप्नोति' आसादयति, 'अनुत्तरं' सर्वोत्तमं क्षायिकमित्यर्थ इति ॥३॥**

**ઉક્તથી (=શાસનમાલિન્યથી) વિપરીતમાં (=શાસન પ્રભાવનામાં) થતા ગુણોનું પ્રતિપાદન કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ**— જે જીવ જૈનશાસનની પ્રભાવનામાં યથાશક્તિ પ્રવર્તે છે તે પણ આ જન્મમાં અન્ય પ્રાણીઓના સમ્યક્ત્વમાં નિમિત્ત બનીને અનુત્તર સમ્યક્ત્વને જ પામે છે. (૩)

**ટીકાર્થ— તે પણ**— કેવળ શાસનની મલિનતા કરનાર સ્વપ્રવૃત્તિને અનુરૂપ ફળને મેળવે છે એવું નથી, કિંતુ શાસન પ્રભાવક પણ પોતાની પ્રવૃત્તિને અનુરૂપ ફળ પામે છે.

**અન્ય પ્રાણીઓના સમ્યક્ત્વમાં નિમિત્ત બનીને**— પોતાનાથી અન્ય જે પ્રાણીઓને શાસન પ્રત્યે પક્ષપાત થયો છે તે પ્રાણીઓના શાસનપ્રભાવના દ્વારા સમ્યગ્દર્શનના લાભનું નિમિત્ત બનીને.

**અનુત્તર**=સર્વોત્તમ, અર્થાત્ ક્ષાયિક.

---

१५. प्रवचनी धर्मकथी वादी नैमित्तिकस्तपस्वी च । विद्यावान् सिद्धश्च कविरष्टैव प्रभावका भणिताः ॥

આ રીતે શાસન પ્રભાવક જીવ સમ્યક્ત્વને જ પામે છે, નહિ કે મિથ્યાત્વને. સાધુ પ્રવચનાદિ દ્વારા શાસનપ્રભાવના કરે છે. કહ્યું છે કે-(૧) પ્રાવચનિક (૨) ધર્મકથી (૩) વાદી (૪) નૈમિત્તિક (૫) તપસ્વી (૬) વિદ્યાવાન (૭) સિદ્ધ (૮) કવિ. આ આઠ પ્રભાવકો કહ્યા છે.

**(૧) પ્રાવચનિક=**પ્રવચન એટલે દ્વાદશાંગી, તે જેમની પાસે અતિશયપૂર્વક હોય તે પ્રાવચનિક, અર્થાત્ યુગપ્રધાન આગમધર. **(૨) ધર્મકથી-**જેમની ધર્મકથા એટલે કે વ્યાખ્યાનશક્તિ સુંદર હોય તે ધર્મકથી. જે ક્ષીરાશ્રવ વગેરે લબ્ધિસંપન્ન હોવાથી પાણી ભરેલા વાદળ જેવી ધ્વનિપૂર્વક આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગની અને નિર્વેદની રૂપ ચાર પ્રકારની લોકના મનને આનંદકારી ધર્મકથા કરે તે ધર્મકથી. **(૩) વાદી-**(૧) વાદી (૨) પ્રતિવાદી (૩) સભ્ય (૪) સભાપતિ એવી ચાર પ્રકારની સભામાં પ્રતિપક્ષના એટલે વિરોધીપક્ષના ખંડનપૂર્વક સ્વપક્ષના સ્થાપન માટે જે અવશ્ય બોલે તે વાદી. નિરુપમ વાદલબ્ધિ યુક્ત હોવાથી વાચાળવાદીઓના સમૂહવડે પણ જેની વાણી પરાસ્ત (નિસ્તેજ) ન થાય તે વાદી. **(૪) નૈમિત્તિક-**જે ત્રણકાળના લાભ-અલાભને જણાવનાર શાસ્ત્રને જાણે તે નૈમિત્તિક, અર્થાત્ સારી રીતે નિશ્ચયપૂર્વક ભૂતકાળ વગેરે ત્રણે કાળને જે જાણે તે નૈમિત્તિક. **(૫) તપસ્વી=**અટ્ઠમ વગેરે વિપ્રકૃષ્ટ તપ કરનાર જે હોય તે તપસ્વી. **(૬) વિદ્યાવાન-**જેમને પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાદેવીઓ કે શાસનદેવતા સહાયકરૂપે હોય તે વિદ્યાવાન, જેમકે વજ્રસ્વામી. **(૭) સિદ્ધ-**અંજન, પાદલેપ, તિલક, ગુટિકા, સકલજીવોનું આકર્ષણ, વૈક્રિયલબ્ધિ વગેરે સિદ્ધિઓ વડે જે સિદ્ધ થયા હોય તે સિદ્ધ, એટલે કે જેમની પાસે ઉપર્યુક્ત સિદ્ધિ હોય તે સિદ્ધ. **(૮) કવિ-**નવી નવી રચનાની ચતુરાઇ યુક્ત, અત્યંત પરિપક્વ, અને રસાદાર-રસના આસ્વાદ વડે સજ્જનોના હૃદયને આનંદ કરાવનારી, સમસ્ત ભાષાની વિદ્વત્તાયુક્ત અને સુંદર એવી ગદ્ય-પદ્ય-રચનાઓ વડે જે વર્ણન કરે તે કવિ.

આ પ્રાવચનિક વગેરે આઠે શાસનને=પ્રવચનને પ્રભાવિત કરતા હોવાથી પ્રભાવક કહેવાય છે. શાસન=પ્રવચન સ્વયં પ્રકાશક સ્વભાવવાળું છે. તેને દેશ-કાળ વગેરેને ઉચિત પ્રવૃત્તિવડે સહાય કરવા દ્વારા પ્રકાશિત (પ્રભાવિત) કરે તેથી પ્રભાવક કહેવાય. તે પ્રભાવકોનું જે કાર્ય તે પ્રભાવના. શાસનપ્રભાવના સમ્યક્ત્વને નિર્મળ કરે છે. (પ્રવચન સારોદ્ધાર ૯૩૪)

શ્રાવક કૃપણતાનો ત્યાગ કરીને વિધિપૂર્વક જિનબિંબ પ્રતિષ્ઠા અને યાત્રા કરવાવડે, વિધિપૂર્વક જિન મંદિરે જવું અને જિનપૂજા કરવી વગેરેથી, અથવા સાધુ, સાધર્મિક, ગરીબ વગેરેનું ઉચિત કરવાપૂર્વક ભોજન આદિથી શાસનપ્રભાવના કરે. (૩)

**सम्यक्त्वस्वरूपमाह–**

**प्रक्षीणतीव्रसंक्लेशं, प्रशमादिगुणान्वितम् ।**
**निमित्तं सर्वसौख्यानां, तथा सिद्धिसुखावहम् ।।४।।**

**वृत्तिः— 'प्रक्षीणो' निःसत्ताकतां गतः, 'तीव्र' उत्कटः, 'संक्लेशो' अनन्तानुबन्धिकषायोदयलक्षणो यस्मिंस्तत्तथा, यतोऽनन्तानुबन्ध्युदये तन्न भवतीति, यदाह- ''पढमिल्लयाण उदए, नियमा संजोय-**

णाकसायाणं । सम्मद्दंसणलम्भं, भवसिद्धीया वि न लहन्ति[१६] ॥१॥'' (आवश्यकनिर्युक्तौ), 'प्रशमादि-गुणान्वितं' प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यलक्षणसङ्गतम्, यदाह- ''उवसम[1] संवेगो[2] वि य, निव्वेओ[3] तह य होइ अणुकम्पा[4] । अत्थिक्कं[5] चिय एए, भवन्ति सम्मत्तलिङ्गाइं[१७] ॥१॥'' भवन्ति च सम्यग्दृष्टेः सद्बोधसामर्थ्यात् प्रशमादयो गुणाः विशिष्टक्रोधादीनामभावात् । आह च- ''तन्नास्य विषयतृष्णा, प्रभवत्युच्चैर्न दृष्टिसंमोहः । अरुचिर्न धर्मपथ्ये, न च पापा क्रोधकण्डूतिः ॥१॥'' आदिशब्दादन्येषामपि जिनशासनकुशलतादिगुणानां परिग्रहः, तथाहि- ''जिणसासणे कुसलया, पभावणायणसेवणा थिरया । भत्ती य गुणा सम्मत्तदीवगा उत्तमा पंचत्ति[१८] ॥१॥'' तथा 'निमित्तं' कारणम्, 'सर्वसौख्यानां' समस्तनरामरभवसम्भवानन्दविशेषणाम्, आह च- ''सम्मत्तम्मि उ लद्धे, ठइयाइं नरयतिरियदाराइं । दिव्वाणि माणुसाणि य, मोक्खसुहाइ सहीणाइं[१९] ॥१॥'' (उपदेशमालायां) 'तथा' इति समुच्चये, 'सिद्धिसुखावहं' निर्वाणसौख्यप्रापकम् । ननु मोक्षसुखं न सम्यक्त्वमात्राद्भवति अपि तु सम्यग्दर्शनादित्रयात् । यदाह- ''सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।'' ततः कथं सम्यक्त्वं सिद्धिसुखावहमिति ?, अत्रोच्यते, ससहायस्य सम्यग्दर्शनस्य सिद्धिसुखसाधकत्वात् सामग्र्यन्तर्भावेन तदावहता न विरुद्धा, बीजादिसामग्र्यन्तर्भाविनो वर्त्तस्येवाङ्कुरहेतुतेति ॥४॥

**ક્ષાયિક સમ્યક્ત્વના સ્વરૂપને કહે છે—**

**શ્લોકાર્થ—** (ક્ષાયિક) સમ્યક્ત્વ જેમાં તીવ્રસંક્લેશ અત્યંત ક્ષીણ થઇ ગયું છે તેવું, પ્રશમાદિ ગુણોથી યુક્ત, સર્વસુખોનું નિમિત્ત, અને સિદ્ધિસુખને લાવનારું છે. (૪)

**ટીકાર્થ— જેમાં તીવ્ર સંક્લેશ અત્યંત ક્ષીણ થઇ ગયો છે—** તીવ્ર એટલે ઉત્કટ. સંક્લેશ એટલે અનંતાનુબંધી કષાયનો ઉદય. અત્યંત=સત્તામાંથી ગયેલો. (ક્ષાયિક) સમ્યક્ત્વવાળાનો તીવ્ર કષાયોદય સત્તામાંથી નીકળી ગયો હોય છે. કારણકે અનંતાનુબંધી કષાયના ઉદયમાં (ક્ષાયિક) સમ્યક્ત્વ ન હોય. કહ્યું છે કે-''**પ્રથમ પ્રકારના 'સંયોજન (=અનંતાનુબંધી) કષાયનો ઉદય હોય ત્યારે તે જ ભવમાં મોક્ષે જનારા પણ જીવો અવશ્ય સમ્યગ્દર્શન પામતા નથી.**'' (વિશેષા૦૧૨૨૬)

**પ્રશમાદિ ગુણોથી યુક્ત—** પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય આ પાંચ ગુણોથી યુક્ત છે. કહ્યું છે કે-''ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય આ પાંચ સમ્યક્ત્વનાં લિંગો છે.'' (પ્રવચન સારોદ્ધાર-૯૩૬)

**ઉપશમ—** સમ્યક્ત્વમોહનીયને ભોગવતો જીવ સ્વભાવથી જ, અથવા કષાયને વશ થયેલો જીવ અંત-

---

१६. प्राथमिकानामुदये, नियमात् संयोजना कषायाणाम् । सम्यग्दर्शनलाभं भवसिद्धिका अपि न लभन्ते ॥१॥

१७. उपशमः संवेगोऽपि च निर्वेदस्तथा च भवति अनुकम्पा । आस्तिक्यमेव एते भवन्ति सम्यक्त्वलिङ्गानि ॥१॥

१८. जिनशासने कुशलता प्रभावना आयतनसेवना स्थिरता । भक्तिश्च गुणाः सम्यक्त्वदीपका उत्तमाः पञ्चेति ॥१॥

१९. सम्यक्त्वे तु लब्धे स्थगितानि नरकतिर्यग्द्वाराणि । दिव्यानि मानुषाणि च मोक्षसुखानि स्वाधीनानि ॥१॥

१. कर्मणा, तत्फलभूतसंसारेण वा सह संयोजयन्तीति संयोजनाः, दीर्घत्वं प्राकृतत्वाद् ।

મુહૂર્તમાં જે કર્મ બાંધે છે તેને અનેક કોડાકોડિ સાગરોપમમાં દુ:ખપૂર્વક ભોગવે છે, આ પ્રમાણે કષાયથી બંધાયેલાં કર્મોના અશુભવિપાકને જાણીને, પ્રતિકૂળ આચરણ કરનારા અપરાધી ઉપર પણ, જ્યાં સુધી સમ્યક્ત્વનો પરિણામ હોય ત્યાં સુધી ક્રોધ કરતો નથી, પરંતુ ઉપશમભાવને ધારણ કરે છે. (શ્રા.પ્ર. ૫૫)

**સંવેગ**— સમ્યગ્દષ્ટિ જીવ ચક્રવર્તી કે ઇંદ્રના સુખને પણ પરમાર્થથી દુ:ખ રૂપ જ માને છે, તથા અતિસંવેગથી મોક્ષને છોડીને બીજા કોઇપણ સુખને ઇચ્છતો નથી. (શ્રા.પ્ર.૫૬)

**નિર્વેદ**— સ્વભાવથી જ મમત્વરૂપ વિષના ફેલાવાથી રહિત સમ્યગ્દષ્ટિજીવ આ સંસારમાં પરલોકનાં કાર્યો સિવાય સર્વે કાર્યોને અસાર માને છે, પરલોકને યોગ્ય સદ્ અનુષ્ઠાન ન કરી શકવાના કારણે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવમાં નિર્વેદના કારણે દુ:ખપૂર્વક રહે છે.

**અનુકંપા**— ભયાનક ભવસાગરમાં જીવસમૂહને શારીરિક માનસિક દુ:ખોથી પીડાયેલો જોઇને સ્વ-પરના ભેદ વિના દ્રવ્ય-ભાવ એ બંને પ્રકારની દયા યથાશક્તિ કરે. (શ્રા.પ્ર. ૫૮)

**આસ્તિક્ય**— જિનો વડે જેનું પ્રતિપાદન કરાયું છે તે બધું જ નિશંકપણે સાચું છે એમ માનવું તે આસ્તિક્ય.

સમ્યગ્દષ્ટિને સદ્બોધના સામર્થ્યથી પ્રશમ વિગેરે ગુણો હોય છે. કારણ કે તેને વિશિષ્ટ ક્રોધ વગેરે ન હોય. કહ્યું છે કે-"**તેથી (=ધર્મતત્ત્વની પ્રાપ્તિ થતાં પાપરૂપ વિકારો ઉત્પન્ન ન થતા હોવાથી) ધર્મ પામેલા જીવને ગાઢ વિષયતૃષ્ણા થતી નથી, દષ્ટિસંમોહ (=આગમમાં કહ્યા પ્રમાણે ન માનવું) ન હોય, ધર્મરૂપ પથ્યમાં અરુચિ ન હોય, અને પાપિણી ક્રોધરૂપી ખણાજ ન હોય.**" (ષોડશક ૪-૯)

અહીં આદિ શબ્દથી બીજા પણ જિનશાસન કુશલતા વગેરે ગુણોને ગ્રહણ કરવા. કહ્યું છે કે (૧) જિનશાસનમાં કુશલતા (૨) પ્રભાવના (૩) આયતન સેવા (૪) સ્થિરતા (૫) ભક્તિ. આ પાંચે સમ્યકત્વને પ્રકાશિત (દેદીપ્યમાન) કરનારા ઉત્તમગુણો છે.

**(૧) જિન શાસનમાં કુશલતા**— જિનશાસન એટલે અર્હદ્ દર્શન. તેમાં કુશળતા એટલે નિપુણતા. જેણે જિનશાસનમાં કુશળતા પ્રાપ્ત કરી હોય તે જુદા જુદા ઉપાયો વડે સુખપૂર્વક બીજા જીવોને પ્રતિબોધ કરી શકે.

**(૨) પ્રભાવના**— જિનશાસનની પ્રભાવના. બીજા લોકોના હૃદયમાં જિનશાસન પ્રત્યે આદર-બહુમાન પ્રગટાવવો તે પ્રભાવના કહેવાય.

**(૩) આયતનસેવા**— આયતન એટલે સ્થાન. તે આયતન બે પ્રકારે છે. દ્રવ્ય આયતન અને ભાવ આયતન. તેમાં જિનમંદિર વગેરે દ્રવ્ય આયતન અને જ્ઞાન-દર્શન-ચારિત્રના આધારરૂપ સાધુ વગેરે ભાવ આયતન છે. તે આયતનની સેવા કરવી, એટલે કે પર્યુપાસના કરવી તે આયતનસેવા.

**(૪) સ્થિરતા**— જિનધર્મમાં અસ્થિર ચિત્તવાળા થયેલા બીજાને સ્થિર કરવા અથવા બીજા અન્ય ધર્મીઓની સમૃદ્ધિ ચમત્કાર જોવા છતાં પણ પોતે જિનશાસનમાં સ્થિર રહે.

**(૫) ભક્તિ**— પ્રવચન (શાસન) પ્રત્યે વિનય-વેયાવચ્ચરૂપ સેવા કરવા વડે ભક્તિ કરે. આ પાંચે સમ્યક્ત્વના દીપક (=પ્રભાસિત કરનારા) હોવાથી ભૂષણ છે. એટલે કે આ ગુણો વડે સમ્યક્ત્વ અલંકૃત થાય

છે, શોભે છે. (પ્રવચન સારોદ્ધાર—૯૩૬)

**સર્વ સુખોનું નિમિત્ત—** સમ્યક્ત્વ મનુષ્ય-દેવભવમાં થનારા વિશેષ પ્રકારના સર્વ આનંદનું કારણ છે. કહ્યું છે કે-"**સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે (પૂર્વે આયુષ્ય ન બાંધ્યુ હોય તો) નરક-તિર્યંચગતિનાં બારણાં બંધ થાય છે, અને દેવ-મનુષ્ય ભવના તથા અંતે મોક્ષનાં પણ સુખો સ્વાધીન થાય છે.**" (ઉપદેશમાળા-૨૭૦)

**સિદ્ધિસુખને લાવનારું છે—** મોક્ષસુખને પ્રાપ્ત કરાવનારું છે.

**પ્રશ્ન—** મોક્ષસુખ માત્ર સમ્યક્ત્વથી થતું નથી. કિંતુ સમ્યગ્દર્શન વગેરે ત્રણથી થાય છે. કહ્યું છે કે-"**સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને જ મોક્ષમાર્ગ છે.**" (તત્ત્વાર્થાધિગમ સૂત્ર— ૧-૧) તેથી સમ્યક્ત્વ સિદ્ધિસુખને લાવનારું કેવી રીતે છે ?

**ઉત્તર—** સહાયસહિત સમ્યગ્દર્શન સિદ્ધિસુખનું સાધક છે. તેથી કાર્યસાધક સામગ્રી સમૂહમાં સમ્યગ્દ-ર્શનનો અંતર્ભાવ થતો હોવાથી સમ્યક્ત્વ સિદ્ધિસુખને લાવનારું છે એમાં કોઇ વિરોધ નથી. જેવી રીતે બીજાદિ કારણસમૂહથી અંકુર ઉત્પન્ન થાય છે, આમ છતાં વર્ષાદ અંકુરનું કારણ કહેવાય છે, તેવી રીતે પ્રસ્તુતમાં પણ જાણવું. (૪)

**अथ पूर्वोक्तस्य प्रवचनमालिन्यस्य वर्जनमुपदिशन्नाह—**

**अतः सर्वप्रयत्नेन, मालिन्यं शासनस्य तु ।**
**प्रेक्षावता न कर्तव्यं, प्रधानं पापसाधनम् ॥५॥**

**वृत्तिः— यतोऽनाभोगविहितमपि शासनमालिन्यं घोरसंसारकारणभूतमिथ्यात्वकर्मनिबन्धनं भवति, 'अत' एतस्मात्कारणात्, 'सर्वप्रयत्नेन' सर्वादरेण, 'मालिन्यं' दूषणम्, 'शासनस्य' प्रवचनस्य, 'तुशब्दो'ऽवधारणार्थः तस्य च प्रयोगं दर्शयिष्यामः, 'प्रेक्षवता' बुद्धिमता, 'न कर्तव्यं' नैव विधातव्यम्, कुत इत्याह- 'प्रधानम्' उत्कृष्टम्, 'पापसाधनं' अशुभकर्मनिबन्धनं, यत इति गम्यमिति ॥५॥**

**હવે પૂર્વોક્ત શાસનમાલિન્યનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** આથી બુદ્ધિમાન પુરુષે સંપૂર્ણ આદરથી શાસનમાલિન્ય ન જ કરવું જોઇએ. કારણ કે શાસનમાલિન્ય પાપનું ઉત્કૃષ્ટ કારણ છે. (૫)

**ટીકાર્થ— આથી=**અનાભોગથી કરેલું પણ શાસનમાલિન્ય ભયાનક સંસારનું કારણ એવા મિથ્યાત્વ-કર્મનું કારણ છે તેથી.

પાપનું=અશુભ કર્મબંધનું. (૫)

**कुत एतदेवमित्याह—**

**अस्माच्छासनमालिन्या-ज्जातौ जातौ विगर्हितम् ।**
**प्रधानभावादात्मानं, सदा दूरीकरोत्यलम् ॥६॥**

वृत्तिः— 'अस्मात्' अनन्तरोदितमिथ्यात्वबन्धनफलात्, 'शासनमालिन्यात्' प्रवचनापभ्राजनात्, 'जातौ जातौ' भवे भवे, वीप्सावचनेन मालिन्यकारिणोऽनन्तं भवसन्तानं दर्शयति, 'विगर्हितं' जात्यादिहीनतयोत्पत्तेर्विशेषेण निन्दितम्, आत्मानमिति योगः, 'प्रधानभावात्' प्रभुत्वात्, 'आत्मानं' स्वम्, 'सदा' सर्वकालम्, 'दूरीकरोति' अनासन्नं विदधाति, अप्राप्तव्यप्रभुत्वं करोतीत्यर्थः, 'अलम्' अतिशयेनेति ॥६॥

**શાસનમાલિન્ય શાથી ઉત્કૃષ્ટ પાપનું સાધન છે એ અંગે કહે છે—**

**શ્લોકાર્થ—** આ શાસનમાલિન્યથી ભવે ભવે નિંદિત પોતાના આત્માને પ્રધાનભાવથી સદા અત્યંત દૂર કરે છે. (૬)

**ટીકાર્થ— આ શાસનમાલિન્યથી=**હમણાં જ કહ્યું તેમ મિથ્યાત્વનો બંધ જેનું ફળ છે તેવી શાસન અપભ્રાજનાથી.

**ભવે ભવે—** એવા વીપ્સાવચનથી માલિન્ય કરનારની સંસારની અનંત પરંપરાને જણાવે છે.

**નિંદિત—** જાતિ આદિથી હીનપણે ઉત્પન્ન થવાથી વિશેષથી નિંદિત.

**પ્રધાનભાવથી=**પ્રભુપણાથી. અહીં તાત્પર્ય આ છે-ઘણાકાળ સુધી પોતાને સ્વામીપણાની પ્રાપ્તિ ન થાય તેવો કરે છે. (૬)

**शासनस्य मालिन्यं वर्जनीयमित्युपदिश्य तस्यैव यद्विधेयं तदुपदिशन्नाह—**

**कर्तव्या चोन्नतिः सत्यां, शक्ताविह नियोगतः ।**
**अवन्ध्यं बीजमेषा यत्, तत्त्वतः सर्वसम्पदाम् ॥७॥**

वृत्तिः— न केवलं शासनस्य मालिन्यं वर्जनीयम्, 'कर्तव्या च' विधेया च, 'उन्नतिः' प्रभावना, 'सत्यां' विद्यमानायाम्, 'शक्तौ' सामर्थ्ये, 'इह' इति प्रक्रान्ते जिनशासने, 'नियोगतो' नियमेन, कस्मादेवमित्याह-, 'अवन्ध्यं' फलसाधकम्, बीजमिव 'बीजं' कारणम्, 'एषा' शासनप्रभावना, 'यत्' यस्मात्कारणात्, 'तत्त्वतः' परमार्थतः, 'सर्वसम्पदां' समस्तश्रियामिति ॥७॥

**શાસનના માલિન્યનો ત્યાગ કરવા યોગ્ય છે એમ ઉપદેશ આપીને શાસનનું જ શું કરવું જોઇએ તેનો ઉપદેશ આપતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** શક્તિ હોય તો જૈનશાસનની ઉન્નતિ (=પ્રભાવના) કરવી જોઇએ. કારણ કે પરમાર્થથી શાસનપ્રભાવના સર્વ સંપત્તિઓનું અવંધ્ય બીજ છે. (૭)

**ટીકાર્થ—** કેવલ શાસનના માલિન્યનો ત્યાગ કરવો જોઇએ એમ નહિ, કિંતુ શક્તિ હોય તો જિનશાસનમાં (=જિનશાસનની) પ્રભાવના કરવી જોઇએ. કારણ કે શાસનપ્રભાવના પરમાર્થથી સર્વ સંપત્તિઓનું ફળસાધક બીજ છે. (૭)

कथमित्याह—

**अत उन्नतिमाप्नोति, जातौ जातौ हितोदयाम् ।**
**क्षयं नयति मालिन्यं, नियमात्सर्ववस्तुषु ॥८॥**

वृत्तिः— 'अत' एतस्माज्जिनशासनोन्नतिकरणात्, 'उन्नतिं' जातिकुलरूपविभवादिगुणैरुन्नतत्वम्, 'आप्नोति' आसादयति, 'जातौ जातौ' भवे भवे, 'हितः' शुभानुबन्ध 'उदय' उद्गमो यस्याः सा तथा तां 'हितोदयां' कल्याणानुबन्धिनीमित्यर्थः, एतेनार्थप्राप्तिकारित्वमुक्तं शासनोन्नतिकरणस्य, अथ अनर्थप्रतिघातकत्वमाह- 'क्षयम्' अपुनर्भावेन विनाशम्, 'नयति' प्रापयति, 'मालिन्यं' दूषणभावम्, आत्मन इति गम्यते, 'नियमात्' अवश्यतया, 'सर्ववस्तुषु' जातिकुलबुद्ध्यादिसमस्तभावविषये, अतः कर्तव्योन्नतिरिति ॥८॥

**શા માટે શાસન પ્રભાવના કરવી જોઇએ તે કહે છે—**

**શ્લોકાર્થ—** શાસનપ્રભાવના કરવાથી જીવ ભવે ભવે કલ્યાણના અનુબંધવાળી ઉન્નતિને પામે છે, અને અવશ્ય સર્વ વસ્તુઓમાં પોતાનું માલિન્ય વિનાશને પમાડે છે=પોતાના માલિન્યનો વિનાશ કરે છે. (૮)

**ટીકાર્થ— ઉન્નતિને પામે છે**=જાતિ, કુલ, રૂપ, વૈભવ વગેરે ગુણોથી ઉન્નતિને પામે છે.

**સર્વ વસ્તુઓમાં પોતાના માલિન્યનો વિનાશ કરે છે**=જાતિ-કુલ-બુદ્ધિ વગેરે સર્વ પદાર્થો તેને હીન મળતા નથી.

ઉન્નતિને પામે છે એમ કહીને શાસન પ્રભાવનાનો અર્થની પ્રાપ્તિ કરવા રૂપ ગુણ જણાવ્યો, અને સર્વ વસ્તુઓમાં પોતાના માલિન્યનો વિનાશ કરે છે એમ કહીને શાસનપ્રભાવનાનો અનર્થનો પ્રતિઘાત કરવારૂપ ગુણ જણાવ્યો છે. આ બે ગુણનાં કારણે શાસનપ્રભાવના કરવી જોઇએ. (૮)

**अन्ये तु चतुर्थादीनां श्लोकानां स्थाने अमूनपञ्च श्लोकान्पठन्ति, यः शासनस्योन्नतौ प्रवर्तते सोऽन्येषां जीवानां सम्यक्त्वहेतुतां प्रतिपद्य तदेव सम्यक्त्वमनुत्तरमवाप्नोति तृतीयश्लोकेऽभिहितम्, अथ यथासौ सम्यक्त्वहेतुतां प्रतिपद्यते तथा दर्शयन्नाह—**

**तत्तथा शोभनं दृष्ट्वा, साधु शासनमित्यदः ।**
**प्रतिपद्यन्ते तदैवेके, बीजमन्येऽस्य शोभनम् ॥४॥**

वृत्तिः— 'तत्' इति प्रवचनोन्नतिहेतुभूतं पूजाद्यनुष्ठानम् 'तथा' तेन विशिष्टौदार्यादिना प्रकारेण, 'शोभनं' शासनान्तरासम्भवित्वेन प्रधानम्, 'दृष्ट्वा' अवलोक्य, 'साधु' प्रधानम्, 'शासनम्' आर्हतप्रवचनम्, यत्रैवंविधमत्युदारमनवद्यमनुष्ठानम्, 'इति' एवममुतो बोधादित्यर्थः, 'अदः' एतदनन्तरश्लोकोपात्तं सम्यक्त्वम्, 'प्रतिपद्यन्ते' समाश्रयन्ते 'तदैव' तस्मिन्नेव काले यदा जिनशासनं प्रति पक्षपात उत्पद्यते, 'एके' केचन भव्याः, बीजमिव 'बीजं' कारणं शासनपक्षपातरूपं, प्रतिपद्यन्त इति वर्त्तत एवेति, 'अन्ये'

**सम्यग्दर्शनप्रतिपत्तृभ्योऽपरे, 'अस्य' सम्यग्दर्शनस्य, 'शोभनम्' अवन्ध्यं, कालान्तरे अवश्यं सम्यग्दर्शन-फलजननादिति ॥४॥**

**બીજાઓ તો ચોથા વગેરે શ્લોકોના સ્થાને આ (=નીચે કહેવાશે તે) પાંચ શ્લોકોને કહે છે. જે શાસનની ઉન્નતિમાં પ્રવર્તે છે તે બીજાઓને સમ્યક્ત્વ પમાડવામાં નિમિત્ત બનીને પોતે પણ તે જ અનુત્તર સમ્યક્ત્વને પામે છે. એમ ત્રીજા શ્લોકમાં કહ્યું છે. હવે આ જે રીતે સમ્યક્ત્વને પમાડવામાં નિમિત્ત બને છે તે રીતે બતાવતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ— (तथा=)** વિશિષ્ટ ઉદારતાદિપૂર્વક કરાતા **(तत्=)** પ્રવચનની પ્રભાવવાનું કારણ બને તેવા પૂજા વગેરે અનુષ્ઠાનને જોઇને "જૈનશાસન સુંદર છે" એવા જ્ઞાનથી કોઇક ભવ્યજીવો ત્યારે જ સમ્યક્ત્વને પામે છે, અને બીજા જીવો સમ્યક્ત્વના અવંધ્યબીજને પામે છે. (૪)

**ટીકાર્થ— સુંદર છે=**અન્ય શાસનમાં આવું ન થતું હોવાના કારણે જૈનશાસન પ્રધાન છે કે જ્યાં આવું ઉદાર નિર્દોષ અનુષ્ઠાન થાય છે.

**ત્યારે જ—** જ્યારે જિનશાસન પ્રત્યે પક્ષપાત થાય છે ત્યારે જ.

**બીજી જીવો=**સમ્યક્ત્વને પામનારાથી બીજા જીવો.

**અવંધ્ય=**કાળાંતરે અવશ્ય સમ્યગ્દર્શનરૂપ ફલ ઉત્પન્ન કરવાના કારણે અવંધ્યબીજ છે.

**બીજને=**શાસન પ્રત્યે પક્ષપાતરૂપ કારણને.

**ભાવાર્થ—** વિશિષ્ટ ઉદારતાદિપૂર્વક કરાતા અને એથી જ પ્રવચનની પ્રભાવનાનું કારણ બને તેવા પૂજા વગેરે અનુષ્ઠાનને જોઇને કોઇક ભવ્યજીવોને અન્ય શાસનમાં ન થાય તેવું નિર્દોષ અનુષ્ઠાન જૈનશાસનમાં થાય છે એવો બોધ થાય છે. આથી તે જીવોને જિનશાસન પ્રત્યે પક્ષપાત ઉત્પન્ન થાય છે. એથી તે જીવો જૈનશાસનની પ્રશંસા કરવા દ્વારા તે જ વખતે સમ્યક્ત્વને પામે છે. બીજા ભવ્યજીવો ભવિષ્યમાં અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તેવા સમ્યક્ત્વના બીજને પામે છે. (૪)

**अथ सम्यक्त्वबीजस्य हेतुतां प्रतिपद्यमानः कथं सम्यक्त्वहेतुतां प्रतिपद्यत इत्यभिधीयते, अत्रोच्यते, बीजस्य कालान्तरे सम्यक्त्वजननादेतदेवाह—**

**सामान्येनापि नियमाद्, वर्णवादोऽत्र शासने ।**
**कालान्तरेण सम्यक्त्व-हेतुतां प्रतिपद्यते ॥५॥**

**वृत्तिः— 'सामान्येनापि' अविशेषेणापि, जिनशासनमपि साधु इत्येवंपरिणाम आस्तां पुनर्विशेषेण जिनशासनमेव साध्वित्येवं शासनान्तरव्यपोहेनापि, 'नियमात्' अवश्यंभावेन, 'वर्णवादः' श्लाघा सम्य-ग्दर्शनबीजमित्यर्थः, 'अत्र' इति प्रत्यासन्ने जैन इत्यर्थः, लोके वा, 'शासने' प्रवचने, 'कालान्तरेण' वर्णवादकरणकालादन्यः कालः कालान्तरं तेन, कियताप्यागामिकालेनेत्यर्थः, 'सम्यक्त्वहेतुतां' सम्यग्द-र्शननिमित्तताम्, 'प्रतिपद्यते' भजते, सम्यक्त्वं जनयतीत्यर्थ इति ॥५॥**

**પ્રશ્ન— સમ્યક્ત્વના બીજમાં નિમિત્ત બનનાર જીવ સમ્યક્ત્વમાં નિમિત્ત બને છે એમ કેમ કહેવાય છે ?**

**ઉત્તર— બીજ કાળાંતરે અવશ્ય સમ્યક્ત્વને ઉત્પન્ન કરે છે માટે સમ્યકત્વના બીજમાં નિમિત્ત બનનાર જીવ સમ્યક્ત્વમાં નિમિત્ત બને છે એમ કહેવાય છે.**

**હવે એ જ વિષયને કહે છે—**

**શ્લોકાર્થ—** આ જૈનશાસનને વિષે સામાન્યથી પણ વર્ણવાદ અવશ્ય કાળાંતરે સમ્યક્ત્વનું (=સમ્યક્ત્વની પ્રાપ્તિનું) કારણ બને છે. (૫)

**ટીકાર્થ— સામાન્યથી પણ વર્ણવાદ**-અન્ય દર્શનોની જેમ "આ જૈનદર્શન પણ સુંદર છે" એમ અન્ય દર્શનોની સાથે સરખામણી કરીને જૈનદર્શનની પ્રશંસા એ સામાન્ય વર્ણવાદ છે. અન્ય દર્શનોને અલગ કરીને "જૈન દર્શન જ સુંદર છે." એવી જૈન દર્શનની પ્રશંસા વિશેષ વર્ણવાદ છે. વિશેષ વર્ણવાદ તો દૂર રહો, કિંતુ સામાન્ય વર્ણવાદ પણ કાળાંતરે સમ્યક્ત્વનું કારણ બને છે.

**વર્ણવાદ**=પ્રશંસા.

**કાળાંતરે**=જે કાળે વર્ણવાદ કર્યો તે કાળથી અન્યકાળ તે કાળાંતર, અર્થાત્ કેટલાક ભવિષ્યકાળમાં.

**સમ્યક્ત્વનું કારણ બને છે**=સમ્યક્ત્વને ઉત્પન્ન કરે છે. (૫)

**एतदेव दृष्टान्तेन भावयन्नाह—**

**चौरोदाहरणादेवं, प्रतिपत्तव्यमित्यदः ।**

**कौशाम्ब्यां स वणिग्भूत्वा, बुद्ध एकोऽपरो न तु ॥६॥**

**वृत्तिः— 'चौरोदाहरणात्' स्तेनयोर्ज्ञातात्, 'एवम्' अनेन प्रकारेण कालान्तरसम्यक्त्वहेतुतालक्षणेन, 'प्रतिपत्तव्यं' प्रत्येतव्यम्, 'इतिशब्दो' वाक्यपरिसमाप्तौ वक्ष्यमाणदृष्टान्तार्थोपदर्शनार्थो वा, 'अदः' एतद्वर्णवादरूपबीजस्वरूपम्, चौरोदाहरणं भावयन्नाह- 'कौशाम्ब्यां' नगर्याम्, 'स' शासनवर्णवादकारी चौरः, 'वणिक्' वाणिजको, 'भूत्वा' उत्पद्य, 'बुद्धो' बोधिं प्राप्तः, 'एकः', 'अपरः' अन्यो, 'न तु' नैवेत्यक्षरार्थः । भावार्थः कथानकगम्यस्तच्चेदम्—**

**कौशाम्ब्यां नगर्यां धनयक्षाभिधानयोः श्रेष्ठिनोर्धनपालवसुपालाभिधानावन्योन्यमतिस्नेहवन्तौ स्नेहवशादेव प्रायः समचित्तौ समशीलौ समधनौ सुतावभवताम् । अन्यदा श्रीमन्महावीरवर्धमानस्वामी तत्र विहरन्नाजगाम । ततोऽसावमरवरविनिर्मितस्य रत्नादिप्रभापटलविपुलजलमध्यगस्य विचित्रपत्रपङ्क्तित्रयोपेतसहस्रपत्रोपमस्य रजततपनीयमणिमयविशालशालवलयत्रयस्य मध्यगतः केसरनिकराकारकायो मधुकरनिकरकल्पाशोकानोकहनिरुद्धगगनाभोगः गगनतलोपनिपतत्कलहंसयुगलकल्पोपलीयमाननिर्मलधवलचामरयुगो मत्तमधुकरनिकरझङ्काररवरम्यतममहाध्वनिः जगज्जननियन्त्रकमोहवरत्रात्रटत्त्रोटनपटीयांसं सुरनिवहसङ्कुलसंसदि सद्धर्माऽकुण्ठकुठारमुपदिशतिस्म । ततस्तत्रत्यनरपतिः समवगतपारगतागमनवार्तोऽन्तःपुर-**

पुरजनादिपरिवृतो भक्तिभरावर्जितमानसो जिनान्तिकमाजगाम । तावपि नैगमनायकतनयौ भक्तिकौतुकाभ्यां तत्रागतौ । ततो भगवताभिहिते जन्तुसन्तानस्य कर्मबन्धहेतौ, वर्णिते मुक्तिकारणे, दर्शिते भवनैर्गुण्ये, प्रकटिते निर्वाणसुखानन्त्ये, मोहनिद्राविद्रवणेन दिनकरकरनिकरैरिवाम्भोजराजयो भगवद्वचनैः प्रतिबुद्धा भूयांसो भव्यजन्तवः । ततस्तयोरपि वणिग्नन्दनयोर्ज्येष्ठस्य सम्पन्ना बोधिः, द्वितीयस्य तु वज्रतण्डुलस्येव दुर्भेदत्वेन बोधिर्नाभवत् । ततो ज्येष्ठस्य हर्षोऽजनि, अहो धन्योऽहं येन मयाऽनर्वाक्पारभवजलनिधिनिमग्नेन सद्धर्मयानपात्रमेवंविधमवाप्तम् । इतरस्य तु क्लिष्टकर्मणा माध्यस्थ्यमेवाभवत् । ततः परस्परयाभिप्रायमवगतवन्तौ, यथावयोर्धर्मपरिणतिविशेषे भेदोऽभूत् । ततो ज्येष्ठो भगवन्तं पप्रच्छ, यदुत भगवंस्तुल्यस्नेहयोरावयोस्तुल्य एव विभूतिरूपविनयादिसम्बन्धोऽभवत्, अधुना पुनर्मुक्तिफलकल्पतरुकल्पसम्यक्त्वविभूतिप्राप्तावतुल्यता जाता, मम मित्रस्य तद्विकलत्वात्, तत् किमत्र कारणम् । ततो भगवानुवाच, भो भद्र ! भवन्तौ जन्मान्तरे ग्राममहत्तरसुतावभूताम्, ततो व्यसनोपहतौ चौर्यपरायणावभवताम्, अन्यदा ग्रामान्तरं गत्वा गा अपहृतवन्तौ, ततस्ताः स्वस्थानं नयन्तौ दण्डपाशिकान् पश्चाल्लग्नान् विज्ञाय तद्भयात्पलायमानौ गिरिगह्वरे प्राविशताम्, शैलगुहायां चातापयन्तं महातपस्विनमपश्यताम्, ततस्त्वं संवेगमागतोऽवोचः, यथा सुलब्धमस्य जन्म योऽयं परित्यक्तसकलपुत्रकलत्रमित्रादिसम्बन्धः संतोषसुखसागरावगाढो धर्मनिरतचित्तो विषयविरतः स्वर्गापवर्गसंसर्गाय तपस्यति, मादृशास्त्वधन्या उभयलोकगर्हितमनर्थफलं क्लेशबहुलं च चौर्यमाश्रिता इत्येवंविधा साधुसाधुप्रशंसा भवतो बोधिबीजमजनि, इतरस्य तु यतिद्वेषो बोधिबीजदाही सञ्जातः । इदं भवतोर्बोधेर्भावाभावकारणमिति ॥६॥

**આ જ વિષયને દૃષ્ટાંતથી વિચારતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** વર્ણવાદરૂપ બીજ કાળાંતરે સમ્યક્ત્વનું કારણ બને છે એમ બે ચોરોના દૃષ્ટાંતથી સ્વીકારવું જોઇએ. જૈનશાસનની પ્રશંસા કરનાર એક ચોર કૌશાંબીનગરીમાં વણિકરૂપે ઉત્પન્ન થઇને સમ્યક્ત્વ પામ્યો. જ્યારે બીજો ચોર (એનો મિત્ર) સમ્યક્ત્વ ન પામ્યો. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાનકથી જાણી શકાય છે. કથાનક આ છે-

કૌશાંબી નગરીમાં ધન નામના શ્રેષ્ઠીનો ધનપાલ નામનો અને યક્ષ નામના શ્રેષ્ઠીનો વસુપાલ નામનો પુત્ર હતો. તે બન્ને પરસ્પર અત્યંત સ્નેહવાળા હતા. સ્નેહના કારણે જ તે બંને સમાન ચિત્તવાળા, સમાન સ્વભાવવાળા અને સમાન ધનવાળા હતા.

એકવાર વિહાર કરતા મહાવીર એવા શ્રી વર્ધમાન સ્વામી ત્યાં પધાર્યા. પછી ઉત્તમદેવોએ રચેલા, રત્ન વગેરેના પ્રભાસમૂહરૂપ જલની મધ્યમાં રહેલા, વિચિત્રપત્રોની ત્રણ શ્રેણિઓથી યુક્ત કમળ સમાન, ચાંદી-સુવર્ણ-મણિઓથી બનાવેલા વિશાળ કિલ્લાના ત્રણ વર્તુલના મધ્યભાગમાં બિરાજમાન શ્રી વર્ધમાનસ્વામીએ ધર્મનો ઉપદેશ આપ્યો. શ્રી વર્ધમાન સ્વામીના શરીરનો વર્ણ કેસરસમૂહના વર્ણ જેવો હતો. શ્રી વર્ધમાન સ્વામી ભ્રમર સમૂહ સમાન વર્ણવાળા અશોક વૃક્ષની નીચે બેઠા હતા. આકાશતળમાં ઉડતા હંસયુગલ સમાનવર્ણવાળા શ્વેત નિર્મળ બે ચામરો તેમને વીંઝાઇ રહ્યા છે. તેમનો ધ્વનિ મત્ત બનેલા ભ્રમરસમૂહના ઝંકાર ધ્વનિથી અધિક મનોહર હતો. આવા શ્રી વર્ધમાન સ્વામીએ દેવસમૂહથી વ્યાપ્ત સભામાં વિશ્વલોકનું નિયંત્રણ કરનાર મોહરૂપ દોરડાને ત્રડ

ત્રડ તોડવામાં અત્યંત હોંશિયાર (=સમર્થ) એવા સદ્ધર્મરૂપ તીક્ષ્ણ કુહાડાનો ઉપદેશ આપ્યો.

તેથી તીર્થંકર પધાર્યા છે એવો વૃત્તાંત જાણીને અંતઃપુર અને નગરજનથી પરિવરેલો, ભક્તિસમૂહથી આકર્ષાયેલ મનવાળો તે નગરનો રાજા જિનની પાસે આવ્યો. વણિકનાયકના તે બે પુત્રો પણ ભક્તિથી અને કૌતુકથી ત્યાં આવ્યા. પછી ભગવાને જીવસમૂહના કર્મબંધનું કારણ કહ્યું. મુક્તિના કારણનું વર્ણન કર્યું. સંસારની અસારતા બતાવી. મોક્ષસુખ અનંત છે એમ બતાવ્યું. આથી મોહનિદ્રા દૂર થવાથી સૂર્યના કિરણ સમૂહથી કમળશ્રેણિઓ વિકાસ પામે તેમ ઘણા ભવ્યજીવો પ્રતિબોધ પામ્યા. તેથી તે બે વણિકપુત્રોમાં પણ મોટાને બોધિની પ્રાપ્તિ થઇ. બીજો તો વજના ચોખાની જેમ દુઃખે કરીને ભેદી શકાય તેવો હોવાથી તેને બોધિ ન થઇ. તેથી મોટાને ''અહો ! હું ધન્ય છુ કે જેથી અપાર સંસાર સમુદ્રમાં ડૂબેલા મારા વડે આવા પ્રકારનું સદ્ધર્મરૂપ વહાણ પ્રાપ્ત કરાયું,'' એ પ્રમાણે હર્ષ થયો. બીજો તો ક્લિષ્ટકર્મના કારણે મધ્યસ્થ જ રહ્યો. પછી તે બેએ આપણા ધર્મપરિણામવિશેષમાં ભેદ થયો છે એમ પરસ્પરના અભિપ્રાયને જાણ્યો.

પછી મોટાએ ભગવાનને પૂછ્યું કે હે ભગવન્ ! સમાન સ્નેહવાળા અમારા બેનો ધન-રૂપ-વિનય આદિનો સંબંધ તુલ્ય જ થયો છે, અર્થાત્ ધન આદિથી અમે બંને સમાન છીએ. પણ હમણાં મુક્તિરૂપ ફળ માટે કલ્પવૃક્ષ સમાન સમ્યક્ત્વરૂપ ધનની પ્રાપ્તિમાં અસમાનતા થઇ. કારણ કે મારો મિત્ર સમ્યક્ત્વરૂપ ધનથી રહિત છે. તેથી આમા શું કારણ છે ? પછી ભગવાને કહ્યું : હે ભદ્ર ! તમે બે ભવાંતરમાં ગામમુખીના પુત્રો હતા. પછી વ્યસનથી દૂષિત થયેલા તમે બંને ચોરી કરવામાં તત્પર થયા. એકવાર અન્યગામમાં જઇને ગાયોનું અપહરણ કર્યું. પછી તે ગાયોને પોતાના સ્થાનમાં લઇ જતા તમારા બેની પાછળ કોટવાળો લાગ્યા. આ જાણીને કોટવાળોના ભયથી ભાગતા તમે બંને ગિરિગુફામાં પ્રવેશ્યા. ગિરિગુફામાં આતાપના લેતા મહાતપસ્વીને તમે બંનેએ જોયા. તેથી સંવેગને પામેલો તું આ પ્રમાણે બોલ્યો : આમનો જન્મ સફળ છે. આમણે સર્વ પુત્ર-પત્ની-મિત્ર આદિના સંબંધનો ત્યાગ કર્યો છે. આ સંતોષસુખરૂપ સાગરમાં ડૂબેલા છે. એમનું ચિત્ત ધર્મમાં રત છે. એ વિષયોથી વિરામ પામેલા છે, અને સ્વર્ગ-મોક્ષનો સંબંધ થાય એ માટે તપ કરે છે. ઉભય લોકમાં નિંદ્ય બનેલી, અનર્થરૂપફળવાળી અને ક્લેશરૂપ ઘણા ફળવાળી ચોરીનો આશ્રય લેનારા મારા જેવાઓ અધન્ય છે. સાધુની આવી સુંદર પ્રશંસાએ તારા બોધિબીજને ઉત્પન્ન કર્યું. બીજાને તો બોધિબીજને બાળી નાંખનાર મુનિ ઉપર દ્વેષ થયો. તને બોધિ થવાનું અને બીજાને ન થવાનું આ કારણ છે. (૬)

**उपसंहरन्नाह—**

**इति सर्वप्रत्येनो-पघातः शासनस्य तु ।**
**प्रेक्षावता न कर्तव्य, आत्मनो हितमिच्छता ॥७॥**

**स्पष्टः ॥७॥**

**कर्तव्यं च किमित्याह—**

**कर्तव्या चोन्नतिः सत्यां, शक्ताविह नियोगतः ।**
**प्रधानं कारणं ह्येषा, तीर्थकृन्नामकर्मणः ॥८॥**

स्पष्ट एवेति ॥८॥

॥ त्रयोविंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२३॥

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—

શ્લોકાર્થ— આથી આત્મહિત ઇચ્છનાર બુદ્ધિમાન પુરુષે સર્વ પ્રયત્નથી શાસનની હિલના ન કરવી જોઇએ, અને શક્તિ હોય તો અવશ્ય (इह=) જૈનશાસનમાં પ્રભાવના કરવી જોઇએ, અર્થાત્ જિનશાસનની પ્રભાવના કરવી જોઇએ. કારણકે જૈનશાસનની પ્રભાવના તીર્થંકર નામકર્મનું મુખ્ય કારણ છે. (૭-૮)

## શાસનમાલિન્યનિષેધ નામના ત્રેવીશમા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું

## ॥२४॥ अथ चतुर्विंशतितमं ॥
## पुण्यानुबन्धिपुण्यादिविवरणाष्टकम् ॥

शासनोन्नतिकरणाद्धितोदयामुन्नतिमाप्नोतीत्युक्तम्, तत्र किमहितोदयाप्युन्नतिरस्ति येनासौ सविशेषणाभिधीयते, उच्यते, अस्ति, यतः पुण्यजन्योन्नतिः । पुण्यापुण्यविचारे च चत्वारो भङ्गा भवन्ति, तद्यथा- पुण्यानुबन्धिपुण्यमित्येकः, पापानुबन्धिपुण्यमिति द्वितीयः, पापानुबन्धिपापमिति तृतीयः, पुण्यानुबन्धिपापमिति चतुर्थः, तत्राद्यभङ्गकप्रतिपादनायाह-

पाठान्तरापेक्षया पुनरेवं सम्बन्धः- तीर्थकृन्नामकर्मण इति प्रागुक्तं, तच्च पुण्यं, पुण्यादिविचारे च प्रागुक्ता एव चत्वारो भङ्गका भवन्ति । तत्राद्यभङ्गकाभिधानायाह—

**गेहाद् गेहान्तरं कश्चि-च्छोभनादधिकं नरः ।**
**याति यद्वत्सुधर्मेण, तद्वदेव भवाद्भवम् ॥१॥**

वृत्तिः— 'गेहाद् गेहान्तरं कश्चित्' अनिर्दिष्टनामा नर इति योगः, किम्भूताद्गेहात् 'शोभनात्' रमणीयात्, किम्भूतं गेहान्तरं 'अधिकं' शोभनतरम्, 'नरो' मानवः, नरग्रहणं चेह विशिष्टचरणसाध्यपुण्ययोग्यत्वेन तस्य प्राधान्यख्यापनार्थम्, 'याति' गच्छति, 'यद्वत्' यथेति दृष्टान्तः, 'सुधर्मेण' पुण्यानुबन्धित्वाच्छोभनः कृपादिर्धर्मजन्यत्वाद्धर्मश्चेति सुधर्मस्तेन, पुण्यानुबन्धिपुण्यकर्मणेत्यर्थः, 'तद्वदेव' तथैव, 'भवात्' मनुष्यादिजन्मनः शोभनस्वभावात्सकाशात्, 'भवं' देवादिभवं शोभनतरस्वभावम्, यातीति प्रकृतम्, यत्किल शुभमनुष्यादेर्जीवस्य पूर्वभवप्रपञ्चितं कर्म मानुष्यत्वादिशुभभावानुभवहेतुर्भवति तदनन्तरं देवादिगतिपरम्पराकारणं च तत्पुण्यानुबन्धिपुण्यमुच्यते, एतच्च ज्ञानपूर्वकनिर्निदानकुशलानुष्ठानाद्भवति, भरतादेरिवेति ॥१॥

## ચોવીસમુ પુણ્યાનુબંધી પુણ્યાદિ વિવરણ અષ્ટક

(પુણ્યના પુણ્યાનુબંધી અને પાપાનુબંધી એ બે ભેદો તથા પાપના પુણ્યાનુબંધી અને પાપાનુબંધી એ બે ભેદો છે. આમ પુણ્ય-પાપના ચાર ભેદો છે. કોઇપણ સમયે બંધાયેલું પુણ્ય કે પાપ પુણ્યાનુબંધી છે કે પાપાનુબંધી છે એનો આધાર એ જ્યારે ઉદયમાં આવે ત્યારે પુણ્ય-પાપ એ બેમાંથી કોનો બંધ કરાવે છે એના ઉપર છે. જો પુણ્યનો બંધ કરાવે તો પુણ્યાનુબંધી અને પાપનો બંધ કરાવે તો પાપાનુબંધી કહેવાય. આથી જે પુણ્ય ઉદય વખતે પુણ્યનો બંધ કરાવે તે પુણ્યાનુબંધી અને પાપનો બંધ કરાવે તે પાપાનુબંધી કહેવાય. જે પાપ ઉદય વખતે પુણ્યનો બંધ કરાવે તે પુણ્યાનુબંધી અને પાપનો બંધ કરાવે તે પાપાનુબંધી કહેવાય. આ અષ્ટકમાં મનુષ્યાદિ ચારગતિઓને આશ્રયીને પુણ્ય-પાપના આ ચાર ભેદોની વિચારણા કરવામાં આવી છે.)

**પ્રશ્ન**— શાસનની ઉન્નતિ કરવાથી જીવ કલ્યાણના અનુબંધવાળી ઉન્નતિને પામે છે એમ (અ.૨૩.ગા. ૮માં) કહ્યું. તેમાં પ્રશ્ન થાય કે શું અકલ્યાણના અનુબંધવાળી પણ ઉન્નતિ છે ? કે જેથી **हितोदया** એવા વિશેષણ સહિત ઉન્નતિ કહેવામાં આવે છે.

**ઉત્તર**— અકલ્યાણના અનુબંધવાળી પણ ઉન્નતિ છે. કારણ કે પુણ્યથી થનારી ઉન્નતિ કલ્યાણના અનુબંધવાળી અને અકલ્યાણના અનુબંધવાળી એમ બે પ્રકારની છે. અહીં પુણ્યાનુબંધી પુણ્યના વિચારમાં ચાર ભાંગા છે. તે આ પ્રમાણે-(૧) **પુણ્યનુબંધી (=પુણ્યની પરંપરા ચાલે તેવું) પુણ્ય (૨) પાપાનુબંધી (=પાપની પરંપરા ચાલે તેવું) પુણ્ય (૩) પાપાનુબંધી પાપ. (૪) પુણ્યાનુબંધી પાપ.**

**તેમાં પહેલા ભાંગાના પ્રતિપાદન માટે ગ્રન્થકાર કહે છે—**

ગાથાના પાઠાંતરની અપેક્ષાએ સંબંધ આ પ્રમાણે છે—

શાસનની ઉન્નતિ તીર્થંકર નામકર્મનું કારણ છે એમ પહેલાં (અ. ૨૩ ગા.૮ માં) કહ્યું. તીર્થંકર નામકર્મ પુણ્યરૂપ છે. પુણ્ય વગેરેના વિચારમાં પહેલાં કહેલા જ ચાર ભાંગા થાય છે.

**તેમાં પહેલા ભાંગાને કહેવા માટે કહે છે—**

**શ્લોકાર્થ**— જેમ કોઇ મનુષ્ય સારા ઘરમાંથી અન્ય અધિક સારા ઘરમાં રહેવા જાય, તેમ જીવ સુધર્મથી (=પુણ્યાનુબંધી પુણ્યથી) મનુષ્યાદિ સારા ભવમાંથી અન્ય દેવ આદિ સારા ભવમાં જાય છે. (૧)

**ટીકાર્થ**— અહીં મનુષ્યભવનું ગ્રહણ કર્યું તે મનુષ્યભવ વિશિષ્ટ ચારિત્રથી સાધ્ય પુણ્યને યોગ્ય હોવાથી તેની પ્રધાનતા જણાવવા માટે છે.

**સુધર્મથી**=પુણ્યાનુબંધી પુણ્યથી. પુણ્યાનુબંધી પુણ્ય પુણ્યના અનુબંધવાળું હોવાથી સુ=શુભ છે, અને દયા વગેરે ધર્મથી ઉત્પન્ન થતું હોવાથી ધર્મ છે.

શુભ મનુષ્ય આદિ જીવે પૂર્વભવમાં ઉપાર્જિત કરેલું (=બાંધેલું) જે કર્મ મનુષ્યપણું આદિ શુભ ભાવના અનુભવનું કારણ થાય છે, અને પછી દેવાદિગતિની પરંપરાનું કારણ બને છે, તે કર્મ પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે.

**ભાવાર્થ**— મનુષ્ય ભવમાંથી દેવગતિમાં જનાર મનુષ્યે પૂર્વભવે જે પુણ્ય ઉપાર્જન કર્યું તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. કારણ કે એ પુણ્યના ઉદય વખતે નવા પુણ્યનો બંધ થાય છે. આ પુણ્યાનુબંધી પુણ્ય જ્ઞાનસહિત અને નિદાનરહિત શુભાનુષ્ઠાનથી થાય છે. જેમ કે ભરત મહારાજા આદિનું પુણ્યાનુબંધી પુણ્ય. (૧)

**अथ द्वीतीयभङ्गकमाह—**

## गेहाद् गेहान्तरं कश्चि-च्छोभनादितरन्नरः ।
## याति यद्वदसद्धर्मात् तद्वदेव भवाद्भवम् ॥२॥

**वृत्तिः— 'गेहाद् गेहान्तरं कश्चिन्नरो यद्वद्याति' इति सम्बन्धः, किम्भूतात् किम्भूतं 'शोभनात्' रमणीयात्, 'इतरत्' अशोभनम्, 'तद्वदेव' तथैव, 'असद्धर्मात्' असन्नशोभनः पापानुबन्धित्वात् धर्मश्च दयादिधर्मजन्यत्वादित्यसद्धर्मस्तमात् पापानुबन्धिपुण्यादित्यर्थः, 'भवात्', शोभनान्मनुष्यादेः, 'भवं' अशोभनं नारकादिकमिति, यत्किल शुभमनुष्यादेर्जीवस्य पूर्वभवार्जितं कर्म मानुषत्वादिशुभभावानुभूतिहेतुर्भवति तदनन्तरं नारकादिभवपरम्पराकारणं च तत् पापानुबन्धिपुण्यमित्युच्यते, तच्च निदानाज्ञानदूषिताद्धर्मानुष्ठानाद्भवति, ब्रह्मदत्तादेरिवेति ॥२॥**

**હવે બીજા ભાંગાને કહે છે—**

**શ્લોકાર્થ—** જેમ કોઇ મનુષ્ય સારા ઘરમાંથી અન્ય ખરાબ ઘરમાં રહેવા જાય, તેમ જીવ અસદ્ ધર્મથી મનુષ્યાદિ શુભ ભાવમાંથી અન્ય નરકાદિ અશુભભવમાં જાય છે. (૨)

**ટીકાર્થ— અસદ્ધર્મથી=**પાપાનુબંધી પુણ્યથી. પાપાનુબંધી પુણ્ય પાપના અનુબંધવાળું હોવાથી અસદ્=અશુભ છે. અને દયા વગેરે ધર્મથી ઉત્પન્ન થતું હોવાથી ધર્મ છે.

શુભ મનુષ્ય આદિ જીવે પૂર્વભવમાં ઉપાર્જિત કરેલું જે કર્મ મનુષ્યપણું આદિ શુભભાવના અનુભવનું કારણ થાય છે, ત્યારબાદ નરક આદિ (અશુભ) ભવની પરંપરાનું કારણ બને છે, તે કર્મ પાપાનુબંધી પુણ્ય કહેવાય છે.

**ભાવાર્થ—** મનુષ્ય ભવમાંથી નરકગતિ આદિમાં જનાર મનુષ્યે પૂર્વભવમાં જે પુણ્ય ઉપાર્જન કર્યું તે પાપાનુબંધી પુણ્ય છે. કારણ કે એ પુણ્યના ઉદય વખતે પાપનો બંધ થાય છે. આ પુણ્ય નિદાન અને અજ્ઞાનતાથી દૂષિત ધર્માનુષ્ઠાનથી થાય. જેમકે બ્રહ્મદત્ત આદિનું પુણ્ય. (૨)

**अथ तृतीयभङ्गकमाह—**

## गेहाद् गेहान्तरं कश्चि-दशुभादधिकं नरः ।
## याति यद्वन्महापापा-त्तद्वदेव भवाद् भवम् ॥३॥

**वृत्तिः— 'गेहाद् गेहान्तरं यद्वत्कश्चिन्नरो याति,' किंविधार्त्किविधमित्याह- 'अशुभात्' अरमणीयात्, 'अधिकं' अशुभतरम्, 'तद्वदेव महापापात्' महच्च तत्पापानुबन्धित्वात्पापं चाशुभकर्मेति महापापं तस्मात्पापानुबन्धिपापादित्यर्थः, 'भवात्' अशुभात्तिर्यगादेः 'भवं' अशुभतरं नारकादिकमिति, यत्किल तिर्यगादेर्जीवस्य पूर्वजन्मोपात्तं कर्म तिर्यक्त्वाद्यशुभभावानुभवनिमित्तभूतं भवति तदनन्तरं नारकाद्यशुभगतिपरम्पराकारणं च तत् पापानुबन्धिपापमुच्यते, तथाविधबिडालादेरिव, तच्च महाप्राणातिपातादिहेतुक-**

मिति ॥३॥

હવે ત્રીજો ભાંગાને કહે છે—

**શ્લોકાર્થ—** જેમ કોઇ મનુષ્ય ખરાબ ઘરમાંથી અન્ય અધિક ખરાબ ઘરમાં રહેવા જાય, તેમ જીવ મહાપાપથી તિર્યંચ આદિ અશુભભવમાંથી અન્ય અધિક અશુભ નરકાદિ ભવમાં જાય છે. (૩)

**ટીકાર્થ— મહાપાપથી=**પાપાનુબંધી પાપથી.

તિર્યંચ આદિ જીવનું પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલું જે ધર્મ તિર્યંચપણું આદિ અશુભભવના અનુભવનું કારણ બને, અને પછી નરક વગેરે અશુભ ગતિની પરંપરાનું કારણ બને, તે કર્મ પાપાનુબંધી પાપ કહેવાય છે.

**ભાવાર્થ—** તિર્યંચ આદિના ભવમાંથી નરકગતિ આદિમાં જનાર જીવે તિર્યંચ આદિના ભવથી પૂર્વભવમાં જે પાપ ઉપાર્જન કર્યું તે પાપાનુબંધી પાપ છે. કારણ કે વર્તમાનમાં દુઃખ અનુભવે છે અને નવા પાપનો બંધ થાય છે. જેમકે તેવા પ્રકારના બિલાડા આદિનું પાપ. આ પાપ મહાહિંસા આદિનું કારણ છે. (૩)

**चतुर्थभङ्गकमधुना प्राह—**

**गेहाद् गेहान्तरं कश्चि-दशुभादितरन्नरः ।**
**याति यद्वत्सुधर्मेण, तद्वदेव भवाद् भवम् ॥४॥**

**वृत्तिः— 'गेहाद् गेहान्तरं कश्चिन्नरो यद्वद् याति', किंविधात्किंविधमित्याह, 'अशुभात्' अकमनीयात्, 'इतरत्' शोभनम्, 'तद्वदेव सुधर्मेण' अकुशलानुष्ठानमिश्रनिर्निदानादिकुशलानुष्ठानलक्षणेन, 'भवात्' अशुभतिर्यगादेः, 'भवं' शुभमनुष्यादिकमिति, यत्किल तिर्यगादेर्जीवस्य प्राग्भवार्जितं कर्म तिर्यक्त्वाद्यशुभभावानुभूतिनिमित्तभूतं भवति तदनन्तरं देवादिशुभगतिपरम्पराहेतुश्च तत्पुण्यानुबन्धिपापमुच्यते, चण्डकौशिकादेरिव । इह च भङ्गकनिर्देशे यद्यपि पापं प्रधानम्, तथापि पुण्यानुबन्धहेतुत्वात् पुण्यानुबन्धकारिणि पापे शुभधर्मतामुपचर्य सुधर्मेण तद्वदेवेत्याद्युक्तमिति ॥४॥**

હવે ચોથા ભાંગાને કહે છે—

**શ્લોકાર્થ—** જેમ કોઇ મનુષ્ય ખરાબ ઘરમાંથી અન્ય સારા ઘરમાં જાય, તેમ જીવ સુધર્મથી તિર્યંચ આદિ અશુભ ભવમાંથી અન્ય મનુષ્યાદિ શુભભવમાં જાય છે. (૪)

**ટીકાર્થ— સુધર્મથી=**અશુભ અનુષ્ઠાનથી મિશ્ર અને નિદાન આદિથી રહિત એવા શુભ અનુષ્ઠાનથી.

**ભાવાર્થ—** તિર્યંચ આદિ જીવનું પૂર્વભવમાં ઉપાર્જન કરેલું જે કર્મ તિર્યંચપણું આદિ અશુભભવના અનુભવનું કારણ બને છે, ત્યારબાદ દેવગતિ આદિ શુભગતિની પરંપરાનું કારણ બને છે, તે કર્મ પુણ્યાનુબંધી પાપ કહેવાય છે. જેમકે ચંડકૌશિક આદિનું પુણ્યાનુબંધી પાપ.

ચોથા ભાંગાનો નિર્દેશ કરવામાં જો કે પાપ પ્રધાન છે, તો પણ પાપ પુણ્યાનુબંધનુ કારણ હોવાથી પુણ્યાનુબંધ કરાવનારા પાપમાં શુભધર્મપણાનો આરોપ કરીને સુધર્મથી તિર્યંચ આદિ અશુભ ભવમાંથી અન્ય મનુષ્યાદિ શુભભવમાં જાય છે એમ કહ્યું છે. (૪)

एवं फलतश्चतुर्धा कर्म व्यवस्थाप्योपदेशमाह—

शुभानुबन्ध्यतः पुण्यं, कर्तव्यं सर्वथा नरैः ।
यत्प्रभावादापातिन्यो, जायन्ते सर्वसम्पदः ॥५॥

वृत्तिः— शुभं पुण्यं कर्मानुबन्धात्यनुसन्ध्यत्ते यदेवंशीलं तत् 'शुभानुबन्धि', 'अत' इति यतो गेहाद् गेहान्तरमित्यादिदृष्टान्तप्रतिपादितं शुभाशुभं कर्मफलमस्ति एतस्मात् कारणात्, 'पुण्यं' शुभकर्म, 'कर्तव्यं' विधेयम्, 'सर्वथा' सर्वप्रकारैः, 'नरैः' मानवैः, किम्भूतं तदित्याह- 'यत्प्रभावात्' यस्य सामर्थ्यात्, 'अपातिन्यः' अपतनशीला अविनश्वर्यः, 'जायन्ते' भवन्ति, 'सर्वसम्पदः' समस्तनरामरनिर्वाणश्रियः ।।इति ॥५॥

આ પ્રમાણે ફળની અપેક્ષાએ ચાર પ્રકારે કર્મની વ્યવસ્થા કરીને ઉપદેશને કહે છે—

**શ્લોકાર્થ—** આથી મનુષ્યોએ સર્વથા જેના પ્રભાવથી સઘળી સંપત્તિઓ અવિનશ્વર બને છે તે પુણ્યાનુબંધી પુણ્ય કરવું જોઇએ. (૫)

**ટીકાર્થ— આથી=**જે કારણથી પૂર્વોક્ત એકઘરમાંથી બીજા ઘરમાં જાય ઇત્યાદિ દૃષ્ટાંતોથી જણાવેલ શુભાશુભ કર્મફલ છે એ કારણથી.

**સર્વથા=**સર્વ પ્રકારોથી. (જે જે ઉપાયો હોય તે તે સર્વ ઉપાયોથી.)

**સઘળી સંપત્તિઓ=**મનુષ્ય-દેવ-મોક્ષ સંબંધી સર્વ સંપત્તિઓ. (૫)

तत्पुनः शुभानुबन्धिपुण्यं कथं क्रियत इत्याह—

सदागमविशुद्धेन, क्रियते तच्च चेतसा ।
एतच्च ज्ञानवृद्धेभ्यो, जायते नान्यतः क्वचित् ॥६॥

वृत्तिः— 'सदा' सर्वकालं अथवा सदागमस्त्रिकोटीदोषवर्जितत्वेन शोभनं शास्त्रं तेन विशुद्धं निर्मलीकृतं यत्तत्तथा तेन 'सदागमविशुद्धेन,' 'चेतसा' इति योगः, 'क्रियते' विधीयते, 'तच्च' तत्पुनः शुभानुबन्धि पुण्यम्, 'चेतसा' मनसा, 'एतच्च' एतत्पुनः सदागमविशुद्धं चेतः, 'ज्ञानवृद्धेभ्यः' श्रुतस्थविरेभ्यः सम्यगुपासितेभ्यः, 'जायते' सम्पद्यते, 'नान्यतो' न पुनरन्यस्मात् कारणान्तरात्, 'क्वचित्' देशे काले पात्रे वेति, यद्यपि कालस्वभावनियतिकर्मपुरुषकाराणां कारणभावः सर्वत्र, तथापि कर्मक्षयोपशमे चित्तविशुद्धेरान्तरकारणे ज्ञानवृद्धसम्पर्कस्य प्रधानकारणत्वात् 'एतच्च ज्ञानवृद्धेभ्य' इत्युक्तमिति ॥६॥

તે પુણ્યાનુબંધી પુણ્ય કેવી રીતે કરાય તે કહે છે—

**શ્લોકાર્થ—** પુણ્યાનુબંધી પુણ્ય સત્યઆગમથી વિશુદ્ધ ચિત્તથી કરાય છે. સત્ય આગમથી વિશુદ્ધ ચિત્ત જ્ઞાનવૃદ્ધોથી થાય છે. ક્યાંય અન્ય કોઇ કારણથી નહિ. (૬)

**ટીકાર્થ— સત્ય આગમથી-**જે આગમ કષ-છેદ-તાપરૂપ ત્રિકોટિથી દોષ રહિત છે તે આગમ સત્ય છે.

આવા સત્ય આગમથી.

**જ્ઞાનવૃદ્ધોથી=**સારી રીતે ઉપાસના કરાયેલા શ્રુતસ્થવિરોથી.

**ક્યાંય=**કોઇ દેશમાં, કોઇ કાળમાં, કે કોઇ પાત્રમાં.

**અહીં તાત્પર્યાર્થ આ છે—** (૧) ચિત્તવિશુદ્ધિથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. (૨) ચિત્તવિશુદ્ધિ સત્ય આગમથી=સત્ય આગમના બોધથી થાય છે. (૩) સત્ય આગમનો બોધ જ્ઞાનવૃદ્ધોથી થાય છે. આમ જ્ઞાનવૃદ્ધોથી સત્ય આગમનો બોધ. સત્ય આગમના બોધથી ચિત્તવિશુદ્ધિ. ચિત્તવિશુદ્ધિથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ.

જો કે કાળ-સ્વભાવ-નિયતિ-કર્મ-પુરુષાર્થ એ પાંચ કારણોથી સર્વ કાર્યો થાય છે, તો પણ ચિત્તવિશુદ્ધિનું આંતરિક કારણ કર્મક્ષયોપશમ છે. અને કર્મક્ષયોપશમમાં જ્ઞાનવૃદ્ધોનો સંપર્ક મુખ્ય કારણ છે. આથી સત્ય આગમથી વિશુદ્ધચિત્ત જ્ઞાનવૃદ્ધોથી થાય છે એમ કહ્યું છે. (૬)

**यदि विशुद्धं चित्तं न भवति तदा किं स्यादित्याह—**

**चित्तरत्नमसंक्लिष्ट-मान्तरं धनमुच्यते ।**
**यस्य तन्मुषितं दोषै-स्तस्य शिष्टा विपत्तय: ।।७।।**

वृत्ति:— चित्तं मनस्तद्रत्नमिव 'चित्तरत्नं' निर्मलस्वभावत्वोपाधिजनितविकारत्वादिसाधर्म्यात्, 'असंक्लिष्टं' रागादिसंक्लेशवर्जितम्, 'आन्तरं' आध्यात्मिकम्, 'धनं' वसु, 'उच्यते' अभिधीयते, 'यस्य' देहिन:, 'तत्' चित्तरत्नम्, 'मुषितं' अपहृतम्, 'दोषै:' रागादिभि: 'तस्य' देहिन:, 'शिष्टा' उद्धरिता:, 'विपत्तयो' व्यसनानि, असंक्लिष्टचित्तरत्नाभावे हि हर्षविषादादिरूपा: कुगतिगमनरूपा वा विपद एवावशिष्यन्त इति ।।७।।

**अन्ये तु अमुं श्लोकं न पठन्ति अमुं चास्य स्थाने पठन्ति । आगमविशुद्धं चित्तं ज्ञानवृद्धेभ्य: सकाशादुपजायत इत्युक्तं तत्रेदं किं सदुत्पद्यते, असद्वा, यदि सदिति पक्ष:, स न युक्त:, सत उत्पादायोगात्, गगनस्येव, सतोऽप्युत्पादे उत्पादाविरामप्रसङ्गात्, अथासदिति पक्ष:, सोऽप्ययुक्त:, सर्वथा असत उत्पादाभावात्, गगनाम्भोरुहस्येवेति, अत्रोत्तरमाह—**

**प्रकृत्या मार्गगामित्वं, सदपि व्यज्यते ध्रुवम् ।**
**ज्ञानवृद्धप्रसादेन, वृद्धिं चाप्नोत्यनुत्तराम् ।।७।।**

वृत्ति:— अस्य व्याख्या-'प्रकृत्या' स्वभावेन, 'मार्गगामित्वं' आगमविशुद्धत्वं, चेतस इति गम्यते, 'सदपि' क्वचिद्विद्यमानमपि, अपिशब्दात् व्यक्तित: अविद्यमानमपि, अनेनैकान्तसत्त्वासत्त्वपक्षोक्तदोष: परिहृतो भवति, किमित्याह- 'व्यज्यते' व्यक्तं भवति, 'ध्रुवं' निश्चितम्, अनेन ज्ञानवृद्धप्रसादस्य मार्गगामित्वव्यञ्जकत्वं प्रत्यव्यभिचारिकारणतामाह, केनाभिव्यज्यत इत्याह- ज्ञानेन बोधेन वृद्धा महान्तो ज्ञानं वा

**वृद्धं येषां ते ज्ञानवृद्धाः तेषां प्रसादः प्रसन्नता 'ज्ञानवृद्धप्रसादः' तेन, किमभिव्यक्तिमात्रमेव, नेत्याह- 'वृद्धिं च' विपुलतां च, 'चशब्दः' समुच्चये, 'आप्नोति' लभते, 'अनुत्तरां' अविद्यमानप्रधानतरां, मार्ग-गामित्वमिति प्रकृतमिति ॥७॥**

**જો ચિત્ત વિશુદ્ધ ન થાય તો શું થાય તે કહે છે—**

**શ્લોકાર્થ—** અસંક્લિષ્ટ ચિત્તરૂપ રત્ન આંતરધન કહેવાય છે. જેનું તે ચિત્તરત્ન દોષોથી ચોરાઇ ગયું તેને વિપત્તિઓ જ બાકી રહે છે. (૭)

**ટીકાર્થ— અસંક્લિષ્ટ=**રાગાદિ સંક્લેશોથી રહિત.

**ચિત્તરૂપરત્ન—** જેવી રીતે રત્ન નિર્મલ સ્વભાવવાળું હોય અને ઉપાધિથી તેમાં વિકારો ઉત્પન્ન કરાય છે, તેમ ચિત્ત પણ નિર્મલ સ્વભાવવાળું છે અને ઉપાધિથી તેમાં વિકારો ઉત્પન્ન કરાય છે. આમ નિર્મલ સ્વભાવ અને ઉપાધિથી વિકારોની ઉત્પત્તિ વગેરેની બંનેમાં સમાનતા હોવાના કારણે અહીં ચિત્તને રત્નની ઉપમા આપી છે.

**આંતર=**આધ્યાત્મિક.

**દોષોથી=**રાગાદિ દોષોથી.

**વિપત્તિઓ જ બાકી રહે છે—** અસંક્લિષ્ટ ચિત્તરૂપ રત્નના અભાવમાં હર્ષ-વિષાદ આદિ રૂપ વિપત્તિઓ કે કુગતિમાં ગમન રૂપ વિપત્તિઓ જ બાકી રહે છે. (૭)

**બીજાઓ આ સાતમો શ્લોક કહેતા નથી. એના સ્થાને આ (=હવે કહેવાશે તે) શ્લોક કહે છે-આગમ વિશુદ્ધ ચિત્ત જ્ઞાનવૃદ્ધોથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું. તેમાં આવું ચિત્ત સદ્ (=વિદ્યમાન) ઉત્પન્ન થાય છે કે અસદ્ ? જો સદ્ ઉત્પન્ન થાય છે એવો પક્ષ છે તો એ પક્ષ યુક્ત નથી. કારણકે સદ્‌ની ઉત્પત્તિ ન થાય. આકાશની જેમ. જો સદ્‌ની પણ ઉત્પત્તિ થાય તો ઉત્પત્તિના અવિરામનો પ્રસંગ આવે, અર્થાત્ સતત ઉત્પત્તિ થયા જ કરે. હવે જો અસદ્ એ પક્ષ છે તો તે પણ યુક્ત નથી. કારણકે સર્વથા અસત્‌ની ઉત્પત્તિ ન થાય. આકાશ કમળની જેમ. અહીં ઉત્તર કહે છે—**

**શ્લોકાર્થ—** ચિત્તનું સ્વભાવથી વિદ્યમાન પણ માર્ગગામિત્વ=આગમવિશુદ્ધિ જ્ઞાનવૃદ્ધોની પ્રસન્નતાથી અવશ્ય વ્યક્ત થાય છે અને અનુત્તરવૃદ્ધિને પામે છે.

**ટીકાર્થ— વિદ્યમાન પણ—** એ સ્થળે રહેલા પણ શબ્દથી પ્રગટપણે અવિદ્યમાન પણ સમજવું. ચિત્તની આગમવિશુદ્ધિ અપ્રગટપણે વિદ્યમાન છે અને પ્રગટપણે અવિદ્યમાન છે=વિદ્યમાન નથી. આનાથી એકાંતે સત્ત્વપક્ષમાં અને એકાંતે અસત્ત્વપક્ષમાં કહેલ દોષનો પરિહાર (=ત્યાગ) થાય છે.

જ્ઞાનવૃદ્ધોની પ્રસન્નતાથી ચિત્તનું માર્ગગામિત્વ અવશ્ય વ્યક્ત થાય છે એમ કહીને માર્ગગામિત્વને વ્યક્ત કરવામાં જ્ઞાનવૃદ્ધોની પ્રસન્નતા અવ્યભિચારી (=નિષ્ફળ ન બને તેવું) કારણ છે એમ કહ્યું.

**જ્ઞાનવૃદ્ધ=**જ્ઞાનથી મહાન તે જ્ઞાનવૃદ્ધ. અથવા જેમનું જ્ઞાન વૃદ્ધ (=ઘણું) છે તે જ્ઞાનવૃદ્ધ.

**અનુત્તર=**જેનાથી અન્ય ઉત્તર=પ્રધાન ન હોય તે અનુત્તર, અર્થાત્ બીજાઓમાં ન હોય તેવી માર્ગગામિત્વની વૃદ્ધિને પામે છે.

**ભાવાર્થ—** યોગ્યજીવમાં અપ્રગટપણે આગમવિશુદ્ધિ (=આગમથી થતી વિશુદ્ધિ) રહેલી હોય છે. જો નિમિત્ત મળે તો તે પ્રગટ થાય. ચિત્તમાં અપ્રગટપણે રહેલી આગમવિશુદ્ધિ જ્ઞાનવૃદ્ધોની પ્રસન્નતારૂપ નિમિત્ત મળતાં અવશ્ય વ્યક્ત થાય છે, અને અંતિમકક્ષા સુધી વૃદ્ધિ પામે છે. આથી જ્ઞાનવૃદ્ધોની પ્રસન્નતા ચિત્તની આગમવિશુદ્ધિનો રામબાણ ઉપાય છે. ચિત્તની આગમવિશુદ્ધિનાં બાહ્ય અનેક કારણો છે, પણ આંતરિક કારણ તો કેવળ કર્મક્ષયોપશમ છે. કર્મક્ષયોપશમમાં જ્ઞાનવૃદ્ધોનો સંપર્ક કરવો, તેમની સેવા કરવી ઇત્યાદિથી મેળવેલી જ્ઞાનવૃદ્ધોની પ્રસન્નતા પ્રધાન કારણ છે. (૭)

**शुभानुबन्ध्यतः पुण्यं कर्तव्यमित्युक्तम्, अथ तदुपायोपदर्शनायाह—**

**दया भूतेषु वैराग्यं, विधिवद् गुरुपूजनम् ।**
**विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्यदः ॥८॥**

**वृत्तिः— 'दया' कृपा, 'भूतेषु' सामान्यता (? तो) जीवेषु, 'वैराग्यं' विरागता द्वेषाभावाविनाभूतत्वाद्वैराग्यस्येति विगत द्वेषता च, विधिर्विधानं शास्त्रोक्तो न्यायश्रद्धासत्कारक्रमयोगादिः, स विद्यते यत्र तत् 'विधिवत्', इह यद्यपि विधिमत् इति शब्दः सिद्ध्यति तथाप्यैन्द्रादिव्याकरणप्रवीणत्वात् हरिभद्राचार्यस्य नापशब्दः शङ्कनीय इति, गृणन्ति शास्त्रार्थमिति गुरवः साधवः, तेषां पूजनं भक्तपानवस्त्रपात्रप्रणामादिभिरभ्यर्चनं गुरुपूजनं, 'विशुद्धा' निरतिचारा, 'शीलवृत्तिः' हिंसानृतादत्ताब्रह्मपरिग्रहविरमणरूपकुशलानुष्ठानवर्तनम्, 'चशब्द' उक्तसमुच्चये अनुक्तगुणान्तरसमुच्चये वा, किमेतदित्याह- 'पुण्यं' शुभं कर्म, पुण्यकर्मबन्धहेतुत्वेनोपचारात्, किम्भूतमित्याह- 'पुण्यानुबन्धि' शुभकर्मसन्तानवत्, 'अद' एतदनन्तरोदितम्, ननु दया भूतेषु इह भूतग्रहणमनर्थकं यतो दया प्राणिगोचरैव दया हि दुःखितेषु भवति दुःखितत्वं च प्राणिनामेवेति, अत्रोच्यते, न भूतग्रहणमचेतनव्यवच्छेदार्थमपि तु भूतसामान्यग्रहणार्थं, तेन सर्वभूतेषु दया विधेयेत्युक्तं भवति । आह च- "दट्ठूण पाणिनिवहं, भीमे भवसागरम्मि दुक्खत्तं । अविसेसओणुकम्पं, दुहावि सामत्थओ कुणइ[२०] ॥१॥ त्ति ॥"**

**॥ चतुर्विंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२४॥**

**પુન્યાનુબંધી પુણ્ય કરવું જોઇએ એમ કહ્યું. આથી તેનો ઉપાય બતાવવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** જીવો ઉપર દયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુપૂજન, વિશુદ્ધશીલવૃત્તિ-આ પુણ્યાનુબંધી પુણ્ય છે. (૮)

**ટીકાર્થ— જીવો ઉપર દયા—** સામાન્યથી (=ભેદભાવ વિના) જીવો ઉપર દયા.

**પૂર્વપક્ષ— दया भूतेषु** એ સ્થળે ભૂત શબ્દનો ઉલ્લેખ નિરર્થક છે. કારણ કે દયા જીવ સંબંધી જ હોય છે. (અજીવ સંબંધી ન હોય.) દુઃખી ઉપર દયા હોય. દુઃખ તો જીવોને જ હોય.

૨૦. दृष्ट्वा प्राणिनिवहं भीमे भवसागरे दुःखार्तम् । अविशेषतोऽनुकम्पां द्विधापि सामर्थ्यतः करोति ॥१॥

**ઉત્તરપક્ષ**— ભૂત શબ્દનો ઉલ્લેખ અચેતનનો વ્યવચ્છેદ કરવા માટે નથી, કિંતુ જીવસામાન્યનું ગ્રહણ કરવા માટે છે. તેથી (ભેદભાવ વિના) સર્વજીવો ઉપર દયા કરવી જોઇએ એમ કહેલું થાય છે. કહ્યું છે કે- "**ભયાનક ભવસાગરમાં જીવસમૂહને શારીરિક માનસિક દુઃખોથી પીડાયેલો જોઇને સ્વ-પરના ભેદ વિના દ્રવ્ય-ભાવ એ બંને પ્રકારની દયા યથાશક્તિ કરે.**" (શ્રા.પ્ર. ૫૮)

**વૈરાગ્ય**— વિરાગભાવ. વૈરાગ્ય દ્વેષનો અભાવ થયા વિના થતો નથી આથી વૈરાગ્ય એટલે વિરાગભાવ અને વિગતદ્વેષતા.

**વિધિપૂર્વક ગુરુપૂજન**— શાસ્ત્રોક્ત[1] ન્યાય-શ્રદ્ધા-સત્કાર-ક્રમયોગ આદિ વિધિપૂર્વક. શાસ્ત્રના અર્થનો ઉપદેશ આપે તે ગુરુ. ગુરુ એટલે સાધુ. આહાર-પાણી-વસ્ત્ર-પાત્રનું દાન કરવું, પ્રણામ કરવા વગેરે રીતે ગુરુઓનું પૂજન કરવું તે ગુરુપૂજન.

અહીં શ્લોકમાં **विधिवद्** શબ્દ છે. (વ્યાકરણના નિયમ પ્રમાણે) **विधिमद्** શબ્દ સિદ્ધ થાય છે. તો પણ શ્રી હરિભદ્ર સૂરિ મહારાજ ઐન્દ્ર વગેરે વ્યાકરણમાં પ્રવીણ હોવાથી **विधिवद्** એ અપશબ્દ છે એવી શંકા ન કરવી.

**વિશુદ્ધશીલવૃત્તિ**— વિશુદ્ધ એટલે અતિચારથી રહિત. શીલવૃત્તિ એટલે હિંસા-અસત્ય-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ એ પાપોથી વિરામ પામવારૂપ કુશલ અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરવી, અર્થાત્ અહિંસા આદિનું પાલન કરવું.

જીવો ઉપર દયા વગેરે પુણ્યાનુબંધી પુણ્ય નથી, કિંતુ પુણ્યાનુબંધી પુણ્યનાં કારણ છે, તો પણ અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરીને (**आयुर्घृत**ની જેમ) પુણ્યાનુબંધી પુણ્ય કહેલ છે.

## ચોવીસમા પુણ્યાનુબંધી પુણ્યાદિવિવરણ નામના અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥२५॥ अथ पञ्चविंशतितमं ॥
## पुण्यानुबन्धिपुण्यप्रधानफलाष्टकम् ॥

**पुण्यानुबन्धिपुण्यं स्वरूपत उपदर्शितमथ तदेव प्रधानफलतो दर्शयन्नाह—**

**अत: प्रकर्षसम्प्राप्ताद् विज्ञेयं फलमुत्तमम् ।**
**तीर्थकृत्त्वं सदौचित्य-प्रवृत्त्या मोक्षसाधकम् ॥१॥**

**वृत्तिः— 'अतः' एतस्मात्पुण्यानुबन्धिपुण्यात्, 'प्रकर्षसम्प्राप्तात्' अतिप्रकृष्टतां गतात्, 'विज्ञेयं' ज्ञातव्यम्, 'फलं' कार्यम्, 'उत्तमं' प्रधानम्, 'तीर्थकृत्त्वं' तीर्थकरत्वम्, किंस्वरूपं तदित्याह- 'सदा' सर्वकालमागर्भावस्थायाः, 'औचित्यप्रवृत्त्या' यथार्हप्रवर्तनेन, 'मोक्षसाधकं' निर्वाणप्रापकमिति ॥१॥**

૧. ન્યાય વગેરેની વિશેષ સમજ માટે તત્ત્વાર્થાધિગમ સૂત્ર અ. ૮ સૂ. ૩૪નું ગુજરાતી વિવેચન વાંચવું.

## પચીસમું પુણ્યાનુબંધી પુણ્ય પ્રધાન ફલ અષ્ટક

(આ અષ્ટકમાં પુણ્યાનુબંધી પુણ્યનું સર્વોત્તમફળ તીર્થંકર પદવી છે એમ જણાવીને ગર્ભાવસ્થાથી જ તીર્થંકરોની સઘળી પ્રવૃત્તિ ઉચિત જ હોય છે એ વિષયને અનુલક્ષીને ભગવાન મહાવીરે ગર્ભાવસ્થામાં કરેલા અભિગ્રહ વિષે વિવિધ વિચારણા કરી છે.)

**સ્વરૂપથી પુણ્યાનુબંધી પુણ્ય જણાવ્યું. હવે મુખ્યફળને આશ્રયીને પુણ્યાનુબંધી પુણ્યને જ જણાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** અતિશય પ્રકર્ષને પામેલા પુણ્યાનુબંધી પુણ્યથી તીર્થંકર પદ ઉત્તમફળ જાણવું. તીર્થંકરપદ સદા ઉચિતપ્રવૃત્તિથી મોક્ષનું સાધક છે. (૧)

**ટીકાર્થ— સદા=**ગર્ભાવસ્થાથી આરંભી સર્વકાળ સુધી.

**ઉચિતપ્રવૃત્તિથી=**યોગ્ય હોય તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી.

**મોક્ષનું સાધક છે=**મોક્ષને પમાડનારું છે. (૧)

**औचित्यप्रवृत्तिमेवाप्तस्य सार्वदिकीं दर्शयितुमाह—**

**सदौचित्यप्रवृत्तिश्च, गर्भादारभ्य तस्य यत् ।**

**तत्राप्यभिग्रहो न्याय्यः, श्रूयते हि जगद्गुरोः ॥२॥**

**वृत्तिः— 'सदा' सर्वकालम्, 'औचित्यप्रवृत्तिः' सङ्गतासेवनम्, 'चशब्दः' पुनःशब्दार्थः, 'गर्भादारभ्य' गर्भावस्थामवधीकृत्य, 'तस्य' इति यः प्रकृष्टपुण्यानुबन्धिपुण्यफलभूतस्तीर्थङ्करस्तस्य, भवतीति शेषः, कुत एतदेवं सिद्धमित्याह- 'यत्' यस्मात्कारणात्, 'तत्रापि' गर्भेऽपि, आस्तां प्रव्रज्याप्रतिपत्तौ, 'अभिग्रहः' प्रतिज्ञाविशेषो वक्ष्यमाणस्वरूपः 'न्याय्यो' न्यायादनपेतः, 'श्रूयते' आकर्ण्यते, 'हिशब्दो' वाक्यालङ्कारे, 'जगद्गुरोः' त्रिलोकगौरवार्हस्य महावीरस्येति भावना ॥२॥**

**આપ્તની પ્રવૃત્તિ દરેક સ્થળે, દરેક કાળે અને દરેક અવસ્થામાં ઉચિત જ હોય એમ જણાવવા માટે કહે છે—**

● **શ્લોકાર્થ—** તીર્થંકરની પ્રવૃત્તિ ગર્ભાવસ્થાથી આરંભીને સદા ઉચિત હોય છે. કારણ કે જગદ્ગુરુનો ગર્ભમાં પણ કરેલો અભિગ્રહ ન્યાયયુક્ત સંભળાય છે. (૨)

**ટીકાર્થ— તીર્થંકરની—** પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના ફલસ્વરૂપ તીર્થંકરની, અર્થાત્ તીર્થંકરપદ પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યનું ફળ છે.

**જગદ્ગુરુનો—** ત્રણ લોકમાં ગૌરવને યોગ્ય એવા મહાવીર પ્રભુનો.

**ગર્ભમાં પણ કરેલો—** પ્રવ્રજ્યાના સ્વીકાર અંગે કરેલો અભિગ્રહ તો ન્યાયયુક્ત હતો જ, કિંતુ ગર્ભમાં પણ કરેલો અભિગ્રહ ન્યાયયુક્ત હતો.

અભિગ્રહ એટલે વિશેષ પ્રકારની પ્રતિજ્ઞા. ભગવાને કરેલી વિશેષ પ્રકારની પ્રતિજ્ઞાનું સ્વરૂપ હવે પછી કહેવામાં આવશે. (૨)

**किमर्थमसावभिग्रह इत्याह—**

**पित्रुद्वेगनिरासाय, महतां स्थितिसिद्धये ।**
**इष्टकार्यसमृद्ध्यर्थ-मेवम्भूतो जिनागमे ॥३॥**

**वृत्तिः— माता च पिता च पितरौ, तयोरुद्वेगश्चित्तसंतापस्तस्य निरासोऽभावः पित्रुद्वेगनिरासस्तस्मै 'पित्रुद्वेगनिरासाय,' यतन्ते च महान्तो विश्वस्यापि उद्वेगनिरासार्थं तेषां तथास्वभावत्वात्, विशेषतः पुनः पित्रोः अतिदुष्प्रतिकारित्वात्तयोरिति, तथा 'महतां' महापुरुषाणाम्, 'स्थितिसिद्धये' व्यवस्थासाधनाय, अन्येऽपि महान्तो मातापित्रुद्वेगनिरासेन प्रवर्तन्तामित्येतदर्थं, प्रधानमार्गानुसारित्वाज्जनस्येति, तथा 'इष्टकार्यं', वाञ्छितप्रयोजनं मोक्षार्थिनां मोक्षोपायभूता प्रव्रज्या तस्य समृद्धिर्निष्पत्तिरिष्टकार्यसमृद्धिः तस्यै इदं 'इष्टकार्यसमृद्ध्यर्थम्,' इदं चाभिग्रहः कृत इति गम्यमानक्रियाविशेषणं, मोक्षसिद्धिहेतोरित्यर्थः, सिध्यति हि मोक्ष उचितप्रवृत्त्या, अनुचितप्रवृत्तिस्तु तद्विघ्न इति, 'एवम्भूतो' वक्ष्यमाणस्वरूपोऽभिग्रह इति योगः, 'जिनागमे' आप्तवचने, श्रूयते इति सम्बन्धः, पठ्यते चावश्यकनिर्युक्तौ- ''अह सत्तमम्मि मासे, गब्भत्थो चेव अभिग्गहं गिण्हे । नाहं समणो होहं, अम्मापियरम्मि जीवंते ॥१॥ त्ति''[२१] ॥ ॥३॥**

**આ અભિગ્રહ શા માટે કર્યો એ અંગે કહે છે—**

**શ્લોકાર્થ—** માતાપિતાના ઉદ્‌વેગના અભાવ માટે, મહાપુરુષોની વ્યવસ્થાની સિદ્ધિ માટે, અને ઇષ્ટ-કાર્યની સિદ્ધિ માટે આવા પ્રકારનો (=નીચે મુજબનો) અભિગ્રહ જિનાગમમાં સંભળાય છે. (૩)

**ટીકાર્થ— માતાપિતાના ઉદ્‌વેગના અભાવ માટે—** ઉદ્‌વેગ એટલે ચિત્તસંતાપ. મહાપુરુષો વિશ્વના પણ ઉદ્‌વેગને દૂર કરવા માટે પ્રયત્ન કરે છે. કારણ કે તેમનો તેવો સ્વભાવ છે. મહાપુરુષો માતાપિતાના ઉદ્‌વેગને દૂર કરવા માટે વિશેષથી પ્રયત્ન કરે છે. કારણ કે તેમના ઉપકારનો બદલો વાળવો અતિશય કઠીન છે.

**મહાપુરુષોની વ્યવસ્થાની સિદ્ધિ માટે—** બીજા પણ મહાપુરુષો (મારું દૃષ્ટાંત લઇને) માતાપિતાના ઉદ્‌વેગને દૂર કરીને પ્રવૃત્તિ કરે એ માટે અભિગ્રહ કર્યો. કારણ કે લોક મુખ્યના માર્ગને અનુસરે છે=મુખ્યપુરુષ જેમ કરે તેમ કરે છે.

**ઇષ્ટકાર્યની સિદ્ધિ માટે—** મોક્ષાર્થીઓને મોક્ષના ઉપાયભૂત દીક્ષા ઇષ્ટકાર્ય છે. શ્રી મહાવીર ભગવાને દીક્ષા રૂપ ઇષ્ટકાર્યની સિદ્ધિ થાય એ માટે, અર્થાત્ મોક્ષની સિદ્ધિ માટે અભિગ્રહ કર્યો. ઉચિત પ્રવૃત્તિથી મોક્ષ સિદ્ધ થાય છે. અનુચિત પ્રવૃત્તિ મોક્ષમાં વિઘ્નરૂપ છે.

**આવા પ્રકારનો=**જેનું સ્વરૂપ હવે પછી કહેવામાં આવશે તેવો.

२१. अथ सप्तमे मासे गर्भस्थ एव अभिग्रहं गृह्णाति । नाहं श्रमणो भविष्यामि अम्बापित्रोर्जीवतोरिति ॥१॥

જિનાગમમાં સંભળાય છે— આવશ્યક નિર્યુક્તિમાં આ પ્રમાણે વાંચવામાં આવે છે. "ગર્ભમાં જ રહેલા ભગવાન શ્રી મહાવીરે ગર્ભથી આરંભી સાતમા મહિને અહો ! માતાપિતાનો મારા ઉપર અતિશય સ્નેહ છે. એથી જો હું તેમનાં જીવતા દીક્ષા લઉં તો ચોક્કસ તે બે ન જીવે, એમ જાણીને માતા-પિતા જીવતા હોય ત્યાં સુધી હું શ્રમણ નહિ થાઉં. એવો અભિગ્રહ ગ્રહણ કર્યો. (આવ.નિ.ભાષ્ય ગાથા-૫૮) (૩)

यथाभूतोऽभिग्रहः श्रूयते तथाभूतमेवाह—

**जीवतो गृहवासेऽस्मिन्, यावन्मे पितराविमौ ।**
**तावदेवाधिवत्स्यामि, गृहानहमपीष्टतः ॥४॥**

वृत्तिः— किल भगवान् श्रीमन्महावीरवर्धमानस्वामी देवभवाच्च्युत्वा पूर्वभवोपात्तनीचैर्गोत्राभिधानकर्मशेषवशाद् ब्राह्मणकुण्डग्रामाभिधाननगरनिवासिऋषभदत्ताभिधानद्विजातिजायाया देवानन्दाभिधानायाः कुक्षावुत्पन्नः । अथ द्व्यशीतितमदिवसे सिंहासनचलनजनितावधिप्रयोगपुरन्दरप्रयुक्तहरिनैगमेषिनाम्ना देवेन क्षत्रियकुण्डाभिधाननगरनायकसिद्धार्थाभिधाननरपतिप्रधानपत्न्यास्त्रिशलाभिधानायाः गर्भे संक्रमितः । ततो देवानन्दामुपलब्धचतुर्दशमहास्वप्नापहारां सम्भावितगर्भसंहारां हृतसर्वस्वामिवातिशोकसागरमग्नामवधिनावबुध्याहोऽस्मन्निमित्तमेषानाख्येयदुःखमवाप्तवत्येवमेषापि त्रिशला मदङ्गचलनचेष्टानिमित्तमसुखमथ मा प्रापदित्यालोच्य निश्चलोऽवतस्थे । ततोऽसौ निष्पन्दतां गर्भस्यावगम्य गलितो गर्भो ममेति भावनया गाढतरं दुःखसमुदयमगमत् । ततो भगवांस्तद्दुःखविनोदाय स्फुरतिस्म, पर्यालोचयाञ्चकार च, यदुतादृष्टेऽपि मयि मातापित्रोरहो गाढः स्नेहो दृष्टे पुनः परिचयादवगतगुणग्रामे गाढतरोऽसौ भावी, ततः प्रव्रजनतो वियुज्यमाने शोकातिशयान्महानन्तस्तापो भविष्यति, ततोऽनयोर्जीवतोस्तत्सन्तापपरिहारार्थमप्रव्रजितेन मया भाव्यमिति सप्तममासेऽभिग्रहं जग्राहेति श्लोकसमुदायार्थः । अक्षरार्थस्त्वयम्- 'जीवतः' प्राणान्धारयतः, 'पितरौ' इति योगः, 'गृहवासे' गृहस्थतायाम्, 'अस्मिन्' अधुनातने न पुनर्देवादिभवसंभवेऽपि, 'यावत्' यत्परिमाणमिति पितृजीवनक्रियाविशेषणम्, 'मे' मम सम्बन्धिनौ, 'इमौ' प्रत्यक्षासन्नौ त्रिशलासिद्धार्थलक्षणौ न पुनर्ऋषभदत्तदेवानन्दास्वरूपौ, 'तावदेव' तत्परिमाणमेव न पुनरधिकम्, विरतावभिष्वङ्गाच्चेत्यमुक्तमवधारणम्, एतच्चाधिवत्स्यामीतिक्रियाविशेषणम्, 'अधिवत्स्यामि' अध्यासिष्ये, 'गृहान्' गेहम्, गृहशब्दो हि पुल्लिङ्गे बहुवचनान्तोऽप्यस्तीति, अथवा राजत्वाद् बहुगृहाधिपतित्वमनेन दर्शितम्, 'अहमपि' न केवलं पितरौ गृहानधिवत्स्यत इति 'अपिशब्दार्थः', इष्टमिच्छा तदाश्रित्य 'इष्टतः' इच्छया स्वच्छन्दतया, न पुनः पारवश्येन इति भावः । ननु तावन्तं कालं चारित्रमोहनीयकर्मविशेषोदये सति तस्य गृहावस्थानमन्यथा वा, तत्र यद्याद्यः पक्षस्तदा कर्मविशेषोदय एव तत्रावस्थानकारणं नाभिग्रहणं, ततः किं तदभिग्रहणेन, अथ चारित्रमोहनीयविशेषोदयाभाव इति पक्षः, तदप्यसङ्गतम्, मोहकर्मविशेषोदयाभावे विरतेरेव भावेन गृहावस्थानासम्भवात्, व्यर्थमेवाभिग्रहकरणमिति अत्रोच्यते, मोहनीयविशेषोदय एव तत्र तस्यावस्थानम्, किन्तु तत्कर्मणः सोपक्रमत्वेन पित्रुद्वेगनिरासाद्यवलम्बनाभिग्रहानङ्गीकरणे विरतेरेव भावान्न गृहावस्थानहेत्वभिग्र-

**हकरणमसङ्गतम्, उच्यते च सोपक्रमता कर्मणाम् । यदाह-''उदयक्खयक्खओवसमोवसमा जं च कम्मुणो भणिया । दव्वं खित्तं कालं भावं च भवं च संपप्प[22] ॥१॥'' तदिहोक्तविशेषणाभिग्रहलक्षणं भावमाश्रित्य तत्क्षयोपशम इति न व्यर्थमभिग्रहकरणमिति ॥४॥**

**જેવા પ્રકારનો અભિગ્રહ સંભળાય છે તેવા પ્રકારના જ અભિગ્રહને કહે છે—**

મહાનવીર એવા શ્રી વર્ધમાન સ્વામી ભગવાન દેવભવથી ચ્યવીને પૂર્વભવમાં ઉપાર્જન કરેલું નીચગોત્રનામનું કર્મ બાકી રહી જવાના કારણે બ્રાહ્મણકુંડગ્રામ નામના નગરના નિવાસી ઋષભદત્ત નામના બ્રાહ્મણની દેવાનંદા નામની પત્નીની કુક્ષિમાં ઉત્પન્ન થયા. હવે બ્યાસીમા દિવસે (સૌધર્મ) ઇન્દ્રનું સિંહાસન ચલિત થયું. સિંહાસન કેમ ચલિત થયું એ જાણવા ઇંદ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. ગર્ભસંક્રમણ કરાવવો એ પોતાનો આચાર છે એમ જાણીને ઇંદ્રે હરિણૈગમેષી નામના દેવને ગર્ભસંક્રમણની આજ્ઞા કરી. આથી હરિણૈગમેષી દેવે શ્રી મહાવીર પ્રભુનું ક્ષત્રિયકુંડ નામના નગરના નાયક સિદ્ધાર્થ નામના રાજાની ત્રિશલા નામની મુખ્ય પત્નીના ગર્ભમાં સંક્રમણ કર્યું, તેથી દેવાનંદાના ચૌદ મહાસ્વપ્નોનું અપહરણ થયું. આથી દેવાનંદાએ પોતાના ગર્ભના નાશની સંભાવના કરી. આથી તે જાણે પોતાનું સઘળું ય હરાઇ ગયું હોય તેમ શોકસાગરમાં ડૂબી. શ્રી મહાવીર પ્રભુએ અવધિજ્ઞાનથી આ વિગત જાણીને વિચાર્યું: અહો ! મારા નિમિત્તે આ ન કહી શકાય તેવા દુ:ખને પામી. હવે એ પ્રમાણે આ ત્રિશલામાતા પણ મારા અંગચલનની ચેષ્ટાથી દુ:ખ ન પામો એમ વિચારીને નિશ્ચલ રહ્યા. પછી ત્રિશલા માતા ગર્ભને નિશ્ચલ જાણીને મારો ગર્ભ ગળી ગયો છે એવા વિચારથી અતિશય ગાઢ દુ:ખ સમૂહને પામ્યા. તેથી દુ:ખને દૂર કરવા ભગવાન ચાલ્યા. ભગવાન શ્રી મહાવીરે વિચાર્યું કે અહો ! નહિ જોવાયેલા પણ મારા ઉપર માતા-પિતાનો ગાઢ સ્નેહ છે. મને જોયે છતે અને પરિચયથી મારા ગુણસમૂહને જાણ્યે છતે અતિશય ગાઢ સ્નેહ થશે. તેથી દીક્ષાના કારણે મારો વિયોગ થતાં અતિશય શોકનાં કારણે અંતરમાં અતિશય સંતાપ થશે. તેથી તેમના સંતાપનો ત્યાગ કરવા માટે તે બેનાં જીવતાં મારે દીક્ષા ન લેવી એ પ્રમાણે સાતમા મહિને અભિગ્રહ લીધો. આ પ્રમાણે શ્લોકનો સમૂહાર્થ છે. અક્ષરાર્થ તો આ પ્રમાણે છે—

**શ્લોકાર્થ—** જ્યાં સુધી આ મારા માતા-પિતા આ ઘરવાસમાં જીવતા રહેશે ત્યાં સુધી જ હું પણ સ્વેચ્છાથી ઘરમાં રહીશ. (૪)

**ટીકાર્થ— આ માતા પિતા=**પ્રત્યક્ષથી નજીકમાં રહેલા ત્રિશલા-સિદ્ધાર્થરૂપ માતા-પિતા, નહિ કે ઋષભદત્ત-દેવાનંદા સ્વરૂપ માતા-પિતા.

**આ ઘરવાસમાં—** હમણાંના ઘરવાસમાં, નહિ કે દેવ આદિના ભવમાં થનારા પણ ઘરવાસમાં.

**ત્યાં સુધી જ—** માતા-પિતા જીવતા રહે ત્યાં સુધી જ, નહિ કે તેનાથી અધિક. વિરતિ પ્રત્યે રાગ હોવાથી આ પ્રમાણે અવધારણ કર્યું છે.

**સ્વેચ્છાથી—** પોતાની ઇચ્છાથી, નહિ કે પરાધીનપણાથી.

મૂળ શ્લોકમાં **गेहान्** એટલે **गेहं**. પુલ્લિંગ ગૃહશબ્દ બહુવચનાંત પણ છે. અથવા રાજા હોવાથી **गृहान्** એવા પ્રયોગથી ઘણા ઘરોનું સ્વામીપણું બતાવ્યું.

૨૨. उदयक्षयक्षयोपशमोपशमा यच्च कर्मणो भणिता: । द्रव्यं क्षेत्रं कालं भावं च भवं च संप्राप्य ॥१॥

**હું પણ**— કેવળ માતા-પિતા જ ઘરમાં રહેશે એમ નહિ, કિંતુ હું પણ ઘરમાં રહીશ એમ "પણ" શબ્દનો અર્થ છે.

**પૂર્વપક્ષ**— માતા પિતાના જીવતા સુધી પ્રભુનો ઘરવાસ થયો તે વિશેષ પ્રકારના ચારિત્રમોહનીય કર્મના ઉદયથી થયો કે બીજી રીતે ? તેમાં જો પહેલો પક્ષ છે તો વિશેષ પ્રકારના કર્મનો ઉદય જ ઘરવાસનું કારણ છે, અભિગ્રહ નહિ. તેથી અભિગ્રહથી શું ? હવે જો વિશેષ પ્રકારના ચારિત્રમોહનીયના ઉદયના અભાવના કારણે ઘરવાસ થયો એવો પક્ષ છે તો તે પણ અસંગત છે. કારણકે વિશેષ પ્રકારના મોહનીય કર્મના અભાવમાં વિરતિ જ થવાથી ઘરવાસનો અસંભવ છે. આ પ્રમાણે અભિગ્રહ કરવો એ વ્યર્થ જ છે.

**ઉત્તરપક્ષ**— વિશેષ પ્રકારના મોહનીય કર્મના ઉદયથી જ પ્રભુનો ઘરવાસ થયો. પરંતુ તે કર્મ સોપક્રમ હતું. આથી જો માતાપિતાના ઉદ્વેગનો ત્યાગ આદિ આલંબનથી અભિગ્રહ ન કરવામાં આવે તો (કર્મ દૂર થઇ જવાથી) વિરતિ જ થાય. આથી ગૃહવાસ નિમિત્તે અભિગ્રહ કરવો એ અસંગત નથી. કર્મો સોપક્રમ હોય છે, એમ (શાસ્ત્રમાં) કહેવાય છે. કહ્યું છે કે-"**કર્મના ઉદય-ક્ષય-ક્ષયોપશમ-ઉપશમો દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ-ભવને પામીને કહ્યા છે.**" (વિશેષા૦-૫૭૫) તેથી અહીં કહેલા વિશેષ પ્રકારના અભિગ્રહરૂપ ભાવને આશ્રયીને (=આવો અભિગ્રહ ન કરે તો) વિશેષ પ્રકારના મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય. આથી પ્રભુએ અભિગ્રહ કર્યો તે વ્યર્થ નથી. (૪)

**ननूक्ताभिग्रहकरणात्पित्रुद्वेगनिरासो महतां च स्थितिसिद्धिरिति सङ्गतम्, यत्पुनरिष्टकार्यसमृद्धिरिति, तदसाम्प्रतम्, गृहावस्थानस्य प्रव्रज्याविरोधित्वादित्यस्यामाशङ्कायामाह—**

**इमौ शुश्रूषमाणस्य, गृहानावसतो गुरू ।**
**प्रव्रज्याप्यानुपूर्व्येण, न्याय्याऽन्ते मे भविष्यति ॥५॥**

**वृत्तिः— 'इमौ' प्रत्यक्षासन्नौ, 'गुरू' इति सम्बन्धः, 'शुश्रूषमाणस्य' परिचरतो 'मे' इति योगः, तथा तच्छुश्रूषणार्थमेव 'गृहान्' गेहं, 'आवसतो' अधितिष्ठतः सतः, 'गुरू' मातापितरौ, 'प्रव्रज्यापि' चिकीर्षितानगारितापि, आस्तां पित्रुद्वेगनिरासादि, 'आनुपूर्व्येण' परिपाट्या, 'न्याय्या' न्यायोपपन्ना, युक्तेत्यर्थः, 'अन्ते' गुरुशुश्रूषावसाने एव, 'मे' मम, 'भविष्यति' सम्पत्स्यते ॥५॥**

**ઉક્ત અભિગ્રહ કરવાથી માતા-પિતાના ઉદ્વેગનો ત્યાગ અને મહાપુરુષોની વ્યવસ્થાની સિદ્ધિ એ (બે) સંગત છે. પણ ઇષ્ટ કાર્યની સિદ્ધિ એમ જે કહ્યું તે યોગ્ય નથી. કારણ કે ગૃહવાસ પ્રવ્રજ્યાનો વિરોધી છે. આવી આશંકા થયે છતે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ**— ઘરમાં રહેતા અને માતાપિતાની સેવા કરતા એવા મારી અનુક્રમે અંતે યોગ્ય દીક્ષા પણ થશે. (૫)

**ટીકાર્થ— ઘરમાં રહેતા**=માતા-પિતાની સેવા કરવા માટે જ ઘરમાં રહેતા.

**અંતે**— માતા-પિતાની સેવાના અંતે.

**દીક્ષા પણ**— માતા-પિતાના ઉદ્વેગનો અભાવ વગેરે તો થશે જ, કિંતુ ઇચ્છેલી દીક્ષા પણ થશે એમ "પણ" શબ્દનો સંબંધ છે. (૫)

## कुत एतदेवमित्याह—

## सर्वपापनिवृत्तिर्यत्, सर्वथैषा सतां मता ।
## गुरूद्वेगकृतोऽत्यन्तं, नेयं न्याय्योपपद्यते ॥६॥

वृत्तिः— 'सर्वपापनिवृत्तिः' अशेषावद्यानुष्ठानव्युपरतिः, 'यत्' यस्मात्,' 'सर्वथा' सर्वैः प्रकारैर्निमित्तभावेनापि इत्यर्थः, 'एषा' प्रव्रज्या, 'सतां' विदुषाम्, 'मता' इष्टा, इह तस्मादिति शेषो दृश्यः, तस्मात् 'गुरूद्वेगकृतो' मातापितृचित्तसन्तापकारिणः, 'अत्यन्तं' अतिशयेन तदसम्बोधनपूर्वकं शास्त्रोक्ततत्सम्बोधनोपायाप्रयोगपूर्वकं वा प्रवृत्तस्य, 'न' नैव, 'इयं' प्रव्रज्या, 'न्याय्या' युक्ता, 'उपपद्यते' घटते, पितृसन्तापरक्षणोपायाप्रवृत्तत्वेन निमित्तभावेन तच्चित्तसन्तापलक्षणपापकारित्वात्तस्येति, परिहर्तव्यश्च तच्चित्तसंतापः । यदाह-✻"अपडिबुझमाणे (अपडिबुद्धे) कहिंचि पडिबोहिज्जा अम्मापियरो (रे)[२३]" प्रव्रज्याभिमुखीकुर्वीतेत्यर्थः । "卐 अपडिबुझमाणेसु य कम्मपरिणईए विहिज्जा जहासत्ति तदुवगरणं" ★ तओ अणुन्नाए पडिवज्जिजज्जा धम्मं[२४] ।" अथ नानुजानीत, तदा, ✻"अन्नहा अणुवहे चेव उवहिजुत्ते सिया" अल्पायुरहमित्यादिकां मायां कुर्यादित्यर्थः । एवमुपायप्रवृत्तमपि यदा न मुत्कलयतः, तदा तौ त्यजेत् । न च तौ त्यजतस्तच्चित्तसंतापेऽपि तस्य दोषो विशुद्धभावत्वात् । यदाह-"सव्वहा अपडिवज्जमाणे चएज्जा ते अद्धाणे (अट्ठाण) गिलाणोसहत्थचागनाएणं"[२५] यथाध्वनि ग्लानीभूतयोः पित्रोरौषधाद्यर्थं गच्छतस्तत्त्यागोऽत्याग एव भावतः, एवं तयोः स्वस्यान्येषां चोपकाराय प्रव्रजत इति ज्ञातभावना, अत एव "सोयणमक्कन्दणविलवणं च जं दुक्खिओ तओ कुणइ । सेवइ जं च अकज्जं, तेण विणा तस्स सो दोसो[२६] ।" (पञ्चवस्तु गा. ८०) इत्यादिकमाक्षिप्यैवं परिहृतम् । "अब्भुवगमेण भणियं, न उ विहिचागो वि तस्स हेउत्ति । सोगाइम्मि वि तेसिं, मरणेव्व विसुद्धचित्तस्स[२७] ॥२॥" (पञ्चवस्तु गा. ९०) क्वचित्पठ्यते 'सर्वपापनिवृत्तिर्या' इति तत्र व्याख्येयं 'सर्वथा सर्वपापनिवृत्तिर्या इतीतरैषा सतां मता, गुरूद्वेगकारिणश्चात्यन्तं नेयं सर्वपापनिवृत्तिर्न्याय्योपपद्यत इति ॥६॥

આ પ્રમાણે શાથી છે ? એમ કહે છે—

---

२३. अप्रतिबुध्यमानौ (अप्रतिबुद्धौ) कथञ्चित्प्रतिबोधयेद् अम्मापितरौ ।

२४. 卐 अप्रतिबुध्यमानेषु च कर्मपरिणत्या विदध्याद् यथाशक्ति तदुपकरणं ।

★ ततोऽनुज्ञातः प्रतिपद्येत धर्मम् ।

✻अन्यथा (तदनुज्ञाभावे) अनुपध एव (भावतः) उपधियुक्तः (व्याजवान्) स्यात् ।

२५. सर्वथा अप्रतिपद्यमानान् त्यजेत् तान् अध्वनि (अस्थान) ग्लानौषधार्थत्यागज्ञातेन ।

२६. शोचनमाक्रन्दनविलपनं च यद् दुःखितस्ततः करोति । सेवते यच्चाकार्यं तेन विना तस्य स दोषः ।

२७. अभ्युपगमेन भणितं न तु विधित्यागोऽपि तस्य हेतुरिति । शोकादावपि तेषां मरणं इव विशुद्धचित्तस्य ।

**શ્લોકાર્થ—** વિદ્વાન પુરુષોએ આ પ્રવ્રજ્યાને સર્વ પ્રકારે સર્વ પાપવાળા અનુષ્ઠાનોથી નિવૃત્તિરૂપ માની છે. તેથી માતા-પિતાને ઉદ્‌વેગ કરનારની દીક્ષા બિલકુલ યોગ્ય નથી. (૬)

**ટીકાર્થ— સર્વ પ્રકારે—** નિમિત્તભાવથી પણ. (અહીં ભાવાર્થ આ છે— મન-વચન-કાયાથી જાતે તો પાપ કરવું-કરાવવું-અનુમોદવું નહિ, કિંતુ પોતાનું નિમિત્ત પામીને બીજા પાપ કરે તેમ પણ ન કરવું. નિમિત્ત-ભાવથી પણ સર્વપાપથી નિવૃત્તિરૂપ દીક્ષા છે.)

**માતા-પિતાને ઉદ્વેગ કરનારની—** માતા- પિતાના ચિત્તસંતાપને કરનારની.

માતા-પિતાને પ્રતિબોધ પમાડ્યા વિના કે માતા-પિતાને પ્રતિબોધ પમાડવાના શાસ્ત્રમાં કહેલા ઉપાયોને કર્યા વિના, દીક્ષા માટે પ્રવૃત્ત થયેલાની દીક્ષા યોગ્ય થતી નથી. કારણ કે તે માતા-પિતાના સંતાપરક્ષણના ઉપાયમાં પ્રવૃત્ત ન થવાથી નિમિત્તભાવથી માતા-પિતાના ચિત્તસંતાપરૂપ પાપને કરે છે. માતા-પિતાના ચિત્તસંતા-પનો ત્યાગ કરવો જોઇએ. કહ્યું છે કે-"**માતા-પિતા કર્મની વિચિત્રતાથી પ્રતિબોધ ન પામ્યા હોય તો પ્રતિબોધ પમાડે.**" (પંચસૂત્ર બીજું સૂત્ર-૨)

## માતાપિતાને પ્રતિબોધ પમાડવાનો વિધિ

હે માતા-પિતા ! (૧) ઉભય લોકના ફળવાળું જીવન પ્રશંસનીય છે. (૨) તથા સામુદાયિકરૂપે કરેલાં શુભકાર્યો સમુદાયરૂપે ફળે છે. સમુદાયરૂપે (=ભેગા મળીને) કરેલાં કાર્યોથી જેમણે સમુદાયરૂપ કાર્યો કર્યા હોય તેમનો ફરી પણ (ભવાંતરમાં) યોગ=મેળાપ થાય. (૩) આપણા બધાનો ભવપરંપરાથી ઘણા દીર્ઘકાળનો વિયોગ થશે. (૪) સમુદાયિકરૂપે શુભકાર્યો ન કરવામાં આવે તો આપણી આ પ્રવૃત્તિ એક વૃક્ષ ઉપર રહેનારા પક્ષીઓની તુલ્ય થાય છે. કહ્યું છે કે-"**જેવી રીતે (રાતે) નિવાસ કરવાના વૃક્ષ ઉપર આવીને પક્ષીઓ (સવાર થતાં) જતા રહે છે=છૂટા પડી જાય છે, તે રીતે જીવોનો સંયોગ અંતે વિયોગવાળો છે.**" (૫) આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે- સ્વચ્છંદી મૃત્યુને આવતું રોકી શકાતું નથી, અને આયુષ્ય અલ્પ હોવાથી મૃત્યુ અત્યંત નજીક છે. (૬) સમુદ્રમાં પડેલ રત્નની જેમ મનુષ્યભવ અતિશય દુર્લભ છે. (૭) કારણ કે મનુષ્ય ભવ સિવાય પૃથ્વીકાયાદિના ભવો કાયસ્થિતિની અપેક્ષાએ ઘણા છે. કહ્યું છે કે-"**પૃથ્વીકાય વગેરે ચાર એકેંદ્રિયોની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી છે, અને વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવી.**"

આ ભવો બહુ દુઃખવાળા=પ્રબળ અશાતાવેદનીયના ઉદયવાળા, મોહના પ્રબળ ઉદયના કારણે મોહરૂપ અંધકારવાળા, સ્વભાવથી અશુભ પ્રવૃત્તિનું કારણ હોવાથી પાપના અનુબંધવાળા છે. એથી જ ચારિત્રધર્મ માટે અયોગ્ય છે. (૮) ભવરૂપ સમુદ્રમાં વહાણ સમાન આ મનુષ્યભવ'ચારિત્ર માટે યોગ્ય છે. કારણ કે મનુષ્યભવ ભવરૂપ સમુદ્રના પારને પમાડે છે. આથી મનુષ્યભવને સ્વકાર્ય ધર્મમાં જોડવો (=ઉપયોગ કરવો) એ યોગ્ય છે. મનુષ્યભવને ધર્મમાં કેવી રીતે જોડવો તે કહે છે-સંવરથી જેના જીવહિંસા વગેરે છિદ્રો પૂરાઇ ગયા છે, વારંવાર જ્ઞાનનો ઉપયોગ કરવાના કારણે જ્ઞાન જેનો સુકાની છે, અનશન વગેરે તપનું સેવન કરવાના કારણે તપરૂપ પવન જેનો સહાયક છે, તેવા મનુષ્ય ભવરૂપ વહાણનો ચારિત્રધર્મરૂપ સ્વકાર્યમાં ઉપયોગ કરવો જોઇએ. (૯) કારણ કે મનુષ્યભવરૂપ આ અવસર દુર્લભ છે, અને સિદ્ધિસાધક ધર્મનું સાધન હોવાથી અનુપમ છે. (૧૦) સિદ્ધિ

(=મોક્ષ) જ સર્વજીવોને આદરવા લાયક છે. કારણ કે સિદ્ધિમાં જન્મ, જરા, મરણ, ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ક્ષુધા, પિપાસા, કે બીજા પણ ઠંડી-ગરમી વગેરે દુ:ખો નથી. જન્મ=ઉત્પત્તિ, જરા=ઉંમરની હાનિ, અર્થાત્ વૃદ્ધાવસ્થા, મરણ=પ્રાણનો ત્યાગ. કોઇ વસ્તુ ઇષ્ટ ન હોવાથી ઇષ્ટનો વિયોગ નથી, કોઇ વસ્તુ અનિષ્ટ ન હોવાથી અનિષ્ટનો સંયોગ નથી. ક્ષુધા=ખાવાની ઇચ્છા. પિપાસા=પીવાની ઇચ્છા. સિદ્ધિમાં જીવો સર્વથા પરતંત્રતાથી રહિત રહે છે. સિદ્ધિમાં જીવો અશુભરાગાદિથી રહિત શાંત, શિવ અને અવ્યાબાધ હોય છે. શક્તિથી ક્રોધાદિ ન હોવાથી શાંત, કોઇ ઉપદ્રવો ન હોવાથી શિવ અને કોઇ ક્રિયા ન હોવાથી અવ્યાબાધ હોય છે.

(૧૧) સંસાર જન્મ આદિના સ્વરૂપવાળો હોવાથી સિદ્ધિથી વિપરીત છે=સર્વ ઉપદ્રવોનું સ્થાન છે. કહ્યું છે કે-**"વૃદ્ધાવસ્થા, મરણ, દરિદ્રતા અને રોગો દૂર રહો, ફરી ફરી જન્મવું પણ વીરપુરુષને શરમ ઉત્પન્ન કરે છે. એમ હું માનુ છું."** આથી જ ગ્રંથકાર કહે છે કે-સંસાર અસ્થિર સ્વભાવવાળો છે. આ સંસારમાં પર્યાયથી=પર્યાય બદલાતાં સુખી પણ દુ:ખી બને છે, અને પર્યાયથી જ વિદ્યમાન પણ વસ્તુ અવિદ્યમાન બને છે. બધી જંજાળ સ્થિર ન હોવાથી સ્વપ્નતુલ્ય છે. (૧૨) આથી સંસારના રાગથી સર્યું. (૧૩) મારા ઉપર અનુગ્રહ કરો. (૧૪) કેવી રીતે મારા ઉપર અનુગ્રહ કરો તે કહે છે-આ સંસારનો નાશ કરવા તમે પ્રયત્ન કરો. (૧૫) હું પણ તમારી અનુમતિથી સંસારનો નાશ કરું. (૧૬) હું શા માટે સંસારનો નાશ કરું તે કહે છે-હું સંસારમાં આવનારા જન્મ-મરણથી કંટાળી ગયો છું. (૧૭) માતા-પિતા આદિ ગુરુઓના પ્રભાવથી સંસારનાશરૂપ મારું વાંછિત સિદ્ધ થશે. (૧૮) આ પ્રમાણે પત્ની વગેરે બીજાઓને પણ ઉચિત વચનો કહીને પ્રતિબોધ પમાડે. (૧૯) પછી માતા-પિતાદિની સાથે ચારિત્રધર્મનું પાલન કરે. (૨૦) ઉચિત કર્તવ્યને કરે. કેવી રીતે કરે તે કહે છે-સદા આલોક-પરલોકની આશંસાથી રહિત બનીને કરે. (૨૧) આ પ્રમાણે વીતરાગનું વચન છે.

### માતા પિતાની આજીવિકાની વ્યવસ્થા કરીને દીક્ષા લે.

તેવા કર્મપરિણામના કારણે માતાપિતાદિ પ્રતિબોધ ન પામે તો સ્વશક્તિ અને સ્વબુદ્ધિ પ્રમાણે આય-ઉપાયથી શુદ્ધ એવું નિર્વાહનું ધનસમૂહ[1] વગેરે સાધન કરી આપવું.

**આય—** તેનાથી (=દીક્ષાર્થીથી) જે અન્ય માણસ તેનાથી ધનસમૂહ વગેરેની ઉત્પત્તિને આય કહેવાય. (જેમકે-અન્ય ઉદાર માણસ તેના મા-બાપના જીવન નિર્વાહ માટે લાખ-બે લાખ રૂપિયા આપે.)

**ઉપાય—** પોતાની પાસે રહેલી મૂડી વગેરેથી વ્યાજ વગેરેની આવક તે ઉપાય છે. કારણ કે આ કૃતજ્ઞતા જ છે, લોકમાં શાસન પ્રભાવનાનું કારણ એવી કરુણા છે. ત્યાર બાદ માતા-પિતા આદિથી રજા અપાયેલો તે ચારિત્રધર્મનો સ્વીકાર કરે.

### માતાપિતા રજા ન આપે તો માયા-કપટ કરીને દીક્ષા લે.

આ પ્રમાણે નિર્વાહનું સાધન કરવા છતાં અનુજ્ઞા ન આપે તો અંદરથી કપટભાવ વિના પણ બહારથી માયાવી બને. કહ્યું છે કે-**"ભાવથી માયારહિત જ તે જ્યાં ક્યાંક સ્વ-પરના અનુબંધવાળા હિતનો ઉદય**

૧. ટીકામાં રહેલા **कारणे कार्योपचारात्** એ પદોનો અર્થ આ પ્રમાણે છે-પરોપતાપ નિવારણ કાર્ય છે, અને ધનસમૂહ તેનું કારણ છે. ધનસમૂહ કારણમાં પરોપતાપ નિવારણરૂપ કાર્યનો ઉપચાર કરવાથી ધનસમૂહને પણ પરોપતાપ નિવારણ કહેવાય.

**(=ચઢતી) જુએ ત્યાં (દેખાવથી) માયાવી થાય.''** કારણ કે આ પ્રમાણે ધર્મની આરાધના જ સર્વ જીવોને હિતકર છે. કપટથી તે તે રીતે દુઃસ્વપ્ન (મને ખરાબ સ્વપ્ન આવ્યું હોવાથી મારું મૃત્યુ નજીક છે.) [1]આદિ કહીને રજા મેળવીને ધર્મારાધના પ્રાપ્ત કરે.

**માતા-પિતા કોઇપણ રીતે રજા ન આપે તો રજા વિના પણ દીક્ષા લે.**

આમ કરવા છતાં કોઇપણ રીતે રજા નહિ આપતા માતા-પિતાદિનો અસ્થાને રહેલા ગ્લાનને ઓષધ લેવા જવા માટે છોડવાના દૃષ્ટાંતથી ત્યાગ કરે.

## ગ્લાન ઓષધનું દૃષ્ટાંત

તે દૃષ્ટાંત આ પ્રમાણે છે-[2]માતા-પિતા પ્રત્યે રાગવાળો કોઇ પુરુષ કોઇ કારણસર માતા-પિતા સાથે જંગલમાં ગયો હોય, ત્યાં માતા-પિતાને જલદી અવશ્ય મરણ નિપજાવનાર મહાન રોગ થાય, તે રોગ માત્ર તે પુરુષથી દૂર કરી શકાય તેવો ન હોય, કિંતુ ઔષધિથી કદાચ દૂર થાય તેવો હોય, આ વખતે ઓષધ વિના માતા-પિતા અવશ્ય જીવી શકે તેમ નથી, ઔષધથી કદાચ બચી જાય. થોડો સમય ઓષધ વિના પણ જીવી શકે તેમ છે એમ વિચારીને તે પુરુષ માતા-પિતા પ્રત્યેના રાગથી ભોજન-આચ્છાદન આદિની સારી રીતે વ્યવસ્થા કરીને, માતા-પિતાને ત્યાં મૂકીને માતા-પિતાના રોગનું ઔષધ લેવા જવા માટે અને પોતાની આજીવિકા નિમિત્તે માતા-પિતાનો ત્યાગ કરે તો તે પુરુષ સારો છે. કારણ કે ફરી સંયોગ થવાનો હોવાથી પરમાર્થથી આ ત્યાગ ત્યાગ નથી, કિંતુ ત્યાગ ન કરવો એ જ ત્યાગ છે. કારણ કે મૃત્યુ થવાથી વિયોગ થાય. અહીં પંડિતો ફલને પ્રધાન માને છે. ધીરપુરુષો નિપુણબુદ્ધિથી ફલને જુએ છે. તે પુરુષ ઓષધ મેળવીને માતા-પિતાને જીવાડે એવો સંભવ હોવાથી આ પ્રમાણે ત્યાગ કરવો એ પુરુષને ઉચિત છે.

## દૃષ્ટાંતનો ઉપનય

આ પ્રમાણે માતા-પિતા પ્રત્યે ધર્મના રાગવાળો શુક્લપાક્ષિક મહાપુરુષ માતા-પિતા સાથે સંસારરૂપ જંગલમાં જાય, માતા-પિતાને સંસારરૂપ જંગલમાં નિયમા વિનાશ કરનાર, બોધિબીજ આદિથી રહિત સામાન્ય પુરુષથી દૂર ન કરી શકાય તેવો, મરણાદિ વિપાકવાળો, ક્લિષ્ટ કર્મરૂપ રોગ થાય અને કદાચ સમ્યક્ત્વાદિરૂપ ઔષધિથી એ રોગ દૂર થાય તેવો હોય, આ વખતે ધર્મરાગથી તે મહાપુરુષ આ પ્રમાણે વિચારે-સમ્યક્ત્વાદિરૂપ ઔષધ વિના માતા-પિતાદિ અવશ્ય વિનાશ પામશે. સમ્યક્ત્વાદિ ઔષધથી કદાચ બચી જાય, થોડો સમય જીવી શકે તેવા છે. આમ વિચારીને માતા-પિતાને સંતોષ થાય તે રીતે તેમની આ લોકની ચિંતા કરીને (=નિર્વાહનું

૧. માયાથી દુષ્ટ સ્વપ્ન વગેરે કહેવું. એટલે કે ગધેડા-ઊંટ-પાડા-વગેરે ઉપર બેઠેલો હતો વગેરે અનિષ્ટ સૂચક દૃશ્ય મેં સ્વપ્નમાં જોયું. તથા મેં મારી બે આંખોની મધ્યનો ભાગ જોયો, દેવીઓનું ટોળું જોયું. વગેરે મનુષ્યથી ન દેખી શકાય તેવું વિપરીત દેખાણું, ઇત્યાદિ કપટથી (હવે મારું આયુષ્ય અલ્પ છે વગેરે) માતાપિતાને જણાવવું. વળી પ્રકૃતિ વિપરીત કરવી, અર્થાત્ બહારથી મરણનાં ચિહ્નો બતાવવાં. આ બધું કરવાથી ''હવે આનું મરણ નજીકમાં છે.'' એમ સમજીને માતા-પિતા વગેરે રજા આપે. છતાં રજા ન આપે તો જ્યોતિષીઓ દ્વારા ''આવી અમુક ચેષ્ટાઓ થાય ત્યારે મરણ નજીકમાં થાય.'' એમ વિપરીત ચેષ્ટાઓનાં ફળો જણાવવાં.

૨. અહીં માતા-પિતાનો ઉલ્લેખ પત્ની આદિના ઉપલક્ષણરૂપ છે. તેથી પત્ની વગેરે પણ સમજવું.

સાધન કરીને) વિશિષ્ટ ગુરુ આદિનો યોગ થવાના કારણે ધર્મકથા વગેરે થવા દ્વારા માતા-પિતાના સમ્યક્ત્વાદિ-રૂપ ઔષધ માટે અને કરવા યોગ્ય કાર્ય કરવાના હેતુથી (સંયમરૂપ) સ્વવૃત્તિ માટે સંયમનો સ્વીકાર કરીને માતા-પિતાનો ત્યાગ કરનાર સિદ્ધિપ્રાપ્તિની અપેક્ષાએ (=પરિણામે) સારો છે.

**શુક્લપાક્ષિક**— જેનો સંસારકાળ અલ્પ હોય તે જીવ શુક્લપાક્ષિક છે. કહ્યું છે કે-**"જે જીવોનો સંસારકાળ કાંઇક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો બાકી છે તે જીવો શુક્લપાક્ષિક છે. જે જીવોનો સંસાર-કાળ તેનાથી અધિક છે તે જીવો કૃષ્ણપાક્ષિક છે.'**[1]

"થોડો સમય જીવી શકે તેવા છે." એમ જે કહ્યું તે વ્યવહારથી સમજવું. નિશ્ચયથી તો થોડો પણ સમય જીવવાનો ભરોસો નથી. કહ્યું છે કે-**"આયુષ્ય ઘણા ઉપસર્ગોવાળું છે અને પવનથી હણાયેલા પાણીના પરપોટાથી પણ અધિક અનિત્ય છે, આવા આયુષ્યમાં જીવ ઉચ્છ્વાસ લઇને નિશ્વાસ લે છે અને સૂતેલો જાગે છે તે આશ્ચર્ય છે."**

જેમ રસ્તામાં બિમાર થયેલા માતા-પિતાના ઔષધ આદિ માટે જનારનો માતા-પિતાનો ત્યાગ પરમાર્થથી અત્યાગ જ છે. એ પ્રમાણે માતા-પિતાના, પોતાના અને બીજાઓના ઉપકાર માટે દીક્ષા લેનારનો માતા-પિતા આદિનો ત્યાગ પરમાર્થથી અત્યાગ જ છે. એ પ્રમાણે દૃષ્ટાંતની ભાવના છે. આથી જ—

**"દીક્ષા માટે તૈયાર થયેલો પાલક (=માતા-પિતા આદિનું પાલન કરનાર) જીવ સ્વજનોને છોડીને દીક્ષા લે તો દુ:ખી થયેલા સ્વજનો શોક, આક્રન્દન, વિલાપ, તાડન વગેરે જે કરે અને શીલખંડન આદિ જે અકાર્ય કરે, તે બધા દોષો સ્વજનોને છોડીને દીક્ષા લેનારા પાલકને લાગે."** (પંચવસ્તુક-૮૦)

ઇત્યાદિ આક્ષેપ કરીને આ પ્રમાણે (=હવે કહેવાશે તે પ્રમાણે) આક્ષેપનો પરિહાર કર્યો છે—

**"સ્વજનત્યાગ અલ્પ પાપહેતુ છે એનો અમે (ગાથા-૮૩માં) સ્વીકાર કર્યો છે. પણ એટલું ખ્યાલ રાખવું કે અવિધિથી કરેલો સ્વજનત્યાગ પાપહેતુ છે, વિધિથી કરેલો સ્વજનત્યાગ પાપહેતુ નથી. જો એમ ન માનવામાં આવે તો રાગાદિથી રહિત પુરુષનું મરણ થતાં સ્વજનો શોક વગેરે જે કરે તેનું પણ પાપ મરનારને લાગે. રાગાદિરહિત પુરુષનું મરણ થતાં સ્વજનો શોક વગેરે જે કરે તેનું પાપ મરનારને ન લાગે એમ તો તમે પણ માનો જ છો. એટલે જેમ રાગાદિથી રહિત પુરુષનું મરણ થતાં સ્વજનાદિના શોક વગેરેનું પાપ મરનારને ન લાગે, તેમ વિધિથી દીક્ષા લેનારને સ્વજનાદિના શોક વગેરેનું પાપ ન લાગે."** (પંચવસ્તુક-૯૦)

ક્યાંક **सर्वपापनिवृत्तिर्यद्** એ પાઠના સ્થાને **सर्वपापनिवृत्तिर्या** એવો પાઠ વાંચવામાં આવે છે. એ પાઠમાં વ્યાખ્યા આ પ્રમાણે છે— "બીજી જે સર્વ પ્રકારે સર્વપાપથી નિવૃત્તિ છે એ વિદ્વાન પુરુષોને ઇષ્ટ છે. તેથી માતા-પિતાને ઉદ્વેગ કરનારની આ (=સર્વપાપનિવૃત્તિ) બિલકુલ યોગ્ય થતી નથી." (૬)

**कस्मादेवमित्याह—**

**प्रारम्भमङ्गलं ह्यस्या, गुरुशुश्रूषणं परम् ।**
**एतौ धर्मप्रवृत्तानां, नृणां पूजास्पदं महत् ॥७॥**

---

૧. સ્થાનાંગ સૂત્ર પહેલા સ્થાનની ટીકા તથા યોગબિંદુ ગાથા ૭૨ વગેરેના આધારે.

वृत्तिः— 'प्रारम्भमङ्गलं' आदिमङ्गलम्, 'हि' यस्मात्, 'अस्याः' प्रव्रज्यायाः, 'गुरुशुश्रूषणं' मातापितृपरिचरणम्, 'परं' प्रकृष्टं भावमङ्गलमित्यर्थः, प्रारम्भमङ्गलता एवास्य कुत इत्याह- 'एतौ' गुरू, 'धर्मप्रवृत्तानां' मोक्षहेतुसदनुष्ठानसमुपस्थितानाम्, 'नृणां' पुंसाम्, नृग्रहणं च प्रधानतया तेषां, न तु तदन्यव्यवच्छेदार्थम्, 'पूजास्पदं' अर्हणास्पदम्, 'महत्' गुरुकम् । यदाह- मातापितृपूजा । आमुष्मिकयोगकारणम् । तदनुज्ञया प्रवृत्तिः । प्रधानाभिनवोपनयनम् । तद्भोगेभोगोऽन्यत्र तदनुचितादिति ॥७॥

આ પ્રમાણે શાથી છે તે કહે છે—

**શ્લોકાર્થ—** માતા-પિતાની સેવા દીક્ષાનું આદિ ભાવમંગલ છે. કારણ કે ધર્મમાં પ્રવૃત્ત મનુષ્યોનું માતા-પિતા મહાન પૂજાસ્થાન છે. (૭)

**ટીકાર્થ— ધર્મમાં પ્રવૃત્ત મનુષ્યોનું—** ધર્મમાં પ્રવૃત્ત એટલે મોક્ષનું કારણ એવા સદ્અનુષ્ઠાનની પાસે આવેલ, અર્થાત્ સદ્ અનુષ્ઠાન કરવા માટે તૈયાર થયેલ. અહીં મનુષ્યનું જે ગ્રહણ કર્યું તે (ધર્મમાં) મનુષ્યોની પ્રધાનતા હોવાથી ગ્રહણ કર્યું છે, નહિ કે તેનાથી અન્યનો વ્યવચ્છેદ કરવા માટે.

માતા-પિતા મહાન પૂજાસ્થાન છે એ વિષે કહ્યું છે કે-**"માતા-પિતાની પૂજા કરવી. (ધર્મબિંદુ ૧-૩૧) માતા-પિતાને પ્રેરણા કરીને પરલોકના હિત માટે દેવપૂજા વગેરે ધર્મનાં કાર્યોમાં જોડવા. જેમકે-તેમને કહેવું કે હવે પછી આપે કુટુંબનાં કાર્યોમાં જરાપણ ઉત્સાહ ન રાખવો, કેવળ ધર્મકાર્યોમાં સતત પ્રતિબદ્ધ ચિત્તવાળા બનવું. આ લોક પરલોકનાં સઘળાં કાર્યો માતા-પિતાની સંમતિથી કરવાં. માતા-પિતાને પુષ્પ-ફલ-વસ્ત્ર વગેરે વસ્તુઓ વર્ણ-ગંધ આદિથી સારભૂત હોય તેવી ઉત્તમ અને તત્કાલ બની હોય તેવી નવી આપવી. ભોજન વગેરે માતા-પિતાના કર્યા પછી પોતે કરવું. વ્રત વગેરે વિશેષ કારણથી માતા-પિતાને ભોજન વગેરે ન કરવું હોય તો જુદી વાત છે. તે સિવાય તો ભોજન વગેરે તેમના કર્યા પછી જ કરવું."** (ધર્મ બિંદુ-૧-૩૨) (૭)

पूजास्पदत्वमेव समर्थयन्नाह—

## स कृतज्ञः पुमान् लोके, स धर्मगुरुपूजकः ।
## स शुद्धधर्मभाक् चैव, य एतौ प्रतिपद्यते ॥८॥

वृत्तिः— 'स' इति य एतौ प्रतिपद्यते असावेव, 'कृतज्ञः' पितृकृतोपकारज्ञाता, 'पुमान्' नरः, 'लोके' लौकिकमार्गे, तथा 'स' एष (व) 'धर्मगुरोः' दीक्षाचार्यस्य 'पूजकः' पूजयिता 'धर्मगुरूपूजकः', भविष्यतीति गम्यते, नान्यः, यदाह-"उपकारीति पूज्यः स्याद् गुरू चाद्युपकारिणौ । तावप्यर्चयते यो न, स हि धर्मगुरुं कथम् ॥१॥" तथा 'स' इति स एव, 'शुद्धधर्मभाग्' निर्दोषकुशलधर्मभाजनं भवति, 'चशब्दः' समुच्चये, 'एवशब्दो'ऽवधारणे, तस्य च दर्शितः प्रयोगः, 'यः' पुमान्, 'एतौ' मातापितरौ, 'प्रतिपद्यते' सेवनतोऽङ्गीकरोति, दुष्प्रतिकारित्वात्तयोः । आह च- "दुष्प्रतिकारौ माता-पितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् । तत्र गुरुरिहामुत्र च, सुदुष्करतरप्रतीकारः ॥२॥" इति ॥८॥ ॥

॥ पञ्चविंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२५॥

**માતા-પિતા પૂજાનું સ્થાન છે એ વિષયનું સમર્થન કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે મનુષ્ય સેવા કરવાની અપેક્ષાએ માતા-પિતાને સ્વીકારે છે, અર્થાત્ માતા-પિતાની સેવા કરે છે, તે જ લોકમાં કૃતજ્ઞ છે, તે જ ધર્મગુરુનો પૂજક બનશે, તે જ નિર્દોષ કુશળ ધર્મનું ભાજન બને છે.

**ટીકાર્થ— કૃતજ્ઞ—** માતા-પિતાએ કરેલા ઉપકારને જાણનાર.

**ધર્મગુરુનો પૂજક બનશે**-ધર્મગુરુનો એટલે દીક્ષાચાર્યનો-દીક્ષાદાતા આચાર્યનો.

અહીં બનશે એવા પ્રયોગનો ભાવ એ છે કે-હમણાં સંસારમાં રહેલ જે જીવ માતા-પિતાની સેવા કરે છે તે જ દીક્ષા લીધા પછી દીક્ષાચાર્યનો પૂજક બનશે, અન્ય નહિ. કહ્યું છે કે-"ઉપકારી છે એ અપેક્ષાએ પૂજ્ય થાય માતા-પિતા આદિ (=સર્વ પ્રથમ) ઉપકારી છે. આવા માતા-પિતાની પણ જે પૂજા-સેવા કરતો નથી તે ધર્મગુરુની પૂજા કેવી રીતે કરે ?"

માતા-પિતાના ઉપકારનો બદલો વાળવો કઠીન છે. કહ્યું છે કે-"**માતા-પિતા, રાજા વગેરે સ્વામી અને ગુરુના ઉપકારનો બદલો વાળવો કઠીન છે. તેમાં પણ ગુરુના ઉપકારનો બદલો વાળવો તો આ લોકમાં અને પરલોકમાં પણ અત્યંત કઠીન છે.**" (પ્રશમરતિ-૭૧) (૮)

## પુણ્યાનુબંધી પુણ્ય પ્રધાનફલ નામના પચીસમા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥२६॥ अथ षड्विंशतितमं तीर्थकृद्दानमहत्त्वसिद्ध्यष्टकम् ॥

**प्रकर्षवत: पुण्यानुबन्धिपुण्यस्य तीर्थकरत्वफलमुक्तम्, तीर्थकरस्य च पुण्यप्रकर्षरूपत्वेन जगद्गुरुत्वाद् दानेन महता भाव्यम्, सङ्ख्यावच्च तत्तस्य श्रूयत इति कथं तद्दानस्य महत्त्वमित्यधुनोपदर्शयन्नाह—**

**जगद्गुरोर्महादानं, सङ्ख्यावच्चेत्यसङ्गतम् ।**
**शतानि त्रीणि कोटीनां, सूत्रमित्यादि चोदितम् ॥१॥**

वृत्ति:— 'जगद्गुरो:' भुवनभर्तुर्जिनस्य, 'महादानं' अतिशायिवितरणं वरवरिकारूपम्, 'सङ्ख्यावच्च' परिगणितम्, 'चशब्द:' समुच्चये, 'इति' एतत्, 'असङ्गतम्' विरुद्धम्, तथाहि- महादानं चेत्सङ्ख्यावत् कथम्, सङ्ख्यावच्चेन्महादानं कथमिति, सङ्ख्यावत्त्वं तस्य कथं सिद्धमित्यारेकायामाह- यत: 'शतेत्यादि', इह च 'शतानि त्रीणि कोटीनां' इत्यत: परं 'इत्यादि' इति पदं द्रष्टव्यम्, ततश्च 'शतानि त्रीणि कोटीनामित्यादि' एवंप्रभृति, आदिशब्दात् 'अट्ठासीइं च होंति कोडीओ' (अष्टाशीतिश्च भवन्ति कोटय:) इत्यादे: परिग्रह: । 'सूत्रं' अर्थसूचनपरं वचनम्, 'चोदितं' उदितम्, तच्चेदम्-"तिन्नेव य

कोडिसया, अट्ठासीइं च होंति कोडीओ । असीइं च सयसहस्सा, एयं संवच्छरे दिन्नम्[२८] ॥१॥'' पाठान्तरेण 'शास्त्र इत्यादि चोदितम्' इति, तत्र 'शास्त्रे' आगमे, शेषं तथैवेति परवच इति ॥१॥

## છવીસમું તીર્થકૃત્ દાનમહત્ત્વ સિદ્ધિ અષ્ટક

(જૈનો જૈન તીર્થના પ્રવર્તકને તીર્થકૃત્ કે તીર્થંકર કહે છે. બૌદ્ધો બૌદ્ધ દર્શનના પ્રવર્તકને બોધિસત્ત્વ કહે છે. જેમ તીર્થંકરો દીક્ષા લેતાં પહેલાં અનુકંપાદાન આપે છે, તેમ બોધિસત્ત્વો પણ આપે છે. તીર્થંકર અને બોધિસત્ત્વ એ બેમાંથી કોનું દાન મહાન છે તેની વિચારણા આ અષ્ટકમાં કરવામાં આવી છે. તેમાં તીર્થંકરનું દાન જ મહાદાન છે એમ સિદ્ધ કર્યું છે.)

**પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યનું ફલ તીર્થંકરપદ છે એમ કહ્યું. તીર્થંકર પ્રકૃષ્ટપુણ્યસ્વરૂપ હોવાથી જગતના ગુરુ છે. તીર્થંકર જગત્ગુરુ હોવાના કારણે તેનું દાન મહાન હોવું જોઇએ. તેનું દાન સંખ્યાવાળું (=ગણેલું) સંભળાય છે. આથી હવે તેનું દાન મહાન કેમ છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જગત્ગુરુ જિનનું દાન મહાદાન છે અને સંખ્યાવાળું (=ગણતરી કરેલું) છે એ અસંગત છે. **शतानि त्रीणि कोटिनां** (ત્રણસો ક્રોડ) ઇત્યાદિ સૂત્ર કહ્યું છે. (૧)

**ટીકાર્થ— મહાદાન—** જેને જે જોઇએ તે માંગો એવી ઉદ્‌ઘોષણાવાળું ઘણું દાન.

**અસંગત છે—** વિરુદ્ધ છે. તે આ પ્રમાણે-જો મહાદાન છે તો સંખ્યાવાળું કેવી રીતે ? અને જો સંખ્યાવાળું છે તો મહાદાન કેવી રીતે ?

**ઇત્યાદિ સૂત્ર કહ્યું છે—** સૂત્ર એટલે અર્થનું સૂચન કરવામાં તત્પર વચન. સંપૂર્ણ સૂત્ર આ પ્રમાણે છે- **''પ્રભુએ દીક્ષા લેતા પહેલાં એક વર્ષમાં ૩૮૮ ક્રોડ ૮૦ લાખ જેટલું સુવર્ણનું દાન આપ્યું.'' (આવશ્યક સૂત્ર-૨૨૦)**

અહીં **सूत्रमित्यादि** એ પાઠના સ્થાને **शास्त्र इत्यादि** એવો પાઠાંતર છે. એ પાઠમાં શાસ્ત્રમાં એટલે આગમમાં. બાકીનો અર્થ પૂર્વ પ્રમાણે જ છે. આ શ્લોકમાં જગત્ગુરુ જિનનું દાન મહાદાન છે અને સંખ્યાવાળું છે એ અસંગત છે એમ જે કહ્યું છે તે પરવચન છે, અર્થાત્ બીજાઓ આમ કહે છે. (૧)

**एवं जिनस्य महादानविरुद्धतामभिधाय बुद्धस्य महादानसाङ्गत्यमभिधातुं पर एवाह—**

**अन्यैस्त्वसङ्ख्यमन्येषां, स्वतन्त्रेषूपवर्ण्यते ।**
**तत्तदेवेह तद्युक्तं, महच्छब्दोपपत्तितः ॥२॥**

**वृत्तिः— 'अन्यैस्तु' अपरैः पुनर्जैनापेक्षया बौद्धैः, 'असङ्ख्यं' अविद्यमानपरिमाणम्, 'अन्येषां' जिनादपरेषां बोधिसत्त्वानाम्, 'स्वतन्त्रेषु' स्वकीयशास्त्रेषु, 'उपवर्ण्यते' प्रतिपाद्यते । तद्यथा- ''एते हाटकराशयः प्रविततताः शैलप्रतिस्पर्धिनो, रत्नानां निचयाः स्फुरन्ति किरणैराक्रम्य भानोः प्रभाम् ॥ हाराः पीवरमौक्तिकौघरचितास्तारावलीभासुरा, यानादाय निजानिव स्वगृहतः स्वैरं जनो गच्छति ॥१॥'' 'तत्'**

२८. त्रीण्येव च कोटिशतानि अष्टाशीतिश्च भवन्ति कोटयः । अशीतिश्च शतसहस्राणि एतत् संवत्सरे दत्तम् ॥१॥

इति तस्मात् 'तदेव' बुद्धदानमसङ्ख्यातमेव, 'इह' दानविचारे, 'तत्' इति महादानम्, 'युक्तं' सङ्गतम्, कुत इत्याह- 'महच्छब्दोपपत्तितः' महदृध्वनेस्तत्रैव बुद्धदान उपपद्यमानत्वात्, सङ्ख्यातदानापेक्षया असङ्ख्यातदानस्यानुपचरितमहत्त्वसिद्धेरिति ।।२।।

**આ પ્રમાણે જિનના મહાદાનનું વિરુદ્ધપણું (=વિરોધ) કહીને બુદ્ધના મહાદાનની સંગતિને કહેવા માટે અન્ય કહે છે—**

**શ્લોકાર્થ—** બીજાઓ બીજાઓનું દાન અસંખ્ય છે એમ પોતાના શાસ્ત્રોમાં પ્રતિપાદન કરે છે. તેથી અહીં બુદ્ધનું અસંખ્યાત દાન જ મહાદાન તરીકે સંગત છે. કારણ કે મહત્ (=મહા) શબ્દ અસંખ્યાત દાનમાં જ ઘટે છે. (૨)

**ટીકાર્થ— બીજાઓ=**બૌદ્ધો.

**બીજાઓનું—** મહાસત્ત્વોનું.

**અસંખ્ય—** પરિમાણથી રહિત.

મહાસત્ત્વોનું દાન અસંખ્ય છે એમ બૌદ્ધો પોતાના શાસ્ત્રોમાં પ્રતિપાદન કરે છે. તે આ પ્રમાણે- **"ફેલાયેલા અને પર્વતની સ્પર્ધા કરનારા આ સુવર્ણના ઢગલા છે. આ રત્નના સમૂહો સૂર્યની પ્રભાનો પરાભવ કરીને (=ઝાંખી કરીને) પ્રકાશે છે. મોટા મોતીઓના સમૂહથી રચેલા અને તારાઓની શ્રેણિ જેવા દેદીપ્યમાન આ હારો છે, કે જેમને ઇચ્છા પ્રમાણે લઇને લોક જાણે પોતાના ઘરમાંથી પોતાના લઇને જતો હોય તેમ જાય છે."**

**અહીં—** દાનની વિચારણામાં.

**મહત્** (મહા) શબ્દ અસંખ્યાત દાનમાં જ ઘટે છે. કારણ કે સંખ્યાતદાનની અપેક્ષાએ અસંખ્યાતદાન ઉપચાર વિના (=પરમાર્થથી) મહાન તરીકે સિદ્ધ થાય છે. (૨)

**ततः किमित्यत आह—**

## ततो महानुभावत्वात्, तेषामेवेह युक्तिमत् ।
## जगद् गुरुत्वमखिलं, सर्वं हि महतां महत् ।।३।।

**वृत्तिः—** यतो बोधिसत्त्वानां महच्छब्दोपपत्तितो महादानं युक्तं 'ततः' तस्मान्महादानयोगात्, 'महानुभावत्वात्' अचिन्त्यशक्तियुक्तत्वात्, 'तेषामेव' बोधिसत्त्वानामेव, न जिनस्य, 'इह' अस्मिन् लोके, 'युक्तिमत्' सोपपत्तिकम्, किं तदित्याह- 'जगद्गुरुत्वं' भुवनभर्तृत्वम्, किम्भूतमित्याह- अविद्यमानं खिलं गुरुत्वाविषयो यत्र जगद्गुरुत्वे तत् 'अखिलं' सर्वव्यापकं सम्पूर्णमिति यावत्, कुत एतदेवमित्याह- 'सर्वं' निरवशेषं दानादिक्रियाजालम्, 'हि' यस्मात्, 'महतां' महासत्त्वानाम्, 'महत्' सातिशयं भवति, अतो महादानयोगात् एव महानुभावा जगद्गुरवश्च भवन्ति नान्य इति, इह च तेषामिति धर्मी, जगद्गुरुत्वं साध्यम्, महानुभावत्वं हेतुः, महतां महदिति च हेत्वसिद्धतापरिहार इति ।।३।।

**બોધિસત્ત્વોનું દાન મહાદાન છે તેથી શું ? એવો કોઇ પ્રશ્ન કરે, આથી ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** તેથી બોધિસત્ત્વોનું જ મહાનુભાવત્વ હોવાથી સંપૂર્ણ જગત્ગુરુપણું યુક્તિયુક્ત છે. કારણકે મોટાઓનું બધું જ મહાન હોય છે. (૩)

**ટીકાર્થ— તેથી—** બોધિસત્ત્વોના દાનમાં **महत्** (મહા) શબ્દ યુક્તિથી ઘટી શકતું હોવાથી બોધિસત્ત્વોનું દાન મહાદાન છે તેથી.

**મહાનુભાવત્વ—** અચિંત્યશક્તિથી યુક્તતા.

**બોધિસત્ત્વોનું જ મહાનુભાવત્વ હોવાથી** એટલે જિન નહિ, કિંતુ બોધિસત્ત્વો જ મહાનુભાવ=અચિંત્યશક્તિથી યુક્ત હોવાથી.

**મોટાઓનું—** મહાસત્ત્વોનું.

**બધું જ—** દાન આદિની ક્રિયા વગેરે બધું જ.

**મહાન—** વિશેષતાથી યુક્ત.

**ભાવાર્થ—** બોધિસત્ત્વોનું દાન મહાદાન હોવાથી બોધિસત્ત્વો જ મહાનુભાવ છે અને જગદ્ગુરુ છે, અન્ય નહિ. અહીં અનુમાન પ્રયોગમાં **तेषां** (=મહાસત્ત્વોનું) પદ ધર્મી છે. (=પક્ષ છે.) **जगद्गुरुत्वं** સાધ્ય છે. **महानुभावत्वं** હેતુ છે. **महतां महत्** એવા પ્રયોગથી હેતુની અસિદ્ધતાનો ત્યાગ કર્યો છે, અર્થાત્ પક્ષમાં હેતુ રહેલો છે એમ સિદ્ધ કર્યું છે. [1](અહીં બોધિસત્ત્વો મહાન તરીકે સિદ્ધ થયા છે. એટલે તેમનામાં **महत्त्व**=મહાનુભાવત્વ રહેલું છે.) (૩)

**पूर्वपक्षमुपसंहरन्नाह—**

## एवमाहेह सूत्रार्थं, न्यायतोऽनवधारयन् ।
## कश्चिन्मोहात्ततस्तस्य, न्यायलेशोऽत्र दर्श्यते ॥४॥

**वृत्तिः— 'एवं' अनन्तरोक्तप्रकारम्, 'आह' ब्रूते पूर्वपक्षवादी, 'इह' प्रक्रमे, 'सूत्रस्य' ''तिन्नेव य कोडिसया'' इत्यादेरागमस्य, 'अर्थः' अभिधेयः 'सूत्रार्थः', तमनवधारयन्निति योगः, किं सर्वथानवधारयन्, नेत्याह- 'न्यायतो' नीतिमाश्रित्यार्थापत्तिगम्यमर्थमित्यर्थः, 'अनवधारयन्' अनवबुध्यमानः, 'कश्चित्' इत्यसम्बद्धभाषित्वात् अनिर्देश्यनामा सौगत इति भावः । 'मोहात्' अज्ञानात्, यत एवं 'ततः' तस्मात्कारणात्, 'तस्य' मूढवादिनः, 'न्यायलेशो' युक्तिमात्रा, 'अत्र' दानव्यतिकरे, 'दर्श्यते' अभिधीयत इति ॥४॥**

**પૂર્વપક્ષનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પ્રસ્તુતમાં સૂત્રના અર્થને નીતિથી નહિ જાણતો કોઇક અજ્ઞાનતાથી આ પ્રમાણે કહે છે. તેથી

૧. ટીકામાં **अखिल** પદની વ્યુત્પત્તિમાં **खिल** એટલે **गुरुत्वाविषय**. જેમાં **खिल** વિદ્યમાન નથી, એટલે કે જેમાં **गुरुत्वाविषय** વિદ્યમાન નથી. **गुरुत्वाविषय** વિદ્યમાન નથી એનો અર્થ એ થયો કે **गुरुत्वविषय** વિદ્યમાન છે. જેમાં ગુરુત્વ વિષય વિદ્યમાન છે એવું **जगद्गुरुत्व** છે. આનો અર્થ સંપૂર્ણ જગત્ગુરુપણું એવો થાય.

તેને અહીં કંઇક યુક્તિ બતાવાય છે. (૪)

**ટીકાર્થ— સૂત્રના અર્થને = तिन्नेव य कोडिसया** ઇત્યાદિ આગમના અર્થને.

**નીતિથી—** નીતિને આશ્રયીને, અર્થાત્ અર્થાપત્તિથી જાણી શકાય તેવા અર્થને.

**કોઇક—** અસંબદ્ધ બોલનાર હોવાથી જેના નામનો નિર્દેશ ન કરી શકાય તેવો બૌદ્ધ.

**આ પ્રમાણે—** હમણાં (ત્રણ શ્લોકોમાં) કહ્યું તે પ્રમાણે.

**તેને—** મૂઢ વાદીને.

**અહીં—** દાનના સંબંધમાં. (૪)

**तत्प्रतिपादनायैवाह—**

**महादानं हि संख्याव-दर्थ्यभावाज्जगद्गुरोः ।**
**सिद्धं वरवरिकात-स्तस्याः सूत्रे विधानतः ॥५॥**

**वृत्तिः— 'महादानं' अतिशायिविश्राणनम्, 'हिशब्दो' दानमहत्त्वभावनार्थः, यत् 'संख्यावत्' विद्यमानपरिमाणम्, तत् 'अर्थ्यभावात्' प्रयोजनिनामविद्यमानत्वात्, न पुनरौदार्याभावात्, द्रव्याभावाद्वा, 'जगद्गुरोः' भुवननायकस्य जिनस्य, कुत एतदवगतमित्याह- 'सिद्धं' निर्णीतम्, वरं वृणुत वरं वृणुतेत्येवमाख्यानं वरवरिका तस्याः 'वरवरिकातः' हेतोः, न च तस्या अप्यसिद्धिरित्याह- 'तस्या' वरवरिकायाः, 'सूत्रे' निर्युक्तिरूपे आगमे, 'विधानतो' विहितत्वात्, तथाहि- ''सिंघाडगतियचउक्क-चच्चरचउम्मुहमहापहपहेसु । दारेसु पुरवराणं, रत्थामुहमज्झयारेसु ॥१॥ वरवरिया घोसिज्जइ, किमिच्छियं दिज्जए बहुविहीयं । सुरअसुरदेवदाणव-नरिंदमहियाण निक्खमणेत्ति[२१] ॥२॥'' ॥५॥**

**યુક્તિને જણાવવા માટે જ કહે છે—**

**શ્લોકાર્થ—** જગદ્ગુરુ જિનનું મહાદાન અર્થી ન હોવાથી સંખ્યાવાળું છે. આ વરવરિકાથી નિશ્ચિત થયું છે. કારણ કે વરવરિકાનું સૂત્રમાં વિધાન છે. (૫)

**ટીકાર્થ— અર્થી ન હોવાથી—** દાન લેનારા ન હોવાથી.

તીર્થંકરનું મહાદાન દાન લેનારા ન હોવાથી સંખ્યાવાળું છે, નહિ કે ઉદારતાના અભાવથી કે દ્રવ્યના અભાવથી.

**વરવરિકાથી—** જેની જે ઇચ્છા હોય તે માંગો, જેની જે ઇચ્છા હોય તે માગો, એવી ઉદ્‌ઘોષણાથી.

**સૂત્રમાં=**નિર્યુક્તિરૂપ આગમમાં.

---

२१. शृङ्गाटकत्रिकचतुष्कचत्वरचतुर्मुखमहापथपथेषु । द्वारेषु पुरवराणां रथ्यामुखमध्येषु ॥१॥ वरवरिका घोष्यते किमीप्सितं दीयते बहुविधिकं । सुरासुरदेवदानवनरेन्द्रमहितानां निष्क्रमणे ॥२॥ इति ॥

સૂત્રમાં વરવરિકાનું વિધાન આ પ્રમાણે છે-"ચારે પ્રકારના દેવોથી અને ઇંદ્રોથી તથા મનુષ્યોથી અને ચક્રવર્તીઓથી પૂજાયેલા તીર્થંકરોના દીક્ષા ગ્રહણમાં દીક્ષા પહેલાં એક વર્ષ સુધી શૃંગાટક △ ત્રિક ⊥ ચતુષ્ક + ચત્વર ✳ ચતુર્મુખ ╪ અને રાજમાર્ગ ▭ આ બધા માર્ગોમાં, મોટા શહરોના પ્રવેશ દ્વારોમાં, (रत्थामुह=) શેરીના મધ્યમ પ્રમાણના પ્રવેશદ્વારોમાં, વરવરિકાની ઘોષણા કરાય છે. જે જેને ઇચ્છે તેને તેનું દાન કરાય છે. આ દાન કોઇ એક જ વસ્તુનું નથી હોતું, કિંતુ મોતી વગેરે અનેક પ્રકારની વસ્તુઓનું હોય છે." (આવ. નિર્યુક્તિ ૨૧૮-૨૧૯) (૫)

**अथ वरवरिकया दीयमानमर्थ्यभावात्, तत्संख्यावदिति कुतः सिद्धमित्यत्राह—**

**तया सह कथं संख्या, युज्यते व्यभिचारतः ।**
**तस्माद् यथोदितार्थं तु, संख्याग्रहणमिष्यताम् ॥६॥**

**वृत्तिः— 'तया' वरवरिकया, 'सह' सार्धम्, 'कथं' केन प्रकारेण, न कथञ्चिदित्यर्थः, 'संख्या' परिमाणम्, 'युज्यते' सङ्गच्छते, कुत इत्याह- 'व्यभिचारतो' विसंवादात्, अर्थिसद्भावे सतीति गम्यम्, तथाहि- अर्थिनः प्रभूता महेच्छाश्च दानं वरवरिकया दीयत इति कथं तन्नियतसंख्यं भवितुमर्हति, यस्मादेवं 'तस्मात्' यथोदितार्थं 'तु' अनन्तरास्मदुक्तप्रयोजनमेव तथाविधार्थ्यभावप्रतिपादनार्थपरमेव, 'संख्याग्रहणं' ''तिन्नेव य कोडिसया'' इत्यादिदानसंख्याविधानम्, 'इष्यतां' अभ्युपगम्यतां, न पुनरौदार्याभावद्रव्याभावाभ्यामिति । ननु यदि तीर्थंकरानुभावादशेषदेहिनां संतोषभावादर्थ्यभावः स्यात्तदा संख्याकरणमप्ययुक्तम्, अल्पस्यापि दानस्यासम्भवादिति, अत्रोच्यते, देवताशेषाया इव संवत्सरमात्रेणाप्रभूतप्राणिग्राह्यत्वाद् युक्तमेव संख्यावत्त्वमिति, अनेन 'महादानं संख्यावच्चेत्यसङ्गतम्' इत्येतत्परवचो निरस्तमिति ॥६॥**

**હવે વરવરિકાથી અપાતું દાન અર્થી ન હોવાથી સંખ્યાવાળું છે એ શાથી નિશ્ચિત કરાયું એ વિષે કહે છે—**

**શ્લોકાર્થ—** વરવરિકાની સાથે પરિમાણ કેવી રીતે સંગત થાય ? અર્થાત્ કોઇ રીતે સંગત ન થાય. કારણકે વિસંવાદ થાય છે. તેથી સંખ્યાવિધાનને યથોદિત કારણવાળું સ્વીકારવું જોઇએ. (૬)

**ટીકાર્થ—** વરવરિકાની સાથે પરિમાણનો વિસંવાદ આ રીતે છે-જો અર્થીઓ ઘણા છે અને મોટી ઇચ્છાવાળા છે, તથા દાન વરવરિકાથી અપાય છે, તો દાન નિયત સંખ્યાવાળું કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. તેથી **तिन्नेव य कोडिसया** ઇત્યાદિ જે સંખ્યાનું વિધાન છે તે (યથોદિત કારણવાળું=) હમણાં જ અમે "તેવા પ્રકારના અર્થીઓનો અભાવ છે" એમ જે કારણ કહ્યું છે તે કારણવાળું છે, એમ સ્વીકારવું જોઇએ, અર્થાત્ તેવા પ્રકારના અર્થીઓ ન હોવાથી સંખ્યાવાળા (=પરિમાણવાળા) દાનનું વિધાન છે, નહિ કે ઉદારતાના અભાવથી કે દ્રવ્યના અભાવથી, એમ સ્વીકારવું જોઇએ.

**પૂર્વપક્ષ—** જો તીર્થંકરોના પ્રભાવથી સર્વજીવોને સંતોષ થવાથી અર્થીઓનો અભાવ હોય તો સંખ્યા કરવી યુક્ત નથી. કારણ કે અલ્પ પણ દાન ન થાય.

**ઉત્તરપક્ષ—** માત્ર એક વર્ષમાં બહુ જ થોડા જીવો દેવતાપ્રસાદીની જેમ (બહુ જ થોડું) દાન લેતા હોવાથી સંખ્યાવાળું દાન યુક્ત જ છે.

આ કહેવાથી ''મહાદાન અને સંખ્યાવાળું એ અસંગત છે.'' એવા પરવચનનું નિરાકરણ કર્યું. (૬)

**अथ यदुक्तं ततो महानुभावत्वादित्यादि तद् दूषयन्नाह—**

**महानुभावताप्येषा, तद्भावे न यदर्थिनः ।**
**विशिष्टसुखयुक्तत्वात्सन्ति प्रायेण देहिनः ॥७॥**

**वृत्तिः— 'महानुभावतापि' अतिशायिप्रभावतापि, न केवलं 'देहिनां' संतोषसंपत्संपादनेन संख्योपेतमेव 'दानं' महादानमित्यपिशब्दार्थः, 'एषा' एषैव वक्ष्यमाणस्वरूपा, न पुनर्देहिनामसंख्यातवित्तवितरणरूपा, तामेवाह- 'तद्भावे' जगद्गुरुसद्भावे, 'न' नैव, 'यत्' इति यदेतत्, 'अर्थिनः' तुच्छतया परप्रार्थनशीलाः सन्तीति सम्बन्धः, कुत इत्याह- 'विशिष्टसुखयुक्तत्वात्' अपेक्षया सातिशयानन्दसम्पदुपेतत्वात्, सुखं च संतोषो, यदाह- ''सज्जानं परमं मित्रमज्ञानं परमो रिपुः । संतोषः परमं सौख्य (स्थ्य) माकाङ्क्षा दुःखमुत्तमम् ॥१॥'' 'सन्ति' भवन्ति, 'प्रायेण' बाहुल्येन, अनेन च निरुपक्रमकर्मजनितधनादानवाञ्छास्तद्भावेऽप्यर्थिनः केचित्सम्भवन्तीत्यावेदयति, भवति चैवं । यतः, ''जगत्प्रिये सुरूपे च, शशिनो रश्मिमण्डले । सत्यप्यम्भोजिनीखण्डं, न विकासं प्रपद्यते ।'' अत एव संख्यातदानसंभवोऽन्यथा तदसम्भव एव स्यादिति, 'देहिनः' प्राणिनः, दृश्यन्ते च द्रव्याणां प्रभावविशेषाः, यतः ''समुद्गच्छत्यसौ कोपि, हेतुर्गगनमण्डले । यस्मात्प्रमुदितप्राणि, जायते जगतीतलम् ॥१॥'' तदेवमसंख्येयदानस्य महादानत्वाभावादसंख्येयदानदायिनां महानुभावत्वासिद्धेरसिद्धो हेतुरित्यभिहितम् ॥७॥**

**હવે ततो महाभावत्वाद् ઇત્યાદિ (ત્રીજા શ્લોકમાં) જે કહ્યું હતું તેને દૂષિત કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** તીર્થંકરોની મહાનુભાવતા પણ આ જ છે કે તેમની વિદ્યમાનતામાં પ્રાયઃ જીવો વિશિષ્ટ-સુખથી યુક્ત હોવાથી યાચક બનતા નથી. (૭)

**ટીકાર્થ— મહાનુભાવતા=**શ્રેષ્ઠ પ્રભાવ.

મહાનુભાવતા પણ એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે-જીવોને સંતોષરૂપ સંપત્તિ પ્રાપ્ત કરાવવાથી સંખ્યાવાળું જ દાન મહાદાન છે એટલું જ નહિ, કિંતુ મહાનુભાવતા પણ આ જ છે કે તેમની વિદ્યમાનતામાં પ્રાયઃ જીવો વિશિષ્ટ સુખથી યુક્ત હોવાથી અર્થી હોતા નથી. મહાનુભાવતા પણ આ જ છે, નહિ કે અસંખ્યાત ધન આપવારૂપ.

**વિશિષ્ટ સુખથી યુક્ત=**[1]અપેક્ષાએ શ્રેષ્ઠ આનંદરૂપ સંપત્તિથી યુક્ત. સંતોષ સુખ છે. એ અંગે કહ્યું છે

૧. અપેક્ષાએ એટલે તે તે જીવોની કક્ષા પ્રમાણે. જેમકે-મંદમિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ વધારે સંતોષી બને. સમ્યગ્દૃષ્ટિ જીવોમાં પણ સંતોષની તરતમતા હોય. જેમકે-કોઇ એક જીવની અપેક્ષાએ બીજો જીવ વધારે સંતોષી હોઇ શકે છે. આથી 'અપેક્ષાએ' એમ કહ્યું છે.

કે-**"સદ્‌જ્ઞાન પરમમિત્ર છે. અજ્ઞાન પરમ શત્રુ છે. સંતોષ પરમસુખ છે અને આકાંક્ષા (=ઇચ્છા) પરમ દુ:ખ છે."**

અહીં **'પ્રાય:'** શબ્દનો પ્રયોગ કરીને તીર્થંકરોની વિદ્યમાનતામાં પણ [1]નિરુપક્રમકર્મના કારણે ઉત્પન્ન થયેલી લેવાની ઇચ્છાવાળા પણ કોઇક અર્થીઓ સંભવે છે, એમ ગ્રંથકાર જણાવે છે. (**भवति चैवम्=**) અને આ હકીકત સંભવિત છે=અસંભવિત નથી. કારણ કે **"ચંદ્રનું જગતને પ્રિય અને સુંદર રૂપવાળું કિરણમંડલ હોવા છતાં કમલિનીવન વિકાસને પામતું નથી."** આથી જ સંખ્યાતદાનનો સંભવ છે. અન્યથા તેનો અસંભવ જ હોય.

તીર્થંકરોનો જ તેવો પ્રભાવ છે કે જેથી જીવો પ્રાય: સંતોષરૂપ સુખથી યુક્ત બને છે. દ્રવ્યોના વિશિષ્ટ પ્રભાવો જોવામાં આવે છે. કારણ કે **"ગગનમંડલમાં આ કોઇક હેતુ ઉદય પામે છે કે જેથી પૃથ્વીતળ આનંદિત પ્રાણીવાળું થાય છે, અર્થાત્ પૃથ્વીતલ ઉપર પ્રાણીઓ આનંદિત બને છે."**

આ પ્રમાણે અસંખ્યેયદાન મહાદાન નથી. આથી અસંખ્યેય દાન આપનારામાં મહાનુભાવત્વની સિદ્ધિ ન થવાથી (પૂર્વે ત્રીજી ગાથામાં આપેલ) મહાનુભાવત્વ હેતુ અસિદ્ધ છે એમ કહ્યું. (૭)

**तथा—**

## धर्मोद्यताश्च तद्योगात्, ते तदा तत्त्वदर्शिनः ।
## महन्महत्त्वमस्यैव-मयमेव जगद्गुरुः ॥८॥

**वृत्तिः— 'धर्मोद्यताश्च' कुशलानुष्ठाननिरताश्च भवन्ति न केवलमनर्थिन इति चशब्दार्थः, 'तद्योगात्' जगद्गुरुसम्बन्धात्, 'ते' देहिनः, 'तदा' तस्मिन् जगद्गुरुकाले, तथा 'तत्त्वदर्शिनो' भवन्ति, अथवा कुतस्ते धर्मोद्यता इत्याह- यतः 'तत्त्वदर्शिनः', तत्त्वं च 'क्लेशायासपराः प्रायः, प्राणिनां बाह्यसंपदः । एकान्तेनापरायत्तं, सुखं संतोष इष्यते ॥१॥' इत्यादिकम्, ततश्च किमित्याह- 'महद्' अतिशायि, 'महत्त्वं' माहात्म्यं महानुभावत्वम्, अथवा महद्भयो महतां वा महत्त्वं 'महन्महत्त्वम्', 'अस्य' जिनस्यैव, व्यवच्छेदफलत्वाद्वचनस्येति नान्येषां बोधिसत्त्वादीनाम्, 'एवम्' अनन्तरोदितया नीत्या संख्यावद्दानतो महादानदायित्वेन महानुभावता इत्येवंरूपया, 'अयमेव' जिनपतिरेव न तु बोधिसत्त्वः, 'जगद्गुरुः' भुवनभर्तेति, अनेन च बोधिसत्त्वलक्षणे धर्मिणि महानुभावत्वलक्षणस्य हेतोरसिद्धतोक्ता महानुभावत्वनिबन्धनमहादानस्यामहत्त्वख्यापनात्, जिनलक्षणे च धर्मिणि महादानताख्यापनतो महानुभावत्वहेतोः सिद्धताभिधानेन जिनस्य जगद्गुरुतोक्ता, अतो निरस्तं 'ततो महानुभावेत्यादि' दूषणमिति ॥८॥**

**॥ षड्विंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२६॥**

**તથા—**

**શ્લોકાર્થ—** તીર્થંકરના કાળમાં તીર્થંકરોના સંબંધથી જીવો તત્ત્વદર્શી બને છે અને તેથી ધર્મમાં ઉદ્યત બને છે. આથી તીર્થંકરનું જ મહાનુભાવત્વ (=વિશિષ્ટ માહાત્મ્ય) છે. એ પ્રમાણે તીર્થંકર જ જગદ્‌ગુરુ છે. (૮)

---

૧. નિમિત્ત મળવા છતાં જે કર્મોનો ક્ષયોપશમ વગેરે ન થાય, તેથી જેવા સ્વરૂપે બાંધ્યુ હોય તેવા સ્વરૂપે ભોગવવું પડે તે કર્મ નિરુપક્રમ છે.

**ટીકાર્થ— તત્ત્વદર્શી બને છે— "બાહ્ય સંપત્તિઓ પ્રાયઃ જીવોને માનસિક સંક્લેશ અને શારીરિક મહેનત કરાવે છે. (એથી) એકાંતે અપરાધીન (=પરાધીન ન હોય તેવું) સંતોષ સુખ ઇચ્છાય છે."** ઇત્યાદિ તત્ત્વ છે. તીર્થંકરોના સંબંધથી જીવો આવા તત્ત્વને જોનારા બને છે.

**ધર્મમાં ઉદ્યત બને છે**=શુભ અનુષ્ઠાનમાં તત્પર બને છે.

**તીર્થંકરનું જ મહાનુભાવત્વ છે—** ગાથામાં **एव** કાર ન હોવા છતાં ટીકામાં **एव** કારનો પ્રયોગ કેમ કર્યો ? એવા પ્રશ્નના ઉત્તરમાં ટીકાકાર કહે છે કે વચન વ્યવચ્છેદના ફળવાળું હોય છે. આથી તીર્થંકરનું વિશિષ્ટ માહાત્મ્ય છે, બોધિસત્ત્વ વગેરે બીજાઓનું નહિ.

**એ પ્રમાણે તીર્થંકર જગદ્ ગુરુ છે—** અહીં એ પ્રમાણે એટલે હમણાં કહેલી નીતિથી. તે નીતિ આ છે- સંખ્યાવાળા દાનના કારણે મહાદાન આપનારા હોવાથી મહાનુભાવતા છે. આ નીતિથી તીર્થંકર જ જગદ્ગુરુ છે, બોધિસત્ત્વ નહિ.

આ શ્લોકથી મહાનુભાવત્વનું કારણ મહાદાનનું અમહત્ત્વ પ્રગટ કરીને બોધિસત્ત્વ રૂપ ધર્મીમાં મહાનુભાવત્વ રૂપ હેતુની અસિદ્ધતા કહી. જિનરૂપ ધર્મીમાં મહાદાનપણું પ્રગટ કરીને મહાનુભાવત્વરૂપ હેતુની સિદ્ધતા કહેવા દ્વારા જગદ્ગુરુપણું કહ્યું. આથી પૂર્વે ત્રીજી ગાથામાં બોધિસત્ત્વોનું દાન મહાદાન હોવાથી બોધિસત્ત્વો જ મહાનુભાવ છે વગેરે જે દૂષણ કહ્યું હતું તેનું નિરાકરણ કર્યું.

ગાથાના **च** શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ અયાચકો જ થાય છે એમ નહિ, કિંતુ અયાચકો થાય છે અને ધર્મમાં ઉદ્યત પણ થાય છે. (૮)

**તીર્થકૃત્ દાન મહત્ત્વસિદ્ધિ નામના છવીસમા અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥२७॥ अथ सप्तविंशतितमं तीर्थकृद्दानिष्फलतापरिहाराष्टकम् ॥

**अनन्तरं जगद्गुरोर्महादानमुक्तम् तच्च न युक्तमिति परमतमावेदयन्नाह—**

**कश्चिदाहास्य दानेन, क इवार्थः प्रसिध्यति ।**
**मोक्षगामी ध्रुवं ह्येष, यतस्तेनैव जन्मना ॥१॥**

**वृत्तिः—** अथ 'कश्चित्' दुर्विदग्धमतिः, 'आह' ब्रूते, 'अस्य जगद्गुरोः, 'दानेन' वितरणेन, 'क इव' न कश्चिदित्यर्थः, 'अर्थः' पुरुषार्थः धर्मार्थकाममोक्षाणामन्यतमः, फलं वा, 'प्रसिध्यति' निष्पद्यते, अर्थादिषु तस्य निरपेक्षत्वाद्दानधर्मस्य च तत्कारणत्वात्, मोक्षार्थः सिध्यतीति चेत्, नेत्याह, 'मोक्षं' निर्वाणम्, गमिष्यति यास्यतीति 'मोक्षगामी' 'ध्रुवं' निश्चितम्, हिशब्दो जिनदानस्य प्रयोजनाभावभावनार्थः, 'एष' जगद्गुरुः, 'यतो' यस्मात् कारणात्, 'तेनैव' अधिकृतेन यस्मिन् जन्मनि दानं ददाति न जन्मपरम्परया, 'जन्मना' भवेन, दानं हि भवपरम्परया मोक्षफलं येन च तद्भवेनैवावश्यं निर्वातव्यं तस्य दानेन न कश्चिदर्थ इति ॥१॥

## સતાવીસમું તીર્થકૃત્દાન નિષ્ફલતાપરિહાર અષ્ટક

(આ અષ્ટકમાં તીર્થંકરો તે જ ભવમાં અવશ્ય મોક્ષમાં જવાના હોવાથી તેમને દાન આપવાની શી જરૂર છે એ પ્રશ્નનું સમાધાન તથા અવસરે સાધુએ પણ આપેલું અનુકંપા દાન હિતાવહ છે એ જણાવવામાં આવ્યું છે.)

**હમણાં તીર્થંકરનું મહાદાન કહ્યું. તે યુક્ત નથી એવા પરમતને જણાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** કોઇ કહે છે કે દાનથી તીર્થંકરનો કયો અર્થ સિદ્ધ થાય છે ? અર્થાત્ કોઇ અર્થ સિદ્ધ થતો નથી. કારણ કે તીર્થંકર તે જ ભવમાં નિશ્ચિતપણે મોક્ષમાં [1]જશે.

**ટીકાર્થ— કોઇ—** ગર્વિષ્ઠમતિવાળો કોઇ.

**અર્થ—** ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પુરુષાર્થમાંથી કોઇ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. અથવા અર્થ એટલે ફળ. દાનથી કોઇ ફળ સિદ્ધ થતું નથી. કારણ કે તીર્થંકર અર્થપુરુષાર્થ વગેરેમાં નિરપેક્ષ છે, અને દાનધર્મ અર્થપુરુષાર્થ વગેરેનું કારણ છે.

કદાચ કોઇ એમ કહે કે દાનથી મોક્ષપુરુષાર્થ સિદ્ધ થાય છે, તો તેના જવાબમાં ઉત્તરાર્ધમાં કહે છે કે તીર્થંકર તે જ ભવમાં નિશ્ચિતપણે મોક્ષમાં જશે. તે જ ભવમાં એટલે જે ભવમાં દાન આપે છે તે જ ભવમાં, નહિ કે જન્મપરંપરાથી. દાન ભવપરંપરાથી મોક્ષફળવાળું છે. જે તે જ ભવમાં અવશ્ય મોક્ષમાં જનાર છે તેને દાનથી કોઇ અર્થ સિદ્ધ થતો નથી.

**अत्रोत्तरमाह—**

**उच्यते कल्प एवास्य, तीर्थकृन्नामकर्मणः ।**
**उदयात्सर्वसत्त्वानां, हित एव प्रवर्त्तते ॥२॥**

**वृत्तिः— 'उच्यते' अनन्तरोदिताक्षेपस्य समाधिरभिधीयते, कल्पशब्दः करणार्थो, यदाह- ''सामर्थ्ये वर्णनायां च, च्छेदने करणे तथा । औपम्ये चाधिवासे च, कल्पशब्दं विदुर्बुधाः ॥१॥'' करणं च क्रिया समाचार इत्यर्थः, ततश्च 'कल्प एव' जीतमेव वक्ष्यमाणो दानादिना सर्वसत्त्वहितवर्तनलक्षणः, 'अस्य' जगद्गुरोः, न पुनः फलविशेषं प्रति प्रत्याशा, किंरूपोऽसौ कल्प इत्याह- तीर्थकृतस्तीर्थंकरस्य सम्बन्धि तीर्थकरत्वनिबन्धनं यन्नामाख्यं कर्माद्दष्टं तत्तथा तस्य 'तीर्थकृन्नामकर्मणः', 'उदयात्' विपाकात्, 'सर्वसत्त्वानां' सकलशरीरिणाम्, इह च हितशब्दयोगेऽपि न चतुर्थी, सम्बन्धस्यैव विवक्षितत्वात्, 'हिते एव' अनुकूलविधावेव, इह यदिति शेषो दृश्यः, तेन यदेतत् प्रवर्तते व्याप्रियते भगवानिति, ततश्चास्य दानात् कल्पपरिपालनं विना नान्यत्फलमस्तीति भावनेति ॥२॥**

**અહીં ઉત્તર કહે છે—**

**શ્લોકાર્થ—** હમણાં કહેલા આક્ષેપનું સમાધાન કહેવાય છે-તીર્થંકરનો આ કલ્પ જ છે કે દાન આદિથી

---

૧. અહીં સિદ્ધહેમ વ્યાકરણ ૫-૩-૧ થી ભવિષ્યકાળનો અર્થ થાય છે.

સર્વજીવોના હિતમાં પ્રવર્તવું. કલ્પ હોવાથી તીર્થંકર તીર્થંકરનામકર્મના ઉદયથી સર્વજીવોના હિતમાં જ પ્રવર્તે છે. (૨)

**ટીકાર્થ—** અહીં કલ્પ શબ્દ કરણ અર્થમાં છે. કહ્યું છે કે-"**વિદ્વાનો કલ્પ શબ્દને સામર્થ્ય, વર્ણન, છેદન, [1]કરણ (=આચાર) ઉપમા અને અધિવાસ (=દેવતાની પ્રાણ પ્રતિષ્ઠા)ના અર્થમાં કહે છે.**"

કરણ એટલે ક્રિયારૂપ આચાર.

તીર્થંકરનામકર્મના ઉદયથી સર્વ જીવોના હિત માટે પ્રવૃત્તિ કરવાનો તીર્થંકરનો કલ્પ (જીત કે આચાર) હોવાથી તીર્થંકર દાન કરે છે, નહિ કે કોઇ ફળની આશાથી. તેથી તીર્થંકરના દાનથી કલ્પના પાલન વિના બીજું કોઇ ફળ પ્રાપ્ત થતું નથી. હિત શબ્દના યોગમાં પણ "**सर्वसत्त्वानां**" એ સ્થળે ચોથી વિભક્તિ નથી થઇ. કારણ કે સંબંધની જ વિવક્ષા કરી છે.[2]

**હિતમાં જ** = અનુકૂળ કરવામાં જ. (૨)

**परिहारान्तरमाह—**

## धर्माङ्गख्यापनार्थं च, दानस्यापि महामतिः ।
## अवस्थौचित्ययोगेन, सर्वस्यैवानुकम्पया ॥३॥

**वृत्तिः— धर्मस्य कुशलात्मपरिणामविशेषस्याङ्गमवयवः कारणं वा धर्माङ्गं तस्य ख्यापनं प्रकाशनं धर्माङ्गख्यापनं तस्मै 'धर्माङ्गख्यापनार्थं', भावप्रत्ययगर्भत्वान्निर्देशस्य धर्माङ्गताख्यापनार्थमिति द्रष्टव्यं, महादानं दत्तवानिति प्रक्रमगम्यम्, धर्माङ्गं दानम्, भगवता प्रवृत्तत्वात्, शीलवत्, इति भव्यजनसम्प्रत्ययार्थमित्यर्थः, 'चशब्दः' पूर्वोक्तपरिहारापेक्षया परिहारान्तरसमुच्चयार्थः । कस्येत्याह- 'दानस्यापि' विश्राणनस्यापि, न केवलं शीलादेर्धर्माङ्गतेत्यपिशब्दार्थः, 'महामतिः' अव्याहतबोधो भगवान्, किं यथाकथञ्चिदस्य धर्माङ्गतायाः ख्यापनं नेत्याह- अवस्थाया भूमिकाया औचित्ययोग आनुरूप्यलक्षणधर्मसम्बन्धः 'अवस्थौचित्ययोगः' तेन, स्वभूमिकोचितत्वेनेत्यर्थः, धर्माङ्गता च तस्य किं गृहिणामेव, नेत्याह- 'सर्वस्यैव' एवशब्दस्यापिशब्दार्थत्वात् न केवलं गृहिण एव निरवशेषस्यापि दातुर्यतेर्गृहिणो वा, 'अनुकम्पया' कृपया, ननु गृहिणामनुकम्पादानमुचितम्, "अणुकम्पादाणं पुण, जिणेहि न कयाइ पडिसिद्धं[30] ।" इति वचनात्, यत्पुनः साधुः साधवे ददाति तदनुकम्पानिमित्तं न भवति, भक्तिनिमित्तत्वात् तस्य, यत्पुनरसंयताय दानं तत्साधोर्न सम्भवति, "गिहिणो वेयावडियं न कुज्जा, अभिवायणं वन्दणं पूयणं च[31] ।" इति वचनात्, (दशवैकालिकद्वितीयचूलिकायाम्) ततः सर्वस्यापि गृहस्थस्येति व्याख्येयम्, नैवम्, यतो विशिष्टपुष्टाल-**

---

૧. કરણ શબ્દનો **साधकतमं कारणं**=ક્રિયા કરવામાં જે વધારેમાં વધારે સહાયક હોય તે કરણ છે, એવો અર્થ પણ છે. પણ પ્રસ્તુતમાં આચાર અર્થ વિવક્ષિત છે.

૨. સિદ્ધહેમ વ્યાકરણ ૨-૨-૬૫ થી હિત અને સુખ શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને વિકલ્પે ચોથી વિભક્તિ થાય છે. જેમકે **आमयाविने आमयाविनो वा हितम्.**

३०. अनुकम्पादानं पुनर्जिनैर्न कदापि प्रतिषिद्धम् ।

३१. गृहिणो वैयावृत्त्यं न कुर्यात् अभिवादनं वन्दनं पूजनं च ।

म्बनसद्भावे यतेरप्यनुकम्पादानसम्भव इति न दोषः, अमुं चार्थं ग्रन्थकार एव व्यक्तीकरिष्यति, श्रूयते चागमे आर्यसुहस्त्याचार्यस्य रङ्कदानम्, न चानुकम्पादानं साधुषु न सम्भवति, ''आयरियणुकम्पाए, गच्छो अणुकम्पिओ महाभागो[३२] ।'' इति वचनादिति ॥३॥

**પૂર્વોક્ત આક્ષેપના અન્ય પરિહારને કહે છે—**

**શ્લોકાર્થ—** પોતપોતાની ભૂમિકાને ઉચિત હોય તે પ્રમાણે અનુકંપાથી દાન (કરવું એ) પણ બધાય જીવોના ધર્મનું કારણ છે એ જણાવવા મહામતિ તીર્થંકરે દાન આપ્યું. (૩)

**ટીકાર્થ—** દાન ગમે તે રીતે ધર્મનું કારણ નથી, કિંતુ પોતપોતાની ભૂમિકાને ઉચિત હોય તે પ્રમાણે દાન ધર્મનું કારણ છે.

**દાન પણ—** કેવળ શીલ વગેરે જ ધર્મનું કારણ છે એમ નથી, કિંતુ દાન પણ ધર્મનું કારણ છે. અહીં અનુમાન પ્રમાણ આ પ્રમાણે છે—દાન ધર્મનું કારણ છે. કેમકે ભગવાન વડે આરંભાયેલું છે=પ્રવર્તાયેલું છે. શીલની જેમ.

**બધાય જીવોના—** દાન કેવળ ગૃહસ્થના જ ધર્મનું કારણ નથી, કિંતુ સાધુ કે ગૃહસ્થ એ બધાય જીવોના ધર્મનું કારણ છે.

**પૂર્વપક્ષ—** ગૃહસ્થોને અનુકંપાદાન ઉચિત છે. કારણ કે **''જિનોએ ક્યારેય અનુકંપાદાનનો નિષેધ કર્યો નથી.''** એવું વચન છે. વળી એક સાધુ બીજા સાધુને આપે છે તે ભક્તિથી આપે છે, અનુકંપાથી નહિ. વળી અસંયતને દાન કરવું એ તો સાધુને ન સંભવે. કારણ કે **''મુનિ ગૃહસ્થોની વેયાવચ્ચ (=ગૃહસ્થોને ઉપકાર થાય તેવા તેનાં કાર્યો) ન કરે. અથવા અભિવાદન (=વચનથી નમસ્કાર) વંદન (=કાયાથી પ્રણામ) અને પૂજન (=વસ્ત્રાદિથી સત્કાર વગેરે) ન કરે.''** (દશવૈ. ચૂલિકા બીજી ગાથા-૯) એવું વચન છે. તેથી બધાય જીવોના એટલે બધા ય ગૃહસ્થોના એવો અર્થ કરવો જોઇએ.

**ઉત્તરપક્ષ—** એ પ્રમાણે કહેવું બરાબર નથી. કારણ કે વિશિષ્ટ પુષ્ટ આલંબનના સદ્ભાવમાં સાધુને પણ અનુકંપા દાનનો સંભવ હોવાથી દોષ નથી. આ અર્થને (હવે પછી) ગ્રંથકાર જ સ્પષ્ટ કરશે. આર્ય શ્રી સુહસ્તિસૂરિજીએ ભિખારીને દાન આપ્યું એમ આગમમાં સંભળાય છે. વળી અનુકંપાદાન સાધુમાં સંભવે છે. કારણ કે **''આચાર્યની અનુકંપાથી (=ભક્તિથી) મહાનુભાવ ગચ્છની અનુકંપા (=ભક્તિ) કરેલી ગણાય.''** (ઓઘનિર્યુ૦ ભા. ૧૨૭) એવું વચન છે.

**ધર્મનું—** વિશિષ્ટ શુભ આત્મપરિણામનું.

**મહામતિ—** વિસંવાદ રહિત જ્ઞાનવાળા ભગવાન. (૩)

**धर्माङ्गमेव दानं यतः—**

**शुभाशयकरं ह्येत-दाग्रहच्छेदकारि च ।**

**सदभ्युदयसाराङ्ग-मनुकम्पाप्रसूति च ॥४॥**

३२. आचार्यानुकम्पया गच्छोऽनुकम्पितो महाभागः ।

वृत्ति:— शुभं प्रशस्तमाशयं चित्तं कर्तुं शीलमस्येति 'शुभाशयकरम्', 'हि' इति यस्मादेवं तस्माद्धर्माङ्गता दानस्येति प्रकृतम्, 'एतत्' इति दानम्, तथा 'आग्रहच्छेदकारि च' वित्तं प्रति ममकारलक्षणाभिनिवेशनाशकर्तृ च, 'चशब्द:' समुच्चये, तथा सन् शोभनोऽभ्युदयान्तरानुबन्धित्वेन योऽभ्युदय: कल्याणावाप्तिस्तस्य साराङ्गं प्रधानकारणं 'सदभ्युदयसाराङ्गम्, आह च- ''दानेन भोगानाप्नोति, यत्र यत्रोपपद्यते । शीलेन भोगान् स्वर्गं च, निर्वाणं चाधिगच्छति ।।१।।'' तथा अनुकम्पाया दयाया: सकाशात् प्रसूति: प्रभवो यस्य तत् 'अनुकम्पाप्रसूति', 'चशब्द:' समुच्चय इति ।।४।।

દાન ધર્મનું કારણ છે જ. જેથી—

**શ્લોકાર્થ**— દાન શુભાશયને ઉત્પન્ન કરે છે, આગ્રહનો નાશ કરે છે, અનુબંધયુક્ત કલ્યાણની પ્રાપ્તિનું પ્રધાન કારણ છે, અનુકંપાથી ઉત્પન્ન થાય છે, તેથી ધર્મનું કારણ છે. (૪)

**ટીકાર્થ**— શુભ આશયને=શુભ ચિત્તને.

**આગ્રહનો નાશ કરે છે**=ધનની મમતારૂપ આગ્રહનો નાશ કરે છે, અર્થાત્ ધનની મમતાનો નાશ કરે છે.

દાન અનુબંધયુક્ત કલ્યાણની પ્રાપ્તિનું પ્રધાન કારણ છે. કહ્યું છે કે-"**જ્યાં જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં ત્યાં દાનથી ભોગોને પામે છે. શીલથી ભોગોને પામે છે અને સ્વર્ગમાં તથા મોક્ષમાં જાય છે.**" (૪)

यतिनाप्यौचित्येन दानं देयमिति ज्ञापकेन समर्थयन्नाह—

ज्ञापकं चात्र भगवान्, निष्क्रान्तोऽपि द्विजन्मने ।
देवदूष्यं ददद्धीमा-ननुकम्पाविशेषत: ।।५।।

वृत्ति:— 'ज्ञापकं च' उदाहरणं पुन: चशब्दस्य पुनरर्थत्वात्, 'अत्र' अनुकम्पया दाने, 'भगवान्' वर्धमानस्वामी, किम्भूतो 'निष्क्रान्तोऽपि' प्रव्रज्याप्रतिपत्त्या गृहवासान्निर्गतोऽपि, आस्तामनिर्गत:, 'द्विजन्मने' ब्राह्मणाय, 'देवदूष्यं' देवांशुकम्, 'ददत्' प्रयच्छन्, 'धीमान्' ज्ञानचतुष्टययोगान्महाप्रज्ञ:, अनेन च ''ज्ञानवदासेवितमालम्बनीयं भवति'' इत्यावेदितम्, कुतो दददित्याह- 'अनुकम्पाविशेषत:' दयातिशयादिति, उदाहरणप्रयोगश्चैवम्- यतेरप्यवस्थाविशेषे असंयताय दानमदुष्टम्, अनुकम्पानिमित्तत्वात्, यदनुकम्पानिमित्तं तददुष्टं निष्क्रान्तस्य भगवतो द्विजन्मदानवत्, अनुकम्पानिमित्तं च यतेरसंयतदानम्, तस्मात् तददुष्टमिति, अथवा 'ज्ञापकं' हेतुरित्यर्थ:, तत्र चैवं प्रयोग:- यद्भगवदासेवितं तद्यतीनां सेवनीयं शीलमिव, आसेवितं च भगवता असंयतदानमिति । श्रूयते च- ''किल भगवान्महावीरो महामेघ इवानवरतवसुधाराभि: प्रहतपटुपटहकनादगर्जितध्वनिना निर्विभागं संवत्सरं यावद्दानवर्षेण विगतवित्तवाञ्छापिपासासन्तापं तर्षुकलोकचातककुटुम्बकं कृत्वा अमरनरनायकनिकरानुगम्यमानो ज्ञातखण्डवनमुपागत्य परित्यक्तसकलसङ्ग: प्रव्रज्यां प्रतिपन्नवान् । अत्र चावसरे भगवत्पितृवयस्यो ब्राह्मणो देशान्तरसरणपरिक्षीणशरीरक: स्वकीयनिकेतनमागतो भार्यया चाभिहित: यदुत भगवान्निखिलभूतलमापूर्णमनोरथं वरवरिकावितरणतो विधायानगारितां गत: । भवांस्तु निर्भाग्यतया अर्थार्थी देशान्तराण्यनुसरति, ततस्त्वरितं गत्वा

**भगवन्तं याचस्व, दास्यतीदानीमपि किञ्चिदिति । ततोऽसौ भगवत्समीपमागत्य याचितवान्, भगवांस्तु नाकनायकसमर्पितस्य कल्प इति गृहीतस्य देवदूष्यस्यार्धमनुकम्पापरीतान्तःकरणो गुणान्तरापेक्षी तस्मै प्रदत्तवानिति'' । नन्विहैव ग्रन्थे ''तस्यानुकम्पया दाने पुण्यबन्धः प्रकीर्तितः'' (७-२) इत्यादिना यतेरसंयतदानं निवारितम्, ''गिहिणो वेयावडियं न कुज्जा'' (गृहिणो वैयावृत्त्यं न कुर्यात्) इत्यादिना चागमे, तत्कथं न विरुध्यते । उच्यते, अवस्थौचित्ययोगेनेति विशेषणोपादनान्न विरोधः, पठन्ति चेहार्थे लौकिका अपि ''उत्पद्यते हि सावस्था, देशकालामयान् प्रति । यस्यामकार्यं कार्यं स्यात्कर्म कार्यं च वर्जयेत् ॥१॥ इति ॥५॥**

**સાધુએ પણ ઉચિત રીતે દાન આપવું જોઇએ એ વિષયનું દૃષ્ટાંતથી સમર્થ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** નિષ્ક્રાંત હોવા છતાં અતિશય દયાથી બ્રાહ્મણને દેવદૂષ્ય આપતા અને ધીમાન એવા ભગવાન અહીં દૃષ્ટાંતરૂપ છે. (૫)

**ટીકાર્થ— નિષ્ક્રાંત હોવા છતાં**-નિષ્ક્રાંત એટલે પ્રવ્રજ્યાનો સ્વીકાર કરવા માટે ઘરવાસથી નીકળેલા. ઘરવાસથી ન નીકળેલા ભગવાનની વાત દૂર રહો, ઘરવાસથી નીકળેલા પણ ભગવાને બ્રાહ્મણને દેવદૂષ્ય આપ્યું.

**દેવદૂષ્ય=**ચીનદેશમાં બનેલું વસ્ત્ર. (દેવદૂષ્ય એટલે દિવ્ય વસ્ત્ર. પણ અહીં ટીકાકારે ચીનાંશુક એવો અર્થ કર્યો છે. તેથી ચીનદેશમાં જેવું વસ્ત્ર બને તેવું દિવ્યવસ્ત્ર એવું ટીકાકારનું તાત્પર્ય સમજવું જોઇએ.)

**ધીમાન=**ચાર જ્ઞાનના યોગથી અતિશય બુદ્ધિશાળી. ધીમાન એવા વિશેષણથી ગ્રંથકારે જ્ઞાનીએ જે આચર્યું હોય તે આલંબન લેવા યોગ્ય બને છે એમ જણાવ્યું. અહીં ઉદાહરણ (અનુમાન) પ્રયોગ આ પ્રમાણે છે–વિશિષ્ટ અવસ્થામાં સાધુ પણ અસંયતને દાન આપે તો તે દાન નિર્દોષ છે. કારણ કે તે દાન અનુકંપાથી થયેલું છે. જે દાન અનુકંપાથી થાય તે દાન નિર્દોષ છે. જેમકે દીક્ષિત ભગવાને બ્રાહ્મણને કરેલું વસ્ત્રદાન. સાધુ અસંયતને જે દાન કરે તે દાન અનુકંપાથી થાય. તેથી તે દાન નિર્દોષ છે. અથવા શ્લોકમાં રહેલા જ્ઞાપક શબ્દનો હેતુ અર્થ છે. એ અર્થમાં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે—ભગવાને જે આચર્યું હોય તે સાધુઓને આચરવા યોગ્ય છે. શીલની જેમ. ભગવાને અસંયતદાન આચર્યું છે.

સંભળાય છે કે-ભગવાન મહાવીરે મહામેઘની જેમ સતત ધનરૂપ જલની ધારાઓથી, વગાડેલા શ્રેષ્ઠ ઢોલના અવાજથી ગાજેલા ધ્વનિથી, અર્થાત્ ઢોલ વગાડીને વરવરિકા (જેની જે ઇચ્છા હોય તે માગો એવી) ઘોષણાપૂર્વક, અમુકને આપવું અમુકને ન આપવું એવા ભેદભાવ વિના, એક વર્ષ સુધી દાનરૂપી વૃષ્ટિ કરી. એ દાનવૃષ્ટિથી તૃષાતુર લોક રૂપ ચાતકકુટુંબને ધનેચ્છારૂપ પિપાસાના સંતાપથી રહિત કર્યું. પછી દેવો, ઇંદ્રો, રાજાઓ જેમની પાછળ ચાલી રહ્યા છે એવા મહાવીર ભગવાન જ્ઞાતખંડ નામના ઉદ્યાનમાં પધાર્યા. પછી સર્વસંગનો ત્યાગ કરીને દીક્ષાનો સ્વીકાર કર્યો. આ અવસરે ભગવાનના પિતાનો મિત્ર બ્રાહ્મણ પોતાના ઘરે આવ્યો. અન્ય દેશોમાં ફરવાના કારણે તેનું શરીર અત્યંત ક્ષીણ થઇ ગયુ હતું. પત્નીએ તેને કહ્યું કે ભગવાને સકલ ભૂતલને પૂર્ણ થયેલા મનોરથવાળું કરીને દીક્ષા લીધી. ધનના અર્થી તમે તો ભાગ્યના અભાવથી અન્યદેશોમાં ફરો છો. તેથી જલદી જઇને ભગવાનની પાસે માગો. ભગવાન હમણાં પણ કંઇક આપશે. તેથી તેણે ભગવાન પાસે આવીને માગણી કરી. દયાથી યુક્ત અંતઃકરણવાળા અને અન્યગુણની અપેક્ષાવાળા ભગવાને ઇંદ્રે આપેલા

અને કલ્પ છે એથી લીધેલા દેવદૂષ્ય વસ્ત્રનો અર્ધોભાગ તેને આપ્યો.

**પ્રશ્ન**— આ જ ગ્રંથમાં **"અનુકંપાથી દીન આદિને આપવામાં (આગમમાં) પુણ્યબંધ કહ્યો છે."** (૭-૨) ઇત્યાદિથી સાધુને અસંયતને દાન આપવાનો નિષેધ કર્યો છે. તથા **"સાધુ ગૃહસ્થની વેયાવચ્ચ ન કરે."** (દશવૈ. ચૂલિકા ૨-ગાથા ૯) ઇત્યાદિથી આગમમાં સાધુને અસંયતને આપવાનો નિષેધ કર્યો છે. તેથી આ (શ્રી મહાવીર ભગવાનનું) દાન કેવી રીતે વિરુદ્ધ ન થાય ?

**ઉત્તર**— "પોતપોતાની ભૂમિકાને ઉચિત હોય તે પ્રમાણે" (૨૭-૩માં) એવા વિશેષણનું ગ્રહણ કર્યું હોવાથી વિરોધ નથી. આ વિષયમાં લૌકિકો પણ કહે છે કે, **"દેશ-કાળ અને રોગને આશ્રયીને તે અવસ્થા ઉત્પન્ન થાય છે કે જેમાં અકાર્ય કરવા જેવું થાય, અને કરવા જેવા કાર્યનો ત્યાગ કરે."** (૫)

**एतदेव स्फुटयन्नाह—**

**इत्थमाशयभेदेन, नातोऽधिकरणं मतम् ।**
**अपि त्वन्यद् गुणस्थानं, गुणान्तरनिबन्धनम् ॥६॥**

**वृत्तिः— 'इत्थं' अनेनानन्तरोक्तेनावस्थौचित्ययोगलक्षणेन, यः 'आशयभेदो' अध्यवसायविशेषोऽनुकम्पाविशेषः कथमयं वराकः कर्मकान्तारोत्तारणेन निखिलासुखविरहभाजनं भविष्यतीत्यादिरूपस्तेन, 'न' नैव, 'अतो' असंयतदानात्, अधिक्रियते प्राणी दुर्गतावनेनेति 'अधिकरणं' दानेनासंयतस्य सामर्थ्यपोषणतः पापारम्भप्रवर्तनम्, 'मतं' इष्टं विदुषाम्, यतस्तदेवाधिकरणं यद् दुर्गतिनिबन्धनं, यत्पुनर्देहिनां बोधिनिमित्ततयापवर्गकारणं तत्कथं तदिति, अनेन च दानादनर्थस्यासंभव उक्तः । अथ अर्थप्राप्तिमाह- 'अपि तु' इत्यभ्युच्चये, 'अन्यत्' अधिकृतगुणस्थानकान्मिथ्यादृष्टित्वादेरपरमविरतसम्यग्दृष्ट्यादिकम्, गुणानां ज्ञानादीनां स्थानं विशेषो 'गुणस्थानं' मतमिति प्रकृतम्, किम्भूतम् ? विवक्षितगुणादन्यो गुणो गुणान्तरं सर्वविरत्यादिस्तस्य 'निबन्धनं' हेतु 'गुणान्तरनिबन्धनम' इति ॥६॥**

**આ જ વિષયને સ્પષ્ટ કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ**— આ પ્રમાણે અધ્યવસાયવિશેષથી અસંયતદાનથી અધિકરણ (થાય એમ) ઇષ્ટ નથી, બલ્કે અન્યગુણોનું કારણ એવું અન્ય ગુણસ્થાન (પ્રાપ્ત થાય) એમ વિદ્વાનોને ઇષ્ટ છે. (૬)

**ટીકાર્થ— આ પ્રમાણે**— હમણાં કહ્યું તેમ પોતપોતાની ભૂમિકાને ઉચિત હોય તે પ્રમાણે.

**અધ્યવસાય વિશેષથી**=આ બિચારો કર્મરૂપ જંગલને પાર પામવા વડે સર્વ દુ:ખોના અભાવનું પાત્ર કેવી રીતે થશે ? એવી વિશેષ પ્રકારની અનુકંપાથી.

**અધિકરણ**— જેનાથી જીવ દુર્ગતિમાં જવાનો અધિકારી કરાય તે અધિકરણ. પ્રસ્તુતમાં અસંયતને દાન આપીને અસંયતની શક્તિનું પોષણ કરવા દ્વારા અસંયતને પાપવાળા આરંભમાં પ્રવર્તાવવો એ અધિકરણ છે. વિશેષ પ્રકારની અનુકંપાથી સાધુઓ વડે અપાતું અસંયત દાન આવું અધિકરણ બનતું નથી. કારણ કે તે જ અધિકરણ છે કે જે દુર્ગતિનું કારણ બને. પણ જે અસંયતદાન જીવોના બોધિનું કારણ હોવાથી મોક્ષનું કારણ

બને તે અસંતદાન અધિકરણ કેવી રીતે બને ? કોઇપણ રીતે ન બને.

**આનાથી દાનથી અનર્થનો અસંભવ કહ્યો. હવે અર્થની (=લાભની) પ્રાપ્તિ કહે છે—** બલ્કે અન્ય-ગુણોનું કારણ એવા અન્ય ગુણસ્થાન (પ્રાપ્ત થાય એમ) વિદ્વાનોને ઇષ્ટ છે.

**અન્યગુણોનું કારણ—** સર્વ વિરતિ વગેરે અન્ય ગુણોનું કારણ.

**અન્ય ગુણસ્થાન—** પ્રસ્તુત મિથ્યાદૃષ્ટિ વગેરે ગુણસ્થાનથી અન્ય જે અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે ગુણ-સ્થાન, તે ગુણસ્થાન પ્રાપ્ત થાય એમ વિદ્વાનોને ઇષ્ટ છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે ગુણસ્થાન સર્વવિરતિ વગેરે અન્યગુણોનું કારણ છે. માટે અહીં અન્યગુણોનું કારણ એવું અન્યગુણસ્થાન (પ્રાપ્ત થાય) એમ કહ્યું.

ગુણસ્થાન શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે-જ્ઞાનાદિગુણોનું સ્થાન તે ગુણસ્થાન. (૬)

**ननु यद्यतोऽसंयतदानादधिकरणं न भवति तदा कथमस्य प्रशंसाया अपि निषेधपरं सूत्रमिदं न विरुध्यते, यदुत, जे उ दाणं पसंसन्ति, वहमिच्छन्ति पाणिणं । जे उ (य) णं पडिसेहन्ति, वित्तिच्छेयं करंति ते[३४] ॥१॥'' इत्येतदाशङ्क्याह—**

## ये तु दानं प्रशंसन्ती-त्यादिसूत्रं तु यत्स्मृतम् ।
## अवस्थाभेदविषयं, द्रष्टव्यं तन्महात्मभिः ॥७॥

**वृत्तिः— 'ये तु' ये पुनः धर्मविचारकाः, 'दानं' असंयताय वितरणं जीवोपमर्दकारकत्वात्, 'प्रशंसन्ति' श्लाघन्ते, 'इत्यादि' एतदालापकप्रभृतिकमनन्तरोपदर्शितमसंयतदाननिषेधगर्भार्थम्, 'सूत्रं' अर्थ-सूचकवाक्यम्, 'तुशब्दः' पुनःशब्दार्थः, 'यत्स्मृतं' अभिहितं सूत्रकृताङ्गे, 'अवस्थाभेदविषयं' दातृपात्र-योर्दशाविशेषगोचरमपुष्टालम्बनमित्यर्थः, पुष्टालम्बनं त्वाश्रित्य न निषेधपरं तत्, यदाह- ''सालम्बणो पडन्तो वि, अप्पयं दुग्गमे वि धारेइ । इय सालम्बणसेवी, धारेइ जई असढभावा[३५] ॥१॥'' 'द्रष्टव्यं' विज्ञेयम्, 'तत्' इत्यनन्तरोक्तं सूत्रम्, 'महात्मभिः' सद्भिरिति । स्वकीयासंयतदानसमर्थनगर्भार्थमिदं प्रक-रणं सूरिणा कृतमिति केचित्कल्पयन्ति, हरिभद्राचार्यो हि स्वस्य भोजनकाले शङ्खवादनपूर्वकमर्थिभ्यो भोजनं दापितवानिति श्रूयते, न चैतत्सम्भाव्यते, संविग्नपाक्षिको ह्यसौ, न च संविग्नस्य तत्पाक्षिकस्य वाऽनागमिकार्थोपदेशः सम्भवति, तत्त्वहानिप्रसंगात्, आह च- ''संविग्गोऽणुवएसं, न देइ दुब्भासियं कडुविवागं । जाणन्तो तम्मि तहा, अतहक्कारो उ मिच्छत्तं[३६] ॥१॥'' इति ॥७॥**

**જો અસંયતદાનથી અધિકરણ થતું નથી તો અસંયતદાનની પ્રશંસાનો પણ નિષેધ કરનાર આ સૂત્ર કેવી રીતે વિરુદ્ધ ન થાય ? આ સૂત્ર આ પ્રમાણે છે-''(અસંયતને આપેલું દાન જીવહિંસા કરાવનારું હોવાથી) જે ધર્મવિચારકો (અસંયત) દાનની પ્રશંસા કરે છે, તેઓ (દાનના કારણે થનારા) પ્રાણિવધને ઇચ્છે છે, અને**

---

३४. ये तु दानं प्रशंसन्ति वधमिच्छन्ति प्राणिनां । ये पुनः एतत् प्रतिषेधन्ति वृत्तिच्छेदं कुर्वन्ति ते ॥१॥

३५. सालम्बनः पतन्नपि आत्मानं दुर्गमेऽपि धारयति । इति सालम्बनसेवी धारयति यतिरशठभावम् ॥१॥

३६. संविग्नोऽनुपदेशं न ददाति दुर्भाषितं कटुविपाकम् । जानन् तस्मिन् तथा अतथाकारस्तु मिथ्यात्वम् ॥१॥

**જેઓ દાનનો નિષેધ કરે છે તેઓ (દાનથી નભનારા ગરીબ આદિની) આજીવિકાનો વિચ્છેદ કરે છે.'' (સૂત્રકૃતાંગ ૧-૧૧-૨૦) આવી આશંકા કરીને કહે છે—**

**શ્લોકાર્થ—** જેઓ (અસંયત) દાનની પ્રશંસા કરે છે ઇત્યાદિ જે સૂત્ર કહ્યું છે તે સત્પુરુષોએ અવસ્થા-વિશેષને આશ્રયીને કહેલું જાણવું. (૭)

**ટીકાર્થ—** અસંયતને આપેલું દાન જીવહિંસા કરાવનારું હોવાથી જે ધર્મવિચારકો (અસંયતના) દાનની પ્રશંસા કરે છે એ આલાવો વગેરે કે જે હમણાં જ (આ ગાથાની અવતરણિકામાં) બતાવ્યું છે, અસંયતના દાનનો નિષેધ કરનારું તે સૂત્ર સત્પુરુષોએ અવસ્થાવિશેષને આશ્રયીને જાણવું.

**સૂત્ર=**અર્થને સૂચવનારું વાક્ય.

**અવસ્થા વિશેષને આશ્રયીને=**દાતા અને પાત્રની વિશેષ પ્રકારની અવસ્થાને આશ્રયીને જાણવું. અર્થાત્ અપુષ્ટ આલંબનને આશ્રયીને તે સૂત્ર જાણવું. પણ પુષ્ટ આલંબનને આશ્રયીને તે સૂત્ર નિષેધ કરતું નથી. કહ્યું છે કે-''**પુષ્ટ આલંબન સહિત પડતો જીવ ખાડો વગેરે દુર્ગમ સ્થાનમાં પણ પડતા પોતાને બચાવે છે, તેમ પુષ્ટ આલંબનવાળી પ્રતિસેવના (=દોષસેવન) માયાથી રહિત સાધુને સંસારરૂપ ખાડામાં પડતાં બચાવે છે.''** (આવ. નિ. ૧૧૭૨)

સૂરિએ આ પ્રકરણ પોતાના અસંયતદાનના સમર્થનવાળું કર્યું છે, અર્થાત્ સૂરિએ પોતાના અસંયતદાનનું સમર્થન કરવા માટે આ પ્રકરણ કર્યું છે, એમ કોઇક કલ્પના કરે છે. શ્રી હરિભદ્રસૂરિજી પોતાના ભોજનકાળે શંખ વગાડવા પૂર્વક યાચકોને ભોજન અપાવતા હતા એમ સંભળાય છે. આ સંભવતું નથી. કારણકે તે સંવિગ્નપાક્ષિક હતા. સંવિગ્ન કે સંવિગ્નપાક્ષિકને આગમમાં જેનું પ્રતિપાદન ન કર્યું હોય તેવા અર્થનો ઉપદેશ ન સંભવે, અર્થાત્ સંવિગ્ન કે સંવિગ્નપાક્ષિક આગમમાં ન હોય તેવો ઉપદેશ ન આપે. કેમકે તેમ કરવામાં સંવિગ્નપણાની કે સંવિગ્નપાક્ષિકપણાની હાનિનો પ્રસંગ આવે. કહ્યું છે કે-''**સંવિગ્ન ગુરુ આગમવિરુદ્ધ ઉપદેશ આપવાથી મરીચિના ભવમાં ભગવાન મહાવીરની જેમ કટુફળ મળે છે એમ જાણે છે. આથી તે આગમ વિરુદ્ધ ઉપદેશ ન આપે. આથી સંવિગ્ન અને સંવિગ્નપાક્ષિક ગુરુના વચનમાં કોઇ જાતની શંકા રાખ્યા વિના તહત્તિ ન કહેવું એ મિથ્યાત્વ છે. કારણકે શુદ્ધ પ્રરૂપક તરીકે નિશ્ચિત થયેલા ગુરુના વચનનો અસ્વીકાર મિથ્યાત્વ વિના ન થાય.''** (પંચાશક ૧૨-૧૭) (૭)

**उक्तं प्रासङ्गिकम्, अधुना प्रकृतार्थनिगमनायाह—**

**एवं न कश्चिदस्यार्थ-स्तत्त्वतोऽस्मात्प्रसिध्यति ।**
**अपूर्वः किन्तु तत्पूर्व-मेवं कर्म प्रहीयते ॥८॥**

**वृत्तिः—** 'एवं' अनन्तरोक्तेन प्रकारेण कल्प एवास्येत्यादिनाभिहितेन, 'न' नैव, 'कश्चित्' कोऽपिचित्, 'अस्य' तीर्थकृतः, 'अर्थः' पुरुषार्थः फलं वा, 'तत्त्वतः' परमार्थतः, 'अस्मात्' महादानात्, 'प्रसिध्यति' प्रकर्षेण निष्पद्यते, किम्भूतोऽसावित्याह- 'अपूर्वः' अभिनवो हेत्वन्तराणामसाध्य इत्यर्थः । एवं सर्वथा दानस्य निरर्थकत्वं माभूदित्यत आह- 'किन्तु' केवलम्, 'तत्' इति तीर्थंकरत्वनिमित्तभूतम्, 'पूर्वं' पूर्वभ-

वोपार्जितम्, 'एवं' अनन्तरोदितेन महादानलक्षणप्रकारेण, 'कर्म' अदृष्टम्, 'प्रहीयते' क्षयं यातुं प्रवर्त्तते, प्रशब्दस्यादिकर्मार्थत्वात्, अथवा 'तत्पूर्वं' दानपूर्वकं 'प्रहीयते' इत्येतस्याः क्रियाया विशेषणमिदमिति ॥८॥

॥ सप्तविंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२७॥

**પ્રાસંગિક કહ્યું. હવે પ્રસ્તુત અર્થનો ઉપસંહાર કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** આ પ્રમાણે મહાદાનથી પરમાર્થથી તીર્થંકરનો નવો કોઇ અર્થ સિદ્ધ થતો નથી. કિંતુ તીર્થંકરપણામાં નિમિત્ત બનેલું પૂર્વનું કર્મ આ રીતે ક્ષીણ થાય છે=ક્ષય પામવા માટે પ્રવર્તે છે. (૮)

**ટીકાર્થ— આ પ્રમાણે—** તીર્થંકર નામકર્મના ઉદયથી સર્વજીવોના હિત માટે પ્રવૃત્તિ કરવાનો તીર્થંકરનો કલ્પ છે ઇત્યાદિ હમણાં (બીજા શ્લોકમાં) કહેલા પ્રકારથી.

**નવો=**અન્ય હેતુઓથી ન સાધી શકાય તેવો.

**અર્થ=**પુરુષાર્થ કે ફળ.

**પૂર્વનું=**પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલું.

**આ રીતે—** હમણાં કહેલા મહાદાનરૂપ પ્રકારથી.

**ક્ષય પામવા માટે પ્રવર્તે છે=प्र** શબ્દ આદિ કાર્યના અર્થવાળો હોવાથી **प्रहीयते** પદનો ક્ષય પામવા માટે પ્રવર્તે છે એવો અર્થ થાય.

**ભાવાર્થ—** આદિકાર્યના અર્થવાળો એટલે કાર્યની આદિને=પ્રારંભને જણાવનાર અર્થવાળો. જેમકે સંસારની આદિ ક્યારથી થઇ ? એ વાક્યનો અર્થ સંસારનો પ્રારંભ ક્યારથી થયો ? એવો થાય. પ્રસ્તુતમાં કર્મ ક્ષય પામવા માટે પ્રવર્તે છે એટલે કર્મક્ષયનો પ્રારંભ થાય છે. દાનથી તીર્થંકર નામકર્મના ક્ષયનો પ્રારંભ થાય છે. અથવા **तत्पूर्वं** એટલે દાનપૂર્વક. દાનપૂર્વક એ પદ **प्रहीयते** એ ક્રિયાનું વિશેષણ છે. આથી **दानपूर्वकं प्रहीयते**=તીર્થંકર નામકર્મ દાનપૂર્વક ક્ષય પામવા માટે પ્રવર્તે છે. આથી દાનથી તીર્થંકરનામકર્મના ક્ષયનો પ્રારંભ થાય છે એ દાનનું ફળ છે. (૮)

## તીર્થંકૃત્ દાનનિષ્ફલતા પરિહાર નામના સતાવીસમાં અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥२८॥ अथ अष्टाविंशतितमं राज्यादिदानेऽपि तीर्थकृतो दोषाभावप्रतिपादनाष्टकम् ॥

**एवं जगद्गुरुविषयां महादानविप्रतिपत्तिं निरस्य तस्यैव राज्यदानविषयां तां निरस्यन् परमतं तावदाह—**

**अन्यस्त्वाहास्य राज्यादि-प्रदाने दोष एव तु ।**
**महाधिकरणत्वेन, तत्त्वमार्गेऽविचक्षणः ॥१॥**

वृत्तिः— 'अन्यस्तु' जगद्गुरुमहादानपूर्वपक्षवाद्यपेक्षया अपरः पुनर्वादी, 'आह' ब्रूते, 'अस्य' जगद्गुरोः, 'राज्यादिप्रदाने' स्वपुत्रादिभ्यो नरनायकत्वकलत्रकलाकर्मशिल्पप्रभृतीनां वितरणे, 'दोष एव' अशुभकर्मबन्धलक्षणं दूषणमेव, 'तुशब्दः' पूरणे, केन हेतुनेत्याह- महच्च तद् गुरुकमधिकरणं च दुर्गतिहेत्वनुष्ठानं 'महाधिकरणं' तद्भावस्तत्त्वं तेन, राज्यादिप्रदानं हि महाधिकरणम्, महारम्भमहापरिग्रहकुणिमाहारपञ्चेन्द्रियवधादिहेतुत्वात्तस्य, अग्निशस्त्रादिदान इवेति दृष्टान्तोऽभ्यूह्यः, क एवमाहेत्याह- 'तत्त्वमार्गे' वस्तुपरमार्थाध्वनि परिच्छेत्तव्ये, 'अविचक्षणः' अपण्डितः, अविचक्षणत्वं चास्य वक्ष्यमाणराज्यादिदानहेतोरपरिज्ञानादिति, अथवा 'विचक्षण' इत्युपहासवचनमिति ॥१॥

## અઠ્ઠાવીસમું રાજ્યાદિદાન દૂષણનિવારણ અષ્ટક

(આ અષ્ટકમાં પ્રવ્રજ્યા સ્વીકારતાં પહેલાં તીર્થંકરો સ્વપુત્રાદિને રાજ્યાદિનું પ્રદાન કરે એ યોગ્ય છે એની સિદ્ધિ કરવામાં આવી છે.)

**આ પ્રમાણે તીર્થંકરના મહાદાનસંબંધી વિવાદને દૂર કરીને તીર્થંકરના જ રાજ્યાદિ દાન સંબંધી વિવાદને દૂર કરતા ગ્રન્થકાર પરમતને કહે છે—**

**શ્લોકાર્થ—** તત્ત્વમાર્ગમાં અજ્ઞાની અન્ય કોઇ વાદી કહે છે કે-રાજ્યાદિનું દાન મહા અધિકરણ હોવાથી રાજ્યાદિનું પ્રદાન કરવામાં તીર્થંકરને દોષ જ છે. (૧)

**ટીકાર્થ— તત્ત્વમાર્ગમાં**=નિર્ણય કરવા યોગ્ય વસ્તુપરમાર્થના માર્ગમાં.

**અજ્ઞાન—** હવે કહેવામાં આવશે તે રાજ્યાદિ દાનના હેતુનું જ્ઞાન ન હોવાથી અજ્ઞાન છે.

**અન્ય—** તીર્થંકરના મહાદાનમાં પૂર્વપક્ષવાદીની અપેક્ષાએ અન્યવાદી.

**મહાન અધિકરણ હોવાથી—** અધિકરણ એટલે દુર્ગતિ હેતુનું આચરણ. અહીં અનુમાન પ્રયોગ આ પ્રમાણે છે- રાજ્યાદિનું દાન મહાન અધિકરણ છે. કારણ કે રાજ્યાદિનું દાન મહારંભ મહાપરિગ્રહ-માંસાહાર-પંચેન્દ્રિયવધ વગેરેનું કારણ છે. જેમકે અગ્નિ-શસ્ત્ર વગેરેનું દાન.

**રાજ્યાદિનું પ્રદાન કરવામાં—** સ્વપુત્ર વગેરેને રાજ્ય, સ્ત્રી, કળાક્રિયા અને શિલ્પ વગેરે આપવામાં.

**દોષ**=અશુભકર્મબંધરૂપ દૂષણ.

શ્લોકમાં **तत्त्वमार्गेऽविचक्षणः** એના સ્થાને **तत्त्वमार्गे विचक्षणः** એમ પણ સમજી શકાય. અહીં વિચક્ષણ એ ઉપહાસ વચન સમજવું. અર્થાત્ વાદી વિચક્ષણ નથી, પણ તેની મજાક કરવા માટે વિચક્ષણ કહ્યો છે. (૧)

**उत्तरमाह—**

**अप्रदाने हि राज्यस्य, नायकाभावतो जनाः ।**
**मिथो वै कालदोषेण, मर्यादाभेदकारिणः ॥२॥**
**विनश्यन्त्यधिकं यस्मा-दिह लोके परत्र च ।**
**शक्तौ सत्यामुपेक्षा च, युज्यते न महात्मनः ॥३॥**

वृत्तिः— 'अप्रदाने' पुत्रादिभ्योऽवितरणे सति, 'हिशब्दः' पूर्वपक्षपरिहारभावनार्थः, 'राज्यस्य' भूपतित्वस्य, 'नायकाभावतः' स्वामिकाभावात्, 'जनाः' लोकाः, 'मिथः' परस्परेण, 'विनश्यन्ति' इति योगः, 'वैशब्दो' वाक्यालङ्कारे, 'कालदोषेण' अवसर्पिणीलक्षणस्य हीनहीनतरादिस्वभावस्य समयस्यापराधेन हेतुना, 'मर्यादाभेदकारिणः' स्वपरधनदारादिव्यवस्थालोपकारकाः सन्तः, 'विनश्यन्ति' क्षयमुपगच्छन्ति, नायकसद्भावेऽपि केचिद्विनश्यन्तो दृश्यन्त इत्यत्राह- 'अधिकं' अत्यर्थम्, 'यस्मात्' कारणात्, क्व विनश्यन्तीत्याह- 'इह लोके' इहैव मनुष्यजन्मनि प्राणादिक्षयात्, 'परत्र' च परलोके च हिंसानृतधनदारापहारादेः, तथा 'शक्तौ' सामर्थ्ये, 'सत्यां' विद्यमानायाम्, 'उपेक्षा' अवधीरणा, 'चशब्दो' हेत्वन्तरसमुच्चये, 'युज्यते' घटते, 'न' नैव, 'महात्मनो' जगद्गुरोर्युगादिदेवादेः ॥२-३॥

ઉત્તર કહે છે—

**શ્લોકાર્થ**— પુત્રાદિને રાજ્ય આપવામાં ન આવે તો નિર્નાયક બનેલા લોકો કાલદોષથી મર્યાદાનો ભંગ કરે, પરસ્પરથી આ લોકમાં અને પરલોકમાં અધિક વિનાશ પામે. તેથી મહાત્માઓને છતી શક્તિએ ઉપેક્ષા ઘટતી નથી. (૨-૩)

**ટીકાર્થ— કાળદોષથી**— હીન-હીનતરાદિ સ્વરૂપવાળા અવસર્પિણીરૂપ કાળના અપરાધના કારણે.

**મર્યાદાનો ભંગ કરે**— સ્વધન-પરધન અને સ્વસ્ત્રી-પરસ્ત્રી આદિની વ્યવસ્થાનો લોપ કરે.

**આ લોકમાં**— પ્રાણ આદિનો ક્ષય થવાથી આ મનુષ્યભવમાં જ વિનાશ પામે છે.

**પરલોકમાં**— આ લોકમાં કરેલા જીવહિંસા, અસત્ય, પરધનહરણ, પરદારાહરણ આદિ પાપનાં કટુફળો પરલોકમાં ભોગવવા દ્વારા પરલોકમાં વિનાશ પામે છે.

**અધિક**— નાયક હોય તો પણ કોઇક મનુષ્યો વિનાશ પામતા જોવામાં આવે છે. આથી અહીં કહે છે કે અધિક=ઘણા વિનાશ પામે છે. (નાયક હોય ત્યારે વિનાશ પામે તેના કરતાં નાયકના અભાવમાં અધિક વિનાશ પામે.)

**મહાત્માઓને**=જગદ્‌ગુરુ યુગાદિદેવ (=આદિનાથ) વગેરે મહાત્માઓને.

**તાત્પર્યાર્થ**— (૧) સ્વપુત્રાદિને રાજ્યાદિ આપવામાં ન આવે તો લોકો નિર્નાયક બને. (૨) નિર્નાયક બનેલા લોકો કાળદોષથી સ્વધન-પરધન અને સ્વસ્ત્રી-પરસ્ત્રી આદિની વ્યવસ્થાનો લોપ કરે. (૩) તેથી પરસ્પર કલહ-યુદ્ધ આદિથી પ્રાણનો ક્ષય વગેરે થાય. આથી આલોકમાં વિનાશ પામે. (૪) આ લોકમાં કરેલા જીવહિંસા, અસત્ય, પરધન હરણ, પરદારાગમન આદિ પાપનાં કટુફળો પરલોકમાં ભોગવવા દ્વારા પરલોકમાં વિનાશ પામે. આ અનર્થથી લોકોનું રક્ષણ કરવાની શક્તિ હોવા છતાં ઉપેક્ષા કરવી એ મહાપુરુષોને યોગ્ય ન ગણાય. (૨-૩)

**तस्मात्तदुपकाराय, तत्प्रदानं गुणावहम् ।**
**परार्थदीक्षितस्यास्य, विशेषेण जगद्गुरोः ॥४॥**

वृत्तिः— यस्मादेवं 'तस्मात्' कारणात्, तेषां परस्परेण विनश्यतामुपकारोऽनर्थत्राणं तदुपकार-

स्तस्मै 'तदुपकाराय' 'तत्प्रदानं' राज्य(ज्यादि)दानम्, 'गुणावहं' राज्यदातुरुपकारकमेव न पुनर्दोषावहम्, परस्मै इदं 'परार्थं' परोपकारार्थमित्यर्थः, 'दीक्षितस्य' कृतनिश्चयस्य, परार्थोद्यतस्येत्यर्थः, 'अस्य' जगद्गुरोः, 'विशेषेण' सुतरां सामान्यराज्यदायकापेक्षया, 'जगद्गुरोः' भुवनभर्तुर्जिनस्येति, अनेन च राज्यप्रदानस्य महाधिकरणस्वभावत्वं व्युदस्तम्, तददानस्यैव महाधिकरणत्वेन प्रसाधनतः परोक्तो महाधिकरणत्वलक्षणो हेतुरसिद्ध इत्युक्तम्, तदसिद्धेश्च राज्यादिदाने दोष एवेत्यपहस्तितमिति ॥४॥

**શ્લોકાર્થ—** તેથી તેમના ઉપકાર માટે રાજ્યાદિનું પ્રદાન ગુણકારી છે. તેમાં પણ પરોપકાર માટે જ ઉદ્યત થયેલા જગદ્‌ગુરુને તો વિશેષથી ગુણકારી છે. (૪)

**ટીકાર્થ— તેથી=**અનર્થથી લોકોનું રક્ષણ કરવાની શક્તિ હોવા છતાં ઉપેક્ષા કરવી એ યોગ્ય ન હોવાથી.

**તેમના ઉપકાર માટે=**પરસ્પરથી વિનાશ પામતા લોકોના અનર્થથી રક્ષણ કરવારૂપ ઉપકાર માટે.

**ગુણકારી છે—** રાજ્ય આપનારને ઉપકાર કરનારું જ છે, નહિ કે દોષ લાવનારું.

**વિશેષથી—** અન્યને રાજ્ય આપનાર સામાન્ય મનુષ્યની અપેક્ષાએ સ્વપુત્રાદિને રાજ્ય આપનાર ત્રિજગદ્‌ગુરુ જિનને વિશેષથી ગુણકારી છે.

આનાથી ''રાજ્યદાન મહાન અધિકરણ સ્વરૂપ છે'' એ વિષયનું ખંડન કર્યું. રાજ્યનું અપ્રદાન જ મહાન અધિકરણ છે એમ સિદ્ધ કરવાથી બીજાએ કહેલ મહાધિકરણત્વરૂપ હેતુ અસિદ્ધ છે એમ આનાથી કહ્યું. મહાધિકરણત્વરૂપ હેતુની અસિદ્ધિથી રાજ્યાદિના દાનમાં દોષ જ છે એવું દૂષણ દૂર કર્યું. (૪)

**राज्यादिदाने दोष एवेत्यत्रादिशब्देन विवाहादिव्यहारदर्शनं भगवतः सदोषमित्यासञ्जितम्, तत्र परिहारातिदेशमाह—**

**एवं विवाहधर्मादौ, तथा शिल्पनिरूपणे ।**
**न दोषो ह्युत्तमं पुण्य-मित्थमेव विपच्यते ॥५॥**

**वृत्तिः—** यथा राज्यादिदाने न दोषो महाधिकरणत्वाभावाद् गुणावहत्त्वाच्च, 'एवं' अनेनैव प्रकारेण, विवाहः-परिणयनं तद्रूपो धर्मः समाचारो व्रतबन्धो वा 'विवाहधर्मः' तदादौ तत्प्रभृतिके, आदिशब्दात् राजकुलग्रामधर्मादिपरिग्रहः, 'तथाशब्दः' समुच्चये, 'शिल्पनिरूपणे' घटलोहचित्रवस्त्रनापितव्यापारोपदर्शने, किमित्याह- 'न दोषो' नैवाशुभकर्मबन्धलक्षणं दूषणमस्ति भगवतः, इह प्रतिज्ञायां हेतुमाह- 'हिशब्दो' यस्मादर्थः, ततश्च यस्मात्, 'उत्तमं' प्रकृष्टं तीर्थकरनामकर्मलक्षणम्, 'पुण्यं' शुभकर्म, 'इत्थमेव' अनेनैव विवाहशिल्पादिनिरूपणप्रकारेण, 'विपच्यते' विपाकं याति, स्वफलं ददातीत्यर्थ इति ॥५॥

**રાજ્યાદિના દાનમાં દોષ જ છે એ કથનમાં આવેલા આદિ શબ્દથી વિવાહ વગેરે વ્યવહાર બતાવવો એ ભગવાન માટે દોષરૂપ છે એમ સંબંધ થયો. તેમાં પરિહારની ભલામણને કહે છે—**

**શ્લોકાર્થ—** એ પ્રમાણે વિવાહધર્મ (=વિવાહરૂપ આચાર) આદિમાં અને શિલ્પ બતાવવામાં દોષ નથી.

કારણ કે ઉત્તમપુણ્ય આ રીતે જ વિપાકને પામે છે. (૫)

**ટીકાર્થ— એ પ્રમાણે—** જે પ્રમાણે રાજ્યાદિનું દાન મહાધિકરણ સ્વરૂપ ન હોવાથી અને ગુણકારી હોવાથી રાજ્યાદિના દાનમાં દોષ નથી તે જ પ્રમાણે.

**વિવાહધર્મ આદિમાં—** અહીં ધર્મ એટલે આચાર અથવા વ્રતબંધન. વિવાહધર્મ એટલે વિવાહરૂપ આચાર કે વિવાહરૂપ વ્રતબંધન. આદિ શબ્દથી રાજધર્મ, કુલધર્મ, ગ્રામધર્મ આદિનું ગ્રહણ કરવું.

**શિલ્પ બતાવવામાં—** ઘટ, લોહ, ચિત્ર, વસ્ત્ર અને નાપિત (=હજામ) આદિની ક્રિયા બતાવવામાં.

**દોષ**=અશુભકર્મબંધનરૂપ દોષ.

**ઉત્તમપુણ્ય**=પ્રકૃષ્ટ તીર્થંકર નામકર્મરૂપ શુભકર્મ.

**આ રીતે જ**=વિવાહ શિલ્પ આદિ બતાવવારૂપે જ.

**વિપાકને પામે છે**=પોતાના ફળને આપે છે. (૫)

**इहैवाभ्युच्चयमाह—**

**किञ्चेहाधिकदोषेभ्यः, सत्त्वानां रक्षणं तु यत् ।**
**उपकारस्तदेवैषां, प्रवृत्त्यङ्गं तथास्य च ॥६॥**

**वृत्तिः— 'किञ्च' इति उत्तरपक्षस्याभ्युच्चयप्रतिपादनार्थः, 'इह' इति राज्यदानविवाहधर्मशिल्पादिप्ररूपणेषु, 'अधिकदोषेभ्यः' राज्यादिदानाधिकरणलक्षणदोषापेक्षया ये अधिका अतिरिक्ता दोषाः परस्परोपघातपारदार्यादयस्तेभ्यः, 'सत्त्वानां' असुमताम्, 'रक्षणं' त्राणम्, 'तुशब्दः' पुनरर्थः, प्रयोगश्चास्य यत् पुनरित्येवं द्रष्टव्यः, 'उपकारो' हितकरणम्, 'तदेव' रक्षणमेव, 'एषां' सत्त्वानाम्, किञ्चान्यत् 'प्रवृत्त्यङ्गं' राज्यादिदानप्रवृत्तावङ्गं कारणं, तदेवेति प्रकृतम्, 'तथा' इति वाक्यान्तरत्वख्यापनार्थम्, 'अस्य' जगद्गुरोः, 'चः' समुच्चयार्थः, अधिकतरानर्थपरिहारलक्षणोपकारकरणाय भगवतस्तत्र प्रवृत्तिरिति भावना आह च-''एत्तोच्चिय निद्दोसं, सिप्पाइविहाणमो जिणिंदस्स । लेसेण सदोसंपि हु, बहुदोसनिवारणत्तेणं[३७] ॥१॥'' ति । इति ॥६॥**

**અહીં જ વિશેષ કહે છે—**

**શ્લોકાર્થ—** વળી અહીં જીવોનું અધિક દોષોથી જે રક્ષણ તે જ જગદ્ગુરુનો લોકો ઉપર ઉપકાર છે અને તે જ જગદ્ગુરુની પ્રવૃત્તિનું કારણ છે. (૬)

**ટીકાર્થ— અહીં—** રાજ્યદાન, વિવાહ આચાર અને શિલ્પાદિ બતાવવામાં.

**અધિક દોષોથી—** રાજ્યાદિદાન રૂપ જે અધિકરણ, એ અધિકરણરૂપ જે દોષ, તે દોષની અપેક્ષાએ અન્ય પરસ્પર પ્રાણનાશ-પરદારાગમન વગેરે જે અધિક દોષો, તે દોષોથી.

३७. अत एव निर्दोषं शिल्पादिविधानं जिनेन्द्रस्य । लेशेन सदोषमपि खलु बहुदोषनिवारणत्वेन ॥१॥

ઉપકાર— હિત કરવું.

**તે જ**— રક્ષણ જ.

**પ્રવૃત્તિનું કારણ**— રાજ્યાદિ દાન (વિવાહ આચાર-શિલ્પાદિને બતાવવા)ની પ્રવૃત્તિનું કારણ.

**અહીં ભાવાર્થ આ છે**— અધિક અનર્થોના ત્યાગરૂપ ઉપકાર કરવા માટે રાજ્યદાનમાં અને વિવાહ આચાર-શિલ્પાદિ બતાવવામાં ભગવાનની પ્રવૃત્તિ થાય છે. કહ્યું છે કે-"**આથી જ (=અધિક દોષનું નિવારણ કરનારી થોડા દોષવાળી પ્રવૃત્તિ નિર્દોષ હોવાથી) શ્રી આદિનાથ ભગવાને શિલ્પકલા અને રાજનીતિ વગેરેનું જે શિક્ષણ આપ્યું તે કંઇક દોષિત (=સાવદ્ય) હોવા છતાં નિર્દોષ છે. કારણ કે તેનાથી ઘણા દોષો દૂર થાય છે.**" (પંચાશક ૭-૩૫)

(જો ભગવાન શિલ્પકળા અને રાજનીતિ આદિનું શિક્ષણ ન આપે તો લોકો ધન આદિ માટે એકબીજાને મારી નાખે, એકબીજાનું ધન લઇ લે, પરસ્ત્રીગમન આદિ દોષો આચરે, આવા અનેક મોટા મોટા ગુનાઓ સતત થાય, લોકમાં ભારે અંધાધૂંધી ચાલે. આથી લોક શાંતિમય જીવન ન જીવી શકે. આ રીતે આ લોકનું અહિત થવા સાથે પરલોકનું પણ અહિત થાય. શિલ્પકલા અને રાજનીતિ વગેરેના શિક્ષણથી તે ગુનાઓ રોકી શકાય છે.) (૬)

**उक्तमर्थं दृष्टान्तेन समर्थयन्नाह—**

**नागादे रक्षणं यद्वद्, गर्त्ताद्याकर्षणेन तु ।**
**कुर्वन्न दोषवांस्तद्व-दन्यथासम्भवादयम् ॥७॥**

**वृत्तिः— 'नागादेः' सर्पगोनसादेः सकाशात्, 'रक्षणं' इष्टपुत्रादित्राणम्, 'यद्वत्' यथा, 'गर्तादेः' श्वभ्रादेः सकाशात्, आदिशब्दात् सोपानपङ्क्त्यादिपरिग्रहः, 'आकर्षणं' आक्षेपणं, 'गर्त्ताद्याकर्षणं' तेनापि करणभूतेन हनुजानुप्रभृत्यङ्गघर्षणलक्षणानर्थकारणेन, अन्यथा रक्षणस्यासम्भवात् इति भावः, 'तुशब्द' अपिशब्दार्थः, 'कुर्वन्' विदधत्, रक्षणमिति योगः, 'न' नैव, 'दोषवान्' दूषणवान्, मात्रादिरिति दृष्टान्तः, अथ दार्ष्टान्तिकमाह- 'तद्वत्' तथा राज्यादि यच्छन् घर्षणतुल्यानर्थसम्भवेऽपि नागादिरक्षणकल्पमहानर्थनिवारणलक्षणोपकारसंपादनेन न दोषवान् अयमिति योगः, अथ किमल्पस्यापि दोषस्याभावेन महानर्थरक्षां न करोतीत्याह- 'अन्यथा' अन्येन प्रकारेण अल्पस्याप्यनर्थस्यानाश्रयणलक्षणेन, 'असम्भवात्' महानर्थरक्षणस्याघटनात्, 'अयम्' इति जगद्गुरुरिति । उक्तं च, ''तत्थ पहाणो अंसो, बहुदोसनिवारणाउ जगगुरुणो । नागाइरक्खणे जह, कड्ढणदोसे वि सुहजोगो[३८] ॥१॥'' खड्डातडम्मि विसमे, इट्ठसुयं पेच्छिऊण कीलंतं । तप्पच्चवायभीया, तयाणणट्ठा गया जणणी[३९] ॥२॥'' दिट्ठो य तीए नागो, तं पइ एंतो दुओ उ खड्डाए, तो कड्ढिओ तगो तह, पीडाइवि सुद्धभावाए[४०] ॥३॥ त्ति'' ॥७॥**

३८. तत्र प्रधानोंऽशो बहुदोषनिवारणात् जगद्गुरोः । नागादिरक्षणे यथा कर्षणदोषेऽपि शुभयोगः ॥१॥

३९. गर्तातटे विषम इष्टसुतं प्रेक्ष्य क्रीडन्तम् । तत्प्रत्यपायभीता तदानयनार्थां गता जननी ॥२॥

४०. दृष्टश्च तया नागस्तं प्रति आयन् द्रुतश्च गर्त्तायाः । तदाकृष्टस्ततस्तथा पीडायामपि शुद्धभावया ॥३॥ इति

**કહેલા અર્થનું દૃષ્ટાંતથી સમર્થન કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જેવી રીતે ખાડા આદિમાંથી ખેંચીને પણ સર્પ આદિથી પુત્રાદિનું રક્ષણ કરનાર માતા વગેરે દોષને પાત્ર નથી, તે રીતે બીજા કોઇપણ પ્રકારે મહાન અનર્થથી રક્ષણનો અસંભવ હોવાથી તીર્થંકર દોષિત નથી.

**ટીકાર્થ— ખાડા આદિમાંથી ખેંચીને—** અહીં આદિ શબ્દથી નિસરણી વગેરેનું ગ્રહણ કરવું. જો કે ખેંચવામાં હડપચી (=જડબું) અને ઢીંચણ (=ઘુંટણ) વગેરેનું ઘર્ષણરૂપ અનર્થ થાય, પણ બીજી રીતે તેનું રક્ષણ થઇ શકે તેમ ન હોવાથી આમ કરવું પડે છે.

**પ્રશ્ન—** ભગવાન અલ્પ પણ દોષ ન થાય તે રીતે મહાઅનર્થથી રક્ષણ કેમ કરતા નથી ?

**ઉત્તર— (अन्यथाऽसम्भवाद्=)** અલ્પ પણ અનર્થનો આશ્રય ન લેવો પડે તે રીતે મહાન અનર્થથી રક્ષણ થઇ શકે તેમ ન હોવાથી અલ્પદોષનો આશ્રય લેવો પડે છે.

**તીર્થંકર દોષિત નથી—** રાજ્યાદિ આપનાર તીર્થંકર ઘર્ષણ સમાન અનર્થ થવા છતાં સર્પાદિથી રક્ષણ સમાન મહાન અનર્થથી નિવારણરૂપ ઉપકાર કરવાથી દોષિત નથી.

કહ્યું છે કે-"**શિલ્પકલા આદિનું શિક્ષણ આપવામાં મુખ્યગુણ અધિકદોષોનું નિવારણ છે. આથી જેમ બાળકનું સાપ આદિથી રક્ષણ કરવામાં તેને ખેંચવાનો દોષ હોવા છતાં માતાનો યોગ શુભ છે. તેમ જગદ્ગુરુ ભગવાનની શિલ્પાદિ શિક્ષણની પ્રવૃત્તિ શુભ જ છે. (પંચાશક ૭-૩૮)**

**ખાડાના ઊંચા-નીચા કિનારે પ્રિયપુત્રને રમતો જોઇને અરે ! બાળક ખાડામાં પડી જશે એમ બાળકના અનર્થથી (=અનર્થની શંકાથી) ભય પામેલી માતા તેને લેવા માટે તેની પાસે ગઇ. (પંચાશક ૭-૩૯) તેવામાં તેણીએ સર્પને ખાડામાંથી બાળકની સામે ઝડપથી આવી રહેલો જોયો. આ જોઇને માતાએ બચાવવાના ભાવથી બાળકને ખેંચવામાં પીડા થવા છતાં ખેંચી લીધો. (પંચાશક ૭-૪૦) (૭)**

**अधिकदोषनिवारणार्था प्रवृत्तिरस्य किञ्चिद्दोषवत्यपि न दुष्टेत्येतस्य पक्षस्यानभ्युपगमे बाधामाह—**

## इत्थं चैतदिहैष्टव्य-मन्यथा देशनाप्यलम् ।
## कुधर्मादिनिमित्तत्वाद् दोषायैव प्रसज्यते ॥८॥

**वृत्तिः—** 'इत्थं' च अनेनैवान्तरोक्तेन गुरुतरानर्थनिवारकत्वलक्षणेन, चशब्दोऽवधारणे, 'एतत्' अनन्तरोदितं राज्यप्रदानादिकं वस्तु, 'इह' प्रक्रमे, 'एष्टव्यं' अभ्युपगन्तव्यम्, 'अन्यथा' एतस्यानभ्युपगमे, 'देशनापि' तत्त्वप्ररूपणापि, आस्तां राज्यादिदानं दोषायैवेति योगः, 'अलं' अत्यर्थम्, कुत इत्याह- 'कुधर्माः' शाक्यादिप्रवचनान्यादिर्येषां, श्रुतचारित्रप्रत्यनीकत्वादिभावानां ते तथा तेषां 'निमित्तं' हेतुस्तद्भावस्तत्त्वं तस्मात्, जिनदेशना हि नयशतसमाकुला, नयाश्च कुप्रवचनालम्बनभूताः, 'दोषायैव' अनर्थायैव न पुनर्गुणाय, 'प्रसज्यते' प्राप्नोति, न च भगवद्देशनाया अनर्थनिबन्धनत्वमभ्युपगन्तव्यम्, अनन्योपायत्वेनार्थप्राप्तेरभावप्रसङ्गादिति ॥८॥

## ॥ अष्टाविंशतितमाष्टकविवरणं समाप्तम् ॥२८॥

**અધિક દોષથી નિવારણરૂપ ફલવાળી પ્રભુની પ્રવૃત્તિ કંઇક દોષવાળી હોવા છતાં દોષિત નથી એવા પ્રકારના આ પક્ષનો સ્વીકાર ન કરવામાં દોષને કહે છે—**

**શ્લોકાર્થ—** આને આ રીતે સ્વીકારવું જોઇએ. અન્યથા પ્રભુદેશના પણ કુધર્મ આદિનું નિમિત્ત બનતી હોવાથી અત્યંત દોષ માટે જ થાય. (૮)

**ટીકાર્થ— આને—** હમણાં જ કહેલ રાજ્યપ્રદાન વગેરે પદાર્થને.

**આ રીતે—** હમણાં જ કહ્યું તેમ અધિક મહાન અનર્થનું નિવારણ કરનાર તરીકે.

**અન્યથા—** આ પક્ષને ન સ્વીકારવામાં આવે તો.

**પ્રભુદેશના પણ—** દેશના એટલે તત્ત્વપ્રરૂપણા. રાજ્યાદિદાન દોષ માટે જ થાય એ વાત દૂર રહી, કિંતુ પ્રભુદેશના પણ દોષ માટે જ થાય.

**કુધર્મ આદિનું નિમિત્ત બનતી હોવાથી—** બૌદ્ધ વગેરે દર્શનો કુધર્મ છે. આદિ શબ્દથી શ્રુત પ્રત્યે વિરોધભાવ અને ચારિત્ર પ્રત્યે વિરોધભાવ વગેરે સમજવું. જિનદેશના સેંકડો નયોથી પરિપૂર્ણ હોય છે. નયો કુદર્શનના આલંબનભૂત છે, અર્થાત્ જિનોક્તનયોમાંથી કુદર્શનોનો ઉદ્ભવ થાય છે.

**દોષ માટે જ થાય—** અનર્થ માટે જ થાય. પણ ગુણ માટે ન થાય. પ્રભુદેશનાને અનર્થનું કારણ ન માનવી જોઇએ. કારણ કે પદાર્થપ્રાપ્તિનો (=પદાર્થબોધનો) પ્રભુદેશના સિવાય બીજો કોઇ ઉપાય ન હોવાથી પદાર્થપ્રાપ્તિના અભાવનો પ્રસંગ આવે.

**અઠ્ઠાવીસમા રાજ્યાદિદાન દૂષણ નિવારણ નામના**
**અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.**

## ॥२९॥ अथ एकोनत्रिंशत्तमं सामायिकस्वरूपनिरूपणाष्टकम् ॥

**राज्यादिदानपूर्वकं च जगद्गुरुः सामायिकं प्रतिपन्नवानिति तत्स्वरूपनिरूपणायाह—**

**सामायिकं च मोक्षाङ्गं, परं सर्वज्ञभाषितम् ।**
**वासीचन्दनकल्पाना-मुक्तमेतन्महात्मनाम् ॥१॥**

**वृत्तिः— समस्य रागद्वेषकृतवैषम्यवर्जितस्य भावस्यायो लाभः समायः स एव 'सामायिकं' चारित्रं तच्च, चशब्दात् ज्ञानदर्शने च । यदाह-''सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'' (त.सू. १-१) अवधारणार्थत्वाद्वा चशब्दस्य सामायिकमेव, न तु परपरिकल्पितं कुशलचित्तम्, अथवा चशब्दः पुनरर्थः तस्य चैवं प्रयोगः, इह भगवता राज्यदानमहादानादीनि कृतानि सामायिकं पुनस्तेषु मोक्षाङ्गं निर्वाणकारणम्, नन्वेवं ज्ञानादीनां तदकारणत्वं स्यादित्यत आह 'परं' प्रधानमनन्तरमित्यर्थः, ज्ञानादीनां हि सामायि-**

ककारणत्वेन मोक्षकारणत्वम् । यदाह-''णाणाहियस्स णाणं पुज्जइ. णाणा पवत्तए चरणं ति[४१]।'' तत्किं स्वमतिविकल्पितं नेत्याह- 'सर्वज्ञभाषितम्', अथवा कथमिदमवसितमिति चेदत आह- यत: 'सर्वज्ञभाषितं' समस्तवित्प्रणीतम्, मोक्षादयो हि भावा अतीन्द्रियास्ते च सर्वविद्वचनावसेया एव भवन्ति, प्रमाणान्तरस्य तेष्वप्रवृत्ते:, एतच्च किं सर्वेषां भवति नेत्याह- वासी लोहकारोपकरणविशेष:, वासीव वासी अपकारकारी तां चन्दनमिव मलयजमिव दुष्कृततक्षणहेतुतयोपकारकत्वेन कल्पयन्ति मन्यन्ते 'वासीचन्दनकल्पा', यदाह-''यो मामपकरोत्येष, तत्त्वेनोपकरोत्यसौ । शिरामोक्षाद्युपायेन कुर्वाण इव नीरुजस् ॥१॥'' अथवा वास्यामपकारिणी चन्दनस्य, कल्प इव च्छेद इव य उपकारित्वेन वर्त्तन्ते 'वासीचन्दनकल्पा:' । आह च-''अपकारपरेऽपि परे, कुर्वन्त्युपकारमेव हि महान्त: । सुरभीकरोति वासीं, मलयजमपि(भि)तक्ष्यमाणमपि ॥१॥'' वास्यां वा चन्दनस्येव कल्प आचारो येषां ते तथा, अथवा वास्यां चन्दनकल्पाश्चन्दनतुल्या ये ते तथा, भावना तु प्रतीतैव, तेषां 'वासीचन्दनकल्पानाम्,' 'उक्तं' अभिहितमाप्तै:, नान्येषाम् 'एतत्' सामायिकम्, केषामेवंविशेषणानामित्याह- 'महात्मनां' उत्तमसत्त्ववतामिति ॥१॥

## ઓગણત્રીસમું સામાયિક સ્વરૂપ નિરૂપણ અષ્ટક

(આ અષ્ટકમાં સર્વજ્ઞકથિત સામાયિક મોક્ષનું મુખ્ય કારણ છે, બૌદ્ધ પરિકલ્પિત કુશલચિત્ત મોક્ષનું કારણ નથી, બૌદ્ધ પરિકલ્પિત અપકારી વિષયક કુશલચિત્ત પણ શુભ નથી, ઇત્યાદિનું વર્ણન કરવામાં આવ્યું છે.)

**રાજ્યાદિનું દાન કરવાપૂર્વક જગદ્ગુરુએ સામાયિક સ્વીકાર્યું. આથી સામાયિકના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે—**

**શ્લોકાર્થ—** સર્વજ્ઞોક્ત સામાયિક મોક્ષનું પ્રધાન કારણ છે. આ સામાયિક વાસી-ચંદન કલ્પ મહાત્માઓને કહ્યું છે. (૧)

**ટીકાર્થ— સામાયિક—** સામાયિક શબ્દમાં 'સમ' અને 'આય' એવા બે શબ્દો છે. સમ એટલે રાગ-દ્વેષથી કરાયેલા વૈષમ્યથી રહિત ભાવ. સમનો આય=લાભ તે સમાય. સમાય એ જ સામાયિક, અર્થાત્ સમાય કહો કે સામાયિક કહો એ બંનેનો એક જ અર્થ છે. સામાયિક જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ છે. કહ્યું છે કે- **''સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનો માર્ગ (=ઉપાય) છે.''**

**च** શબ્દનો અવધારણ અર્થ હોવાથી સામાયિક જ મોક્ષનું કારણ છે, નહિ કે બીજાઓથી પરિકલ્પિત કુશલચિત્ત. અથવા **च** શબ્દ પુન: (=વિશેષ) અર્થવાળો છે. તેનો પ્રયોગ આ પ્રમાણે છે—પ્રસ્તુતમાં ભગવાને રાજ્યદાન-મહાદાન (=વર્ષીદાન) વગેરે દાનો કર્યા. પણ તેમાં સામાયિક મોક્ષનું કારણ છે.

**મોક્ષનું પ્રધાન કારણ છે—** સામાયિક મોક્ષનું કારણ છે એમ કહેવાથી જ્ઞાન વગેરે મોક્ષનું કારણ ન થાય એવા પૂર્વ પક્ષના ઉત્તરમાં કહે છે કે સામાયિક મોક્ષનું પ્રધાન=અનંતર કારણ છે. જ્ઞાન વગેરે સામાયિકનું કારણ હોવાના કારણે (પરંપરાએ) મોક્ષનું કારણ છે. કહ્યું છે કે-**''જ્ઞાનથી અધિકનું જ્ઞાન પૂજાય છે. જ્ઞાનથી ચારિત્ર**

---

४१. ज्ञानाधिकस्य ज्ञानं पूज्यते ज्ञानं प्रवर्तयति चरणमिति ।

**પ્રવર્તે છે.''** (ઉપદેશમાલા-૪૨૪).

**સર્વજ્ઞોક્ત**— શું સ્વમતિથી કલ્પિત સામાયિક મોક્ષનું કારણ છે ? ના, આથી કહે છે-સર્વજ્ઞોક્ત સામાયિક મોક્ષનું કારણ છે. અથવા સામાયિક મોક્ષનું કારણ છે એ કેવી રીતે જાણ્યું ? એમ કોઇ પૂછે તો કહે છે-સર્વજ્ઞે કહેલું છે=સર્વજ્ઞે રચેલું છે, માટે મોક્ષનું કારણ છે એમ જાણ્યું. મોક્ષ વગેરે અતીન્દ્રિય છે અને તે અતીન્દ્રિયભાવો સર્વજ્ઞના વચનથી જ જાણી શકાય તેવા છે. કારણ કે તેમાં અન્ય પ્રમાણની પ્રવૃત્તિ થઇ શકતી નથી. (અર્થાત્ સર્વજ્ઞવચન સિવાય અન્ય પ્રમાણથી અતીન્દ્રિય ભાવો શ્રદ્ધાનો વિષય બનતા નથી.)

**વાસી-ચંદન કલ્પ**— શું આ સામાયિક બધાઓને હોય ? ના, આથી કહે છે-વાસીચંદન કલ્પ જીવોને હોય છે. વાસી લુહારનું (=લુહારે બનાવેલું) ઉપકરણ વિશેષ છે. (વાસી=વાંસલો, કુહાડો). જે વાસીના જેવો હોય તે વાસી કહેવાય છે. અર્થાત્ વાસી એટલે અપકારકારી.

વાસીને (=અપકારકારીને) દુષ્કૃતોને છોલવામાં નિમિત્ત બનવાના કારણે ઉપકારી થવાથી ચંદન જેવો કલ્પે=માને તે વાસીચંદનકલ્પ. કહ્યું છે કે-**''જે મારા ઉપર અપકાર કરે છે તે પરમાર્થથી ઉપકાર કરે છે. જેમ શિરામોક્ષ (=નસો વીંધીને તેમાં ક્ષાર નાંખવો) વગેરે ઉપાયથી નિરોગી કરતો વૈદ્ય દેખાવથી અપકાર કરવા છતાં પરમાર્થથી ઉપકાર કરે છે તેમ.''**

અથવા વાસીમાં=અપકારીમાં ચંદનના કલ્પની=છેદની જેમ જે ઉપકાર કરનારો બને છે તે વાસીચંદનકલ્પ. (ચંદન છેદનાર વાસીને પણ સુગંધ આપે છે. ચંદનને છેદનાર વાસી ચંદન ઉપર અપકાર કરે છે, આમ છતાં ચંદન તેને સુગંધ આપીને તેના ઉપર ઉપકાર કરે છે.) કહ્યું છે કે-**''મહાપુરુષો અપકાર કરવામાં તત્પર પણ બીજા ઉપર ઉપકાર જ કરે છે. છોલાતું પણ ચંદન વાસીને સુગંધિત કરે છે.''**

અથવા વાસીમાં ચંદન જેવો કલ્પ=આચાર જેમનો છે તે વાસી ચંદનકલ્પ છે.

અથવા જેઓ વાસીમાં ચંદનકલ્પ=ચંદનતુલ્ય છે તે વાસીચંદનકલ્પ છે. ભાવના તો જાણેલી જ છે.

વાસીચંદનકલ્પ સિવાયના બીજાઓને સામાયિક ન હોય.

**મહાત્માઓને**— કયા વાસીચંદનકલ્પ મનુષ્યોને સામાયિક હોઇ એ પ્રશ્ન કોઇ કરે એથી કહે છે-મહાત્માઓને= ઉત્તમસત્ત્વવાળાઓને. વાસીચંદન-કલ્પ જે મનુષ્યો ઉત્તમસત્ત્વવાળા હોય તેમને સામાયિક હોય તેમ આપ્તોએ કહ્યું છે.(૧)

**सामायिकं फलतः स्वामितश्च निरूपितम्, अथ स्वरूपतस्तदेव निरूपयन्नाह, अथवा मोक्षाङ्गं सामायिकं यत आह—**

**निरवद्यमिदं ज्ञेय-मेकान्तेनैव तत्त्वतः ।**

**कुशलाशयरूपत्वात्, सर्वयोगविशुद्धितः ॥२॥**

**वृत्तिः— निर्गतमवद्याद्गर्हितकर्मणो हिंसादिक्रोधादेरिति निरवद्यं स्वरूपेण, इदं सामायिकम्, 'ज्ञेयं' ज्ञातव्यम्, एकान्तेनैव सर्वथैव न पुनरंशेनापि सावद्यम्, तथाविधस्य तस्याविशुद्धत्वात्, यदाह-पडिसिद्धेसु**

य देसे, विहिएसु य ईसिरागभावम्मि । सामाइयं असुद्धं, सुद्धं समयाए दोण्हंपि [४२]॥१॥'' 'तत्त्वतः' परमार्थतो न तूपचारवृत्त्या, उपचरितं ह्यवस्तु तत्कार्याकरणात्, कुत एतदेवमित्याह- 'कुशलाशयरूपत्वात्' शुभाभिसन्धिस्वभावत्वात्, तस्य सर्वथा निरवद्यत्वाभावे हि कुशलाशयत्वं न स्यादिति, ननु ज्ञानदर्शनयोरप्येतदस्तीत्याह- 'सर्वयोगविशुद्धितः' समस्तमनोवाक्कायव्यापारशुद्धिभावात्, न हि ज्ञानादिषु योगविशुद्धिरस्तीति ॥२॥

**ફળથી અને સ્વામીથી (સામાયિકનું ફળશું છે અને સામાયિક કોને હોય એ મુદ્દાને આશ્રયીને) સામાયિકનું નિરૂપણ કર્યું. હવે તેનું જ સ્વરૂપથી નિરૂપણ કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** સામાયિક એકાંતે જ પરમાર્થથી નિરવદ્ય જાણવું. કારણ કે સામાયિક શુભ પરિણામ રૂપ છે, અને તેમાં સર્વયોગોની વિશુદ્ધિ છે. (૨)

**ટીકાર્થ— એકાંતે જ—** સામાયિક એકાંતે જ=સર્વથા જ નિરવદ્ય છે, નહિ કે અંશથી પણ સાવદ્ય છે. કારણ કે અંશથી પણ સાવદ્ય હોય તેવું સામાયિક વિશુદ્ધ નથી. કહ્યું છે કે-**''પ્રતિષિદ્ધ પ્રાણાતિપાત વગેરેમાં અલ્પ પણ દ્વેષ હોય અને વિહિત તપ-જ્ઞાન વગેરેમાં અલ્પ પણ રાગભાવ હોય તો સામાયિક અશુદ્ધ=મલીન છે. પ્રતિષિદ્ધ અને વિહિત એ બંનેમાં સમભાવથી સામાયિક શુદ્ધ છે.''** (યોગશતક-૧૭)

**પરમાર્થથી—** સામાયિક પરમાર્થથી નિરવદ્ય છે, નહિ કે ઉપચારવૃત્તિથી. જે ઉપચારવાળું હોય તે વસ્તુ જ નથી. કારણ કે તે તેનું કાર્ય ન કરે.

**શુભપરિણામ રૂપ છે—** સામાયિક એકાંતે જ પરમાર્થથી નિરવદ્ય શાથી છે ? એવો કોઇ પ્રશ્ન કરે તો કહે છે- સામાયિક શુભપરિણામ રૂપ છે. જો સામાયિક સર્વથા નિરવદ્ય ન હોય તો શુભ પરિણામરૂપ ન હોય.

**સર્વયોગોની વિશુદ્ધિ છે—** જ્ઞાન-દર્શનમાં પણ શુભપરિણામ હોય એમ કોઇ કહે, આથી કહે છે- સામાયિકમાં સઘળાય મન-વચન-કાયાના વ્યાપારોની શુદ્ધિ હોય છે. જ્ઞાન વગેરેમાં (સર્વ) યોગોની વિશુદ્ધિ ન હોય. (૨)

***अथोक्तरूपसामायिकविलक्षणं शाक्यपरिकल्पितं कुशलचित्तं मोक्षाङ्गतया निषेधयन्नाह—***

**यत्पुनः कुशलं चित्तं, लोकदृष्ट्या व्यवस्थितम् ।**
**तत्तथौदार्ययोगेऽपि, चिन्त्यमानं न तादृशम् ॥३॥**

वृत्तिः— सामायिकं तावत् मोक्षाङ्गं, 'यत्पुनः' यदित्युद्देशे पुनरिति विशेषणार्थः, 'कुशलं' शुभम्, 'चित्तं' मनः, किं तत्त्वतः कुशलं नेत्याह- 'लोकदृष्ट्या' सामान्यजनदर्शनेन, लोकोत्तरजनदृष्ट्या तु तस्य विचार्यमाणस्य कुशलाभासतैव, 'व्यवस्थितं' प्रतिष्ठितम्, 'तत्' चित्तम्, 'तथे'ति तथाविधस्य सामान्यबुद्धिजनसम्मतस्य 'औदार्यस्य' उदारतायाः, 'योगः' सम्बन्धः 'तथौदार्ययोगः' तत्रापि, आस्तां

४२. प्रतिषिद्धेषु च देशे विहितेषु चेषद्रागभावे । सामायिकमशुद्धं शुद्धं समतायां द्वयोरपि ।

तदयोगेऽपि, 'चिन्त्यमानं' विचार्यमाणम्, 'न' नैव, 'तादृशं' सामायिकसदृशम्, यत्किल सामायिकादधिकतमतया सम्मतं परेषां तद्विचार्यमाणं तत्सममपि न भवतीति कथं तन्मोक्षाङ्गमिति ॥३॥

**હવે ઉક્તસ્વરૂપવાળા સામાયિકથી ભિન્ન બુદ્ધથી પરિકલ્પિત કુશલચિત્તનો મોક્ષના કારણ તરીકે નિષેધ કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** પણ જે સામાન્યજનની દૃષ્ટિએ શુભ તરીકે પ્રતિષ્ઠા પામેલ છે તે (બુદ્ધ પરિકલ્પિત) કુશલચિત્ત સામાન્ય બુદ્ધિવાળા લોકને સંમત એવી ઉદારતાથી યુક્ત હોવા છતાં વિચારણા કરતાં સામાયિક તુલ્ય નથી. (૩)

**ટીકાર્થ— સામાન્ય જનની દૃષ્ટિએ—** લોકોત્તર જનની દૃષ્ટિથી તો વિચારાતું તે કુશલાભાસ જ છે.

**ઉદારતાથી યુક્ત હોવા છતાં—** ઉદારતાથી યુક્ત ન હોય તેવા કુશલચિત્તની વાત દૂર રહી, કિંતુ ઉદારતાથી યુક્ત પણ કુશલચિત્ત સામાયિક તુલ્ય નથી. જે કુશલચિત્ત બીજાઓને સામાયિકથી પણ ચઢિયાતા તરીકે સંમત છે તે કુશલચિત્ત વિચારણા કરતાં સામાયિક તુલ્ય પણ થતું નથી. આથી તે મોક્ષનું કારણ કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય. (૩)

**अथ तदेव मायापुत्रीयकल्पितं कुशलचित्तमुपदर्शयन्नाह—**

**मय्येव निपतत्वेत-ज्जगदुश्चरितं यथा ।**
**मत्सुचरितयोगाच्च, मुक्तिः स्यात्सर्वदेहिनाम् ॥४॥**

वृत्तिः— 'मयि' इत्यनेन बोधिसत्त्व आत्मानं निर्दिशति, एवशब्दोऽवधारणे, तेन मय्येव न पुनः परत्र, 'निपततु' नितरामापद्यताम्, 'एतत्' प्रतिप्राणिप्रत्यक्षमक्षुण्णं (लक्षणं) सांसारिकासुखकारणम्, 'जगतां' प्राणिनां 'दुश्चरितं' हिंसादिनिबन्धनं कर्म 'जगदुश्चरितम्', 'यथा' इत्युपदर्शनार्थः, तस्य चैवं सम्बन्धः-इतत्तथौदार्ययोगेऽपि चिन्त्यमानं न तादृशं यथा एतन्मय्येवेत्यादि, तथा 'मत्सुचरितयोगात्' मदीयाहिंसादिसदनुष्ठानसम्बन्धात्, चशब्दः समुच्चये, 'मुक्तिः' मोक्षः, 'स्यात्' भवेत्, 'सर्वदेहिनां' सकलसंसारिणामिति कुशलचित्तमिति ॥४॥

**હવે [1]બુદ્ધપરિકલ્પિત તે જ કુશલચિત્તને બતાવતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જેમકે જગતના સઘળા પ્રાણીઓનું આ દુશ્ચરિત મારામાં જ આવી પડો, અને મારા સુચરિત્રના યોગથી સઘળા પ્રાણીઓની મુક્તિ થાઓ, આવું ચિત્ત કુશલચિત્ત છે. (૪)

**ટીકાર્થ— આ—** દરેક પ્રાણીમાં પ્રત્યક્ષ દેખાતું [2]અખંડ અને સાંસારિક દુઃખનું કારણ એવું દુશ્ચરિત.

**દુશ્ચરિત—** હિંસાદિનું કારણ બને તેવું આચરણ.

**મારામાં—** આનાથી બોધિસત્ત્વ પોતાનો નિર્દેશ કરે છે, અર્થાત્ મારામાં એટલે બોધિસત્ત્વમાં.

---

૧. બુદ્ધની માતાનું નામ માયા હતું. આથી માયાપુત્ર એટલે બુદ્ધ. માયાપુત્ર શબ્દથી સિદ્ધહેમ વ્યાકરણ ૬-૩-૧૬૦ સૂત્રથી તેનું આ "એ અર્થમાં **इय** પ્રત્યય આવેલ છે."

૨. જગતમાં દુશ્ચરિત સતત થતું હોવાથી અખંડ છે.

**મારા સુચરિત્રના યોગથી—** મારા અહિંસા વગેરે સદ્અનુષ્ઠાનના સંબંધથી.

**સઘળા પ્રાણીઓની—** સંસારી સઘળા પ્રાણીઓની. (૪)

**कस्मादिदं तथौदार्ययुक्तमपि न सामायिकसदृशं भवतीत्याह—**

**असम्भवीदं यद्वस्तु, बुद्धानां निर्वृतिश्रुतेः ।**
**सम्भवित्वे त्वियं न स्यात्, तत्रैकस्याप्यनिर्वृतौ ॥५॥**

वृत्तिः— 'असम्भवि' न सम्भवनस्वभावम्, 'इदं' अनन्तरोदितम्, 'यत्' यस्मात्, 'वस्तु' अन्यकृतकर्मणोऽन्यत्र सम्बन्धलक्षणोऽर्थः, कुत इत्याह- 'बुद्धानां' बोधिसत्त्वानाम्, 'निर्वृतिश्रुतेः' निर्वाणगमनश्रवणात् तदागमे । तथाहि- ''गङ्गावालुकासमा बुद्धा निर्वृता'' इति तदागमः । अयमभिप्रायो यदि जगद्दुश्चरितं बुद्धे न्यपतिष्यत्तदा तस्य निर्वाणं नाभविष्यत्, इष्यते च तत्तस्य, इति असम्भवीदं वस्तु, एतदेवाह- 'सम्भवित्वे तु' भवनस्वभावत्वे पुनरस्य वस्तुनः, 'इयं' श्रूयमाणा बुद्धनिर्वृतिः, 'न स्यात्' न भवेत्, 'तत्र' तेषु जगत्सु मध्ये, 'एकस्यापि' जगत आस्तां बहूनाम्, 'अनिर्वृत्तौ' अनिर्वाणे सति, अतोऽसंभवित्वादस्य वस्तुन एतत् कुशलचित्तं न सामायिकसदृशमिति ॥५॥

**સામાન્ય બુદ્ધિવાળા લોકને સંમત એવી ઉદારતાથી યુક્ત પણ કુશલચિત્ત સામાયિક તુલ્ય કેમ નથી તે કહે છે—**

**શ્લોકાર્થ—** અન્ય જીવે કરેલા કર્મનો અન્ય જીવમાં સંબંધ થાય એ બીના અસંભવિત છે. કારણ કે અનેક બુદ્ધો મુક્તિ પામ્યા છે એવું સંભળાય છે. જો આ બીના સંભવિત હોય તો જગતમાં એક પણ બુદ્ધની મુક્તિ ન થવાથી આ (=અનેક બુદ્ધોની મુક્તિ) ન થાય. (૫)

**ટીકાર્થ— સંભળાય છે—** તેમના આગમમાં સંભળાય છે. તે આ પ્રમાણે-**''ગંગાની રેતી (=રેતીના કણ) જેટલા બુદ્ધો નિર્વાણ પામ્યા છે.''**

**અહીં અભિપ્રાય આ છે—** જો જગતનું દુશ્ચરિત બુદ્ધમાં આવી પડ્યું હોત તો બુદ્ધની મુક્તિ ન થાત. બુદ્ધની મુક્તિ તેમને સંમત છે.

**એકપણ બુદ્ધની—** ઘણા બુદ્ધોની વાત દૂર રહો, એકપણ બુદ્ધની મુક્તિ ન થાય. જો એક પણ બુદ્ધની મુક્તિ ન થાય તો તેમના આગમમાં કહ્યા પ્રમાણે ગંગાની રેતી જેટલા બુદ્ધોની મુક્તિ કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય. આથી આ બીના અસંભવિત છે અને એથી કુશલચિત્ત સામાયિક તુલ્ય નથી. (૫)

**यदि सामायिकसदृशं नेदं चित्तं तर्हि किंविधमित्याह—**

**तदेवं चिन्तनं न्यायात् तत्त्वतो मोहसङ्गतम् ।**
**साध्ववस्थान्तरे ज्ञेयं, बोध्यादेः प्रार्थनादिवत् ॥६॥**

वृत्तिः— 'तत्' इति यस्मादसंभवीदं वस्तु तस्मात्, 'एवं' अनन्तरोदितं मय्येवेत्यादि, 'चिन्तनं'

ध्यानम्, 'न्यायात्' उपदर्शितादसम्भवित्वलक्षणात् नयात्, 'तत्त्वतः' परमार्थचिन्तायाम्, 'मोहसङ्गतं' मोहनीयकर्मोदयानुगतम्, मोहोदयाभावे हि समस्तविकल्पोत्कलिकावर्जितमेव चित्तं भवति, सरागावस्थायां पुनः स्यादप्येवंविधं चित्तं साधुता च तस्य स्यादित्याह- 'साधु' शोभनमनन्तरोदितं प्रणिधानम्, 'अवस्थान्तरे' सरागावस्थायां, न पुना रागक्षये, 'ज्ञेयं' ज्ञातव्यम्, किंवदित्याह- 'बोध्यादेः' आरोग्यबोधिलाभादेः, आदिशब्दात् समाधिवरपरिग्रहः, 'प्रार्थनादिवत्' याच्ञादि यथा, यदाह-''आरुग्गबोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु[43] ॥'' आदिशब्दादर्हदादिरागपरिग्रहः, यदाह-''अरिहंतेसु य रागो, रागो साहूसु बंभयारीसु । एस पसत्थो रागो, अज्ज सरागाण साहूणं[44] ॥१॥'' अयमभिप्रायः, यद्यपि प्रार्थनीयानामर्हतां वीतरागतया बोधिलाभादिदानमसम्भवि, तथापि रागवतो भगवत्सु भक्तिमावेदयतो भावोत्कर्षादिदं साध्वेव, आह च-''भासा असच्चमोसा, नवरं भत्तीइ भासिया एसा । न हु खीणपेज्जदोसा, देंति समाहिं च बोहिं च[45] ॥१॥'' यदि च मोहसंगतमप्यौदार्यमात्रापेक्षया मय्येवेत्यादिचिन्तनमनवद्यं स्यात्तदा एतदनवद्यतरं भविष्यति, यथा-''अन्धादीनां यदज्ञान-मास्तां मय्येव तत्सदा । मदीयज्ञानयोगाच्च, चैतन्यं तेषु सर्वदा ॥१॥'' अथैतदसंभवान्मोहसंगतमिति चेत्, इतरत्राप्यसंभवित्वं तुल्यमेवेति । अस्य च श्लोकस्य प्रथमपादमन्यथापि पठन्ति, तद्यथा 'एवं च चिन्तनं ह्येतत्' इति, अर्थस्तु प्रकट एवेति ॥६॥

**જો કુશલચિત્ત સામાયિક તુલ્ય નથી, તો કેવા પ્રકારનું છે તે કહે છે—**

**શ્લોકાર્થ—** તેથી આવું ચિંતન, પરમાર્થની વિચારણામાં ન્યાયથી મોહસંગત છે. આવું ચિંતન અન્ય અવસ્થામાં બોધિ આદિની પ્રાર્થના આદિની જેમ શુભ જાણવું. (૬)

**ટીકાર્થ— તેથી**-આ બીના અસંભવિત છે તેથી.

**આવું ચિંતન—** જગતના સઘળા પ્રાણીઓનું આ દુશ્ચરિત મારામાં આવી પડો ઇત્યાદિ ચિંતન.

**ન્યાયથી—** બતાવેલ અસંભવરૂપનીતિથી.

**મોહસંગત—** મોહનીયકર્મના ઉદયને અનુસરનારું છે. મોહના ઉદયના અભાવમાં ચિત્ત સર્વ વિકલ્પરૂપ તરંગોથી રહિત બને છે. પણ સરાગ અવસ્થામાં આવું ચિત્ત થાય પણ, અને તે શુભ પણ હોય. માટે અહીં કહે છે કે-અન્ય અવસ્થામાં અનંતર કહેલું પ્રણિધાન શુભ છે.

**અન્ય અવસ્થામાં—** સરાગ અવસ્થામાં, નહિ કે રાગક્ષયમાં.

**બોધિ આદિની—** આરોગ્ય-બોધિલાભ આદિની. આદિ શબ્દથી ''સમાધિવર''નું ગ્રહણ કરવું.

**પ્રાર્થના આદિની જેમ—** માગણી આદિની જેમ. કહ્યું છે કે **''આરોગ્ય[1], બોધિલાભ અને ઉત્તમ**

---

૪૩. आरोग्यबोधिलाभं समाधिवरमुत्तमं ददतु ॥

૪૪. अर्हत्सु च रागो रागः साधुषु ब्रह्मचारिषु । एष प्रशस्तो राग आर्य ! सरागाणां साधूनाम् ॥

૪૫. भाषा असत्यमृषा केवलं भक्त्या भाषितैषा । न खलु क्षीणप्रेमद्वेषा ददति समाधिं च बोधिं च ।

૧. આરોગ્ય એટલે મોક્ષ. બોધિલાભ એટલે જિનધર્મની પ્રાપ્તિ. સમાધિવર એટલે ભાવ-સમાધિ, ઉત્તમ એટલે સર્વોત્કૃષ્ટ. આ પદોનો સંપૂર્ણ અર્થ આ પ્રમાણે છે-મોક્ષ માટે જિનધર્મની પ્રાપ્તિને આપો, અર્થાત્ મોક્ષ માટે જિનધર્મની પ્રાપ્તિ કરાવો. અને જિનધર્મની પ્રાપ્તિ થાય એ માટે સર્વોત્કૃષ્ટ સમાધિને આપો. (ધર્મસંગ્રહ ગ્રંથના આધારે)

**સમાધિવરને** આપો.''

આદિ શબ્દથી અરિહંત આદિ ઉપર થતા રાગનું ગ્રહણ કરવું. કહ્યું છે કે, **''આ જે સરાગી સાધુઓનો અરિહંતો ઉપર થતો રાગ અને બ્રહ્મચારી સાધુઓ ઉપર થતો રાગ પ્રશસ્તરાગ છે.''** (સંબોધપ્રકરણ ૪-૩૩)

**અહીં આ અભિપ્રાય છે—** પ્રાર્થનીય અરિહંતો વીતરાગ હોવાથી બોધિલાભ આદિનું દાન આપે તે અસંભવિત છે. તો પણ ભગવંતો પ્રત્યે ભક્તિને જ જણાવતા (=પ્રગટ કરતા) ભાવોત્કર્ષના કારણે રાગી જીવનું આ પ્રણિધાન શુભ જ છે. કહ્યું છે કે, **''બોધિ આદિની પ્રાર્થના અસત્ય-અમૃષા (વ્યવહાર) ભાષા છે. જો કે જેના રાગ-દ્વેષ ક્ષીણ થઇ ગયા છે તેવા અરિહંતો સમાધિને અને બોધિને આપતા નથી, તો પણ આ ભાષા કેવળ ભક્તિથી બોલાયેલી છે.''** (આવ. નિ. ૧૦૯૫ લોગસ્સસૂત્રના અર્થાધિકારમાં)

જો મોહસંગત પણ આ પ્રણિધાન માત્ર ઉદારતાની અપેક્ષાએ નિર્દોષ હોય તો આ પ્રણિધાન તેનાથી અધિક નિર્દોષ થશે. જેમકે-**''અંધ વગેરે જીવોનું જે અજ્ઞાન છે તે સદા મારામાં જ થાઓ અને મારા જ્ઞાનના સંબંધથી તેમનામાં સદા ચૈતન્ય થાઓ.''**

જો આ પ્રણિધાનનો અસંભવ હોવાથી આ પ્રણિધાન મોહસંગત છે તો બીજા સ્થળે પણ અસંભવ તુલ્ય જ છે. (૬)

**यदपि व्याघ्रादेः स्वीकायमांसदानादावतिकुशलं चित्तं परेणेष्यते, तदपि सामायिकापेक्षया असाध्विति दर्शयन्नाह—**

**अपकारिणि सद् बुद्धि-र्विशिष्टार्थप्रसाधनात् ।**
**आत्मम्भरित्वपिशुना, तदपायानपेक्षिणी ॥७॥**

**वृत्तिः— 'अपकारिणि' अपकारकरणशीले बुद्धमांसभक्षके व्याघ्रादौ दुर्जने वा विषयभूते, सन् शोभनोऽयमिति बुद्धिर्मतिः 'सद्बुद्धिः', कुत इत्याह- विशिष्टार्थस्य पीडोत्पादकतया कर्मकक्षकर्त्तनसाहाय्यककरणतः सकलशरीरनिर्वृतिहेतुभूतसर्वज्ञतासौधशिखरारोहणलक्षणस्य प्रधानवस्तुनः प्रसाधनं निष्पादनं 'विशिष्टार्थप्रसाधनं' तस्मात्, या सद्बुद्धिः सा किंमित्याह- आत्मानमेव न परं बिभर्ति पुष्णातीति आत्मम्भरिस्तद्भावं पिशुनयति सूचयतीति 'आत्मम्भरित्वपिशुना', कुत एतदित्याह- यतोऽसौ तेषां बुद्धशरीरापकारिणां व्याघ्रादीनां येऽपाया दुर्गतिगमनादयस्तान्नापेक्षत इत्येवं शीला 'तदपायानपेक्षिणी', आत्मम्भरित्वं परापकारानपेक्षित्वं च महद् दूषणं महतामिति ॥७॥**

**અન્યથી (બુદ્ધથી) વાઘ આદિને સ્વમાંસદાન આદિમાં જે અતિકુશલચિત્ત મનાય છે તે પણ સામાયિકની અપેક્ષાએ શુભ નથી એમ જણાવતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** વિશિષ્ટ અર્થ સિદ્ધ કરવાના કારણે અપકારીમાં થતી સદ્બુદ્ધિ સ્વાર્થની સૂચક છે, અને તેના અપાયની અપેક્ષાથી રહિત છે. (૭)

**ટીકાર્થ— વિશિષ્ટ અર્થ સિદ્ધ કરવાના કારણે—** (અર્થ એટલે કાર્ય. કેવલજ્ઞાન એ સાધકનું વિશિષ્ટ કાર્ય છે. સ્વમાંસનું ભક્ષણ કરનાર વાઘ વગેરે કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં સહાયક બને છે. માટે વિશિષ્ટ અર્થને સિદ્ધ કરે છે. આથી અહીં ટીકાકાર કહે છે કે-) પીડા ઉત્પન્ન કરવા દ્વારા કર્મસમૂહને કાપવામાં સહાય કરવાથી સઘળા શરીરોના નાશમાં કારણ ભૂત એવા કેવલજ્ઞાનરૂપ મહેલના શિખરે ચઢવારૂપ મુખ્યકાર્યને સિદ્ધ કરવાના કારણે.

**અપકારીમાં—** અપકાર કરવાના સ્વભાવવાળા બુદ્ધમાંસભક્ષક વાઘ વગેરેમાં કે દુર્જનમાં.

**સદ્‌બુદ્ધિ**=આ સારો છે એવી મતિ.

**તેના અપાયની અપેક્ષાથી રહિત છે—** બુદ્ધશરીરના અપકારી વાઘ આદિના દુર્ગતિગમન વગેરે જે અપાયો=અનર્થો તેની અપેક્ષાથી રહિત છે.

સ્વાર્થ અને અન્યના અપકારમાં (=અપાયમાં) નિરપેક્ષતા એ મહાપુરુષોનું મોટું દૂષણ છે.

**સારાંશ—** સ્વશરીરનું માંસભક્ષણ કરનાર વાઘ આદિ કે પ્રહાર આદિ કરનાર દુર્જન વગેરે અપકારી કર્મક્ષયમાં સહાયક બનવા દ્વારા મોક્ષને મેળવી આપનાર હોવાથી અપકારી વિષે ''એણે આ ઠીક કર્યું, એ સારો છે.'' એ પ્રમાણે સદ્‌બુદ્ધિ પરમાર્થથી શુભ નથી. કારણ કે તેમાં કેવળ સ્વાર્થ જ રહેલો છે. અયોગ્ય કરવાથી એને કેવાં દુ:ખો થશે એનો તો એમાં જરાય વિચાર જ નથી. (૭)

**प्रकृतमुपसंहरन्नाह—**

**एवं सामायिकादन्य-दवस्थान्तरभद्रकम् ।**
**स्याच्चित्तं तत्तु संशुद्धे-र्ज्ञेयमेकान्तभद्रकम् ॥८॥**

**वृत्तिः— 'एवं' अनन्तरोक्तनीत्या मोहसङ्गतत्वाभिधानलक्षणया, 'सामायिकात्' मोक्षभवादिसकलभावोपेक्षालक्षणात्, 'अन्यत्' अपरं, ''मय्येव निपतत्वित्यादि'' परपरिकल्पितं ''आरुग्गबोहिलाभमित्यादि'' जैनकल्पितं च चित्तमिति योगः, अवस्थान्तरे योग्यताविशेषे एव साभिष्वङ्गतायामेव, न तु केवलित्वे, भद्रकं कल्याणं युक्तं 'अवस्थान्तरभद्रकम्', 'स्यात्' भवेत्, 'चित्तं' मनः, 'तत्तु' सामायिकं पुनः, 'संशुद्धेः' समस्तदोषवियोगाद्धेतोः, 'ज्ञेयं' ज्ञातव्यम्, 'एकान्तभद्रकं' सर्वथैव शोभनमिति ॥८॥**

**॥ एकोनत्रिंशत्तमाष्टकविवरणं समाप्तम् ॥२९॥**

**પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** આ પ્રમાણે સામાયિકથી અન્ય ચિત્ત અવસ્થાંતરમાં જ કલ્યાણયુક્ત બને, સામાયિક તો સંશુદ્ધિના કારણે સર્વથા જ શુભ (=કલ્યાણયુક્ત) જાણવું.

**ટીકાર્થ— આ પ્રમાણે—** આવું ચિત્ત મોહસંગત છે એમ અનંતર જે નીતિ કહી તે નીતિથી.

**સામાયિકથી—** મોક્ષ-ભવ વગેરે સર્વ ભાવોમાં ઉપેક્ષા (=માધ્યસ્થ્ય) રૂપ સામાયિકથી.

**અન્ય ચિત્ત**=જગતના સઘળા પ્રાણીઓનું આ દુશ્ચરિત મારામાં જ આવી પડો ઇત્યાદિ બૌદ્ધપરિકલ્પિત અને **आरुग्गबोहिलाभं** ઇત્યાદિ જૈન કલ્પિત ચિત્ત.

**અવસ્થાંતરમાં જ**— રાગવાળી અવસ્થામાં જ, નહિ કે કેવલીપણાની અવસ્થામાં.

**સંશુદ્ધિના કારણે**— સમસ્ત દોષોનો વિયોગ હોવાના કારણે. (૮)

## ૨૯મા સામાયિક નિરૂપણ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥३०॥ अथ त्रिंशत्तमं केवलज्ञानाष्टकम् ॥

**अनन्तरं सामायिकमेकान्तभद्रकमुक्तम्, तच्च कथम्, उच्यते, यतः—**

**सामायिकविशुद्धात्मा, सर्वथा घातिकर्मणः ।**
**क्षयात्केवलमाप्नोति, लोकालोकप्रकाशकम् ॥१॥**

**वृत्तिः— 'सामायिकेन' पूर्वोक्तस्वरूपेण विशुद्धो निर्मलीकृत 'आत्मा' स्वभावो यस्य स तथा, 'सामायिकं वा 'विशुद्धं' यस्य स तथा, स चासौ 'आत्मा' चेति, स इत्थम्भूतो जीवः, 'सर्वथा' सर्वैः प्रकारैः, घातयति जीवगुणान्नाशयतीत्येवंशीलं घाति, क्रियत इति कर्म, घाति च तत्कर्म चेति 'घातिकर्म' ज्ञानावरणदर्शनावरणमोहनीयान्तरायाख्यं तस्य, 'क्षयात्', विनाशात्, किमित्याह- 'केवलं' केवलज्ञानं केवलदर्शनं च, 'आप्नोति' लभते, किम्भूतमित्याह- लोकालोकौ । ''धर्मादीनां वृत्ति-र्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम् । तैर्द्रव्यैः सह लोक-स्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥१॥'' इत्येवमुक्तलक्षणौ प्रकाशयतीति ''लोकालोकप्रकाशकम्'' इति ॥१॥**

## ત્રીસમું કેવલજ્ઞાન અષ્ટક

(કેવળજ્ઞાનનું સ્વરૂપ, ફળ, સ્વામી વગેરેનું નિરૂપણ કરીને કેવળજ્ઞાન આત્મામાં જ રહીને સર્વ વસ્તુને પ્રકાશિત કરે છે એની સિદ્ધિ અહીં કરવામાં આવી છે.)

**સામાયિક સર્વથા જ શુભ છે એમ હમણાં કહ્યું સામાયિક સર્વથા જ શુભ કેમ છે ? તે કહેવાય છે. સામાયિક સર્વથા જ શુભ એટલા માટે છે કે—**

**શ્લોકાર્થ**— સામાયિકવિશુદ્ધાત્મા ઘાતીકર્મોના સર્વથા ક્ષયથી લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન-કેવલદર્શનને પામે છે. (૧)

**ટીકાર્થ— સામાયિકવિશુદ્ધાત્મા**— સામાયિકથી નિર્મલ કરાયું છે (આત્મા=) સ્વરૂપ જેનું તે સામાયિકવિશુદ્ધાત્મા. અથવા સામાયિક વિશુદ્ધ છે જેનું તે સામાયિકવિશુદ્ધ. સામાયિક વિશુદ્ધ એવો જે આત્મા તે સામાયિકવિશુદ્ધાત્મા.

**ઘાતીકર્મોના**— જીવના ગુણોનો ઘાત કરે તે ઘાતી. જ્ઞાનાવરણ-દર્શનાવરણ-મોહનીય-અંતરાય નામના

ચાર ઘાતી કર્મોના.

**લોકાલોક પ્રકાશક— "ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનું જ્યાં અવસ્થાન હોય તે દ્રવ્યોથી સહિત તે ક્ષેત્ર લોક કહેવાય છે. તેનાથી વિપરીત અલોક નામનું ક્ષેત્ર છે."** આવા લોક-અલોકને પ્રકાશિત કરે તે લોકાલોક પ્રકાશક. (૧)

**सामायिकेन विशुद्धस्य विशुद्धसामायिकस्य वा जीवस्य केवलावाप्तिर्भवतीत्युक्तमेतदेव भावयन्नाह—**

**ज्ञाने तपसि चारित्रे, सत्येवास्योपजायते ।**
**विशुद्धिस्तदतस्तस्य, तथाप्राप्तिरिहेष्यते ॥२॥**

**वृत्तिः— 'ज्ञाने' ज्ञेयप्रकाशके दीपकल्पे श्रुतादौ, ज्ञानग्रहणात् सम्यक्त्वमपि गृहीतं द्रष्टव्यं, तद्विहीनस्य ज्ञानस्य अज्ञानत्वात्, तथा 'तपसि' पुराणकर्मकचवरशोधके कर्मकरपुरुषकल्पेऽनशनादौ, तथा 'चारित्रे' च अभिनवकर्मरेणुनिवारणफले छिद्रस्थगनकल्पे संयमे, चशब्दो लुप्तोऽत्र द्रष्टव्यः, ज्ञानादिग्रहणं चेह एतस्य त्रयस्यात्मशुद्धाववन्ध्यकारणत्वेनाभिहितत्वात्, तथाहि-''णाणं पयासयं सोहओ तवो संजमो य गुत्तिकरो । तिण्हंपि समाओगे, मुक्खो जिणसासणे भणिओ[४६] ॥१॥'' एतस्मिन् त्रये, 'सत्येव' विद्यमान एव, 'अस्य' आत्मनः सामायिकस्य वा समभावरूपस्य 'उपजायते' भवति, कासौ 'विशुद्धिः' घातिकर्ममलविलयलक्षणा यथाख्यातरूपा वा, ततश्च ज्ञानतपश्चारित्राणां सामायिकस्वभावत्वात्सामायिकेन विशुद्धौ भवत्यात्मा ज्ञानादिभिर्वा सामायिकं विशुद्धयतीति, अनेन च ''सामायिकविशुद्धात्मा'' इति भावितम्, अथ शेषभावनायाह- 'तत्' इति यत एवं तत्तस्मात्, 'अतो' ज्ञानादित्रयरूपसामायिककृतजीवविशुद्धेः सामायिकविशुद्धेर्वा सकाशात्, 'तस्य' केवलज्ञानस्य, 'तथा' तेन प्रकारेण घातिकर्मक्षयलक्षणेन मोहक्षयलक्षणेन वा, 'प्राप्तिः' लाभः, 'इह' प्रक्रमे, 'इष्यते' तत्त्ववेदिभिरभिमन्यत इति ॥२॥**

**સામાયિકવિશુદ્ધ અથવા વિશુદ્ધ સામાયિક વાળા જીવને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય એમ કહ્યું. આ જ વિષયને વિચારતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જ્ઞાન-તપ-ચારિત્ર એ ત્રણ હોય તો જ આની વિશુદ્ધિ થાય. માટે પ્રસ્તુતમાં આનાથી કેવલજ્ઞાનની તે રીતે પ્રાપ્તિ મનાય છે. (૨)

**ટીકાર્થ— જ્ઞાન—** જ્ઞેયવસ્તુનું પ્રકાશક અને દીપકસમાન શ્રુત વગેરે જ્ઞાન છે. જ્ઞાનના ગ્રહણથી સમ્યક્ત્વ પણ ગ્રહણ કરાયેલું જાણવું. કારણ કે સમ્યગ્દર્શનથી રહિત જ્ઞાન અજ્ઞાન છે.

**તપ—** જૂના કર્મરૂપ કચરાને દૂર કરનાર સેવક પુરુષ સમાન અનશન વગેરે તપ છે.

**ચારિત્ર—** નવીન કર્મરેણુને રોકવાના ફળવાળું અને છિદ્રને ઢાંકવા સમાન સંયમ એ ચારિત્ર છે. આ ત્રણે આત્મવિશુદ્ધિમાં અવંધ્યકારણ તરીકે કહ્યા હોવાથી અહીં જ્ઞાનાદિ ત્રણનું ગ્રહણ કર્યું છે. જ્ઞાનાદિ ત્રણ

४६. ज्ञानं प्रकाशकं शोधकं तपः संयमश्च गुप्तिकरः । त्रयाणामपि समायोगे मोक्षो जिनशासने भणितः ॥१॥

આત્મશુદ્ધિમાં અવંધ્યકારણ છે. તે આ પ્રમાણે-"**જ્ઞાન જીવાદિ વસ્તુઓને પ્રકાશિત કરે છે. તપ જૂનાં કર્મોને દૂર કરે છે. ચારિત્ર નવા આવતાં કર્મોને રોકે છે. આ ત્રણેના સમાયોગમાં=આ ત્રણે ભેગા થવાથી જિનશાસનમાં મોક્ષ કહ્યો છે.**" (વિશેષાવશ્યક-૧૧૬૯)

**આની**— આની એટલે આત્માની, અથવા સમભાવરૂપ સામાયિકની.

**વિશુદ્ધિ**— ઘાતીકર્મના નાશરૂપ વિશુદ્ધિ, અથવા યથાખ્યાત (ચારિત્ર) રૂપ વિશુદ્ધિ.

આનાથી એ નિશ્ચિત થયું કે જ્ઞાન-તપ-ચારિત્ર સામાયિક સ્વરૂપ હોવાથી સામાયિકથી આત્મા વિશુદ્ધ છે, અથવા જ્ઞાનાદિથી સામાયિક વિશુદ્ધ થાય છે. આનાથી (પહેલા શ્લોકમાં કહેલ) "સામાયિક વિશુદ્ધાત્મા" એ પદની ભાવના કરી.

હવે (પહેલા શ્લોકના) બાકીના પદોની ભાવના માટે (ઉત્તરાર્ધમાં) કહે છે-માટે પ્રસ્તુતમાં આનાથી કેવળજ્ઞાનની તે રીતે પ્રાપ્તિ મનાય છે.

**આનાથી**— જ્ઞાનાદિ ત્રણરૂપ સામાયિકથી કરાયેલ જીવવિશુદ્ધિથી, અથવા સામાયિકની વિશુદ્ધિથી.

**તે રીતે**— ઘાતી કર્મોના ક્ષયથી કે મોહનીયના ક્ષયથી.

**મનાય છે**— તત્ત્વના જાણકારોથી મનાય છે. (૨)

**अथ किं स्वरूपं केवलज्ञानमित्याह—**

**स्वरूपमात्मनो ह्येतत्, किन्त्वनादिमलावृतम् ।**
**जात्यरत्नांशुवत्तस्य, क्षयात्स्यात्तदुपायतः ॥३॥**

**वृत्तिः— 'स्वरूपं' स्वभाव एव, अवधारणार्थस्य हिशब्दस्येह सम्बन्धात्, कस्येत्याह- 'आत्मनो' जीवस्य, 'एतत्' केवलज्ञानम्, एतेन चेदमुक्तं भवति- न प्रकृतिवियोगमात्रं केवलज्ञानं तस्याभावरूपत्वात्, नापि आत्मनो भिन्नं पुरुषान्तरज्ञानवदसंवेदनप्रसङ्गात्, नापि समवायवशात् तत्र वर्त्तत इति समवायकृतो विशेषः, तस्यैकत्वेन सर्वत्र तद्वर्त्तनप्रसङ्गादिति, ननु यद्येतदात्मनः स्वरूपं तत्कुतः सदा नोपलभ्यत इत्यत्राह- 'किन्तु' केवलं अनादिः अप्राथम्यो यो मलो ज्ञानावरणादिकर्मरूपः तेनावृतमाच्छादितं 'अनादिमलावृतं' इति कृत्वा सदा नोपलभ्यते, अनादित्वं च कर्ममलस्य प्रवाहापेक्षया, सादित्वे चास्य मुक्तस्येव बन्धाभावः स्यादिति, किंवदित्याह- जात्यं प्रधानं यद्रत्नं माणिक्यं मरकतादि तस्यांशवः किरणास्त इव 'जात्यरत्नांशुवत्,' 'तस्य' अनादिमलस्य, 'क्षयात्' विनाशात्, 'स्यात्' सञ्जायते, 'तत्' केवलज्ञानम्, मलक्षय एव कथं स्यादित्याह- 'उपायतः' उपायाद्धेतोः सामायिकाभ्यासलक्षणात्, नन्वनादित्वादेव न युक्तोऽयं कर्ममलवियोगो व्योमात्मनोरिव, नैवम्, अनादित्वेऽपि रत्नांशुमलसंयोगस्योपायतः क्षयदर्शनात्, आह च- "जह वेह कंचणोवल-संजोगोऽणाइसंतइगओ वि । वोच्छिज्जइ सोवायं, तह जोगो जीवकम्माणं ति[४७]॥१॥" ॥३॥**

४७. यथा वेह काञ्चनोपलसंयोगोऽनादिसंततिगतोऽपि । व्यवच्छिद्यते सोपायं तथा योगो जीवकर्मणामिति ।

**હવે કેવલજ્ઞાન કેવા સ્વરૂપવાળું છે તે કહે છે—**

**શ્લોકાર્થ—** કેવળજ્ઞાન આત્માનું સ્વરૂપ=સ્વભાવ જ છે. પણ શ્રેષ્ઠ રત્નનાં કિરણોની જેમ અનાદિમલથી આવરાયેલું છે. ઉપાય વડે અનાદિમલના ક્ષયથી કેવલજ્ઞાન થાય. (૩)

**ટીકાર્થ—** કેવળજ્ઞાન આત્માનું સ્વરૂપ=સ્વભાવ છે એ કથનથી આ કહેલું થાય છે-કેવલજ્ઞાન માત્ર પ્રકૃતિના વિયોગરૂપ નથી. કારણ કે પ્રકૃતિનો વિયોગ અભાવરૂપ છે. કેવલજ્ઞાન આત્માથી ભિન્ન પણ નથી. કેવલજ્ઞાન આત્માથી ભિન્ન હોય તો અન્યપુરુષના જ્ઞાનની જેમ બોધાભાવનો પ્રસંગ આવે.

**પૂર્વપક્ષ—** સમવાયથી કરાયેલ વિશિષ્ટતા છે. એથી સમવાય સંબંધથી જ્ઞાન આત્મામાં રહે છે.

**ઉત્તરપક્ષ—** સમવાય એક હોવાથી બધામાં સમવાયને રહેવાનો પ્રસંગ આવે, અર્થાત્ એક આત્માને જે જ્ઞાન થાય તે જ્ઞાન બધાને થવાનો પ્રસંગ આવે. કારણ કે સમવાય એક હોવાથી બધા આત્મામાં એક સરખો રહેલો છે.

**અનાદિમલથી આવરાયેલું છે—** જો કેવલજ્ઞાન આત્માનું સ્વરૂપ છે તો તે સદા કેમ પ્રાપ્ત થતું નથી ? એ પ્રશ્નના જવાબમાં અહીં કહે છે-અનાદિ એવો જે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ મળ, તેનાથી આવરાયેલું છે. આથી સદા પ્રાપ્ત થતું નથી. કર્મમલનું અનાદિપણું પ્રવાહની અપેક્ષાએ છે. જો કર્મમલ સાદિ (=આદિવાળું) હોય તો મુક્તની જેમ કોઇપણ જીવનો બંધ ન થાય.

**શ્રેષ્ઠ રત્નનાં કિરણોની જેમ—** મરકત વગેરે શ્રેષ્ઠ રત્નનાં કિરણો અનાદિથી આવરાયેલાં છે. (પછી ઝવેરી મૃત્પુટપાક, ક્ષાર વગેરે ઉપાયોથી રત્નનાં કિરણોને પ્રગટ કરે છે.)

**ઉપાય વડે—** સામાયિકના અભ્યાસરૂપ ઉપાયથી. (ઉપાયથી=હેતુથી)

**પૂર્વપક્ષ—** આત્માની સાથે કર્મમલનો સંબંધ અનાદિથી હોવાથી આત્માને કર્મમલનો વિયોગ યુક્ત નથી. જેમકે આત્મા અને આકાશનો સંબંધ અનાદિ હોવાથી ક્યારેય એ સંબંધનો અભાવ થતો નથી.

**ઉત્તરપક્ષ—** તમે કહો છો તેમ નથી. રત્નકિરણો અને મલનો સંયોગ અનાદિ હોવા છતાં ઉપાયથી ક્ષય જોવામાં આવે છે. કહ્યું છે કે-**"જેવી રીતે સુવર્ણ-પથ્થરનો સંયોગ પ્રવાહથી અનાદિથી થયેલો હોવા છતાં અગ્નિતાપ આદિ ઉપાયથી તે સંયોગનો વિચ્છેદ થાય છે, તેમ જીવકર્મનો સંયોગ પ્રવાહથી અનાદિથી થયેલો હોવા છતાં તપ-સંયમ વગેરે ઉપાયથી તે સંયોગનો વિચ્છેદ થાય છે." (વિશેષાવશ્યક- ૧૮૧૯)** (૩)

**नन्वात्मरूपत्वेऽपीदं, केवलज्ञानं कथं लोकालोकप्रकाशकमित्यत आह—**

**आत्मनस्तत्स्वभावत्वा-ल्लोकालोकप्रकाशकम् ।**
**अत एव तदुत्पत्ति-समयेऽपि यथोदितम् ॥४॥**

**वृत्तिः—** 'आत्मनः' जीवस्य, तत् लोकालोकप्रकाशनं स्वभावोऽस्य स तद्भावस्तत्त्वं तस्मात् 'तत्स्वभावत्वात्', 'लोकालोकप्रकाशकं' सकलपदार्थसार्थाविर्भासकमित्यर्थः, केवलमिति प्रकृतम्, ननूत्पत्तिसमये तद्यथोक्तप्रकाशं न सकृत्तमुत्पद्यमानत्वात् दीपादिरिव, दीपो हि क्रमेण स्वप्रकाश्यं प्रकाशयती-

त्यत आह- 'अत एव' इति यत एव तत् लोकालोकप्रकाशकस्वभावात्मरूपं अत एव कारणात्, 'तत्' केवलज्ञानम्, 'उत्पत्तिसमयेऽपि' प्रादुर्भावक्षणेऽपि, आस्तामुत्पत्तिसमयानन्तरम्, 'यथोदितं' उक्तस्वरूपमेव युगपल्लोकालोकप्रकाशकमित्यर्थ इति ॥४॥

**કેવલજ્ઞાન આત્મ સ્વરૂપ હોવા છતાં લોકાલોક પ્રકાશક કેવી રીતે છે તે કહે છે—**

**શ્લોકાર્થ—** આત્માનો લોકાલોકને પ્રકાશિત કરવાનો સ્વભાવ જ છે. આથી જ કેવલજ્ઞાન ઉત્પત્તિના સમયમાં પણ એકી સાથે લોકાલોકને પ્રકાશિત કરનારું છે. (૪)

**ટીકાર્થ— પૂર્વપક્ષ—** કેવલજ્ઞાન ઉત્પત્તિના સમયમાં લોકાલોકને પ્રકાશિત કરે તે યુક્ત નથી. કારણ કે ઉત્પત્તિના સમયમાં તે ઉત્પન્ન થઇ રહ્યો હોવાથી ઉત્પન્ન થઇ રહેલા દીપકની જેમ વસ્તુને પ્રકાશિત ન કરી શકે. દીપક ક્રમથી સ્વપ્રકાશ્ય વસ્તુને પ્રકાશિત કરે છે.

**ઉત્તરપક્ષ—** કેવલજ્ઞાન લોકાલોકને પ્રકાશિત કરવાના સ્વભાવ સ્વરૂપ છે, અર્થાત્ કેવલજ્ઞાનનો લોકાલોકને પ્રકાશિત કરવાનો સ્વભાવ છે. (જેનો જેવો સ્વભાવ હોય તે તે પ્રમાણે કરે જ.) આથી જ ઉત્પત્તિના સમયમાં પણ લોકાલોકને પ્રકાશિત કરે છે. ઉત્પત્તિના સમય પછી તો પ્રકાશિત કરે જ છે એ તો દૂર રહો, કિંતુ ઉત્પત્તિના સમયમાં પણ પ્રકાશિત કરે છે. (૪)

**अथेदं किं प्राप्य विषयं परिच्छिनत्ति ? अप्राप्य वा ?, अप्राप्येति ब्रूमः, कथम् ?, यतः—**

**आत्मस्थमात्मधर्मत्वात्, संवित्त्या चैवमिष्यते ।**
**गमनादेरयोगेन, नान्यथा तत्त्वमस्य तु ॥५॥**

वृत्तिः— आत्मनि जीवे शरीरपरिमाणे तिष्ठतीति 'आत्मस्थम्' शरीरपरिमाणता चास्य तत्रैव तद्गुणोपलब्धेः, कुत आत्मस्थं तदित्याह-'आत्मधर्मत्वात्' जीवपर्यायत्वात् । यो हि यस्य धर्मः स तत्रैव वर्तते यथा घटे रूपम्, आत्मधर्मश्च केवलज्ञानमिति । न केवलमात्मधर्मत्वात्तदात्मस्थं, 'संवित्त्या च' स्वसंवेदनाच्च हेतोः, तथाहि यद्यत्र संवेद्यते तत्तत्रैव वर्तते यथा घटे रूपम्, संवेद्यते चात्मनि ज्ञानमित्यात्मस्थज्ञानसिद्धिः, तथा यद्यज्ज्ञानं तत्तदात्मस्थं यथा रूपज्ञानं, ज्ञानं च केवलमिति, 'एवं' अनेन प्रकारेणात्मस्थतालक्षणेन, 'इष्यते' अभिमन्यते, केवलमिति प्रक्रमः, तदेवं संवदेनात्प्रणालिकयात्मस्थकेवलसिद्धिः, अथवा 'आत्मस्थं' केवलम्, 'आत्मधर्मत्वात्', अथ आत्मधर्मत्वमेव कथमित्याह- 'संवित्त्या' पुनः, 'एवं' आत्मधर्मत्वेन, 'इष्यते' केवलज्ञानम्, संवेद्यते ह्यात्मधर्मतया ज्ञानं, ज्ञानं च केवलमित्यात्मधर्मस्तदित्यात्मधर्मत्वलक्षणहेतुसिद्धिः, तथा 'गमनादेः' केवलज्ञानस्य ज्ञेयदेशे गत्यादेः, आदिशब्दात् ज्ञेयदेशं गत्वा पुनः स्वस्थानागमनग्रहः, 'अयोगेन' अयुज्यमानत्वेन, केवलस्य हि ज्ञेयदेशगमने आत्मनो निःस्वभावत्वं स्यात् तत्स्वरूपत्वादात्मनः, केवलस्य चात्मधर्मत्वं न स्यात् आत्मविरहेऽपि भावादिति, किमित्यत आह- 'नान्यथा' नैवान्येन प्रकारेण प्राप्य परिच्छेदतोऽनात्मस्थतालक्षणेन, 'तत्त्वं' तत्स्वरूपम्, 'अस्य' केवलस्य, 'तु'

शब्दोऽवधारणे, तस्य च प्रयोगो दर्शित एव, ततो यदभिधीयते- ''अज्जवि धावइ नाणं, तहवि अलोओ अणंतओ चेव । अज्जवि न कोइ एवं, पावइ सव्वण्णुयं जीवो ॥१॥ त्ति[४८] ॥'' तन्निरस्तमिति, अथवा 'गमनादेरयोगेनात्मस्थं' तदिति योग:, 'अन्यथा' इति गमनादिसद्भावे पुन:, 'तत्त्वं' केवलत्वं, 'अस्य' न 'स्यात्', केवलज्ञानं हि सकलज्ञानमुच्यते अलोकश्चानन्तत्वेन गमनत: सकलो ज्ञातुमशक्य:, 'तुशब्द:' पुनरर्थो योजितश्चेति ॥५॥

**પ્રશ્ન—** કેવલજ્ઞાન (સૂર્ય આદિના કિરણોની જેમ) વસ્તુને પ્રાપ્ત કરીને=સ્પર્શીને વસ્તુને પ્રકાશિત કરે છે કે આત્મામાં રહીને (ચશ્મા આદિની જેમ) દૂરથી જ વસ્તુને પ્રકાશિત કરે છે ?

**ઉત્તર—** આત્મામાં રહીને દૂરથી જ વસ્તુને પ્રકાશિત કરે છે એમ અમે કહીએ છીએ.

**પ્રશ્ન—** કેવી રીતે ? (=કયા કારણથી ?)

**ઉત્તર—** કારણ કે—

**શ્લોકાર્થ—** કેવલજ્ઞાન આત્મધર્મ હોવાથી આત્મસ્થ (=આત્મામાં જ રહેનારું) છે અને અનુભવથી **(एवं=)** આત્મામાં રહે છે એમ મનાય છે. ગતિ આદિ ઘટતું ન હોવાથી **(अस्य=)** કેવલજ્ઞાનનું **(तत्त्वं=)** સ્વરૂપ **(अन्यथा=)** બીજી રીતે **(न तु=)** નથી જ. (૫)

**ટીકાર્થ— આત્મસ્થ—** શરીરપરિમાણ આત્મામાં રહે તે આત્મસ્થ. આત્મા શરીરપરિમાણ છે. કારણ કે શરીરમાં જ આત્મગુણોનું જ્ઞાન થાય છે.

**આત્મધર્મ હોવાથી—** કેવલજ્ઞાન આત્મસ્થ કેમ છે ? તે કહે છે-કેવળજ્ઞાન આત્મધર્મ=જીવપર્યાય હોવાથી આત્મસ્થ છે. જે જેનો ધર્મ હોય તે ત્યાં જ રહે. જેમકે ઘટમાં રૂપ. કેવલજ્ઞાન આત્મધર્મ છે.

**અનુભવથી—** કેવળજ્ઞાન કેવળ આત્મધર્મ હોવાથી આત્મામાં રહે છે એવું નથી, કિંતુ સ્વાનુભવરૂપ હેતુથી કેવળજ્ઞાન આત્મામાં રહે છે. તે આ પ્રમાણે-જે જ્યાં અનુભવાય તે ત્યાં જ હોય. જેમ કે ઘટમાં રૂપ. જ્ઞાન આત્મામાં અનુભવાય છે. આથી જ્ઞાન આત્મસ્થ છે એની સિદ્ધિ થઇ. તથા જે જે જ્ઞાન છે તે તે આત્મસ્થ છે. જેમકે રૂપજ્ઞાન. કેવલ એ જ્ઞાન છે. આ પ્રમાણે અનુભવથી અને પરંપરાથી કેવલ (જ્ઞાન) આત્મસ્થ છે એની સિદ્ધિ થઇ.

અથવા શ્લોકના પૂર્વાર્ધનો અર્થ આ પ્રમાણે છે-કેવલ આત્મસ્થ છે. કેમકે તે આત્મધર્મ છે. હવે કેવલ આત્મધર્મ કેમ છે તે કહે છે-સ્વાનુભવથી કેવલજ્ઞાન **(एवं=)** આત્મધર્મ છે એમ મનાય છે. જ્ઞાન આત્મધર્મરૂપે અનુભવાય છે. કેવલ એ જ્ઞાન છે. આથી તે કેવલ આત્મધર્મ છે. આ પ્રમાણે આત્મધર્મરૂપ હેતુની સિદ્ધિ થઇ.

**(હવે શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે છે— )**

**ગતિ આદિ ઘટતું ન હોવાથી—** કેવલજ્ઞાન જ્ઞેયવસ્તુના પ્રદેશમાં જાય તે ઘટતું નથી. આદિ શબ્દથી જ્ઞેયવસ્તુના પ્રદેશમાં જઇને ફરી સ્વસ્થાને આવે તેનું ગ્રહણ કરવું, અર્થાત્ જ્ઞેયવસ્તુના પ્રદેશમાં જઇને ફરી સ્વસ્થાને આવે તે ઘટતું નથી એમ આદિ શબ્દથી સમજવું. કારણ કે જો કેવલજ્ઞાન જ્ઞેયવસ્તુના પ્રદેશમાં જાય તો આત્મા જ્ઞાનના સ્વભાવથી રહિત થાય, અને આત્મા જ્ઞાનસ્વભાવવાળો છે. તથા કેવળજ્ઞાન આત્માનો ધર્મ ન થાય.

૪૮. अद्यापि धावति ज्ञानं तथापि अलोकोऽनन्तक एव । अद्यापि न कोऽपि एवं प्राप्नोति सर्वज्ञत्वं जीव इति ।

કારણકે આત્મા વિના પણ રહે છે.

**અન્યથા નથી જ**— જ્ઞેયવસ્તુના પ્રદેશમાં જઇને જાણે અને એથી આત્મામાં ન રહે તેવું સ્વરૂપ કેવલ (જ્ઞાન)નું નથી જ.

તેથી "**આજે પણ જ્ઞાન દોડી રહ્યું છે. પણ અલોક અનંત છે. એ પ્રમાણે આજે પણ કોઇ જીવ સર્વજ્ઞપણાને (=કેવલજ્ઞાનને) પામતો નથી.**" એમ જે કહેવાય છે તેનું ખંડન કર્યું.

અથવા શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે છે-કેવલ (જ્ઞાન) જ્ઞેયવસ્તુના પ્રદેશમાં જઇને વસ્તુને જાણે એ ઘટતું ન હોવાથી કેવલ (જ્ઞાન) આત્મસ્થ છે.

(**अन्यथा**અન્યથા=) જો કેવલ(જ્ઞાન) જ્ઞેયવસ્તુના પ્રદેશમાં જઇને વસ્તુને જાણે તો (**अस्य=**) કેવલ (જ્ઞાન)નું (**तत्त्वं=**) કેવલજ્ઞાનપણું ન જ રહે. કેવલજ્ઞાન સકલજ્ઞાન (=સઘળી વસ્તુનું જ્ઞાન) કહેવાય છે. અલોક અનંત હોવાથી ત્યાં જઇને સકલ અલોકને જાણવાનું અશક્ય છે. આમ સઘળી ય વસ્તુને ન જાણવાથી કેવળજ્ઞાનનું કેવળજ્ઞાનપણું ન રહે. (૫)

**अथ यदीदमात्मस्थमेव तदा कथं चन्द्रादिप्रभोपमानमेतदभिधीयते । "स्थितः शीतांशुवज्जीवः, प्रकृत्या भावशुद्धया । चन्द्रिकावच्च विज्ञानं, तदावरणमभ्रवत् ॥१॥" इति । अत्रोत्तरमाह—**

**यच्च चन्द्रप्रभाद्यत्र, ज्ञातं तज्ज्ञातमात्रकम् ।**
**प्रभा पुद्गलरूपा यत्, तद्धर्मो नोपपद्यते ॥६॥**

**वृत्तिः— आत्मस्थमेवेदं तावत्केवलज्ञानं 'यच्च' यत्पुनः, 'चन्द्रप्रभादि' शीतांशुरश्मिप्रभृतिकं, आदिशब्दादादित्यदीपादिपरिग्रहः, 'अत्र' केवलज्ञानस्वरूपे ज्ञापयितव्ये प्रकाशमात्रसाधर्म्यात्, 'ज्ञातं' ज्ञापकम्, तत्किमित्याह- ज्ञातमेव ज्ञातमात्रं, तदेव चावगीतं 'ज्ञातमात्रकं' विशिष्टसाधर्म्याभावात्, कुत एतदेवमित्याह- 'प्रभा' दीप्तिः 'पुद्गलरूपा' परमाणुप्रचयस्वभावा, 'यत्' यस्मात् कारणात् ततोऽसौ प्रभा 'तद्धर्मः' चन्द्रादिपर्यायः, 'नोपपद्यते' न घटते, न हि पुद्गलानां धर्मतास्ति, द्रव्यत्वात्, तदेवं केवलस्य जीवधर्मत्वात् प्रभायाश्चाधर्मत्वात् न सर्वसाधर्म्यं ततो ज्ञातमात्रकमेवैतदिति, अथवा प्रभा पुद्गलरूपा यत्तश्च प्रभाकेवलयोर्विशिष्यसाधर्म्याभ्युपगमे 'तद्' इति केवलज्ञानं, 'धर्मो' जीवपर्यायो, 'नोपपद्यते', द्रव्यत्वेन प्रभायाः केवलस्यापि द्रव्यत्वप्राप्तेरन्यथा सर्वसाधर्म्यं न स्यादित्यतो ज्ञातमात्रकत्वमिति ॥६॥**

**જો કેવલજ્ઞાન આત્મસ્થ જ છે તો કેવલજ્ઞાન ચંદ્રાદિની પ્રભાના જેવું છે એમ કેમ કહેવાય છે ? કહ્યું છે કે-"આત્મા પરમાર્થથી શુદ્ધ એવા પોતાના સ્વરૂપથી ચંદ્રના જેવો (નિર્મલ) છે. તથા જીવનું કેવલજ્ઞાન વગેરે વિજ્ઞાન ચંદ્રની જ્યોત્સ્ના જેવું છે. જ્ઞાનાવરણકર્મ વાદળસમૂહ જેવું છે." (યોગદૃષ્ટિસમુચ્ચય-૧૮૩) અહીં ઉત્તર કહે છે—**

**શ્લોકાર્થ**— અહીં ચંદ્રપ્રભા આદિ જે દૃષ્ટાંત છે તે માત્ર ઉપમા છે. (**यद्=**) જે કારણથી પ્રભા પુદ્ગલરૂપ છે, તે કારણથી પ્રભા (**तद्धर्मः=**) ચંદ્રાદિના પર્યાયરૂપે ન ઘટે. (૬)

**ટીકાર્થ— અહીં—** કેવલજ્ઞાનનું સ્વરૂપ જણાવવામાં.

**ચંદ્રપ્રભા આદિ—** ચંદ્રપ્રભા એટલે ચંદ્રનાં કિરણો. આદિ શબ્દથી સૂર્ય અને દીપક વગેરેનું ગ્રહણ કરવું.

**માત્ર ઉપમા છે—** ચંદ્રપ્રભા દૃષ્ટાંત માત્ર ઉપમા છે. કારણ કે તેમાં વિશિષ્ટ સાધર્મ્યનો અભાવ છે. (કેવલજ્ઞાન આત્મધર્મ છે. એટલે જો ચંદ્રપ્રભા આત્મધર્મસ્વરૂપ હોય તો તેમાં વિશિષ્ટ સાધર્મ્ય હોય. પણ તેમ નથી. કારણ કે પ્રભા પુદ્ગલ દ્રવ્ય છે. કેવલજ્ઞાન આત્મપર્યાયપરૂપ છે. ઉપમા એકદેશીય હોય છે, એટલે અમુક જ ધર્મની સમાનતા હોય. પ્રસ્તુતમાં એ બેમાં માત્ર પ્રકાશનું સાધર્મ્ય છે.

**ચંદ્રપ્રભા અને કેવલજ્ઞાનમાં વિશિષ્ટ સાધર્મ્યનો અભાવ કેમ છે તે કહે છે- प्रभा पुद्गलरूपा**=પ્રભા પરમાણુના સમૂહરૂપ છે. તેથી પ્રભા ચંદ્રાદિના પર્યાય તરીકે ન ઘટે. પુદ્ગલો દ્રવ્ય સ્વરૂપ હોવાથી ધર્મરૂપ (=પર્યાયરૂપ) ન હોય. (પુદ્ગલો ધર્મી છે, ધર્મ નથી.) આ પ્રમાણે કેવલ (જ્ઞાન) જીવધર્મ રૂપ હોવાથી અને પ્રભા ધર્મરૂપ ન હોવાથી (=ધર્મીરૂપ હોવાથી) સંપૂર્ણપણે સાધર્મ્ય નથી. તેથી ચંદ્રપ્રભા દૃષ્ટાંત માત્ર ઉપમારૂપ જ છે.

અથવા **तद्धर्मो नोपपद्यते** એ પદોનો અર્થ આ પ્રમાણે છે— પ્રભા પુદ્ગલરૂપ છે. તેથી પ્રભા અને કેવલ (જ્ઞાન)ના વિશિષ્ટ સાધર્મ્યનો સ્વીકાર કરવામાં આવે તો **(तद्=)** કેવલજ્ઞાન **(धर्मः=)** જીવપર્યાયરૂપે ન ઘટે. કારણ કે પ્રભા દ્રવ્ય હોવાથી કેવલજ્ઞાન પણ દ્રવ્યરૂપ બને. અન્યથા સર્વસાધર્મ્ય ન થાય. આથી ચંદ્રપ્રભા દૃષ્ટાંત માત્ર ઉપમા છે.

**સારાંશ—** અહીં કેવળજ્ઞાનના સ્વરૂપને ઓળખાવવામાં અપાતું ચંદ્રપ્રભા આદિનું દૃષ્ટાંત તો માત્ર ઉપમા છે. ઉપમામાં બધા ધર્મોની સમાનતા ન હોય. કેવલજ્ઞાન અને ચંદ્રપ્રભામાં સર્વધર્મોની સમાનતા નથી. એટલે કેવળજ્ઞાન ચંદ્રપ્રભા સમાન છે, એનો અર્થ ચંદ્રપ્રભા જેમ પ્રકાશ સ્વરૂપ છે તેમ કેવલજ્ઞાન પણ પ્રકાશ સ્વરૂપ છે, એવો છે, પણ જેમ ચંદ્રપ્રભા વસ્તુ પાસે જઇને પ્રકાશિત કરે છે તેમ કેવળજ્ઞાન પણ વસ્તુ પાસે જઇને પ્રકાશિત કરે છે એવો અર્થ નથી, અર્થાત્ કેવલજ્ઞાન અને ચંદ્રપ્રભામાં માત્ર પ્રકાશની સમાનતા છે. જો એ બન્નેમાં સર્વધર્મોની સમાનતા સ્વીકારવામાં આવે તો ચંદ્રપ્રભા પુદ્ગલરૂપ દ્રવ્ય હોવાથી કેવળજ્ઞાનને જીવધર્મ તરીકે નહિ માની શકાય, દ્રવ્ય તરીકે માનવું પડશે. અન્યથા સર્વધર્મોની સમાનતા ન થઇ શકે. (૬)

**पुनर्ज्ञातमात्रतामेवास्य समर्थयन्नाह—**

## अत: सर्वगताभास-मप्येतन्न यदन्यथा ।
## युज्यते तेन सन्न्यायात्, संवित्त्यादोऽपि भाव्यताम् ।।७।।

**वृत्ति— 'अत:' एतस्माच्चन्द्रप्रभाज्ञातात्, सर्वेषु समस्तेषु वस्तुषु गत: प्राप्त आभास: प्रकाशो यस्य तत् 'सर्वगताभासं' न केवलमात्मस्थं आत्मधर्मो वा न युज्यते 'सर्वगताभासमपि' न युज्यत इति सम्बन्ध:, 'एतत्' केवलज्ञानम्, 'न' नैव, 'यत्' यस्मात् कारणात्, 'अन्यथा' अनन्तरोक्तप्रकारात् प्रकारान्तरेण चन्द्रप्रभाज्ञातस्य सर्वसाधर्म्यज्ञाततालक्षणेन, 'युज्यते', घटते, अघटना चैवं, चन्द्रप्रभा हि न सर्वगताभासा तत्साधर्म्याच्च केवलमपि तथा स्यादिति, 'तेन' इति तस्मात्कारणात्, 'सन्न्यायात्' उक्तलक्षणया शोभनोपपत्त्या, 'संवित्त्या' स्वसंवेदनेन च, 'अदोऽपि' एतदपि प्रभाज्ञातस्य ज्ञातमात्रत्वमपि, न केवलमात्मस्थत्वं**

**केवलस्य, 'भाव्यतां' पर्यालोच्यताम्, तथा हि संवेद्यत एव ज्ञातस्य ज्ञातमात्रत्वं प्रभायाः पुद्गलद्रव्यत्वेन केवलस्य जीवधर्मत्वेन वैधर्म्यस्येष्टत्वादिति ॥७॥**

**ફરી ચંદ્રપ્રભા દૃષ્ટાંત માત્ર ઉપમા છે એ વિષયનું સમર્થન કરતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** (**यद्=**) જે કારણથી (**अन्यथा=**) હમણાં કહેલા પ્રકારથી, અન્યપ્રકારથી, અર્થાત્ ચંદ્રપ્રભાના દૃષ્ટાંતમાં જો સર્વસાધર્મ્ય (=સર્વધર્મોની સમાનતા) માનવામાં આવે તો, ચંદ્રપ્રભાના દૃષ્ટાંતથી કેવલજ્ઞાન સર્વવસ્તુઓને પ્રકાશિત કરે છે તે પણ ન ઘટે. (**तेन=**) તે કારણથી સુન્યાયથી અને સ્વાનુભવથી (**अदोऽपि=**) ચંદ્રપ્રભાનું દૃષ્ટાંત માત્ર ઉપમા છે એ પણ વિચારવું.

**ટીકાર્થ—** ચંદ્રપ્રભાના દૃષ્ટાંતમાં જો સર્વસાધર્મ્ય માનવામાં આવે તો ચંદ્રપ્રભાના દૃષ્ટાંતથી કેવલજ્ઞાન સર્વવસ્તુઓને પ્રકાશિત કરે છે એ પણ ન ઘટે. કારણ કે ચંદ્રપ્રભા સર્વવસ્તુઓને પ્રકાશિત કરતી નથી. તેના સાધર્મ્યથી કેવલ (જ્ઞાન) પણ સર્વવસ્તુઓને પ્રકાશિત ન કરે.

અહીં ''પણ'' શબ્દનો અર્થ આ પ્રમાણે છે— કેવળજ્ઞાન કેવળ આત્મસ્થરૂપે કે આત્મધર્મરૂપે ન ઘટે એમ નહિ. કિંતુ સર્વ વસ્તુઓને પ્રકાશિત કરનાર રૂપે પણ ન ઘટે.

તેથી ઉક્ત સુયુક્તિથી અને સ્વાનુભવથી ચંદ્રપ્રભાનું દૃષ્ટાંત માત્ર ઉપમા છે એ પણ વિચારવું.

અહીં ''પણ'' શબ્દનો અર્થ આ પ્રમાણે છે— કેવળ (જ્ઞાન) આત્મસ્થ છે એ વિષયનો જ વિચાર કરો એમ નહિ, કિંતુ ચંદ્રપ્રભાનું દૃષ્ટાંત માત્ર ઉપમા છે એનો પણ વિચાર કરો. તે આ પ્રમાણે-દૃષ્ટાંત માત્ર ઉપમા છે એ અનુભવાય જ છે. કારણ કે પ્રભા પુદ્ગલ દ્રવ્ય હોવાથી અને કેવળ (જ્ઞાન) જીવધર્મરૂપ હોવાથી બંને વચ્ચે અસમાનતા માનેલી છે. (૭)

**अथ पूर्वोक्तस्वरूपं केवलज्ञानं निगमयन्नाह—**

**नाद्रव्योऽस्ति गुणोऽलोके, न धर्मान्तौ विभुर्न च ।**
**आत्मा तद् गमनाद्यस्य, नास्तु तस्माद् यथोदितम् ॥८॥**

**वृत्तिः— 'न' नैव, 'अद्रव्यो' द्रव्यवर्जितः, 'अस्ति' विद्यते, 'गुणो' धर्मः, ''द्रव्याश्रया निर्गुणा गुणाः'' इति वचनात्, (तत्त्वार्थ० ५.४०) अत आत्मगुणत्वात् केवलस्य, आत्मस्थमेव तदिति गर्भः, तथा, 'अलोके' केवलाकाशे, 'न' नैव, धर्मश्च धर्मास्तिकायो जीवपुद्गलानां गत्युपष्टम्भकारी अन्तश्च पर्यवसानं 'धर्मान्तौ' स्त इति गम्यते, इदमुक्तं भवति, लोके गमनसंभवात् सम्भवति तदनात्मस्थमपि लोकप्रकाशकम्, अलोके पुनर्धर्मास्तिकायाभावाद्गमनाभावेन अन्ताभावाच्च सर्वत्रालोके गन्तुमशक्तत्वेनात्मस्थमेव सत्तदलोकप्रकाशकमिति, अथ सर्वगतत्वादात्मन आत्मस्थमपि केवलं लोकालोकप्रकाशकं भविष्यतीत्याशङ्क्याह- 'विभुः' सर्वव्यापी, 'न च' नैव च, 'आत्मा' जीवः, शरीरमात्र एव चैतन्योपलब्धेः, अतः शरीरावगाहमानमेव सत् तत् सर्वाभासकमिति भावः, 'तत्' इति यस्मादेवं तस्मात्, 'गमनादि' गत्यादिका क्रिया, आदिशब्दादागमनपरिग्रहः, 'अस्य' केवलज्ञानस्य, 'न' नैव, अस्तीति**

गम्यते, 'अस्तु' भवतु, 'तस्मात्' कारणात्, 'यथोदितं' यथाभिहितमात्मस्थं केवलमित्यर्थ इति ॥८॥

॥ त्रिंशत्तमाष्टकविवरणं समाप्तम् ॥३०॥

**હવે પૂર્વોક્ત સ્વરૂપવાળા કેવલજ્ઞાનનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ— (नाद्रव्योऽस्ति गुणः=)** ગુણ દ્રવ્ય વિના ન રહે. **(अलोके न धर्मान्तौ=)** અલોકમાં ધર્માસ્તિ-કાય નથી. તથા અલોકનો અંત નથી. **(विभुर्न च आत्मा=)** આત્મા સર્વગત નથી. **(तद् गमनादि अस्य न=)** તેથી કેવલજ્ઞાનની ગતિ વગેરે નથી. **(अस्तु तस्माद् यथोदितम्)** તેથી કેવળજ્ઞાન યથોક્ત હો. (૮)

**ટીકાર્થ— (૧) (नाद्रव्योऽस्ति गुणः=)** ગુણ દ્રવ્ય વિના ન રહે. કારણ કે **"જે દ્રવ્યમાં રહે અને સ્વયં ગુણોથી રહિત હોય તે ગુણ"** એવું વચન છે. (તત્ત્વાર્થાધિગમ ૫-૪૦) કેવલજ્ઞાન આત્મગુણ છે. આથી તે દ્રવ્ય વિના ન રહેવાથી આત્મસ્થ જ છે.

(૨) **(अलोके न धर्मान्तौ=)** કેવળ આકાશમાં જીવ-પુદ્ગલોને ગતિમાં સહાયક ધર્માસ્તિકાય નથી. તથા અલોકનો અંત નથી. અહીં તાત્પર્ય આ છે- (ઘડીભર માની લઇએ કે) લોકમાં જવાનો સંભવ હોવાથી કેવલજ્ઞાન આત્મામાં રહ્યા વિના પણ લોકપ્રકાશક બને. પણ અલોકમાં ધર્માસ્તિકાય ન હોવાથી ગતિ ન થઇ શકે. (ધર્માસ્તિકાય વિના પણ અલોકમાં ગતિ થઇ શકે એમ ઘડીભર માનવામાં આવે તો પણ) અલોકનો અંત ન હોવાથી સંપૂર્ણ અલોકમાં જવાનું અશક્ય છે. (આથી જો કેવળજ્ઞાન જ્ઞેય પદાર્થ પાસે જઇને પ્રકાશિત કરે છે એમ માનવામાં આવે તો કેવળજ્ઞાન અલોકપ્રકાશક ન બને.) તેથી કેવળજ્ઞાન આત્મામાં રહીને જ અલોક પ્રકાશક છે.

(૩) હવે આત્મા સર્વગત હોવાથી કેવલજ્ઞાન આત્મામાં રહીને પણ લોકાલોકનો પ્રકાશક થશે એવી આશંકા કરીને કહે છે-**(विभुर्न च आत्मा=)** આત્મા સર્વગત નથી. કારણ કે માત્ર શરીરમાં જ ચૈતન્યનો અનુભવ થાય છે. આથી શરીરની અવગાહના પ્રમાણ જેટલું જ થયું છતું કેવલજ્ઞાન સર્વવસ્તુઓનું પ્રકાશક છે.

(૪) **(तद् गमनादि अस्य न=)** તેથી કેવળજ્ઞાનની ગતિ વગેરે નથી, અર્થાત્ કેવળજ્ઞાન વસ્તુ પાસે જતું નથી અને જ્ઞેય વસ્તુ પાસે જઇને ફરી પોતાના સ્થાને આવતું નથી.

(૫) **(अस्तु तस्माद् यथोदितम्=)** તેથી કેવળજ્ઞાન યથોક્ત હો, અર્થાત્ આત્મસ્થ જ લોકાલોક પ્રકાશક હો. (૮)

## ત્રીસમા કેવળજ્ઞાન અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું

## ॥३१॥ अथ एकत्रिंशत्तमं तीर्थकृद्देशनाष्टकम् ॥

**ननु केवलज्ञानावाप्तौ कृतकृत्यो भगवान् किमिति धर्मदेशनायां प्रवर्तत इत्याशङ्कायामाह—**

**वीतरागोऽपि सद्वेद्य-तीर्थकृन्नामकर्मणः ।**
**उदयेन तथा धर्म-देशनायां प्रवर्तते ॥१॥**

वृत्तिः— 'वीतरागोऽपि' विगताभिष्वङ्गोऽपि, सरागः किल प्रवर्तत इत्यपिशब्दार्थः, सद्वेद्यं च सातवेदनीयं तीर्थकृन्नाम च सद्वेद्यतीर्थकृन्नाम्नी ते एव कर्म 'सद्वेद्यतीर्थकृन्नामकर्म', अथवा सता शोभनेन धर्मदेशनादिना प्रकारेण यद्वेद्यते तत् 'सद्वेद्यं' तत् 'तीर्थकृन्नामकर्म' च तस्य, 'उदयेन, विपाकेन, 'तथा' तेन प्रकारेण समवसरणादिश्रीसमनुभवलक्षणेन, 'धर्मदेशनायां' कुशलानुष्ठानप्रज्ञापनायाम्, 'प्रवर्तते' व्याप्रियते इति ॥१॥

## એકત્રીસમું તીર્થંકર દેશના અષ્ટક

(આ અષ્ટકમાં તીર્થંકર દેશના શા માટે આપે છે, તીર્થંકર કોણ થાય, તીર્થંકરની વાણીનો અચિંત્ય પ્રભાવ વગેરે વિષયોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.)

**કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં કૃતકૃત્ય બનેલા ભગવાન શા માટે ધર્મદેશનામાં પ્રવર્તે છે એવી આશંકા થયે છતે ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** વીતરાગ બનવા છતાં સદ્વેદ્ય તીર્થંકર નામકર્મના ઉદયથી તે રીતે ધર્મદેશનામાં પ્રવર્તે છે. (૧)

**ટીકાર્થ—** સરાગી તો દેશનામાં પ્રવર્તે, પરંતુ તીર્થંકર તો વીતરાગ બનવા છતાં ધર્મદેશનામાં પ્રવર્તે છે.

**સદ્વેદ્ય તીર્થંકર નામકર્મના ઉદયથી—** સદ્વેદ્ય એટલે સાતાવેદનીયકર્મ. સાતા વેદનીય અને તીર્થંકર નામકર્મ એ બે કર્મના ઉદયથી. અથવા સદ્વેદ્ય એવા તીર્થંકર નામકર્મના ઉદયથી સારી રીતે અનુભવાય તે સદ્વેદ્ય. ધર્મદેશના આદિથી સારી રીતે અનુભવાય તે સદ્વેદ્ય.

**તે રીતે—** સમવસરણાદિ લક્ષ્મીનો અનુભવ કરવા પૂર્વક.

**ધર્મદેશનામાં—** શુભ અનુષ્ઠાનની પ્રરૂપણામાં. (૧)

**कर्मस्वरूपमेवाह—**

**वरबोधित आरभ्य, परार्थोद्यत एव हि ।**
**तथाविधं समादत्ते, कर्म स्फीताशयः पुमान् ॥२॥**

वृत्तिः-'वरबोधितो' विशिष्टसम्यग्दर्शनलाभात्, 'आरभ्य' तत्प्रभृति, 'परार्थोद्यत एव' परहितकरणोद्यमवानेव नान्यथाविधः, पुमानिति योगः, आह च "* अरहन्तसिद्ध' इत्यादि, 'हिशब्दो' वाक्यालङ्कारे, तथा तत्प्रकारा विधा स्वभावो यस्य तत् 'तथाविधं' प्रकृतधर्मदेशनानिबन्धनं तीर्थकृन्नामकर्मेत्यर्थः,

* अरिहंत १ सिद्ध २ पवयण ३, गुरु ४ थेर ५ बहुस्सुए ६ तवस्सीसुं ७ (य) ।
वच्छल्लया य एसिं, अभिक्खनाणोवओगे ८ य ॥१॥
दंसण ९ विणए १० आवस्सए ११ य सील १२ व्वए १३ निरइयारो ॥
खणलव १४ तव १५ च्चियाए १६, वेयावच्चे समाही १७ य ॥२॥
अपुव्वनाणगहणे १८, सुयभत्ती १९ पवयणे पभावणया २० ।
एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ॥३॥

**'समादत्ते' बध्नाति, 'कर्म' अदृष्टम्, 'स्फीताशयः' उदाराभिप्रायः, 'पुमान्' पुरुषः, पुंग्रहणं मनुष्यमात्रोपलक्षणं न तु स्त्रीनिवृत्त्यर्थम्, नार्या अपि तद्बन्धकत्वात् इति ।।२।।**

**તીર્થંકર નામકર્મના સ્વરૂપને જ કહે છે—**

**શ્લોકાર્થ—** વરબોધિથી પ્રારંભીને પરહિત કરવામાં ઉદ્યમવાળો જ અને ઉદાર આશયવાળો પુરુષ તેવા પ્રકારનું કર્મ બાંધે છે. (૨)

**ટીકાર્થ— વરબોધિથી પ્રારંભીને—** વિશિષ્ટ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય ત્યારથી (જે સમ્યક્ત્વ તીર્થંકરપદનું કારણ બને તે સમ્યક્ત્વ વરબોધિ કહેવાય. અર્થાત્ તીર્થંકરના જીવોનું સમ્યક્ત્વ વરબોધિ છે.)

**પરહિત કરવામાં ઉદ્યમવાળો જ—** પરહિત કરવામાં ઉદ્યમ ન કરે, અથવા પરનું અહિત કરવામાં ઉદ્યમ કરે, તેવો નહિ.

**તેવા પ્રકારનું—** પ્રસ્તુત ધર્મદેશનાનું કારણ બને તેવું, અર્થાત્ તીર્થંકર નામકર્મ.

અહીં પુરુષનો ઉલ્લેખ મનુષ્યમાત્રનું ઉપલક્ષણ છે, નહિ કે સ્ત્રીના નિષેધ માટે કર્યો છે. કારણ કે સ્ત્રીપણ તીર્થંકર નામકર્મ બાંધી શકે. જીવ તીર્થંકર નામકર્મ કયા કારણોથી બાંધે એ અંગે કહ્યું છે કે-

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી એ સાત ઉપર વાત્સલ્ય (૮) સતત જ્ઞાનોપયોગ (૯) અતિચાર રહિત દર્શન (૧૦) વિનય (૧૧) આવશ્યક (૧૨-૧૩) શીલ તથા વ્રતમાં નિરતિચાર (૧૪) ક્ષણલવ સમાધિ. (૧૫) તપ સમાધિ (૧૬) ત્યાગસમાધિ (૧૭) વેયાવચ્ચમાં સમાધિ (૧૮) અપૂર્વ જ્ઞાન ગ્રહણ (૧૯) શ્રુત ભક્તિ (૨૦) પ્રવચન પ્રભાવના. આ કારણોથી જીવ તીર્થંકરપણું પામે છે.

(૧) અશોકવૃક્ષ વગેરે આઠ મહાપ્રાતિહાર્ય વગેરે પૂજાને જે યોગ્ય હોય તે અરિહંતો છે.

(૨) સિદ્ધ ભગવંતો સકલ કર્માંશોનો નાશ કરનાર, પરમસુખી, એકાંતે કૃતકૃત્ય છે.

(૩) પ્રવચન એટલે દ્વાદશાંગી અથવા દ્વાદશાંગીમાં સંઘનો ઉપયોગ જોડાયેલો રહે છે એ કારણે પ્રવચનની સાથે ઉપયોગના અભેદપણાથી પ્રવચનનો અર્થ સંઘ પણ થાય.

(૪) ગુરુ યથાસ્થિત શાસ્ત્રના અર્થને કહેનારા તથા ધર્મોપદેશને આપનારા છે.

(૫) વય, શ્રુત અને પર્યાયના ભેદથી સ્થવિર ત્રણ પ્રકારના છે. ૬૦ વર્ષની ઉંમરના હોય તે વયસ્થવિર, સમવાયાંગ સૂત્રનાં જાણકાર શ્રુતસ્થવિર, વીસવર્ષના દીક્ષા પર્યાયવાળા પર્યાયસ્થવિર.

(૬) બહુશ્રુત-જેમની પાસે ઘણું શ્રુત હોય તે બહુશ્રુત છે. શ્રુત ત્રણ પ્રકારે છે. સૂત્રથી, અર્થથી અને ઉભયથી. તેમાં સૂત્રધરોથી અર્થધરો પ્રધાન છે. અર્થધરોથી ઉભયધરો પ્રધાન છે.

(૭) તપસ્વી-અનશનાદિ વિવિધ પ્રકારનો તપ જેમની પાસે છે તે સામાન્ય સાધુઓ. અરિહંત, સિદ્ધ, પ્રવચન, ગુરુ, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વીઓ. આ સાત ઉપર વાત્સલ્યભાવરૂપ અનુરાગ રાખવો એટલે સત્ય-ગુણનું કીર્તન કરવું અને તેને અનુરૂપ ભક્તિ રૂપ ઉપચાર રાખવો તે તીર્થંકર નામના બંધનું કારણ છે.

(૮) સતત જ્ઞાનોપયોગ એટલે સતત જ્ઞાનમાં જ ઉપયોગવાળા રહેવું તે.

(૯) દર્શન એટલે સમ્યક્ત્વ.

(૧૦) વિનય એટલે જ્ઞાનવિનય વગેરે.

(૧૧) આવશ્યક-અવશ્ય કરવા યોગ્ય પ્રતિક્રમણાદિ.

(૧૨) ઉત્તરગુણરૂપ શીલ અને

(૧૩) મૂળગુણરૂપ વ્રતમાં નિરતિચારપણે પ્રવર્તે તે તીર્થંકર નામકર્મને બાંધે છે.

(૧૪) ક્ષણલવસમાધિ-ક્ષણલવ એટલે અલ્પકાળ. ક્ષણલવના ઉપલક્ષણથી સમસ્તકાળ જાણવો. સમસ્તકાળમાં સતત સંવેગભાવમાં રહેવારૂપ અને સદ્ધ્યાન સેવનપૂર્વક જે આત્મસમાધિ તે ક્ષણલવ સમાધિ.

(૧૫) તપસમાધિ-બાહ્ય અભ્યંતર તપના ભેદોમાં સતત પ્રવૃત્તિ તે તપ સમાધિ.

(૧૬) ત્યાગસમાધિ-દ્રવ્યત્યાગ અને ભાવત્યાગ એમ બે પ્રકારે ત્યાગ છે. અયોગ્ય આહાર, ઉપધિ, શય્યા, વગેરેનો ત્યાગ કરવો અને યોગ્ય આહાર વગેરેનું સાધુઓને દાન કરવું તે દ્રવ્યત્યાગ. ભાવત્યાગ-ક્રોધ વગેરેનો ત્યાગ અને જ્ઞાન વગેરેનું સાધુને જે દાન તે ભાવત્યાગ. આ બન્ને ત્યાગમાં સૂત્રાનુસારે યથાશક્તિ નિરંતર પ્રવૃત્તિ તે ત્યાગસમાધિ.

(૧૭) વેયાવચ્ચસમાધિ-વેયાવચ્ચ ૧૦ પ્રકારે છે. તે આ પ્રમાણે-વેયાવચ્ચ યોગ્ય આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષક, સાધર્મિક, કુલ, ગણ, સંઘ. આ દરેકનું તેર પદાર્થો દ્વારા વેયાવચ્ચ કરવું. તે તેર પદાર્થો આ પ્રમાણે છે–

(૧) ભોજનપ્રદાન. (૨) જલ પ્રદાન. (૩) આસન પ્રદાન. (૪) ઉપકરણનું પડિલેહણ કરવું. (૫) પાદનું પ્રમાર્જન કરવું. (૬) વસ્ત્ર પ્રદાન. (૭) ઔષધ પ્રદાન. (૮) માર્ગમાં સહાયક બનવું. (૯) દુષ્ટચોર વગેરેથી રક્ષા. (૧૦) વસતિ પ્રવેશ વખતે દાંડો લેવો. (૧૧) માત્રુ માટેનું સાધન આપવું. (૧૨) સ્થંડિલ માટે સાધન આપવું. (૧૩) કફ-શ્લેષ્મ માટે સાધન આપવું.

આ વેયાવચ્ચના ભેદોમાં યથાશક્તિ નિરંતર પ્રવૃત્તિ તે વેયાવચ્ચ સમાધિ.

(૧૮) અપૂર્વજ્ઞાન ગ્રહણ. નવા નવા જ્ઞાનનું નિરંતર ગ્રહણ કરવું.

(૧૯) શ્રુતભક્તિ-શ્રુત ઉપર બહુમાન.

(૨૦) પ્રવચન પ્રભાવના એટલે યથાશક્તિ દ્વાદશાંગીરૂપ પ્રવચનના અર્થોનો ઉપદેશ આપવો. ઉપરોક્ત કારણોથી જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે. (૨)

**ततः किमित्याह—**

**यावत्संतिष्ठते तस्य, तत्तावत्संप्रवर्तते ।**
**तत्स्वभावत्वतो धर्म-देशनायां जगद्गुरुः ॥३॥**

**वृत्तिः— 'यावत्' इति निपातस्तेन यावन्तं कालम्, 'संतिष्ठते' अक्षीणमास्ते, 'तस्य' जगद्गुरोः, 'तत्' तीर्थकरनामकर्म परहितोद्यतताहेतुकम्, 'तावत्' इति तावन्तं कालम्, 'संप्रवर्तते' व्याप्रियते, कुत**

इत्याह- 'तत्स्वभावत्वतो' धर्मदेशनाप्रवृत्तिस्वभावत्वात् तस्य, आह च- ''तित्थयरो किं कारणं' भासइ सामाइयं तु अज्झयणं । तित्थयरनामगोत्तं, बद्धं से वेइयव्वं तु[४९] ॥१॥'' तथा ''तं च कहं वेइज्जइ, अगिलाए धम्मदेसणाईहिं[५०] ।'' क्व संप्रवर्तते इत्याह- 'धर्मदेशनायां' कुशलानुष्ठानप्ररूपणायाम्, कोऽसावित्याह- 'जगद्गुरुः' भुवननायक इति ॥३॥

**તીર્થંકર નામકર્મ બાંધે તેથી શું થાય તે કહે છે—**

**શ્લોકાર્થ—** જગદ્ગુરુનું તીર્થંકરનામકર્મ જેટલા કાળ સુધી રહે છે તેટલાકાળ સુધી જગદ્ગુરુ ધર્મદેશનામાં પ્રવર્તે છે. કારણ કે તીર્થંકરનો ધર્મદેશનામાં પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ છે. (૩)

**ટીકાર્થ—** તીર્થંકર નામકર્મ પરહિતમાં ઉદ્યમ કરવાનું કારણ છે. તેથી જેટલા કાળ સુધી તીર્થંકર નામકર્મનો ઉદય રહે તેટલા કાળ સુધી તીર્થંકર ધર્મદેશનામાં પ્રવર્તે છે. તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થંકરનો ધર્મદેશનામાં પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ છે. કહ્યું છે કે-''**તીર્થંકર શા માટે સામાયિક અધ્યયન કહે છે ? તીર્થંકર નામ [1]નામનું કર્મ મેં બાંધ્યું છે આથી મારે તે ભોગવવું જોઇએ એ કારણથી[2] સામાયિક અધ્યયન કહે છે. તીર્થંકર નામકર્મ કેવી રીતે ભોગવાય ? નિર્વેદ પામ્યા વિના ધર્મદેશના વગેરેથી તીર્થંકર નામકર્મ ભોગવાય છે.**'' (આવ.નિ. ૭૪૨-૭૪૩)

**ધર્મદેશનામાં**=શુભ અનુષ્ઠાનની પ્રરૂપણામાં. (૩)

**जगद्गुरुतानिबन्धनस्य तद्वचनस्य स्वरूपमाविर्भावयन्नाह—**

## वचनं चैकमप्यस्य, हितां भिन्नार्थगोचराम् ।
## भूयसामपि सत्त्वानां, प्रतिपत्तिं करोत्यलम् ॥४॥

वृत्तिः— 'हितां' समस्ताङ्गिवर्गोपकारिणीम्, 'भिन्नार्थगोचरां' विविधवस्तुविषयाम्, 'भूयसामपि' असंख्यातानामपि, 'वचनं' वाक्, 'च शब्दः' पुनरर्थः, वचनं पुनः, 'एकमपि' अभिन्नस्वभावमपि न केवलमनेकम्, 'अस्य' जगद्गुरोः, किमुताल्पानाम्, 'सत्त्वानां' प्राणिनाम्, प्रतिपत्तिं प्रतीतिं, 'करोति' विदधाति, 'अलं' अतिशयेनेति ॥४॥

**જગદ્ગુરુ બનવામાં કારણ એવા તીર્થંકરવચનના સ્વરૂપને પ્રગટ કરતા ગ્રંથકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જગદ્ગુરુનું એક પણ વચન ઘણા પણ જીવોના વિવિધ વસ્તુસંબંધી હિતકર બોધને અતિશય કરે છે. (=ઘણા પણ જીવોને વિવિધ વસ્તુ સંબંધી હિતકર બોધ કરાવે છે.) (૪)

**ટીકાર્થ— એક પણ વચન—** કેવળ અનેક વચન ઘણા જીવોના બોધને કરે છે એમ નથી, કિંતુ એક

---

૪૯. तीर्थंकरः किं कारणं भाषते ? सामायिकं तु अध्ययनम् । तीर्थकरनामगोत्रं बद्धं तस्य वेदितव्यन्तु ।

૫૦. तच्च कथं वेद्यते ! अग्लान्या (ग्लानिरहितत्वेन) धर्मदेशनादिभिः ।

૧. गोत्रशब्दः, संज्ञायाम् (આવ. નિ. ૭૪૨)

૨. तु શબ્દથી અન્ય પાંચ અધ્યયનો પણ સમજી લેવા.

પણ વચન ઘણા જીવોના બોધને કરે છે.

**ઘણા પણ—** અસંખ્યાત પણ. અસંખ્યાત પણ જીવોના બોધને કરે છે, તો પછી અલ્પજીવોના બોધને કરે તેમાં તો શું કહેવું ?

**હિતકર બોધને—** સર્વ જીવ વર્ગ ઉપર ઉપકાર થાય તેવા બોધને. (૪)

**कुत इदमीदृशमसंभाव्यं भवतीत्याह—**

**अचिन्त्यपुण्यसंभार-सामर्थ्यादेतदीदृशम् ।**

**तथा चोत्कृष्टपुण्यानां, नास्त्यसाध्यं जगत्त्रये ॥५॥**

**वृत्तिः— अचिन्त्योऽप्रमेयः स चासौ पुण्यसंभारश्च तीर्थकरनामादिशुभकर्मसंचयः 'अचिन्त्यपुण्यसंभारः' तस्य 'सामर्थ्यं' प्रभावस्तस्मात्, 'एतद्' वचनम्, 'ईदृशं' ईदृक्षमेकमप्यसंख्येयसत्त्वानां भिन्नार्थविषयप्रतिपत्तिकरणसमर्थमिति भावः, एतस्यैवार्थस्य समर्थनार्थमाह- तथेत्यादि, 'तथा च' इत्यनन्तरोक्तार्थोपप्रदर्शनार्थः, 'उत्कृष्टपुण्यानां' उत्तमशुभकर्मणाम्, 'नास्ति' न विद्यते, 'असाध्यं' साधयितुमशक्यम्, 'जगत्त्रये' त्रिभुवन इति ॥५॥**

**સંભાવના ન કરી શકાય એવું આ કેવી રીતે થાય તે કહે છે—**

**શ્લોકાર્થ—** અચિંત્ય પુણ્યસમૂહના પ્રભાવથી એક પણ વચન અસંખ્ય જીવોના ભિન્ન ભિન્ન અર્થવાળા બોધને કરવા સમર્થ છે. ઉત્કૃષ્ટ પુણ્યવાળા જીવોને ત્રણે જગતમાં (કંઇ પણ) અસાધ્ય નથી. (૫)

**ननु यद्यसौ सत्त्वानां भिन्नार्थप्रतीतिं करोति तदा किमभव्यानामपि न करोतीत्याह—**

**अभव्येषु च भूतार्था, यदसौ नोपपद्यते ।**

**तत्तेषामेव दौर्गुण्यं, ज्ञेयं भगवतो न तु ॥६॥**

**वृत्तिः— 'अभव्येषु' सिद्धिगमनायोग्येषु, 'चशब्दः' पुनरर्थः, 'भूताः' सद्भूताः 'अर्था' जीवादयो यस्यां सा तथा, 'यत्' इत्युद्देशे, 'असौ' इत्याद्यश्लोकोपात्ता देशना प्रतिपत्तिर्वा, 'नोपपद्यते' न घटते, तत् इति देशनाया अनुपपद्यमानत्वम्, 'तेषां' अभव्यानाम्, 'एव' दौर्गुण्यं दुर्गुणत्वम्, 'ज्ञेयं' ज्ञातव्यम्, 'न तु' इतीह दृश्यं, तेन 'न तु' न पुनः, 'भगवतो' जगद्गुरोरिति ॥६॥**

**જો પ્રભુદેશના જીવોના ભિન્ન ભિન્ન અર્થવાળા બોધને કરે છે તો અભવ્યોના પણ બોધને કેમ કરતી નથી તે કહે છે—**

**શ્લોકાર્થ—** જીવાદિ સદ્ભૂત અર્થો (=પદાર્થો) જેમાં રહેલા છે એવી પ્રભુદેશના અભવ્યોમાં જે ઘટતી નથી=પરિણમતી નથી તે અભવ્યોનો દોષ છે, નહિ કે ભગવાનનો. (૬)

**ટીકાર્થ— અભવ્યોમાં—** મોક્ષમાં જવાને માટે અયોગ્ય જીવોમાં. (૬)

अमुमेवार्थं दृष्टान्तेन समर्थयन्नाह—

**दृष्टश्चाभ्युदये भानोः, प्रकृत्या क्लिष्टकर्मणाम् ।**
**अप्रकाशो ह्युलूकानां, तद्वदत्रापि भाव्यताम् ॥७॥**

वृत्तिः— 'दृष्टश्च' उपलब्धश्च, न केवलं श्रुत एव, 'अभ्युदये' उद्गमने, 'भानोः' आदित्यस्य, अप्रकाश इति योगः, 'प्रकृत्या' स्वभावेन, 'क्लिष्टकर्मणां' अशुभादृष्टानाम्, 'अप्रकाशः' चक्षुषोऽव्यापारः, 'हिशब्दो'ऽभव्यदौर्गुण्यभावनार्थः, 'उलूकानां' घूकानाम्, 'तद्वत्' उलूकाप्रकाशवत्, 'अत्रापि' तीर्थकरदिनकरदेशनामयूखमण्डलोद्गमेऽप्यभव्यकौशिकाप्रबोध इति, 'भाव्यतां' पर्यालोच्यतामिति ॥७॥

આ જ અર્થનું દૃષ્ટાંતથી સમર્થન કરતા ગ્રંથકાર કહે છે—

**શ્લોકાર્થ—** સૂર્યનો ઉદય થતાં સ્વભાવથી જ અશુભકર્મવાળા ઘુવડો આંખે દેખતા બંધ થાય છે એ (પ્રત્યક્ષ) જોયું છે. એ જ પ્રમાણે પ્રસ્તુતમાં પણ વિચારવું.(૭)

**ટીકાર્થ— જોયું છે—** કેવળ સાંભળ્યું છે એમ નહિ, કિંતુ (પ્રત્યક્ષ) જોયું છે.

**આ પ્રમાણે પ્રસ્તુતમાં પણ વિચારવું—** તીર્થંકરરૂપ સૂર્યના દેશનારૂપ કિરણમંડલનો ઉદય થવા છતાં અભવ્યરૂપ ઘુવડોને બોધ થતો નથી એમ વિચારવું.

**સારાંશ—** સૂર્યના પ્રકાશથી ઘુવડો ન દેખે તેમાં સૂર્યનો દોષ નથી, કિંતુ ઘુવડોનો જ દોષ છે, તેમ અભવ્યોમાં જિનવાણી ન પરિણમે તેમાં પ્રભુનો દોષ નથી, કિંતુ અભવ્યોનો જ દોષ છે. (૭)

भगवद्देशनाया एव स्वरूपमाह—

**इयं च नियमात् ज्ञेया, तथानन्दाय देहिनाम् ।**
**तदात्वे वर्त्तमानेऽपि, भव्यानां शुद्धचेतसाम् ॥८॥**

वृत्तिः— 'इयं च' एषा पुनरनन्तरोदितातिशया भागवती देशना, 'नियमात्' अवश्यंभावेन, 'ज्ञेया' अवसेया, 'तथा' तेन प्रकारेण ''वणिग्वृद्धदास्युदाहरणतः'' प्रसिद्धेन, 'आनन्दाय' हर्षाय, 'देहिनां' प्राणिनाम्, कदेत्याह- 'तदात्वे' तस्मिन्काले तदा, तदेत्यस्य भावस्तदात्वं, तस्मिन् देशनाकरणकाल एवेत्यर्थः, किं तदात्व एव, नेत्याह- 'वर्तमानेऽपि' साम्प्रतकालेऽपि, किं सर्वेषां सत्त्वानामानन्दाय, नेत्याह- 'भव्यानां' सिद्धिगमनोचितानाम्, किं जातिमात्रवतामपि, नेत्याह- 'शुद्धचेतसां' विदलन्महामोहमलपटलमनसामिति ॥८॥

॥ एकत्रिंशत्तमाष्टकविवरणं समाप्तम् ॥३१॥

પ્રભુની દેશનાના જ સ્વરૂપને કહે છે—

**શ્લોકાર્થ—** આ દેશના તે કાળે અને વર્તમાનમાં પણ ભવ્ય અને શુદ્ધચિત્તવાળા જીવોના તે પ્રકારથી

અવશ્ય આનંદ માટે જાણવી. (૮)

**ટીકાર્થ— આ—** હમણાં જ જેનો અતિશય જણાવ્યો છે તેવી પ્રભુદેશના.

**તે કાળે—** દેશના કરવાના કાળે.

**ભવ્ય—** મોક્ષમાં જવા માટે યોગ્ય. આનાથી એ જણાવ્યું કે પ્રભુદેશના બધા જીવોના આનંદ માટે થતી નથી, કિંતુ ભવ્ય જીવોના આનંદ માટે થાય છે.

**શુદ્ધચિત્તવાળા—** મહામોહરૂપ મલસમૂહ જેમાંથી વિનાશ પામી રહ્યો છે તેવા મનવાળા. આનાથી એ જણાવ્યું કે પ્રભુદેશના જાતિમાત્રથી ભવ્ય હોય તેવા જીવોના આનંદ માટે થતી નથી. (જાતિ માત્રથી ભવ્યજીવો શુદ્ધચિત્તવાળા થતા જ નથી.)

**તે પ્રકારથી—** વણિકની વૃદ્ધદાસીના દૃષ્ટાંતથી[1] પ્રસિદ્ધ પ્રકારથી. (૮)

## ૩૧મા તીર્થંકરદેશના અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥३२॥ अथ द्वात्रिंशत्तमं मोक्षाष्टकम् ॥

**सामायिकविशुद्धात्मनो घातिकर्मणः क्षयात् केवलं भवतीत्युक्तमथ सकलकर्मक्षयाद्यत्स्यात्तद् दर्शयितुमाह—**

**कृत्स्नकर्मक्षयान्मोक्षो, जन्ममृत्य्वादिवर्जितः ।**
**सर्वबाधाविनिर्मुक्त, एकान्तसुखसङ्गतः ॥१॥**

**वृत्तिः— कृत्स्नं सकलं कर्म ज्ञानावरणाद्यष्टधा, तस्य क्षयोऽत्यन्तविलयः कृत्स्नकर्मक्षयस्तस्मात् 'कृत्स्नकर्मक्षयात्,' मोचनं 'मोक्षो' अपवर्गः, किंविधोऽसावित्याह- 'जन्म' प्रादुर्भावो 'मृत्युः' मरणं तावादिर्येषां जरादीनां ते तथा तैः 'वर्जितो' यः स तथा, भवति हि ''कारणाभावात् कार्याभाव' इति, तथा 'सर्वबाधाविनिर्मुक्तः' निःशेषशारीरमानसपीडाविप्रमुक्तः, तथा 'एकान्तेन' सर्वथा, 'सुखसङ्गत' आनन्दयुक्तो यः स तथेति ॥१॥**

---

૧. સંક્ષેપમાં વૃદ્ધ દાસીનું દૃષ્ટાંત-અતિલોભી વણિક, તેવી જ તેની પત્ની. અત્યંત વૃદ્ધ અને કૃશ દાસી, કાષ્ઠ માટે જંગલમાં ગમન, ધોમધખતા મધ્યાહ્ને આગમન. તૃષા, ક્ષુધા, શ્રમ, સ્વેદ આદિથી વિહ્વલ. અન્નની માંગણી. શેઠાણી: આટલા જ કેમ લાવી ? જા બીજા લાવ. દાસી: વધેલું આપો બાદ બીજા લાકડા લઇ આવીશ. શેઠાણી: લાવેલા લાકડાથી ચાર ગણા બીજા લાકડા લાવીશ ત્યારે જ ભોજન મળશે. ફરી જંગલમાં ગમન. લાકડા લઇ ઘર તરફ આવતા સમવસરણ પાસે આગમન. ત્યાં કાંટો કાઢવા એક પગ ઉપાડ્યો અને હાથને પગના તળિયામાં કાંટા પાસે રાખ્યો. તેવામાં ભગવાનની વાણીનું શ્રવણ. સઘળા દુ:ખોને ભૂલી જાય છે. જાણે અમૃતપાન મળ્યું. આનંદથી ભગવાનની વાણીનું શ્રવણ કરે છે. જો તેનું હજારો વર્ષનું આયુષ્ય હોય, ભગવાન પણ હજારો વર્ષ સુધી દેશના આપે તો તેવી જ સ્થિતિમાં રહેલી વૃદ્ધદાસી ભગવાનની વાણીનું નિરંતર શ્રવણ કરે. તે દરમિયાન એકપણ દુ:ખ તેને યાદ ન આવે.

## બત્રીસમું મોક્ષ અષ્ટક

(આ અષ્ટકમાં મોક્ષસુખનું સ્વરૂપ જણાવીને મોક્ષમાં વિષયસુખનાં સાધનોનો ભોગ ન હોવા છતાં સુખ કેમ છે ? એ પ્રશ્નનું યુક્તિથી સમાધાન કરવામાં આવ્યું છે.)

**સામાયિકથી વિશુદ્ધ કરાયેલ જીવને ઘાતીકર્મના ક્ષયથી કેવલજ્ઞાન થાય એમ કહ્યું. હવે સઘળાં કર્મોના ક્ષયથી જે થાય તે જણાવવાને માટે કહે છે—**

**શ્લોકાર્થ—** સર્વકર્મોના ક્ષયથી જન્મ-મરણ આદિથી રહિત, સર્વપીડાથી વિમુક્ત અને એકાંતે આનંદથી યુક્ત મોક્ષ થાય છે. (૧)

**ટીકાર્થ— સર્વકર્મોના ક્ષયથી—** જ્ઞાનાવરણ વગેરે આઠ પ્રકારના કર્મોના (ફરી ન બંધાય તે રીતે) અત્યંત નાશથી.

**જન્મ મરણ આદિથી રહિત—** આદિ શબ્દથી જરા વગેરેનું ગ્રહણ કરવું. કારણ અભાવથી કાર્યનો અભાવ થાય જ છે. (કર્મરૂપ કારણના અભાવથી જન્મ આદિ રૂપ કાર્યનો અભાવ થાય છે.)

**સર્વપીડાથી વિમુક્ત—** સઘળી શારીરિક માનસિક પીડાથી વિમુક્ત. (૧)

**मोक्ष एवान्यैः परमपदसंज्ञयाभिहित इति परमपदस्वरूपं दर्शयन्नाह—**

**यन्न दुःखेन संभिन्नं , न च भ्रष्टमनन्तरम् ।**
**अभिलाषापनीतं यत्, तज्ज्ञेयं परमं पदम् ।।२।।**

**वृत्तिः— 'यत्' पदम्, 'न' नैव, 'दुःखेन' असुखेन, संभिन्नं' व्यामिश्रम्, 'न च' नैव च, 'भ्रष्टं' क्षीणम्, 'अनन्तरं' उत्पत्तिक्षणानन्तरम्, अथवा 'अनन्तरं' अव्यवच्छिन्नम्, तथा अभिलाषेभ्यो विविधवाञ्छाभ्योऽपनीतमपेतं 'अभिलाषापनीतम्', 'यत्' पदम्, 'तत्' इति तदेव, 'ज्ञेयं' ज्ञातव्यम्, 'परमं' सर्वोत्तमम्, 'पदं' आस्पदं, सर्वगुणानामिति गम्यम् । मूलटीकाकृता तु नायं श्लोको व्याख्यात इति ।।२।।**

**બીજાઓએ મોક્ષને જ 'પરમપદ' એવા નામથી કહ્યો છે. આથી પરમપદનું સ્વરૂપ જણાવતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** જે દુ:ખથી મિશ્રિત નથી, જે ક્ષયથી યુક્ત નથી, જે અનંતર છે, જે ઇચ્છાથી રહિત છે, તે પરમપદ જાણવું. (૨)

**ટીકાર્થ— જે અનંતર છે—** જે આંતરાથી રહિત છે, અર્થાત્ સતત રહે છે. (જે ક્ષયથી યુક્ત નથી એનો અર્થ એ થયો કે સદા રહે છે. કોઇ વસ્તુ સદા રહે, પણ વચ્ચે અંતર પડે એવું બને. જેમકે સૂર્ય સદા પ્રકાશે છે. પણ વચ્ચે વચ્ચે વાદળ આવવાથી પ્રકાશથી રહિત બને છે. તેમ અહીં પરમપદ સદા રહે, પણ વચ્ચે વચ્ચે એનો અભાવ થતો નથી એ જણાવવા "જે અનંતર છે" એમ કહ્યું છે. "જે ક્ષયથી યુક્ત નથી" એમ કહીને સદા રહે છે એમ જણાવ્યું, અને "જે અનંતર છે" એમ કહીને સતત રહે છે એમ જણાવ્યું.

અથવા **अनन्तरं** પદનો ભ્રષ્ટ પદની સાથે અન્વય કરીને **अनन्तरं न भ्रष्टं**= જે ઉત્પત્તિની ક્ષણ પછી તુરત ક્ષય પામતું નથી એવો અર્થ થાય.

**પરમ**=સર્વોત્તમ.

**પદ**=સર્વગુણોનું સ્થાન.

મૂલ ટીકાકારે તો આ શ્લોકનું વ્યાખ્યાન કર્યું નથી. (૨)

**एकान्तसुखसंगतो मोक्ष इत्युक्तं तत्र परविप्रतिपत्तिं दर्शयन्नाह—**

**कश्चिदाहान्नपानादि-भोगाभावादसङ्गतम् ।**

**सुखं वै सिद्धिनाथानां, प्रष्टव्यः स पुमानिदम् ॥३॥**

**वृत्तिः— 'कश्चित्' कोऽप्यनिर्दिष्टनामा पारमार्थिकसुखरूपावगमवर्जितः, 'आह' ब्रूते, अन्नमोदनादि, पानं द्राक्षापानादि, एते आदिर्येषां खाद्यस्रक्चन्दनाङ्गनादीनां ते तथा, तेषां यो भोगः सेवा तस्याभावो 'अन्नपानादिभोगाभावः' तस्मात्, 'असङ्गतं' अयुक्तम्, किं तदित्याह- 'सुखं' शर्म, 'वै' इति वाक्यालङ्कारे, केषामित्याह- 'सिद्धिनाथानां' निर्वृतिस्वामिनां, सिद्धानामित्यर्थः, ''भोगसद्भावे हि सुखं दृष्टं तदभावे तदभाव'' इति परमतम्, अत्राचार्यः समाधानदानायाह- 'प्रष्टव्यः प्रच्छनीयः, 'स' इति सिद्धिसुखाभाववादी, 'पुमान्' पुरुषः, 'इदं' वक्ष्यमाणस्वरूपमिति ॥३॥**

**મોક્ષ એકાંતે આનંદથી યુક્ત છે એમ કહ્યું. તે વિષે બીજાના વિવાદને જણાવતા ગ્રન્થકાર કહે છે—**

**શ્લોકાર્થ—** કોઇક કહે છે કે-અન્ન-પાન આદિના ભોગનો અભાવ હોવાથી સિદ્ધોનું સુખ અયુક્ત છે. તે પુરુષને આ (હવેના શ્લોકમાં કહેવાશે તે) પૂછવું જોઇએ. (૩)

**ટીકાર્થ— કોઇક—** જેના નામનો નિર્દેશ કર્યો નથી અને જે પારમાર્થિક સુખના સ્વરૂપના જ્ઞાનથી રહિત છે તેવો કોઇક.

**અન્નપાન આદિના ભોગનો અભાવ—** આદિ શબ્દથી ખાજાં, પુષ્પમાળા, ચંદન, સ્ત્રી વગેરે (વિષય-સુખનાં સાધનો)નું ગ્રહણ કરવું.

ભોગના સદ્‌ભાવમાં જ સુખ જોવામાં આવ્યું છે, એથી ભોગના અભાવમાં સુખનો અભાવ હોય, એવો પરનો મત છે. (૩)

**तदेव प्रष्टव्यमाह—**

**किम्फलोऽन्नादिसंभोगो ?, बुभुक्षादिनिवृत्तये ।**

**तन्निवृत्तेः फलं किं स्यात् ?, स्वास्थ्यं तेषां तु तत् सदा ॥४॥**

**वृत्तिः— किं फलं-प्रयोजनमस्येति 'किम्फलः', 'अन्नादिसंभोगः' अशनपानस्रक्चन्दनाङ्गनादिप-**

रिभोगः?, एवं पृष्टः परः किल वक्ष्यति, 'बुभुक्षादिनिवृत्तये' क्षुत्पिपासारत्यादिदुःखविनिवर्त्तनाय, आचार्य एवं परं पृच्छन्नाह- 'तन्निवृत्तेः' बुभुक्षादिदुःखनिवर्तनस्य, 'फलं' प्रयोजनम्, 'किं स्यात्' किं भवेदिति प्रश्नः, अथ परोक्तमुत्तरं दर्शयन्नाह- स्वस्मिंस्तिष्ठतीति स्वस्थः, तद्भावः 'स्वास्थ्यं' अनाबाधता, एवं परेणोक्ते आचार्य आह- 'तेषां तु' सिद्धानां पुनः, 'तत्' स्वास्थ्यम्, 'सदा' सर्वकालमस्ति, अस्वास्थ्य-हेतूनां कर्मणामिच्छादीनां वाऽभावात्, अतोऽन्नादिभोगाभावेऽपि सुखमेव सिद्धानामिति ॥४॥

તે પુરુષને જે પૂછવાનું છે તેને જ કહે છે—

**શ્લોકાર્થ—** **(किम्फलो ऽन्नादिसंभोगो=)** **પ્રશ્ન—** અન્નાદિનો ભોગ શા માટે કરવાનો ? **(बुभुक्षादिनिवृत्तये=)** **ઉત્તર—** ક્ષુધા આદિની નિવૃત્તિ માટે અન્નાદિનો ભોગ કરવાનો છે. **(तन्निवृत्तेः फलं किं स्यात्=)** **પ્રશ્ન—** ક્ષુધા આદિની નિવૃત્તિ શા માટે કરવાની છે ? **(स्वास्थ्यं=)** **ઉત્તર—** સ્વાસ્થ્ય મેળવવા ક્ષુધા આદિની નિવૃત્તિ કરવાની જરૂર પડે છે. **(तेषां तु तत् सदा=)** સિદ્ધોને સદા સ્વાસ્થ્ય હોય છે. (૪)

**ટીકાર્થ— અન્નાદિ—** એ સ્થળે આદિ શબ્દથી અશન-પાન-માળા-ચંદન-સ્ત્રી વગેરે (વિષય સુખનાં સાધનો)નું ગ્રહણ કરવું.

**ક્ષુધા આદિ—** એ સ્થળે આદિ શબ્દથી પિપાસા-અરતિ વગેરે દુઃખોનું ગ્રહણ કરવું.

**સિદ્ધોને સદા સ્વાસ્થ્ય હોય છે—** કારણ કે અસ્વાસ્થ્યનાં કારણ કર્મો કે ઇચ્છા વગેરેનો સિદ્ધોને અભાવ હોય છે. આથી અન્નાદિના અભાવમાં પણ સિદ્ધોને સુખ જ હોય છે.

**સારાંશ—** ક્ષુધાદિ ઉત્પન્ન થતાં અસ્વાસ્થ્ય ઉત્પન્ન થાય છે. એથી ક્ષુધાદિ દૂર ન થાય ત્યાં સુધી અસ્વાસ્થ્ય દૂર ન થાય. આથી સ્વાસ્થ્ય મેળવવા ક્ષુધાદિની નિવૃત્તિ કરવાની જરૂર પડે છે. એટલે જેને ક્ષુધાદિ ન હોય તેને અસ્વાસ્થ્ય ન હોય=સ્વાસ્થ્ય જ હોય. એથી અન્નાદિ ભોગની જરૂર ન પડે. કર્મના ઉદયથી ક્ષુધાદિ ઉત્પન્ન થાય છે. સકલકર્મોથી મુક્ત સિદ્ધોને ક્ષુધાદિ ન હોવાથી સદા સ્વાસ્થ્ય જ હોય છે. (૪)

**अमुमेवार्थं भङ्ग्यन्तरेणाह—**

**अस्वस्थस्यैव भैषज्यं, स्वस्थस्य तु न दीयते ।**
**अवाप्तस्वास्थ्यकोटीनां, भोगोऽन्नादेरपार्थकः ॥५॥**

**वृत्तिः—** 'अस्वस्थस्यैव' अपटोरेव, 'भैषज्यं' औषधं, दीयत इति योगः, इह च संप्रदानस्यावि-वक्षितत्वात्सम्बन्धस्य तु विवक्षितत्वात् तथाप्रयोगदर्शनाच्च षष्ठीनिर्देशः कृतः, 'स्वस्थस्य तु' निरातङ्कस्य पुनः, 'न' नैव, 'दीयते' वितीर्यते, अयं च दृष्टान्तः, अथ दार्ष्टान्तिकार्थप्रतिपादनायाह- यत एवं ततः, अवाप्ता-लब्धा स्वास्थ्यकोटिः-अनाबाधताप्रकर्षपर्यन्तो यैस्ते तथा तेषां 'अवाप्तस्वास्थ्यकोटीनाम्', सिद्धा-नामिति गम्यम्, 'भोगः' सेवा, 'अन्नादेः' अशनादेः, 'अपार्थकः' निरर्थकः, साध्यस्य सिद्धत्वात् इति ॥५॥

આ જ અર્થને બીજી રીતે કહે છે—

**શ્લોકાર્થ—** અસ્વસ્થને જ દવા અપાય છે, સ્વસ્થને નહિ. જેમણે સર્વોચ્ચ પ્રકારનું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી

લીધું છે તેવા સિદ્ધોને અન્નાદિનો ભોગ નિરર્થક છે. (૫)

**ટીકાર્થ—** (જેને આપવાનું હોય તેને વ્યાકરણના નિયમથી ચોથી વિભક્તિ આવે. પણ) અહીં સંપ્રદાનની વિવક્ષા કરી નથી, સંબંધની વિવક્ષા કરી છે. તેથી અને તેવા પ્રકારના પ્રયોગો જોવામાં આવતા હોવાથી **अस्वस्थस्य** ઇત્યાદિ સ્થળે છઠ્ઠી વિભક્તિનો નિર્દેશ કર્યો છે.

સિદ્ધોને સાધ્ય સિદ્ધ થઇ ગયું હોવાથી અન્નાદિનો ભોગ નિરર્થક છે. (૫)

**यत एवमत एव—**

**अकिञ्चित्करकं ज्ञेयं, मोहाभावाद् रताद्यपि ।**

**तेषां कण्ड्वाद्यभावेन, हन्त कण्डूयनादिवत् ॥६॥**

**वृत्तिः— अकिञ्चित्करं-अफलं तदेव 'अकिञ्चित्करकम्,' पाठान्तरे 'तथाऽकिञ्चित्करं' इति व्यक्तं च, 'ज्ञेयं' ज्ञातव्यम्, कुतो 'मोहाभावात्' पुंवेदादिमोहनीयाभावात्, 'किं तदित्याह- 'रताद्यपि' न केवलमन्नादिभोगो मैथुनाद्यपि, आदिशब्दाद्विलेपनादिग्रहः, केषामित्याह- 'तेषां' सिद्धानां मुक्तानाम्, अत्र दृष्टान्तमाह- 'कण्ड्वाद्यभावेन' खर्ज्वाद्यभावेन हेतुना, आदिशब्दात् शीतादिपरिग्रहः, 'हन्त' इति प्रत्यवधारणार्थः कोमलामन्त्रणार्थो वा, 'कण्डूयनादिवत्' खर्जूकरणादिकमिव, आदिशब्दादनलसेवनादिवदिति ॥६॥**

**જેથી આ પ્રમાણે છે તેથી જ—**

**શ્લોકાર્થ—** જેમ ખુજલી આદિના અભાવમાં ખણાજ આદિ નિરર્થક છે (=ખણાજની જરુર ન હોય), તેમ સિદ્ધોને મોહનો અભાવ હોવાથી મૈથુન આદિ પણ નિરર્થક જાણવું. (૬)

**ટીકાર્થ— ખુજલી આદિ—** એ સ્થળે આદિ શબ્દથી ઠંડી વગેરેનું ગ્રહણ કરવું.

**ખણાજ આદિ—** એ સ્થળે આદિ શબ્દથી અગ્નિનું સેવન વગેરેનું ગ્રહણ કરવું.

**મોહનો—** પુરુષવેદ આદિ મોહનો.

**મૈથુન આદિ પણ—** એ સ્થળે આદિ શબ્દથી વિલેપન વગેરેનું ગ્રહણ કરવું. પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-કેવળ અન્નાદિનો ભોગ નિરર્થક છે એમ નહિ, કિંતુ મૈથુન આદિ પણ નિરર્થક છે. (૬)

**सिद्धसुखं स्वरूपत आह—**

**अपरायत्तमौत्सुक्य-रहितं निष्प्रतिक्रियम् ।**

**सुखं स्वाभाविकं तत्र, नित्यं भयविवर्जितम् ॥७॥**

**वृत्तिः— 'अपरायत्तं' स्वाधीनं, स्वतन्त्रत्वात् सिद्धानाम्, सुखमिति योगः, 'औत्सुक्यरहितं' विषयाकाङ्क्षावर्जितं, रागाभावात्, निर्गतं प्रतिक्रियाया दुःखप्रतीकाररूपाया इति 'निष्प्रतिक्रियम्', इदं हि सांसारिकसुखवद्वेदनाप्रतिकाररूपं न भवति, 'सुखं' सौख्यम्, स्वभावे विषयानपेक्षे आत्मस्वरूपे भवं**

'स्वाभाविकं' अनन्तज्ञानदर्शनसुखवीर्यरूपत्वादात्मन:, 'तत्र' मोक्षे परमपदे वा, 'नित्यं' सार्वदिकं साद्यपर्यवसितत्वात्, अत एव 'भयविवर्जितं' प्रतिपातजनितभीतिविरहितम्, सांसारिकसुखं त्वेतद्विपरीतमिति ॥७॥

**સિદ્ધોના સુખનું સ્વરૂપ કહે છે—**

**શ્લોકાર્થ—** મોક્ષમાં સ્વાધીન, ઔત્સુક્યથી રહિત, પ્રતિકારથી રહિત, સ્વાભાવિક, નિત્ય અને ભય-રહિત સુખ હોય છે. (૭)

**ટીકાર્થ— સ્વાધીન—** સિદ્ધો સ્વતંત્ર હોવાથી સ્વાધીનસુખ હોય છે.

**ઔત્સુક્યથી રહિત—** વિષયોની આકાંક્ષાથી રહિત. કેમકે રાગનો અભાવ હોય છે.

**પ્રતીકારથી રહિત—** દુ:ખના પ્રતીકારથી રહિત. જેવી રીતે સાંસારિક સુખ દુ:ખના પ્રતિકાર રૂપ છે તેમ મોક્ષસુખ દુ:ખના પ્રતિકારરૂપ નથી.

**સ્વાભાવિક—** સ્વભાવમાં થયેલું તે સ્વાભાવિક. સ્વભાવમાં એટલે વિષયોની અપેક્ષા વિના આત્મ-સ્વરૂપમાં. વિષયોની અપેક્ષા વિના (નિર્મલ) આત્મસ્વરૂપમાં જે સુખ અનુભવાય તે સુખ સ્વાભાવિક છે. આત્મા અનંત જ્ઞાન-અનંતદર્શન-અનંતસુખ-અનંતવીર્યરૂપ હોવાથી મોક્ષમાં સ્વાભાવિક સુખ હોય છે.

**નિત્ય—** સદા રહેનારું. મોક્ષસુખ આદિ અનંત હોવાથી સદા રહેનારું છે.

**ભયરહિત—** મોક્ષસુખ સદા રહેનારું હોવાથી જ નાશના કારણે ઉત્પન્ન થયેલા ભયથી રહિત હોય છે, અર્થાત્ સુખનાશના ભયથી રહિત હોય છે.

સાંસારિક સુખ આનાથી વિપરીત (પરાધીન, ઔત્સુક્યથી સહિત, પ્રતીકારથી સહિત, અસ્વાભાવિક, અનિત્ય, અને ભયસહિત) હોય છે. (૭)

**इदं च परै: परमानन्द इत्यभिहितमेतदेवाह—**

**परमानन्दरूपं तद्, गीयतेऽन्यैर्विचक्षणै: ।**

**इत्थं सकलकल्याण-रूपत्वात्साम्प्रतं ह्यद: ॥८॥**

वृत्ति:— 'परमानन्दरूपं' प्रकृष्टाह्लादस्वभावम्, 'तत्' इति मोक्षसुखम्, 'गीयते' अभिधीयते, 'अन्यै:' आर्हतेभ्योऽपरै:, 'विचक्षणै:' पण्डितै:, उपसंहरन्नाह- 'इत्थं' अनन्तरोक्तप्रकारेण ''अपरायत्तमित्यादिना'', 'सकलकल्याणरूपत्वात्' निखिलश्रेय:स्वभावत्वात् हेतो:, 'साम्प्रतं' युक्तम्, 'हि' शब्दोऽवधारणे तस्य चैवं प्रयोग:, अद एव-एतदेव मोक्षसुखं, न पुन: सांसारिकमिति ॥८॥

**મોક્ષસુખને બીજાઓ 'પરમાનંદ' એ પ્રમાણે કહે છે. આ જ કહે છે—**

**શ્લોકાર્થ—** અન્ય પંડિતો મોક્ષસુખને પરમાનંદરૂપ કહે છે. આ પ્રમાણે સકલકલ્યાણ સ્વરૂપ હોવાથી મોક્ષસુખ જ યુક્ત છે=વાસ્તવિક સુખ છે.

**ટીકાર્થ— અન્ય—** જૈનોથી અન્ય.

**આ પ્રમાણે**— હમણાં કહેલા "મોક્ષસુખ સ્વાધીન છે" ઇત્યાદિ પ્રકારથી. **આ પ્રમાણે**— મોક્ષસુખ સકલકલ્યાણ રૂપ હોવાથી મોક્ષસુખ જ વાસ્તવિક સુખ છે, નહિ કે સાંસારિક સુખ. (૮)

**अथ केषामिदमवसेयमित्यत आह—**

**संवेद्यं योगिनामेत-दन्येषां श्रुतिगोचरः ।**
**उपमाऽभावतो व्यक्त-मभिधातुं न शक्यते ॥९॥**

वृत्तिः— 'संवेद्यं' संवेदनार्हम्, 'योगिनां' केवलिनाम्, 'एतत्' मोक्षसुखम्, अन्येषां का वार्तेत्याह- 'अन्येषां' अयोगिनाम्, 'श्रुतिगोचरः' श्रवणविषय एव, न संवेदनीयम्, श्रुतिगोचरोऽपि तदन्येषां यथावत्तया न भवति, तथात्वेन तस्य वक्तुमशक्यत्वात्, एतदेवाह- 'उपमाऽभावतो' दृष्टन्ताभावेन, 'व्यक्तं' स्फुटम्, वक्तुं 'अभिधातुं', 'न' नैव, 'शक्यते' पार्यते, मुक्तिसुखमिति प्रक्रमः, यदाह-"जह नाम कोइ मिच्छो, नगरगुणे बहुविहे वियाणंतो । न चएइ परिकहेउं, उवमाएँ तहिं असंतीए"[१] ॥१॥" सामान्येन पुनरभिधीयते, तद्यथा-"जह सव्वकामगुणियं, पुरिसो भोत्तूण भोयणं कोई । तण्हाछुहाविमुक्को, अच्छिज्ज जहा अमियतित्तो"[२] ॥२॥" "इय सव्वकालतित्ता, अउलं निव्वाणमुवगया सिद्धा । सासयमव्वाबाहं, चिट्ठंति सुही सुहं पत्त"[३] ॥३॥ त्ति" ॥९॥

**द्वात्रिंशतोऽष्टकप्रकरणानां समाप्तिसूचकं श्लोकमाह—**

**अष्टकाख्यं प्रकरणं, कृत्वा यत्पुण्यमर्जितम् ।**
**विरहात्तेन पापस्य, भवन्तु सुखिनो जनाः ॥१०॥**

वृत्तिः— मूलटीकायां नास्त्येवायं श्लोकः, इह तु स्पष्टत्वान्न व्याख्यातः, केवलं विरहशब्देन हरिभद्राचार्यकृतत्वं प्रकरणस्यावेदितम्, विरहाङ्कत्वाद्धरिभद्रसूरेरिति ।

**॥ द्वात्रिंशत्तमाष्टकविवरणं समाप्तम् ॥३२॥**

---

५१. यथा नाम कश्चिन्म्लेच्छो नगरगुणान् बहुविधान् विजानन् ।
न शक्नोति परिकथयितुमुपमायां तत्रासत्याम् ॥१॥
भावार्थः कथानकगम्यः । म्लेच्छः कोऽपि महारण्ये, वसति स्म निराकुलः । अन्यदा तत्र भूपालो, दुष्टाश्वेन प्रवेशितः ॥१॥ म्लेच्छेनासौ नृपो दृष्टः, सत्कृतश्च यथोचितम् । प्रापितश्च निजं देशं, सोऽपि राज्ञा निजं पुरम् ॥२॥ ममायमुपकारीति, कृतो राज्ञाऽतिगौरवात् । विशिष्टभोगभूतीनां, भाजनं जनपूजितः ॥३॥ ततः प्रासादशृङ्गेषु रम्येषु काननेषु च । वृतो विलासिनीसार्थैर्भुङ्क्ते भोगसुखान्यसौ ॥४॥ अन्यदा प्रावृषः प्राप्तौ, मेघाडम्बरमण्डितम् । व्योम दृष्ट्वा ध्वनिं श्रुत्वा, मेघानां स मनोहरम् ॥५॥ जातोत्कण्ठो दृढं जातोऽरण्यवासगमं प्रति । विसर्जितश्च राज्ञाऽपि, प्राप्तोऽरण्यमसौ ततः ॥६॥ पृच्छन्त्यरण्यवासास्तं, नगरं तात कीदृशम् ? । स स्वभावान् पुरः सर्वान्, जानात्येव हि केवलम् ॥७॥ न शशाकतमां तेषां, गदितुं स कृतोद्यमः । वने वनेचराणां हि नास्ति सिद्धोपमा तथा ॥८॥

५२. यथा सर्वकामगुणितं पुरुषो भुक्त्वा भोजनं कश्चित् । तृष्णाक्षुधाविमुक्तस्तिष्ठेत् यथाऽमृततृप्तः ।

५३. इति सर्वकालतृप्ता अतुलं निर्वाणमुपगताः सिद्धाः । शाश्वतमव्याबाधं तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ता इति ।

**હવે મોક્ષસુખને કોણ જાણી શકે એમ કોઇ પૂછે, તેથી કહે છે—**

**શ્લોકાર્થ—** યોગીઓ મોક્ષસુખને જાણે છે, બીજાઓ માત્ર સાંભળી શકે છે. દૃષ્ટાંત ન હોવાથી મોક્ષસુખ સ્પષ્ટ કહી શકાતું નથી.

**ટીકાર્થ—** (મોક્ષસુખ સ્વાધીન છે ઇત્યાદિ મોક્ષસુખના સ્વરૂપને કોણ જાણી શકે એ પ્રશ્નના ઉત્તરમાં અહીં કહે છે કે-) યોગીઓ=કેવલીઓ કેવલજ્ઞાનથી મોક્ષસુખને જાણે છે. બીજાઓ તો એના સ્વરૂપને સાંભળી શકે છે. (પ્રત્યક્ષથી જાણી શકતા નથી.) તેમાં પણ મોક્ષસુખનું જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપને સંપૂર્ણપણે સાંભળી શકતા નથી. કારણ કે મોક્ષસુખને કહેવા દૃષ્ટાંત ન હોવાથી મોક્ષસુખનું સ્પષ્ટ વર્ણન કરી શકાતું જ નથી. કહ્યું છે કે-**"જેવી રીતે મ્લેચ્છ નગરના (સારા ઘરમાં વાસ વગેરે) અનેક પ્રકારના ગુણોને જાણતો હોવા છતાં વનમાં ઉપમા (નગરના ગુણોની સાથે સરખાવી શકાય તેવી કોઇ વસ્તુ) ન હોવાથી કહી શકતો નથી, તે રીતે સિદ્ધોનું સુખ અનુપમ હોવાથી સંપૂર્ણપણે વાણીથી કહી શકાતું નથી." (આવ. નિ. ૯૮૩)**

પણ સામાન્યથી કહી શકાય છે. જેમકે સર્વ સૌંદર્યથી (=સારી વસ્તુઓથી) સંસ્કારિત કરેલું ભોજન કરીને તૃષા-ક્ષુધાથી અત્યંત રહિત બનેલો કોઇ પુરુષ અથવા અમૃતથી તૃપ્ત બનેલો કોઇ પુરુષ જેવી રીતે સુખનો અનુભવ કરે તેવી રીતે સદા તૃપ્ત, અનુપમમોક્ષને પામેલા, શાશ્વત અને અવ્યાબાધ સુખને પામેલા સિદ્ધો સુખી રહે છે. (આવ.નિ. ૯૮૫-૯૮૬) (૯)

**બત્રીસ અષ્ટક પ્રકરણોની સમાપ્તિના સૂચક શ્લોકને કહે છે—**

**શ્લોકાર્થ—** અષ્ટક નામનું પ્રકરણ કરીને મેં જે પુણ્ય પ્રાપ્ત કર્યું તે પુણ્યથી લોકો પાપનો અભાવ કરીને સુખી થાઓ.

**ટીકાર્થ—** મૂળટીકામાં આ શ્લોક નથી. સ્પષ્ટ હોવાથી અહીં આ શ્લોકની વ્યાખ્યા કરી નથી. "વિરહ" શબ્દથી આ પ્રકરણ શ્રી હરિભદ્રસૂરિજીએ કરેલું છે એ જણાવ્યું છે. કારણ કે શ્રી હરિભદ્રસૂરિ વિરચિત ગ્રંથોનું વિરહશબ્દ ચિહ્ન છે.

## બત્રીસમા મોક્ષ અષ્ટકનું વિવરણ પૂર્ણ થયું.

## ॥ वृत्तिकृत्प्रशस्तिः ॥

**जिनेश्वरानुग्रहतोऽष्टकानां, विविच्य गम्भीरमपीममर्थम् ।**
**अवाप्य सम्यक्त्वमपेतरेकं, सदैव लोकाश्चरणे यतध्वम् ॥१॥**

**सूरेः श्रीवर्धमानस्य, निःसंबन्धविहारिणः ।**
**हारिचारित्रपात्रस्य, श्रीचन्द्रकुलभूषिणः ॥२॥**

**पादाम्भोजद्विरेफेण, श्रीजिनेश्वरसूरिणा ।**
**अष्टकानां कृता वृत्तिः, सत्त्वानुग्रहहेतवे ॥३॥**

समानामधिकेऽशीत्या, सहस्रे विक्रमाद् गते ।
श्रीजावालिपुरे रम्ये, वृत्तिरेषा समापिता ।।४।।

नास्त्यस्माकं वचनरचनाचातुरी नापि तादृग्,
बोधः शास्त्रे न च विवरणं नाऽ(वाऽ)स्ति पौराणमस्य ।
किन्त्वभ्यासो भवतु भणितौ सूदितायाममुष्मात्,
संकल्पान्नो विवरणविधावत्र जाता प्रवृत्तिः ।।५।।

प्रत्यक्षरं निरूप्यास्या, ग्रन्थमानं विनिश्चितम् ।
त्रयस्त्रिंशच्छतानि स्युः, श्लोकानां सप्ततिस्तथा ।।१।।

**श्री चन्द्रकुलाम्बरभास्करश्रीजिनेश्वराचार्यकृता**
**तच्छिष्यश्रीमदभयदेवसूरिप्रतिसंस्कृता अष्टकवृत्तिः समाप्ता ।।**

## વૃત્તિકારની પ્રશસ્તિ

જિનેશ્વરના અનુગ્રહથી અષ્ટકોના ગંભીર પણ આ અર્થનું વિવેચન કરીને શંકારહિત સમ્યક્ત્વને પામીને લોકો સદા જ ચારિત્રમાં ઉદ્યમ કરો. (૧) અનાસક્તપણે વિહાર કરનાર, મનોહર ચારિત્રના પાત્ર, **શ્રી ચંદ્રકુલને** શોભાવનારા **શ્રી વર્ધમાનસૂરિના** ચરણ કમલમાં ભ્રમર સમાન **શ્રી જિનેશ્વરસૂરિજીએ** જીવોના અનુગ્રહ માટે અષ્ટકની વૃત્તિ કરી છે. (૨-૩) શ્રી વિક્રમરાજા પછી ૧૦૮૩ વર્ષ પસાર થયે છતે મનોહર શ્રી જાવાલિપુરમાં આ વૃત્તિ પૂર્ણ કરી. (૪) અમારામાં વચનરચનાનું ચાતુર્ય નથી, શાસ્ત્રસબંધી તેવો બોધ પણ નથી, તથા આ અષ્ટકનું પ્રાચીન વિવરણ પણ નથી. પણ સારી રીતે કહેવાયેલી વાણીમાં અભ્યાસ થાઓ એવા સંકલ્પથી આ ગ્રંથનું વિવરણ કરવામાં અમારી પ્રવૃત્તિ થઇ છે. (૫) દરેક અક્ષર તપાસીને (=ગણીને) આ ટીકાનું ગ્રન્થપ્રમાણ ૩૩૭૦ (ત્રણ હજાર ત્રણસો ને સિત્તેર) શ્લોક જેટલું નિશ્ચિત કર્યું છે.

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

શ્રી હરિભદ્રસૂરિ વિરચિત અને શ્રી જિનેશ્વરસૂરિકૃત ટીકા સહિત શ્રી અષ્ટક પ્રકરણ ગ્રન્થનો સિદ્ધાંત મહોદધિ સ્વ. પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પરમગીતાર્થ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન વર્ધમાનતપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.

**✻ પ્રારંભ સમય ✻**
વિ.સં. ૨૦૬૦-પોષ વદ-૨

**✻ પ્રારંભ સ્થળ ✻**
આફ્રિકાવાળા ભગવાનજી ભાઇનો બંગલો,
હરિનિવાસ, નૌપાડા, થાણા.

**✻ સમાપ્તિ સમય ✻**
વિ.સં. ૨૦૬૦, ફા. વ. ૧૪

**✻ સમાપ્તિ સ્થળ ✻**
નીલમનગર, મુલુંડ (ઇ.), મુંબઇ.



# मूल श्लोकानां अकाराद्यनुक्रमणिका


| | | | | | |
|---|---|---|---|---|---|
| अकिञ्चित्करकं ज्ञेयं— | ३२-६ | अस्माच्छासनमालिन्याआतौ— | २३-६ | एवं विज्ञाय तत्त्याग— | १०-७ |
| अकृतोऽकारितश्चान्यै— | ६-१ | अस्वस्थस्यैव भैषज्यं— | ३२-५ | एवं विरुद्धदानादौ— | २१-७ |
| अक्षयोपशमात्त्याग— | ८-५ | अहिंसा सत्यमस्तेयं— | ३-६ | एवं विवाहधर्मादौ— | २८-५ |
| अङ्गेष्वेव जरां यातु— | २१-६ | अहिंसैषा मता मुख्या— | १६-५ | एवं सद्वृत्तयुक्तेन— | १-५ |
| अचिन्त्यपुण्यसंभार— | ३१-५ | आत्मनस्तत्स्वभावत्वा— | ३०-४ | एवं सामायिकादन्य— | २९-८ |
| अत उन्नतिमाप्नोति— | २३-८ | आत्मस्थमात्मधर्मत्वात्— | ३०-५ | एवं ह्युभयथाप्येतद्— | ७-८ |
| अत एवागमज्ञोऽपि— | २२-५ | आर्तध्यानाख्यमेकं— | १०-१ | एवं ह्येतत्समादानं— | २१-४ |
| अतः प्रकर्षसम्प्राप्ताद्— | २५-१ | इति सर्वप्रयत्नेनोपघातः— | २३-७ | एवमाहेह सूत्रार्थं— | २६-४ |
| अतः सर्वगताभास— | ३०-७ | इत्थं चैतदिहैष्टव्य— | २८-८ | एवम्भूताय शान्ताय— | १-८ |
| अतः सर्वप्रयत्नेन— | २३-५ | इत्थं जन्मैव दोषोऽत्र— | १८-४ | औचित्येन प्रवृत्तस्य— | २२-८ |
| अत्यन्तमानिना सार्धं— | १२-२ | इत्थमाशयभेदेन— | २७-६ | कर्तव्या चोन्नतिः— | २३-७ |
| अत्रैवासावदोषश्चेन्निवृत्ति— | १८-६ | इदं तु यस्य नास्त्येव— | २२-६ | कर्तव्या चोन्नतिः सत्यां— | २३-८ |
| अदानेऽपि च दीनादे— | ७-५ | इमौ शुश्रूषमाणस्य— | २५-५ | कर्मेन्धनं समाश्रित्य— | ४-१ |
| अदोषकीर्तनादेव— | २०-५ | इयं च नियमाज्ज्ञेया— | ३१-८ | कश्चिदाहाऽन्नपानादि— | ३२-३ |
| अधिकारिवशाच्छास्त्रे— | २-५ | इष्टापूर्तं न मोक्षांगं— | ४-८ | कश्चिदाहाऽस्य दानेन— | २७-१ |
| अन्यस्त्वाहास्य राज्यादि— | २८-१ | इष्टेतरवियोगादि— | १०-२ | कश्चिद्दषिस्तपस्तेपे— | १९-४ |
| अन्यैस्त्वसङ्ख्यमन्येषां— | २६-२ | इष्यते चेत्क्रियाप्यस्य— | १४-८ | किं वेह बहुनोक्तेन— | १९-२ |
| अन्योऽविमृश्य शब्दार्थं— | १८-१ | उच्यते कल्प एवाऽस्य— | २७-२ | किञ्चेहाऽधिकदोषेभ्यः— | २८-६ |
| अपकारिणि सद्बुद्धि— | २९-७ | उदग्रवीर्यविरहात्— | ८-६ | किम्फलोऽन्नादिसंभोगो— | ३२-४ |
| अपरायत्तमौत्सुक्य— | ३२-७ | उद्वेगकृद्विषादाढ्य— | १०-३ | कृत्वेदं यो विधानेन— | २-३ |
| अपेक्षा चाविधिश्चैवा— | ८-२ | उपन्यासश्च शास्त्रेऽस्याः— | १५-७ | कृत्स्नकर्मक्षयान्मोक्षो— | ३२-१ |
| अप्रदाने हि राज्यस्य— | २८-२ | ऋषीणामुत्तमं— | २-७ | क्व खल्वेतानि युज्यन्ते— | १३-३ |
| अभव्येषु च भूतार्था— | ३१-६ | एको नित्यस्तथाऽबद्धः— | १०-४ | क्षणिकज्ञानसन्तान— | १५-१ |
| अभावेऽस्या न युज्यन्ते— | १५-८ | एतत्तत्त्वपरिज्ञाना— | १०-८ | गृहीतोऽभिग्रहः श्रेष्ठो— | २१-३ |
| अभावे सर्वथैतस्या— | १४-३ | एतद्विपर्ययाद् भाव— | ८-७ | गृहीत्वा ग्लानभैषज्य— | २१-२ |
| अष्टकाख्यं प्रकरणं— | ३२-१० | एतस्मिन् सततं यत्नः— | ९-८ | गेहाद् गेहान्तरं— | २४-१ |
| अष्टपुष्पी समाख्याता— | ३-१ | एतावन्मात्रसाम्येन— | १७-६ | गेहाद् गेहान्तरं— | २४-२ |
| अष्टापायविनिर्मुक्त— | ३-३ | एभिर्देवाधिदेवाय— | ३-७ | गेहाद् गेहान्तरं— | २४-३ |
| असम्भवीदं यद्वस्तु— | २९-५ | एवं न कश्चिदस्यार्थ— | २७-८ | गेहाद् गेहान्तरं— | २४-४ |

| | |
|---|---|
| चित्तरत्नमसंक्लिष्ट— | २४-७ |
| चौरोदाहरणादेवं— | २३-६ |
| जगद्गुरोर्महादानं— | २६-१ |
| जलेन देहदेशस्य— | २-२ |
| जिनोक्तमिति सद्भक्त्या— | ८-८ |
| जीवतो गृहवासेऽस्मिन्— | २५-४ |
| ज्ञाने तपसि चारित्रे— | ३०-२ |
| ज्ञापकं चात्र भगवान्— | २७-५ |
| ततः सदुपदेशादेः— | १६-४ |
| ततः सन्नीतितोऽभावा— | १४-४ |
| ततश्च भ्रष्टसामर्थ्यः— | १९-८ |
| ततश्चास्याः सदा सत्ता— | १५-३ |
| ततश्चोर्ध्वगतिर्धर्मा— | १४-६ |
| ततो महानुभावत्वात्— | २६-३ |
| तत्तथा शोभनं दृष्ट्वा— | २३-४ |
| तत्त्यागायोपशान्तस्य— | १०-५ |
| तत्र प्रवृत्तिहेतुत्वात्— | २०-६ |
| तत्र प्राण्यङ्गमप्येकं— | १७-३ |
| तत्रात्मा नित्य एवेति— | १४-१ |
| तथाविधप्रवृत्त्यादि— | ९-५ |
| तथोत्कृष्टे च सत्यस्मिन्— | २२-३ |
| तदेवं चिन्तनं न्यायात्— | २९-६ |
| तया सह कथं संख्या— | २६-६ |
| तस्माच्छास्त्रं च लोकं च— | १७-७ |
| तस्मात्तदुपकाराय— | २८-४ |
| तस्मादासन्नभव्यस्य— | २२-७ |
| तस्माद् यथोदितं वस्तु— | १३-८ |
| तस्यापि हिंसकत्वेन— | १५-६ |
| दया भूतेषु वैराग्यं— | २४-८ |
| दातॄणामपि चैताभ्यः— | ५-८ |
| दीक्षा मोक्षार्थमाख्याता— | ४-२ |
| दुःखात्मकं तपः— | ११-१ |
| दृष्टश्चाभ्युदये भानोः— | ३१-७ |
| दृष्टा चेष्टार्थसंसिद्धौ— | ११-७ |
| दृष्टोऽसंकल्पितस्यापि— | ६-८ |
| देशाद्यपेक्षया चेह— | १२-८ |
| देहमात्रे च सत्यस्मिन्— | १६-७ |
| द्रव्यतो भावतश्चैव— | २-१ |
| द्रव्यतो भावतश्चैव— | ८-१ |
| द्रव्यादिभेदतो ज्ञेयो— | २१-८ |
| धर्मलाघवकृन्मूढो— | ५-५ |
| धर्माङ्गख्यापनार्थं च— | २७-३ |
| धर्मार्थं पुत्रकामस्य— | २०-२ |
| धर्मार्थं यस्य वित्तेहा— | ४-६ |
| धर्मार्थिभिः प्रमाणादे— | १३-४ |
| धर्मोद्यताश्च तद्योगात्— | २६-८ |
| ध्यानाम्भसा तु जीवस्य— | २-६ |
| न च क्षणविशेषस्य— | १५-५ |
| न च सन्तानभेदस्य— | १५-४ |
| न च मोहोऽपि— | १-२ |
| न चैवं सद्गृहस्थानां— | ६-३ |
| न मांसभक्षणे दोषो— | १८-२ |
| न मोहोद्रिक्तताऽभावे— | २२-४ |
| नागादे रक्षणं यद्वद्— | २८-७ |
| नातिदुष्टापि चामीषा— | ५-७ |
| नाद्रव्योऽस्ति गुणोऽलोके— | ३०-८ |
| नापवादिककल्पत्वान्नैका— | २०-३ |
| नाशहेतोरयोगेन— | १५-२ |
| निःस्वान्धपङ्गवो ये तु— | ५-६ |
| नित्यानित्ये तथा देहाद्— | १६-१ |
| निमित्तभावतस्तस्य— | ७-६ |
| निरपेक्षप्रवृत्त्यादि— | ९-३ |
| निरवद्यमिदं ज्ञेय— | २९-२ |
| निष्क्रियोऽसौ ततो हन्ति— | १४-२ |
| न्याय्यादौ शुद्धवृत्त्यादि— | ९-७ |
| पञ्चैतानि पवित्राणि— | १३-२ |
| परमानन्दरूपं तद्— | ३२-८ |
| परलोकप्रधानेन— | १२-६ |
| पातादिपरतन्त्रस्य— | ९-४ |
| पापं च राज्यसम्पत्सु— | ४-४ |
| पारिव्राज्यं निवृत्तिश्चेद्— | १८-८ |
| पित्रुद्वेगनिरासाय— | २५-३ |
| पीडाकर्तृत्वयोगेन— | १६-२ |
| पूजया विपुलं राज्य— | ४-३ |
| प्रकृत्या मार्गगामित्वं— | २४-७ |
| प्रक्षीणतीव्रसंक्लेशं— | २३-४ |
| प्रमाणेन विनिश्चित्य— | १३-६ |
| प्रव्रज्यां प्रतिपन्नो— | ५-४ |
| प्रशस्तो ह्यनया— | ३-८ |
| प्रसिद्धानि प्रमाणानि— | १३-५ |
| प्राणिनां बाधकं— | २०-७ |
| प्राण्यङ्गत्वेन न च नो— | १७-४ |
| प्रायो न चाकम्पावां— | ७-४ |
| प्रारम्भमङ्गलं ह्यस्या— | २५-७ |
| प्रोक्षितं भक्षयेन्मांसं— | १८-५ |
| बध्नात्यपि तदेवालं— | २३-२ |
| भक्षणीयं सता मांसं— | १७-१ |
| भक्ष्याभक्ष्यव्यवस्थेह— | १७-२ |
| भवहेतुत्वतश्चाऽयं— | ७-३ |
| भावशुद्धिनिमित्तत्वात्— | २-४ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| भावशुद्धिरपि ज्ञेया— | २२-१ | ये तु दानं प्रशंसन्ती— | २७-७ | शुभाशयकरं ह्येत— | २७-४ |
| भिक्षुमांसनिषेधोऽपि— | १७-५ | यो न संकल्पितः पूर्वं— | ६-२ | शुष्कवादो विवादश्च— | १२-१ |
| भुञ्जानं वीक्ष्य दीनादि— | ७-२ | यो वीतरागः सर्वज्ञो— | १-३ | श्रूयते च ऋषिर्मद्यात्— | १९-३ |
| भूयांसो नामिनो बद्धा— | १०-६ | रागादेव नियोगेन— | २०-१ | संकल्पनं विशेषेण— | ६-४ |
| भोगाधिष्ठानविषये— | १४-७ | रागो द्वेषश्च मोहश्च— | २२-२ | संवेद्यं योगिनामेत— | ३२-९ |
| मद्यं पुनः प्रमादाङ्गं— | १९-१ | लब्धिख्यात्यर्थिना तु स्याद्— | १२-४ | स एवं गदितस्ताभि— | १९-६ |
| मद्यं प्रपद्य तद्भोगान्नष्ट— | १९-७ | लब्ध्याद्यपेक्षया ह्येत— | ८-३ | स कृतज्ञः पुमाँल्लोके— | २५-८ |
| मनइन्द्रिययोगाना— | ११-५ | लौकिकैरपि चैषोऽर्थो— | २०-५ | सङ्कीर्णैषा स्वरूपेण— | ३-४ |
| मध्येव निपतत्वेत— | २९-४ | वचनं चैकमप्यस्य— | ३१-४ | सत्यां चास्यां तदुक्त्या किं— | १३-७ |
| महातपस्विनश्चैवं— | ११-३ | वरबोधित आरभ्य— | ३१-२ | सदागमविशुद्धेन— | २४-६ |
| महादानं हि संख्यावदर्थ्य— | २६-५ | विचार्यमेतत् सद्बुद्ध्या— | १६-८ | सदौचित्यप्रवृत्तिश्च— | २५-२ |
| महानुभावताप्येषा— | २६-७ | विजयेऽस्य फलं— | १२-७ | सर्व एव च दुःखैवं— | ११-२ |
| मां स भक्षयिताऽमुत्र— | १८-३ | विजयेऽस्यातिपातादि— | १२-३ | सर्वपापनिवृत्तिर्यत्— | २५-६ |
| मूलं चैतदधर्मस्य— | २०-८ | विजयो ह्यत्र सन्नीत्या— | १२-५ | सर्वसम्पत्करी चैका— | ५-१ |
| मोक्षाध्वसेवया चैताः— | ४-७ | विनयेन समाराध्य— | १९-५ | सर्वारम्भनिवृत्तस्य— | ७-१ |
| यः पूज्यः सर्वदेवानां— | १-४ | विनश्यन्त्यधिकं— | २८-३ | सामान्येनापि नियमाद्— | २३-५ |
| यः शासनस्य मालिन्ये— | २३-१ | विभिन्नं देयमाश्रित्य— | ६-६ | सामायिकं च मोक्षाङ्ग— | २९-१ |
| यच्च चन्द्रप्रभाद्यत्र— | ३०-६ | विशिष्टज्ञानसंवेग— | ११-८ | सामायिकविशुद्धात्मा— | ३०-१ |
| यतिर्ध्यानादियुक्तो यो— | ५-२ | विशुद्धिश्चास्य तपसा— | ४-५ | सुवैद्यवचनाद् यद्वद्— | १-७ |
| यत्पुनः कुशलं चित्तं— | २९-३ | विषकण्टकरत्नादौ— | ९-२ | सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो— | २१-१ |
| यथाविधि नियुक्तस्तु— | १८-७ | विषयप्रतिभासं— | ९-१ | स्नात्वाऽनेन यथायोगं— | २-८ |
| यथैवाविधिना लोके— | ८-४ | विषयो धर्मवादस्य— | १३-१ | स्नायादेवेति न तु यत्— | २०-८ |
| यन्न दुःखेन संभिन्नं— | ३२-२ | विषयो वास्य वक्तव्यः— | ६-५ | स्मरणप्रत्यभिज्ञान— | १६-६ |
| यस्तून्नतौ यथाशक्ति— | २३-३ | वीतरागोऽपि सद्वेद्य— | ३१-१ | स्वरूपमात्मनो ह्येतत्— | ३०-३ |
| यस्य चाराधनोपायः— | १-६ | वृद्ध्याद्यर्थमसङ्गस्य— | ५-३ | स्वस्थवृत्तेः प्रशान्तस्य— | ९-६ |
| यस्य संक्लेशजननो— | १-१ | शरीरेणापि सम्बन्धो— | ३४-५ | स्वोचिते तु यदारम्भे— | ६-७ |
| यापि चानशनादिभ्यः— | ११-६ | शास्त्रार्थश्च प्रयत्नेन— | ७-७ | हिंस्यकर्मविपाकेऽपि— | १६-३ |
| या पुनर्भावजैः पुष्पैः— | ३-५ | शास्त्रे चाप्तेन— | १७-८ | | |
| यावत्संतिष्ठते तस्य— | ३१-३ | शुद्धागमैर्यथालाभं— | ३-२ | | |
| युक्त्यागमबहिर्भूत— | ११-४ | शुभानुबन्ध्यतः पुण्यं— | २४-५ | | |

# अवान्तरश्लोकानां अकाराद्यनुक्रमणिका


अकसिणपवत्तगाणं— २-५
अज्जवि धावइ नाणं— ३०-५
अज्ञानं खलु भोः— ९-३
अज्ञानपांशुपिहितं— १-३
अनिगूहियबलविरिओ— १-६
अणुकंपादाणं पुण— २७-३
अणुमित्तो वि न कस्सइ— ७-६
अत्थवइणा निवइणा— १२-८
अनिगूहंतो विरियं— ७-७
अनेकानि सहस्राणि— २०-४
अन्तर्वेद्यां तु यद्दत्तं— ४-८
अन्धादीनां यदज्ञान— २९-६
अन्नाईणं सुद्धाण— २१-७
अपकारपरेऽपि परे— २९-१
अपडिबुझमाणे कहिंचि— २५-६
अपाणिपादो ह्यमनो— १-३
अपुत्रस्य गतिर्नास्ति— २०-२
अपुव्वनाणगहणे सुयभत्ती— ३१-२
अप्पाहन्ने वि इहं— ८-१
अब्भुट्ठाणे विणए— १६-४
अब्भुवगमेण भणियं— २५-६
अमूर्तश्चेतनो भोगी— १०-४
अरिहंत सिद्ध पवयण— ३१-२
अरिहंतेसु य रागो— २९-६
अर्थक्रिया विधायित्वं— १०-४
अविसेसिया मई च्चिय— ९-३
अष्टवर्गान्तकं बीजं— १-५
अष्टावेणस्य मांसेन— १८-५
असणं पाणगं वावि— ६-४
असणं पाणगं वावि— ६-५
असदारंभपवत्तो— २-५
अस्ति वक्तव्यता काचि— १-५
अहरहर्नयमानो (ऽपि)— ५-४
अह सत्तमंमि मासे— २५-३
अहिंसा सत्यवचन— १३-२
अहो जिणेहिं असावज्जा— ५-२
आग्नेयं भस्मना स्नान— २-१
आग्नेयं वारुणं ब्राह्मं— २-१
आग्रही बत निनीषति युक्तिं— १-१
आणोहेणाणंता— ८-३
आत्मनां सर्वथैकत्वे— १०-४
आत्मास्ति स परिणामी— १-५
आपो हिष्ठामयं बाह्यं— २-१
आमासु य पक्कासु य— १७-४
आया चेव अहिंसा— ७-६
आरुग्गबोहिलाभं— २९-६
आहारवर्जिते देह— ११-४
इच्छा मूर्छा रागः— १०-६
इय सव्वकालतित्ता— ३२-९
इय सव्वेणवि सम्मं— ७-६
इष्टापूर्तं मन्यमाना वरिष्टं— ४-८
उत्पद्यते हि सावस्था— २७-५
उदयक्खयक्खओवसमो— २५-४
उपकारीति पूज्यः— २५-८
उवगाराभावंमि वि— १-६
उवसम संवेगो वि य— २३-४
ऋतुकाले व्यतिक्रान्ते— २०-२
एएण जंपि केइ— ११-१
एएण न बाहिज्जइ संभवइ— १-५
एक एव हि भूतात्मा— १०-४
एको भावः सर्वथा येन दृष्टः— १-३
एक्कं चिय इत्थ वयं— १४-३
एक्कम्मि वि पाणिवहम्मि— ५-८
एतदेव परं तत्त्वं— १-५
एते हाटकराशयः प्रवितताः— २६-२
एत्तोच्चिय निद्दोसं— २८-६
एवं मरणादियोगेन— १४-१
एवं संकडधम्माणं— १०-४
एवमस्य निवर्तन्ते— १०-४
औरभ्रेणेह चतुरः— १८-५
कंचणमोत्तियरयणा— ३-३
कः कालः कानि मित्राणि— १२-८
कामानुषक्तस्य रिपुप्रहारिणः— १-५
कामिनीसन्निभा नास्ति— २०-६
कार्यं कार्यान्तराज्जातं— १-७
कार्यकारणभूताश्च— १०-६
किं एत्तो कट्ठयरं— १-१
कुड्यादिनिःसृतानां तु— १-५
कुणइ जह सन्निवाए— १०-५
कूर्मशशकमांसेन— १८-५
कुलानि पातयत्यष्टौ— २०-२
को दुक्खं पाविज्जा— २०-१
को हि व्यवस्थितः कर्ता— १०-४
क्रमाक्रमविरोधश्च— १०-४
क्लेशायासपराः प्रायः— २६-८
खंताइसाहुधम्मे— ११-८
खड्डा तडम्मि वसमे— २८-७

गिह्णति सयंगहीयं— ८-२
गिहिणो वेयावडियं न कुज्जा— २७-३
गुणपच्चक्खत्तणओ— १०-६
गुरुमूले सुयधम्मो— २१-७
घटः कार्यं न पिण्डस्य— १६-१
चित्तमात्रं भो जिनपुत्र— १०-४
चोएइ चेइयाणं— २-५
छक्कायदयावंतो वि— ७-१
छक्कायदयावंतो वि— २३-१
छज्जीवकायवहगा— ११-८
छज्जीवकायसंजमो— २-५
जं इय इमं न दुक्खं— ११-८
जंपि वत्थं व पायं वा— ३-६
जइवि न आहाकम्मं— ३-३
जगत्प्रिये सुरूपे च— २६-७
जमिणं असप्पवित्तीइ— ९-४
जम्हा न मोक्खमग्गे— ७-७
जह नाम कोइ मिच्छो— ३२-९
जह देवाणं संगी— १-५
जह लेट्टुयम्मि खित्ते— १०-४
जह वेह कंचणोवल— ३०-३
जह सव्वकामगुणियं— ३२-९
जा जयमाणस्स भवे— १६-३
जावंतियमुद्देसं— ६-४
जिणसासणे कुसलया— २३-४
जीवसरीराणं पि हु— १६-१
जीवाइ भाववाओ— १-५
जे उ दाणं पसंसंति— २७-६
जे उ तह विवज्जत्था— ५-२
जो उ पमत्तो पुरिसो— १६-३
जो तुल्लसाहणाणं— १०-६
ज्ञानयत्नादिसम्बन्धः— १४-१
ज्ञानिनो धर्मतीर्थस्य— १-३
णाणं पयासयं सो— ३०-२
णाणाहियस्स णाणं पुज्जइ— २९-१
णामं ठवणा दविए— ८-१
तं च कहं वेइज्जइ— ३१-३
तं भवे भत्तपाणं तु— ६-४
तणसंथारनिसन्नो वि— ११-३
ततश्चैतत्परिणतौ— १४-७
तत्थ पहाणो अंसो— २८-७
तत्थ सुइणा दुहा वि हु— २-५
तत्रास्य विषयतृष्णा— २३-४
तप्पज्जायविणासो— १६-२
तम्हा सव्वाणुन्ना— १-६
तस्मान्न बध्यते नापि— १०-४
तस्मिन् ध्यानसमापन्ने— १-५
ता जह न देहपीडा— ११-५
ताल्वादिजन्मा ननु वर्णवर्गो— १-५
तित्थयरो किं कारणं— ३१-३
तिथिपर्वोत्सवाः सर्वे— २-३
तिन्नेव य कोडिसया— २६-१
दंसण विणए आवस्सए— ३१-२
दट्ठूण पाणिनिवहं— २४-८
दट्ठूण पाणिनिवहं— ५-८
दानेन भोगानाप्नोति— २७-४
दिट्ठो य तीए नागो— २८-७
दीक्खाए चेव रागो— २१-७
दुक्करयं अह एयं— ६-८
दुब्भिगंधमलस्सावि— ३-३
दुष्प्रतिकारौ माता— २५-८
दृष्टो रागाद्यसद्भावः— १-२
देशतो नाशिनो भावा— १-२
दोषावरणयोर्हानि— १-३
द्रव्याणां भवति— ३०-१
द्रव्याश्रयं च नित्यत्व— १०-४
धर्मज्ञो धर्मकर्ता च— ३-६
धर्मार्थं यस्य वित्तेहा— २-५
धर्मेण गमनमूर्ध्वं— १६-७
धर्मेण गमनमूर्ध्वं— १४-६
न चावस्थाविभेदेन— १०-४
नट्ठम्मि उ (य) छउमत्थिए— ३-३
न निहाणगया भग्गा— १०-४
न प्राण्यङ्गसमुत्थं— १७-८
न मानमागमादन्यत्— ४-७
न वि किंचि अणुन्नायं— २०-१
न सो परिग्गहो वुत्तो— ३-६
निकषच्छेदतापेभ्यः सुवर्ण— १-५
निकायेन विशिष्टाभि— १४-१
नित्यं सत्त्वमसत्त्वं वा— १५-३
नित्यज्ञानविवर्तोऽयं— १०-४
नियकयकम्मुवभोगे वि— १६-३
निस्सकडमनिस्सकडे— ३-३
पक्षपातो न मे वीरे— १-१
पञ्च व्रतानि पञ्चोपव्रतानि— १३-२
पञ्चविंशतितत्त्वज्ञो— १४-६
पडिसिद्धेसु य देसे— २९-२
पढमिल्लुयाण उदए— २३-४
परमरहस्समिसीणं— ५-८
पररूपेण चासत्त्व— १०-४
परिणामो ह्यर्थान्तरगमनं— १०-६
पर्यायस्त्वनित्यत्वं— १०-४
पव्वज्जाए जोग्गा— २१-७

| | |
|---|---|
| पाणिवहाईयाणं— | १-५ |
| पादयणी धम्मकही— | २३-३ |
| पिंडं असोहयंतो— | ६-१ |
| पूयाए कायवहो— | २-४ |
| पुराणं मानवो धर्मः— | १-५ |
| पुरुष एवेदं ग्निं सर्वं— | १०-४ |
| पुरुषोऽविकृतात्मैव— | १४-७ |
| प्रकृतेरेव बन्धश्चेत्तदा— | १०-४ |
| प्रच्छन्नं किल भोक्तव्यं— | ७-८ |
| प्रतिबिम्बोदयन्याया— | १४-१ |
| प्रागात्ताभिर्वियोगस्तु— | १४-१ |
| प्राणी प्राणिज्ञानं— | १-५ |
| बज्झाणुट्ठाणेणं— | १-५ |
| बालधूलीगृहक्रीडा— | ९-५ |
| ब्रह्मा लूनशिरा हरिर्दृशि— | १-२ |
| भण्णइ एत्थ विभासा— | २-५ |
| भावियजिणवयणाणं— | ११-४ |
| भासा असच्चमोसा— | २९-६ |
| भिन्ने उ तए— | ९-४ |
| भूमीपेहणजलछाण— | २-३ |
| भूयाणुकंपवयजोग— | ७-२ |
| मज्जं विसयकसाया— | १९-१ |
| मदीयेनात्मना युक्तं— | १४-५ |
| मणरहिएण उ काएण— | ८-१ |
| महोक्षं वा महाजं वा— | १८-५ |
| मिउपिण्डो दव्वघडो— | ८-१ |
| मूलमेयमहमस्स— | २०-८ |
| मोक्षमार्गप्रवृत्तस्य— | ४-७ |
| यः शास्त्रविधिमुत्सृज्य— | ७-६ |
| यथा कुमारी स्वप्नान्तरेऽस्मिन्— | १०-४ |
| यथाहेः कुण्डलावस्था— | १०-४ |
| यद् ब्रह्मा चतुराननः समभवद्देवो— | १-२ |
| यो निरनुबन्धदोषात्— | ५-२ |
| यो मामपकरोत्येष— | २९-१ |
| रसरुधिरमांसमेदो— | ३-६ |
| रागद्दोसकसाया— | १-५ |
| रागद्वेषमहामोहैः— | १-२ |
| रागोऽङ्गनासङ्गमनानुमेयो— | १-२ |
| वंदंति चेइयाइं— | २-५ |
| वत्थुसभावो एसो— | १-६ |
| वापीकूपतडागानि— | ४-८ |
| विकल्पस्याप्यनेकत्वे— | १०-४ |
| विरुद्धधर्मयोगोऽपि— | १०-४ |
| विसयपडिभासमित्तं— | ९-२ |
| वृषलीफेनपीतस्य— | २०-२ |
| वेयावच्चं निच्चं— | ५-३ |
| वैरूप्यं व्याधिपिण्डः— | १९-१ |
| वैषम्यसमभावेन— | १०-४ |
| श्रृङ्गारादिरसाङ्गारै— | १-२ |
| संजोगसिद्धीइ फलं वयंति— | ५-२ |
| संथरणम्मि असुद्धं— | ५-८ |
| संथरणम्मि असुद्धं— | २१-८ |
| संभवइ य एसोवि हु— | ६-८ |
| संविग्गोऽणुवएसं— | २७-८ |
| सइ संजाओ भावो— | ८-६ |
| सज्ज्ञानं परमं मित्रं— | २६-७ |
| सट्ठिवाससहस्सा— | ११-८ |
| सदसदविसेसणाओ— | ९-३ |
| सद्दाइएसु साहू— | ५-३ |
| सतां पथा प्रवृत्तस्य— | १७-७ |
| सत्तण्हं पयडीणं— | १६-४ |
| सत्यादीन्यपि तेनैव— | १४-१ |
| संतस्स सरूवेणं— | १६-१ |
| सप्त स्नानानि प्रोक्तानि— | २-१ |
| समइ(ति)पवित्ति सव्वा— | १-६ |
| समयम्मि दव्वसद्दो— | ८-१ |
| समुद्रच्छत्यसौ कोपि— | २६-७ |
| सम्मत्तम्मि उ लद्धे— | २३-४ |
| सम्मद्दिट्ठिस्स पि अवि— | ५-२ |
| सर्वं पश्यतु वा मा वा— | १-३ |
| सर्वज्ञोऽसाविति ह्येतत्— | १-३ |
| सर्वथा क्षणिकं वस्तु— | १०-४ |
| सर्वव्यक्तिषु नियतं— | १०-६ |
| सर्वे त्रसन्ति दण्डेन— | १५-७ |
| सर्वे धर्मा निरात्मान— | १०-४ |
| सव्वत्थामेण तहिं— | २-५ |
| सामर्थ्ये वर्णनायां च— | २७-२ |
| सालम्बणो पडंतो वि— | २७-७ |
| सिद्धा वि य केइ इहं— | ६-८ |
| सिंघाडगतियचउक्क— | २६-५ |
| सीलव्वयरहियाणं— | २१-७ |
| सुव्वइ दुग्गइनारी— | २-५ |
| सुहुमो असेसविसओ— | १-५ |
| सूक्ष्मान्तरितदूरार्थाः— | १-३ |
| सूर्यदृष्टं तु यद् वृष्टं— | २-९ |
| सो हु तवो कायव्वो— | ११-५ |
| स्नानमुद्वर्तनाभ्यङ्गं— | २-५ |
| स्थितः सीतांशुवज्जीवः— | ३०-५ |
| स्वर्गाद्यतीन्द्रियगतौ वच एव— | १-५ |
| हयं नाणं क्रियाहीणं— | ५-२ |
| हिंसास्तेयान्यथाकाम— | १३-२ |
| हिअए जिणाण आणा— | ९-५/ |

સિદ્ધાંત મર્મજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ

# શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ આદિ દ્વારા

## લેખિત - સંપાદિત - અનુવાદિત પ્રાપ્ય પુસ્તકો

| સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા પુસ્તકો | ગુજરાતી વિવેચનવાળા પુસ્તકો |
|---|---|
| પંચસૂત્ર | પ્રભુભક્તિ |
| ધર્મબિંદુ | શ્રાવકના બારવ્રતો |
| યોગબિંદુ | જેવીદૃષ્ટિ તેવી સૃષ્ટિ |
| પ્રતિમાશતક | પ્રભુભક્તિ મુક્તિની દૂતી |
| આત્મ પ્રબોધ | શત્રુંજય તીર્થ સોહામણું |
| પાંડવ ચરિત્ર | આહારશુદ્ધિથી આત્મશુદ્ધિ |
| વીતરાગ સ્તોત્ર | ચિત્તપ્રસન્નતાની જડીબુટીઓ |
| શીલોપદેશમાલા | સ્વાધીન રક્ષા-પરાધીન ઉપેક્ષા |
| અષ્ટક પ્રકરણ | તપ કરીએ ભવજલ તરીએ |
| યોગદૃષ્ટિ સમુચ્ચય | (બાર પ્રકારના તપ ઉપર વિસ્તારથી વિવેચન) |
| પંચવસ્તુક ભાગ ૧-૨ | આધ્યાત્મિક પ્રગતિનાં પાંચ પગથિયાં |
| ભવભાવના ભાગ ૧-૨ | ભાવના ભવ નાશિની (બાર ભાવના) |
| શ્રાવક ધર્મવિધિ પ્રકરણ | એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ |
| ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ ૧-૨ | |

| અભ્યાસી વર્ગને ઉપયોગી પુસ્તકો | સૂત્રોના અનુવાદવાળા પુસ્તકો |
|---|---|
| સિદ્ધહેમ શબ્દાનુશાસન | ચૈત્યવંદન મહાભાષ્ય |
| (મધ્યમવૃત્તિ ભાગ ૧-૨-૩) | યતિલક્ષણ સમુચ્ચય |
| તત્ત્વાર્થાધિગમ સૂત્ર | હીર પ્રશ્ન |
| (મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત) | **સંસ્કૃત પ્રાકૃત પ્રત-પુસ્તકો** |
| તત્ત્વાર્થાધિગમ સૂત્ર (પોકેટ બુક) | |
| વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ટીકાર્થ) | અષ્ટાદશસહસ્રશીલાઙ્ગગ્રન્થ |
| વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ) | सिरिसिरिवालकहा |
| જ્ઞાનસાર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ) | श्राद्धदिनकृत्य |
| અષ્ટક પ્રકરણ (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ) | आत्मप्रबोध |
| સંસ્કૃત શબ્દ રૂપાવલી | |
| સંસ્કૃત ધાતુ રૂપાવલી | |

**※ અરિહંત આરાધક ટ્રસ્ટના આગામી પ્રકાશનો ※**

ઉપદેશપદ સટીક ભાવાનુવાદ, શ્રાદ્ધવિધિ પ્રકરણ સટીક ભાવાનુવાદ,
પ્રશમરતિ પ્રકરણ સટીક ભાવાનુવાદ



RAJUL © 2514 9863, 2511 0056